જ્ઞાન શ્રી ગંભીરા પાર્શ્વનાથાય નમઃ દર્શન

# પ્રાચીન સ્તવન સજ્ઝાયાદિ સંગ્રહ

પ્રાપ્તિસ્થાનઃ
મહેતા નાગરદાસ પ્રાગજીભાઈ
પતાસાપોળના ઢાળમાં,
અમદાવાદ.

કિંમત ૫-૦-૦

ચારિત્ર તપ

શ્રી ગંભીરા પાર્શ્વનાથાય નમઃ

પર્વ-તીથિ વિગેરેનાં

# પ્રાચીન સ્તવન સજ્ઝાયાદિ સંગ્રહ.


પ્રકાશકઃ—

મ્હેતા માણેકલાલ નાગરદાસ

ઠે. ફતાસાની પોળના ઢાળમાં,

અમદાવાદ.

કિંમત રૂપીઆ પાંચ.

વિ. સં. ૨૦૦૬ વીર સં. ૨૪૭૬

ચરિત્રોમાં અનોખી ભાત પાડતું

# વિદ્યુલ્લતા સતી ચરિત્ર

તથા

# ગહુંલી સંગ્રહ.

આ ચરિત્રમાં એક ધાર્મિક સંસ્કાર પામેલી અબળા–સ્ત્રી પણ મુશ્કેલીના પ્રસંગમાં પોતાના મનને અડગ રાખી સાસુ સસરાએ પણ કેવી રીતે ધાર્મિક માર્ગમાં જોડે છે તેનું અને લગ્ન પછી તરતજ પતિના આકસ્મિક મરણ પામવાના બનાવથી મન ઉપર કાબૂ રાખી અનેક મુશ્કેલીઓમાંથી માર્ગ કાઢી દેવીએ હરણ કરેલ પતિને કેવી રીતે પાછો મેળવે છે તેનું અસરકારક વર્ણન કરેલું છે. આ ઉપરાંત આ પુસ્તકમાં જ્યોતિષ સંબંધી જાણવા લાયક હકીકત તથા ગહુંલીઓ આપવામાં આવી છે. ક્રાઉન સોળ પેજી બાર ફારમ.

કિંમત સવા રૂપિઓ.

પ્રાપ્તિસ્થાનઃ—મ્હેતા નાગરદાસ પ્રાગજીભાઇ

ઠે. ફતાસાની પોળના નાકે ઢાળમાં

અમદાવાદ.

તદ્દન નવી શૈલીથી બહાર પડી ચુકેલ છે.

કડીબદ્ધ

# 卐 દેવવંદનમાળા 卐

જેમાં જ્ઞાન પંચમીના—ચૌમાસીના—મૌન એકાદશીના—ચૈત્રી પુનમના તથા દિવાળીના દેવવંદન વિધિ સાથે આપવામાં આવેલ છે. ખાસ જાણકાર પાસે જેમ બને તેમ શુદ્ધ કરાવીને છાપવામાં આવેલ છે. સાથે દેવવંદનના રચનાર આચાર્યોનો ટુંક પરિચય તેમજ દરેક દેવવંદનની કથાઓ સરળ ભાષામાં અને સુંદર શૈલીમાં આપવામાં આવેલ છે. અત્યાર સુધીમાં કોઇ તરફથી બહાર નહિ પડેલ એવી કડીબદ્ધ ગોઠવણી આ પુસ્તકની ખાસ વિશિષ્ટતા છે. ઉંચા ગ્લેજ કાગળમાં પાકું બાઈન્ડીંગ.

કીંમત રૂ. ૩—૦—૦

લખો:—મહેતા નાગરદાસ પ્રાગજીભાઇ.

ઠે. સુતારાની પોળના ઢાળમાં

અમદાવાદ.

શ્રી

# પર્યુષણ પર્વાદિના

## સજ્ઝાયાદિ સંગ્રહ.

આ પુસ્તકમાં પર્યુષણ પર્વનાં ચૈત્યવંદનો સ્તવનો સજ્ઝાયો તથા સ્તુતિઓ આપવામાં આવેલ છે. તે સાથે મહાવીર સ્વામીના પાંચ કલ્યાણકનું સ્તવન, અઠ્ઠાઇનું સ્તવન, મહાવીર સ્વામીના ૨૭ ભવનું સ્તવન, મહાવીર સ્વામીનું પારણું--હાલરડું વગેરે ખાસ ઉપયોગી વિષયો આપવામાં આવેલ છે. પર્વાધિરાજ શ્રી પર્યુષણાની આરાધનામાં ખાસ ઉપયોગી છે. કિંમત રૂા. ૧–૮–૦

લખોઃ–મહેતા નાગરદાસ પ્રાગજીભાઇ
ઠે. ફતાસાની પોળના ઢાળમાં.
અમદાવાદ.

શ્રી

# ગુલાબ-જ્ઞાન-કેવલ્યમાલા.

(પ્રાચીનસ્તવન-સજ્ઝાયાદિ સંગ્રહ)

આ પુસ્તકમાં અનેક ઉપયોગી પ્રાચીન ચૈત્ય-વંદનો ચોવીસ તીર્થંકરો તથા સિદ્ધાચલાદિ તીર્થોના સ્તવનો, અનેક ભાવવાહી સજ્ઝાયો, જંબૂસ્વામીનું અષ્ટ ઢાળીયું, સ્થૂલિભદ્રજીની શીયળવેલી વિગેરે ઉપયોગી વિષયો તથા સ્તુતિઓ આપવામાં આવી છે. છતાં કિંમત ફક્ત રૂા. ૧-૮-૦

પ્રાપ્તિસ્થાનઃ—મહેતા નાગરદાસ પ્રાગજીભાઇ
ઠે. ફતાસાની પોળના ઢાળમાં
અમદાવાદ.

# દેવ-સૌભાગ્ય-ગુલાબ-ગુણ
# સ્તવનમાલા.

આ પુસ્તકમાં શ્રી શત્રુંજયના, નવપદજી વગેરેના ઉપયોગી સંસ્કૃત સ્તોત્રો, સંસ્કૃત ચૈત્યવંદનો, સ્તવનો તથા થોયો તેમજ ગુજરાતી ભાષામાં પ્રાચીન ઉપયોગી ચૈત્યવંદનો, સ્તવનો થોયો તથા સજ્ઝાયો આપવામાં આવેલ છે. તે ઉપરાંત શ્રી ઋષભદેવનું તથા શ્રી મહાવીર સ્વામીનું પારણું વિગેરે ઉપયોગી હકીકત આપવામાં આવેલ છે.

કિંમત રૂા. ૧-૦-૦

પ્રાપ્તિસ્થાનઃ-મહેતા નાગરદાસ પ્રાગજીભાઇ
ઠે. ફતાસાની પોળના ઢાળમાં
અમદાવાદ.

# શ્રી હરિ હેમ પુષ્પમાળા.

(પ્રાચીન સ્તવન-સજ્ઝાયાદિ સંગ્રહ)

આ પુસ્તકમાં શ્રી ચિંતામણી પાર્શ્વનાથ વગેરેનાં સ્તોત્રો, તીર્થંકરોનાં પ્રાચીન ચૈત્યવંદનો, નેમનાથનો ચોક, લાવણીઓ, પર્વોનાં તથા તીર્થોનાં ચૈત્યવંદનો, સ્તવનો, મહાવીર સ્વામીનાં ૨૭ ભવોનું સ્તવન, પંચકલ્યાણકનું સ્તવન, તથા સ્તુતિઓ થોયો તેમજ અનેક ઉપયોગી સજ્ઝાયો તથા ખોડાજીકૃત ચાબખાઓ તથા ગહુંલીઓ તેમજ ગરબાઓ આપવામાં આવેલ છે. કીં રૂા. ૧-૮-૦

પ્રાપ્તિસ્થાનઃ-મહેતા નાગરદાસ પ્રાગજીભાઇ
ઠે. ફતાસાની પોળના ઢાળમાં.
અમદાવાદ.

# ઉપયોગી પુસ્તકો

**મહાપ્રભાવિક નવસ્મરણાદિ-સ્તોત્ર સંગ્રહ-** (પોકેટ સાઇઝ)

આ પુસ્તકમાં નવ સ્મરણો, વજ્રપંજરાદિ સ્તોત્રો, ઘંટાકર્ણ મહામંત્ર, શ્રી પાર્શ્વનાથનો છંદ, ઋષિમંડળ સ્તોત્ર, જયતિહુયણ સ્તોત્ર, ચઉસરણ પયન્નો, આઉર પચ્ચક્ખાણ પયન્નો વગેરે ઉપયોગી વિષયો દાખલ કરેલ છે. કિં. ૦-૧૨-૦

**શ્રી દેવસીરાઇ પ્રતિક્રમણ સૂત્ર—**ટૂંક ભાવાર્થ સાથે બંને પ્રતિક્રમણનાં સૂત્રો તથા બંને પ્રતિક્રમણની વિધિ વગેરે તથા કેટલાંક ઉપયોગી સ્તવનાદિ આપેલ છે. કિં. ૦-૮-૦

**શ્રી સામાયિક-ચૈત્યવંદનાદિ સૂત્ર—**શ્રી સામાયિક તથા ચૈત્યવંદનના સૂત્રો સંક્ષિપ્ત ભાવાર્થ સાથે કિં. ૦-૩-૦

**શ્રી રત્નાકર પચ્ચિસી તથા શ્રી નેમનાથનો સલોકો.** કિં. ૦-૩-૦

**શ્રી મૌન એકાદશીનું ગરણું તથા બાર ઢાળનું સ્તવન.** કિં. ૦-૩-૦

પ્રાપ્તિ સ્થાન—મહેતા નાગરદાસ પ્રાગજીભાઇ
ઠે. ફતાસાની પોળના ઢાળમાં
અમદાવાદ.

તા. ક. આ પુસ્તકના અનુક્રમણિકામાં દેવવંદનની અનુક્રમણિકા ભૂલથી છપાણી છે માટે તે રદ સમજવી,

नवपद्जी.



गौतमस्वामी.



माणिभद्रजी.



सरस्वती.



Copyright Reserved N. P. MEHTA Ahmedabad.

DEEPAK PRINTERY. AHMEDABAD.

# પ્રસ્તાવના.

આ પુસ્તકની અંદર પ્રાચીન—પૂર્વાચાર્યો કૃત ચૈત્ય-વંદનો, સ્તવનો, થોયો, સજ્ઝાયો, ઢાળીયાં, છંદ વગેરે અનેક ઉપયોગી વસ્તુઓનો સમૂહ ખાસ પસંદ કરીને આપવામા આવ્યો છે. આ ઉપયોગી પસંદગી શ્રી વિજયમોહન સૂરીશ્વરજીના સંઘાડામાંના શ્રીવિજયપ્રતાપ સૂરીશ્વરજીના સંઘાડાના સાધ્વીજીશ્રી અમૃતશ્રીજી મહારાજ તરફથી કર-વામાં આવેલ છે અને તે પસંદગી દરેક રીતે યોગ્ય છે. આ ગ્રંથમાં મુખ્ય છ વિભાગ રાખવામાં આવ્યા છે. ૧ ચૈત્યવંદનનો વિભાગ, ૨ સ્તવનોનો સંગ્રહ, ૩ ઢાળીયાંનો સંગ્રહ, ૪ થોયો-સ્તુતિઓનો સંગ્રહ ૫ પરચુરણ વિભાગ, ૬ સજ્ઝાયોનો સંગ્રહ આ દરેક વિભાગમાં શું શું વિષયો છે તેની ટુંક હકીકત નીચે પ્રમાણે:—

૧ વિભાગ પહેલો:-શરૂઆતમાં પ્રભુ આગળ બોલ-વાના દુહા શ્લોક વગેરે મૂકયા છે. ત્યાર પછી ચૈત્યવંદનો આપવામાં આવ્યા છે. તેની સંખ્યા ૪૫ છે. બીજા ઉપ-યોગી ચૈત્યવંદનો પરચુરણ વિભાગમાં દાખલ કર્યા છે. તેમાં બીજ વગેરે મુખ્ય તીથિઓનાં તેમજ પર્યુષણ વિગેરે પર્વના, ઋષભદેવ વગેરે તીર્થંકરોનાં ચૈત્યવંદનોનો સમાવેશ થાય છે.

૨ વિભાગ—બીજો આ બીજા વિભાગમાં સ્તવનો આપવામાં આવ્યા છે. કુલ ૯૮ સ્તવનોનો સંગ્રહ છે. તેમાં પણ ઉત્તમ ભાવવાહી અનેક રાગ રાગણીમાં ગાઈ શકાય તેવાં સ્તવનો છે. મુખ્યતાએ તિથિઓનાં, શ્રી ઋષભાદિક

૨૪ તીર્થંકરોનાં, દીવાળી વગેરે પર્વોનાં, સિદ્ધાચલાદિ તીર્થોનાં સ્તવનો મુખ્ય છે. આ સાથે શ્રી આનંદઘનજી મહારાજ કૃત આખી ચોવીસીનાં સ્તવનો આપવામાં આવ્યા છે. તેમજ મહાવીર સ્વામીનું હાલરડું પણ દાખલ કર્યું છે.

૩ વિભાગ ત્રીજો—આ વિભાગમાં સ્તવનોમાં ઢાળીયાં આપવામાં આવ્યાં છે. કુલ સંખ્ય ૨૮ છે. તેમાં બીજ વગેરે તિથિઓનાં ઢાળીયાં, જ્ઞાનપંચમી, મૌન એકાદશી વગેરે પર્વનાં ઢાળીયાં, દશ પચ્ચકખાણનાં, છ આવશ્યકનાં, વર્ધમાન તપનાં, સિદ્ધચક્રનાં, તેમજ મહાવીર સ્વામીનાં પાંચ કલ્યાણકનાં ઢાળીયાં મુખ્ય છે. તે ઉપરાંત આ વિભાગમાં શ્રી શત્રુંજય ઉદ્ધાર, શ્રી શત્રુંજય તીર્થમાલા, પુણ્ય પ્રકાશનું સ્તવન, ચાર શરણાં, શ્રીગોડી પાર્શ્વનાથના અધિકારે મેઘાશાનાં ઢાળીયાં વગેરે ઉપયોગી વિષય દાખલ કરવામાં આવ્યા છે.

૪ વિભાગ ચોથો—આ વિભાગમાં થોયો-સ્તુતિઓ આપવામાં આવેલ છે તેની સંખ્યા ૩૩ છે. તેમાં પણ મુખ્યતાએ બીજ વિગેરે તિથિઓની, શ્રી સીમંધર જિનની, દીવાળી વગેરે પર્વની, રોહિણી વગેરે તપની, નંદીશ્વર દ્વીપની વગેરેની સ્તુતિઓ આપવામાં આવી છે.

૫ વિભાગ પાંચમો—આ વિભાગ પરચુરણ વિભાગ તરીકે દાખલ કર્યો છે. આ વિભાગમાં પ્રથમ વિભાગમાં આપેલા પ્રભુ આગળ બોલવાના દુહા વગેરેમાં ઉમેરો કરવામાં આવ્યો છે પ્રથમ વિભાગમાં ૧૬ તેમજ આ વિભાગમાં ૧૬ શ્લોકો ઉમેર્યા છે. તે ઉપરાંત સ્તુતિ ચોવિશી

ગાથા ૨૮ આપી છે. શ્રીશત્રુંજયના ૨૧ નામના ખમાસમણુના દૂહા ૩૯ આપી દીક્ષાની કવ્વાલી આપી છે. તે ઉપરાંત ઉપયોગી ચૈત્યવંદનો આપ્યાં છે. વિશેષમાં શ્રી ગૌતમ સ્વામીનો રાસ, બાવીસમા તીર્થંકર શ્રીનેમનાથનો સલોકો દાખલ કરેલ છે. તે ઉપરાંત મુહપત્તિના પચાસ બોલ, પંચ પરમેષ્ટીનાં ૧૦૮ ગુણો, સજીવ નિર્જીવ સૃષ્ટિ વિચાર, આશ્રવ અને મિથ્યાત્વનું સ્વરૂપ, સમકિતનું સ્વરૂપ, નિગોદનું સ્વરૂપ વિગેરે આપ્યું છે.

૬ વિભાગ છઠ્ઠો—આ વિભાગમાં સજ્ઝાયોનો સંગ્રહ છે. કુલ (૯૦) સજ્ઝાયો આપી છે. તેમાં બીજ વગેરે તિથિઓની સજ્ઝાયો, વૈરાગ્યની સજ્ઝાયો, વર્ધમાન તપની, તેર કાઠીયાની, ગજ સુકુમાલની, એલાચીપુત્રની, ધના શાલીભદ્રની, મેતારજ મુનિની વગેરે મુખ્ય મુખ્ય ઉપયોગી સજ્ઝાયો આપી છે. તે ઉપરાંત શ્રી દશ વૈકાલિક સૂત્રનાં દશ અધ્યયનોની તેમજ પાંચ મહાવ્રતોની સજ્ઝાયો આપવામાં આવી છે.

એ પ્રમાણે છ વિભાગોના વિષયોનો સાર અહીં આપ્યો છે. સંપૂર્ણ હકીકતનો ખ્યાલ આની પછી આપવામાં આવેલ અનુક્રમણિકા જોવાથી આવશે. અનુક્રમણિકામાં ચૈત્યવંદન વગેરેના દરેક વિષયનું આદિ પદ, તેમજ ગાથાની સંખ્યા પણ, આપવામાં આવી છે.

# અનુક્રમણિકા. (ભાગ પહેલાની)

## વિભાગ પહેલો—ચૈત્યવંદનો. (પૃ. ૧ થી ૨૮)


| ક્રમાંક. | કોનું ? | પ્રથમ પદ | પૃષ્ઠાંક |
|---|---|---|---|
| | પ્રભુ પાસે બોલવાના શ્લોકો નં. ૧૬ | | ૧–૩ |
| ૧ | શ્રીઋષભ જિનેન્દ્રનું | સદ્ભક્ત્યાનતમૌલિ० (ગા. ૨) | ૩–૪ |
| ૨ | શ્રી શાન્તિનાથનું. | વિપુલનિર્ભર કીર્તિ० (ગા. ૩) | ૪ |
| ૩ | શ્રી નેમિનાથનું. | વિશુદ્ધવિજ્ઞાનભૂતાં (ગા. ૩) | ૪–૫ |
| ૪ | શ્રી પાર્શ્વનાથનું | શ્રયામિ તં જિનં સદા (ગા. ૩) | ૫ |
| ૫ | શ્રીમહાવીરજિનેન્દ્રનું | વરેણ્યગુણ વારિધિ (ગા. ૩) | ૫–૬ |
| ૬ | શ્રીમહાવીર જિનેંદ્રનું | નમો દુર્વારરાગાદિ (ગા. ૩) | ૬ |
| ૭ | શ્રી પાર્શ્વનાથનું | જયચિન્તામણિ પાર્શ્વનાથ (ગા. ૩) | ૬–૭ |
| ૮ | શ્રી પાર્શ્વનાથનું | આશ પૂરે પ્રભુ પાસજી (ગા. ૩) | ૭ |
| ૯ | શ્રીમહાવીર સ્વામીનું | સિદ્ધારથ સુત વંદીએ (ગા. ૩) | ૭ |
| ૧૦ | ચોવીસ જિનના ભવનું | પ્રથમ તીર્થંકર તણા હુવા (ગા.૩) | ૮ |
| ૧૧ | શ્રીજિન ચૈત્યવંદન | જય જય તું જિનરાજ આજ (ગા. ૬) | ૮ |
| ૧૨ | ચોવીસ જિનનાં વર્ણનું | પદ્મપ્રભુને વાસુપૂજ્ય (ગા. ૩) | ૯ |

| | | | |
|---|---|---|---|
| ૧૩ | ચોવીસ તીર્થંકરના આઉખાનું | પ્રથમ તીર્થંકર આઉખું૦ (ગા. ૫) | ૯ |
| ૧૪ | ચોવીસ તીર્થંકરના દેહમાનનું | પ્રથમ તીર્થંકર દેહડી (ગા ૩) | ૯–૧૦ |
| ૧૫ | શ્રીવર્ધમાન તપનું | ત્રીગડે ત્રિભુવન વાલહો (ગા. ૩) | ૧૦ |
| ૧૬ | શ્રીવર્ધમાન તપનું | બે કરજોડી પ્રણમીએ (ગા. ૩) | ૧૦ |
| ૧૭ | શ્રીવીસસ્થાનક તપનું | પહેલે પદ અરિહંત નમું (ગા. ૫) | ૧૦–૧૧ |
| ૧૮ | શ્રીરોહિણી તપનું | રોહિણી તપ આરાધીએ (ગા. ૬) | ૧૧ |
| ૧૯ | બીજનું | ચોવીસમો જિનરાજજી (ગા. ૧૧) | ૧૨ |
| ૨૦ | પંચમીનું | સકલ સુરાસુર સાહિબો (ગા. ૧૦) | ૧૩ |
| ૨૧ | અષ્ટમીનું | રાજગૃહી ઉદ્યાનમાં (ગા. ૯) | ૧૪ |
| ૨૨ | મૌન એકાદશીનું | નેમિ જિણેસર ગુણનીલો (ગા ૧૨) | ૧૪–૧૫ |
| ૨૩ | શ્રી પર્યુષણાનું | પર્વ પર્યુષણ ગુણનીલો (ગા ૯) | ૧૬ |
| ૨૪ | ,, | શ્રી શત્રુંજય શૃંગાર હાર (ગા. ૩) | ૧૬–૧ |
| ૨૫ | ,, | પ્રણમું શ્રીદેવાધિદેવ (ગા. ૩) | ૧૭ |
| ૨૬ | ,, | કલ્પતરૂ સમ કલ્પસૂત્ર (ગા. ૩) | ૧૭ |
| ૨૭ | ,, | સ્વપ્નવિધિ કહે સુત (ગા. ૩) | ૧૭ |
| ૨૮ | ,, | જિનની બહેન સુદર્શના (ગા. ૩) | ૧૮ |

| | | | |
|---|---|---|---|
| ૨૯ | ,, | પાર્શ્વ જિનેશ્વર નેમિનાથ (ગા. ૩) | ૧૮ |
| ૩૦ | ,, | પર્વરાજ સંવત્સરી (ગા. ૩) | ૧૮–૧૯ |
| ૩૧ | ,, | નવ ચોમાસી તપ કર્યાં (ગા. ૭) | ૧૯ |
| ૩૨ | ,, | સકલ મંગલ પરમ કમલા (ગા. ૮) | ૧૯-૨૦ |
| ૩૩ | નવપદનું | શ્રીસિદ્ધચક્ર આરાધીએ (૫) | ૨૦–૨૧ |
| ૩૪ | ગણધરનું | બિરૂદ ધરી સર્વજ્ઞનું (૩) | ૨૧ |
| ૩૫ | ગણધરનું | કર્મ તણા સંશય ધરી (૩) | ૨૧ |
| ૩૬ | શ્રી પાર્શ્વનાથનું | ૐ નમઃ પાર્શ્વનાથાય (૫) | ૨૧–૨૨ |
| ૩૭ | શ્રી ચિંતામણી પાર્શ્વનાથનું | નમદેવ નાગેંદ્ર (૭) | ૨૨–૨૩ |
| ૩૮ | દીવાલીનું | મગધદેશ પાવાપુરી (૯) | ૨૩ |
| ૩૯ | દીવાલીનું | ત્રીસ વરસ કેવલીપણું (૭) | ૨૪ |
| ૪૦ | પાર્શ્વનાથનું | પ્રણુમામિ સદા પ્રભુ પાર્શ્વજિનં (૭) | ૨૪–૨૫ |
| ૪૧ | પરમાત્માનું | પરમેશ્વર પરમાત્મા (૩) | ૨૫ |
| ૪૨ | પરમાત્માનું | તુજ મૂરતિને નિરખવા (૩) | ૨૫–૨૬ |
| ૪૩ | પરમાત્માનું | બાર ગુણુ અરિહંત દેવ (૩) | ૨૬ |
| ૪૪ | દેહેરે જવાના ફલનું | પ્રણુમું શ્રીગુરૂરાજ આજ (૧૪) | ૨૬–૨૭ |
| ૪૫ | વર્ધમાન તપનું | વર્ધમાન જિનપતિ નમી (૩) | ૨૭–૨૮ |

## વિભાગ બીજો. (સ્તવનો) (પૃ. ૨૮ થી ૧૩૪)


| | | | |
|---|---|---|---|
| ૧ | નેમનાથનું | તુજ દરિશન દીઠું (૫) | ૨૮–૨૯ |
| ૨ | નેમનાથનું | પરમાતમ પૂરણ કલા (૮) | ૨૯–૩૦ |
| ૩ | નેમનાથનું | મેં આજે દરિશન પાયા (૭) | ૩૦–૩૧ |
| ૪ | નેમનાથનું | સુણો સહિયર મારી (૧૦) | ૩૧–૩૨ |
| ૫ | ચિંતામણિ પાર્શ્વનાથનું | શ્રી ચિંતામણિ પાર્શ્વજી (૧૦) | ૩૨–૩૩ |
| ૬ | અભિનંદન જિનનું | તુંમે જોજો જોજો (૯) | ૩૩–૩૪ |
| ૭ | શ્રીવીરજિનનું | હે વીર વ્હેલા આવોરે (૯) | ૩૪–૩૫ |
| ૮ | શ્રી જિન સ્તવન | જિનરાજ ભજન કર પ્રાણી (૫) | ૩૬ |
| ૯ | શ્રી વાસુપૂજ્ય સ્વામીનું | શ્રીવસુપૂજ્ય નરિંદનોજી (૫) | ૩૬–૩૭ |
| ૧૦ | શ્રીસીમંધર જિનનું | શ્રી સીમંધર સાહિબા (૫) | ૩૭ |
| ૧૧ | શ્રી પીસ્તાલીશ આગમનું | ભવિ તુમે વંદોરે એ આગમ સુખકારી (૧૩) | ૩૭–૩૯ |
| ૧૨ | એકાદશીનું | સમવસરણ બેઠા ભગવંત (૧૩) | ૩૮–૩૯ |
| ૧૩ | વીસસ્થાનકનું | હાંરે મારે પ્રણમું સરસ્વતી (૮) | ૪૦–૪૨ |
| ૧૪ | શ્રી મહાવીરસ્વામીનું હાલરડું | માતા ત્રિશલા ઝુલાવે પુત્ર પારણે (૧૭) | ૪૨–૪૫ |
| ૧૫ | શ્રી અષ્ટાપદજીનું | શ્રી અષ્ટાપદ ઉપરે (૨૩) | ૪૫–૪૮ |
| ૧૬ | નાથકના ધર્મનાથનું | ધર્મ જિનેશ્વર મુજ આંતરે (૭) | ૪૮–૪૯ |

| ક્રમાંક | કોનું | પ્રથમપદ (ગાથા સાથે) | પૃષ્ઠાંક |
|---|---|---|---|
| ૧૭ | ભરૂચમાં ઋષભદેવજીનું | આદિજિન અવધારીયે (૨૭) | ૪૯-૫૦ |
| ૧૮ | શાંતિનાથનું | હાંરે મારે શાંતિ જિણંદશું (૭) | ૫૦-૫૨ |
| ૧૯ | શ્રી મહાવીરસ્વામીનું | હરિસણ આવ્યા રે હો હરિસણ (૮) | ૫૨-૫૩ |
| ૨૦ | શ્રી પાર્શ્વજિનનું | પુરુષાદાની પાર્શ્વજીરે (૭) | ૫૩-૫૪ |
| ૨૧ | શ્રી શાન્તિનાથનું | શાંતિ જિનેસર સહિબારે (૭) | ૫૪ |
| ૨૨ | મહાવીર સ્વામીનું | નારે પ્રભુ નહિ માનું (૭) | ૫૫-૫૬ |
| ૨૩ | નવપદનું | નર નારીરે, ભમતાં ભવભર દરિએ (૭) | ૫૬ |
| ૨૪ | શ્રી સિદ્ધચક્રનું | નવપદ ધરજો ધ્યાન. (૧૩ | ૫૬-૫૭ |
| ૨૫ | પદ્મપ્રભુનું | પદ્મ પ્રભુ પ્રાણસે પ્યારા (૫) | ૫૭-૫૮ |
| ૨૬ | શ્રી વીરપ્રભુનું દીવાલીનું | મારગ દેશક મોક્ષનોરે (૯) | ૫૮ |
| ૨૭ | શ્રી વાસુપૂજ્ય જિનનું | વાસુપૂજ્ય જિનરાજ સુણો મુજ વિનતિ (૬) | ૫૯-૬૦ |
| ૨૮ | દીવાલીનું | સુર સુખ ભોગવી ત્રિશલા કૂખે (૧૩) | ૬૦-૬૧ |
| ૨૯ | શ્રી સિદ્ધચક્રજીનું | શ્રી સિદ્ધચક્રની કરો ભવી સેવનારે (૭) | ૬૧-૬૨ |
| ૩૦ | શ્રી પાર્શ્વનાથનું | શ્રી શંખેશ્વર પાસજી સુણો મુજ વિનતિ (૬) | ૬૨-૬૩ |
| ૩૧ | શ્રી આદીશ્વરનું | જગ ચિંતામણિ જગગુરૂ (૫) | ૬૩-૬૪ |
| ૩૨ | શ્રી પાર્શ્વનાથનું | જગપતિ કરજો સહાય મારી (૬) | ૬૪-૬૫ |

| | | | |
|---|---|---|---|
| ૩૩ | શ્રી મહાવીર સ્વામીનું | પ્રભુ વીર જિણંદને વંદિયે (૫) | ૬૫ |
| ૩૪ | શ્રી ઋષભદેવનું | ક્યાંથી રે પ્રભુ અવતર્યો (૧૨) | ૬૫–૬૬ |
| ૩૫ | શ્રી પજુસણનું | પ્રભુ વીર જિણંદ વિચારી (૧૨) | ૬૭–૬૮ |
| ૩૬ | આદીશ્વરનું | જગજીવન જગ વાલહો (૫) | ૬૮ |
| ૩૭ | શ્રી ઋષભદેવનું | ઋષભ જિણંદશું પ્રીતડી (૬) | ૬૮–૬૯ |
| ૩૮ | શ્રી અજિત જિનનું | અજિત જિણંદશું પ્રીતડી (૫) | ૬૯–૭૦ |
| ૩૯ | શ્રી સંભવ જિનનું | સંભવ જિનવર વિનતિ | ૭૦–૭૧ |
| ૪૦ | શ્રી સુમતિ જિનનું | સુમતિનાથ ગુણશું મિલીજી (૫) | ૭૨ |
| ૪૧ | શ્રી સીમંધર જિનનું | સાહિબા શ્રી સીમંધર સાહિબા (૧૨) | ૭૨–૭૩ |
| ૪૨ | શ્રી દીવાળીનું | મારે દીવાળી થઈ આજ (૫) | ૭૩–૭૪ |
| ૪૩ | શ્રી ચંદ્રપ્રભુજીનું સ્તવન | ચંદ્ર પ્રભુજી હો,તુમને કહુંછું મારા લાલ (૧૪) | ૭૪–૭૫ |
| ૪૪ | શ્રી સિદ્ધાચલનું | શેત્રુંજા ગઢના વાસીરે (૫) | ૭૫–૭૬ |
| ૪૫ | શ્રી શંખેશ્વર પાર્શ્વનાથનું | નિત્ય સમરૂં સાહેબ સયણાં (૧૩) | ૭૬–૭૭ |
| ૪૬ | શ્રી પાર્શ્વનાથનું | ગંગા તટે તપો વનમાંરે (૬) | ૭૮–૭૯ |
| ૪૭ | શ્રી શાન્તિનાથનું | તું પારંગત તું પરમેશ્વર વાલા મારા (૫) | ૭૯ |
| ૪૮ | શ્રી વાસુપૂજ્ય સ્વામીનું | લાજ રાખો પ્રભુ મારી. (૧૩) | ૭૯–૮૦ |
| ૪૯ | ભીલડીપુર પાર્શ્વજિનનું | ભીલડીપુર મંડણ સોહીએ (૪) | ૮૦–૮૧ |

| | | | |
|---|---|---|---|
| ૫૦ | શ્રી પાર્શ્વનાથનું | સ્તંભનપુરના પાર્શ્વ પ્રભુના (૬) | ૮૧ |
| ૫૧ | શ્રી મહાવીર સ્વામીનું | મહાવીર સુહાની થઈને સંભાળ (૫) | ૮૨ |
| ૫૨ | જિન પ્રતિમા મંડન સ્તવન | ભરતાદિકે ઉદ્ધારજ કીધો (૧૯) | ૮૨–૮૪ |
| ૫૩ | શ્રી ચંદ્રપ્રભુજીનું | સાચો હો પ્રભુ સાચો તું વીતરાગ (૬) | ૮૪–૮૫ |
| ૫૪ | શ્રી ગૌતમસ્વામીનું | પહેલો ગણધર વીરનોરે (૮) | ૮૫–૮૬ |
| ૫૫ | શ્રી ઋષભદેવ સ્વામીનું પારણું. | શ્રી જિન વનમાં જઇ તપ કરે (૨૧) | ૮૬–૮૮ |
| ૫૬ | શ્રી પાર્શ્વનાથનું | માતા વામાદે બોલાવે જમવા પાસને (૯) | ૮૮–૮૯ |
| ૫૭ | શ્રી મહાવીર સ્વામીનું | માતા ત્રિશલાના નંદકુમાર (૧૦) | ૮૯–૯૦ |
| ૫૮ | શ્રી મલ્લીનાથનું | મન મોહનજી મલ્લીનાથ (૧૦) | ૯૦–૯૧ |
| ૫૯ | શ્રી નેમિનાથ જિનનું | પરમાતમ પૂરણ કળા (૮) | ૯૧–૯૨ |
| ૬૦ | શ્રી સિદ્ધાચળનું | વિમળાચલગિરિ ભેટો ભવિયણ ભાવશું (૯) | ૯૨–૯૪ |
| ૬૧ | શ્રી સિદ્ધાચળનું | શેત્રુંજા ગઢના વાસીરે (૫ | ૯૪–૯૫ |
| ૬૨ | શ્રી સિદ્ધાચલનું | યહ વિમલ ગિરિવર (૯) | ૯૫–૯૬ |
| ૬૩ | શ્રી વીરપ્રભુનું | હસ્તિપાલ રાજાની સભા મધ્યેરે (૧૧) | ૯૬–૯૭ |
| ૬૪ | શ્રી સિદ્ધચક્રનું | સિદ્ધચક્ર વર સેવા કીજે (૧૩) | ૯૭–૯૮ |
| ૬૫ | શ્રી શત્રુંજયનું | ડુંગર ટાઢો ને ડુંગર શીતલો (૬) | ૯૯ |
| ૬૬ | શ્રી શાંન્તિનાથ જિનનું | મ્હારો મુજરો લ્યોને રાજ (૫) | ૧૦૦ |

| | | | |
|---|---|---|---|
| ૬૭ | શ્રી શિખરજીનું | ધન્ય ધન્ય શિખર ગિરિરાજ (૧૬) | ૧૦૦–૧૦૨ |
| ૬૮ | શ્રી નવપદ મહિમાનું | ચૌદ પૂર્વનો સાર (૬) | ૧૦૩ |
| ૬૯ | શ્રી સીમંધર સ્વામીનું | શ્રી સીમંધર મુજ મન સ્વામી (૫) | ૧૦૩–૧૦૪ |
| ૭૦ | શ્રી અજારા પાર્શ્વનાથનું | શરણા ધારલીયા | ૧૦૪–૧૦૫ |
| ૭૧ | શ્રી સિદ્ધાચળજીનું | વીરજી આવ્યારે વિમળાચલ કે મેદાન (૭) | ૧૦૫–૧૦૬ |
| ૭૨ થી ૯૫ | શ્રી આનંદઘનજી કૃત ચોવીસી | ( ઋષભદેવથી મહાવીર સ્વામી સુધી ચોવીસ સ્તવનો) | ૧૦૭–૧૨૯ |
| ૯૬ | શ્રી પાવાપુરી મંડન વીરજિનનું | ભલાજી મેરા વીર ગયા નિરવાણુ | ૧૩૦ |
| ૯૭ | ખંભાત મંડન જિનભુવન સ્તવન. | રૂડાં ખંભાતનાં દેવલ જુહારીએ | ૧૩૦–૧૩૨ |
| ૯૮ | શ્રી અંતરીક્ષ પાર્શ્વનાથનું | મ્હારી કલ્પ વેલડી મૂર્તિ | ૧૩૨–૧૩૪ |

## વિભાગ ત્રીજો ( સ્તવનનાં ઢાળીયાં ) (પૃ. ૧૩૪ થી ૩૨૯ )

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | શ્રી જ્ઞાન પંચમીનું | શ્રી વાસુપૂજ્ય જિનેસર વયણુથી | ( ઢા ૫) | ૧૩૪–૧૩૭ |
| ૨ | દસ પચ્ચખાણુનું | સિદ્ધારથ નંદન નમું | ( ઢા. ૩ ) | ૧૩૭–૧૪૦ |
| ૩ | બીજનું | સરસ વચન રસ વરસતી | [ ઢા. ૨) | ૧૪૧–૧૪૩ |
| ૪ | પંચમીનું | શ્રી ગુરૂ ચરણુ નમી કરીરે | (ઢા. ૫) | ૧૪૩–૧૫૧ |
| ૫ | અષ્ટમીનું | પંચ તીર્થ પ્રણુમું સદા | [ઢા. ૪] | ૧૫૧-૧૫૪ |

| ક્રમાંક | કોનું | આદિ પદ | પૃષ્ઠાંક |
|---|---|---|---|
| ૬ | મૌન એકાદશીનું | પ્રણમી પૂછે વીરનેરે [ઢા. ૩] | ૧૫૪-૧૫૭ |
| ૭ | છ આવશ્યકનું | ચોવીસે જિનવર નમું. (ઢા. ૬) | ૧૫૮-૧૬૨ |
| ૮ | ષટ્પર્વી માહાત્મ્યનું | શ્રી ગુરૂ પદ પંકજ નમીરે (ઢાળ ૯) | ૧૬૩-૧૭૨ |
| ૯ | શ્રી ઋષભદેવનું | પુરિસાદાણી પાસજી ( ઢાળ ૬ ) | ૧૭૨-૧૭૮ |
| ૧૦ | વર્ધમાન તપનું સ્તવન | નવપદ ધરજો ધ્યાન ભવિક તુમે (ઢાળ૩) | ૧૭૯-૧૮૨ |
| ૧૧ | અઠ્ઠાઇનું સ્તવન | સ્યાદ્વાદ શુદ્ધોદધિ ( ઢાળ-૬ ) | ૧૮૨-૧૮૮ |
| ૧૨ | શ્રી મહાવીર સ્વામીના સત્તાવીશ ભવનું સ્તવન. | શ્રી શુભ વિજય સુગુરૂ નમી ( ઢા-૫ ) | ૧૮૯-૧૯૫ |
| ૧૩ | શ્રી આંતરાનું સ્તવન. | શારદાના સુપરે ( ઢા -૪ ) | ૧૯૫-૨૦૧ |
| ૧૪ | સાત નારકીનું સ્તવન | વર્ધમાન જિન વિનવું (ઢાળ ૬) | ૨૦૧-૨૦૫ |
| ૧૫ | શ્રી સીમંધર સ્વામીનું સ્તવન. | સુણ સુણ સરસ્વતી ભગવતી (ઢાળ ૮) | ૨૦૫-૨૧૦ |
| ૧૬ | શ્રી આંબિલ તપ શ્રી સિદ્ધ-ચક્રનું સ્તવન | જી હો પ્રણમું દિન પ્રત્યે જિનપતિ લાલા (ઢાળ ૪) | ૨૧૦-૨૧૩ |
| ૧૭ | શ્રી રોહિણી તપ વિધિનું સ્તવન. | સુખકર શંખેશ્વર નમી ( ઢાળ ૪ ) | ૨૧૩-૨૧૯ |
| ૧૮ | શ્રી દિવાળીનું સ્તવન | શ્રી શ્રમણ સંઘ તિલકોપમ ગૌતમ (ઢા.૧૦) | ૨૧૯-૨૪૫ |

| | | | |
|---|---|---|---|
| ૧૯ | શ્રી નેમજીનું સ્તવન | સરસતી ચરણ નમી કરીરે (ઢાળ ૧૨) | ૨૩૬–૨૪૫ |
| ૨૦ | શ્રી શત્રુંજય ઉદ્ધાર | વિમલ ગિરિવર વિમલગિરિવર (ઢા. ૧૨) | ૨૪૫–૨૫૯ |
| ૨૧ | શ્રી ગોડી પાર્શ્વનાથ અધિકારે મેઘાશાનું સ્તવન. | પ્રણમું નિત પરમેશ્વરી (ઢા.–૧૫) | ૨૫૯–૨૭૬ |
| ૨૨ | શ્રી આદીશ્વરની ઢાળો | શ્રી ગુરૂ ચરણ કમલ નમીજીરે (ઢા ૪) | ૨૭૬–૨૮૦ |
| ૨૩ | પુણ્ય પ્રકાશનું સ્તવન | સકળ સિદ્ધિદાયક સદા (ઢાળ ૮) | ૨૮૧–૨૯૨ |
| ૨૪ | ચાર શરણાં | મુજને ચાર શરણુ હોજો (ગાથા ૧૨) | ૨૯૨–૨૯૪ |
| ૨૫ | પદ્માવતી આરાધના | હવે રાણી પદ્માવતી (ગાથા ૩૬) | ૨૯૪–૨૯૮ |
| ૨૬ | શ્રી શત્રુંજય તીર્થમાલા | વિમલાચલ વાલા વારૂરે (ઢાળ ૧૦) | ૨૯૮–૩૧૭ |
| ૨૭ | શ્રી મલ્લીનાથનું સ્તવન | નવપદ સમરી મન શુદ્ધિ (ઢાળ ૫) | ૩૧૭–૩૨૨ |
| ૨૮ | શ્રી મહાવીર સ્વામીના પંચ કલ્યાણકનું સ્તવન. | સાંભળજો સસનેહી સયણાં (ઢાળ ૩) | ૩૨૩–૩૨૯ |


## વિભાગ ચોથો. (થોયો–સ્તુતિઓ) (૩૩૦–૩૫૭)


| | | | |
|---|---|---|---|
| ૧ | બીજની સ્તુતિ | જંબુદ્વીપે અહોનિશ દીપે (ગા. ૪) | ૩૩૦ |
| ૨ | પાંચમની સ્તુતિ | પાંચમને દિન ચોસઠ ઇંદ્રે (ગા. ૪) | ૩૩૧ |
| ૩ | અષ્ટમીની સ્તુતિ | ચોવીશે જિનવર (ગા. ૪) | ૩૩૧–૩૩૨ |

| ક્રમાંક | કોનું ? | આદિ પદ | પૃષ્ઠાંક |
|---|---|---|---|
| ૪ | આઠમની સ્તુતિ | અભિનંદન જિનવર ( ગા. ૪ ) | ૩૩૨–૩૩૩ |
| ૫ | એકાદશીની સ્તુતિ | ગોપી પતિ પૂછે ( ગા. ૪ ) | ૩૩૩–૩૩૪ |
| ૬ | એકાદશીની સ્તુતિ | નિરૂપમ નેમિ જિનેશ્વર ભાખે ( ગા. ૪ ) | ૩૩૪ |
| ૭ | શ્રી શાન્તિનાથ જિન સ્તુતિ | શાન્તિ જિનેશ્વર સમરીયે ( ગા. ૪ ) | ૩૩૫ |
| ૮ | શ્રી નેમનાથની સ્તુતિ | શ્રી ગિરનાર શિખર શણગાર ( ગા. ૪ ) | ૩૩૫–૩૩૬ |
| ૯ | શ્રી પાર્શ્વનાથની સ્તુતિ | પોસી દશમ દિન પાસ જિણેસર ( ગા. ૪ ) | ૩૩૭ |
| ૧૦ | શ્રી મહાવીર જિન સ્તુતિ | ગંધારે મહાવીર જિણંદા ( ગા. ૪ ) | ૩૩૭–૩૩૮ |
| ૧૧ | શ્રી સિદ્ધ ચક્રજીની સ્તુતિ | અંગદેશ ચંપાપુર વાસી ( ગા. ૪ ) | ૩૩૮–૩૪૦ |
| ૧૨ | શ્રી દીવાળીની સ્તુતિ | શાસન નાયક શ્રી મહાવીર ( ગા. ૪ ) | ૩૪૦–૩૪૧ |
| ૧૩ | શ્રી સિદ્ધચક્રની સ્તુતિ | વીર જિનેશ્વર અતિ અલવેસર ( ગા. ૪ ) | ૩૪૧–૩૪૨ |
| ૧૪ | શ્રી શત્રુંજય તીર્થની સ્તુતિ. | શ્રી શંત્રુજય તીરથસાર ( ગા. ૪ ) | ૩૪૨–૩૪૩ |
| ૧૫ | શ્રી પાર્શ્વનાથની થોય | શંખેશ્વર પાસ જુહારીએ ( ગા. ૪ ) | ૩૪૩ |
| ૧૬ | શ્રી સીમંધર સ્વામીની થોય. | સીમંધર સ્વામી મોરારે. ( ગા. ૪ ) | ૩૪૩–૩૪૪ |
| ૧૭ | શ્રી પર્યુષણની થોય | જિન આગમે ચઉપરવી ગાઈ [ ગા. ૪ ] | ૩૪૪–૩૪૫ |
| ૧૮ | શ્રી શત્રુંજય ગિરિની થોય | શ્રી શંત્રુજય મંડણ [ ગા. ૪ ] | ૩૪૫–૩૪૬ |
| ૧૯ | શ્રી પાર્શ્વનાથની સ્તુતિ | શ્રીપાસ જિનેશ્વર ( ગા. ૪ ) | ૩૪૬ |

૨૦ રાત્રી ભોજનની થોય — શાસન નાયક વીરજીએ ( ગા. ૪ ) — ૩૪૭
૨૧ વીસ સ્થાનક તપની સ્તુતિ — પૂછે ગોયમ વીર જિણંદ (ગા. ૪) — ૩૪૭–૩૪૮
૨૨ નંદીશ્વર દ્વીપની સ્તુતિ — નંદીશ્વર વર દ્વીપ સંભારૂ ( ગા. ૪ ) — ૩૪૯
૨૩ બીજની સીમંધર જિન સ્તુતિ — અજવાળી બીજ સોહા પેરે [ ગા. ૪ ] — ૩૪૯
૨૪ દશ ત્રિક વિગેરેની સ્તુતિ — ત્રણ નિસિહી ત્રણ પ્રદક્ષિણા [ ગા. ૪ ] — ૩૫૦
૨૫ શ્રીસમવસરણ ભાવ ગર્ભિત થોય. — ટ્રેંટ્રૂંક ધપધપ [ ગા. ૪ ] — ૩૫૦–૩૫૧
૨૬ શ્રી રોહિણી તપની સ્તુતિ — નક્ષત્ર રોહિણી જે દિન આવે (ગા ૪) — ૩૫૧–૩૫૨
૨૭ શ્રી પાર્શ્વ સ્તુતિ — ગયા ગંગા તીરે ( ગા. ૧ ) — ૩૫૩
૨૮ રૂષ્યાત્મની સ્તુતિ — સોવન વાડી ફૂલડે છાઇ [ ગા. ૪ ] — ૩૫૩
૨૯ શ્રી પાર્શ્વનાથની સ્તુતિ — શમ દમોત્તમ વસ્તુ મહાપણું [ ગા. ૪ ] — ૩૫૪
૩૦ જ્ઞાન પંચમીની સ્તુતિ — શ્રી નેમિ પંચ રૂપ: [ ગા. ૪ ] — ૩૫૪–૩૫૫
૩૧ શ્રી સિદ્ધચક્રની સ્તુતિ — શ્રી સિદ્ધચક્ર સેવો સુવિચાર [ ગા. ૪] — ૩૫૫–૩૫૬
૩૨ શ્રી સિદ્ધચક્ર સ્તુતિ — જિન શાસન વંછિત પૂરણ [ ગા. ૪ ] — ૩૫૬–૩૫૭
૩૩ શ્રી સિદ્ધચક્રની થોય — અરિહંત નમો વળી સિદ્ધ નમો ( ગા. ૪ ) — ૩૫૭


## વિભાગ ૫ મો ( પરચુરણ વિભાગ ) ( પૃ. ૩૫૮ થી ૪૧૬ )


૧ પ્રભુ આગળ બોલવાના દુહાદિ — પ્રભુ દરિશન સુખ સંપદા [ગા. ૧૬] — ૩૫૮–૩૬૦

| ક્રમાંક | કોનું | આદિ પદ | પૃષ્ઠાંક |
|---|---|---|---|
| ૨ | સ્તુતિ ચોવીસી | શ્રી તીર્થરાજ વિમલાચલ નિત્ય વંદો [ ગા. ૨૮ ] | ૩૬૦–૩૬૫ |
| ૩ | શ્રી શત્રુંજયના ૨૧ નામ સબંધી ખમાસમણ આપવાના દૂહા | સિદ્ધાચળ સમરૂં સદા [ ગા. ૩૯ ] | ૩૬૫–૩૬૯ |
| ૪ | ગાથાઓનો ઉમેરો થયો છે અને પાનાં ૩૬૯ થી ૩૭૬ ડબલ છપાયાં છે. | | ૩૬૯–૩૭૬ |
| ૪/૧ | દીક્ષાની કવ્વાલી | ભવી જીવને પોષાય [ ગા. ૧૨ ] | ૩૬૯–૩૭૦ |
| ૫ | સિદ્ધચક્રનું ચૈત્યવંદન | બાર ગુણ અરિહંતના [ ગા. ૫ ] | ૩૭૦–૩૭૧ |
| ૬ | પર્યુષણનું ચૈત્યવંદન | વડાકલ્પ પૂરવ દિને ( ગા. ૪ ) | ૩૭૧ |
| ૭ | પંચતીર્થનું ચૈત્યવંદન | ધુર પ્રણમું શ્રીઆદિદેવ ( ગા. ૬ ) | ૩૭૧–૩૭૨ |
| ૮ | આદીશ્વર ભગવાનનું ચૈત્યવંદન | કલ્પવૃક્ષની છાંયડી ( ગા. ૫ ) | ૩૭૨ |
| ૯ | પંચમીનું ચૈત્યવંદન | બાર પરખદા આગળે ( ગા. ૫ ) | ૩૭૨–૩૭૩ |
| ૧૦ | શ્રી આદીશ્વરનું ચૈત્યવંદન | ધુર પ્રણમું શ્રી આદિદેવ [ ગા. ૯ ] | ૩૭૩–૩૭૪ |
| ૧૧ | શ્રી વિચરતા જિનનું ચૈત્યવંદન | સીમંધર પ્રમુખ નમું [ ગા. ૯ ] | ૩૭૪–૩૭૫ |
| ૧૨ | શ્રી ઋષભદેવની થોય | પ્રહ ઉઠી વંદુ [ ગા. ૪ ] | ૩૭૫–૩૭૬ |
| ૧૩–૧૭ | શ્રી સિદ્ધચક્રનું ચૈત્યવંદન | શ્રી સિદ્ધચક્ર આરાધતાં ( ગા. ૧૫ ) | ૩૭૬–૩૭૭ |
| ૧૮ | એકાદશીનું ચૈત્યવંદન | આજ ઓચ્છવ થયો ( ગા. ૩ ) | ૩૭૭ |

| | | | |
|---|---|---|---|
| ૧૯ | શ્રી સીમંધર સ્વામીનું ચૈત્યવંદન. | શ્રીમંધર જિન વિચરતા ( ગા. ૫ ) | ૩૭૭–૩૭૮ |
| ૨૦ | શ્રી શંખેશ્વર પાર્શ્વનાથનું ,, | સેવો પાસ શંખેશ્વરો | ૩૭૮–૩૭૯ |
| ૨૧ | પાર્શ્વનાથનો શ્લોક | ક્ષિતિ મંડલ મુકુટ ( ગા. ૧ ] | ૩૭૯ |
| ૨૨ | નેમનાથનો શ્લોક | રાજ્યં યો ન સમીહતે [ ગા. ૧ ] | ૩૭૯ |
| ૨૩ | ચિંતામણી પાર્શ્વનાથનો શ્લોક. | શ્રીમન્માલવદેશ [ ગા. ૧ ] | ૩૭૯–૩૮૦ |
| ૨૪ | ઓ વિષહર પાર્શ્વનાથનો મહામંત્ર. | ઓ જિતું ઓ જિતું | ૩૮૦–૩૮૧ |
| ૨૫ | જ્વર તાવનો છંદ | ઓં નમો આણુંદપુર ( ગા. ૬ ) | |
| ૨૬ | શ્રી ગૌતમ સ્વામીનો રાસ | વીર જિણેસર ચરણ કમળ ( ઢા. ૬ ગા. ૪૬ ] | ૩૮૧–૩૮૯ |
| ૨૬ | નેમનાથનો સલોકો | સરસ્વતી માતા હું તુમ પાય લાગું (ગા.૮૨) | ૩૯૦–૪૦૧ |
| ૨૭ | મુહપત્તિના ૫૦ બોલ | સૂત્ર અર્થ તત્ત્વ કરી | ૪૦૧ |
| ૨૮ | પંચ પરમેષ્ઠીના અર્થ તથા ૧૦૮ ગુણ | | ૪૦૨–૪૦૩ |
| ૨૯ | સજીવ નિર્જીવ સૃષ્ટિ યાને આગમ વિચાર | | ૪૦૩–૪૦૮ |
| ૩૦ | કુવાસના એજ મિથ્યાત્વ—તેનું સ્વરૂપ | | ૪૦૮–૪૧૦ |
| ૩૧ | સમકિતનું સ્વરૂપ | | ૪૧૧–૪૧૩ |
| ૩૨ | નિગોદનું સ્વરૂપ | | ૪૧૩–૪૧૬ |
| ૩૩ | દીવસ તથા રાત્રીનાં ચોઘડીયાં | | ૪૧૬ |

## વિભાગ ૬ ઠો ( સજ્ઝાયમાળા ) ( પૃ. ૪૧૭ થી ૫૯૧ )


| | | | |
|---|---|---|---|
| ૧ | અષ્ટમીની સજ્ઝાય | અષ્ટ કર્મ ચૂરણ કરીરે લાલ [ ગા ૬ ] | ૪૧૭ |
| ૨ | ગૌતમ સ્વામીની સજ્ઝાય | સમવસરણ સિંહાસનેજી (ગા. ૧૦) | ૪૧૮–૪૧૯ |
| ૩ | મરણ વખતની સજ્ઝાય | સુણો સાહેલી રે ( ગા. ૮ ) | ૪૧૯ |
| ૪ | સૂરિકાન્તાની સજ્ઝાય | સરસ્વતી સ્વામીને વિનવું ( ગા. ૯ ) | ૪૨૦ |
| ૫ | શ્રી જીભલડીની સજ્ઝાય | બાપલડીરે જીભલડી તું ( ગા. ૮ ) | ૪૨૧ |
| ૬ | સોળ સ્વપ્નની સજ્ઝાય | સુપન દેખી પેહલે [ ગા. ૧૭ ] | ૪૨૨–૪૨૩ |
| ૭ | વૈરાગ્યની સજ્ઝાય | જાઉં બલિહારીરે વૈરાગ્યની [ગા ૭] | ૪૨૩–૪૨૪ |
| ૮ | વૈરાગ્યની સજ્ઝાય | તન ધન જીવન કારમું જી (ગા. ૭) | ૪૨૪–૪૨૫ |
| ૯ | વૈરાગ્યની સજ્ઝાય | મરણ ન છુટેરે પ્રાણીઆ (ગા. ૮] | ૪૨૫–૪૨૬ |
| ૧૦ | ઉપદેશક ,, | આ ભવ રત્નચિંતામણી સરીખો (ગા.૧૩) | ૪૨૬–૪૨૭ |
| ૧૧ | અંજના સતીની ,, | અંજના વાત કરે છે મારી સખી[ગા.૧૬] | ૪૨૭–૪૨૮ |
| ૧૨ | અગીયારસની ,, | ગોયમ પૂછે વીરને સુણો સ્વામી(ગા.૧૪] | ૪૨૯–૪૩૦ |
| ૧૩ | પંચમીની ,, | શ્રી ગુરૂ ચરણ પસાઉલેરે લોલ [ગા. ૭] | ૪૩૦–૪૩૧ |
| ૧૪ | બીજની ,, | બીજ તણે દિને દાખવુંરે [ગા. ૯ ) | ૪૩૧–૪૩૨ |
| ૧૫ | કડવું તુંબડું વહોરાવ્યાની ,, | સાધુજીને તુંબડું વહોરાવીયુંરે[ગા. ૧૦) | ૪૩૨–૪૩૩ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૬ | શ્રી મરૂદેવી માતાની સજ્ઝાય | મરૂદેવી માતારે એમ ભણેરે | [ ગા. ૭ ) | ૪૩૪ |
| ૧૭ | શ્રી વર્ધમાન તપની ,, | પ્રભુ તુજ શાસન અતિ ભલું | [ગા. ૬ ] | ૪૩૪–૪૩૫ |
| ૧૮ | વૈરાગ્યની ,, | જીવડલા આજે જવું કે કાલ | [ ગા. ૫ ] | ૪૩૫ |
| ૧૯ | મનુષ્ય ભવની દુર્લભતાની ,, | મનુષ્ય ભવનું ટાણું રે | [ ગા. ૯ ] | ૪૩૬–૪૩૭ |
| ૨૦ | નારી સંગ ત્યાગની ,, | તે તરીઆરે ભાઈ તે તરીઆ | ( ગા. ૫ ] | ૪૩૭ |
| ૨૧ | મેતારજ મુનિની ,, | ધન ધન મેતારજ મુનિ | [ગા. ૧૬ ] | ૪૩૮–૪૩૯ |
| ૨૨ | દ્વારકા નગરીની ,, | હોનું બંધવા રડે | (ગા. ૨૨ ] | ૪૩૯–૪૪૧ |
| ૨૩ | શ્રી નંદિષેણ મુનિની ,, | રાજગૃહી નગરીનો વાસી | [ ઢા. ૩ ] | ૪૪૨–૪૪૪ |
| ૨૪ | શ્રી જંબૂસ્વામીનાં ઢાળીયાં. | જંબૂસ્વામી જોબન ઘર વાસજ મેલ્યાં. | ( ઢાળ ) | ૪૪૪–૪૪૯ |
| ૨૫ | શ્રી નેમનાથની સજ્ઝાય | નેમ નેમ કરતી નારી | [ ગા. ૧૩ ] | ૪૪૯–૪૫૦ |
| ૨૬ | છઠ્ઠા આરાની ,, | છઠો આરો એવો આવશે | [ગા. ૭ ] | ૪૫૧ |
| ૨૭ | ત્રિશલા માતાની ,, | શિખ સુણો સખી માહરી | [ગા. ૭ ) | ૪૫૨ |
| ૨૮ | તેર કાઠીયાની ,, | ચેતન તું તારૂં સંભાળ કે | (ગા. ૧૨ ] | ૪૫૨–૪૫૩ |
| ૨૯ | પડિક્કમણાની ,, | કર પડિક્કમણું ભાવથીજી | (ગા. ૯ ] | ૪૫૩–૪૫૪ |
| ૩૦ | ગજસુકુમાલની સજ્ઝાય | એક દ્વારકા નગરી રાજેરે | [ ગા. ૮) | ૪૫૪–૪૫૫ |
| ૩૧ | શ્રી ગૌતમ સ્વામીની ,, | આધારજ હુતોરે એક મને તાહરોરે | [ગા ૧૫] | ૪૫૫–૪૫૭ |

| | | | |
|---|---|---|---|
| ૩૨ | સુંદરીના આબિલની ,, | સરસ્વતી સ્વામીની કરો સુપસાયરે [ગા.૭] | ૪૫૭–૪૫૮ |
| ૩૩ | મૂર્ખને પ્રતિબોધની ,, | જ્ઞાન કદી નવિ થાય. [ગા. ૯] | ૪૫૮–૪૫૯ |
| ૩૪ | ગજસુકુમાલની ,, | ગજસુકુમાલ મહામુનિજી [ગા. ૬) | ૪૫૯ |
| ૩૫ | વૈરાગ્યની ,, | સાર નહિરે સંસારમા [ગા. ૮] | ૪૫૯–૪૬૦ |
| ૩૬ | શાણા નરની ,, | સાણા રે નરને શીખામણ છે સૈનમાં | ૪૬૦–૪૬૧ |
| ૩૭ | પડિક્કમણાની ,, | ગોયમ પૂછે શ્રી મહાવીરનેરે [ગા. ૧૩] | ૪૬૧–૪૬૩ |
| ૩૮ | માંકડની સજ્ઝાય ,, | માંકડનો ચટકો દોહિલો [ગા. ૭] | ૪૬૩–૪૬૪ |
| ૩૯ | શ્રી દશ વૈકાલિકની ,, | શ્રી ગુરૂ પદ પંકજ નમીજી (ગા. ૫] | ૪૬૪–૪૬૫ |
| ૪૦ | શ્રી દશ૦ પ્રથમાધ્યયનની દ્વિતી-ચાધ્યાયની સજ્ઝાય | નમવા નેમિ જિણંદને ( ગા. ૧૫ ] | ૪૬૫–૪૬૬ |
| ૪૧ | શ્રીદશ૦ તૃતીયાધ્યયની ,, | આધાકર્મી આહાર ન લીજીએ [ગા.૧૨) | ૪૬૭–૪૬૮ |
| ૪૨ | શ્રી દશ૦ ચતુર્થાધ્યાયનની સજ્ઝાય. | સ્વામી સુધર્મા રે કહે જંબૂને (ગા ૧૩) | ૪૬૮–૪૭૦ |
| ૪૩ | શ્રી દશ૦ પંચમાધ્યયનની સજ્ઝાય | સુઝતા આહારની ખપ કરોજી (ગા.૧૩) | ૪૭૦–૪૭૧ |
| ૪૪ | શ્રી દશ૦ ષષ્ઠાધ્યયનની ,, | ગણધર સુધર્મ એમ ઉપદેશ (ગા. ૭) | ૪૭૧–૪૭૨ |
| ૪૫ | શ્રી દશ૦ સપ્તમાધ્યયનની ,, | સાચું વયણ જે ભાખીયે ( ગા. ૯ ) | ૪૭૨–૪૭૪ |
| ૪૬ | શ્રી દશ૦ અષ્ટમાધ્યયનની ,, | કહે શ્રીગુરૂ સાંભળો ચેલા રે (ગા ૧૫) | ૪૭૩–૪૭૪ |
| ૪૭ | શ્રી દશ૦ નવમાધ્યયની ,, | વિનય કરજો ચેલા ( ગા ૧૦ ) | ૪૭૫–૪૭૬ |

૪૮ શ્રી દશ૦ દશમાધ્યયનની ,, તે મુનિ વંદો ( ગા. ૧૧ ) ૪૭૬–૪૭૭

૪૯ શ્રી દશ૦ એકાદશાધ્યાયનની ,, સાધુજી સંયમ સૂધો પાલો (ગા. ૭) ૪૭૭–૪૭૮

૫૦ ચંદનબાલાની સજ્ઝાય. શ્રી સરસ્વતીના રે પાય પ્રણમી કરી (ગા. ૧૫) ૪૭૮-૪૮૩

૫૧ નવકારવાલીની સજ્ઝાય. કહેજો ચતુર નર એ કોણ નારી (ગા. ૫) ૪૮૩–૪૮૪

૫૨ અયવંતી સુકુમાલનું ઢાળીયું. પાસ જિનેશ્વર સેવીએ (ઢાળ ૧૩) ૪૮૪–૫૦૦

૫૩ નેમ રાજુલની સજ્ઝાય. રાણી રાજુલ કરજોડી કહે (ગા. ૧૫) ૫૦૦–૫૦૧

૫૪ પજુસણની ,, આજે મારે મન વસ્યા (ગા ૭) ૫૦૨

૫૫ ચરખાની સજ્ઝાય. મુજ ચરખેવાલી ચરખો ચાલે (ગા. ૫) ૫૦૨–૫૦૩

૫૬ સંતોષની ,, સજ્ઝાય ભલી રે સંતોષની (ગા. ૧૬) ૫૦૩

૫૭ કર્મ ઉપરની ,, સુખ દુઃખ સરજ્યાં પામીયે રે (ગા. ૮) ૫૦૪

૫૮ શ્રી ગૌતમ પૃચ્છાની સજ્ઝાય. શ્રી ગૌતમ સ્વામી પૃચ્છા કરે (ગા ૨૧) ૫૦૫–૫૦૬

૫૯ મનને શિખામણની ,, કેસી વિધે સમજાવું હો મના (ગા. ૫) ૫૦૬–૫૦૭

૬૦ સિદ્ધની સજ્ઝાય. શ્રી ગૌતમ પૃચ્છા કરે (ગા. ૧૬ ) ૫૦૭–૫૦૯

૬૧ પહેલા વ્રતની સજ્ઝાય. સકલ મનોરથ પૂરવે રે ( ગા. ૬ ) ૫૦૯–૫૧૦

૬૨ બીજા વ્રતની ,, અસત્ય વચન મુખથી નવી બોલીયે (ગા. ૫) ૫૧૧

૬૩ ત્રીજા વ્રતની સજ્ઝાય. ત્રીજું મહાવ્રત સાંભળો ( ગા. ૬ ) ૫૧૧

૬૪ ચોથા મહાવ્રતની ,, સરસતી કેરા રે ચરણ કમળ નમી (ગા. ૮) ૫૧૧–૫૧૨

| | | | |
|---|---|---|---|
| ૬૫ | પાંચમા મહાવ્રતની સજ્ઝાય. | આજ મનોરથ અતિ ઘણું ( ગા. ૬ ) | ૫૧૨–૫૧૩ |
| ૬૬ | છઠ્ઠા વ્રતની ,, | સકલ ધર્મનું સાર તે કહિયે રે (ગા. ૭) | ૫૧૩–૫૧૪ |
| ૬૭ | શ્રીપાલ રાજાનો ,, | સરસતી માત મયા કરો [ગા. ૧૨] | ૫૧૪–૫૧૬ |
| ૬૮ | આંબેલ તપની સજ્ઝાય. | ગુરૂ નમતાં ગુણ ઉપજે [ગા. ૯] | ૫૧૫–૫૧૬ |
| ૬૯ | ઇરિયાવહીની સજ્ઝાય. | ગુરૂ સન્મુખ રહી વિનય વિવેક [ગા. ૧૪] | ૫૧૬–૫૧૮ |
| ૭૦ | તેર કાઠીયાની | આળસ પહેલોજી કાઠીયો ( ગા. ૭ ) | ૫૧૮ |
| ૭૧ | અરણિક મુનિની સજ્ઝાય. | અરણિક મુનિવર ચાલ્યા ગોચરી (ગા.૧૦) | ૫૧૯–૫૨૦ |
| ૭૨ | મેઘ કુમારની સજ્ઝાય. | ધારિણી મનાવેરે મેઘકુમારનેરે (ગા. ૫) | ૫૨૦–૫૨૧ |
| ૭૩ | મેઘરથ રાજાની સજ્ઝાય. | દશમે ભવે શ્રી શાંતિજી (ગા. ૨૧) | ૫૨૧–૫૨૪ |
| ૭૪ | પજુસણના વ્યાખ્યાનોની | પર્વ પજૂસણ આવીયા (ઢાળ. ૧૧) | ૫૨૪–૫૩૯ |
| ૭૫ | શ્રી સ્થૂલીભદ્રની સજ્ઝાય. | આંબો મોર્યોરે આંગણે (ગા. ૬) | ૫૩૯–૫૪૦ |
| ૭૬ | વણઝારાની સજ્ઝાય. | નરભવ નયર સોહામણું વણઝારારે (ગા. ૭) | ૫૪૦ |
| ૭૭ | બાહુ બલિજીની સજ્ઝાય. | બહેની બોલે હો બાહુબલ સાંભળોજી (ગા ૫) | ૫૪૦–૫૪૧ |
| ૭૮ | શ્રી શાલિભદ્રની સજ્ઝાય. | પ્રથમ ગોવલિયા તણે ભવેજીરે (ગા. ૩૬) | ૫૪૧–૫૪૨ |
| ૭૯ | શ્રી ધનાજીની સજ્ઝાય. | શીયાલામાં શીત ઘણીરે ધન્ના. (ગા. ૨૩) | ૫૪૫–૪૮ |
| ૮૦ | ઘડપણની સજ્ઝાય. | ઘડપણ તું આવીયોરે (ગા. ૧૪) | ૫૪૮–૫૪૯ |

| | | | |
|---|---|---|---|
| ૮૧ | વૈરાગ્ય ઉપર સજ્ઝાય. | જીવ તું ક્રોધ ન કરજે (ગા. ૮) | ૫૫૦ |
| ૮૨ | ઋતુવંતીની સજ્ઝાય. | જનક સુતા હું નામ ધરાવું (ગા. ૧૧) | ૫૫૧–૫૫૨ |
| ૮૩ | રાત્રી ભોજનની સજ્ઝાય. | પુન્ય સંજોગે નરભવ લાધ્યો. (ગા. ૧૩) | ૫૫૨–૫૫૨ |
| ૮૪ | કેશી ને ગૌતમ ગણધરની સજ્ઝાય. | એ દોય ગણધર પ્રણમીયે (ગા.૧૬) | ૫૫૩–૫૫૫ |
| ૮૫ | ભીલીની સજ્ઝાય. | સરસતી સામીને વિનવું (ગા. ૨૦) | ૫૫૫–૫૫૭ |
| ૮૬ | ચંદનબાલાની સજ્ઝાય, | કોસંબી તે નગરી પધારીયા (ગા. ૩૨) | ૫૫૭–૫૬૧ |
| ૮૭ | શ્રી ઇલાચી પુત્રની સજ્ઝાય | નામ ઈલાચી પુત્ર જાણીએ. (ગા. ૧૦) | ૫૬૧–૫૬૨ |
| ૮૮ | શ્રી અષાઢ ભૂતિની સજ્ઝાય. | શ્રી શ્રુત દેવી હૈયે ધરીરે. (ઢા. ૫) | ૫૬૩–૫૬૭ |
| ૮૯ | પ્રતિક્રમણ કરતાં પહેલાં બોલવાનું માંગલિક | | ૫૬૭ |
| ૯૦ | પનર તિથિની થોયો. | એક મિથ્થાત્વ અસંજમ અવિરતિ (થોયો ૧૭) | ૫૬૭–૫૫૮ |
| ૯૨ | શ્રી યુગ મંદીર જિન સ્તવન | શ્રી યુગ મંદીરને કહેજો (ગા. ૯) | ૫૮૦–૫૮૧ |
| ૯૩ | શંખેશ્વર પાર્શ્વજિન ચૈત્યવંદન | સકલ ભાવિજમ ચમત્કારી (ગા. ૯) | ૫૮૧–૫૮૩ |
| ૯૪ | શ્રી અંતરિક્ષ પાર્શ્વનાથનો છંદ | પ્રભુ પાસજી તાહરૂં નામ મીઠું (ગા. ૮) | ૫૮૩–૫૮૪ |
| ૯૫ | દીવાળીની થોય | સિદ્ધારથ તાતા જગત વિખ્યાત | ૫૮૫ |
| ૯૬ | સુલસા શ્રાવિકાની સજ્ઝાય. | ધન ધન સુખસા સાચી શ્રાવિકાજી | ૫૮૬ |
| ૯૭ | ઉવ સગ્ગહરં મહાપ્રભાવિક સ્તોત્રમ | ઉવસગ્ગહરં પાસં (ગા. ૨૭) | ૫૮૭ |
| ૯૮ | શ્રી ઘંટાકર્ણ મહામંત્ર | ૐ ઘંટા કર્ણો મહાવીર (ગા. ૪) | |

# ભાગ બીજો.


| | | |
|---|---|---|
| ૧ | સજ્ઝાઓ ( ૯૯ થી ૧૦૪ ) સુધી | ૫૯૩ થી ૬૦૦ |


## દેવવંદનમાલાની અનુક્રમણિકા.


| દેવવંદનનું નામ | કર્તાનું નામ. | પૃષ્ટ. |
|---|---|---|
| ૧ જ્ઞાનપંચમીના | શ્રી વિજયલક્ષ્મીસૂરિજી | ૧ થી ૩૫ |
| ૨ ચોમાસીના | પં૦ શ્રી વીરવિજયજી | ૩૬ થી ૯૧ |
| ૩ ચોમાસીના | પં૦ શ્રી પદ્મવિજયજી | ૯૨ થી ૧૪૨ |
| ૪ મૌન એકાદશીના | પં૦ શ્રી રૂપવિજયજી | ૧૪૩ થી ૧૮૬ |
| ૫ ચૈત્રી પુનમના | પં૦ શ્રી દાનવિજયજી | ૧૮૭ થી ૨૩૯ |
| ૬ દીવાળીના | શ્રી જ્ઞાનવિમલસૂરિજી | ૨૪૦ થી ૨૬૨ |
| ૭ અગિયાર ગણધરના | શ્રી જ્ઞાનવિમલસૂરિજી | ૨૬૫ થી ૨૮૪ |

શ્રી જિનેન્દ્રાય નમો નમઃ

આચાર્યશ્રી વિજયમોહનસૂરીશ્વરેભ્યો નમઃ

# શ્રી ચૈત્યવંદન સ્તુતિ સ્તવન સજ્ઝાયાદિ સંગ્રહ.

## પ્રભુ પાસે બોલવાના શ્લોકો.

પૂર્ણાનન્દમયં મહોદયમયં, કૈવલ્યચિદ્દગ્મયં;
રૂપાતીતમયં સ્વરૂપરમણં, સ્વાભાવિકીશ્રીમયમ્;
જ્ઞાનોદ્યોતમયં કૃપારસમયં, સ્યાદ્વાદવિદ્યાલયં;
શ્રીસિદ્ધાચલતીર્થરાજમનિશં, વન્દેહમાદીશ્વરમ્. ૧

નેત્રાનન્દકરી ભવોદધિતરી, શ્રેયસ્તરોર્મંજરી;
શ્રીમદ્ ધર્મ મહાનરેન્દ્ર નગરી, વ્યાપલ્લતા ધુમરી;
હર્ષોત્કર્ષ શુભ પ્રભાવ લહરી, રાગદ્વિષાં જિત્વરી,
મૂર્તિઃ શ્રી જિનપુંગવસ્ય ભવતુ, શ્રેયસ્કરી દેહિનામ્. ૨

સરસ શાન્તિ સુધારસ સાગરં, શુચિતરં ગુણરત્ન મહાકરં;
ભવિકપંકજ બોધ દિવાકરં, પ્રતિદિનં પ્રણમામિ જિનેશ્વરં. ૩

પાતાલે યાનિ બિમ્બાનિ, યાનિ બિમ્બાનિ ભૂતલે;
સ્વર્ગે ચ યાનિ બિમ્બાનિ, તાનિ વન્દે નિરન્તરમ્. ૪

પ્રશમ-રસ-નિમગ્નં, દષ્ટિયુગ્મં પ્રસન્નં;
વદનકમલમંકઃ, કામિનીસંગશૂન્યઃ;
કરયુગમપિ યત્તે, શસ્ત્રસમ્બન્ધવંધ્યં;
તદસિ જગતિ દેવો, વીતરાગસ્ત્વમેવ. ૫
દર્શનં દેવદેવસ્ય, દર્શનં પાપનાશનમ્;
દર્શનં સ્વર્ગસોપાનં, દર્શનં મોક્ષસાધનમ્. ૬
દર્શનાદ્ દુરિતધ્વંસી, વન્દનાદ્ વાંછિતપ્રદઃ;
પૂજનાત્ પૂરકઃ શ્રીણાં, જિનઃ સાક્ષાત્ સુરદ્રુમઃ ૭
અદ્ય મે સફલં જન્મ, અદ્ય મે સફલા ક્રિયા;
શુભો દિનોદયોઽસ્માકં, જિનેન્દ્ર તવ દર્શનાત્. ૮
જિને ભક્તિર્જિને ભક્તિ, ર્જિને ભક્તિર્દિને દિને;
સદા મેઽસ્તુ સદા મેઽસ્તુ, સદા મેઽસ્તુ ભવે ભવે. ૯
મંગલં ભગવાન્ વીરો, મંગલં ગૌતમપ્રભુઃ;
મંગલં સ્થૂલિભદ્રાદ્યા, જૈનો ધર્મોઽસ્તુ મંગલં. ૧૦
એક જંબૂ જગ જાણીયે, બીજા નેમિકુમાર;
ત્રીજા વયર વખાણીયે, ચોથા ગૌતમ ધાર. ૧૧
અંગુઠે અમૃત વસે, લબ્ધિ તણા ભંડાર;
શ્રીગુરૂ ગૌતમ સમરીએ, વાંછિત ફળ દાતાર. ૧૨
બ્રાહ્મી ચંદનબાલિકા ભગવતી, રાજીમતી દ્રૌપદી;
કૌશલ્યા ચ મૃગાવતી ચ સુલસા, સીતા સુભદ્રા શિવા;
કુંતી શીલવતી નલસ્ય દયિતા, ચૂલા પ્રભાવત્યપિ;
પદ્માવત્યપિ સુંદરી પ્રતિદિનં, કુર્વંતુ વો મંગલં. ૧૩

અષ્ટાપદે શ્રી આદિ જિનવર, વીર પાવાપુરી વરં;
વાસુપૂજ્ય ચંપા નયર સિદ્ધા, નેમ રૈવત ગિરિવરં;
સમ્મેતશિખરે વીસ જિનવર, મોક્ષે પહોંચ્યા મુનિવરં,
ચોવીશ જિનવર નિત્ય વંદુ, સકળ સંઘ સુહંકરં. ૧૪
ઐન્દ્રશ્રેણિનતાય, દોષહુતભુઙ્નીરાય નીરાગતા,
ધીરાજદ્ભિવાય જન્મજલધેસ્તીરાય ધીરાત્મને;
ગંભીરાગમભાષિણે, મુનિમનો માકંદકીરાય સન્;
નાસીરાય શિવાધ્વનિ સ્થિતિકૃતે વીરાય નિત્યં નમઃ ૧૫
યસ્યોપસર્ગાઃ સ્મરણેન યાન્તિ, વિશ્વે યદીયાશ્ચ ગુણા ન માન્તિ;
મૃગાંકલક્ષ્મીઃ કનકસ્ય કાન્તિઃ, સંઘસ્ય શાંતિં સ કરોતુ શાન્તિઃ. ૧૬

---

# વિભાગ પહેલો.

---

## ચૈત્યવન્દનો.

---

### ૧ શ્રી રૂષભદેવ જિનેન્દ્ર ચૈત્યવન્દન.

[ શાર્દૂલવિક્રીડિત છન્દ ]

સદ્ભક્ત્યાનતમૌલિનિર્જરવરભ્રાજિષ્ણુમૌલિપ્રભા–
સંમિશ્રાઽરૂણદીપ્તિશોભિચરણાંભોજદ્વયઃ સર્વદા;
સર્વજ્ઞઃ પુરૂષોત્તમઃ સુચરિતો ધર્માર્થિનાં પ્રાણિનાં,
ભૂયાદ્ ભૂરિવિભૂતયે મુનિપતિઃ શ્રીનાભિસૂનુર્જિનઃ ૧

સદ્બોધોપચિતાઃ સદૈવ દધતા પ્રૌઢપ્રતાપશ્રિયો,
યેનાઽજ્ઞાનતમોવિતાનમખિલં વિક્ષિપ્તમન્તઃક્ષણમ્;
શ્રીશત્રુંજય પૂર્વ શૈલશિખર ભાસ્વાનિવોદ્ભાસયન્,
ભવ્યાંભોજહિતઃ સ એષ જયતુ શ્રીમારૂદેવપ્રભુઃ. ૨

---

## ૨ શ્રી શાન્તિનાથ જિનેન્દ્ર ચૈત્યવન્દન.

(દ્રુતવિલમ્બિત છન્દ)

વિપુલનિર્મલકીર્તિભરાન્વિતો, જયતિ નિર્જરનાથનમસ્કૃતઃ;
લઘુવિનિર્જિતમોહ ધરાધિપો, જગતિ યઃ પ્રભુશાન્તિજિનાધિપઃ૧

વિહિતશાન્તસુધારસમજ્જનં,
નિખિલદુર્જયદોષવિવર્જિતં;
પરમપુણ્યવતાં ભજનીયતાં,
ગતમનન્તગુણૈઃ સહિતં સતામ્. ૨

તમચિરાત્મજમીશમનીશ્વરં,
ભવિક પદ્મ વિબોધ દિનેશ્વરમ્;
મહિમધામ ભજામિ જગત્રયે,
વરમનુત્તરસિદ્ધિસમૃદ્ધયે. ૩

---

## ૩ શ્રી નેમિનાથજિનેન્દ્ર ચૈત્યવંદન.

(ઉપજાતિ–છંદ)

વિશુદ્ધવિજ્ઞાનભૃતાં વરેણ, શિવાત્મજેન પ્રશમાકરેણ;
યેન પ્રયાસેન વિનૈવ કામં, વિજિત્ય વિક્રાન્તવરં પ્રકામમ્. ૧
વિહાય રાજ્યં ચપલસ્વભાવં, રાજીમતીં રાજકુમારિકાં ચ;

ગત્વા સલીલં ગિરિનારશૈલં, ભેજે વ્રતં કેવલમુકિતયુકતમ્. ૨
નિઃશેષયોગીશ્વરમૌલિરત્નં, જિતેન્દ્રિયત્વે વિહિતપ્રયત્નમ્;
તમુત્તમાનન્દનિધાનમેકં, નમામિ નેમિં વિલસદ્વિવેકમ્. ૩

### ૪ શ્રી પાર્શ્વનાથજિનેન્દ્ર ચૈત્યવન્દન.

( પંચ ચામર છન્દ )

શ્રયામિ તં જિનં સદા, મુદા પ્રમાદવર્જિતં,
સ્વકીયવાગ્વિલાસતો, જિતોરૂમેધગર્જિતમ્;
જગત્પ્રકામકામિતપ્રદાનદક્ષમક્ષતં,
પદં દધાનમુચ્ચકૈ–રકૈતવોપલક્ષિતમ્. ૧
સતામવદ્યભેદકં, પ્રભૂતસંપદાં પદં,
બલક્ષયક્ષસંગતં, જનેક્ષણક્ષણપ્રદમ્;
સદૈવ યસ્ય દર્શનં, વિશાં વિમર્દિતૈનસાં,
નિહંત્યશાતજાતમાત્મ–ભકિતરકતચેતસામ્. ૨
અવાપ્ય યત્પ્રસાદમાદિતઃ પુરૂશ્રિયો નરા,
ભવન્તિ મુકિતગામિનસ્તતઃ પ્રભાપ્રભાસ્વરાઃ;
ભજ્યમાશ્વસેનિદેવદેવમેવ સત્પદં,
તમુચ્ચમાનસેન શુદ્ધબોધવૃદ્ધિલાભદમ્. ૩

### ૫ શ્રી મહાવીરજિનેન્દ્ર ચૈત્યવન્દન.

( પૃથ્વી છન્દ )

વરેણ્યગુણવારિધિઃ પરમનિર્વૃતઃ સર્વદા,
સમસ્તકમલાનિધિઃ સુરનરેન્દ્રકોટિશ્રિતઃ;

જનાલિસુખદાયકો વિગતકર્મવારો જિનઃ,
સુમુક્તજનસંગમસ્ત્વમસિ વર્ધમાનપ્રભો ! ૧
જિનેન્દ્ર ! ભવતોઽદ્ભુતં મુખમુદારબિમ્બસ્થિતં,
વિકારપરિવર્જિતં પરમશાન્તમુદ્રાંકિતમ ;
નિરીક્ષ્ય મુદિતેક્ષણઃ ક્ષણમિતોઽસ્મિ યદ્ભાવનાં,
જિનેશ જગદીશ્વરોદ્ભવતુ સૈવ મે સર્વદા. ૨
વિવેકિજનવલ્લભં ભુવિ દુરાત્મનાં દુર્લભં,
દુરન્તદુરિતવ્યથા–ભરનિવારણે તત્પરમ;
તવાંગપદપદ્મયોર્યુગમનિંદ્ય વીરપ્રભો,
પ્રભૂતસુખસિદ્ધયે મમ, ચિરાય સંપદ્યતામ. ૩

---

## ૬ શ્રી મહાવીર ચૈત્યવંદન અથવા સ્તુતિઃ

નમો દુર્વારરાગાદિ–વૈરીવારનિવારિણે;
અર્હતે યોગિનાથાય; મહાવીરાય તાયિને. ૧
પન્નગં ચ સુરેંદ્રે ચ, કૌશિકે પાદસંસ્પૃશિ;
નિર્વિશેષમનસ્કાય, શ્રીવીરસ્વામિને નમઃ ૨
કલ્યાણપાદપારામં, શ્રુતગંગાહિમાચલમ;
વિશ્વામ્ભોજરવિંદેવ, વંદે શ્રીજ્ઞાતનંદનમ્. ૩

---

## ૭ શ્રી પાર્શ્વનાથનું ચૈત્યવંદન.

જય ચિંતામણિ પાર્શ્વનાથ, જય ત્રિભુવન સ્વામી;
અષ્ટ કર્મ રિપુ જિતીને, પંચમી ગતિ પામી. ૧

પ્રભુ નામે આનંદ કંદ, સુખ સંપત્તિ લહીએ;
પ્રભુ નામે ભવ ભય તણા, પાતિક સવિ દહીએ. ૨
ॐ ह्रीं વર્ણ જોડી કરીએ, જપીએ પાર્શ્વ નામ;
વિષ અમૃત થઈ પરગમે, પામે અવિચલ ઠામ. ૩

---

## ૮ શ્રી પાર્શ્વજિન ચૈત્યવંદન.

આશ પુરે પ્રભુ પાસજી, ત્રોડે ભવ પાસ;
વામા માતા જનમીયા, અહિ લંછન જાસ. ૧
અશ્વસેન સુત સુખકરૂ, નવ હાથની કાય;
કાશી દેશ વણારસી, પુણ્યે પ્રભુજી આય. ૨
એકસો વરસનું આઉખું એ, પાલી પાસ કુમાર;
પદ્મ કહે મુગતે ગયા, નમતાં સુખ નિરધાર. ૩

---

## ૯ શ્રી મહાવીર સ્વામીનું ચૈત્યવંદન

સિદ્ધારથ સુત વંદીએ, ત્રિશલાનો જાયો;
ક્ષત્રિયકુંડમાં અવતર્યો, સુર નરપતિ ગાયો. ૧
મૃગપતિ લંછન પાઉલે, સાત હાથની કાય;
બ્હોંતેર વર્ષનું આઉખું, વીર જિનેશ્વર રાય. ૨
ખિમાવિજય જિન રાજના એ, ઉત્તમ ગુણ અવદાત;
સાત બોલથી વર્ણવ્યો, પદ્મવિજય વિખ્યાત. ૩

---

## ૧૦ શ્રી ચોવીસ જિનના સમકિતાશ્રયી ભવગણત્રીનું ચૈત્યવંદન.

પ્રથમ તીર્થંકર તણા હુવા, ભવ તેર કહીજે;
શાંતિ તણા ભવ બાર સાર, નવ ભવ નેમ લહીજે. ૧
દશ ભવ પાસ જિણંદના, સત્તાવીસ શ્રીવીર;
શેષ તીર્થંકર ત્રિહું ભવે, પામ્યા ભવજલ તીર. ૨
જીહાંથી સમકિત ફરશીયું એ, તિહાંથી ગણીએ તેહ;
ધીર વિમલ પંડિત તણો, જ્ઞાનવિમલ ગુણગેહ. ૩

---

## ૧૧ શ્રી જિન ચૈત્યવંદન.

જય જય તું જિનરાજ આજ, મીલીયો મુજ સ્વામી;
અવિનાશી અકલંક રૂપ, જગ અંતર જામી. ૧
રૂપારૂપી ધર્મદેવ, આતમ આરામી;
ચિદાનંદ ચેતન અચિંત્ય, શિવ લીલા પામી. ૨
સિદ્ધ બુદ્ધ તું વંદતા, સકલ સિદ્ધિ વરબુદ્ધ;
રામ પ્રભુ ધ્યાને કરી, પ્રકટે આતમરિદ્ધ. ૩
કાલ બહુ સ્થાવર ગયો, ભમીઓ ભવમાંહી;
વિકલેંદ્રિય એળે ગયો, સ્થિરતા નહી ક્યાંહી. ૪
તિર્યંચ પંચેદ્રિય માંહી દેવ, કરમે હું આવ્યો;
કરી કુકર્મ નરકે ગયો, તુમ દર્શન નવિ પાયો. ૫
એમ અનંત કાલે કરી એ, પામ્યો નર અવતાર;
હવે જગ તારક તુંહી મલ્યો, ભવજલ પાર ઉતાર. ૬

## ૧૨ ચોવીસ જિનનાં વર્ણનું ચૈત્યવંદન.

પદ્મપ્રભુ ને વાસુપૂજ્ય, દોય રાતા કહીએ;
ચંદ્રપ્રભુ ને સુવિધિનાથ, દો ઉજ્વલ લહીએ. ૧
મલ્લિનાથ ને પાર્શ્વનાથ, દો નીલા નીરખ્યા;
મુનિસુવ્રત ને નેમનાથ, દો અંજન સરિખા. ૨
સોળે જિન કંચન સમા એ, એવા જિન ચોવીશ;
ધીર વિમળ પંડિત તણો, જ્ઞાન વિમલ કહે શિષ્ય. ૩

## ૧૩ શ્રી ચોવીસ તીર્થંકરના આઉખાનું ચૈત્યવંદન.

પ્રથમ તીર્થંકર આઉખું, પૂર્વ ચોરાસી લાખ;
બીજા બહુંતેર લાખનું, ત્રીજું સાયઠ ભાખ. ૧
પચાસ ચાલીસ ત્રીશ ને, વીશ દશ ને દોય;
એક લાખ પૂર્વ તણું, દશમા શિતલ જોય. ૨
હવે ચોરાશી લાખ વર્ષ, બારમા બહુંતેર લાખ,
સાયઠ ત્રીસ ને દશનું, શાંતિ એકજ લાખ. ૩
કુંથુ પંચાણું હજારનું, અર ચોરાશી હજાર;
પંચાવન ત્રીસ ને દશનું, નેમ એક હજાર. ૪
પાર્શ્વનાથ સો વરસનું, બહુંતેર શ્રી મહાવીર;
એહવા જિન ચોવીસનું, આઉ સુણો સુધીર. ૫

## ૧૪ શ્રી ચોવીસ તીર્થંકરના દેહમાનનું ચૈત્યવંદન.

પ્રથમ તીર્થંકર દેહડી, ધનુષ પાંચસેં માન;
પચાશ પચાશ ઘટાડતાં, સો સુધી ભગવાન. ૧

સોથી દશ દશ ઘટતું, પચાસથી પાંચ પાંચ;
નેમનાથ બાવીશમા, દશ ધનુષનું માન. ૨
પાર્શ્વનાથ નવ હાથનું, સાત હાથ મહાવીર;
એવા જિન ચોવીશનું, કવિયણ કહે સુધીર. ૩

## ૧૫ શ્રી વર્ધમાન તપનું ચૈત્યવંદન.

ત્રિગડે ત્રિભુવન વાલહો, ભાખે તપના ભેદ;
એક સો ત્રેવીશ મુખ્ય છે, કરવા કર્મ વિચ્છેદ. ૧
તેમાં પણ ધુર મોટકો, મહાઉગ્ર તપ એહ;
શૂરવીર કોઈ આદરે, નિર્મળ થાશે દેહ. ૨
રોગ વિઘ્ન દૂરે કરે એ, ઉપજે લબ્ધિ અનેક;
ક્ષમા સહિત આરાધતાં, ધર્મરત્ન સુવિવેક. ૩

## ૧૬ શ્રી વર્ધમાન તપનું ચૈત્યવંદન.

બે કર જોડી પ્રણમીએ, વર્ધમાન તપ ધર્મ;
ત્રિકરણ શુદ્ધે પાળતાં, ટળે નિકાચિત કર્મ. ૧
વર્ધમાન તપ સેવીને, કોઈ પામ્યા ભવપાર;
અંતગડ સૂત્રે વર્ણવ્યા, વંદું વારંવાર. ૨
અંતરાય પંચક ટળે એ, બાંધે જિનવર ગોત્ર;
નમો નમો તપ રત્નને, પ્રગટે આતમ જ્યોત. ૩

## ૧૭ શ્રી વીશસ્થાનક તપનું ચૈત્યવંદન.

પહેલે પદ 'અરિહંત નમું, બીજે સર્વ સિદ્ધ;'
ત્રીજે પ્રવચન મન ધરો, ચોથે આચાર્ય પ્રસિદ્ધ. ૧

નમો થેરાણં પાંચમે, પાઠક પદ છઠે;
નમો લોએ સવ્વસાહૂણં; જે છે ગુણગરિઠે. ૨
નમો નાણસ્સ આઠમે, દર્શન મન ભાવો;
વિનય કરો ગુણવંતનો, ચારિત્ર પદ ધ્યાવો. ૩
નમો બંભવયધારીણં, તેરમે ક્રિયા જાણ;
નમો તવસ્સ ચૌદમે, ગોયમ નમો જિણાણં. ૪
સંયમ જ્ઞાન સુઅસ્સને એ, નમો તિત્થસ્સ જાણી;
જિન ઉત્તમ પદ પદ્મને, નમતાં હોય સુખ ખાણી. ૫

---

## ૧૮ શ્રી રોહિણી તપનું ચૈત્યવંદન.

રોહિણી તપ આરાધીએ, શ્રી શ્રી વાસુપૂજ્ય;
દુઃખ દોહગ દૂરે ટળે, પૂજક હોએ પૂજ્ય. ૧
પહેલાં કીજે વાસક્ષેપ, પ્રહ ઉઠીને પ્રેમે;
મધ્યાન્હે કરી ધોતીઆં, મન વચન કાય ખેમે. ૨
અષ્ટ પ્રકારની વિરચીએ, પૂજા નૃત્ય વાજિંત્ર;
ભાવે ભાવના ભાવીએ, કીજે જનમ પવિત્ર. ૩
ત્રિહું કાલે લઇ ધૂપ દીપ, પ્રભુ આગળ કીજે;
જિનવર કેરી ભકિત શું, અવિચળ સુખ લીજે. ૪
જિનવર પૂજા જિન સ્તવન, જિનનો કીજે જાપ;
જિનવર પદને ધ્યાઇએ, જિમ નાવે સંતાપ. ૫
કોડ કોડ ફળ લીજીએ, ઉત્તર ઉત્તર ભેદ;
માન કહે ઈણ વિધ કરો, જિમ હોય ભવનો છેદ. ૬

## ૧૯ બીજનું ચૈત્યવંદન.

ચોવીશમો જિનરાજજી, ચંપાપુરી આવે;
ચૌદ સહસ અણગારનાં, સ્વામી તેહ કહાવે. ૧
અઢી કોશ ઉંચો સહિ, સમવસરણ વિરચાવે;
ત્રિભુવન પતિ ગુરૂ તેહમાં, ઉપદેશ વરસાવે. ૨
જિતશત્રુ રાજા તિહાં, પ્રભુને વંદન આવે;
તે પણ સમવસરણ માંહી, બેસી હરષિત થાવે. ૩
ભવિક જીવ તારણ ભણી, ગૌતમ પૂછે જિનને;
બીજ તિથિ મહિમા કહો, સંશય હરણ પ્રભુ અમને. ૪
તવ પ્રભુ પરખદા આગલે, બીજનો મહિમા ભાખે;
પંચ કલ્યાણક જિનતણા, તે સહુ સંઘની સાખે. ૫
બીજે અજિત જનમીઆ, બીજે સુમતિ ચ્યવન;
બીજે વાસુપૂજ્યજી, લહ્યું કેવળ નાણ. ૬
દશમા શીતલનાથજી, બીજે શિવ પામ્યા;
સાતમા ચક્રી અર જિન, જન્મ્યા ગુણ ધામ. ૭
એ પાંચે જિન સમરતાં એ, ભવિ પામો દોય ધર્મ;
સર્વવિરતિ ને દેશવિરતિ, ટાળે પાતિક મર્મ. ૮
વીર કહે દ્વિતીયા તિથિ, તે કારણ તમે પાળો;
ચંદ્રકેતુ રાજા પરે, આતમ અજવાળો. ૯
તે સાંભળી બહુ આદરે, પ્રાણી બીજ તિથિ સાર;
તે આરાધતાં કેઇનાં, થયા આતમ ઉદ્ધાર. ૧૦
ચઉ વિહાર ઉપવાસ કરી, બીજ આરાધો વિવેક;
નયસાગર કહે વીર જિન, દ્યો મુજને શિવ એક. ૧૧

## ૨૦ પંચમીનું ચૈત્યવંદન.

સકલ સુરાસુર સાહિબો, નમીએ જિનવર જેમ;
પંચમી તિથિ જગ પરવડો, પાળો જન બહુ પ્રેમ. ૧
જિન કલ્યાણક એ તિથે, સંભવ કેવળજ્ઞાન;
સુવિધિ જિનેશ્વર જનમીયા, સેવો થઈ સાવધાન. ૨
ચ્યવન ચંદ્રપ્રભુ જાણીએ, અજિત સુમતિ અનંત;
પંચમી દિન મોક્ષે ગયા, ભેટો ભવિજન સંત. ૩
કુંથુ જિન સંજમ ગ્રહ્યો, પંચમી ગતિ જિનધર્મ;
નેમી જન્મ વખાણીએ, પંચમી તિથિ જગ શર્મ. ૪
પંચમીના આરાધએ, પામે પંચમ જ્ઞાન;
ગુણમંજરી વરદત્ત તે, પહોંચ્યા મોક્ષ સુઠાણ. ૫
કાર્તિક શુદિ પંચમી થકી, તપ માંડીજે ખાસ;
પંચ વરસ આરાધીએ, ઉપર વળી પંચ માસ. ૬
દશ ક્ષેત્રે નેવું જિન તણાં, પંચમી દિનના કલ્યાણ;
એહ તિથે આરાધતાં, પામે શિવ પદ ઠાણ. ૭
પડિક્કમણાં દોય ટંકનાં, કરીએ શુદ્ધ આચાર;
દેવ વંદો ત્રણ કાળનાં, પહોંચાડે ભવ પાર. ૮
નમો નાણસ્સ ગુણણું ગણો, નવકારવાળી વીશ;
સામાયિક શુદ્ધે મને, ધરીએ શિયલ જગીશ. ૯
એણી પરે પંચમી પાળશે, ભવિજન પ્રાણી જેહ;
અજરામર સુખ પામશે, હંસ કહે ગુણગેહ. ૧૦

## ૨૧ અષ્ટમીનું ચૈત્યવંદન.

રાજગ્રહી ઉદ્યાનમાં, વીર જિનેશ્વર આવ્યા;
દેવ ઇંદ્ર ચોસઠ મળ્યા, પ્રણમે પ્રભુ પાયા. ૧
રજત હેમ મણિ રયણનાં, તિહુયણ કોટ બનાય;
મધ્ય મણિમય આસને, બેઠા શ્રી જિનરાય. ૨
ચઉ વિહ ધર્મની દેશના, નિસુણે પરષદા બાર;
તવ ગૌતમ મહારાયને, પૂછે પર્વ વિચાર. ૩
પંચ પર્વી તુમે વર્ણવી, તેમાં અધિકારી કોણ;
વીર કહે ગૌતમ સુણો, અષ્ટમી પર્વ વિષેણ. ૪
બીજ ભવી કરતાં થકાં, બિહું વિધ ધર્મ મુણંત;
પંચમી તપ કરતાં થકાં, પાંચે જ્ઞાન ભણંત. ૫
અષ્ટમી તપ કરતાં થકાં, અષ્ટ કર્મ હણંત;
એકાદશી કરતાં થકા, અંગ અગ્યાર ભણંત. ૬
ચૌદે પૂરવધર ભલા એ, ચોદશ આરાધે;
અષ્ટમી તપ કરતાં થકાં, અષ્ટમી ગતિ સાધે. ૭
દંડવીરજ રાજા થયો, પામ્યો કેવળનાણ;
અષ્ટમી તપ મહિમા વડો, ભાખે શ્રીજિનભાણ. ૮
અષ્ટ કર્મ હણવા ભણીએ, કરીએ તપ સુજાણ;
ન્યાય મુનિ કહે ભવી તુમે, પામો પરમ કલ્યાણ. ૯

## ૨૨ શ્રી મૌન એકાદશીનું ચૈત્યવંદન.

નેમિ જિણેસર ગુણ નીલો, બ્રહ્મચારી સિરદાર;
સહસ પુરૂષ શું આદરી, દીક્ષા જિનવર સાર. ૧

પંચાવનમે દિન લહ્યું, નિરૂપમ કેવલનાણ;
ભવિક જીવ પડિબોધવા, વિચરે મહિયલ જાણ. ૨
વિહાર કરંતાં આવીયા એ, બાવીસમા જિનરાય;
દ્વારિકા નયરી સમોસર્યા, સમવસરણ તિહાં થાય. ૩
બાર પરખદા તિહાં મળી, ભાખે જિનવર ધર્મ;
સર્વ પર્વતિથિ સાચવો, જેમ પામો શિવશર્મ. ૪
તવ પૂછે હરિ નેમને, ભાખો દિન મુજ એક;
થોડો ધર્મ કર્યા થકી, શુભ ફલ પામું અનેક. ૫
નેમ કહે કેશવ સુણો, વરસ દિવસમાં જોય;
મૃગશિર સુદ એકાદશી, એ સમો અવર ન કોય. ૬
ઈણ દિન કલ્યાણક થયાં, નેવું જિનના સાર;
એ તિથિ વિધિ આરાધતાં, સુવ્રત થયા ભવ પાર. ૭
તે માટે મોટી તિથિ, આરાધો મન શુદ્ધ;
અહોરત્તો પોસહ કરો, મન ધરી આતમ બુદ્ધ. ૮
દોઢસો કલ્યાણક તણું, ગણણું ગણો મનરંગ;
મૌન ધરી આરાધીએ, જિમ પામો સુખ સંગ. ૯
ઉજમણું પણ કીજીએ, ચિત્ત ધરી ઉલ્લાસ;
પુંઠાં ને વીંટાંગણા, ઇત્યાદિક કરો ખાસ. ૧૦
એમ એકાદશી ભાવશું એ, આરાધે નરરાય;
ક્ષાયિક સમકિતનો ધણી, જિન વંદી ઘેર જાય. ૧૧
એકાદશી ભવિયણ કરો એ, ઉજ્વલ ગુણ જેમ થાય;
ક્ષમાવિજય જસ ધ્યાનથી, શુભ સુરપતિ ગુણ ગાય. ૧૨

## ૨૩ શ્રી પર્યુષણનું ચૈત્યવંદન.

પર્વ પર્યુષણ ગુણનીલો, નવ કલ્પી વિહાર;
ચાર માસાન્તર સ્થિર રહે, એહીજ અર્થ ઉદાર. ૧
આષાઢ સુદ ચઉદશ થકી, સંવત્સરી પચાસ;
મુનિવર દિન સિત્તેરમે, પડિક્કમતાં ચૌમાસ. ૨
શ્રાવક પણ સમતા ધરી, કરે ગુરૂનાં બહુમાન;
કલ્પસૂત્ર સુવિહિત મુખે, સાંભલે એક તાન. ૩
જિનવર ચૈત્ય જુહારીયે, ગુરૂભક્તિ વિશાલ;
પ્રાયે અષ્ટ ભવાંતરે, વરીયે શિવ વરમાલ. ૪
દર્પણથી નિજ રૂપનો, જુવે સુદષ્ટિ રૂપ;
દર્પણ અનુભવ અર્પણો, જ્ઞાનરમણ મુનિ ભૂપ. ૫
આત્મ સ્વરૂપ વિલોકતાં, પ્રગટયો મિત્ર સ્વભાવ;
રાય ઉદાયી ખામણાં, પર્વ પર્યુષણ દાવ. ૬
નવ વખાણ પૂજી સુણો, શુકલ ચતુર્થી સીમા;
પંચમી દિને વાંચે સુણે, હોય વિરાધક નિયમા. ૭
એ નહી પર્વ પંચમી, સર્વ સમાણી ચોથે;
ભવભીરૂ મુનિ માનશે, ભાખ્યું અરિહા નાથે. ૮
શ્રુત કેવલી વયણાં સુણીએ, લહી માનવ અવતાર;
શ્રી શુભવીરને શાસને, પામ્યા જય જયકાર. ૯

## ૨૪ શ્રી પર્યુષણનું ચૈત્યવંદન.

શ્રી શત્રુંજય શૃંગાર હાર, શ્રી આદિજિણંદ;
નાભિરાય કુળચંદ્રમા, મરૂદેવીનંદ. ૧

કાશ્યપ ગોત્રે ઈક્ષ્વાકુ વંશ, વિનીતાનો રાય;
ધનુષ્ય પાંચસો દેહમાન, સુવર્ણ સમ કાય. ૨
વૃષભ લંછન ધુર વાંદીએ એ, સંઘ સકળ શુભ રીત;
અઠ્ઠાઈધર આરાધીએ, આગમ વાણી વિનીત. ૩

## ૨૫ શ્રી પર્યુષણ પર્વનું ચૈત્યવંદન. (૩)

પ્રણમું શ્રી દેવાધિદેવ, જિનવર મહાવીર;
સુરવર સેવે શાંત દાંત, પ્રભુ સાહસ ધીર. ૧
પર્વ પર્યુષણ પુણ્યથી, પામી ભવી પ્રાણી;
જૈન ધર્મ આરાધીએ, સમકિત હિત જાણી. ૨
શ્રી જિન પ્રતિમા પૂજીએ એ, કીજે જન્મ પવિત્ર;
જીવજતન કરી સાંભળો, પ્રવચન વાણી વિનીત. ૩

## ૨૬ શ્રી પર્યુષણ પર્વનું ચૈત્યવંદન. (૪)

કલ્પ તરૂ સમ કલ્પસૂત્ર, પૂરે મન વાંછિત;
કલ્પધરે ધુરથી સુણો, શ્રી મહાવીર ચરિત્ર. ૧
ક્ષત્રિયકુંડે નરપતિ, સિદ્ધારથ રાય;
રાણી ત્રિશલા તણી કુખે, કંચન સમ કાય. ૨
પુષ્પોત્તરવરથી ચવ્યા એ, ઉપન્યા પુણ્ય પવિત્ર;
ચતુરા ચૌદ સુપન લહે, ઉપજે વિનય વિનીત. ૩

## ૨૭ શ્રી પર્યુષણ પર્વનું ચૈત્યવંદન.

સ્વપ્ન વિધિ કહે સુત, હોશે ત્રિભુવન શૃંગાર;
તે દિનથી ઋદ્ધે વધ્યાં, ધન અખૂટ ભંડાર. ૧

સાડા સાત દિવસ અધિક, જન્મ્યા નવ માસે;
સુરપતિ કરે મેરૂ શિખર, ઉત્સવ ઉલ્લાસે. ૨
કુંકુંમ હાથા દીજીયે એ, તોરણ ઝાકઝમાળ;
હરખે વીર હુલરાવીએ, વાણી વિનય રસાળ. ૩

## ૨૮ પર્યુષણ પર્વનું ચૈત્યવંદન. (૫)

જિનની બહેન સુદર્શના, ભાઈ નંદીવર્ધન;
પરણી યશોદા પદમણી, વીર સુકોમળ રત્ન. ૧
દેઈ દાન સંવત્સરી, લેઈ દીક્ષા સ્વામી;
કર્મ ખપાવી કેવળી, પંચમી ગતિ પામી. ૨
દીવાળી દિવસ થકી એ, સંઘ સકલ શુભ રીત;
અઠ્ઠમ કરી તેલાધરે, સુણજો થઇ એકચિત્ત. ૩

## ૨૯ પર્યુષણનું ચૈત્યવંદન. (૬)

પાર્શ્વ જિનેશ્વર નેમિનાથ, સમુદ્રવિજય વિસ્તાર;
સુણીએ આદીશ્વર ચરિત્ર, વળી જિનના અંતર. ૧
ગૌતમાદિક સ્થવિરાવલી, શુદ્ધ સામાચારી;
પર્વદિન ચોથે દિને, ભાખ્યો ગણધારી. ૨
જ્ઞાન દર્શન ચારિત્ર તપ એ, જિન ધર્મ દ્રઢ રીત;
જિન પ્રતિમા જિન સારિખી, વંદુ સદા વિનીત. ૩

## ૩૦ પર્યુષણ પર્વનું ચૈત્યવંદન. (૭)

પર્વરાજ સંવત્સરી, દિન દિન પ્રતિ સેવા;
શ્લોક બારસો કલ્પસૂત્ર, વીરનું નિસુણેવા. ૧

પરમ પટ્ટધર બાર બોલે, ભાખ્યા ગુરૂ હીર;
સંપ્રતિ શ્રી વિજયદાનસૂરિ, ગચ્છાગ્રણી હીર. ૨
જિન શાસન શોભા કરૂ એ, પ્રીતિવિજય કહે શિષ્ય;
વિનય વિજય કહે વીરને, ચરણે નામું શિર. ૩

### ૩૧ શ્રી પર્યુષણપર્વનું ચૈત્યવંદન. (૮)

નવ ચોમાસી તપ કર્યા, ત્રણ માસી દોય;
દોય દોય અઢીમાસી તેમ, દોઢમાસી હોય. ૧
બહોંતેર પાસખમણ કર્યાં, માસખમણ કર્યાં બાર;
ષડ્ દ્વિમાસી તપ આદર્યાં, બાર અઠ્ઠમ તપ સાર. ૨
ષડ્માસી એક તપ કર્યો; પંચ દિન ઊણા ષડ્ માસ;
બસેં ઓગણીશ છઠ્ઠ ભલા, દીક્ષા દિન એક ખાસ. ૩
ભદ્રપ્રતિમા દોય ભલી, મહાભદ્ર દિન ચાર;
દશ દિન સર્વતોભદ્રના, લાગટ નિરધાર. ૪
વિણ પાણી તપ આદર્યો, પારણાદિક જાસ;
દ્રવ્યાહારે પારણાં કર્યાં, ત્રણસો ઓગણપચાસ. ૫
છદ્મસ્થા એણી પરે રહ્યા એ, સહ્યા પરિસહ ઘોર;
શુકલધ્યાન અનલે કરી, બાળ્યાં કર્મ કઠોર. ૬
શુકલધ્યાન અંતે રહ્યા એ, પામ્યા કેવળજ્ઞાન;
પદ્મવિજય કહે પ્રણમતાં, લહીએ નિત્ય કલ્યાણ. ૭

### ૩૨ શ્રી નવપદનું ચૈત્યવંદન. (૧)

સકલ મંગલ પરમ કમલા, કેલી મંજુલ મંદિરં;
ભવ કોટિ સંચિત પાપનાશન, નમો નવ પદ જયકરં. ૧

અરિહંત સિદ્ધ સૂરીશ વાચક, સાધુ દર્શન સુખકરં;
વર જ્ઞાનપદ ચારિત્ર તપ એ, નમો નવપદ જયકરં. ૨
શ્રીપાલ રાજા શરીર સાજા, સેવતાં નવ પદ વરં;
જગમાંહી ગાજા કીર્તિભાજા, નમો નવપદ જયકરં. ૩
શ્રીસિદ્ધચક્ર પસાય સંકટ, આપદા નાસે અરં;
વળી વિસ્તરે સુખ મનોવાંછિત, નમો નવપદ જયકરં. ૪
આંબિલ નવ દિન દેવ વંદન, ત્રણ ટંક નિરંતરં;
બે વાર પડિક્કમણાં પલેવણ, નમો નવપદ જયકરં. ૫
ત્રણ કાળ ભાવે પૂજીએ, ભવતારકં તીર્થંકરં;
તિમ ગુણણું હોય હજાર ગણીએ, નમો નવપદ જયકરં. ૬
એમ વિધિ સહિત મન વચન કાયા, વશ કરી આરાધીએ;
તપ વર્ષ સાડાચાર નવપદ, શુદ્ધ સાધન સાધીએ. ૭
ગદ કષ્ટ ચૂરે શર્મ પૂરે, યક્ષ વિમલેશ્વર વરં;
શ્રીસિદ્ધચક્ર પ્રતાપ જાણી, વિજય વિલસે સુખભરં. ૮

## ૩૩ શ્રી નવપદનું ચૈત્યવંદન. (૨)

શ્રીસિદ્ધચક્ર આરાધીએ, આસો ચતર માસ;
નવ દિન નવ આંબિલ કરી, કીજે ઓળી ખાસ. ૧
કેસર ચંદન ઘસી ઘણા, કસ્તુરી બરાસ;
જુગતે જિનવર પૂજીએ, જિમ મયણા ને શ્રીપાલ. ૨
પૂજા અષ્ટ પ્રકારની, દેવવંદન ત્રણ કાળ;
મંત્ર જપો ત્રણ કાળ ને, ગુણણું હોય હજાર. ૩

કષ્ટ ટળ્યું ઉંબરતણું, જપતાં નવપદ ધ્યાન;
શ્રી શ્રીપાળ નરિંદ થયા, વાધ્યો બમણો વાન. ૪
સાતસો કોઢિયા સુખ લહ્યા, પામ્યા જિન આવાસ;
પુણ્યે મુકિત વધુ વર્યા, પામ્યા લીલ વિલાસ. ૫

## ૩૪ ગણધરનું ચૈત્યવંદન (૧)

બિરૂદ ધરી સર્વજ્ઞનું, જિન પાસે આવે;
મધુર વચને વીરજી, ગૌતમને બોલાવે. ૧
પંચ ભૂતમાંહે થકીએ, ઉપજે વિણસે વેદ;
અરથ વિપરીતથી કહો, કિમ તે ભવથી તરસે. ૨
દાન દયા દમ તિહું પદે એ, જાણે તેહ જીવ;
જ્ઞાનવિમલ ધન આતમા, સુખ ચેતના સદૈવ. ૩

## ૩૫ ગણધરનું ચૈત્યવંદન. (૨)

કર્મ તણો સંશય ધરી, જિનચરણે આવે.
અગ્નિભૂતિ નામે કરી, તવ તે બોલાવે. ૧
એક સુખી એક દુઃખી, એક કિંકર ને સ્વામી;
પુરૂષોત્તમ એક કરી, કેમ શકિત પામી. ૨
કર્મ તણા પ્રભાવથી એક, સકલ જગત મંડાણ;
જ્ઞાન વિમલથી જાણીયે, વેદારથ સુપ્રમાણ. ૩

## ૩૬ શ્રી પાર્શ્વનાથનું ચૈત્યવંદન.

ૐ નમઃપાર્શ્વનાથાય, વિશ્વચિન્તામણીયતે;
હ્રીઁ ધરણેંદ્ર વૈરાટયા—પદ્માદેવી યુતાય તે. ૧

શાંતિ તુષ્ટિ મહા પુષ્ટિ—ધૃતિ કીર્તિ વિધાયિને;
ૐ હ્રીઁ દ્વિડ્વ્યાલ વૈતાલ, સર્વાધિવ્યાધિનાશિને. ૨
જયા જિતાખ્યા વિજયા—ખ્યાપરાજિતયાન્વિતઃ;
દિશાંપાલગ્રહૈર્યક્ષૈ, ર્વિદ્યાદેવીભિરન્વિતઃ. ૩
ૐ અસિઆઉસાય, નમસ્તત્ર ત્રૈલોકયનાથતામ્;
ચતુઃષષ્ટિ સુરેન્દ્રાસ્તે, ભાષન્તે છત્રચામરૈઃ ૪
શ્રી શંખેશ્વરમંડન ! પાર્શ્વજિન પ્રણત કલ્પતરૂ કલ્પ;
ચરય દુષ્ટ વ્રાતં, પૂરય મે વાંછિતં નાથ. ૫

## ૩૭ શ્રી ચિંતામણિ પાર્શ્વનાથનું ચૈત્યવંદન.

નમદ્દેવનાગેંદ્ર મંદારમાલા, મરિંદ છટા ધૌતપાદારવિંદં;
પરાનંદ સંદર્ભ લક્ષ્મીસનાથં,સ્તુવે દેવચિંતામણિ પાર્શ્વનાથં.૧
તમોરાશિ વિત્રાસને વાસરેશં, હતક્લેશલેશં શ્રિયાં સંનિવેશં;
કમાલીન પદ્માવતી પ્રાણનાથં,સ્તુવે દેવ ચિંતામણિ પાર્શ્વનાથં. ૨
નવ શ્રીનિવાસં નવાંભોદતુલ્યં,નતાનાં શિવશ્રેણિદાને સલિલં;
ત્રિલોકીશપૂજ્યં ત્રિલોકસ્ય નાથં,સ્તુવે દેવ ચિંતામણીપાર્શ્વનાથં.૩
હતવ્યાધિ વૈતાલભૂતાદિદોષં, કૃતાશેષભવ્યાવલિ પુન્ય પોષં;
મુખશ્રી પરાભૂતદોષાધિનાથં, સ્તુવે દેવ ચિંતામણિ પાર્શ્વનાથં.૪
નૃપસ્યાશ્વસેનસ્ય વંશેઽવતંસં, જનાનાં મનોમાનસે રાજહંસં;
પ્રભાવપ્રભાવાહિનીસિંધુનાથં,સ્તુવે દેવ ચિંતામણિપાર્શ્વનાથં. ૫
કલૌ ભાવિનાં કલ્પવૃક્ષોપમાનં,જગત્પાલને સંતતં સાવધાનં;
ચિરં મેદપાટસ્થિતં વિશ્વનાથં, સ્તુવે દેવ ચિંતામણિપાર્શ્વનાથં.૬

ઇતિ નાગેંદ્રનરામરવંદિતપાદાંબુજપ્રવરતેજાઃ;
દેવકુલપાટકસ્થઃ સ જયતિ ચિંતામણિપાર્શ્વઃ. ૭

## ૩૮ દીવાલીનું ચૈત્યવંદન. (૧)

મગધ દેશ પાવાપૂરી, પ્રભુ વીર પધાર્યા;
સોલ પહોર દીએ દેશના, ભવિ જીવને તાર્યા. ૧
ભૂપ અઢારે ભાવે સુણે, અમૃત જીસી વાણી;
દેશના દીએ રયણી એ, પરણ્યા શિવરાણી. ૨
રાય ઉઠી દિવા કરે, અજવાલાને હેતે;
અમાવાસ્યા તે કહી, વલી દીવાળી કીજે. ૩
મેરૂ થકી આવ્યા ઇંદ્ર, હાથે લેઇ દીવી;
મેરઇયા દીન સફલ કરી, લોક કહે સવિ જીવી. ૪
કલ્યાણક જાણી કરી, દિવા તે કીજે;
જાપ જપો જિનરાજનો, પાતિક સવિ છીજે. ૫
બીજે દિન ગૌતમ સુણી, પામ્યા કેવલજ્ઞાન;
બાર સહસ ગુણણું ગણો, ઘર હોશે ક્રોડ કલ્યાણ. ૬
સુર નર કિન્નર સહુ મલી, ગૌતમને આપે;
ભટ્ટારક પદવી દેઈ, સહુ સાખે થાપે. ૭
જુહાર ભટ્ટારક થકી, લોક કરે જુહાર;
બેને ભાઈ જમાડીયા, નંદિવર્ધન સાર. ૮
ભાઇ બીજ તિહાં થકી, વીરતણો અધિકાર;
જયવિજય ગુરૂ સંપદા, મુજને દીયો મનોહાર. ૯

## ૩૯ દીવાળીનું ચૈત્યવંદન. (૨)

ત્રીસ વરસ કેવલીપણે, વિચરી મહાવીર;
પાવાપુરી પધારિયા, શ્રી જિન શાસન ધીર. ૧
હસ્તીપાલનૃપ રાયની, રજ્જુકા સભા મોઝાર;
ચરમ ચોમાસું ત્યાં રહ્યા, લહી અભિગ્રહ સાર. ૨
કાશી કોશલ દેશના, ઘણા રાય અઢાર;
સ્વામી સુણી સહુ આવીયા, વંદણને નિરધાર. ૩
સોળ પહોર દીધી દેશના, જાણી લાભ અપાર;
દીધી ભવિ હિત કારણે, પીધી તેહીજ પાર. ૪
દેવશર્મા બોધન ભણી, ગોયમ ગયા સુજાણ;
કાર્તિક અમાવાસ્યા દિને; પ્રભુ પામ્યા નિર્વાણ. ૫
ભાવ ઉદ્યોત ગયો હવે, કરો દ્રવ્ય ઉદ્યોત;
ઈમ કહી રાય સર્વે મલી, કીધી દીપક જ્યોત. ૬
દીવાલી તિહાંથી થઇ એ, જગમાંહે પ્રસિદ્ધ;
પદ્મ કહે આરાધતાં, લહીએ અવિચલ રિદ્ધ. ૭

## ૪૦ પાર્શ્વનાથનું ચૈત્યવંદન.

પ્રણમામિ સદા પ્રભુ પાર્શ્વજિનં, જિનનાયક દાયક સુખધનં;
ઘનચારૂમનોહર દેહધરં, ધરણીપતિ નિત્ય સુસેવકરં. ૧
કરૂણારસરંચિત ભવ્ય ફણી, ફણી સપ્ત સુશોભિત મૌલિમણિ;
મણિ કંચન રૂપ ત્રિકોટી ઘટં, ઘટિતાસુર કિન્નર પાર્શ્વતટં. ૨
તટિનીપતિ ઘોષ ગંભીરસ્વરં, સ્વારનાકર અશ્વસુસેન નરં;

નરનારી નમસ્કૃત નિત્ય મુદા, પદ્માવતી ગાવતી ગીત સદા. ૩
સહનેંદ્રિય ગોપ યથા કમઠં, કમઠાસુર વારણ મુકતહઠં;
હઠ હેલિત કર્મ કૃતાંતબલં, બલધામ ધુરંધર પંકજલં. ૪
જલજ ધ્વય પત્ર પ્રભાનયનં, નયનંદિત ભવ્ય નરેશ મનં;
મનમન્મથમહીરૂહ વન્હિસમં, સમતામય રત્નકરં પરમં. ૫
પરમાર્થ વિચાર સદા કુશલં; કુરૂ મે જિનનાથ અલં;
અલિની નલિનિ નલિ નીલતનું, તનુતા પ્રભુ પાર્શ્વ જિન સુધનં. ૬
ધન ધાન્યકરં કરૂણા પરમં, પરમામૃત સિદ્ધિ મહાસુખદં;
સુખદાયક નાયક સંતભવં, ભવભૂત પ્રભુ પાર્શ્વજિન શિવદં. ૭

## ૪૧ પરમાત્માનું ચૈત્યવંદન. (૧)

પરમેશ્વર પરમાતમા, પાવન પરમિટ્ઠ;
જય જગગુરૂ દેવાધિદેવ, નયણેં મેં દિટ્ઠ. ૧
અચલ અકલ અવિકાર સાર, કરૂણા રસ સિંધુ;
જગતિ જન આધાર એક, નિષ્કારણ બંધુ ૨
ગુણ અનંત પ્રભુ તાહરા એ, કીમહી કહ્યા ન જાય;
રામ પ્રભુ જિન ધ્યાનથી, ચિદાનંદ સુખ થાય. ૩

## ૪૨ પરમાત્માનું ચૈત્યવંદન. (૨)

તુજ મૂરતિને નિરખવા, મુજ નયણાં તરસે;
તુજ ગુણ ગણને બોલવા, રસના મુજ હરષે.
કાયા અતિ આનંદ મુજ, તુમ યુગપદ ફરસે;
તો સેવક તાર્યા વિના, કહો કિમ હવે સરશે.

એમ જાણીને સાહિબા એ, નેક નજર મોહે જોય;
જ્ઞાનવિમળ પ્રભુ (સુ)નજરથી, તે શું જે નવી હોય. ૩

## ૪૩ પરમાત્માનું ચૈત્યવંદન. (૩)

બાર ગુણ અરિહંત દેવ, પ્રણમીજે ભાવે;
સિદ્ધ આઠ ગુણ સમરતાં, દુઃખ દોહગ જાવે. ૧
આચારજ ગુણ છત્રીસ, પચવીશ ઉવજ્ઝાય;
સત્તાવીસ ગુણ સાધુનાં, જપતાં શિવ સુખ થાય. ૨
અષ્ટોત્તર શત ગુણ મળીએ, એમ સમરો નવકાર;
ધીરવિમલ પંડિત તણો, નય પ્રણમે નિત સાર. ૩

## ૪૪ દેહેરે જવાના ફલ વિષે ચૈત્યવંદન.

પ્રણમું શ્રી ગુરૂરાજ આજ, જિનમંદિર કેરો;
પુન્ય ભણી કરશું સફલ, જિન વચન ભલેરો. ૧
દેહેરે જાવા મન કરે, ચોથ તણું ફલ પાવે;
જિનવર જુહારવા ઉઠતાં, છઠ પોતે આવે. ૨
જાવા માંડયું જેટલે એ, અઠ્ઠમ તણો ફલ જોય;
ડગલું ભરતા જિન ભણી, દશમ તણો ફલ હોય. ૩
જાઈસ્યું જિનહર ભણી, મારગ ચાલંતા;
હોવે દ્વાદશતણું, પુન્ય ભકતે માલંતા. ૪
અર્ધ પંથ જિનવર ભણી, પનરે ઉપવાસ;
દીઠું સ્વામિતણું ભુવન, લહિએ એક માસ. ૫
જિનહર પાસે આવતાં એ, છમાસી ફલ સિદ્ધ;

આવ્યા જિનહર બારણે, વરસિત ફલ સિદ્ધ. ૬
સો વરસ ઉપવાસ પુન્ય, પ્રદક્ષિણા દેતાં;
સહસ વરસ ઉપવાસ પુન્ય, જિન નજરે જોતાં. ૭
ભાવે જિનહર જુહારીએ, ફલ હોવે અનંત;
તેહથી લહીયે સો ગુણો, જો પૂજો ભગવંત. ૮
ફલ ઘણો ફુલની માલ, પ્રભુ કંઠે ઠવતાં;
પાર ન આવે ગીત નાદ, કેરા ફલ ભણતાં. ૯
જિન પૂજી પૂજા કરે એ; સુર ધૂપ તણું ધ્યાન;
અક્ષત સાર તે અક્ષય સુખ, દિપે તનુ રૂપ. ૧૦
નિર્મલ તન મન કરીએ, સુણતાં ઇમ જગીસ;
નાટિક ભાવના ભાવતાં, પામે પદવીજ સાર. ૧૧
જિનહર ભકતે વલિ એ, પુન્યે પ્રકાસે;
સુણી શ્રી ગુરૂ વયણ સાર, પુરવ ઋષિ ભાખે. ૧૨
ટાલવા આઠ કર્મને, જિનમંદિર જાસ્યું;
ભેટી ચરણ ભગવંતના, હવે નિર્મલ થાસ્યું. ૧૩
કીર્તિવિજય ઉવજ્ઝાયનો એ, વિનય કહે કર જોડ;
સફલ હોજો મુજ વિનતિ, પ્રભુ સેવાના કોડ. ૧૪

## ૪૫ શ્રી વર્ધમાન તપનું ચૈત્યવંદન.

વર્દ્ધમાન જિનપતિ નમી, વર્દ્ધમાન તપ નામ;
ઓલી આંબિલની કરૂં, વર્દ્ધમાન પરિણામ. ૧

એક એક દિન યાવત શત, ઓલી સંખ્યા થાય;
કર્મ નિકાચિત તોડવા, વજ્ર સમાન ગણાય. ૨
ચૌદ વર્ષ ત્રણ માસની એ, સંખ્યા દિનની વીસ;
યથા વિધિ આરાધતાં, ધર્મ રત્ન પદ ઇશ. ૩

---

# 卐 વિભાગ બીજો. 卐

## સ્તવનો.

### ૧ નેમનાથનું સ્તવન. (૧)

તુજ દરિશન દીઠું, અમૃત મીઠું લાગે રે યાદવજી,
ખિણ ખિણ મુજ તુજશું ધર્મ સ્નેહા જાગેરે યાદવજી;
તું દાતા ત્રાતા ભ્રાતા માતા તાતરે યાદવજી.
તુજ ગુણના મોટા જગમાં છે અવદાતરે યાદવજી. ૧
કાચ રેતી માટે સુરમણી છાંડે કુણરે યાદવજી,
લઇ સાકર મૂકી કુણ વળી ચુકી લુણરે યાદવજી;
મુજ મન ન સુહાયે તુજ વિણ બીજો દેવરે યાદવજી,
*હું અહનિશી ચાહું તુજ પય પંકજ સેવરે યાદવજી.* ૨
સુરનંદન હે બાગજ જિમ રહેવા સંગરે યાદવજી,
જીમ પંકજ ભૃંગા શંકર ગંગા રંગ રે યાદવજી;
જીમ ચંદ્ર ચકોર મેહા મોરા પ્રીતિ રે યાદવજી. ૩
મેં તુમને ધાર્યા વિસાર્યા નહિ જાયા રે યાદવજી,
દિન રાતે ભાતે ધ્યાઉં તો સુખ થાય રે યાદવજી;

દીન કરૂણા આણો જો તુમ જાણો રાગ રે યાદવજી,
દાખો એક વેશ ભવજલ કેરો ત્યાગ રે યાદવજી. ૪
દુઃખ ટળીયો મીલીયો આવે મુજ જગનાથરે યાદવજી,
સમતા રસ ભરીયો ગુણગણ દરીયો શિવ સાથે રે યાદવજી;
તુજ મુખડું દીઠે દુઃખ નીઠે સુખ હોઈ રે યાદવજી,
વાચક જશ બોલે નહિ તુજ તોલે કોઈ રે યાદવજી.
વૈરાગી રે સોભાગી રે યાદવજી. ૫

## ૨ શ્રી નેમનાથ સ્વામીનું સ્તવન. (૨)

પરમાતમ પૂરણ કલા, પૂરણ ગુણ હો પૂરણ જન આશ; પૂરણ દષ્ટિ નીહાળીએ;
ચિત્ત ધરીએ હો અમચી અરદાસ. પરમા૦-૧
સર્વ દેશ ઘાતી સહુ, અઘાતી હો કરી ઘાતી દયાળ; વાસ કીયો શિવમંદિરે,
મોહે વિસરી હો ભમતો જગજાળ-પરમા૦ ૨
જગતારક પદવી લહી,તાર્યા સહિ હો અપરાધી અપાર; તાત! કહો મોહે તારતાં,
કિમ કીનીહો ઈણ અવસર વાર-પરમા૦ ૩
મોહ મહામદ છાકથી, હું છકીયો હો નહિ શુદ્ધિ લગાર; ઉચિત સહી ઇણે અવસરે,
સેવકની હો કરવી સંભાળ-પરમા૦ ૪
મોહ ગયે જો તારશો, તિણ વેલા હો કહાં તુમ

ઉપગાર ! સુખ વેળા સજ્જન ઘણા,
દુઃખ વેળા હો વિરલા સંસાર—પરમા૦ ૫
પણ તુમ દરિશન યોગથી, થયો હૃદયે હો અનુભવ
પ્રકાશ; અનુભવ અભ્યાસી કરે,
દુઃખદાયી હો સહુ કર્મ વિનાશ.—પરમા૦ ૬
કર્મ કલંક નિવારીને, નિજરૂપે હો રમે રમતારામ;
લહત અપૂરવ ભાવથી,
ઇણ રીતે હો તુમ પદ વિશ્રામ. પરમા૦ ૭
ત્રિકરણ યોગે વિનવું, સુખદાયી હો શિવાદેવીના
નંદ; **ચિદાનંદ** મનમેં સદા,
તુમે આપો હો પ્રભુ ! નાણદિણંદ—પરમા૦ ૮

## ૩ નેમનાથ સ્વામીનું સ્તવન. (૩)

મેં આજ દરિશન પાયા, શ્રી નેમનાથ જિન રાયા;
પ્રભુ શિવાદેવીના જાયા, પ્રભુ સમુદ્રવિજય કુળ આયા.
કર્મો કે ફંદ છોડાયા, બ્રહ્મચારી નામ ધરાયા,
જેણે તોડી જગતકી માયા, શ્રી નેમનાથ જિનરાયા૦ ૧
રૈવતગિરિ મંડણ રાયા, કલ્યાણિક તીન સોહાયા;
દીક્ષા કેવળ શિવરાયા, જગ તારક બીરૂદ ધરાયા;
તુમ બેઠે ધ્યાન લગાયા, મેં આજ દરિશન પાયા. શ્રી ને૦ ૨
અબ સુણો ત્રિભોવન રાયા, મેં કર્મો કે વશ આયા;
હું ચતુર્ગતિ ભટકાયા, મેં દુઃખ અનંતા પાયા;

તે ગીણતી નહી ગણાયા, મેં આજે દરિશન પાયા. શ્રી નેο ૩
મેં ગર્ભાવાસમે આયા, ઉંધે મસ્તક લટકાયા;
આહાર અરસ વિરસ ભુકતાયા, એમ અશુભ કર્મ ફલ પાયા;
ઇણ દુઃખસે નહી મુકાયા, મેં આજેο શ્રી નેમο ૪
નર ભવ ચિંતામણિ પાયા, તબ ચાર ચોર મીલ્ર આયા;
મુજે ચૌટે મે લુટ ખાયા, અબ સાર કરો જિન રાયા;
કીસ કારણ ડેર લગાયા, મેં આજે દરિશન પાયા. શ્રી નેο ૫
જેણે અંતરગત મિલાયા, પ્રભુ નેમ નિરંજન ધ્યાયા;
દુઃખ સંધના વિધન હટાયા, તે પરમાનંદ પદ પાયા;
ફિરે સંસારે નહી આયા, મેં આજે દરિશન પાયા. શ્રી નેο ૬
મેં દૂર દેશસેં આયા, પ્રભુ ચરણે શિશ નમાયા;
મેં અરજ કરી સુખ દાયા, તે અવધારો મહારાયા;
એમ વીર વિજય ગુણ ગાયા; મેં આજેο શ્રી નેમο ૭

## ૪ નેમનાથ ભગવાનનું સ્તવન. (૪)

સુણો સહિયર મારી, જુઓ અટારી, આવે છે નેમજી શ્યામ. શીવાદેવીનો નંદ છે વહાલો, સમુદ્ર વિજય છે તાત, કૃષ્ણ મોરારીના બંધુ વખાણું. જાદવ કુળ મોઝાર રે. સુણો સહિયરο ૧

અંગજ ફરકે જાણું એની, અપશુકન મને થાય; જરૂર વહાલો પાછો જ વળશે, નહિ ગ્રહે મમ હાથ રે; મને દુઃખ છે ભારી, કહું છું આ વારી સુણો સહિયરο૨

પરણું તો બેની એમને પરણું, અવર પુરુષ ભાઇ બાપ; હાથ ના ગ્રહે મારો કે તેમનો, મસ્તકે મુકાવું હાથ રે, હું તો થાવું વ્રતધારી, બાળ કુમારી. સુણો૦ ૩

સંયમ ધારી રાજુલ નારી, ચાલ્યા છે ગઢ ગીરનાર; મારગે જાતા, મેહુલો વરસ્યો, ભિંજાયા સતીનાં ચીરરે, ગયા ગુફા મોઝારી, મનમાં વિચારી. સુણો૦ ૪

ચીર સુકવે છે રાજુલ નારી, નગ્નપણે તેની વાર; રહનેમિ મુનિ કાઉસગ્ગે ઉભા, રૂપે મોહ્યા તેણી વાર; સુણો ભાભી અમારી, થાઓ ઘરબારી; સુણો સહિયર૦ ૫

વમેલો આહર કુકુ ના વંછે, સુણો દિયરજી આ વાર; મુજને વમેલી જાણો દિયરજી, શાને ખોવો છો વ્રતાચારરે; હું તો સંયમ સુખકારી, દૂષણ ટાળી; સુણો સહિયર૦ ૬

રહનેમિ મુનિ રાજુલ મુનિને ઉપન્યું છે કેવળજ્ઞાન; ચરમ શરીરે મોક્ષે સિધાવ્યા, સિધ્યા આતમ કાજ; વીરવિજય આવારી, અતિ સુખકારી; સુણો સહિયર૦ ૭

## ૫ ચિંતામણિ પાર્શ્વનાથનું સ્તવન

શ્રી ચિન્તામણિ પાર્શ્વજી, અરજ સુણો એક મોરીરે;
માહરા મનના મનોરથ પૂરજો, હું તો ભકિત ન છોડું તારીરે. શ્રી૦ ૧
માહરી ખિજમતમાં ખામી નહિ, તારે ખોટ ન કાંઈ ખજાનેરે;
હવે દેવાની શી ઢીલ છે, કહેવું તે કહીએ છાનેરે. શ્રી૦ ૨
તેં ઉરલ સવી પૃથિવી કરી, ધન વરસી વરસી દાને રે;

માહરી વેળા શું એહવા, દીઓ વાંછિતવાળો વાન રે. શ્રી૦૩
હું તો કેડ ન છોડું તાહરી, આપ્યા વિણ શિવ સુખ સામીરે;
મૂરખ તે ઓછે માનશે, ચિંતામણિ કરયલ પામીરે. શ્રી૦૪
મત કહેશો તુજ કર્મે નથી, કર્મે છે તો તું પામ્યો રે;
મુજ સરિખા કીધા મોટકા, કહો તેણે કાંઈ તુજ પામ્યોરે. શ્રી૦૫
કાલ સ્વભાવ ભવિતવ્યતા, તે સઘળા તારા દાસો રે;
મુખ્ય હેતુ તું મોક્ષનો, એ મુજને સબલ વિશ્વાસોરે, શ્રી૦૬
અમે ભક્તે મુક્તિને ખેંચશું, જેમ લોહને ચમક પાષાણેરે;
તુમે હેજે હસીને દેખશો, કહેશો સેવક છે સંપરાણોરે. શ્રી૦૭
ભક્તિ આરાધ્યા ફળ દીએ, ચિંતામણિ પણ પાષાણોરે;
વળી અધિકું કાંઇ કહાવશો, એ ભદ્રક ભક્તિ જાણોરે. શ્રી૦૮
બાળક તે જેમ તેમ બોલતો, કરે લાડ તાતની આગેરે;
તે તેહશું વાંછિત પુરવે, બની આવે સઘળું રાગેરે. શ્રી૦૯
માહરે બનનારૂં તો બન્યુંજ છે, હું તો લોકને વાત શીખાવુંરે;
વાચક યશ કહે સાહિબા, એ ગીતે એ ગુણ ગાવું રે. શ્રી૦૧૦

## ૬ શ્રી અભિનંદન જિન સ્તવન.

તુમે જોજો જોજો રે, વાણીનો પ્રકાશ;
તુમે જોજો જોજોરે, ઉઠે છે અખંડ ધ્વનિ જોજને સંભળાય;
નર તિરિ દેવ આપણી સહુ, ભાષાયે સમજાય. તુમે૦ ૧
તુમે દ્રવ્યાદિક દેખી કરીને, નય નિક્ષેપે જુત્ત:
ભંગ તણી રચના ઘણી કાંઈ, જાણે સહુ અદ્‌ભુત. તુમે૦૨

પય સુધા ને ઇક્ષુ વારિ, હારી જાયે સર્વ;
પાખંડી જન સાંભળીને, મૂકી દીયે ગર્વ. તુમે૦ ૩
ગુણ પાંત્રીશે અલંકરી કાંઇ, અભિનંદન જિનવાણ;
સંશય છેદે મન તણા પ્રભુ, કેવળ જ્ઞાને જાણ. તુમે૦ ૪
વાણી જે જન સાંભળે તે, જાણે દ્રવ્ય ને ભાવ;
નિશ્ચય ને વ્યવહાર જાણે, જાણે નિજ પર ભાવ. તુમે૦ ૫
સાધ્ય સાધન ભેદ જાણે, જ્ઞાન ને આચાર;
હેય જ્ઞેય ઉપાદેય જાણે, તત્વાતત્વ વિચાર. તુમે૦ ૬
નરક સ્વર્ગ અપવર્ગ જાણે, થિર વ્યય ને ઉત્પાદ;
રાગ દ્વેષ અનુબંધ જાણે, ઉત્સર્ગ ને અપવાદ. તુમે૦ ૭
નિજ સ્વરૂપને ઓળખીને, અવલંબે સ્વરૂપ;
ચિદાનંદ ઘન આતમા તે, થાયે નિજ ગુણ ભૂપ. તુમે૦ ૮
વાણીથી જિન ઉત્તમ કેરા, અવલંબે પદ પદ્મ;
નિયમા તે પરભાવ તજીને, પામે શિવપુર સદ્મ. તુમે૦ ૯

## ૭ શ્રી વીરજિન સ્તવન.

હે વીર વ્હેલા આવો રે, ગૌતમ કહી બોલાવો રે,
દરિશન વ્હેલા દીજીએ હોજી;
પ્રભુ તું નિઃસ્નેહી, હું સસ્નેહી અજાણ. હે વીર૦ ૧
ગૌતમ ભણે જો નાથ તેં, વિશ્વાસ આપી છેતર્યો;
પરગામ મુજને મોકલી, તું મુક્તિ રમણીને વર્યો;
હે પ્રભુજી તારા ગુપ્ત ભેદોથી અજાણ. હે વીર૦ ૨

શિવ નગર થયું શું સાંકડું, કે હતી નહિ મુજ યોગ્યતા;
જો કહ્યું હોત મુજને, તો કોણ કોઇને રોકતા.
હે પ્રભુજી હું શું માગત ભાગ, સુજાણ. હે વીર૦ ૩

મમ પ્રશ્નના ઉત્તર દઈ ગૌતમ કહી કોણ બોલાવશે;
કોણ સાર કરશે સંઘની, શંકા બિચારી કયાં જશે;
હે પુન્ય કથા કહી પાવન કરો મુજ કાન. હે વીર૦ ૪

જિન ભાણ અસ્ત થયાં, તિમિર મિથ્યાત્વ સઘલે જાગશે;
કુમતિ કુશલ્ય જાગશે વલી, ચોર યુગલ વધી જશે;
હે ત્રિગડે બેસી દેશના, દીયે જિનભાણ. હે વીર૦ ૫

મુનિ ચૌદ સહસ છે તાહરે, માહરે તું એક છે;
રડવડતો મને મૂકી ગયા, પ્રભુ કયાં તમારી ટેક છે;
હે પ્રભુજી સ્વપ્નાંતરમાં પણ અંતર ન ધર્યો સુજાણ. હે વીર૦ ૬

પણ હું આજ્ઞાવાટ ચાલ્યો, ન મલે કોઇ અવસરે;
હું રાગવશે રખડું નિરાગી, વીર શિવપુર સંચરે;
હે વીર વીર કહું, વીર ન ધરે કાંઇ કાન. હે વીર૦ ૭

કોણ વીર ને કોણ ગૌતમ, નહિ કોઇ કોઈનું કહિએ;
એ રાગ ગ્રંથી છુટતાં, વળી જ્ઞાન ગૌતમને થતાં;
હે સુરતરૂ મણી સમ ગૌતમ નામે નિધાન. હે વીર૦ ૮

કાર્તિક માસે અમાસ રાત્રે, અષ્ટ દ્રવ્ય દીપક મળે;
ભાવ દીપક જ્યોત પગટે, લોકો દેવ દીવાળી કરે;
તે વીરવિજયના, નરનારી ધરે ધ્યાન. હે વીર૦ ૯

## ૮ શ્રી જિન સ્તવન.

જિનરાજ ભજન કર પ્રાણી, તેરી ક્ષણ ભંગુર જીંદગાની;
જિનરાજ૦ ૧

ચંચલ કાયા, ચંચલ માયા, ગાફીલ ફોગટ જન્મ ગુમાયા;
જબ આયગા કાલકા નોતરે, તબ સબ તજના માની;
નિજ કર્મોને અનુસારે, એકલા જીવ પરભવ ચાલે. જિન૦ ૨

રહેતી ઘરમેં માલ મિલકત, ચોટા તક ઘરનારી;
સ્વજન લોક સ્મશાન લગે, તબ દેહ ચેહ આધારી. જિન૦ ૩

શોચ મુસાફીર કો તુજ સંગી, દુનીયા ફાની સ્વાર્થ સુરંગી;
આયુ ઘટતી હે સમયસમય પર, ચેત હે ચેતન માની. જિન૦ ૪

જિનવર જગમેં શિવસુખ દાયા, સુર તરૂ સીહે જીનકી છાયા;
નેમિ લાવણ્ય દક્ષ કહત હે, ભજ ભવ જલધિ સુકાની.
જિનરાજ૦ ૫

## ૯ શ્રી વાસુપૂજ્ય સ્વામીનું સ્તવન.

શ્રી વસુપૂજ્ય નરિંદનોજી, નંદન ગુણ મણિ ધામ;
વાસુપૂજ્ય જિન રાજીયોજી, અતિશય રત્ન નિધાન.
પ્રભુ ચિત્ત ધરીને, અવધારો મુજ વાત. ૧

દોષ સયલ મુજ સાંસહોજી, સ્વામી કરી સુપસાય;
તુમ ચરણે હું આવીયોજી, મહેર કરો મહારાય. પ્ર૦ ૨

કુમતિ કુસંગતિ સંગ્રહીજી, અવિધિ ને અસદાચાર;
તે મુજને આવી મલ્યાજી, અનંત અનંતી વાર. પ્ર૦ ૩

જબ મેં તુમને નિરખીયાજી, તવ તે નાઠા દૂર;

પુણ્યે પ્રગટે શુભ દશાજી, આયો તુમ હજુર. પ્ર૦ ૪
જ્ઞાન વિમલ પ્રભુ જાણીનેજી, શું કહેવું બહુ વાર;
દાસ આશ પૂરણ કરોજી, આપો સમકિત સાર. પ્ર૦ ૫

## ૧૦ શ્રી સીમંધર જિન સ્તવન.

શ્રીસીમંધર સાહિબા,
સુણો સંપ્રતિ હો ભરતક્ષેત્રની વાત કે, અરિહા કેવલી કો નહિ;
કેને કહીયે હો મનના અવદાત કે. શ્રી૦ ૧
ઝાઝું કહેતાં જુગતું નહિ, તુમ સોહે હો જગ કેવલનાણ કે,
ભૂખ્યાં ભોજન માગતાં, આપે ઉલટ હો અવસરના જાણ કે. શ્રી૦ ૨
કહેશ્યો તુમે જુગતા નહિ, જુગતાને હો વલી તારે સાંઇ કે,
યોગ્ય જનનું કહેતું કિશ્યું, ભાવહીનને
હો તારો ગ્રહી બાંહી કે. શ્રી૦ ૩
થોડું હી અવસરે આપીએ, ઘણાની હો પ્રભુ છે પછે વાત કે,
પગલે પગલે પાર પામીયે, પછી લહીયે હો સઘળા અવદાત કે; શ્રી૦ ૪
મોડું વહેલું તમે આપશો, બીજાનો હો હું ન કરૂં સંગ કે;
શ્રી વીર વિમલ ગુરૂ શિષ્યનો,
રાખી જે હો પ્રભુ અવિચલ રંગ કે. શ્રી૦ ૫

## ૧૧ શ્રી પીસ્તાલીસ આગમનું સ્તવન.

ભવિ તુમે વંદો રે, સૂરીશ્વર ગચ્છરાયા—એ દેશી.
ભવિ તુમે વંદો રે, એ આગમ સુખકારી,
પાપ નિકંદો રે, પ્રભુવાણી હિત ધારી;
શાસન નાયક વીર જિણેસર, આસન જે ઉપગારી;

પ્રભુમુખ ત્રિપદી પામી ગણધર, ગૌતમની બલિહારી; ભ૦ ૧
પ્રથમ અંગ શ્રી આચારાંગે, મુનિ આચાર વખાણ્યો;
સહસ અઢાર તે પદની સંખ્યા, ઠાણબમણા સહુ જાણો. ભ૦ ૨
સુયગડાંગ ઠાણાંગ ને સમવાયાંગ, પંચમો ભગવતિ અંગ;
લાખ બિહુ ને સહસ અઠયાસી, પદ રૂડાં અતિ ચંગ. ભ૦ ૩
જ્ઞાતા ધર્મ કથા અંગ છઠું, કથા અઠ કોડ તે જાણો;
પંચમ આરે દુઃષમકાલે, કથા ઓગણીસ વખાણો. ભ૦ ૪
ઉપાસક તે સાતમો જાણો, દશ શ્રાવક અધિકાર;
તે સાંભલતાં કુમતિ બુઝયા, જિન પડિમા જયકાર. ભ૦ ૫
અંતગડ દશાંગ ને અનુત્તર ઉવાઈ, પ્રશ્ન વ્યાકરણ વખાણો;
શુભ અશુભ ફલ કર્મ વિપાકએ, અંગ અગ્યાર પ્રમાણો. ભ૦ ૬
ઉવાઈ ઉપાંગ ને રાયપસેણી, જીવાભિગમ મન આણો;
પન્નવણા ને જંબુપન્નત્તિ, ચંદપન્નત્તિ એમ જાણો. ભ૦ ૭
સૂર્યપન્નત્તિ નિરયાવલી તિમ, કપ્પિયા કપ્પવૃત્તિક;
બાર ઉપાંગ એણી પરે બોલ્યા, પુપ્ફિયા પુપ્ફવર્તિક. ભ૦ ૮
ચઉસરણ પયન્નો પહેલો, આઉર પચ્ચખ્ખાણ તે બીજો;
મહાપચ્ચખ્ખાણ ને ભત્તપરિજ્ઞા, તંડુલવિયાલિ મન રીઝો. ભ૦ ૯
ચંદાવિજય ને ગણિવિજ્જા તિમ, મરણ સમાધિ વખાણો;
સંથારાપયન્નો નવમો, ગચ્છાચાર દસ જાણો. ભ૦ ૧૦
દશ વૈકાલિક મૂલ સૂત્ર એ, આવશ્યક ઓઘનિર્યુક્તિ;
ઉતરાધ્યયન તે ચોથો જાણો, શ્રી વીરપ્રભુની ઉક્તિ. ભ૦ ૧૧

નિશીથ છેદ તે પહેલો જાણો, બ્રહતકલ્પ વ્યવહાર;
પંચકલ્પ ને જીતકલ્પ તિમ, મહાનિશીથ મનોહાર. ભ૦૧૨
નંદી અનુયોગ આગમ પીસ્તાલીસ, સંપ્રતિ કાલે જાણો;
જિનઉત્તમ પદ રૂપ નિહાલી, શિવલક્ષ્મી ઘર આણો.
ભવિ તુમે વંદોરે એ આગમ સુખકારી. ૧૩

## ૧૨ એકાદશીનું સ્તવન.

(ચોપાઈની દેશી)

સમવસરણ બેઠા ભગવંત, ધર્મ પ્રકાશે શ્રી અરિહંત;
બારે પર્ષદા બેઠી રૂડી, માગશર સુદી અગીયારસ વડી. ૧
મલ્લિનાથનાં કલ્યાણક તીન, જન્મ દીક્ષા ને કેવળજ્ઞાન;
અર દીક્ષા લીધી રૂડી, માગશર સુદી અગીયારસ વડી. ૨
નમિને ઉપન્યું કેવલજ્ઞાન, પાંચ કલ્યાણક અતિ પ્રધાન;
એ તિથિની મહિમા વડી. મા૦ ૩
પાંચ ભરત ઐરવત ઇમહીજ, પાંચ કલ્યાણક હુવે તિમહીજ
પચાસની સંખ્યા પરગડી. મા૦ ૪
અતીત અનાગત ગણતાં એમ, દોઢસો કલ્યાણક થાય તેમ;
કુણ તિથિ છે એ તિથિ જેવડી. મા૦ ૫
અનંત ચોવિશી ઈણ પરે ગણો, લાભ અનંત ઉપવાસ તણો;
એ તિથિ સહુ શીર એ ખડી. મા૦ ૬
મૌનપણે રહ્યા શ્રી મલ્લિનાથ, એક દિવસ સંયમ વ્રત સાથ;
મૌન તણી પરે વ્રત ઇમ વડી. મા૦ ૭

આઠ પોહોરી પોસો લીજીયે, ચૌવિહાર વિધિશું કીજીયે;
પણ પ્રમાદ ન કીજે ઘડી. મા૦ ૮
વર્ષ ઈગ્યાર કીજે ઉપવાસ, જાવજીવ પણ અધિક ઉલ્લાસ;
એ તિથિ મોક્ષ તણી પાવડી. મા૦ ૯
ઉજમણું કીજે શ્રીકાર, જ્ઞાનનાં ઉપગરણ ઇગ્યારઈગ્યાર;
કરો કાઉસગ્ગ ગુરૂ પાયે પડી. મા૦ ૧૦
દેહેરે સ્નાત્ર કીજે વલી, પોથી પૂજે જે મન રળી;
મુકિત પુરી કીજે ઢુંકડી. મા૦ ૧૧
મૌન અગીયારસ મોટું પર્વ, આરાધ્યાં સુખ લહીએ સર્વ;
વ્રત પચ્ચખ્ખાણ કરો આખડી. મા૦ ૧૨
જેસલ સોલ ઇકયાસી સમે, કીધું સ્તવન સહુ મનગમે;
સમય સુંદર કહે દાહડી. મા૦ ૧૩

## ૧૩ શ્રી વીશ સ્થાનકનું સ્તવન.

હાંરે મારે પ્રણમું સરસ્વતી માગું વચન વિલાસજો;
વીશરે તપ સ્થાનક મહિમા ગાઈશું રે લોલ;
હાંરે મારે પ્રથમ અરિહંત પદ લોગસ્સ ચોવીસ જો,
બીજે રે સિદ્ધ સ્થાનક પન્નર ભાવશું રે લોલ. ૧
હાં૦ ત્રીજે પવયણશું ગણો લોગસ્સ સાત જો,
ચોથેરે આયરિયાણું છત્રીસનો સહી રે લોલ;
હાં૦ થેરાણં પદ પાંચમે દસ લોગસ્સ ઉદાર જો;
છઠ્ઠેરે ઉવજ્ઝાયાણં પચવીસનો સહી રે લોલ. ૨

હાં૦ સાતમે નમો લોએ સવ્વ સાહૂણં સત્તાવીસ જો;
આઠમે નમો નાણસ્સ પંચે ભાવશું રે લોલ;
હાં૦ નવમે દરિસણ સડસઠ મનને ઉદાર જો,
દશમે નમો વિણયસ્સ દસ વખાણીએરે લોલ. ૩
હાં૦ અગિઆરમે નમો ચારિત્તસ્સ લોગસ્સ સત્તર જો;
બારમે નમો બંભસ્સ નવ ગણો સહી રે લોલ;
હાં૦કિરિયાણં પદ તેરમે વલી ગણો પચવીસ જો;
ચૌદમે નમો તવસ્સ બાર ગણો સહી રે લોલ. ૪
હાં૦ પંદરમે નમો ગોયમસ્સ અઠ્ઠાવીસ જો,
નમો જિણાણં ચઉવીસ ગણશું સોલમેરે લોલ.
હાં૦ સત્તરમે નમો ચારિત્તસ્સ લોગસ્સ સિત્તેર જો,
નાણસ્સનો પદ ગણશું એકાવન અઢારમેરે લોલ. ૫
હાં૦ ઓગણીસમે નમો સુઅસ્સ વીશ પીસ્તાલીસ જો,
વીશમે નમો તિત્થસ્સ વીસ વીસ ભાવશું રે લોલ.
હાં૦ એ તપનો મહિમા ચારસેં ઉપર વીસ જો,
ષટમાસે એક ઓલી પૂરી કીજીએરે લોલ. ૬
હાં૦ એ તપ કરતાં વળી ગણીએ દોય હજાર જો,
નવકારવાલી વીસે સ્થાનક ભાવસું રે લોલ.
હાં૦ પ્રભાવના સંઘ સ્વામી વચ્છલ સાર જો,
ઉજમણાં વિધિ કીજીએ વિનય લીજીયેરે લોલ. ૭
હાં૦ તપનો મહિમા કહ્યો શ્રી વીર જિનરાય જો,

વિસ્તારે ઇમ સંબંધ ગોયમ સ્વામીને રે લોલ,
હાં૦ એ તપ કરતાં વલી તીર્થંકર પદ હોય જો,
દેવ ગુરૂ ઈમ કાંતિ સ્તવન સોહામણો રે લોલ.

## ૧૪ શ્રી મહાવીર સ્વામીનું હાલરીઉં.

માતા ત્રિશલા ઝુલાવે પુત્ર પારણે,
ગાવે હાલો હાલો હાલરવાનાં ગીત;
સોના રૂપાને ને વલી રત્ને જડીયું પારણું,
રેશમ દોરી ઘુઘરી વાગે છુમ છુમ રીત.
હાલો હાલો હાલો હાલો મારા નંદને.
જિનજી પાસ પ્રભુથી વરસ અઢીસેં અંતરે,
હોશે ચોવીશમો તીર્થંકર જિત પરમાણ;
કેશી સ્વામી મુખથી એવી વાણી સાંભલી,
સાચી સાચી હુઈ તે મારે અમૃત વાણ. હા૦
ચૌદે સ્વપ્ને હોવે ચક્રી કે જિનરાજ,
વીત્યા બારે ચક્રી નહિ હવે ચક્રી રાજ;
જિનજી પાસ પ્રભુના શ્રીકેશી ગણધાર,
તેહને વચને જાણ્યા ચોવીશમા જિનરાજ;
મારી કૂખે આવ્યા તારણ તરણ ઝહાજ,
મારી કૂખે આવ્યા ત્રણ ભુવન શિરતાજ;
મારી કૂખે આવ્યા સંઘ તીરથની લાજ,
હું તો પુણ્ય પનોતી ઈંદ્રાણી થઇ આજ. હા૦

મુજને દોહોલો ઉપન્યો જે બેસું ગજ અંબાડીએ,
સિંહાસન પર બેસું ચામર છત્ર ધરાય;
એ સહુ લક્ષણ મુજને નંદન તારા તેજનાં,
તે દિન સંભારૂં ને આનંદ અંગ ન માય. હા૦ ૪

કરતલ પગતલ લક્ષણ એક હજાર ને આઠ છે,
તેહથી નિશ્ચય જાણ્યા જિનનર શ્રી જગદીશ;
નંદન જમણી જંઘે લંછન સિંહ બિરાજતો,
મેં પહેલે સ્વપ્ને દીઠો વિશવાવીશ. હા૦ ૫

નંદન નવલા બંધવ નંદિવર્દ્ધનના તમે,
નંદન ભોજાઈઓના દેવર છો સુકુમાલ;
હસશે ભોજાઈઓ કહી દીયર મારા લાડકા,
હસશે રમશે ને વલી ચુંટી ખણશે ગાલ;
હસશે રમશે ને વલી ઠુંસા દેશે ગાલ. હા૦ ૬

નંદન નવલા ચેડા રાજાના ભાણેજ છો,
નંદન નવલા પાંચસેં મામીના ભાણેજ છો;
નંદન મામલીયાના ભાણેજા સુકુમાલ;
હસશે હાથે ઉછાલી કહીને નાહાના ભાણેજા,
આંખો આંજી ને વલી ટબકું કરશે ગાલ. હા૦ ૭

નંદન મામા મામી લાવશે ટોપી આંગલાં,
રતને જડીયાં ઝાલર મોતી કસબી કોર;
નીલાં પીલાં ને વળી રાતાં સરવે જાતિનાં,

પહેરાવશે મામી મારા નંદ કિશોર. હા૦ ૮
નંદન મામા મામી સુખડલી સહુ લાવશે,
નંદન ગજવે ભરશે લાડુ મોતીચૂર;
નંદન મુખડાં જોઇને લેશે મામી ભામણા,
નંદન મામી કહેશે જીવો સુખ ભરપૂર. હા૦ ૯
નંદન નવલા ચેડા મામાની સાતે સતી,
મારી ભત્રીજી ને બેન તમારી નંદ;
તે પણ ગુંજે ભરવા લાખણસાઇ લાવશે,
તુમને જોઈ જોઇ હોશે અધિકો પરમાનંદ. હા૦ ૧૦
રમવા કાજે લાવશે લાખ ટકાનો ઘુઘરો,
વલી સુડા મેનાં પોપટ ને ગજરાજ;
સારસ હંસ કોયલ તીત્તર ને વલી મોર જી,
મામી લાવશે રમવા નંદ તમારે કાજ. હા૦ ૧૧
છપ્પન કુમરી અમરી જલ કલશે નવરાવીયા,
નંદન તમને અમને કેલીઘરની માંહે;
ફૂલની વૃષ્ટિ કીધી યોજન એકને મંડલે,
બહુ ચિરંજીવો આશીષ દીધી તુમને ત્યાંહે. હા૦ ૧૨
તમને મેરૂ ગિરિ પર સુરપતિએ નવરાવીયા,
નિરખી નિરખી હરખી સુકૃત લાભ કમાય;
મુખડા ઉપર વારૂ કોટી કોટી ચંદ્રમા,
વલી તન પર વારૂ ગ્રહ ગણનો સમુદાય. હા૦ ૧૩

નંદન નવલા ભણવા નિશાળે પણ મુકશું,
ગજ પર અંબાડી બેસાડી મ્હોટે સાજ;
પસલી ભરશું શ્રીફલ ફોફલ નાગરવેલશું,
સુખડલી લેશું નિશાલીઆને કાજ. હા૦ ૧૪
નંદન નવલા મોહોટા થાશો ને પરણાવશું,
વહુ વર સરખી જોડી લાવશું રાજકુમાર;
સરખા સરખી વેવાઇ વેવાણો પધરાવશું,
વર વહુ પોંખી લેશું જોઇ જોઈને દેદાર. હા૦ ૧૫
પીઅર સાસર મારા બેહુ પક્ષ નંદન ઉજલા,
માહારી કૂખે આવ્યા તાત પનોતા નંદ;
માહારે આંગણ વુઠ્યા અમૃત દૂધે મેહુલા,
માહારે આંગણ ફૂલીયા સુરતરૂ સુખના કંદ. હા૦ ૧૬
ઈણી પરે ગાયું માતા ત્રિશલા સુતનું પારણું,
જે કોઈ ગાશે લેશે પુત્ર તણા સામ્રાજ;
બીલીમોરા નગરે વરણવ્યું વીરનું હાલરું,
જયજય મંગલ હોજો દીપવિજય કવિરાજ. હા૦ ૧૭

## ૧૬ શ્રી અષ્ટાપદજીનું સ્તવન.

( નીંદરડી વેરણ હુઈ રહી—એ દેશી. )

શ્રી અષ્ટાપદ ઉપરે, જાણી અવસર હો આવ્યા આદિનાથકે;
ભાવે ચોસઠ ઈંદ્રશું, સમવસરણ હો મલ્યા મોટા સાથકે. શ્રી૦ ૧
વિનીતાપુરીથી આવિયો, બહુ સાથે હો વલી ભરત ભૂપાલ કે;

વાંદી હીયડા હેજસું, તાત મુરતીહો નિકે નયણે નિહાલકે. શ્રી૦ ૨
લઇ લાખીણા ભામણા, કહે વયણા હો મોરા નયણા ધન્નકે;
વિણ સાંકલ વિણ દોરડે, બાંધી લીધું હો વહાલા તેં મન્નકે. શ્રી૦૩
લઘુ ભાઇએ લાડકા, તે તો તાતજી હો રાખ્યા હીયડા હજુરકે;
દેશના સુણી વાંદી વદે, ધન્ય જીવડા હો જે તર્યા ભવપુરકે. શ્રી૦૪
પૂછે પ્રેમે પુરીયો, આ ભરતે હો આગલ જગદીશકે;
તીર્થંકર કેતા હોશે, ભણે ઋષભજી હો અમ પછી ત્રેવીસકે. શ્રી૦ ૫
માધની શામળી તેરસે, પ્રભુ પામ્યા હો પદ પરમાનંદકે શ્રી૦
જાણી ભરતેશ્વર ભણે, સસનેહા હો નાભિરાયાના નંદકે. શ્રી૦૬
મનમોહન દિન એટલા, મુજ સાથે હો રૂસણા નવિ લીધકે;
હેજ હિયાનો પર હરી. આજ ઉંડી હો અબોલડા લીધકે. શ્રી૦ ૭
વિણ વાંક કાંઈ વિસારિયા, તેં તોડયા હો પ્રભુ પ્રેમના ત્રાગકે;
ઈંદ્રે ભરતને બુઝવ્યા, દોસ મ દીયો હો એ જિન વીતરાગકે. શ્રી૦ ૮
શોક મૂકી ભરતેસરૂ, વાર્ધિકને હો વલી દીધ આદેશકે;
થૂભ કરો જિન થાનકે, સંસ્કાર્યા હો તાતજી રિસહેશકે. શ્રી૦ ૯
વલી બંધવ બીજા સાધુના, તીહાં કીધા હો ત્રણ થૂભ અનુપકે;
ઉંચો સ્ફટિકનો ટુકડો, દેખી ડુંગર હો હરખ્યા ભલે ભૂપકે. શ્રી૦૧૦
રતન કનક થુભ ઢુંકડો, કરો કંચન હો પ્રાસાદ ઉત્તુંગકે;
ચોવારો ચુંપે કરી. એક જોયણ હો માનરંગકે. શ્રી૦ ૧૧
સિંહ નિષિધા નામનો, ચોરાસી હો મંડપ પ્રાસાદકે;
ત્રણ કોશ ઉંચો કનકનો, ધ્વજ કલશે હો કરે મેરૂસુ વાદકે. શ્રી૦ ૧૨
વાન પ્રમાણે લંછને, જિન સરખી હો તીહાં પ્રતિમા કીધકે;

હોય ચાર આઠ દસ ભણી,
ઋષભાદિક હો પૂજે પરસિદ્ધકે. શ્રી૦ ૧૩
કંચન મણી કમલે ઠવિ પ્રતિમાની હો આણી નાસિકા, જોડકે; દેવ વંદે રંગ મંડપે, નીલા તોરણ હો કરી કોરણી કોડકે. શ્રી૦ ૧૪
બંધવ બેન માતા તણી, મોટી મૂરતી હો મણી રતને ભરાય કે; મરૂદેવા મયગલ ચઢી, સેવા કરતી હો નિજ મુરતિની પાય કે. શ્રી૦ ૧૫
પાડિહારજ છત્ર ચામરા, જક્ષાદિક હો કીધાં અનિમેષકે; ગોમુખ ચતુર ચકેસરી,
ગઢ વાડી હો કુંડ વાવ્ય વિશેષ કે. શ્રી૦ ૧૬
પ્રતિષ્ટા પ્રતિમા તણી, કરાવે હો રાજા મુનિવર હાથકે પૂજા સ્નાત્ર પ્રભાવના,
સંગ ભકિત હો ખરચી ખરી આથકે. શ્રી૦ ૧૭
પડતે આરે પાપીયા, મત પાડો હો કોઇ વીરૂઇ વાટકે; એક એક જોયણ આંતરે,
ઇમ ચિંતવી હો કરે પાવડિયાં આઠ કે. શ્રી૦ ૧૮
દેવ પ્રભાવે એ દેહરાં રહેશે અવિચલ હો છઠ્ઠા આરાની સીમકે; વાંદે આપ લબ્ધિ બલે,
નર તેણે ભવહો ભવસાગર ખીમકે. શ્રી૦ ૧૯
કૈલાસગિરિના રાજીઆ, દીઓ દરિસણ હો કાંઈમ કરો ઢીલકે, અરથી હોયે ઉતાવલા;

મત રાખો હો અમશું અડખીલંક. શ્રી૦ ૨૦

માન માન્યાને મેલને, આવા સ્થાને હો કોઈ ન મલે મિત્રંક;

અંતરજામી મીલ્યા પછી,

કિમ ચાલે હો રંગ લાગ્યો મજીઠંક. શ્રી૦ ૨૧

ઋષભજી સિદ્ધિ વધૂ વર્યા, ચાંદલિયા હો તે દેઉલ દેખાડંક;

ભલે ભાવે વાંદી કરી,

માગું મુકિતના હો મુજ બાર ઉઘાડંક. શ્રી૦ ૨૨

અષ્ટાપદની જાતરા, ફલ પામે હો ભાવે ભણે ભાસંક;

શ્રી ભાવવિજય ઉવઝાયનો,

ભાણ ભાખે હો ફલે સઘળી આશંક. શ્રી૦ ૨૩

## ૧૬ નાશકમાં શ્રી ધર્મનાથજીનું સ્તવન.

ધર્મ જિનેશ્વર તુજ મુજ આંતરૂં, કિમ ભાંજે ભગવંત;

ભવ મંડપમાંરે નાટક નાચતાં, હવે મુજ મલિયોરે સંત.

ધર્મ જિનેશ્વર તુજ મુજ આંતરૂં—એ આંકણી. ૧

મોહ નૃપતિનારે જોર થકી ભમ્યો, ભમિયો કાલ અનંત;

શબ્દ રૂપ રસ ગંધ ને સ્પર્શથી, વિષયે રહ્યો ભ્રમંત. ધર્મ૦ ૨

કામ કટકનીરે સહી બહુ વેદના, કહેતાં નાવેરે પાર;

રાગ દ્વેષ પરિણતિ અતિ આકરી, તેણે કર્યો દુઃખ અપાર. ધર્મ૦ ૩

જે દુઃખ સહ્યાંરે નરક નિગોદનાં, તે જાણે અરિહંત;

તિર્યંચ ગતિમાંરે જે પરવશપણે, સહ્યાં દુઃખ અનંત. ધર્મ૦ ૪

દેવગતિમાંરે વિષયની લાલચે, સેવ્યા પરવશ કામ;

મનુષ્ય ગતિમાંરે ધર્મ કર્યો નહી, દુઃખ લહ્યું ઠામો ઠામ. ધર્મ૦ ૫
હવે તુજ દર્શન સ્પર્શન યોગથી, જીમ હોય કનક પાષણ;
તિમ મુજ આતમ સ્વામી યોગથી, પામશે પદ નિરવાણ. ધર્મ૦ ૬
નાશક નગરેરે દક્ષિણ દેશમાં, દેખ્યો તુજ દેદાર;
કમલ વિજય કહે તુજ દર્શનથકી, પામ્યો ભવનોરે પાર. ધર્મ૦ ૭

## ૧૭ ભરૂચમાં રૂષભદેવજીનું સ્તવન.

( દેશી લલનાની. )

આદિ જિન અવધારીયે લલના, લાલ હો મહેર
કરી મહેરબાન, એ પ્રભુ સેવોરે લલના; ભૃગુપુર નગરે
શોભતા લલના, લાલ હો કરીયે એક ચિત્ત ધ્યાન.
એ પ્રભુ સેવોરે લલના. ૧

નાભીરાય કુલ ચાંદલો લલના, લાલ હો મરૂદેવી
માત મલ્હાર; એ પ્રભુ સેવોરે લલના; ભરત ભૂપે કર્યો
કે વળી લલના. લાલ હો આરિસા ભુવન મોઝાર,
એ પ્રભુ સેવોરે લલના. ૨

બાહુબલિને મોકલ્યું લલના, લાલ હો સનમુખ
કેવલ નાણ, એ પ્રભુ સેવોરે લલના; જુદ્ધ કરતાં વારિયા
લલના, લાલ હો પુત્ર અઠાણું સુજાણ,
એ પ્રભુ સેવોરે લલના. ૩

બ્રાહ્મી સુંદરી ઉદ્ધરી લલના, લાલ હો પુંડરિક
કારજ કીધ;:એ પ્રભુ સેવોરે લલના; એકસો આઠ પરિ-

વારશું લલના, લાલ હો અષ્ટાપદ ગિરિ સિદ્ધ,
એ પ્રભુ સેવોરે લલના. ૪

એમ અનેક તેં તારિયા લલના, લાલ હો પોતાનો પરિવાર, એ પ્રભુ સેવોરે લલના; સાર કરો હવે માહરી લલના, લાલ હો જાણી પર ઉપગાર,
એ પ્રભુ સેવોરે લલના. ૫

ઉપગારી અરિહંતજી લલના, લાલ હો રાગ રહિત ભગવાન, એ પ્રભુ સેવોરે લલના, મારા તારા મત કરો લલના, લાલ હો કરિયે આપ સમાન,
એ પ્રભુ સેવોરે લલના. ૬

બાળક બુદ્ધિથી વિનવું લલના, લાલ હો ખમજો મુજ અપરાધ, એ પ્રભુ સેવોરે લલના; મુક્તિ વિજય પદ પામવા લલના, લાલ હો કમલને કરો નિરાબાધ;
એ પ્રભુ સેવોરે લલના. ૭

## ૧૮ શ્રી શાંતિનાથ સ્તવન.

(હાંરે મારે ઠામ ધર્મના સાડી પચવીસ દેશ જો–એ દેશી)

હાંરે મારે શાંતિ જિણંદશું લાગ્યો અવિહડ રંગ જો,
ભંગ ન પાડશો ભક્તિમાં કોઇ જાતનો રે લોલ;
હાંરે મારે નામ જપંતા ઉછળે હરખ તરંગજો,
રંગ વધ્યો ઘણો સુખકારી ભલી ભાતનો રે લોલ. ૧
હાંરે મારે સ્થાપના દેખી અનુભવ પ્રભુનો થાય જો,

સમવસરણની રચના સઘળી સાંભરે રે લોલ;
હાંરે મારે ભાવ અવસ્થા ભાવતાં પાતિક જાય જો,
પ્રતિહાર્યની શોભા કહું હવે ભલી પરે રે લોલ. ૨

હાંરે માંરે વૃક્ષ અશોક સુર પુષ્પ વૃષ્ટિ ઘણી હોય જો;
દીવ્ય ધ્વનિ સુર ચામર વિંઝાયે ઘણાં રે લોલ;
હાંરે મારે આસન ને ભામંડલ પૂંઠે જાય જો,
દુંદુભી દેવને છત્રતણી કાંઇ નહી મણા રે લોલ. ૩

હાંરે મારે જઘન્ય થકી પણ ક્રોડ દેવ કરે સેવ જો,
કનક કમલ નવ ઉપરે પ્રભુ પગલાં ઠવે રે લોલ;
હાંરે મારે ભક્તિ ભાવથી પામે શાશ્વત મેવ જો,
ભાવ અવસ્થા વરણવી કહું હવે રે લોલ. ૪

હાંરે મારે માતા અચિરા વિશ્વસેન મહારાય જો,
હસ્તીનાપુર નગર નિવાસી જાણીએ રે લોલ;
હાંરે મારે મૃગલંછન પ્રભુ લાખ વર્ષનું આય જો,
ચાલીસ ધનુષનું દેહમાન વખાણીએ રે લોલ. ૫

હાંરે માંરે સમચઉરંસ સંસ્થાને શોભિત કાય જો,
ચોત્રીશ અતિશય પાંત્રીશ વળી ગુણે ભર્યા રે લોલ;
હાંરે મારે દોષ અઢાર રહિત શિવપુરના સાથ જો,
આશ્રય કરતાં ભવિજન ભવસાયર તરે રે લોલ.

હાંરે મારે સૂત્ર ઠાણાંગે કહ્યા નિક્ષેપા ચાર
મૂઢમતિ નવિ માને શું કરવું તિસે રે લોલ

હાંરે મારે વિજયમુક્તિ ગુરૂ ચરણ કમલ આધાર જો,
સૂત્ર ભગવતીની નવ દંડકમાં તે જશે રે લોહ. ૭

## ૧૯ શ્રી મહાવીર સ્વામીનું સ્તવન.

દરિસણ આવ્યારે હો દરિસણ આવ્યારે હો દેવાનંદા બ્રાહ્મણીજી; સાથે લીધો પોતાનો કંથ, એક રથ બેસીરે હો દંપતિ દોય સંચર્યાજી, વંદણ આવ્યા તિહાં શ્રી ભગવંત; દરિસણ આવ્યારે હો દેવાનંદા બ્રાહ્મણીજી. ૧

ઘરેણાં તે પહેર્યારે અતિહ જડાવનાંજી, શોભે શોભે અપસરા મનોહાર; રૂમ ઝુમ કરતીરે હો હિંડે પ્રેમશું જીરે, અઢાર દેશના દાસી છે સાથ. દરિસણ૦ ૨

અતિશય દેખીરે હો હેઠાં ઉતર્યાજી, પાળા થઇને આવ્યા પ્રભુજીની પાસ; પંચ અભિગમ હો દંપતિ દોય સંચર્યાજી; સેવા તે કીધી મનને ઉલ્લાસ. દરિ૦ ૩

ઉભાં તે થઇનેરે હો જુવે સુંદરીજી, નયન કમલ કિહાં નવિ જાય; તન મન ઉલ્લાસ્યાંરે હો દેવાનંદા બ્રાહ્મણી, નજર તે ખેંચી પાછી નવિ જાય. દરિસણ૦ ૪

પ્રભુજીને દેખીરે હો પાનો આવીયોજી, પ્રફુલ્લિત દેહડી ને અંગ ન માંય, કશ તે તૂટીરે હો કંચુકી તણીજી, બલોયા તે બાહોમાં નવિ સમાય. દરિ૦ ૫

ગોયમ પૂછેરે હો શ્રી ભગવંતનેજી, આ નંદા કેમ જુવે છે મેંસા મેંસ; દેહડી ફુલીનેરે હો પાનો આવીયોજી;

આટલી નારીમાં દીસે છે એક. દરિ૦ ૬

ભગવંત ભાખેરે સુણો ગોયમાજી, આ નંદા છે મોરી માય; દેહડી ફુલીનેરે હો પાનો આવીયોજી, માય બેટાનું હેત જણાય. ૭

વાણી સુણીનેરે હો હરખ્યા ગોયમાજી, હરખ્યા સર્વ સભાના લોક; જ્ઞાન વિમલ કહે ધન ધન એહ સતીજી, કર્મ ખપાવી ગયાં હોય મોક્ષ. ૮

## ૨૦ શ્રી પાર્શ્વજિન સ્તવન.

પુરૂષાદાની પાર્શ્વજીરે, પાવન પરમ કૃપાલ;
જગજીવન જગ વાલહોરે, શરણાંગતે પ્રતિપાલ. મોરા. ૧
કમઠ હઠી મદ ભંજનોરે, રંજનો જગત્રયાધાર;
મંગલવેલ વધારણોરે, જીમ પુષ્ખલ જલધાર, મોરા. ૨
ત્રિભુવન તિલક સમો વડુરે, દીપે તું જગભાણ;
જાદવ જરા નિવારણોરે, ભાવ મનોરથ જાણ. મોરા. ૩
મોરો રે સ્વામિ ભાવ મનો૦
જલન જલતો ઉગારીઓરે, નાગ તે નાગકુમાર;
ઈંદ્ર તણી પરે સ્થાપીઓરે, એ તારો ઉપકાર. ૪
શંખેશ્વરા એ તારો ઉપકાર, ભટેવાજી એ તારો ઉપકાર;
શામલીયાજી એ તારો૦ પંચાસરાજી એ તારો૦ ૫
પ્રભુપદ પૂજે પ્રેમશું, તેના પાતિક દૂર પલાય;
અષ્ટ મહા સિદ્ધિ સંપજેરે, નામે નવનિધિ થાય.
શંખેશ્વરા નામે નવ૦ ૬

સુર નર દાનવ વિમાનમાંરે, તાહરી તાહરી સેવ;
જ્ઞાનવિમલ કહે જગતમાંરે, તુંહી દેવનકો દેવ;
શંખેશ્વરા તુંહી દેવનકો દેવ, ભટેવાજી તુંહી દેવનકો દેવ.૭

## ૨૧ શ્રી શાંતિનાથનું સ્તવન.

શાંતિ જિનેસર સાહિબારે, શાંતિ તણો દાતાર સલુણા;
અંતરજામી છો માહરારે, આતમના આધાર. સ૦ શાં૦૧
ચિત્ત ચાહે પ્રભુ ચાકરીરે, મન ચાહે મલવાને કાજ, સ૦
નયણ ચાહે પ્રભુ નિરખવારે, ઘો દરિશણ મહારાજ. સ૦શાં૦૨
પલક ન વિસરો મન થકીરે, જેમ મોર મન મેહ, સ૦
એક પખો કેમ રાખીયે રે, રાજ કપટનો નેહ. સ૦ શાં૦૩
નેહ નજર નિહાલતાંરે, વાધે બમણો વાન, સ૦
અખૂટ ખજાનો પ્રભુ તાહરોરે, દિજીયે વંછિત દાન. સ૦ શાં૦૪
આશ કરે જે કોઇ આપણીરે, નહી મૂકીએ નીરાશ, સ૦
સેવક જાણી તે આપણોરે, દીજિયે તાસ દિલાસ. સ૦ શાં૦૫
દાયકને દેતાં થકાં રે, ક્ષણ નવિ લાગે વાર, સ૦
કાજ સરે નિજ દાસનાંરે, એ મોહોટો ઉપગાર. સ૦ શાં૦૬
એવું જાણીને જગધણીરે, દિલ માંહી ધરજો પ્યાર, સ૦
રૂપવિજય કવિ રાયનોરે, મોહન જય જયકાર. સ૦ શાં૦૭

## ૨૨ શ્રી મહાવીર સ્વામીનું સ્તવન.

નારે પ્રભુ નહિ માનું, નહિ માનું અવરની આણ, નારે પ્રભુ૦
મહારે તાહારૂં વચન પ્રમાણ. નારે પ્રભુ૦

હરિ હરાદિક દેવ અનેરા, તે દીઠા જગ માંયરે;
ભામિની ભ્રમર ભ્રકુટીયે ભૂલ્યા, તે મુજને સુહાય, નારે પ્ર૦૧
કેઇક રાગીને કેઇક દ્વેષી, કેઇક લોભી દેવરે;
કેઇક મદ માયાના ભરિયા, કેમ કરીએ તસ સેવ. નારે પ્ર૦૨
મુદ્રા પણ તેમાં નવિ દીસે, પ્રભુતુજ માંહેલી તિલ માત્રરે;
તે દેખી દીલડું નવિ રીઝે, શી કરવી તેહની વાતરે. નારે પ્ર૦૩
તું ગતિ તું મતિ તું મુજ પ્રીતમ, જીવ જીવન આધારરે;
રાત દીવસ સ્વપ્નાંતર માંહી, તું માહારે નિરધારરે. નારે પ્ર૦૪
અવગુણ સહુ ઉવેખીને પ્રભુ, સેવક કરીને નિહાલરે;
જગબંધવ એ વિનતિ મોરી, મારા સવિ દુઃખ દૂરે ટાલ. નારે પ્ર૦૫
ચોવીશમા પ્રભુ ત્રિભુવન સ્વામી, સિદ્ધારથના નંદરે;
ત્રિસલાજીના ન્હાનડીઆ પ્રભુ, તુમ દીઠે અતિ આણંદ. નારે પ્ર૦૬
સુમતિવિજય કવિરાયનોરે, રામવિજય કર જોડરે;
ઉપગારી અરિહંતજી, માહરા ભવભવના બંધન છોડ. નારે પ્ર૦૭

## ૨૩ શ્રી નવપદનું સ્તવન.

નર નારીરે, ભમતાં ભવ ભર દરીએ, નવપદનું ધ્યાન સદા ધરીએ; સુખકારીરે તો શિવસુંદરી વરીએ, નવપદનું ધ્યાન સદા ધરીએ. ૧

પહેલે પદ શ્રી અરિહંતરે, કરી અષ્ટ રિપુનો અંતરે; થયા શિવ રમણીના કંતરે, પદ બીજેરે સિદ્ધ ભજી દુઃખ હરીએરે; નવપદનું ધ્યાન સદા ધરીએ૦ સુખકારી રે,

તો શિવસુંદરી વરીએ, નવપદનું ધ્યાન૦ ૨

આચાર્ય નમું પદ ત્રીજેરે, ચોથે પદ પાઠક લીજેરે;
પ્રીતેથી પાય પ્રણમીજેરે,
પદ પાંચમેરે મુનિ મહારાજ ઉચરીએ. નવ૦ ૩

છઠે પદ દર્શન જાણું રે, જ્ઞાનગુણ મુખ્ય વખાણું રે;
આ જગમાં ખરૂં નાણું રે,
બહુ ખરચોરે તોએ ન ખૂટે જરીએ. નવ૦ ૪

ચારિત્ર પદ નમું આઠમે, નવમેં તપ કરો બહુ ઠાઠેરે;
દુઃખ દારિદ્ર જેહથી નાસેરે,
જિનવરનીરે પ્યારથી પુજા કરીએરે. નવ૦ ૫

નવ દિન શીયલ વ્રત પાળોરે, પડિકમણું કરી દુઃખ ટાળોરે;
જેમ ચંપાપતિ શ્રીપાલરે,
મનમાંહીરે શંકા ન રાખો જરીએ. નવ૦ ૬

ઓગણીસ અઠાવન વર્ષેરે, પોષ માસ પુનમ તિથિ ફરશેરે;
ભાવે ગાવે તે ભવ નવિ ફરસેરે,
નિર્ભયથીરે ધર્મ કહે ભવ તરીએરે. નવ૦ ૭

## ૨૪ સિદ્ધચક્રજીનું સ્તવન.

નવપદ ધરજો ધ્યાન, ભવિ તુમે નવપદ ધરજો ધ્યાન;
એ નવપદનું ધ્યાન કરંતા, પામે જીવ વિશ્રામ. ભવિ૦ ૧
અરિહંત સિદ્ધ આચારજ પાઠક, સાધુ સકલ ગુણ ખાણ. ભ૦ ૨
દર્શન જ્ઞાન ચારિત્ર એ ઉત્તમ, તપ તપો કરી બહુ માન. ભ૦ ૩

આસો ચૈત્રની સુદી સાતમથી, પુનમ લગે પરિમાણ. ભ૦ ૪
એમ એકાશી આંબીલ કીજે, વરસ સાડાચારનું માન. ભ૦ ૫
પડિકમણાં દોય ટંકનાં કીજે, પડિલેહણ બે વાર. ભ૦ ૬
દેવ વંદન ત્રણ ટંકનાં કીજે, દેવ પૂજો ત્રણ કાલ. ભ૦ ૭
બાર આઠ છત્રીશ પચીસનો, સતાવીસ સડસઠ સાર. ભ૦ ૮
એકાવન સીત્તેર પચાસનો, કાઉસગ્ગ કરો સાવધાન. ભ૦ ૯
એક એક પદનું ગુણણું, ગણીએ દોય હજાર. ભ૦ ૧૦
એણે વિધે જે એ તપ આરાધે, તે પામે ભવનો પાર. ભ૦ ૧૧
કર જોડી સેવક ગુણ ગાવે, મોહન ગુણ મણીમાલ. ભ૦ ૧૨
તાસ શિષ્ય મુનિ હેમ કહે છે, જન્મ મરણ દુઃખ વાર. ભ૦ ૧૩

## ૨૫ પદ્મપ્રભુનું સ્તવન.

પદ્મ પ્રભુ પ્રાણ સે પ્યારા, છોડાવો કર્મની ધારા.
કરમ ફંદ તોડવા ધોરી, પ્રભુજી છે અર્જ હમારી;
પદ્મ પ્રભુ પ્રાણ સે પ્યારા, છોડાવો કર્મની ધારા. ૧
લઘુ વય એક છે જીહાં, મુક્તિમાં વાસ તુમે કીયા;
ન જાણી પીડ તે મોરી, પ્રભુ અબ ખેંચ લે દોરી. પદ્મ૦ ૨
વિષય સુખ માનીયો મનમેં, ગયો સબ કાલ ગફલતમેં;
નરક દુઃખ વેદના ભારી, નીકલવા ના રહી બારી. પદ્મ૦ ૩
પરવશ દીનતા કીની, પાપકી પોઠ શિર લીની;
ભકિત નહી જાણી તુમ કેરી, રહ્યો હું નિશદિન દુઃખ ઘેરી. પ૦ ૪
ઈણ વિધ વિનતિ મોરી, કરૂં હું દોય કર જોડી;
આતમ આનંદ મુજ દેજો, વીરનું કાજ સબ કીજો. પદ્મ૦ ૫

## ૨૬ શ્રીવીરપ્રભુનું દીવાલીનું સ્તવન.

મારગ દેશક મોક્ષનોરે, કેવલ જ્ઞાન નિધાન;
ભાવ દયા સાગર પ્રભુરે, પર ઉપગારી પ્રધાનોરે. ૧

વીર પ્રભુ સિદ્ધ થયા, સંઘ સકલ આધારોરે.
હવે ઇણ ભરતમાં, કોણ કરશે ઉપગારોરે. વીર૦ ૨

નાથ વિહૂણું સૈન્ય જ્યુંરે, વીર વિહૂણોરે સંઘ;
સાધે કોણ આધારથીરે, પરમાનંદ અભંગોરે. વીર૦ ૩

માત વિહૂણો બાલ જ્યુંરે, અરહો પરહો અથડાય;
વીર વિહૂણા જીવડારે, આકુલ વ્યાકુલ થાયરે. વીર૦ ૪

સંશય છેદક વીરનોરે, વિરહ તે કેમ ખમાય;
જે દીઠે સુખ ઉપજેરે, તે વિણ કેમ રહેવાયરે. વીર૦ ૫

નિર્યામક ભવ સમુદ્રનોરે, ભવ અડવી સત્થવાહ;
તે પરમેશ્વર વિણ મલેરે, કેમ વાધે ઉત્સાહરે. વીર૦ ૬

વીર થકાં પણ શ્રુત તણોરે, હતો પરમ આધાર;
હવે ઈહાં શ્રુત આધાર છેરે, અહો જિનમુદ્રા સારરે. વી૦ ૭

ત્રણ કાલે સવિ જીવનેરે, આગમથી આણંદ;
સેવો ધ્યાવો ભવિ જનારે; જિન પડિમા સુખકંદરે. વીર૦ ૮

ગણધર આચાર્ય મુનિરે, સહુને એણી પરે સિદ્ધ;
ભવ ભવ આગમ સંગથીરે, દેવચંદ્ર પદ લીધરે. વીર૦ ૯

## ૨૭ શ્રી વાસુપૂજ્ય જિન સ્તવન.

( વિહરમાન ભગવાન સુણો મુજ વિનતિ—એ દેશી )

વાસુપૂજ્ય જિનરાજ સુણો મુજ વિનતિ,
જગતારક જિનરાજ તમે ત્રિભુવનપતિ;
ચંચલ ચિત્ત થકી હું ભમીયો ભવ ભવે,
નિજ વિતકની વાત કહું સ્વામી હવે. ૧
હું સ્વભાવને છોડી રમ્યો પરભાવમાં,
નિધિ સમીપ હતો પણ નાખ્યો દાવમાં;
થિરતાના પરિણામ જો થાય તો દેખીએ,
તે વિના નિધિ રતનને પામી ઉવેખીએ. ૨
લોભ અને વિક્ષોભ જે કુરચક દ્રવ્ય કહ્યો,
તેણે કરી જ્ઞાન ઇંધનો નાશ તે મેં લહ્યો;
તે અસ્થિરપણાથી હું આપદા પામીઓ,
અબ તુમ દર્શન દેખી સર્વ દુઃખ વામીઓ. ૩
વાસવ વંદિત વાસુપૂજ્ય ચંપાપુરી,
વસુપૂજ્ય કુલ ચંદ્રમા માતા જયાં સુરી;
સિત્તેર ધનુષ પ્રમાણ તે કાયા જાણીએ,
લાખ બોંતેર વર્ષનું આયુષ્ય વખાણીએ. ૪
મહિષ લંછન જિનરાજ અનંત ગુણે ભર્યા,
અશ્વયોનિ કુંભ રાશિથી રાક્ષસ ગણ વર્યા;
મૌનપણે એક વર્ષ પ્રભુ તપસ્યા કરે,

પાડલ વૃક્ષની હેઠલ જ્ઞાન કેવલ વરે. ૫
વિચર્યા દેશ વિદેશ ભવિકને તારતા,
યોજન ગામિની વાણી પ્રભુ વિસ્તારતા;
ષટ શત સાથે મોક્ષ વધૂ વરવા ગયા,
વિજય મુક્તિ વર પામી કમલનાં કારજ થયા. ૬

## ૨૮ દીવાળીનું સ્તવન.

( સાંભલરે મોરી સજની બેની, રજની કિહાં રહી આવ્યાજીરે—એ દેશી. )

સુર સુખ ભોગવી ત્રિશલા કૂખે, રહીને જન્મ લહીનેજીરે;
અનુક્રમે લલના સંગ છંડી, વિચર્યા દિક્ષા ગ્રહીને,
પ્રગટી દીવાલીજીરે,
પામ્યા કેવલજ્ઞાન કર્મ પ્રજાલીજીરે. ૧ એ આંકણી.
ચાર નિકાયના દેવ મલીને, સમવસરણ કરે સારો જીરે;
તિહાં સિંહાસને બેસી પ્રભુજી, ધર્મ કહે બહુ પ્યારો. પ્ર૦ ૨
અનાદિ મિથ્યાત્વી જીવ ભવ્ય, કરણ ત્રણ કરીને જીરે,
અંતર કરણે આદિ સમયે, સુખ લહે સમકિત ધરીને. પ્ર૦ ૩
તે શુદ્ધ દર્શન આત્મા કહીએ, શેષ બીજા હવે સુણીએજીરે;
કષાય યોગ દ્રવ્ય ઉપયોગ, વીર્ય જ્ઞાન ચારિત્ર ભણીએ. પ્ર૦ ૪
એહવે ઈંદ્રભૂતિ જસ સુણીને, આવ્યા પ્રભુને પાસેજીરે;
વેદના અર્થ સુણીને સાચા, સંજમ લીધો ઉલ્લાસે. પ્ર૦ ૫
વીરના ગણધર થયા ઈગ્યાર, સાધુ ચૌદ હજારજીરે;

છત્રીસ સહસ તે સાધવી જાણું, ચરણ કરણ સુવિચાર. પ્ર૦ ૬
લાખ ને ઓગણસાઠ હજાર, શ્રાવક બહુ શ્રીકારજીરે;
સહસ અઢાર ને ત્રણજ લાખ, શ્રાવિકાનો પરિવાર. પ્ર૦ ૭
ઈમ એ સંઘની થાપના કરતાં, આવ્યા અપાપા ગામજીરે;
હસ્તિપાલ હર્ષે ઈમ બોલે, મુજ ઘર આવ્યા સામ. પ્ર૦ ૮
અલ્પ આયુ પોતાનું જાણી, અનુકંપા આણી નાથજીરે;
સોલ પ્રહરની દેશના દીધી, મલિયા અઢાર નરનાથ. પ્ર૦ ૯
કાર્તિક વદ અમાસની રાતે, વર્ધમાન મોક્ષે પોહોતાજીરે;
નારી અપછરા સુર નર મલીયા, પણ ગૌતમ તિહાં નોતા. પ્ર૦ ૧૦
વીર નિર્વાણ સુર મુખથી જાણી, મોહ કર્યો ચકચૂરજીરે;
કેવલજ્ઞાન ને દર્શન પ્રગટ્યું, ગૌતમને ઉગતે સૂર. પ્ર૦ ૧૧
વીર ગૌતમ નિર્વાણ કેવલ, કલ્યાણક દિન જાણીજીરે;
ભાવ દ્રવ્ય દોય ભેદે કીજે, દીવાલી ભવી પ્રાણી. પ્ર૦ ૧૨
પોસહ પડિક્કમણાં જિન ભક્તિ, સુંદર વેષ કરીયેજીરે;
ધર્મચંદ્ર પ્રભુ ગુણ ગાતાં, જશ કમલા નિત્ય વરીયે.
પ્રગટી દીવાળીજીરે. ૧૩

## ૨૯ શ્રી સિદ્ધચક્રજીનું સ્તવન.

શ્રી સિદ્ધચક્રની કરો ભવી સેવના રે, મન ધરી નિર્મળ ભાવ;
ભાવની વૃદ્ધિ ભવ ભય સવી ટળે રે, પ્રગટે શુદ્ધ સ્વભાવ. શ્રી૦ ૧
બાર ગુણે સહિત અરિહંત નમો રે, પન્નરે ભેદે રે સિદ્ધ;
આચાર્ય આર્ય ત્રીજે નમો રે, ગુણ છત્રીસે પ્રસિદ્ધ. શ્રી૦ ૨

પાઠક પદ પ્રણમો ચોથે તુમેરે, ગુણ પચવીસ ધરી નેહ;
મુનિપદ રૂડું ધ્યાન કરો સદા રે, સત્તાવીસ ગુણે જેહ. શ્રી૦ ૩
સડસઠ બોલ સહિત દર્શન નમોરે, નાણ એકાવન ભેદ;
ચારિત્ર ધર્મ નમો તુમે આઠમેરે, જે ટાલે સવિ ખેદ. શ્રી૦ ૪
ખટવિધ બાહ્ય અભ્યંતર વિધેરે, કરીએ તપ શુભ ચિત્ત;
તજી ઈચ્છા ઇહ ભવ પરભવ તણી રે, કીજે જન્મ પવિત્ર. શ્રી૦ ૫
શ્રેણિક નરપતિ આગલે ગુણનિધિરે, ભાખે શ્રી વર્ધમાન;
એ નવ પદ વિધિ સહિત આરાધતાં રે, લહીયે અક્ષય ઠાણ. શ્રી૦ ૬
શ્રી શ્રીપાલ નરીંદ તણી પરેરે, આરાધે નર જેહ;
પુન્યવંત પ્રાણી મન રંગશ્યું રે, અમૃત પદ લહે તેહ. શ્રી૦ ૭

## ૩૦ શ્રી પાર્શ્વનાથનું સ્તવન.

શ્રી શંખેશ્વર પાસજી, સુણો મુજ વિનતિ;
આવ્યો છું હું આજ આશા મોટી ધરી;
લાખ ચૌરાશી જીવાયોનિ દ્વારા ભમ્યો,
તે માંહે મનુષ્ય જન્મ, અતિશય દુક્કરો. ૧
તે પણ પુરવ પુન્ય પ્રભાવે અનુભવ્યો,
તો પણ દેવ ગુરૂ ધર્મ નવ ઓળખ્યો;
શું થાશે પ્રભુ મુજ તુજ કરૂણા વિના;
રઝળ્યો રાંકની પેરે, પામ્યો વિટંબના. ૨
ન દીધું શુદ્ધ દાન સુપાત્રે ભાવથી,
ન પાલ્યું વળી શીયલ, વીટંબિયો કામથી;

તપ તપ્યો નહી કાંઈ આતમને કારણે;
શું ઝાઝું કહું નાથ જાવું નરક બારણે. ૩
કીધો જે મેં કુકર્મ, જો તે વિવરી કહું,
તો લાગે બહુ વાર ભજન કયારે કરૂં;
પૂર્વ વિરાધિક ભાવથી ભાવના ઉલ્લસે;
ચારિત્ર ડોલ્યું નાથ, કરમ મોહની વશે. ૪
ક્ષણ ક્ષણમાં બહુ વાર પરિણામની ભિન્નતા,
તે જાણો છો મહારાજ મારી વિકલ્પના;
નહી ગુણનો લવ લેશ જગત ગુણી કહે,
તે સુણી મારૂં મન હરખે અતિ ગહગહે. ૫
માગું દીનદયાળ ચરણ તણી સેવના,
હોજો વૃદ્ધિ ધર્મની ભવોભવ ભાવના;
તુજ દરિશન દેવ અતિ ભલું,
પૂરવ પુણ્ય પસાયે કલ્પવૃક્ષ ફલ્યું. ૬

## ૩૧ આદીશ્વર ભગવાનનું સ્તવન.

જગ ચિંતામણિ જગગુરૂ, જગત શરણ આધાર; લાલરે;
અઢાર કોડાકોડી સાગરે, ધર્મ ચલાવણહાર, લાલરે; ૧
અષાડ વદી ચોથે પ્રભુ, સ્વર્ગથી લીયે અવતાર, લાલરે;
ચૈતર વદી આઠમ દીને, જન્મ્યા જગદાધાર, લાલરે; જ૦ ૨
પાંચસે ધનુષ્યની દેહડી, સોવનવરણ શરીર; લાલરે;
ચૈતર વદી આઠમ લીયે, સંજમ મહા વડ વીર લાલરે; જ૦ ૩

ફાગણ વદી અગીઆરસે, પામ્યા પંચમ નાણ, લાલ રે;
મહા વદી તેરસે શિવ વર્યા, જોગનિરોધ કરી જાણ. લાલ રે, જ૦ ૪
લાખ ચોર્યાસી પૂરવતણું, જિનવર ઉત્તમ આય લાલરે;
પદ્મવિજય કહે અણમીએરે, વહેલું શિવસુખ થાય, લાલરે. જ૦ ૫

## ૩૨ પાર્શ્વનાથનું સ્તવન.

જગપતિ કરજો સહાય મારી, મુજ સ્થિતિ મહા દુઃખીયારી;
છે કર્મ ભયંકર ભારી. જગપતિ૦ ૧
પ્રભાવતીના પ્રીતમજી, વામાદેવી નંદ;
વણારસી નગરી વિષે, અશ્વસેન કુળચંદ;
મતિ શ્રુત અવધિ સાથે ગ્રહીને, પ્રભુ જન્મ્યા જય જયકારી;
તુજ મુરતિ મોહનગારી. જગપતિ૦ ૨
ક્ષમા ખડગ કરમાં ધરી, કરવા ઉત્તમ કામ;
કર્મ ખપાવી પામીયા, શિવપુરી સુખધામ;
જ્ઞાન અનોપમ પ્રભુજી તમારું, નહી પામેલ જન કોઇ પારી;
તુમ જ્ઞાન તણી બલિહારી. જગપતિ૦ ૩
વિષય મધ્યે વળગી રહ્યો, કીધા કર્મ કઠોર;
ભાન બધું ભુલી ગયો, પ્રભુ તમારો ચોર;
અતિ અજ્ઞાને હું અનંત જન્મથી, પ્રભુ રખડયો વારંવારી;
હું ગયો ખરેખર હારી. જગપતિ૦ ૪
લાખ ચોરાસી ચોકમાં, ભટકયો ભુંડે હાલ;
સમકિતની શ્રદ્ધા વિના, ગયો અનંતો કાળ;

શોધ્યું નહિ મેં આત્મ સ્વરૂપને, છે ગતિ કર્મની ન્યારી;
વાગે ગોળી અણધારી. જગપતિ૦ ૫

મેહર કરી મુજ ઉપરે, જાણી કિંકર ખાસ;
નમન કરી અજીત કહે, પૂરો મુજ મન આશ;
આપ વિના પ્રભુ શરણ નહીં કોઈ, પ્રભુ લેજો મુજને તારી;
આ દાસ તુમારો ધારી. જગપતિ૦ ૬

## ૩૩ શ્રી મહાવીર સ્વામીનું સ્તવન.

પ્રભુજી વીર જિણંદને વંદીયે, ચોવીસમા જિનરાય હો;
ત્રિશલાના જાયા. પ્રભુજીને નામે નવનિધિ સંપજે;
ભવદુઃખ સવિ મિટી જાય હો, ત્રિશલાના જાયા. ૧
પ્રભુજી કંચનવાન કર સાતનું, જગતાતનું એટલું માન હો. ત્રિ૦
પ્રભુજી મૃગપતિ લંછન ગાજતો, ભાંજતો મદગજ માનહો. ત્રિ૦ ૨
પ્રભુજી સિદ્ધારથ ભગવંત છો, સિદ્ધારથ કુલચંદ હો; ત્રિ૦
પ્રભુજી ભકતવત્સલ ભવદુઃખ હરૂં, સુરતરૂ સમ સુખકંદ હો. ત્રિ૦ ૩
પ્રભુજી ગંધાર બંદર ગુણનિલો, જગતિલો જિહાં જગદીશ હો; ત્રિ૦
પ્રભુજીનું દર્શન દેખીને ચિત્ત ઠર્યું, સર્યું મુજ વંછિત ઈશ હો. ત્રિ૦ ૪
પ્રભુજી શિવનગરીનો રાજીયો, જગ તારણ જિન દેવ હો; ત્રિ૦
પ્રભુજી રંગવિજયને આપજો, ભવોભવ તુમ પાય સેવહો. ત્રિ૦ ૫

## ૩૪ ઋષભદેવનું સ્તવન.

કયાંથીરે પ્રભુ અવતર્યા, કયાં લીધો અવતારજી;
સર્વારથ સિદ્ધ વિમાનથી ચવી, ભરતક્ષેત્ર અવતારજી;
તારોરે દાદા ઋષભજી. ૧

ચોથ ભલીરે અષાઢની, જનની કૂખે અવતારજી;
ચૌદ સુપન નિર્મલ લહી, જાગ્યા જનની તેની વારજી.તા૦૨
ચૈત્ર વદી આઠમ દિને, જન્મ્યા શ્રી ત્રીભુવન નાથજી;
છપ્પન દિગકુમરી મલી, ટાલે શુચિકર્મ તેની વારજી. તા૦૩
ચોસઠ ઈંદ્ર તિહાં આવિયા, નાભિરાયા દરબારજી;
પ્રભુને લઈ મેરૂ ગયા, સ્નાત્ર મહોત્સવ કરે તેની વારજી.તા૦૪
પ્રભુને સ્નાત્ર મહોત્સવ કરી, લાવ્યા જનનીની પાસજી;
અવશ્વાપની નિદ્રા હરી કરી, રત્નનો ગેડી દડો મૂકજી.તા૦૫
ત્રાસી લાખ પૂર્વ ગૃહવાસો વસ્યા, પરણ્યા દોયજ નારીજી;
સંસારિક સુખ વિલસી કરી, લેવા સંજમ ભારજી. તા૦ ૬
લોકાંતિક સુર આવી કરી, વિનવે ત્રિભોવન નાથજી;
દાન સંવત્સરી આપીને, લીધો સંજમ ભારજી. તા૦ ૭
પંચમહાવ્રત આદરી, ચૈત્ર વદી અષ્ટમી જાણજી;
ચાર હજાર સાથે સંયમી, ઉપન્યું ચોથું જ્ઞાનજી. તા૦ ૮
કર્મ ખપાવી કેવલ લહી, લોકાલોક પ્રકાશજી;
સંશય ટાલી જીવના, લેવા શિવ રમણી સારજી. તા૦૯
ખોટ ખજાને પ્રભુ તારે નથી, દેતાં લાગે શું વારજી;
કાજ સરે નિજ દાસના, એ છે આપનો ઉપગારજી.તા૦૧૦
ધરનાને તાર્યા તેમાં શું કર્યું, મુજ સરીખાને તારોજી;
કલ્પવૃક્ષ જિહાં ફલ્યો, તેમ દાદો દયાલજી. તા૦ ૧૧
ચરણે આવ્યાને પ્રભુ રાખશો, બાહુબલ ભરત નરેશજી;
પદ્મવિજય કહે વંદણા, તારો તારો દાદા દયાલજી.તા૦૧૨

## ૩૫ શ્રી પજુસણનું સ્તવન.

પ્રભુ વીર જિણંદ વિચારી, ભાખ્યાં પર્વ પજુસણ ભારી;
આખા વર્ષમાં એ દિન મોટા, આઠે નહિ તેમાં છોટારે;
એ ઉત્તમ ને ઉપગારી, ભાખ્યાં પર્વ પજુસણ ભારી. ૧
જેમ ઔષધ માંહે કહીએ, અમૃતને સારૂં લહીયે રે;
મહા મંત્રમાં નવકારવાળી, ભાખ્યાં૦ ૨
તારા ગણમાં જેમ ચંદ્ર, સુરવર માંહે જેમ ઈંદ્ર રે;
સતીઓ માંહે સીતા નારી, ભાખ્યાં૦ ૩
વૃક્ષ માંહિ કલ્પતરૂ સારો, એમ પર્વ પજુસણ ધારો રે;
સૂત્રમાં કલ્પ ભવતારી, ભાખ્યાં૦ ૪
તે દીવસે રાખી સમતા, છોડો મોહ માયાને મમતા રે;
સમતા રસ દિલમાં ધારી, ભાખ્યાં૦ ૫
જો બને તો અઠ્ઠાઇ કીજે, વલી માસ ખમણ તપ લીજે રે;
સોળભત્તાની બલિહારી, ભાખ્યાં૦ ૬
નહિ તો ચોથ છઠ્ઠ તો લહીયે, વલી અઠ્ઠમ કરી દુઃખ સહિયે રે;
તે પ્રાણી જુજ અવતારી, ભાખ્યાં૦ ૭
નવ પૂર્વ તણો સાર લાવી, જેણે કલ્પસૂત્ર બનાવી રે;
ભદ્રબાહુ વીર અનુસારી, ભાખ્યાં૦ ૮
સોના રૂપાના ફુલડાં ધરીયે, એ કલ્પની પૂજા કરીયે રે:
એ શાસ્ત્ર અનોપમ ભારી, ભાખ્યાં૦ ૯

સુગુરૂ મુખથી તે સાર, સુણે અખંડ એકવીશ વાર રે;
એ જુવે અષ્ટ ભવે શિવ પ્યારી, ભાખ્યાં૦ ૧૦
ગીત ગાન વાજિંત્ર બજાવે, પ્રભુજીની આંગી રચાવે રે;
કરે ભક્તિ વાર હજારી, ભાખ્યાં૦ ૧૧
એવા અનેક ગુણના ખાણી, તે પર્વ પજુસણ જાણી રે;
સેવો દાન દયા મનોહારી, ભાખ્યાં૦ ૧૨

## ૩૬ આદીશ્વરજીનું સ્તવન.

જગજીવન જગ વાલહો, મરૂદેવીનો નંદ લાલરે;
મુખ દીઠે સુખ ઉપજે, દરિશણ અતિહિ આનંદ લાલરે. જ૦૧
આંખડી અંબુજ પાંખડી, અષ્ટમી શશી સમ ભાલ લાલરે;
વદન તે શારદ ચંદલો, વાણી અતિહિ રસાળ. લા૦ જ૦૨
લક્ષણ અંગે વિરાજતાં, અડહિય સહસ ઉદાર; લા૦
રેખા કર ચરણાદિકે, અભ્યંતર નહિ પાર. લા૦ જ૦૩
ઈંદ્ર ચંદ્ર રવિ ગિરિ તણા, ગુણ લઇ ઘડીયું અંગ; લા૦
ભાગ્ય કિહાં થકી આવીયું, અચરિજ એહ ઉત્તંગ. લા૦ જ૦૪
ગુણ સઘળાં અંગે કર્યાં, દૂર કર્યાં સવિ દોષ લાલરે;
વાચક જશવિજયે થુણ્યો, દેજો સુખનો પોષ. લા૦ જ૦૫

## ૩૭ શ્રી ઋષભદેવનું સ્તવન.

( નિંદ્રડી વેરણ હુઇ રહી—એ દેશી. )

ઋષભ જિણંદશું પ્રીતડી, કિમ કીજે હો કહો ચતુર વિચાર;
પ્રભુજી જઈ અલગા વસ્યા,

તિહાં કિણે નવિ હો કોઇ વચન ઉચ્ચાર. ઋષભ૦ ૧
કાગળ પણ પોહોંચે નહિ, નવી પોહોંચે હો તીહાં કો પરધાન;
જે પહોંચે તે તુમ સમો,
નવી ભાખે હો કોઈનું વ્યવધાન. ઋષભ૦ ૨
પ્રીતિ કરે તે રાગીયા, જિનવરજી હો તુમે તો વીતરાગ;
પ્રીતડી જેહ અરાગીથી,
ભેલવવી હો તે લોકોત્તર માર્ગ. ઋષભ૦ ૩
પ્રીતિ અનાદિની વિષ ભરી, તે રીતે હો કરવા મુજ ભાવ;
કરવી નિર્વિષ પ્રીતડી,
કિણ ભાંતે હો કહો બને બનાવ. ઋષભ૦ ૪
પ્રીતિ અનંતી પરથકી, જે તોડે હો તે જોડે એહ;
પરમ પુરૂષથી રાગતા,
એકત્વતા હો દાખી ગુણ ગેહ. ઋષભ૦ ૫
પ્રભુજીને અવલંબતાં, નિજ પ્રભુતા હો પ્રગટે ગુણરાશ;
દેવચંદ્રની સેવના,
આપે મુજ હો અવિચલ સુખવાસ. ઋષભ૦ ૬

## ૩૮ અજિત જિન સ્તવન.

(નિંદ્રડી વેરણ હુઇ રહી—એ દેશી.)

અજિત જિણંદશું પ્રીતડી, મુજ ન ગમે હો બીજાનો સંગ કે;
માલતી ફૂલે મોહિયો,
કિમ બેસે હો બાવલ તરૂ ભૃંગ કે. અજિત૦ ૧

ગંગા જલમાં જે રમ્યા, કિમ છિલ્લર હો રતિ પામે મરાલ કે;
સરોવર જલધર જળ વિના,
નવી ચાહે હો જગ ચાતક બાળ કે. અજિત૦ ૨
કોકિલ કલ કૂજિત કરે, પામી મંજરી હો પંજરી સહકાર કે;
ઓછાં તરૂવર નવિ ગમે,
ગિરૂઆશું હો હોયે ગુણનો પ્યાર કે. અજિત૦ ૩
કમલિની દિનકર કર ગ્રહે, વળી કુમુદિની હો ધરે ચંદશું પ્રીત કે;
ગૌરી ગીરીશ ગિરિધર વિના,
નવિ ચાહે હો કમલા નિજ ચિત્ત કે. અજિત૦ ૪
તિમ પ્રભુ શું મુજ મન રમ્યું, બીજા શું હો નવી આવે દાય કે;
શ્રી નયવિજય વિબુધતણો,
વાચક જશ હો, નિત નિત ગુણ ગાય કે. અજિત૦ ૫

## ૩૯ શ્રી સંભવજિન સ્તવન.

### મન મધુકર મોહી રહ્યો—એ દેશી

સંભવ જિનવર વિનતિ, અવધારો ગુણ જ્ઞાતારે;
ખામી નહી મુજ ખીજમતે, કદીય હોશો ફલદાતારે. સંભવ૦૧
કર જોડી ઉભો રહું, રાત દિવસ તુમ ધ્યાનોરે;
જો મનમાં આણો નહી, તો શું કહીએ છાનોરે. સંભવ૦૨
ખોટ ખજાને કો નહી, દીજીએ વંછિત દાનોરે;
કરૂણા નજર પ્રભુજી તણી, વાધે સેવક વાનોરે. સંભવ૦૩
કાલ લબ્ધિ નહિ મતિ ગણો, ભાવ લબ્ધિ તુમ હાથેરે;

લડથડતું પણ ગજ બચ્ચું, ગાજે ગયવર સાથેરે. સંભવ૦૪
દેશો તો તુમહી ભલું, બીજા તો નવિ જાચું રે;
વાચક યશ કહે સાંઈશું, ફળશે એ મુજ સાચું રે. સંભવ૦૫

## ૪૦ શ્રી સુમતિ જિન સ્તવન.

( ઝાંઝરીયા મુનિવરની દેશી. )

સુમતિનાથ ગુણશું મિલીજી, વાધે મુજ મન પ્રીતિ;
તેલ બિંદુ જેમ વિસ્તરેજી, જલમાંહે ભલી રીતિ;
સોભાગી જિનશું લાગ્યો અવિહડ રંગ. ૧
સજનજશું જે પ્રીતડીજી, છાની તે ન રખાય;
પરિમલ કસ્તૂરી તણોજી, મહી માંહે મહકાય. સોભાગી૦૨
આંગળીએ નવી મેરૂ ઢંકાયે, છાબડીએ રવિ તેજ;
અંજલિમાં જિમ ગંગ ન માયે,
મુજ મન તિમ પ્રભુ હેજ. સોભાગી૦ ૩
હુઓ છીપે નહિ અધર અરૂણ જિમ, ખાતાં પાન સુરંગ;
પીવત ભર ભર પ્રભુ ગુણ પ્યાલા,
તિમ મુજ પ્રેમ અભંગ. સોભાગી૦ ૪
ઢાંકી ઇક્ષુ પરાળશુંજી, ન રહે લહી વિસ્તાર;
વાચક યશ કહે પ્રભુ તણોજી, તિમ મુજ પ્રેમ પ્રકાર.સોભાગી૦૫

## ૪૧ શ્રી સીમંધર જિન સ્તવન.

( સાહિબા અજિત જિણંદ જુહારિયે—એ દેશી )

સાહિબા શ્રી સીમંધર સાહિબા, સાહિબ તુમ પ્રભુ દેવાધિદેવ;

સન્મુખ જુઓને મ્હારા સાહિબા, સાહિબ મન શુદ્ધે કરૂં તુમ સેવ.
એક વાર મળોને મ્હારા સાહિબા. —એ આંકણી. ૧

સાહિબ સુખ દુઃખ વાતો મ્હારે અતિ ઘણી,
સાહિબ કોણ આગળ કહું નાથ;
સાહિબ કેવળજ્ઞાની પ્રભુ જો મળે,
સાહિબ તો થાઉં હું રે સનાથ. એક વાર૦ ૨

સાહિબ ભરતક્ષેત્રમાં હું અવતર્યો, સાહિબ ઓછું એટલું પુણ્ય;
સાહિબ જ્ઞાની વિરહ પડયો આકરો,
સાહિબ જ્ઞાન રહ્યો અતિ ન્યૂન. એક વાર૦ ૩

સાહિબ દશ દષ્ટાંતે દોહિલો, સાહિબ ઉત્તમ કુળ સોભાગ;
સાહિબ પામ્યો પણ હારી ગયો,
સાહિબ જેમ રત્ને ઉડાડયો કાગ. એક વાર૦ ૪

સાહિબ ષટરસ ભોજન બહુ કર્યાં, સાહિબ તૃપ્તિ ન પામ્યો લગાર;
સાહિબ હુંરે અનાદિ ભૂલમાં,
સાહિબ રઝળ્યો ઘણો સંસાર. એક વાર૦ ૫

સાહિબ સ્વજન કુટુંબ મળ્યા ઘણાં, સાહિબ તેહને દુઃખે દુઃખી થાય;
સાહિબ જીવ એક ને કર્મ જુજુઆં,
સાહિબ તેહથી દુર્ગતિ જાય. એક વાર૦ ૬

સાહિબ ધન મેળવવા હું ધસમસ્યો, સાહિબ તૃષ્ણાનો નાવ્યો પાર;
સાહિબ લોભે લટપટ બહુ કરી,
સાહિબ ન જોયો પુણ્ય ને પાપ વ્યાપાર. એક વાર૦ ૭

સાહિબ જેમ શુદ્ધાશુદ્ધ વસ્તુ છે, સાહિબ રવિ કરે તેહ પ્રકાશ;
સાહિબ તેમ રે જ્ઞાની મળે થકે,
તે તો આપે સમકિત વાસ. એક વાર૦ ૮
સાહિબ મેઘ વરસે છે વાટમાં, સાહિબ વરસે છે ગામો ગામ;
સાહિબ ઠામ કુઠામ જુએ નહી,
સાહિબ એવાં મ્હોટાનાં કામ. એક વાર૦ ૯
સાહિબ હું વસ્યો ભરતને છેડલે, સાહિબ તુમે વસ્યા મહાવિદેહ;
મોઝાર; સાહિબ દૂર રહી કરૂં વંદના,
સાહિબ ભવસમુદ્ર ઉતારો પાર. એક વાર૦ ૧૦
સાહિબ તુમ પાસે દેવ ઘણા વસે, એક મોકલજો મહારાજ;
સાહિબ મુખનો સંદેશો સાંભળો,
સાહિબ તો સહેજે સરે મુજ કાજ. એક વાર૦ ૧૧
સાહિબ હું તુમ પગની મોજડી, સાહિબ હું તુમ દાસનો દાસ
સાહિબ જ્ઞાનવિમલસૂરિ એમ ભણે,
સાહિબ મને રાખો તમારી પાસ. એક વાર૦ ૧૨

## ૪૨ શ્રી દીવાલીનું સ્તવન.

મારે દીવાળી થઈ આજ, પ્રભુ મુખ જોવાને;
સર્યાં સર્યાં રે સેવકનાં કાજ, ભવદુઃખ ખોવાને—એ આંકણી.
મહાવીર સ્વામી મુગતે પહોંત્યા, ગૌતમ કેવળજ્ઞાનરે;
ધન્ય અમાવાસ્યા ધન્ય દીવાળી, મહાવીર પ્રભુ નિરવાણ.
જિન મુખ જોવાને. ૧

ચારિત્ર પાળી નિરમળું રે, ટાળ્યા વિષય કષાય રે;
એવા મુનિને વંદીએ જે, ઉતારે ભવ પાર. જિન૦ ૨
બાકુલ વોહોર્યાં વીર જિને, તારી ચંદનબાળા રે;
કેવળ લઇને મુગતે પોહોત્યા, પામ્યા ભવનો પાર. જિન૦ ૩
એવા મુનિને વંદીએ જે, પંચમ જ્ઞાનને ધરતા રે;
સમવસરણ દઇ દેશના પ્રભુ, તાર્યા નર ને નાર. જિન૦ ૪
ચોવીસમા જિનેશ્વરૂને, મુકિત તણા દાતાર રે;
કર જોડી કવિ એમ ભણે પ્રભુ, દુનિયા ફેરો ટાળ. જિન૦ ૫

## ૪૩ શ્રી ચંદ્રપ્રભુજીનું સ્તવન.

ચંદ્ર પ્રભુજી હો, તુમને કહું છું, મારા લાલ;
માર પડયાથી હો કે, હું બહુ બિઉ છું મારા લાલ. ૧
ભાવ શત્રુયે હો કે, બહુ દુઃખ દીધું, મારા લાલ,
કારજ મ્હારૂં હો કે, એક ન સિધું, મારા લાલ. ૨
રાગ દ્વેષનું હો કે, કલંક છે મોટું, મ્હારા લાલ;
સાધન સર્વે હો કે, પાડયું ખોટું, મહારા લાલ. ૩
ચાર ગતિમાં હો કે, ભ્રમણ તે આપ્યા, મ્હારા લાલ;
સૂક્ષ્મ નિગોદે હો કે, જઈ ઝંડા રોપ્યા, મ્હારા લાલ. ૪
બસે છપ્પન હો કે, આવલી જાણો, મારા લાલ;
ક્ષુલ્લક ભવમાં હો કે, આયુ પ્રમાણો, મારા લાલ. ૫
શ્વાસોશ્વાસમાં હો કે, સાડા સત્તર, મારા લાલ;
ભવ તે કરવા હો કે, નહિ દુઃખ અંતર, મારા લાલ. ૬

વીતરાગ સંજમ હો કે, આ રંગ કીજે, મારા લાલ;
ચઉદ પૂર્વધર હો કે, ચઉ નાણી લીજે, મારા લાલ. ૭
એટલી પદવી હો કે, પામી પડિયા, મારા લાલ;
નરક નિગોદે હો કે, તે પણ જડિયા, મારા લાલ. ૮
પ્રમાદ જોરે હો કે, એહવો જાણી, મારા લાલ;
કાંઠે આવ્યો હો કે, પણ લીયો તાણી, મારા લાલ, ૯
પણ હુશિયારે હો કે, જે નર રહેશે, મારા લાલ;
મોહરાયને હો કે, તમાચો દેશે, મારા લાલ. ૧૦
રાગ દ્વેષનું હો કે, કાલું ચાઠું, મારા લાલ;
નવિ ધોવાયે હો કે, બહુ છે કાઠું, મારા લાલ. ૧૧
આગમ આરિસે હો કે, જોઇ નિહાલો, મારા લાલ;
ધોવા કારણ હો કે, આપ સંભારો, મારા લાલ. ૧૨
આતમની શુદ્ધિ હો કે, ખાર મિલાવો, મારા લાલ;
ઉપશમ જલથી હો કે, જઇ ઝટકાવો, મારા લાલ. ૧૩
કાલો ડાઘો હો કે, તારે જાશે, મારા લાલ;
ભાવવિજયને હો કે, સુખ થાશે, મારા લાલ. ૧૪

## ૪૪ શ્રી સિદ્ધાચલજીનું સ્તવન.

શેત્રુંજા ગઢના વાસી રે મુજરો માનજો રે, સેવકની સુણી વાત રે દિલમાં ધારજો રે; પ્રભુ મેં દિઠડો તુમ દેદાર, આજ મને ઉપન્યો હર્ષ અપાર, સાહિબાની સેવા રે ભવદુઃખ ભાંજશે રે. ૧

એક અરજ અમારી રે દિલમાં ધારજો રે, ચોરાશી લાખ ફેરારે દૂર નિવારજો રે; પ્રભુ મને દુર્ગતિ પડતો રાખ, દરિસણ વ્હેલેરૂં રે દાખ. સાહિબાની૦ ૨

દોલત સવાઇ રે સોરઠ દેશની રે, બલિહારી જાઉં રે પ્રભુ તારા વેશની રે, પ્રભુ તાહરૂં રૂડું દીઠું રૂપ, જોતાં મોહ્યાં સુર નર વૃંદ ને ભૂપ. સાહિબાની૦ ૩

તીરથ કોઇ નહિ રે શેત્રુંજા સારીખું રે, પ્રવચન પેખીને કીધું મેં પારખું રે; ઋષભને જોઇ જોઇ હરખે જેહ, ત્રિભુવન લીલા પામે તેહ. સાહિબાની૦ ૪

સદા તે માગું રે પ્રભુ તાહરી સેવના રે;
ભાવઠ ન ભાંજે રે જગમાં જે વિના રે;
પ્રભુ માહરા પોહતા મનના કોડ,
ઇમ કહે ઉદય રતન કર જોડ. સાહિબાની૦ ૫

## ૪૫ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથનું સ્તવન.

(રાગ—મહાવીર પ્રભુ ઘેર આવે.)

નિત્ય સમરૂં સાહેબ સયણાં, નામ સુણતાં શીતલ શ્રવણાં;
જિન દરિસણે વિકસે નયણાં, ગુણ ગાતાં ઉલ્લસે નયણાં રે;
શંખેશ્વર સાહિબ સાચો, બીજાનો આશરો કાચો રે. શં૦ ૧

દ્રવ્યથી દેવ દાનવ પૂજે, ગુણ શાંત રૂચિપણું લીજે;
અરિહા પદ પરિમલ છાજે, મુદ્રા પદ્માસન રાજે રે. શં૦ ૨

સંવેગે તજી ઘરવાસો, પ્રભુ પાર્શ્વના ગણધર થાશો;

તવ મુક્તિપુરીમાં જાશો, ગુણ લોકમાં વચણે ગવાશોરે; શં૦૩
એમ દામોદર જિન વાણી, આષાઢી શ્રાવકે જાણી;
જિન વંદી નિજ ઘર આવે,પ્રભુ પાર્શ્વની પ્રતિમા ભરાવેરે.શં૦૪
ત્રણ કાલ તે ધૂપ ઉખેવે, ઉપગારી શ્રી જિન સેવે;
પછી તેહ વૈમાનિક થાવે, તે પ્રતિમા પણ તિહાં લાવેરે.શં૦૫
ઘણાં કાળ પૂજી બહુ માને, વળી સૂરજ ચંદ્ર વિમાને;
નાગલોકનાં કષ્ટ નિવાર્યાં, જ્યારે પાર્શ્વ પ્રભુજી પધાર્યાંરે. શં૦૬
યદુ સૈન્ય રહ્યો રણ ઘેરી, જીત્યા નવ જાયે વૈરી;
જરાસંઘે જરા તવ મેલી, હરિ બલ વિના સઘળે ફેરીરે. શં૦૭
નેમીશ્વર ચોકી વિશાલી, અઠ્ઠમ કરે વનમાળી;
તુઠી પદ્માવતી બાળી, આપે પ્રતિમા ઝાક ઝમાલીરે. શં૦૮
પ્રભુ પાર્શ્વની પ્રતિમા પૂજી, બલવંત જરા તવ ધ્રૂજી;
છંટકાવ ન્હવણ જળ જોતી, જાદવની જરા જાય રોતીરે.શં૦૯
શંખ પૂરીને સૌને જગાવે, શંખેશ્વર ગામ વસાવે;
મંદિરમાં પ્રભુ પધરાવે, શંખેશ્વર નામ ધરાવેરે. શં૦ ૧૦
રહે જે જિનરાજ હજૂરે, સેવક મનવાંછિત પૂરે;
એ પ્રભુજીને ભેટણ કાજે, શેઠ મોતીભાઈના રાજેરે. શં૦૧૧
નહાના માણેક કેરા નંદ, સંઘવી પ્રેમચંદ વીરચંદ;
રાજનગરથી સંઘ ચલાવે,ગામે ગામના લોક મળી આવેરે.શં૦૧૨
અઢાર અઠોતેર વરસે, ફાગણ વદી તેરસ દિવસે;
જિન વંદીને આનંદ પાવે; શુભવીર વચન રસ ગાવેરે.શં૦ ૧૩

## ૪૬ શ્રી પાર્શ્વનાથનું સ્તવન.

ગંગા તટે તપોવનમાંરે, બની રચના ભારી;
પંચ અગ્નિથી તપતોરે, તાપસ બહુ અહંકારી. ગંગા૦
પાર્શ્વકુંવર આવી કહે, સુણ તપસી એક વાત;
આવડી તપસ્યા કયા કરે, જીવ બળે સાક્ષાત;
જાણ્યા વિના તપ ફળરે, નથી કામ શુભકારી;
અજ્ઞાનીની તપસ્યારે, દુર્ગતિ અધિકારી. ગંગા૦ ૨
તવ તટકી તાપસ કહે, સુણ તું રાજકુમાર;
અશ્વ ખેલાવી જઇ કરી, શું જાણે તપસ્યા સાર;
તવ અગ્નિ બલતોરે, કઢાવ્યો પન્નગ ભારી;
નવકાર સુણાવીરે, કીધો ઈન્દ્ર અવતારી. ગંગા૦ ૩
કમઠકાર જોગી ચ્યવી, થયો તે મેઘકુમાર;
પાર્શ્વ પ્રભુની ઉપરે, વરસાવે જલધાર;
પૂર્વ ભવ વૈરેરે, કરે ઉપસર્ગ ભારી;
ઇંદ્રાસન ચલીયોરે, જુવે અવધિ ધારી. ગંગા૦ ૪
ધરણેંદ્ર પદ્માવતી, આવ્યા તિહાં તતકાલ;
ઉંચી પીઠ રચિ કરી, થાપ્યા ત્રિભુવન પાસ;
ફણી છત્રની છાયરે, પ્રભુ મસ્તક ધારી,
કષ્ટ કર્મને જાણીરે, દીયે શિક્ષા ભારી. ગંગા૦ ૫
ઓગણીસે એકાવને, અહમદનગર સતવી સાલ;
બાલમિત્રની અર્જથી, થાપ્યા ત્રીભુવનપાસ,

મેં જાણ્યો ભાવ ગાવેરે, સુણો તમે નરનારી,
કહે હંસવિજયજીરે, પામો તમે ભવપારી. ગંગા० ૬

## ૪૭ શાંન્તિનાથનું સ્તવન.

તું પારંગત તું પરમેશ્વર વાલા મારા,
તું પરમારથવેદી, તું પરમાતમ તું પુરૂષોત્તમ,
તુંહિ અછેદી અવેદીરે, મનના મોહનીયા,
તારી કીકી કામણગારીરે જગના સોહનિયા. ૧
યોગી અયોગી ભોગી અભોગી,વાલા તુહીંજ કામી અકામી;
તુંહી અનાથ નાથ સહુ જગનો,
આતમ સંપદ રામીરે. મનના० તારી० ૨
એક અસંખ્ય અનંત અનુચર, વાલા મારા, અકળ
સકલ અવિનાશી; અરસ અવર્ણ અગંધ અફાસી,
તું હી અપાસી અનાશીરે. મનના० તારી० ૩
મુખ પંકજ ભમરી પરે અમરી, વાલા મારા તુંહી સદા
બ્રહ્મચારી; સમવસરણ લીલા અધિકારી,
તુંહીજ સંયમ ધારીરે. મનના० તારી० ૪
અચિરાનંદન અચરિજ એહી, વાલા મારા કહણી
માંહિ ન આવે; ક્ષમા વિજય જિન વયણ સુધારસ,
પીવે તેહીજ પાવેરે. મનના० તારી० ૫

## ૪૯ શ્રી વાસુપૂજ્ય સ્વામીનું સ્તવ.ન

લાજ રાખો પ્રભુ મારી, દયાળુ દેવા, લાજ રાખો પ્રભુ મારી;
બહુ ભવ ભટકી શરણે આવ્યો, શ્રી વાસુપૂજ્ય તમારી. દયાળુ० ૧

કાળ અનંતો નરક નિગોદે, ભમિયો બહુ દુઃખ ભારી. દયાળુ૦ ૨
પરમાધામી દેવ મુજને, ત્રાસ પડાવ્યો અપારી. દયાળુ૦ ૩
તિરીયગતિ પણ મહા પાપકારી, વધ બંધન કરનારી. દયાળુ૦ ૪
સુરનર ગતિમાં કામે વિટંબ્યો, કર્મે કરી કીકીયારી. દયાળુ૦ ૫
એક ગતિમાં શાતા ન પામ્યો, શી કહું કથની હું મારી. દયાળુ૦ ૬
તારકતા તુજ સાંભળી આજે, આવ્યો છું આશાધારી. દયાળુ૦ ૭
મોહ પિંજરથી છોડાવો મુજને, આપનો હું છું આભારી. દયાળુ૦ ૮
દિનદશામાં બાકી ન રાખી, બની ગયો છું લાચારી. દયાળુ૦ ૯
નિર્યામક થઇ ભવસાગરથી, લેજો મુજને ઉગારી. દયાળુ૦ ૧૦
શુદ્ધ બુધ મારી ગઇ છે ચાલી, હિંમત ગયો છું હું હારી. દ૦ ૧૧
દયાના સિંધુ કરૂણા કરીને, સેવકને લેજો તારી. દયાળુ૦ ૧૨
સૂરિ નીતિના બાળ ઉદયને, મેળવજો શિવ નારી. દયાળુ૦ ૧૩

## ૪૯ ભીલડીપુર પાર્શ્વજિન સ્તવન.

ભીલડીપુર મંડણ, સોહીએ પાસ જિણંદ;
તેહને તમે પૂજો, નર નારીના વૃંદ;
મેહ ત્રૂઠયો આપે ધણકણ, કંચન કોડ;
તે શિવ પદ પામે કર્મ તણા ભય છોડ. ૧
ધન ઘસીયા ઘનાઘન કેશરના રંગરોળ;
તેહમાં તમે ભેળો કસ્તુરીના ઘોલ;
તેણે શું પૂજો ચઉવીસે જિણંદ;
જેમ દૈવે દુઃખ જાવે આવે ઘર આનંદ. ૨

ધરા ત્રિગડે જિન બેઠા, સોહિએ સુંદર રૂપ;
તસ વાણી સુણવા આવી પ્રણમે ભૂપ;
વાણી જોજનની, સુણજો ભવિયણ સાર;
તે સુણતાં હોશે પાતિકનો પરિહાર. ૩
પાય રૂમઝુમ રૂમઝુમ ઝાંઝરનો ઝમકાર;
પદ્માવતી બોલે પાર્શ્વતણે દરબાર;
સંઘ વિઘ્ન હરજો કરજો જય જયકાર;
એમ સોભાગ્ય વિજય કહે સુખ સંપત્તિ દાતાર. ૪

## ૫૦ પાર્શ્વનાથનું સ્તવન.

સ્તંભનપુરના પાર્શ્વ પ્રભુના મહિમાનો નહી પાર,
પ્રભુના મહિમાનો નહી પાર. ૧
મૂરતિ દીઠી મોહનગારી, ભવ્યોના મનડા હરનારી;
શોભા અપરંપાર. પ્રભુના૦ ૨
મુખડું દીપે પુનમ ચંદા, દરિશન કરતાં પરમાનંદા;
પામે જ્ઞાન અપાર. પ્રભુના૦ ૩
કસ્તુરી શમ શ્યામ શરીર, સાગર સમ ગંભીર ધીર;
શાન્તિના સાગાર. પ્રભુના૦ ૪
પ્રભાત સમયે દરિશન કરતાં, કાળ અનાદિ કષ્ટો હરતાં;
તેજ તણા ભંડાર. પ્રભુના૦ ૫
નેમિઅમૃત પદ પુન્યે પામી, ધર્મ ધુરન્ધર જીવ વિશરામી;
વંદુ વારંવાર. પ્રભુના૦ ૬

## ૫૧ શ્રી મહાવીર સ્વામીનું સ્તવન.

મહાવીર સુકાની થઈને સંભાળ, નૈયા મધદરીએ બૂડતી;
સાચો કીનારો કંઇક બતાવ, તું છે જીવનનો સારથી;
જીવન નૈયા ભવ સાગરમાં બૂડતી આફતની આગમાં;
અંધારે ઝુલતી વાગે માયાના મોજા અપાર હાંકુ તારા આધારથી;
મહાવીર સુકાની થઈને સંભાળ નૈયા; મધ દરીએ બૂડતી. ૧
વૈભવના વાયરા દિશા દિશા ભુલાવતાં,
આશાના આભલા મનને ઝુલાવતાં, તોફાન જાગ્યું છે
હૃદય મોઝાર, હોડી હલકારો મારતી. મહા૦ ૨
ઉંચે છે આભ ને નીચે છે ધરતી,
મનથી માન્યો એક સાચો તું સારથી,
જૂઠો જાણ્યો આ સઘળો સંસાર, જીવું તારા આધારથી. મહા૦૩
કાયાની હોડીને કાચું છે લાકડું, તું છે મ્હારી ને હું તારૂં માંકડું,
દોરી ભકતોની ઝાલી કિરતાર,ઝુલું તારા આધારથી. મહા૦૪
તોફાની સાગરથી ભકતને તારજો,
અરજી અમારી પ્રભુ જલ્દી સ્વીકારજો, દરિસન દેજો હો વારંવાર;
જીવન તારા સંયોગથી. મહા૦ ૫

## ૫૨. જિન પ્રતિમા મંડન સ્તવન.

ભરતાદિકે ઉદ્ધારજ કીધો, શત્રુંજય મોઝાર; સોના
તણાં જેણે દેહરાં કરાવ્યાં, રત્ન તણાં બિંબ સ્થાપ્યાં હો,
કુમતિ કાં જિન પ્રતિમા ઉત્થાપી; એ જિન વચને થાપી
હો. કુમતિ કાં જિન પ્રતિમા ઉત્થાપી—એ આંકણી. ૧

વીર પછી બસેં નેવું વર્ષે, સંપ્રતિરાય સુજાણ; સવા લાખ જિન દેહરાં કરાવ્યાં, સવા કોડી બિંબ સ્થાપ્યાં હો. કુમતિ૦ ૨

દ્રૌપદીએ જિન પ્રતિમા પૂજી, સૂત્રમેં શાખ કરાણી, છઠે અંગે વીરે ભાખ્યું, ગણધર પૂરે સાખી હો. કુમતિ૦ ૩

સંવત નવસેં ત્રાણું વરસે, વિમલ મંત્રીશ્વર જેહ; આબુ તણાં જેણે દેહરાં કરાવ્યાં, પાંચ હજાર બિંબ સ્થાપ્યાં હો. કુમતિ૦ ૪

સંવત અગિઆર નવાણું વર્ષે,
રાજા કુમારપાળે પાંચ હજાર પ્રાસાદ કરાવ્યાં;
સાત હજાર બિંબ સ્થાપ્યાં હો. કુમતિ૦ ૫

સંવત બાર પંચાણું વર્ષે, વસ્તુપાળ તેજપાળ;
પાંચ હજાર પ્રાસાદ કરાવ્યાં,
અગિઆર હજાર બિંબ સ્થાપ્યાં હો. કુમતિ૦ ૬

સંવત બાર બહોંતેર વર્ષે, ધનો સંઘવી જેહ;
રાણકપૂર જિન દેહરાં કરાવ્યાં,
ક્રોડ નવાણું દ્રવ્ય ખરચ્યો હો. કુમતિ૦ ૭

સંવત તેર એકોતેર વર્ષે, સમરોશા રંગ શેઠ;
ઉદ્ધાર પંદરમો શત્રુંજય કીધો,
અગીઆર લાખ દ્રવ્ય ખરચ્યો હો. કુમતિ૦ ૮

સંવત પંદર સત્યાશી વરસે, બાદશાહને વારે;

ઉદ્ધાર સોલમો શત્રુંજય કીધો,
કર્માશાએ જશ લીધો હો. કુમતિ૦ ૯
જિન પ્રતિમા જિન સરખી જાણી, પૂજો ત્રિવિધે તુમે પ્રાણી;
જિન પ્રતિમામાં સંદેહ ન રાખો,
વાચક જશની એ વાણી હો. કુમતિ૦ ૧૦

## ૫૩ શ્રી ચંદ્રપ્રભુ જિન સ્તવન.

સાચો હો પ્રભુ સાચો તું વીતરાગ, જાણ્યો હો પ્રભુ જાણ્યો મેં નિશ્ચય કરીજી; કાચો હો પ્રભુ કાચો મોહ જંજાલ, છાંડો હો પ્રભુ છાંડો તે સમતા ધરીજી. ૧

સેવે હો પ્રભુ સેવે દેવની કોડી, જોડી હો પ્રભુ જોડી નીજ કર આગલેજી; દેવ હે પ્રભુ દેવ ઇંદ્રની નાર, દૃષ્ટિ હો પ્રભુ દૃષ્ટિ તુજ ગુણ રાગ લેજી. ૨

ગાવે હો પ્રભુ ગાવે કિન્નરી ગીત, ઝીણે હો પ્રભુ ઝીણે રાગે રસ ભરીજી, બોલે હો પ્રભુ બોલે ખગ જશ વાદ, ભાવે હો પ્રભુ ભાવે મુનિ ધ્યાને ધરીજી. ૩

સોહે હો પ્રભુ, સોહે અતિશય રૂપ; બેસે હો પ્રભુ બેસે કનક સિંહાસનેજી, ગાવે હો પ્રભુ ગાવે સંકરો નાદ, રાજે હો રાજે, સંઘ તુજ શાસનેજી. ૪

તું તો હો પ્રભુ તું તો તાહરે રૂપ, ભુંજે હો પ્રભુ ભુંજે સંપદ આપણીજી; નાઠી હો પ્રભુ નાઠી કર્મ ગતિ દૂર; ઉઠી હો પ્રભુ ઉઠી તુજથી પાપીણીજી. ૫

જુઉ હો પ્રભુ જુઉ મુજ એક વાર, સ્વામી હો પ્રભુ
સ્વામી ચંદ્ર પ્રભુ ધણીજી; વાધે હો પ્રભુ વાધે કીર્તિ અપાર;
પામે હો પ્રભુ પામે શિવ લચ્છી ધણીજી. ૬

## ૫૪ શ્રીગૌતમ સ્વામીનું સ્તવન.

પહેલો ગણધર વીરનોરે, શાસનનો શણગાર;
ગૌતમ ગોત્ર તણો ધણીરે, ગુણમણી રયણ ભંડાર;
જયંકર જીવો ગૌતમ સ્વામ, ગુણ મણિ કેરો ધામ. જયં૦
નવનિધિ હોય જસ નામ, જ૦ પૂરે વંછિત કામ. જ૦ ૧
જયેષ્ટા નક્ષત્રે જનમીઆરે, ગોબર ગામ મોઝાર;
વિશ્વભૂતિ પૃથ્વી તણોરે, માનવી મોહનગાર. જ૦ ૨
સમવસરણ દેવે રચ્યું રે, બેઠા શ્રી વર્ધમાન;
બેઠી તે બારે પર્ષદારે, સુણવા શ્રી જિનવર વાણ. જ૦ ૩
વીર કને દીક્ષા ગ્રહી રે, પાંચસોને પરિવાર;
છઠ્ઠ છઠ્ઠ કરી પારણું રે, ઉગ્ર કરે વિહાર. જ૦ ૪
અષ્ટાપદ લબ્ધે કરીરે, વાંદ્યા જિન ચોવીસ;
જગ ચિંતામણિ તિહાં કરીરે, સ્તવીઆ એ જગદીશ. જ૦ ૫
પનરસો તાપસ પારણાંરે, ખીર ખાંડ ધૃત આણ;
અમૃત જસ અંગુઠડેરે, ઉગ્યો કેવળ ભાણ. જ૦ ૬
દીવાળી દિન ઉપજ્યું રે, પ્રત્યક્ષ કેવલજ્ઞાન;
અક્ષયલબ્ધિ તણો ધણીરે, ગુણમણિ રયણ ભંડાર. જ૦ ૭
પચાસ વર્ષ ગૃહવાસમાં રે, છદ્મસ્થપણાએ ત્રીશ;
બાર વર્ષ લગે કેવળી રે, આઉ બાણું જગીશ. જ૦ ૮

ગૌતમ ગણુધર સરિખારે, શ્રી વિજયસેન સૂરીશ;
એ ગુરૂ ચરણુ પસાઉલેરે, વીર નમે નિશદિશ. જ૦ જી૦ ૯

**૫૫ શ્રી ઋષભદેવ સ્વામીનું પારણું.**

શ્રી જિન વનમાં જઇ તપ કરે, ફર્યા માસ છ માસ;
તપતાં તપતાં પુર મહીં, આવ્યા વહોરવા કાજ;
પ્રથમ જિનેશ્વર પારણે. ૧
વિનીતા નગરી રળીયામણી, ફરતાં શ્રી જિનરાજ;
ગલીએ ગલીએ રે જો ફરે, વહોરાવે નહી કોઈ આહાર. પ્ર૦ ૨
હાળી હાલેરૂં ફેરવે, બળદ ધાન્યજ ખાય;
હાળી મારે રે મૂરખો, તે દેખે જિનરાજ. પ્ર૦ ૩
શીંકલી સારીરે શોભતી, કરી આપે જિનરાજ;
બળદને શિંકા બંધાવીયા, ઉદય આવ્યાં એ આજ. પ્ર૦ ૪
હાથી ઘોડા ને પાલખી, લાવી કરેરે હજૂર;
રથ શણગાર્યા શોભતા, લ્યો લ્યો કહે વળી શૂર. પ્ર૦ ૫
થાળ ભર્યો સમ મોતીડે, ઘુમર ગોતડી ખાસ;
વીરા વચને ઘણું કરે, તે લે નહી લગાર. પ્ર૦ ૬
વિનીતા નગરી વેશશું, ફરતા શ્રી જિનરાય;
શેરીયે શેરીયે રે જો ફરે, આપે નહિ કોઇ આહાર. પ્ર૦ ૭
હરિશ્ચંદ્ર સરખો રે રાજીયો, સુતારા સતી નાર;
માથે લીધો રે મોરીયો, નીચ ઘેર પાણીડાં જાય. પ્ર૦ ૮
સીતા સરખી રે મહાસતી, રામ લક્ષ્મણ હોય જુદ;
કર્મે કીધાં રે ભમંતડાં, બાર વરસ વન દૂર. પ્ર૦ ૯

કર્મ તો કેવળીને નડયાં, મૂકયા લોહીજ થામ;
કર્મથી ન્યારારે જે હુવા, પહોંચ્યા શિવપુર ઠામ. પ્ર૦ ૧૦
કર્મે સુધાકર સૂરને, ભમતાં કર્યાં દિન રાત;
કર્મે કરણી જેવી કરી, ઝંપે નહી તિલ માત્ર. પ્ર૦ ૧૧
વિનીતા નગરી રળીયામણી, માંહી છે વર્ણ અઢાર;
લોક કોલાહલ ઘણો કરે, કંઇ ન લે મહારાજ. પ્ર૦ ૧૨
પ્રભુજી તિહાં ફરતા થકાં, માસ ગયા દશ હોય;
ત્યાં કને અંતરાય તૂટશે, પામશે આહારજ સોય. પ્ર૦ ૧૩
શ્રી શ્રેયાંશ નરેશરૂ, બેઠા ચોબારા બહાર;
પ્રભુ ફરતારે નિરખિયા,વહોરાવે નહીં કોઈઆહાર. પ્ર૦૧૪
શ્રી શ્રેયાંશ નરેશરૂ, મોકલ્યા સેવક સાર;
પ્રભુજી પધારો પ્રેમશું, છે સૂઝતો આહાર. પ્ર૦ ૧૫
સો દશ ઘડા ત્યાં લાવીયા, શેરડી રસનો રે આહાર;
પ્રભુજીને વહોરાવે પ્રેમશું, વહોરાવે ઉત્તમ ભાવ. પ્ર૦ ૧૬
કરપાત્ર તિહાં માંડીયા, શગજ ચઢી અઘ નાશ;
છાંટો એક ન ભૂમિ પડે, ચોત્રીશ અતિશય સાર. પ્ર૦ ૧૭
પ્રથમ પારણું તિહાં કર્યું, દેવ બોલ્યા જેજેકાર;
ત્યાં કને વૃષ્ટિ સોના તણી, ક્રોડ સાડાબાર. પ્ર૦ ૧૮
શ્રીશ્રેયાંસ નરેશરૂ, લેશે મુક્તિનો ભાર;
જ્યોતમે જ્યોતિ ઝળમળે, ફરી એ નાવે સંસાર. પ્ર૦ ૧૯
સંવત અઢારક શોભતું, વર્ષ એકાણું જાણ;

સાગરચંદ કહે શોભતું, પારણું કીધું પ્રમાણ. પ્ર૦ ૨૦
જે એ શીખે જે સાંભળે, તેને અભિમાન ન હોય;
તે ઘર અવિચળ વધામણાં, લેશે શિવપુર સોય. પ્ર૦ ૨૧

## ૫૬ શ્રી પાર્શ્વનાથજીનું સ્તવન.

માતા વામાદે બોલાવે જમવા પાસને, જમવા વેળા થઇ છે રમવાને શિદ જાવ, ચાલો તાત તુમારા બહુ થાયે ઉતાવળા, વહેલા હાલોને ભોજનીયા ટાઢાં થાય. મા૦ ૧

માતાનું વચન સુણીને જમવાને બહુ પ્રેમશું, બુદ્ધિ બાજોઠ ઢાળી બેઠા થઇ હોંશિયાર; વિનય થાળ અજુઆલી, લાલન આગલ મૂકીયો, વિવેક વાટકીયો શોભાવે, થાલ મોઝાર. માતા૦ ૨

સમકિત શેલડીના છોલીને ગંઠ્ઠા મૂકીયા, દાનના દાડિમ દાણા ફોલી આપ્યા ખાસ; સમતા સીતાફલનો રસ પીજો બહુ રાજીયા, જુક્તિ જામફલ પ્યારા આરોગોને પાસ. માતા૦ ૩

મારા નાનડીયાને ચોખા ચિત્તના ચુરમા, સુમતિ સાકર ઉપર ભાવશું ભેળું ઘૃત; ભકિત ભજીયા પીરસ્યા પાસકુમારને પ્રેમશું; અનુભવ અથાણા ચાખો ને રાખો સરત. માતા૦ ૪

પ્રભુને ગુણ ગુંજામેં જ્ઞાન ગુંદવડા પીરસ્યા, પ્રેમના પેંડા જમજો માન વધારણ કાજ, જાણપણાની જલેબી

જમતાં ભાંગે ભૂખડી, દયા દૂધપાક અમીરસ આરોગોને આજ. માતા૦ ૫

સંતોષ શીરો ને વળી પુન્યની પુરી પીરસી, સંવેગ શાક ભલાં છે દાતાર ઢીલી દાળ; મોટાઇ માલપુવા ને પ્રભાવનાના પૂડલા, વિચાર વડી વધારી, જમજો મારા લાલ. માતા૦ ૬

રૂચિ રાયતા રૂડા પવિત્ર પાપડ પીરસ્યા, ચતુરાઇ ચોખા ઓસાવી આણ્યા ભરપૂર, ઉપર ઈંદ્રિય દમન દૂધ તપ તાપે તાતું કરી, પ્રીતે પીરસ્યું જમજો જગજીવન સહ નૂર. માતા૦ ૭

પ્રીતિ પાણી પીધાં પ્રભાવતીના હાથથી, તત્વ તંબોલ લીધાં શીયળ સોપારી સાથ; અકલ એલાયચી આપીને માતા મુખ વદે, ત્રિભુવન તારી તરજો જગજીવન જગનાથ. માતા૦ ૮

પ્રભુના થાલ તણા જે ગુણ ગાવે ને સાંભળે, ભેદભેદાંતર સમજે જ્ઞાની તેહ કહેવાય; ગુરૂ ગુમાન વિજયનો શિષ્ય કહે શીર નામીને, સદા સૌભાગ્ય વિજય ગાવે ગીત થાય સદાય. માતા૦ ૯

## ૫૭ શ્રી મહાવીર સ્વામીનું સ્તવન.

માતા ત્રિશલાના નંદ કુમાર, વીર ઘણું જીવો રે;
મારા પ્રાણ તણા આધાર, જગતનો દીવોરે. વીર૦ ૧

આમલકી ક્રીડાએ રમતાં, હાર્યો સુર પ્રભુ પામીરે;
સુણજો ને સ્વામીઆતમરામી, વાત કહું શિર નામીરે. વીર૦ ૨
સુધર્મા સુર લોકે રહેતાં, અમર મિથ્યાત્વે ભરાણોરે;
નાગદેવની પૂજા કરતા, શિર ન ધરી પ્રભુ આણરે. વીર૦ ૩
એક દિન ઈંદ્ર સભામાં બેઠા, સોહમપતિ એમ બોલે રે;
ધીરજ બલ ત્રિભુવનનું નાવે, ત્રિસલા બાલક તોલેરે. વી૦ ૪
સાચું સાચું સહુ સુર બોલ્યા, પણ મેં વાત ન માનીરે;
ફણીધરને લઘુ બાલક રૂપે, રમત રમીયો છાનીરે. વી૦ ૫
વર્ધમાન તમ ધૈર્યજ મોટું, બળમાં પણ નહિ કાચું રે;
ગિરૂઆના ગુણ ગિરૂઆ ગાવે, હવે મેં જાણ્યું સાચું રે. વી૦ ૬
એક મુષ્ટિ પ્રહારે મારે, મિથ્યાત્વી ભાગ્યો જાયરે;
કેવલ પ્રગટે મોહરાયને, રહેવાનું નહિ થાયરે. વીર૦ ૭
આજ થકી તું સાહિબ મારો, હું છું સેવક તારો રે;
ક્ષણ એકસ્વામીગુણ ન વિસારું, પ્રાણથકી તું પ્યારોરે.વી૦ ૮
મોહ હરાવે સમકિત પાવે, તે સુર સ્વર્ગ સિધાવે રે;
મહાવીર સ્વામી નામ ધરાવે, ઈંદ્ર સભા ગુણ ગાવેરે. વીર૦ ૯
પ્રભુ મલપંતા નિજ ઘર આવે, સરખા મિત્રે સોહાવે રે;
શ્રી શુભવીરનું મુખડું દેખી, માતાજી સુખ પાવેરે.વીર૦ ૧૦

## ૫૮ શ્રી મલ્લિનાથનું સ્તવન.

મન મોહનજી મલ્લીનાથ, સુણો મુજ વિનતિ;
હું તો બૂડયો ભવોદધિ માંહ્ય, પીડાયો કર્મે અતિ. મન૦ ૧

જ્યાં જ્યાં અધર્મ કેરાં કામ, તેમાં બહુ હરખીયો;
ધર્મકાજમાં ન દીધું ધ્યાન, માર્ગ નવી પરખીયો. મન૦ ૨
દુર્ગુણે ભર્યો રે હું બાલ, સુગુણ ગણ નવી રમ્યો;
મોહે મચ્યો સદા કાળ, હર્ષના ફંદે ફર્યો. મન૦ ૩
છલ કરીને ઘણું દગાબાજ, દ્રવ્યને મેં સંચીયા;
જુઠું લવી મુખ વાત, લોકોનાં મન હર્યાં. મન૦ ૪
પતિત પામર રંક જે, જીવ તેને છેતર્યા બહુ;
પાપે કરી પિંડ ભરાય, કથા કેટલી કહું. મન૦ ૫
પ્રભુ તાહરો ધર્મ લગાર, મેં તો નવિ જાણ્યો;
મેં તો ઉથાપી તુજ આણ, પાપે ભર્યો પ્રાણીઓ. મન૦ ૬
શુદ્ધ સમકિત તાહરૂં જેહ, તે મનથી ન ભાવિયું;
શંકા કંખા વિતિગિચ્છા માંહ્ય, પાખંડે પકાવીયું. મન૦ ૭
તકસીરો ઘણી મુજ નાથ, મુખે નવી ગણી શકું;
કરો માફી ગુના જગ ભ્રાત, કહી કેટલા બકું. મન૦ ૮
રીઝ કરીને ઘણું જગનાથ, ભવ પાશ તોડીએ;
શરણે રાખી મહારાજ, પછી કેમ છોડીએ. મન૦ ૯
મળીયા વાચક વીર સુજાણ, વિનયની આ વારમાં;
જેથી ટળીયા કુમતિના ફંદ, પ્રભુજી દેદારમાં. મન૦ ૧૦

## ૫૯ શ્રી નેમિનાથ જિન સ્તવન.

(અજિત જિણંદશું પ્રીતડી—એ દેશી)

પરમાતમ પૂરણ કળા, પૂરણ ગુણ હો પૂરણ જિન આશ;

પૂરણદષ્ટિ નિહાલીએ, ચિત્ત ધરીએ હો અમચી અરદાસ. પ૦ ૧
સર્વ દેશ ઘાતી સહુ અઘાતી, હો કરી ઘાત દયાળ;
વાસ કીયો શિવ મંદિરે, મોહે વિસરી હો ભમતો જગજાળ. પ૦ ૨
જગતારક પદવી લહી, તાર્યા સહી હો અપરાધી અપાર;
તાત કહો મોહે તારતાં, કિમ કીની હો ઇણ અવસર વાર. પ૦ ૩
મોહ મહા મદ છાકથી, હું છકીયો હો નહિ શુદ્ધિ લગાર;
ઉચિત સહી ઈણે અવસરે, સેવકની હો કરવી સંભાળ. પ૦ ૪
મોહ ગયે જો તારશો, તેણી વેળા હો કિંહા તુમ ઉપકાર;
સુખ વેળા સજ્જન ઘણાં, દુઃખ વેળા હો વિરલા સંસાર. પ૦ ૫
પણ તુમ દરિશન જોગથી, થયો હૃદયે હો અનુભવ પ્રકાશ;
અનુભવ અભ્યાસી કરે, દુઃખદાયી હો સહુ કર્મ વિનાશ. પ૦ ૬
કર્મ કલંક નિવારીને, નિજ રૂપે હો રમે રમતારામ;
લહે અપૂર્વ ભાવથી, ઇણ રીતે હો તુમ પદ વિશ્રામ. પ૦ ૭
ત્રિકરણ જોગે વિનવું, સુખદાયી હો શિવાદેવીના નંદ;
ચિદાનંદ મનમેં સદા, તુમે આવો હો પ્રભુ નાણ દિણંદ. પ૦ ૮

## ૬૦ શ્રી સિદ્ધાચળનું સ્તવન.

વિમળાચળ ગિરિ ભેટો ભવિયણ ભાવશું,
જેહથી ભવોભવ પાતિક દૂર પલાયજો;
નિકાચિત બાંધ્યા જે કર્મજ આકરાં,
ગિરિ ભેટતાં ક્ષણમાં સવિ ક્ષય થાયજો. વિમલા૦ ૧
સાધુ અનંતા ઈણ ગિરિવર સિદ્ધિ વર્યા,

રામ ભરત ત્રણ કોડી મુનિ પરિવાર જો;
પાંચસે સાથે શેલગે શિવપદ લહ્યું,
પાંડવ પાંચે પામ્યા ભવનો પાર જો. વિમલા૦ ૨

નમિ વિનમિ આદિ બહુ વિદ્યાધરા,
વળી થાવચ્ચા અઇમત્તા અણગાર જો;
શુકરાજ વળી સુખ તે ગિરિ પર પામીયા,
બાહ્ય અભ્યંતર શત્રુ કીધા છાર જો.વિમલા૦ ૩

યુગલા ધર્મ નિવારણ ઈણ ગિરિ આવિયા,
ઋષભ જિણંદજી પૂર્વ નવાણું વાર જો;
કાંકરે કાંકરે સાધુ અનંતા સિદ્ધીઆ,
માટે નિશ દિન સિદ્ધાચળ મન ધાર જો. વિમલા૦ ૪

ગિરિ પાગે ચઢતાં તન મન ઉલ્લસે,
ભવ સંચિત સવિ દુષ્કૃત દૂર પલાય જો;
સૂરજ કુંડે નાહી નિર્મલ થાઈએ,
જિનવર સેવી આતમ પાવન થાય જો. વિમલા૦ ૫

જાત્રા નવાણું કરીએ તન મન લગ્નથી,
ધરીએ શીલ સમતા વળી વ્રત પચ્ચખાણ જો;
ગણીએ ગરણું દાન સુપાત્રે દીજીએ,
દ્વેષ તજી ધરો શત્રુ મિત્ર સમાન જો. વિમળા૦ ૬

એ ગિરિ ભેટે ભવ ત્રીજે શિવ સુખ લહે;
પાંચમે ભવ તો ભવિયણ મુકિત વરાય જો;

સૂરિ ધનેશ્વર શુભ ધ્યાને ઇમ ભાખીયું;
પાપી અભવીને એ ગિરિ નવી ફરસાય જો. વિમળા૦ ૭
મૂળનાયક શ્રીઆદિ જિણંદજી ભેટીએ,
રાયણ નીચે પ્રણમો પ્રભુના પાય જો;
બાવન જિનાલય ચૌમુખ બિંબને વંદીએ,
સમેતશિખર અષ્ટાપદ રચના આંયજો. વિમળા૦ ૮
સકલ તીરથનો એ ગિરિવર છે રાજીયો,
તારણ તીરથ ભવોદધિ માંહી પોત જો;
સેવતાં એ ગિરિવર ઋદ્ધિ પામીયેં,
વરીએ શિવપદ કેવળ જ્યોતા જ્યોત જો. વિમળા૦ ૯

## ૬૧ શ્રી સિદ્ધાચલનું સ્તવન.

શેત્રુંજા ગઢના વાસી રે મુજરો માનજો રે,
સેવકની સુણી વાતો રે દીલમાં ધારજો રે;
પ્રભુ મેં દીઠો તુમ દેદાર, આજ મને ઉપન્યો હરખ અપાર,
સાહિબાની સેવારે ભવદુઃખ ભાંગશે રે,
સાહિબાની સેવારે, શિવસુખ આપશે રે. ૧
એક અરજ અમારી રે, દીલમાં ધારજો રે,
ચોરાસી લખ ફેરા રે, દૂર નિવાર જો રે;
પ્રભુ મને દુર્ગતિ પડતો રાખ, પ્રભુ મને દરિસણ વહેલું દાખ.
સાહિબા૦ ૨
દોલત સવાઈ રે, સોરઠ દેશની રે;
બલિહારી હું જાઉં રે, પ્રભુ તારા વેશની રે;

પ્રભુ તારૂં રૂડું દીઠું રૂપ; મોહ્યા સુર નર વૃંદ ને ભૂપ.
સાહિબા૦ ૩

તીરથ કોઇ નહિ રે, શેત્રુંજા સારખું રે;
પ્રવચન પેખીને, કીધું મેં તો પારખું રે;
ઋષભને જોઈ જોઈ હરખે જેહ, ત્રિભુવન લીલા પામે તેહ.
સાહિબા૦ ૪

ભવોભવ માગું રે, પ્રભુ તારી સેવના રે;
ભાવઠ ન ભાંગેરે, જગમાં જે વિના રે;
પ્રભુ મારા પૂરો મનના કોડ, ઈમ કહે ઉદય રત્ન કર જોડ.
સાહિબા૦ ૫

## ૬૨ શ્રી સિદ્ધાચળનું સ્તવન.

યહ વિમલ ગિરિવર, શિખર સુંદર, સકલ તીરથ સાર રે;
નાભિનંદન ત્રિજગવંદન, ઋષભ જિન સુખકારરે; યહ વિ૦ ૧
ચૈત્ય તરૂવર રૂખ રાયણ, તેમ અતિ મનોહાર રે;
નાભિનંદન તણાં પગલાં, ભેટતાં ભવપાર રે. વિ૦ ૨
સમવસર્યા આદિ જીનવર, જાણી લાભ અનંત રે;
અજિત શાંતિ ચોમાસું રહીઆ, ઈમ અનેક મહંત રે; વિ૦ ૩
સાધુ સિધ્યા જિહાં અનંતા, પુંડરીક ગણધાર રે;
શાંબ ને પ્રદ્યુમ્ન પાંડવ, પ્રમુખ બહુ અણગાર રે. વિમ૦ ૪
નેમિ જીનનો શિષ્ય થાવચ્ચા, સહસ અષ્ટ પરિવાર રે;
અંતગડ જિન સૂત્ર માંહે, જ્ઞાતા સૂત્ર મોઝાર રે. વિ૦ ૫

ભાવ સહિત જે ભવિક ફરશે, સિદ્ધ ક્ષેત્ર સુ ઠામ રે;
નારક તિર્યંચ દોય નિવારે, જપે લાખ જિન નામ રે. વિ૦ ૬
રયણમય જે ઋષભ પ્રતિમા, પંચ સયા ધનુમાન રે;
નિતુ પ્રત્યે ઇંદ્ર પૂજે, દુષમ સમય પરમાણ રે. વિ૦ ૭
ત્રીજે ભવ જે મુક્તિ પહોંચે, સિદ્ધ ક્ષેત્ર સુઠામ રે;
દેવ સાનિધ્ય સકળ વાંછિત, પૂરવે સસનેહ રે. વિ૦ ૮
એણી પેરે જેનો સબળ મહિમા, કહ્યો શાસ્ત્ર મોઝાર રે;
જ્ઞાન વિમલ ગિરિ ધ્યાન ધરતાં, મુજ આવાગમન નિવાર રે. વિ૦ ૯

## ૬૩ વીર પ્રભુનું સ્તવન.

(વીર પ્રભુ સિદ્ધ થયા—એ રાગ)

હસ્તિપાલ રાજાની સભા મધ્યે રે, છેલ્લું ચોમાસું રે વીર;
બેંતાળીસમું ત્યાં કર્યું રે, પ્રણમું સાહસ ધીર રે. વી૦ ૧
દેવશર્માને પ્રતિબોધવા રે, એમ જાયે ગૌતમ સ્વામ;
ઉત્તરાધ્યયન પ્રરૂપતા રે, મોક્ષ ગયા ભગવાન રે. વી૦ ૨
સ્વાર્થ મુહૂર્ત આવે થકે રે, છઠ ચોવિહારો રે કીધ;
દેશ અઢારના રાય મલી રે, સઘલા પોસહ લીધ રે. વી૦ ૩
પ્રભાતે ગૌતમ હવે, પાછા વલી આવે રે ઠામ;
દેવ દેવી સહુ દેખીને રે, એમ કહે ગૌતમ સ્વામ રે. વી૦ ૪
રાજાને પ્રજા સહુ રે, સબ શોકાતુર હોય;
દેવ દેવીઓ શોકાતુર થયા રે, શું કારણ તસ હોય રે. વી૦ ૫
તવ તે વલતું એમ કહે રે, સુણજો ગૌતમ સ્વામ.

આજની પાછલી રાતમાં રે, વીર પ્રભુ થયા નિરવાણ રે. વી૦
વજાહત ધરણી ઢળ્યા રે, મૂર્છા ગૌતમ સ્વામ;
સાવધાન વાયુયોગે થયારે, પછી વિલાપ કરે મોહ લાયરે. વી૦ ૭
ત્રણ લોકનો સૂરજ આથમ્યોરે, એમ કહે ગૌતમ સ્વામ;
મિથ્યાત્વરૂપી અંધકારનો રે, ઉદય થાશે ગામોગામ રે. વી૦ ૮
રાક્ષસ સરખા દુષ્કાળ રે, પડશે ગામો રે ગામ;
પંચમ આરાના માણસ દુઃખી થશેરે,તમે ગયા મોક્ષ મોઝાર.વી૦ ૯
ચંદ્ર વિના આકાશમાં રે, દયા વિના ધર્મ ન હોય;
સુરજ વિના જંબુદ્વીપમાં રે, તેમ તુમ વિના પ્રભુ હોય રે. વી૦ ૧૦
પાખંડી કુગુરૂ તણારે, કોણ હઠાવશે જોર;
જ્ઞાનવિમલસૂરિ એમ કહે રે, દીએ ઉપદેશ બહુ જોર રે. વી૦ ૧૧

## ૬૪ શ્રી સિદ્ધચક્ર-નવપદજીનું સ્તવન.

સિદ્ધચક્ર વર સેવા કીજે, નરભવ લાહો લીજે જી;
વિધિ પૂર્વક આરાધન કરતાં, ભવભવ પાતિક છીજે;
ભવિજન ભજીયે જીરે, અવર અનાદિની ચાલ;
નિત્ય નિત્ય તજીયે જીરે.—એ ટેક. ૧
દેવનો દેવ દયાકર ઠાકર, ચાકર સુર નર ઇંદ્રાજી;
ત્રિગડે ત્રિભુવન નાયક બેઠા, પ્રણમો શ્રી જિનચંદા. ભવી૦ ૨
આજ અવિનાશી અકળ અજરામર, કેવલ દંસણ નાણીજી;
અવ્યાબાધ અનંતુ વીરજ, સિદ્ધ પ્રણમો ગુણખાણી. ભવી૦ ૩
વિદ્યા સૌભાગ્ય લક્ષ્મી પીઠ, મંત્રરાજ યોગ પીઠજી;

સુમેરૂ પીઠ એ પંચ પ્રસ્થાને, નમો આચારજ ઈઠ્ઠ. ભવી૦ ૪
અંગ ઉપાંગ નંદિ અનુયોગા, છ છેદ ને મૂળ ચારજી;
દસ પયન્ના એમ પણયાલીસ, પાઠક તેહના ધાર. ભવી૦ ૫
વેદ ત્રણ ને હાસ્યાદિક ષટ્, મિથ્યાત્વ ચાર કષાયજી;
ચૌદ અભ્યંતર નવ વિધ બાહ્યની, ગ્રંથી તજે મુનિરાય. ભ૦ ૬
ઉપશમ ક્ષયઉપશમ ને ક્ષાયક, દર્શન ત્રણ પ્રકારજી;
શ્રદ્ધા પરિણતિ આતમ કેરી, નમીયે વારંવાર. ભવી૦ ૭
અઠ્ઠાવીસ ચૌદ ને ષટ્ દુગ ઇગ, મત્યાદિકના જાણજી;
એમ એકાવન ભેદે પ્રણમો, સાતમે પદ વર નાણ. ભવી૦ ૮
નિવૃત્તિ ને પ્રવૃત્તિ ભેદે, ચારિત્ર છે વ્યવહારજી;
નિજ ગુણ સ્થિરતા ચરણ તે પ્રણમો, નિશ્ચે શુદ્ધ પ્રકાર. ભ૦ ૯
બાહ્ય અભ્યંતર તપ તે સંવર, સમતા નિર્જરા હેતુજી;
તે તપ નમીયે ભાવ ધરીને, ભવ સાગરમાં સેતુ. ભવી૦ ૧૦
એ નવપદમાં પણ છે ધર્મી, ધર્મ તે વરતે ચારજી;
દેવ ગુરૂ ને ધર્મ તે એહમાં, હોય ત્રણ ચાર પ્રકાર. ભવી૦ ૧૧
માર્ગદેશક અવિનાશીપણું, આચાર વિનય સંકેતેજી;
સહાયપણું ધરતા સાધુજી, પ્રણમો એહીજ હેતે. ભ૦ ૧૨
વિમળેશ્વર સાંનિધ્ય કરે તેહની, ઉત્તમ જે આરાધેજી;
પદ્મ વિજય કહે તે ભવિ પ્રાણી, નિજ આતમ હિત સાધે. ભ૦ ૧૩

## ૬૫ શ્રી શત્રુંજયનું સ્તવન.

ડુંગર ટાઢોને ડુંગર શીતલો, ડુંગર સિધ્ધા સાધુ અનંતદ રે; ડુંગર પેલો ને ડુંગર ફુટડો; ત્યાં વસે મારૂદેવીનો નંદ રે; ત્યાં વસે સુનંદાનો કંથ રે. ફૂલના ચોસર પ્રભુજીને શિર ચડે—એ ટેક. ૧

પહેલે આરે શ્રીપુંડરીકગિરિ, એશી જોજનનું પ્રમાણ રે; બીજે સીત્તેર જોજન જાણિએ, તીજે સાઠ જોજનનું માનરે. ફૂલના૦ ૨

ચોથે આરે પચાસ જોજન જાણીએ, પાંચમે બાર જોજનનું માનરે; છઠ્ઠે આરે સાત હાથ જાણીએ, એણિ પેરે બોલે શ્રી વર્ધમાન રે. ફૂલના૦ ૩

એણે ગિરિ ઋષભ જિણંદ સમોસર્યા, પ્રભુજી પૂર્વ નવાણું વાર રે; જાત્રા નવાણું જે જુગતે કરે, ધન ધન તે નરનો અવતાર રે. ફૂલના૦ ૪

જે નર શત્રુંજય ભેટયા સહી, જે નરે પૂજ્યા આદિ જિણંદરે; દાન સુપાત્રે જેણે દીધું સહી, તે નાવે ફરી ગર્ભાવાસ રે. ફૂલના૦ ૫

જે નર શત્રુંજય ભેટા નહી, જેણે ન પૂજ્યા આદિ જીણંદ રે; દાન સુપાત્રે જેણે દીધું નહી, તસ નવી છૂટે કર્મનો પાસ રે; એમ કહે રૂપવિજયનો દાસ રે, પૂરો પ્રભુજી મારી આશ રે. ફૂલના૦ ૬

## ૬૬ શ્રી શાંતિનાથ પ્રભુનું સ્તવન.

મ્હારો મુજરો લ્યોને રાજ—સાહેબ શાંતી સલુણા,
અચિરાજીના નંદન તોરે, દર્શન હેતે આવ્યો;
સમકિત રીઝ કરોને સ્વામી,
ભકિત ભેટણું લાવ્યો. મ્હારો૦ ૧
દુઃખ ભંજન છે બિરૂદ તુમારૂં, અમને આશા તુમારી;
તમે નિરાગી થઇને છૂટો, શી ગતિ હોશે અમારી—મ્હારો૦ ૨
કહેશે લોક ન તાણી કહેવું, એવડું સ્વામી આગે;
પણ બાળક જો બોલી ન જાણે, તો કિમ વહાલો લાગે. મ્હા૦૩
મ્હારે તો તું સમરથ સાહિબ, તો કેમ ઓછું માગું;
ચિંતામણિ જેણે ગાંઠે બાંધ્યું, તેહને કામ કિશાનું. મ્હા૦ ૪
અધ્યાત્મ રવિ ઉગ્યો મુજ ઘર, મોહ તિમિર હર્યું જુગતે;
વિમલવિજય વાચકનો સેવક, રામ કહે શુભ ભગતે. મ્હા૦ ૫

## ૬૭ શિખરજીનું સ્તવન.

ધન્ય ધન્ય શિખર ગિરિરાજ, આનંદ આજે અતિ ભલો રે; મુજ સિધ્યાં સઘળાં કાજ, આ૦ ભાવે ભેટયા શ્રી ભગવાન, દિન દિન ચડતે પરિણામ. આ૦ ૧

શ્રી ધર્મનાથજીને ભાણ, આ૦ રતનપુરી હુવા ચાર કલ્યાણ; આ૦ પ્રથમ રૂષભ જિણંદ અવતાર, આ૦ કલ્યાણક હુવા ત્રણ મનોહર. આ૦ ૨

અજિત સુમતિ અનંત પ્રભુ જાણ, આ૦ કર્મે અભિ-

નંદન ચાર કલ્યાણ; આ૦ થયા અયોધ્યા નગરી મોઝાર, આ૦ શ્રી નાભિરાયા કુલ શણગાર. આ૦ ૩

નયરી કાશી વણારસી ધાટ, આ૦ પાર્શ્વ સુપાર્શ્વ કલ્યાણક આઠ; આ૦ તિહાં સિંહપુરી શ્રેયાંસ કુમાર, આ૦ થયાં કલ્યાણક નિરૂપમ ચાર. આ૦ ૪

વળી ચંદ્રાવતી ચંદ્ર પ્રભુ ધાર, આ૦ ભાગિરથી તીરે કલ્યાણક ચાર; આ૦ પંચ નગરી ચંપાપુરી વાર, આ૦ થયા બારમા પ્રભુના દેદાર. આ૦ ૫

પ્રથમ પટણાપુર અભિરામ, આ૦ સુદર્શન સ્થુલિભદ્ર સ્વામ; આ૦ વલી વિશાલા નગરી મોઝાર, આ૦ ત્યાં જિન મંદિર છે ચાર. આ૦ ૬

વસે બાબુ ગોવિંદચંદ ધીર, આ૦ કરે સંઘની ભક્તિ મન સ્થિર; આ૦ સાત હાથ દેહ સુપ્રમાણ, આ૦ વીર પ્રભુ પાવાપુરી નિર્વાણ. આ૦ ૭

અહિં કુંડલપુરી અભિરામ, આ૦ પ્રભુ ગૌતમ જન્મ કલ્યાણ; આ૦ નયરી રાજગૃહ સુવિશાલ, આ૦ પૂર્વે હુવા શ્રેણિક ભૂપાલ. આ૦ ૮

હુવા કલ્યાણક મનોહર ચાર, આ૦ વિમલાચલ વિશ જિન ધાર; આ૦ વિશ સમેત શિખર ગિરિરાજ, આ૦ દેખી દરિશણ સીધાં મુજ કાજ. આ૦ ૯

ધના શાલિભદ્ર અણગાર, આ૦ વૈભારગિરિ અણશણ

ધાર; આ૦ ચતુર્માસી ચાર વીર જાણ, આ૦ રચ્યું સમોસરણ
શુદ્ધ માન. આ૦ ૧૦

ગુણ શીલ ચૈત્ય અતિ વડવીર, આ૦ ચૌદ સહસ સાધુ
સમધીર; આ૦ થયા શિવ સુંદરી ભરથાર; આ૦ વીર શિષ્ય
પ્રથમ ગણધાર. આ૦ ૧૧

ધન્ય ક્ષત્રીપુરી અવતાર, આ૦ રાય સિદ્ધાર્થ કુલ શણ-
ગાર; આ૦ માતા ત્રીશલા દેવી ઉર ભાણ, આ૦ વીર જિનવર
ત્રણ કલ્યાણ. આ૦ ૧૨

થયા કાકંદી નયરી સુજાણ, આ૦ સુવિધિ જિન ચાર
કલ્યાણ; આ૦ જાવજીવ કર્યાં પચ્ચખાણ; આ૦ છઠ તપ
આંબેલ ગુણ ખાણ. આ૦ ૧૩

થયો ધનો કાકંદી અણગાર, આ૦ નદી વાલુકા વીર
જિન નાણ; આ૦ પ્હોંત્યો સર્વાર્થસિદ્ધ મોઝાર, આ૦ સૌ
સંઘને હોજો કલ્યાણ. આ૦ ૧૪

વિશ જિન મુક્તિ પુરી જાણું, આ૦ કરે શિવ સુંદરીનું
આણું; આ૦ મેં કર્મ કર્યાં કંઇ કોટી, આ૦ અમને આશા
પણ મોટી. આ૦ ૧૫

ધન ધન દીવસ ઘડી આજ, આ૦ પ્રભુ પૂરો મુજ મન-
ડાની આશ; આ૦ પામો વૃદ્ધિ કપુર સુપસાય, આ૦
થયો પુણ્યનો ઉદય મહિમાંય. આ૦ ૧૬

## ૬૮ નવપદ મહીમા સ્તવન.

ચૌદ પૂર્વનો સાર, મંત્ર માંહિ નવકાર;
જપતાં જય જયકાર. ઓ સહીયરો હૃદય ધરો નવકાર. ૧
અડસઠ અક્ષરે ઘડીઓ, ચૌદ રત્ન સુજડીઓ;
શ્રાવકને ચિત્ત ચિત્ત ચડીયો. ઓ સહીયરો૦ ૨
અક્ષર પંચ રતન, જીવ દયા સુજતન;
જે પાલે તેને ધન્ય. ઓ સહીયરો૦ ૩
નવપદ નવસરો હાર, નવપદ જગમાં સાર;
નવપદ દોહીલો આધાર. ઓ સહીયરો૦ ૪
જે નરનારી ભણશે, તે સુખ સંપદ લહેશે;
સેવકને સુખ થાશે. ઓ સહીયરો૦ ૫
હીરવિજયની વાણી, સુણતાં અમૃત સમાણી;
મોક્ષ તણી નિસરણી. ઓ સહીયરો૦ ૬

## ૬૯ શ્રી સીમંધર સ્વામીનું સ્તવન.

શ્રી સીમંધર મુજ મન સ્વામી, તુમે સાચા છો શિવપુર ગામી;
કે ચંદા તુમે જઇ કે'જો એક વાર, અહીંયા તુમે આવો.
હાંરે મિથ્યાત્વને ઘણું સમજાવો, કે ચંદા તુમે જઈ કેજો મારા વાલાને, કેજો જિનરાજને, તુમે ભરત ક્ષેત્રમાં આવો કે ચંદા તુમે જઇ કેજો. ૧

મનડું તે મારૂં તુમ પાસે રે છે ચંદા, ચરણે ચિત્ત ચાહું છું કે ચંદા તુમે જઇ કેજો૦

જ્યાં તે જિનજીના વૃક્ષ જ દીસે, જિનના ગુણ ગાવા દીલ હરખે કે. ચંદા૦ ૨

ભરતક્ષેત્રના જે મળી પ્રાણી, જિનની વાણી સુણ્યાની ઘણી ખાણી કે; મહાવિદેહ ક્ષેત્રના જે ભવિ પ્રાણી, નિત્યે સુણે છે તુમચી વાણી કે. ચંદા૦ ૩

અનુભવ અમૃત ભેરીને લેજો, ચંદા રતી એક દરશન દેજો કે; જો જિનવર વાણી ક્ષેત્રજ લઈએ, તો ચંદા અમે તમને શેના કહીએ કે. ચંદા૦ ૪

તસ પદપંકજ જિનવિજયની, ચંદા નયણે આવ્યાની ઘણી હોંશું કે, વાચક જશકીર્તિ વિજયના, શિષ્ય નિર્મલ બુદ્ધિ જગીશ કે. ચંદા૦ ૫

## ૭૦ શ્રી અજારા પાર્શ્વનાથનું સ્તવન.

શરણા ધાર લીયા, ચિદ્‌ઘન આતમરામી;
રૂપ પીછાન લીયા, પાર્શ્વ અજારા સ્વામી. શરણા ધારલીયા.૧
ત્રેવીસમા પ્રભુ પાર્શ્વ કહાયા, પુરૂષાદાની નામ ધરાયા;
ઘટઘટકે વીસરામી. શરણા૦ ૨
કલ્યાણક પ્રભુ પાંચ તુમારે, આરાધીકો પાર ઉતારે;
કર નીજ સમ શિવ ગામી. શરણા૦ ૩
જિનવરકો જિન બન કર ધ્યાવે,ધ્યાતાં ધ્યાનસે જિનપદ પાવે;
અજરામર પદ ધામી. શરણા૦ ૪
પ્રભુ દર્શનમેં ષટ દર્શન હૈ, ષટ દર્શનમેં ન પ્રભુ દર્શન હૈ;

નહિ નદી મેં નદી સ્વામી. શરણા૦ ૫
ષટ દર્શન એકાંગ મનાવે, પ્રભુ દર્શન સર્વાંગ કહાવે;
જય જય અંતરજામી. શરણા૦ ૬
પુન્ય ઉદય પ્રભુ દર્શન પાયો, આતમ લક્ષ્મી હર્ષ સવાયો;
ભેદન સેવક સ્વામી. શરણા૦ ૭
ઓગણીસેં તોંતેર પોષ માસે, જાત્રા લાભ મળ્યો ઉલ્લાસે;
વલ્લભ આતમરામી. શરણા૦ ૮

## ૭૧ શ્રી સિદ્ધાચળજીનું સ્તવન.

વીરજી આવ્યારે, વિમળાચળકે મેદાન, સુરપતિ પાયારે; સમોવસરણ કે મંડાન.–ટેક. દેશના દેવે વીરજી સ્વામ; શેત્રુંજા મહિમા વર્ણવે તામ, ભાખ્યાં આઠ ઉપર સો નામ, તેહમાં ભાખ્યું પુંડરગિરિ અભિધાન, સોહમ ઇંદ્રારે તવ પૂછે બહુ માન, કેમ થયું સ્વામી ભાખો તાસ નિદાન. વીરજી૦ ૧

પ્રભુજી ભાખે સાંભળ ઇંદ્ર, પ્રથમ જે હુઆ રીખભ જિણંદ, તેહના પુત્ર તે ભરત નરિંદ, ભરતના હુઆરે રીખભસેન પુંડરીક, રીખભજી પાસેરે દેશના સુણી તહકીક, દીક્ષા લીધીરે ત્રિપદી જ્ઞાન અધિક. વીરજી૦ ૨

ગણધર પદવી પામ્યા જામ, દ્વાદશાંગી ગુંથી અભિરામ, વિચરે મહીયલમાં ગુણધામ, અનુક્રમે આવ્યારે શ્રી સિદ્ધાચળ ઠામ; મુનિવર કોડીરે પંચતણે પરિમાણ, અણસણ કીધાંરે નિજ આતમને ઉદ્દામ. વીરજી૦ ૩

ચૈત્રી પુનમ દિવસે એહ, પામ્યા કેવળજ્ઞાન અછેહ, શિવ સુખ વરિયા અમર અદેહ; પુરણાનંદીરે અગુરૂલઘુ અવગાહ, અજ અવિનાશીરે નિજ પદ ભોગી અબાહ, નિજ ગુણ ધરતાંરે પર પુદ્ગલ નહિ ચાહ. વીરજી૦ ૪

તેણે પ્રગટયું પુંડરીકગિરિ નામ, સાંભળો સોહમ દેવલોક સ્વામ; એહનો મહિમા અતિહિ ઉદ્દામ, તેણે દિન કીજેરે તપ જપ પૂજા ને દાન; વ્રત વળી પોસહ જેહ કરે અતિ દાન, ફળ તસ પામેરે પંચ કોડી ગણું માન. વીરજી૦ ૫

ભગતે ભવ્ય જીવ જે હોય, પંચમે ભવ મુક્તિ લહે સોય; તેહમાં બાધક છે નહી કોય, વ્યવહાર કેરીરે મધ્યમ ફળની એ વાત, ઉત્કૃષ્ટ યોગેરે અંતર્મુહૂર્ત વિખ્યાત, શિવસુખ સાધેરે નીજ આતમ અવદાત. વીરજી૦ ૬

ચૈત્રી પુનમ મહિમા દેખ પૂજા પંચ પ્રકારી વિશેષ; તેહમાં નહી ઉણીમ કાંઇ રેખ, એણી પેરે ભાખીરે જિનવર ઉત્તમ વાણ, સાંભળી બુઝયારે કંઇક ભવીક સુજાણ, એણી પેરે ગાયોરે પદ્મવિજય સુપ્રમાણ. વીરજી૦ ૭

# શ્રી આનંદઘનજીકૃત ચોવીશી.

## ૭૨ શ્રી ઋષભદેવ સ્વામીનું સ્તવન (૧).

(રાગ–મારૂ. કરમ પરીક્ષા કરણ કુમર ચલ્યોરે–એ દેશી)

ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરોરે, ઓર ન ચાહુંરે કંત;
રીઝ્યો સાહેબ સંગ ન પરિહરેરે, ભાંગે સાદિ અનંત. ઋ૦ ૧
પ્રીત સગાઇરે જગમાં સહુ કરેરે, પ્રીત સગાઇ ન કોય;
પ્રીત સગાઇરે નિરૂપાધિક કહીરે, સોપાધિક ધન ખોય. ઋ૦ ૨
કોઇ કંથ કારણ કાષ્ટભક્ષણ કરેરે, મિલશું કંથને ધાય;
એ મેળો નવિ કહીયે સંભવેરે, મેળો ઠામ ન ઠાય. ઋ૦ ૩
કોઇ પતિરંજન અતિ ઘણું તપ કરેરે, પતિરંજન તન તાપ;
એ પતિરંજન મેં નવિ ચિત્ત ધર્યુંરે, રંજન ધાતુ મિલાપ. ઋ૦ ૪
કોઈ કહે લીલારે અલખ લખ તણીરે, લખ પૂરે મન આશ;
દોષ રહિતને લીલા નવિ ઘટેરે, લીલા દોષ વિલાસ. ઋ૦ ૫
ચિત્ત પ્રસન્નેરે પૂજન ફલ કહ્યુંરે, પૂજા અખંડિત એહ;
કપટ રહિત થઈ આતમ અરપણારે, આનંદઘન પદ રેહ. ઋ૦ ૬

## ૭૩ શ્રી અજિતનાથનું સ્તવન. (૨)

રાગ–આશાવરી. મારૂં મન મોહ્યુંરે શ્રીવિમલાચલેરે–એ દેશી.

પંથડો નિહાળુંરે બીજા જિનતણોરે, અજિત અજિત ગુણધામ;
જે તેં જીત્યારે તેણે હું જીતીયોરે, પુરૂષ કીશ્યું મુજ નામ. પં૦ ૧
ચરમ નયણ કરી મારગ જોવતોરે, ભૂલ્યો સયલ સંસાર;
જેણે નયણે કરી મારગ જોઇએરે, નયણ તે દિવ્ય વિચાર. પં૦ ૨

પુરૂષ પરંપર અનુભવ જોવતાંરે, અંધો અંધ પલાય;
વસ્તુ વિચારેરે જો આગમે કરીરે, ચરણ ધરણ નહી ઠાય. પં૦૩
તર્ક વિચારેરે વાદ પરંપરારે, પાર ન પહોંચે કોય;
અભિમતે વસ્તુ વસ્તુગતે કહેરે, તે વિરલા જગ જોય. પં૦ ૪
વસ્તુ વિચારે રે દિવ્ય નયણતણોરે, વિરહ પડયો નિરધાર;
તરતમ જોગેરે તરતમ વાસનારે, વાસિત બોધ આધાર. પં૦ ૫
કાળ લબ્ધિ લહી પંથ નિહાળશું રે, એ આશા અવિલંબ;
એ જન જીવેરે જિનજી જાણજોરે, આનંદઘન મત અંબ. પં૦ ૬

## ૭૪ શ્રી સંભવજિન સ્તવન. (૩)

રાગ રામગ્રી-રાતડી રમીને કિહાંથી આવીયારે—એ દેશી.

સંભવદેવ તે ધુર સેવો સવેરે, લહી પ્રભુ સેવન ભેદ;
સેવન કારણ પહેલી ભૂમિકારે, અભય અદ્વેષ અખેદ. સં૦ ૧
ભય ચંચલતા હો જે પરિણામનીરે, દ્વેષ અરોચક ભાવ;
ખેદ પ્રવૃત્તિ હો કરતાં થાકીયેરે, દોષ અબોધ લખાવ. સં૦ ૨
ચરમાવર્ત હો ચરમ કરણ તથારે, ભવ પરિણતિ પરિપાક;
દોષ ટળે વળી દૃષ્ટિ ખૂલે ભલીરે, પ્રાપ્તિ પ્રવચન વાક. સં૦ ૩
પરિચય પાતિક ઘાતિક સાધુશું રે, અકુશલ અપચય ચેત;
ગ્રંથ અધ્યાત્મ શ્રવણ મનન કરીરે, પરિશીલન નય હેત. સં૦ ૪
કારણ જોગે હો કારજ નીપજેરે, એમાં કોઈ ન વાદ;
પણ કારણ વિણ કારજ સાધિયેરે, એ નિજ મત ઉન્માદ. સં૦ ૫
મુગ્ધ સુગમ કરી સેવન આદરેરે, સેવન અગમ અનૂપ;
દેજો કદાચિત સેવન યાચનારે, આનંદઘન રસ રૂપ. સં૦ ૬

## ૭૫ શ્રી અભિનંદન જિન સ્તવન. (૪)

### રાગ ધન્યાશ્રી—સિંધુઓ.

આજ નિહેજોરે દીસે નાહલો—એ દેશી.

અભિનંદન જિન દરિસણ તરસીએ, દરિસણ દુર્લભ દેવ;
મત મત ભેદેરે જો જઇ પૂછીએ, સહુ થાપે અહમેવ. અ૦ ૧
સામાન્યે કરી દરિસણ દોહલું, નિર્ણય સકલ વિશેષ;
મદમેં ઘેર્યોરે અંધો કિમ કરે, રવિ શશિ રૂપ વિલેખ. અ૦ ૨
હેતુ વિવાદે હો ચિત ધરી જોઇએ, અતિ દુર્ગમ નયવાદ;
આગમવાદે હો ગુરૂગમ કો નહી, એ સબલો વિખવાદ. અ૦૩
ઘાતી ડુંગર આડા અતિ ઘણા, તુજ દરિસણ જગનાથ;
ધીઠાઈ કરી મારગ સંચરૂં, સેંગુ કોઈ ન સાથ. અ૦ ૪
દરિસણ દરિસણ રટતો જો ફરૂં, તો રણ રોઝ સમાન;
જેહને પીપાસા હો અમૃત પાનની, કિમ ભાંજે વિષપાન. અ૦૫
તરસ ન આવે હો મરણ જીવન તણો, સીઝે જો દરિસણ કાજ;
દરિસણ દુર્લભ સુલભ કૃપાથકી, આનંદઘન મહારાજ. અ૦ ૬

## ૭૬ સુમતિનાથ જિન સ્તવન. (૫)

### રાગ—વસંત તથા કેદારો.

સુમતિ ચરણ કજ આતમ અરપણો, દરપણ જિમ અવિકાર સુજ્ઞાની; મતિ તરપણ બહુ સમ્મત જાણિયે, પરિસર પણ સુવિચાર સુજ્ઞાની. સુમતિ૦ ૧

ત્રિવિધ સકલ તનુધર ગત આતમા, બહિરાતમ ધુરિ

ભેદ; સુ૦ બીજો અંતર આતમ તિસરો, પરમાતમ અતિ-
ચ્છેદ. સુ૦ સુમતિ૦ ૨

આતમબુધ્ધે કાયાદિક ગ્રહ્યો, બહિરાતમ અધરૂપ; સુ૦
કાયાદિકનો હો સાખીધર રહ્યો, અંતર આતમરૂપ. સુ૦સુ૦ ૩

જ્ઞાનાનંદે હો પૂરણ પાવનો, વર્જિત સકલ ઉપાધિ; સુ૦
અતીંદ્રિય ગુણ ગણ મણિ આગરૂ, એમ પરમાતમ સાધ.
સુ૦ સુમતિ૦ ૪

બહિરાતમ તજી અંતર આતમા, રૂપ થઇ થિર ભાવ;
સુ૦ પરમાતમનું હો આતમ ભાવવું, આતમ અર્પણ દાવ.
સુ૦ સુમતિ૦ ૫

આતમ અર્પણ વસ્તુ વિચારતાં, ભરમ ટળે મતિદોષ;
સુ૦ પરમ પદારથ સંપત્તિ સંપજે, આનંદઘન રસ પોષ.
સુ૦ સુમતિ૦ ૬

## ૭૭ પદ્મપ્રભ સ્વામીનું સ્તવન. (૬)

રાગ મારૂ તથા સિંધુઓ.

ચાંદલીયા સંદેશો કહેજે માહરા કંતનેરે—દેશી.

પદ્મપ્રભ જિન તુજ મુજ આંતરૂંરે, કિમ ભાંજે ભગવંત;
કર્મ વિપાકે કારણ જોઇનેરે, કોઈ કહે મતિમંત. પ૦ ૧
પયઇ ઠિઇ અણુભાગ પ્રદેશથીરે, મૂલ ઉત્તર બહુ ભેદ;
ઘાતી અઘાતી હો બંધોદય ઉદીરણારે, સત્તાકર્મવિચ્છેદ. પ૦ ૨
કનકોપલવત પયડિ પુરૂષ તણીરે, જોડી અનાદિ સ્વભાવ;

અન્ય સંજોગી જિહાં લગે આતમારે, સંસારી કહેવાય. પ૦ ૩
કારણ જોગે હો બંધે બંધનેરે, કારણ મુગતિ મુકાય;
આશ્રવ સંવર નામ અનુક્રમેરે; હેય ઉપાદેય સુણાય. પ૦ ૪
યુંજન કરણે હો અંતર તુઝ પડયોરે, ગુણ કરણે કરી ભંગ;
ગ્રંથ ઉકતે કરી પંડિત જન કહ્યોરે, અંતર ભંગ સુઅંગ. પ૦ ૫
તુજ મુજ અંતર અંતર ભાંજશેરે, વાજશે મંગલ તૂર;
જીવ સરોવર અતિશય વાધશેરે, આનંદઘન રસપૂર. પ૦ ૬

## ૭૮ સુપાર્શ્વનાથ સ્વામીનું સ્તવન. (૭)

### રાગ સારંગ તથા મલ્હાર. લલનાની દેશી.

શ્રી સુપાસ જિન વંદિયે, સુખ સંપત્તિનો હેતુ લલના;
શાંત સુધારસ જલનિધિ, ભવસાગરમાંહે સેતુ; લલના. શ્રીસુ૦ ૧
સાત મહા ભય ટાળતો, સપ્તમ જિનવર દેવ લ૦
સાવધાન મનસા કરી, ધારો જિનપદ સેવ. લ૦ શ્રીસુ૦ ૨
શિવ શંકર જગદીશ્વરૂ, ચિદાનંદ ભગવાન; લ૦
જિન અરિહા તીર્થંકરૂ, જ્યોતિ સરૂપ સમાન. લ૦ શ્રીસુ૦ ૩
અલખ નિરંજન વચ્છલુ, સકલ જંતુ વિશરામ; લ૦
અભય દાન દાતા સદા, પૂરણ આતમરામ. લ૦ શ્રીસુ૦ ૪
વીતરાગ મદ કલ્પના, રતિ અરતિ ભય શોગ; લ૦
નિદ્રા તંદ્રા દુર્દશા, રહિત અબાધિત યોગ. લ૦ શ્રીસુ૦ ૫
પરમ પુરૂષ પરમાતમા, પરમેશ્વર પરધાન; લ૦
પરમ પદારથ પરમેષ્ઠિ, પરમદેવ પરમાન્ન. લ૦ શ્રીસુ૦ ૬

વિધિ વિરંચિ વિશ્વંભરૂ, ઋષિકેશ જગનાથ; લ૦
અઘહર અઘમોચન ધણી, મુક્તિ પરમપદ સાથ. લ૦ શ્રીસુ૦ ૭
એમ અનેક અભિધા ધરે; અનુભવ ગમ્ય વિચાર; લ૦
જેહ જાણે તેહને કરે, આનંદઘન અવતાર. લ૦ શ્રીસુ૦ ૮

## ૭૯ શ્રી ચંદ્રપ્રભ સ્વામીનું સ્તવન. (૮)

### રાગ કેદારો તથા ગોડી.

કુમરી રોવે આક્રંદ કરે, મને કોઇ મૂકાવે-દેશી.

દેખણને દે રે સખિ, મુને દેખણ દે, ચંદ્રપ્રભ મુખ ચંદ; સ૦ ઉપશમ રસનો કંદ, સ૦ સેવે સુરનર ઇંદ; સ૦ ગત કલિમલ દુઃખ દ્વંદ. સખિ૦ મુને૦ ૧

સુહમ નિગોદે ન દેખીયો, સખી૦ બાદર અતિહિ વિશેષ, સ૦ પુઢવી આઉ ન લેખિયો, સ૦ તેઉ વાઉ ન લેશ. સ૦ ૨

વનસ્પતિ અતિ ઘણા દિહા, સ૦ દીઠો નહીય દિદાર; સ૦ બિતિ ચઉરિંદી જલ લિહા, સ૦ ગતિ સન્નિ પણ ધાર. સ૦ ૩

સુર તિરિ નિરય નિવાસમાં, સ૦ મનુજ અનારજ સાથ; સ૦ અપજ્જતા પ્રતિભાસમાં, સ૦ ચતુર ન ચઢીઓ હાથ. સ૦ ૪

એમ અનેક થલ જાણીએ, સ૦ દરિસણ વિણ જિન દેવ, સ૦ આગમથી મતિ આણીએ, સ૦ કીજે નિર્મળ સેવ. સ૦ ૫

નિર્મળ સાધુ ભકિત લહી, સ૦ યોગ અવંચક હોય; સ૦ કિરિયા અવંચક તિમ સહી, સ૦ ફલ અવંચક જોય. સ૦ ૬

પ્રેરક અવસર જિનવરૂ, સ૦ મોહનીય ક્ષય જાય; સ૦
કામિત પૂરણ સુરતરૂ, સ૦ આનંદઘન પ્રભુ પાય. સ૦ ૭

## ૮૦ શ્રી સુવિધિનાથ સ્વામીનું સ્તવન. (૯)

રાગ કેદારો. એમ ધન્નો ધણને પરચાવે—એ દેશી.

સુવિધિ જિણેસર પાય નમીને, શુભ કરણી એમ કીજેરે;
અતિ ઘણો ઉલટ અંગ ધરીને, પ્રહ ઉઠીને પૂજીજેરે. સુ૦ ૧
દ્રવ્ય ભાવ શુચિ ભાવ ધરીને, હરખે દેહરે જઇએરે;
દહ તિગ પણ અહિગમ સાચવતાં, એકમના ધુરિ થઈએરે. સુ૦ ૨
કુસુમ અક્ષત વર વાસ સુગંધો, ધૂપ દીપ મન સાખીરે;
અંગ પૂજા પણ ભેદ સુણી એમ, ગુરૂ મુખ આગમ ભાખીરે. સુ૦ ૩
એહનું ફળ દોય ભેદ સુણીજે, અનંતર ને પરંપરરે;
આણા પાલણ ચિત્ત પ્રસન્ની, મુગતિ સુગતિ સુરમંદિરરે. સુ૦ ૪
ફૂલ અક્ષત વર ધૂપ પઇવો, ગંધ નૈવેદ્ય ફલ જળ ભરીરે;
અંગ અગ્ર પૂજા મળી અડવિધ, ભાવે ભવિક શુભ ગતિ વરીરે. સુ૦ ૫
સત્તર ભેદ એકવીશ પ્રકારે, અઠોત્તર શત ભેદેરે;
ભાવ પૂજા બહુ વિધિ નિરધારી, દોહગ દુર્ગતિ છેદેરે. સુ૦ ૬
તુરિય ભેદ પડિવત્તિ પૂજા, ઉપશમ ખીણ સયોગીરે;
ચઉહા પૂજા ઈમ ઉત્તરજ્ઝયણે, ભાખી કેવળ ભોગીરે. સુ૦ ૭
એમ પૂજા બહુ ભેદ સુણીને, સુખદાયક શુભ કરણી રે;
ભવિક જીવ કરશે તે લહેશે, આનંદઘન પદ ધરણીરે. સુ૦ ૮

---

## ૮૧ શ્રી શીતલનાથ સ્વામીનું સ્તવન. (૧૦)

મંગલિક માલા ગુણહ વિશાલા—એ દેશી.

શીતલ જિનપતિ લલિત ત્રિભંગી, વિવિધ ભંગી મન મોહેરે;
કરૂણા કોમલતા તીક્ષણતા, ઉદાસીનતા સોહેરે. શી૦ ૧
સર્વ જંતુ હિત કરણી કરૂણા, કર્મવિદારણ તીક્ષણરે;
હાનાદાન રહિત પરિણામી, ઉદાસીનતા વિક્ષણરે. શી૦ ૨
પરદુઃખ છેદન ઈચ્છા કરૂણા, તીક્ષણ પર દુઃખ રીઝેરે;
ઉદાસીનતા ઉભય વિલક્ષણ, એક ઠામે કેમ સીઝેરે. શી૦ ૩
અભય દાન તે મલક્ષય કરૂણા, તીક્ષણતા ગુણ ભાવેરે;
પ્રેરણ વિણ કૃત ઉદાસીનતા, ઈમ વિરોધ મતિ નાવેરે. શી૦ ૪
શક્તિ વ્યક્તિ ત્રિભુવન પ્રભુતા, નિગ્રંથતા સંયોગેરે;
યોગી ભોગી વકતા મૌની, અનુપયોગી ઉપયોગેરે. શી૦ ૫
ઈત્યાદિક બહુભંગ ત્રિભંગી, ચમત્કાર ચિત્ત દેતીરે;
અચરિજકારી ચિત્ર વિચિત્રા, આનંદઘન પદ લેતીરે. શી૦ ૬

## ૮૨ શ્રી શ્રેયાંસનાથ સ્વામીનું સ્તવન. (૧૧)

રાગ ગોડી, અહો મતવાલે સાજના—એ દેશી.

શ્રીશ્રેયાંસ જિન અંતરજામી, આતમરામી નામીરે;
અધ્યાત્મમત પૂરણ પામી, સહજ મુગતિ ગતિ ગામીરે. શ્રી૦ ૧
સયલ સંસારી ઈંદ્રિયરામી, મુનિ ગુણ આતમરામીરે;
મુખ્યપણે જે આતમરામી, તે કેવલ નિઃકામીરે. શ્રી શ્રે૦ ૨
નિજ સ્વરૂપ જે કિરિયા સાધે, તેહ અધ્યાત્મ લહીએરે;

જે કિરિયા કરી ચઉગતિ સાધે, તેન અધ્યાત્મ કહીએરે. શ્રી૦ ૩
નામ અધ્યાત્મ ઠવણ અધ્યાત્મ, દ્રવ્ય અધ્યાત્મ છંડોરે;
ભાવ અધ્યાત્મ નિજ ગુણ સાધે, તો તેહશું રઢ મંડોરે. શ્રી૦ ૪
શબ્દ અધ્યાત્મ અરથ સુણીને, નિર્વિકલ્પ આદરજોરે;
શબ્દ અધ્યાત્મ ભજના જાણી, હાન ગ્રહણ મતિ ધરજોરે. શ્રી૦ ૫
અધ્યાત્મ જે વસ્તુ વિચારી, બીજા જાણ લબાસીરે;
વસ્તુગતે જે વસ્તુ પ્રકાશે, આનંદઘન મતવાસીરે. શ્રી૦ ૬

## ૮૩ શ્રી વાસુપૂજ્ય સ્વામીનું સ્તવન. (૧૨)

રાગ ગોડી તથા પરજીયો.

તુંગિયાગિરિ શિખરે સોહે—એ દેશી.

વાસુપૂજ્ય જિન ત્રિભુવન સ્વામી, ઘન નામી પરનામીરે;
નિરાકાર સાકાર સચેતન, કરમ કરમ ફલ કામીરે. વા૦ ૧
નિરાકાર અભેદ સંગ્રાહક, ભેદ ગ્રાહક સાકારો રે;
દર્શન જ્ઞાન દુભેદ ચેતના, વસ્તુ ગ્રહણ વ્યાપારોરે. વાસુ૦ ૨
કર્ત્તા પરિણામી પરિણામો, કર્મ જે જીવે કરીયેરે;
એક અનેક રૂપ નય વાદે, નિયતે નર અનુસરીયેરે. વાસુ૦ ૩
દુઃખ સુખ રૂપ કરમ ફલ જાણો, નિશ્ચય એક આનંદોરે;
ચેતનતા પરિણામ ન ચૂકે, ચેતન કહે જિનચંદોરે. વાસુ૦ ૪
પરિણામી ચેતન પરિણામો, જ્ઞાન કરમ ફલ ભાવીરે;
જ્ઞાન કરમ ફલ ચેતન કહીએ, લેજો તેહ મનાવીરે. વાસુ૦ ૫
આતમ જ્ઞાની શ્રમણ કહાવે, બીજા તો દ્રવ્યલિંગી રે;
વસ્તુગતે જે વસ્તુ પ્રકાશે, આનંદઘન મતિ સંગીરે. વાસુ૦ ૬

## ૮૪ શ્રી વિમલનાથ સ્વામીનું સ્તવન. (૧૩)

**રાગ મલ્હાર. ઇડર આંબા આંબલીરે–એ દેશી.**

દુઃખ દોહગ દૂરે ટળ્યાંરે, સુખ સંપદશું ભેટ; ધીંગ ધણી માથે કિયારે, કુણ ગંજે નર ખેટ, વિમલ જિન! દીઠાં લોયણ આજ, મ્હારાં સિધ્યાં વાંછિત કાજ. વિમલ જિન દીઠાં૦ ૧

ચરણ કમળ કમલા વસેરે, નિર્મલ થિર પદ દેખ;
સમલ અથિર પદ પરિહરીરે, પંકજ પામર પેખ. વિ૦દી૦ ૨

મુજ મન તુજ પદ પંકજેરે, લીનો ગુણ મકરંદ;
રંક ગણે મંદરધરા રે, ઇંદ્ર ચંદ નાગિંદ. વિ૦ દી૦ ૩

સાહિબ સમરથ તું ધણીરે, પામ્યો પરમ ઉદાર;
મન વિશરામી વાલહોરે, આતમચો આધાર. વિ૦ દી૦ ૪

દરિસણ દીઠે જિન તણુંરે, સંશય ન રહે વેધ;
દિનકર કરભર પસરતારે, અંધકાર પ્રતિષેધ. વિ૦ દી૦ ૫

અમિય ભરી મૂરતિ રચીરે, ઉપમા ન ઘટે કોય;
શાંત સુધારસ ઝીલતીરે, નિરખત તૃપ્તિ ન હોય. વિ૦ દી૦ ૬

એક અરજ સેવક તણીરે, અવધારો જિન દેવ;
કૃપા કરી મુજ દીજીએરે, આનંદઘન પદ સેવ. વિ૦ દી૦ ૭

## ૮૫ શ્રી અનંતનાથ સ્વામીનું સ્તવન. (૧૪)

ધાર તરવારની સોહલી દોહલી, ચૌદમા જિનતણી ચરણ સેવા; ધાર પર નાચતાં દેખ બાજીગરા, સેવના ધાર પર ન રહે દેવા. ધાર૦—એ આંકણી. ૧

એક કહે સેવીએ વિવિધ કિરિયા કરી, ફળ અનેકાંત લોચન ન દેખે; ફળ અનેકાંત કિરિયા કરી બાપડા, રડવડે ચાર ગતિમાંહિ લેખે. ધા૦ ૨

ગચ્છના ભેદ બહુ નયણ નિહાળતાં, તત્ત્વની વાત કરતાં ન લાજે; ઉદર ભરણાદિ નિજ કાજ કરતાં થકાં, મોહ નડિયા કલિકાળ રાજે. ધા૨૦ ૩

વચન નિરપેક્ષ વ્યવહાર જૂઠો કહ્યો, વચન સાપેક્ષ વ્યવહાર સાચો; વચન નિરપેક્ષ વ્યવહાર સંસાર ફળ, સાંભળી આદરી કાંઇ રાચો. ધા૨૦ ૪

દેવ ગુરૂ ધર્મની શુદ્ધિ કહો કિમ રહે, કિમ રહે શુદ્ધ શ્રદ્ધા ન આણો; શુદ્ધ શ્રદ્ધાન વિણુ સર્વ કિરિયા કરી, છાર પર લીપણું તેહ જાણો. ધા૨૦ ૫

પાપ નહી કોઇ ઉત્સૂત્ર ભાષણ જિસ્યો, ધર્મ નહી કોઇ જગ સૂત્ર સરિખો; સૂત્ર અનુસાર જે ભવિક કિરિયા કરે, તેહનું શુદ્ધ ચારિત્ર પરખો. ધા૨૦ ૬

એહ ઉપદેશનો સાર સંક્ષેપથી, જે નરા ચિત્તમેં નિત્ય ધ્યાવે; તે નરા દિવ્ય બહુ કાળ સુખ અનુભવી, નિયત આનંદઘન રાજ પાવે. ધા૨૦ ૭

## ૮૬ શ્રી ધર્મનાથ સ્વામીનું સ્તવન. (૧૫)

રાગ ગોડી સારંગ, દેશી રશીયાની.

ધર્મ જિનેસર ગાઉં રંગશું, ભંગ મ પડશો હો પ્રીત

જિનેસર, બીજો મન મંદિર આણું નહી, એ અમ કુલવટ રીત. જિ૦ ધર્મ૦ ૧

ધરમ ધરમ કરતો જગ સહુ ફિરે, ધરમ ન જાણે હો મર્મ, જિ૦ ધરમ જિનેસર ચરણ ગ્રહ્યા પછી, કોઇ ન બાંધે હો કર્મ. જિ૦ ધર્મ૦ ૨

પ્રવચન અંજન જો સદ્‌ગુરૂ કરે, દેખે પરમ નિધાન, જિ૦ હૃદય નયણ નિહાળે જગધણી, મહિમા મેરૂ સમાન. જિ૦ ધર્મ૦ ૩

દોડત દોડત દોડત દોડીયો, જેતી મનનીરે દોડ, જિ૦ પ્રેમ પ્રતીત વિચારો ઢુંકડી, ગુરૂગમ લેજોરે જોડ. જિ૦ ધર્મ૦ ૪

એક પખી કેમ પ્રીતિ વરે પડે, ઉભય મિલ્યા હુએ સંધિ, જિ૦ હું રાગી હું મોહે ફંદિયો, તું નિરાગી નિરબંધ. જિ૦ ધર્મ૦ ૫

પરમ નિધાન પ્રગટ મુખ આગળે, જગત ઉલ્લંઘી હો જાય, જિ૦ જ્યોતિ વિના જુઓ. જગદીશની, અંધો અંધ પલાય. જિ૦ ધર્મ૦ ૬

નિર્મળ ગુણમણિ રોહણ ભૂધરા, મુનિજન માનસ હંસ, જિ૦ ધન તે નગરી ધન વેળા ઘડી, માત પિતા કુળ વંશ. જિન૦ ધર્મ૦ ૭

મન મધુકર વર કર જોડી કહે, પદકજ નિકટ નિવાસ,

જિ૦ ધનનામી આનંદઘન સાંભળો, એ સેવક અરદાસ.
જિ૦ ધર્મ૦ ૯

## ૮૭ શ્રી શાંતિનાથ સ્વામીનુ સ્તવન. (૧૬)

રાગ મલ્હાર. ચતુર ચોમાસું પડિકકમી—એ દેશી.

શાંતિ જિન એક મુજ વિનતિ, સુણો ત્રિભુવન રાય રે;
શાંતિ સ્વરૂપ કિમ જાણીએ, કહો મન પરખાયરે. શાંતિ૦ ૧
એ આંકણી.

ધન્ય તું આતમા જેહને, એહવો પ્રશ્ન અવકાશ રે;
ધીરજ મન ધરી સાંભળો,કહું શાંતિ પ્રતિભાસ રે. શાંતિ૦ ૨

ભાવ અવિશુદ્ધિ સુવિશુદ્ધ જે, કહ્યા જિનવર દેવ રે;
તે તેમ અવિતથ સદ્દહે, પ્રથમ એ શાંતિપદ સેવરે. શાંતિ૦ ૩

આગમધર ગુરૂ સમકિતી, કિયા સંવર સાર રે;
સંપ્રદાયી અવંચક સદા, શુચિ અનુભવાધારરે. શાંતિ૦ ૪

શુદ્ધ આલંબન આદરે, તજી અવર જંજાળરે;
તામસી વૃત્તિ સવિ પરિહરી, ભજે સાત્વિકી શાલરે.શાંતિ૦૫

ફલ વિસંવાદ જેહમાં નહી, શબ્દ તે અર્થ સંબંધી રે;
સકલ નય વાદ વ્યાપી રહ્યા,તે શિવ સાધનસંધીરે. શાંતિ૦ ૬

વિધિ પ્રતિષેધ કરી આતમા, પદારથ અવિરોધ રે;
ગ્રહણવિધિ મહાજને પરિગ્રહ્યો, ઇસ્યો આગમે બોધરે.શાંતિ૦૭

દુષ્ટ જન સંગતિ પરિહરી, ભજે સુગુરૂ સંતાન રે;
જોગ સામર્થ્ય ચિત્ત ભાવ જે,ધરે મુગતિ નિદાન રે. શાંતિ૦ ૮

માન અપમાન ચિત્તસમ ગણે, સમ ગણે કનક પાષાણરે;
વંદક નિંદક સમ ગણે, ઇસ્યો હોયે તું જાણરે. શાંતિ૦ ૯
સર્વ જગજંતુને સમ ગણે, સમ ગણે તૃણ મણિ ભાવરે;
મુક્તિ સંસાર બેહુ સમ ગણે, મુણે ભવ જળનિધિ નાવરે. શાં૦૧૦
આપણો આતમભાવ જે, એક ચેતનાધાર રે;
અવર સવિ સાથ સંયોગથી, એહ નિજ પરિકર સાર રે. શાંતિ૦૧૧
પ્રભુ મુખથી એમ સાંભળી, કહે આતમરામ રે;
તાહરે દરિશણે નિસ્તર્યો, મુજ સિધ્યાં સવી કામ રે. શાંતિ૦૧૨
અહો અહો હું મુજને કહું, નમો મુજ નમો મુજ રે;
અમિત ફલ દાન દાતારની, જેહની ભેટ થઇ તુજરે. શાંતિ૦ ૧૩
શાંતિ સ્વરૂપ સંક્ષેપથી, કહ્યો નિજ પર રૂપ રે;
આગમમાંહે વિસ્તર ઘણો, કહ્યો શાંતિ જિન ભૂપરે. શાંતિ૦૧૪
શાંતિ સ્વરૂપ એમ ભાવશે, ધરી શુદ્ધ પ્રણિધાન રે;
આનંદઘન પદ પામશે, તે લહેશે બહુ માન રે. શાંતિ૦ ૧૫

## ૮૮ શ્રી કુંથુનાથ સ્વામીનું સ્તવન. (૧૭)

રાગ ગુર્જરી. અંબર દેહો મોરારી, હમારો—એ દેશી.

કુંથુજિન, મનડું કિમહી ન બાજે, હો કું૦ જિમ જિમ
જતન કરીને રાખું, તિમ તિમ અળગું ભાજે. હો કું૦ ૧
રજની વાસર વસતી ઉજડ, ગયણ પાયાલે જાયઃ સાપ
ખાય ને મુખડું થોથું, એહ ઉખાણો ન્યાય. હો કું૦ ૨
મુગતિતણા અભિલાષી તપીયા, જ્ઞાન ને ધ્યાન અભ્યાસે;

વયરીડું કાંઇ એહવું ચિંતે, નાખે અવળે પાસે. હો કું૦ ૩

આગમ આગમધરને હાથે, નાવે કિણવિધ આંકું; કિહાં કણે જો હઠ કરી હટકું, તો વ્યાલતણી પરે વાંકું. હો કું૦ ૪

જો ઠગ કહું તો ઠગતું ન દેખું, શાહુકાર પણ નાંહી; સર્વ માંહે ને સહુથી અલગું, એ અચરિજ મન માંહી. હો કું૦ ૫

જે જે કહું તે કાન ન ધારે, આપ મતે રહે કાળો; સુર નર પંડિત જન સમજાવે, સમજે ન માહરો સાળો. હો કું૦ ૬

મેં જાણ્યું એ લિંગ નપુંસક, સકળ મરદને ઠેલે; બીજી વાતે સમરથ છે નર, એહને કોઇ ન જેલે. હો કું૦ ૭

મન સાધ્યું તેણે સઘળું સાધ્યું, એહ વાત નહિ ખોટી; ઇમ કહે સાધ્યું તે નવિ માનું, એ કહી વાત છે મોટી. હો કું૦ ૮

મનડું દુરાધ્ય તેં વશ આણ્યું, તે આગમથી મતિ આણું; આનંદઘન પ્રભુ માહરૂં આણો, તો સાચું કરી જાણું. હો કું૦ ૯

## ૮૯ શ્રી અરનાથ સ્વામીનું સ્તવન. (૧૮)

### રાગ પરજ. ઋષભનો વંશ રયણાયરૂ—એ દેશી.

ધરમ પરમ અરનાથનો, કેમ જાણું ભગવંત રે; સ્વપર સમય સમજાવીએ, મહિમાવંત મહંત રે. ધ૦ એ આંકણી. ૧

શુદ્ધાતમ અનુભવ સદા, સ્વસમય એહ વિલાસ રે; પરબડી છાંહડી જેહ પડે, તે પર સમય નિવાસ રે. ધ૦ ૨

તારા નક્ષત્ર ગ્રહ ચંદની, જ્યોતિ દિનેશ મઝાર રે; દર્શન જ્ઞાન ચરણ થકી, શક્તિ નિજાતમ ધાર રે. ધ૦ ૩

ભારી પીલો ચીકણો, કનક અનેક તરંગરે; પર્યાય દૃષ્ટિ ન દિજીએ, એકજ કનક અભંગરે. ધ૦

દર્શન જ્ઞાન ચરણ થકી, અલખ સરૂપ અનેક રે; નિર્વિકલ્પ રસ પીજીએ, શુદ્ધ નિરંજન એક રે. ધ૦ ૫

પરમારથ પંથ જે કહે, તે રંજે એક તંતરે; વ્યવહારે લખ જે રહે, તેહના ભેદ અનંત રે. ધ૦ ૬

વ્યવહારે લખ દોહિલો, કાંઈ ન આવે હાથ રે; શુદ્ધ નય થાપના સેવતાં, નવિ રહે દુવિધા સાથરે. ધ૦ ૭

એક પખી લખી પ્રીતિની, તુમ સાથે જગનાથરે; કૃપા કરીને રાખજો, ચરણ તળે ગ્રહી હાથ રે. ધ૦ ૮

ચક્રી ધરમ તીરથતણો, તીરથ ફલ તતસાર રે; તીરથ સેવે તે લહે, આનંદઘન નિરધાર રે. ધ૦ ૯

## ૯૦ મલ્લીનાથ સ્વામીનું સ્તવન. (૧૯)

### રાગ કાફી.

સેવક કિમ અવગણિયે હો મલ્લિજિન ! એહ અબ શોભા સારી; અવર જેહને આદર અતિ દીયે, તેહને મૂલ નિવારી. હો મલ્લિ૦ ૧

જ્ઞાન સ્વરૂપ અનાદિ તમારૂં, તે લીધું તમે તાણી; જુઓ અજ્ઞાન દશા રીસાવી, જાતાં કાણ ન આણી. હો મલ્લિ૦ ૨

નિદ્રા સુપન જાગર ઉજાગરતા, તુરીય અવસ્થા આવી; નિદ્રા સુપન દશા રીસાણી, જાણી ન નાથ મનાવી. હો મલ્લિ૦ ૩

સમક્તિ સાથે સગાઈ કીધી, સ્વપરિવારશું ગાઢી; મિથ્યા મતિ અપરાધણ જાણી, ઘરથી બાહિર કાઢી. હો મલ્લિ૦ ૪

હાસ્ય અરતિ રતિ શોક દુગંછા, ભય પામર કરસાલી; નોકષાય શ્રેણી ગજ ચડતાં, શ્વાનતણી ગતિ ઝાલી. હો મ૦ ૫

રાગ દ્વેષ અવિરતિની પરિણતિ, એ ચરણમોહના યોદ્ધા; વીતરાગ પરિણતિ પરિણમતાં, ઉઠી નાઠા બોદ્ધા. હો મ૦ ૬

વેદોદય કામા પરિણામા, કામ્ય કરમ સહુ ત્યાગી; નિઃકામી કરૂણારસ સાગર, અનંત ચતુષ્ક પદ પામી. હો મલ્લિ૦ ૭

દાન વિઘ્ન વારી સહુ જનને, અભય દાન પદ દાતા; લાભ વિઘન જગ વિઘન નિવારક, પરમ લાભ રસ માતા. હો મ૦ ૮

વીર્ય વિઘન પંડિત વીર્યે હણી, પૂરણ પદવી યોગી; ભોગોપભોગ દોય વિઘન નિવારી, પૂરણ ભોગ સુભોગી. હો મ૦ ૯

એ અઢાર દૂષણ વર્જિત તનુ, મુનિજન વૃંદે ગાયા; અવિ-રતિ રૂપક દોષ નિરૂપણ, નિર્દૂષણ મન ભાયા. હો મ૦ ૧૦

ઈણ વિધ પરખી મન વિશરામી, જિનવર ગુણ જે ગાવે; દીનબંધુની મહેર નજરથી, આનંદઘન પદ પાવે. હો મ૦૧૧

## ૯૧ શ્રી મુનિસુવ્રત સ્વામીનું સ્તવન (૨૦)

રાગ કાફી, આઘા આમ પધારો પૂજ્ય—એ દેશી.

મુનિસુવ્રત જિનરાય, એક મુજ વિનતિ નિસુણો; આતમ તત્ત્વ કયું જાણ્યું જગત ગુરૂ, એહ વિચાર મુજ કહિયો; આતમ

તત્ત્વ જાણ્યા વિણ નિર્મળ, ચિત્ત સમાધિ નવિ લહિયે.મુ૦૧

કોઇ અબંધ આતમતત માને, કિરિયા કરતો દિસે;
ક્રિયા તણું ફળ કહો કુણ ભોગવે, ઇમ પૂછ્યું ચિત્તરિસે. મુ૦ ૨

જડ ચેતન એ આતમ એકજ, સ્થાવર જંગમ સરિખો;
દુઃખ સુખ શંકર દૂષણ આવે, ચિત્ત વિચારી જો પરીખો.
મુ૦ ૩

એમ કહે નિત્યજ આતમતત, આતમ દરિસણ લીનો;
કૃત વિનાશ અકૃતાગમ દૂષણ, નવિ દેખે મતિહીણો. મુ૦ ૪

સૌગત મતિ રાગી કહે વાદી, ક્ષણિક એ આતમ જાણો;
બંધ મોક્ષ સુખ દુઃખ ન ઘટે,એહ વિચાર મન આણો. મુ૦ ૫

ભૂત ચતુષ્ક વર્જિત આતમતત, સત્તા અલગી ન ઘટે;
અંધ શકટ જો નજર ન દેખે, તો શું કીજે શકટે. મુ૦ ૬

એમ અનેક વાદી મત વિભ્રમ, સંકટ પડિયો ન લહે;
ચિત્ત સમાધ તે માટે પૂછું, તુમ વિણ તત કોઈ ન કહે, મુ૦ ૭

વળતું જગગુરૂ ઇણિ પરે ભાખે, પક્ષપાત સબ છંડી;
રાગદ્વેષ મોહ પખ વર્જિત, આતમશું રઢ મંડી. મુ૦ ૮

આતમ ધ્યાન કરે જો કોઉ, સો ફિર ઇણમેં નાવે;
વાગજાળ બીજું સહુ જાણે, એહ તત્ત્વ ચિત્ત આવે. મુ૦૯

જિણે વિવેક ધરીએ પખ ગ્રહિએ, તે તત જ્ઞાની કહિયે;
શ્રી મુનિસુવ્રત કૃપા કરો તો, આનંદઘન પદ લહિયે. મુ૦ ૧૦

## ૯૨ શ્રી નમિનાથ સ્વામીનું સ્તવન. (૨૧)

**રાગ આશાવરી. ધન ધન સંપ્રતિ સાચો રાજા—એ દેશી.**

ષડ્ દરિસણ જિન અંગ ભણીજે, ન્યાયષડંગ જો સાધે રે;
નમિ જિનવરના ચરણ ઉપાસક, ષટ દરિસણ આરાધે રે. ષ૦ ૧

જિન સુરપાદપ પાય વખાણું, સાંખ્ય જોગ દોય ભેદે રે;
આતમ સત્તા વિવરણ કરતાં, લહો દુગ અંગ અખેદેરે. ષ૦ ૨

ભેદ અભેદ સૌગત મિમાંસક, જિનવર દોય કર ભારી રે;
લોકાલોક અવલંબન ભજીયે, ગુરૂગમથી અવધારી રે. ષ૦ ૩

લોકાયતિક કુખ જિનવરની, અંશ વિચારી જો કીજેરે;
તત્ત્વ વિચાર સુધારસ ધારા, ગુરૂગમ વિણ કેમ પીજે રે. ષ૦ ૪

જૈન જિનેશ્વર વર ઉત્તમ અંગ, અંતરંગ બહિરંગે રે;
અક્ષર ન્યાસ ધરા આરાધક, આરાધે કરી સંગેરે. ષ૦ ૫

જિનવરમાં સઘળાં દરિસણ છે, દર્શને જિનવર ભજનારે;
સાગરમાં સઘળી તટિની સહી, તટિનીમાં સાગર ભજનારે. ષ૦ ૬

જિન સ્વરૂપ થઇ જિન આરાધે, તે સહી જિનવર હોવેરે;
ભૃંગી ઇલિકાને ચટકાવે, તે ભૃંગી જગ જોવે રે. ષ૦ ૭

ચૂર્ણી ભાષ્ય સૂત્ર નિર્યુક્તિ, વૃત્તિ પરંપર અનુભવ રે;
સમય પુરૂષનાં અંગ કહ્યાં એ, જે છેદે તે દુર્ભવરે. ષ૦ ૮

મુદ્રા બીજ ધારણા અક્ષર, ન્યાસ અરથ વિનિયોગેરે;
ધ્યાવે તે નવિ વંચિજે, ક્રિયા અવંચક ભોગેરે. ષ૦ ૯

શ્રુત અનુસાર વિચારી બોલું, સુગુરૂ તથાવિધ ન મિલેરે;
કિરિયા કરી નવિ સાધી શકીએ, એ વિષવાદ ચિત્ત સઘળે રે. પ૦ ૧૦

તે માટે ઉભા કર જોડી, જિનવર આગળ કહીએ રે; સમય
ચરણ સેવા શુદ્ધ દેજો, જેમ આનંદઘન લહીએરે. પ૦ ૧૧

## ૯૩ શ્રી નેમિનાથ સ્વામીનું સ્તવન. (૨૨)

રાગ મારૂણી. ધણુરા ઢોલા—એ દેશી.

અષ્ટ ભવંતર વાલહીરે, તું મુજ આતમરામ મનરા વાલા;
મુગતિ સ્ત્રીશું આપણેરે, સગપણ કોઈ ન કામ. મ૦ ૧

ઘર આવો હો વાલમ ઘર આવો, મ્હારી આશાના વિશરામ;
મ૦ રથ ફેરો હો સાજન રથ ફેરો, સાજન મ્હારા મનોરથ સાથ. મ૦ ૨

નારી પખો શો નેહલોરે, સાચ કહે જગનાથ; મ૦
ઈશ્વર અર્ધાંગે ધરીરે, તું મુજ ઝાલે ન હાથ. મ૦ ૩

પશુ જનની કરૂણા કરીરે, આણી હૃદય વિચાર; મ૦
માણસની કરૂણા નહિરે, એ કુણ ઘર આચાર. મ૦ ૪

પ્રેમ કલ્પતરૂ છેદિયોરે, ધરિયો જોગ ધતૂર; મ૦
ચતુરાઈરો કુણ કહોરે, ગુરૂ મલિયો જગ સૂર. મ૦ ૫

મારૂં તો એમાં ક્યુંહી નહિરે, આપ બિચારે રાજ; મ૦
રાજસભામાં બેસતાંરે, કિસડી બધસી લાજ. મ૦ ૬

પ્રેમ કરે જગ જન સહુરે, નિર્વાહે તે ઓર; મ૦

પ્રીત કરીને છોડી દે રે, તેહશું ન ચાલે જોર. મ૦ ૭
જો મનમા એહવું હતું રે, નિસપત કરત ન જાણ; મ૦
નિસપત કરીને છાંડતાં રે, માણસ હુવે નુકશાન. મ૦ ૮
દેતાં દાન સંવત્સરીરે, સહુ લહે વંછિત પોષ; મ૦
સેવક વંછિત નવિ લહે રે, તે સેવકનો દોષ. મ૦ ૯
સખી કહે એ શામલો રે, હું કહું લક્ષણ સેત; મ૦
ઈણ લક્ષણ સાચી સખી રે, આપ વિચારે હેત. મ૦ ૧૦
રાગીશું રાગી સહુ રે, વૈરાગી શ્યો રાગ; મ૦
રાગ વિના કિમ દાખવો રે, મુગતિસુંદરી માગ. મ૦ ૧૧
એક ગુહ્ય ઘટતું નથી રે, સઘલોઈ જાણે લોક; મ૦
અનેકાંતિક ભોગવોરે, બ્રહ્મચારી ગત રોગ. મ૦ ૧૨
જિણ જોણિ તુમને જોઉં રે, તિણ જોણિ જોવો રાજ; મ૦
એક વાર મુજને જુઓ રે, તો સીઝે મુજ કાજ. મ૦ ૧૩
મોહદશા ધરી ભાવનારે, ચિત્ત લહે તત્વ વિચાર; મ૦
વીતરાગતા આદરી રે, પ્રાણનાથ નિરધાર. મ૦ ૧૪
સેવક પણ તે આદરે રે, તો રહે સેવક મામ; મ૦
આશય સાથે ચાલીએ રે, એહી જ રૂડું કામ. મ૦ ૧૫
ત્રિવિધ યોગ ધરી આદર્યો રે, નેમિનાથ ભરતાર; મ૦
ધારણ પોષણ તારણો રે, નવરસ મુગતાહાર. મ૦ ૧૬
કારણ રૂપી પ્રભુ ભજ્યો રે, ગણ્યું ન કાજ અકાજ; મ૦
કૃપા કરી મુજ દીજીએરે; આનંદઘન પદ રાજ. મ૦ ૧૭

## ૯૪ શ્રી પાર્શ્વનાથ સ્વામીનું સ્તવન. (૨૩)

### રાગ સારંગ રસીઆની દેશી.

ધ્રુવપદ રામી હો સ્વામી મ્હારા, નિઃકામી ગુણરાય, સુજ્ઞાની, નિજ ગુણ કામી હો પામી તું ધણી, ધ્રુવ આરામી હો થાય. સુજ્ઞાની ધ્રુ૦ ૧

સર્વ વ્યાપી કહો સર્વ જાણગપણે; પર પરિણમન સરૂપ, સુ૦ વરરૂપે કરી તત્ત્વપણું નહી, સ્વસત્તા ચિદ્રૂપ. સુ૦ ધ્રુ૦ ૨

જ્ઞેય અનેકે હો જ્ઞાન અનેકતા, જળભાજન રવિ જેમ; સુ૦ દ્રવ્ય એકત્વ પણે ગુણ એકતા, નિજપદ રમતા હો ખેમ. સુ૦ ધ્૦ ૩

પર ક્ષેત્રે ગત જ્ઞેયને જાણવે, પરક્ષેત્રે થયું જ્ઞાન; સુ૦ અસ્તિપણું નિજ ક્ષેત્રે તુમે કહ્યું, નિર્મળતા ગુણ માન. સુ૦ ધ્૦ ૪

જ્ઞેય વિનાશે હો જ્ઞાન વિનશ્વરૂ,કાળ પ્રમાણે રે થાય; સુ૦ સ્વકાળે કરી સ્વસત્તા સદા, તે પર રીતે ન જાય. સુ૦ ધ્૦ ૫

પરભાવે કરી પરના પામતા, સ્વસત્તા થિર ઠાણ; સુ૦ આત્મ ચતુષ્કમયી પરમાં નહી, તો કિમ સહુનો રે જાણ. સુ૦ ધ્૦ ૬

અગુરૂલઘુ નિજ ગુણને દેખતાં, દ્રવ્ય સકળ દેખત; સુ૦ સાધારણ ગુણની સાધર્મ્યતા, દર્પણ જળને દષ્ટાંત.સુ૦ ધ્૦ ૭

શ્રી પારસજિન પારસ રસ સમો, પણ ઈહાં પારસ નાહિ;

સુ૦ પૂરણ રસીઓ હો નિજ ગુણપરસનો, આનંદઘન મુજ માંહિ. સુ૦ ધ૦ ૮

## ૯૫ શ્રી મહાવીર સ્વામીનું સ્તવન. (૨૪)

( રાગ–ધનાશ્રી )

વીરજીને ચરણે લાગું, વીરપણું તે માગું રે;
મિથ્યા મોહતિમિર ભય ભાગું, જિન નગારૂં વાગ્યું રે. વી૦૧

છઉમથ્થ વીર્ય લેશ્યા સંગે, અભિસંધિજ મતિ અંગેરે;
સૂક્ષ્મ સ્થૂલ ક્રિયાને રંગે, યોગી થયો ઉમંગેરે. વી૦ ૨

અસંખ્ય પ્રદેશે વીર્ય અસંખે, યોગ અસંખિત કંખેરે;
પુદ્ગલ ગણ તેણે લે સુવિશેષે, યથાશક્તિમતિ લેખેરે. વી૦ ૩

ઉત્કૃષ્ટ વીરજને વેસે, યોગ ક્રિયા નવી પેસે રે;
યોગ તણી ધ્રુવતાને લેશે, આતમ સગતિ ન ખેસેરે. વી૦ ૪

કામ વીર્યવશે જેમ ભોગી, તેમ આતમ થયો ભોગી રે;
શૂરપણે આતમ ઉપયોગી, થાય તેહણે અયોગી રે. વી૦ ૫

વીરપણું તે આતમ ઠાણે, જાણ્યું તુમચી વાણે રે;
ધ્યાન વિનાણે શકિત પ્રમાણે, નિજ ધ્રુવપદ પહિચાણે રે.વી૦૬

આલંબન સાધન જે ત્યાગે, પર પરિણતિને ભાગેરે;
અક્ષય દર્શન જ્ઞાન વૈરાગે, આનંદઘન પ્રભુ જાગેરે. વી૦ ૭

શ્રી આનંદઘનજી ચોવીશી સંપૂર્ણ.

---

## ૯૬ શ્રી પાવાપુરી મંડન વીરજિનનું સ્તવન.

(રાગ ફેરવો.)

ભલાજી મેરા નેમ ચાલ્યો ગિરનાર—એ ચાલ.

ભલાજી મેરા વીર ગયા નિરવાણ; એકિલા હોય કે, મેરા વીર ગયા નિરવાણ—એ આંકણી. ગૌતમ ગણધર સોચ કરતા હે, ભલાજી મેરા કોણ હોશે આધાર. એકિ૦ ૧

ઈંદ્રભૂતિ નામે કરી મુજને ભલાજી, કોણ બોલાવશે ધરી પ્યાર. એકિ૦ ૨

વિનય કરી તુમ વિન શીસા આગે ભલાજી, પ્રશ્ન કરૂં જાઇને ઉદારા. એકિ૦ ૩

વીર વીર કરતો ઇમ ગૌતમ ભલાજી, વીતરાગ થઇ ગયો લાર. એકિ૦ ૪

પાવાપુરીમાં વીર પ્રભુનું ભલાજી, સરોવર બીચ દેવલ સાર. એકિ૦ ૫

જેમ માનસસર રાજહંસલો ભલાજી, તેમ દેવલ શોભે શ્રીકાર. એકિ૦ ૬

## ૯૭ ખંભાત મંડન જિન ભુવન સ્તવન.

વ્હાલા વીર જિનેશ્વર જન્મ જરા નિવારજો—એ રાગ.

રૂડાં ખંભાતનાં દેવલ જુહારીએરે, કર્મ કચવર દૂર કરવા ચૈત્ય જુહારીએ રે. એ આંકણી૦

કુમારપાળ આવી ઈહાં ચઢીઓ, હેમ સૂરીશ્વર ચરણે પડીઓ;

શત્રુ થકી ઉગરીએ, ગુરૂ એવા ધારીએ રે. રૂડાં૦ ૧
હીર સૂરીશ્વર યહાં પર આવ્યા,અઢળક દ્રવ્ય ખરચી પધરાવ્યા;
મૂર્તિ શક્કરપુર ગુરૂ મંદિરમાં ભાલીએ રે. રૂડાં૦ ૨
થંભણ પાસ પ્રભુની મૂર્તિ, યહાં મણિમય શોભે દુઃખ ચુરતી;
જયતિહુઅણ સ્તોત્રથી સ્તુતિ ઉચ્ચરીએ રે. રૂડાં૦ ૩
અભયદેવ સૂરીશ્વર રાયા, સ્તોત્ર રચી નીજ કુષ્ટ મિટાયા;
નવ અંગની ટીકા રચી એ ઉપગારીએ રે. રૂડાં૦ ૪
યોગી નાગાર્જુને પ્રભુ પાસે, કરી હતી સોના સિદ્ધિ ઉલ્લાસે;
એવા સિદ્ધિ દાયક પ્રભુ ગુણ સંભારીએરે. રૂડાં૦ ૫
માણેક ચોકનું દેવલ સુંદર, ભૂમિ પર શોભે તસ અંદર;
અજિત દેવ પુંડરીક પૂજી દિલ ઠારીએ રે. રૂડાં૦ ૬
ઓગણીસ દેવલ સહિત બીરાજે,મોહટું દહેરૂં ગગનમાં ગાજે;
સાત શિખરનું દેખી દુઃખ નિવારીએ રે. રૂડાં૦ ૭
શહેર બિચ શોભે તે દહેરૂં, જંબૂદ્વીપમાં જેમ મેરૂ;
મૂલનાયક ચિંતામણી પાસ પખાલીએ રે. રૂડાં૦ ૮
આરિસા ભુવન સમાન મનોહર, કાચ જડિત દેવલમાં સુખકર;
અજિત વીર પ્રભુ પધરાવ્યા ઉપગારીએ રે. રૂડાં૦ ૯
આતમ કમલ લાયબ્રેરી જ્યાં, ચૈત્ય ચિંતામણી પાસનું ત્યાં;
થંભણનાથ પૂજી ભોંયરૂ સુધારીએ રે. રૂડાં૦ ૧૦
ઇત્યાદિક સાઠ મોટાં દેરાં, પંદર દેરાં જિન કેરાં;
હંસ પરે જુહારી આતમ તારીએ રે. રૂડાં૦ ૧૧

સંવત ઓગણીશે એકાશી, ફાગણ સુદી એકમ તિથિ ખાસી;
સ્તવન રચ્યું ભક્તિથી રહી જૈનશાલીએ રે. રૂડાં૦ ૧૨

## ૯૮ શ્રી અંતરીક્ષ પાર્શ્વનાથનું સ્તવન.

મ્હારી રસ શેલડી ઋષભ જિનેશ્વર કિયો પારણું—એ દેશી.

મ્હારી કલ્પ વેલડી મૂર્તિ શ્રી અંતરીક્ષ પાર્શ્વની.

એક સમય લંકાપતિ રાવણ, હુકમ આપ ફરમાવે;
માલી સુમાલી વિદ્યાધર બે, કાર્ય કારણ તસ જાવેરે. મ્હા૦૧
જાય વિમાન ઝડપથી તેહનું, જેમ ગગને ગુબાર;
મધ્યાહ્‌ને ભોજન વેલાએ, વિમાન હેઠે ઉતાર્યા રે. મ્હા૦ ૨
તવ સેવક મન સંશય ઉપન્યો, પ્રતિમા ઘેર વિસારી;
પ્રભુ પૂજન વિના ભોજન ન કરે, મુજ સ્વામી ભાગ્યશાળીરે. મ્હા૦૩
વેલુમય મૂર્તિ નીપજાવી, કરી પૂજન તૈયારી;
સ્વામીએ પૂજન કરી ભોજન, લીયા શરીર સુખકારીરે. મ્હા૦૪
જાતાં મૂર્તિને પધરાવી, સરોવરમાં ઉછરંગે;
અધિષ્ઠાયક દેવે અખંડિત, રાખી તીહાં ઉમંગેરે. મ્હા૦ ૫
એક દિન બીંગલપુરનો રાજા, શ્રીપાલ કુષ્ટી આવે;
હાથ મુખ પ્રમુખ અંગોને, પખાલી નીજ ઘર જાવેરે. મ્હા૦૬
મુખડું નીરોગી દેખી રાણી, ફરી ત્યાં જઈ નવરાવે;
કંચન સમ કાયા રાજાની જાઈ, જોઇ અચરીજ પાવેરે. મ્હા૦૭
બલી બકુલ નાખી પટરાણી, બોલી મધુરી વાણી;
દેવી દેવ જે કોઈ હોય તે, દ્યો દરશન હિત આણીરે. મ્હા૦ ૮

એમ કરી ઘેર જઈને સુતી, સ્વપ્ને દેવી દીઠી;
પાર્શ્વપ્રભુની પ્રતિમા ઇહાં છે, એમ વાણી સુણી મીઠીરે. મ્હા૦ ૯
રોગી રાજા નિરોગી થયો, તે જિનજી તણો પસાય;
તે કારણ પ્રતિમા કાઢીને, ગાડે દીયો પધરાયરે. મ્હા૦ ૧૦
કાચે તાંતણે ગાડલું બાંધો, રાજાયે થવું ધુરમાં;
પણ પાછું વાળી જોયા વિના, જવું જરૂર નીજ પુરમાંરે. મ્હા૦ ૧૧
જો પાછું વાલીને જોશે, તો પ્રતિમા તિહાં રહેશે;
ભૂલ્યો બાજીગર શોચે તેમ, ચિંતા દુઃખ સહેશેરે. મ્હા૦ ૧૨
એવું સ્વપ્નું દેખીને રાણી, નિદ્રામાંથી જાગી;
પ્રેમ ધરીને દેવ ગુરૂનું, સ્મરણ કરવા લાગીરે. મ્હારી૦ ૧૩
તેમજ કરી પૃથ્વીપતિ ચાલ્યો, બોજથી હાથ ન હાલ્યો;
શંકા ઉપની પ્રતિમા કેરી, મુખ વાલી તિહાં ભાલ્યોરે. મ્હા૦ ૧૪
પ્રતિમા અધર રહી ત્યાં આગળ, ગાડું નીકળી ચાલ્યું;
વિના વિચાર કીધું તે, રાજાના દીલમાં સાલ્યું રે. મ્હા૦ ૧૫
પણ પ્રતિમા ઉપર પ્રીતિથી, શ્રીપુર નગર વસાવી;
રહેવા લાગ્યો ત્યાં રાજા, નગર લોકને વાસીરે. મ્હા૦ ૧૬
ચૈત્ય પ્રતિષ્ઠા મહોચ્છવ કીધો, જગમાં જશ બહુ લીધો;
પ્રતિદિન ત્રિકાળ પૂજા કરીને, નીજ ભવ સફલો કીધોરે. મ્હા૦ ૧૭
તે કાલે પનીહારી બેહડું, લઈ નીચે જઇ શક્તી;
હવણે તો અંગલોહણું નીકળે, દીપ શાખા જુઓ ઝગતીરે. મ્હા૦ ૧૮
દુઃખમ કાલમેં એમ પ્રભુની, મૂર્તિ અધર બીરાજે;

તે કારણ અંતરીક્ષ પાસજી, નામ જગતમાં ગાજેરે. મ્હા૦૧૯
તે પ્રભુની યાત્રા કરવાને, અમલનેરથી આવે;
રૂપચંદ મોહનચંદ પોતે, સંઘ લઇ શુદ્ધ ભાવેરે. મ્હા૦ ૨૦
સંવત ઓગણીસે છપ્પનના, મહા શુદ દસમી સારી;
લક્ષ્મી વિજય ગુરૂરાજ પસાયે, હંસ નમે વારંવારીરે. મ્હા૦૨૧

---

# વિભાગ ત્રીજો.

## સ્તવનનાં ઢાળીયાં.

### ૧ શ્રી જ્ઞાન પંચમીની ઢાળો.

#### ઢાળ પહેલી.

જાલમ જોગીડારે–એ દેશી.

શ્રી વાસુપૂજ્ય જિનેસર વયણથી રે, રૂપકુંભ કંચનકુંભ મુનિ દોય; રોહિણી મંદિર સુંદર આવીયારે. નમી ભવ પૂછે દંપતી સોય. ચઉ નાણી વયણે દંપતી મોહીયાં રે-એ આંકણી.

રાજા રાણી નિજ સુત આઠના રે, તપ ફલ નિજ ભવ ધારી સંબંધ; વિનય કરી પૂછે મહારાજનેરે; ચાર સુતાના ભવ પ્રબંધ. ચ૦ ૨

રૂપવંતી શિયલવંતી ને ગુણવંતીરે, સરસ્વતી જ્ઞાનકલા ભંડાર; જન્મથી રોગ શોક દીઠો નથીરે, કુણ પુન્યે લીધો એહ અવતાર. ચ૦ ૩

## ઢાલ બીજી.

### વાલાજી વાગે છે વાંસળીરે—એ દેશી.

ગુરૂ કહે વૈતાઢ્ય ગિરિવરૂરે, પુત્ર વિદ્યાધરી ચાર;
નિજ આયુ જ્ઞાનીને પૂછીયું રે, કરવા સફલ અવતાર.
અવધારો એમ વિનતિરે—એ આંકણી. ૧

ગુરૂ કહે જ્ઞાન ઉપયોગથી રે, એક દિવસનું આયુ;
એહવાં વચન શ્રવણે સુણ્યાંરે, મનમાં વીમાસણ થાએ. અ૦ ૨

થોડામાં કારજ ધર્મનારે, કેમ કરીએ મુનિરાજ;
ગુરૂ કહે જોગ અસંખ્ય છેરે, જ્ઞાનપંચમી તુમ કાજ. અ૦ ૩

ક્ષણ અરધે સવિ અઘ ટલેરે, શુભ પરિણામે સાધ્ય;
કલ્યાણક નવ જિન તણાં રે, પંચમી દીવસે આરાધ. અ૦ ૪

## ઢાળ ત્રીજી.

### જઈને કહેજો—એ દેશી.

ચૈત્ર વદી પંચમી દિને, સુણો પ્રાણિજીરે, ચવીયા ચંદ્રપ્રભુ સ્વામી; લહે સુખઠામ, સુણો પ્રાણિજી રે.—એ આંકણી.

અજિત સંભવ અનંત, સૂ૦ પંચમી સુદી શિવ ધામ;
શુભ પરિણામ. સુ૦ ૧

વૈશાખ શુદી પંચમી દિને, સુ૦ સંજમ લિયો કુંથુનાથે;
બહુ નર સાથે, સુ૦ જેઠ શુદિ પંચમી વાસરે, સુ૦ મુગતિ પામ્યા ધર્મનાથ, શિવપુરી સાથ. સુ૦ ૨

શ્રાવણ શુદી પંચમી દિને, સુ૦ જનમ્યા નેમ સુરંગ;

અતિ ઉછરંગ,સુ૦ માગશર વદ પંચમી દીને, સુવિધિ જન્મ શુભ સંગ; પુન્ય અભંગ. સુ૦ ૩

કાર્તિક વદ પંચમી તીથિ સુ૦ સંભવ કેવલ જ્ઞાન; કરો બહુ માન, સુ૦ દશ ક્ષેત્રે નેવું જિનના સુ૦ પંચમી દિનનાં કલ્યાણ; સુખનાં નિધાન. સુ૦ ૪

## ઢાળ ચોથી.

### હાંરે મારે જોબનિયા—એ દેશી.

હાંરે મારે જ્ઞાની ગુરૂનાં, વયણ સુણી હિતકારજો;
ચાર વિદ્યાધરી પંચમી, વિધિશું આદરેરે લોલ. એ આંકણી ૧
હાંરે મારે શાસન દેવતા, પંચમ જ્ઞાન મનોહારજો;
ટાલીરે આશાતના, દેવવંદન સદારે લોલ. ૨
હાંરે મારે તપ પૂરણથી, ઉજમણાનો ભાવજો;
એહવે વિધુત યોગે, સુરપદવી વર્યા રે લોલ. ૩
હાંરે મારે ધર્મ મનોરથ, આલસ તજતાં હોયજો;
ધન્ય તે આતમ અવલંબી, કારજ કર્યાં રે લોલ. ૪
હાંરે મારે દેવ થકી તુમ, કુખે લીયો અવતાર જો;
સાંભલી રોહિણી જ્ઞાન, આરાધન ફલ ઘણાં રે લોલ. ૫
હાંરે મારે ચારે ચતુરા વિનય વિવેક વિચારજો;
ગુણ કેતાં આલેખાયે તુમ પુત્રી તણાં રે લોલ. ૬

## ઢાળ પાંચમી.

### આસણુનારે જોગી—એ દેશી.

જ્ઞાની વયણથી ચારે બેહની, જાતિસ્મરણ પામ્યારે; જ્ઞાની

ગુણવંતા, ત્રીજા ભવમાં ધારણા કીધી, સિધ્યાં મનનાં
જ્ઞાની ગુણવંતા. એ આંકણી. ૧

શ્રીજિનમંદિર પંચ મનોહર, પંચવરણ જિન પડિમારે;
જ્ઞા૦ જિનવર આગમને અનુસારે, કરીએ ઉજમણાં મહી-
મારે. જ્ઞાની૦ ૨

પંચમી આરાધન તિથિ પંચમી, કેવલનાણ તે થાએરે;
જ્ઞા૦ શ્રી વિજયલક્ષ્મીસૂરિ અનુભવ નાણે; સંઘ સયલ સુખ-
દાયારે. જ્ઞાની૦ ૩

પંચમી તપ સ્તવન ઢાલો સંપૂર્ણ.

---

## ૨ દસ પચ્ચખ્ખાણનું સ્તવન.

દુહા—સિદ્ધારથ નંદન નમું, મહાવીર ભગવંત;
ત્રિગડે બેઠા જિનવરૂ, પરખદા બાર મિલંત. ૧
ગણધર ગૌતમ તિણે સમે, પૂછે શ્રી જિનરાય;
દસ પચ્ચકખાણ કીસાં કહ્યાં, કીહાં કવણ ફલ થાય. ૨

### ઢાળ પહેલી

સીમંધરકર—એ દેશી.

શ્રી જિનવર ઈમ ઉપદિશે, સાંભલ ગૌતમ સ્વામ;
દશ પચ્ચખાણ કીધાં થકાં, લહીએ અવિચલ ઠામ. શ્રી૦ ૧
[૧]નવકારશી [૨]બીજી પોરિસી, [૩]સાઢપોરિશી, [૪]પુરિમઢ્ઢ;
[૫]એકાસણ [૬]નિવિ કહી, [૭]એકલઠાણું, [૮]દિવઢ્ઢ. શ્રી૦ ૨

દત્તિ [૯]આંબેલ, [૧૦]ઉપવાસ સહિ, એહજ દશ પચ્ચખાણ;
એહનાં ફલ સુણો ગૌતમા, જુજુઆં કરૂં વખાણ. શ્રી૦ ૩
રત્નપ્રભા શર્કરાપ્રભા, વાલુકાપ્રભા ત્રીજીય જાણ;
પંકપ્રભા ધૂમપ્રભા, તમપ્રભા તમતમા ઠામ. શ્રી૦ ૪
નરક સાતે રહી સહી, કરમ કઠન કરે જોર;
જીવ કરમ વશ કરે જૂઠા, ઉપજે તિણહીજ ઠોર. શ્રી૦ ૫
છેદન ભેદન તાડના, ભૂખ તૃષા વલી ત્રાસ;
રોમ રોમ પીડા કરે, પરમાધામીનો ત્રાસ. શ્રી૦ ૬
રાત દિવસ ક્ષેત્ર વેદના, તિલ ભર નહી તિહાં સુખ;
કીધાં કરમ તિહાં ભોગવે, પામે જીવ બહુ દુઃખ. શ્રી૦ ૭
એક દિનની નવકારસી, જે કરે ભાવ વિશુદ્ધ;
સો વરસ નરકનો આઉખો, દૂર કરે જ્ઞાની બુદ્ધ. શ્રી૦ ૮
નિત્યે કરે નવકારશી, તે નર નરકે નહી જાય;
ન રહે પાપ વળી પાછલા, નિર્મળ હોવેજી કાય. શ્રી૦ ૯

## ઢાળ બીજી.

### વિમલાસર તિલો—એ દેશી.

સુણ ગૌતમ પોરિસી કિયા, મહામોટો ફલ હોય;
ભાવશું જે પોરિસી કરે, દુર્ગતિ છેદે સોય. સુ૦ ૧
નરક માંહે જીવ નારકી, વરસ એક હજાર;
કરમ ખપાવે નરકમાં, કરતાં બહુત પુકાર. સુ૦ ૨
દુર્ગતિ માંહે નારકી, દશ હજાર પરિમાણ;

નરકનો આઉ ખિણ એકમેં, સાઢ પોરસી કરે હાણ. સુ૦ ૩
પુરિમડ્ઢ કરતાં જીવડાં, નરકે તે નહી જાય;
લાખ વરસ કરમના કટે, પુરિમડ્ઢ કરત ખપાય. સુ૦ ૪
લાખ વરસ દશ નારકી, પામે દુઃખ અનંત;
એટલા કરમ એકાસણે, દૂરિ કરે મન ખંત. સુ૦ ૫
એક કોડિ વરસાં લગે, કરમ ખપાવે જીવ;
નિવિ કરતાં ભાવશું, દુર્ગતિ હણે સદીવ. સુ૦ ૬
દસ કોડી જીવ નરકમેં, જીતરો કરે કર્મ દૂર;
તિતરો એકલઠાણહિ, કરે સહી ચકચૂર. સુ૦ ૭
દત્તિ કરંતા પ્રાણીયા, સો કોડે પરિમાણ;
ઇતરાં વરસ દુર્ગતિ તણાં, છેદે ચતુર સુજાણ. સુ૦ ૮
આંબિલનો ફલ બહુ કહ્યો, કોડી દસ હજાર;
કરમ ખપાવે ઇણી પરે, ભાવે આંબિલ અધિકાર. સુ૦ ૯
કોડી હજાર દસ વરસ સહી, દુઃખ સહે નરક મઝાર;
ઉપવાસ કરે એક ભાવશું, પામે મુક્તિ દુવાર. સુ૦ ૧૧

### ઢાલ ત્રીજી.

કોઇક વર માગે સીતા ભણી—એ દેશી.

લાખ કોડી વરસાં લગે, નરકે કરતા બહુ રીવરે;
છઠ્ઠનું તપ કરતાં થકાં, નરક નિવારે જીવરે. ૧
સુણ ગૌતમ ગણધર સહી, નરક વિષે દશ કોડી લાખહી;
જીવ લહે તિહાં અતિ દુઃખરે, તે દુઃખ અઠ્ઠમ તપ હુંતી,
દૂર કરે પામે સુખરે. સુ૦

છેદન ભેદન નારકી, કોડાકોડી વરસ સોઈરે; સુ૦
દુર્ગતિ કર્મને પરિહરે, દશમે એટલો ફલ હોઈરે. સુ૦ ૩
નિત્ય ફાસુ જલ પીવતાં, કોડાકોડી વરસનાં પાપરે; સુ૦
દૂર કરે ક્ષણ એકમાં, જીવ નિશ્ચયે નિરધારરે. સુ૦ ૪
એ તો વલી અવિશેષે ફલ કહ્યો, પંચમી કરતાં ઉપવાસરે.સુ૦
તે તો પામે જ્ઞાન પાંચ ભલાં, કરતાં ત્રિભુવન ઉજાસરે; સુ૦ ૫
ચૌદશ તપ વિધિ શું કરે, ચૌદ પૂરવનો હોય ધારરે; સુ૦
બાહ્ય તપ એકાદશી, કરતાં લહીએ શિવવાસરે. સુ૦ ૬
અષ્ટમી તપ આરાધતાં, જીવ ન ફરે ઇણ સંસારરે; સુ૦
ઈમિ અનેક ફલ તપ તણાં, કહેતાં વલી નાવે પારરે. સુ૦ ૭
મન વચન કાયાયે કરી, તપ કરે જે નર નારીરે; સુ૦
અનંત ભવના પાપથી, છૂટે જીવડો નિરધારરે. સુ૦ ૮
તપ હુંતિ પાપી તર્યા, નિસ્તર્યો અર્જુન માલીરે; સુ૦
તપ હુંતિ દિન એકમાં, શિવ પામ્યા ગજસુકુમાલરે. સુ૦ ૯
તપના ફલ સૂત્રે કહ્યાં, પચ્ચખાણ તણા દશ ભેદરે; સુ૦
અવર ભેદ પણ છે ઘણાં, કરતાં છેદે તીન વેદરે. સુ૦ ૧૦

કલશ—પચ્ચખાણ દશ વિધ ફલ પ્રરૂપ્યાં, મહાવીર જિન દેવ એ; જે કરે ભવિયણ તપ અખંડિત, તાસ સુરપતિ સેવ એ; સંવત વિધુ ગુણ અશ્વ શશિ વળી, પોશ શુદ દશમી દિને; પદ્મ રંગ વાચક શિષ્ય તસ ગણિ, રામચંદ તપ વિધિ ભણે.

ઇતિ શ્રી દશ પચ્ચખાણ સ્તવન.

---

## ૩ બીજનું સ્તવન.

દુહા—સરસ વચન રસ વરસતી, સરસ્વતી કલા ભંડાર;
બીજ તણો મહિમા કહું, જિમ કહ્યો શાસ્ત્ર મોઝાર. ૧
જંબુદ્વીપના ભરતમાં, રાજગૃહી નગરી ઉદ્યાન;
વીર જિણંદ સમોસર્યા, વાંદવા આવ્યા રાજન. ૨
શ્રેણિક નામે ભૂપતિ, બેઠા બેસણ ઠાય,
પૂછે શ્રી જિનરાયને, દ્યો ઉપદેશ મહારાય. ૩
ત્રિગડે બેઠા ત્રિભુવનપતિ, દેશના દિયે જિનરાય;
કમલ સુકોમલ પાંખડી, ઈમ જિનવર હૃદય સોહાય. ૪
શશિ પ્રગટે જિમ તે દિને, ધન તે દિન સુવિહાણ;
એક મને આરાધતાં, પામે પદ નિર્વાણ. ૫

### ઢાલ પહેલી.

કલ્યાણક જિનના કહું સુણ પ્રાણીજીરે; અભિનંદન અરિહંત, એ ભગવંત ભવિ પ્રાણીજીરે; મહા શુદ બીજને દીને, સુ૦ પામ્યા શિવ સુખ સાર, હરખ અપાર. ભ૦ ૧

વાસુપૂજ્ય જિન બારમા સુ૦ એહજ તિથે નાણ; સફલ વિહાણ, ભવિ૦ અષ્ટ કરમ ચૂરણ કરી, સુણો૦ અવગાહન એક વાર; મુગતિ મોઝાર. ભ૦ ૨

અરનાથ જિનજી નમું, સુણો૦ અષ્ટાદશમો અરિહંત; એ ભગવંત, ભવિ૦ ઉજ્વલ તિથિ ફાગુણની ભલી સુણો૦ વરીયા શિવ વધૂ સાર, સુંદર નાર. ભ૦ ૩

દશમા શીતલ જિનેશ્વરૂ, સુણો૦ પરમ પદની વેલ, ગુણની ગેલ, ભવિ૦ વૈશાખ વદી બીજને દિને સુ૦ મૂક્યો સર્વ એ સાથ; સુરનરનાથ, ભવિ૦ ૪

શ્રાવણ સુદની બીજ ભલી, સુણો૦ સુમતિનાથ જિનદેવ; સારે સેવ, ભવિ૦ ઈણિ તિથિએ જિન ભલા, સુ૦ કલ્યાણક પંચ સાર, ભવનો પાર, ભવિ૦ ૫

## ઢાલ બીજી.

જગપતિ જિન ચોવીસમોરે લાલ, એ ભાખ્યો અધિકારરે, ભવિક જન, શ્રેણિક આદે સહુ મલ્યા રે લાલ; શક્તિ તણે અનુસારરે ભવિક જન, ભાવ ધરીને સાંભળોરે લાલ, આરાધો ધરી ખંતરે, ભવિક૦ ૧

દોય વરસ દોય માસનીરે લાલ, આરાધે ધરી હેતરે; ભ૦
ઉજમણું વિધિશું કરોરે લાલ, બીજ તે મુગતિ મહંતરે. ભ૦ ૨
મારગ મિથ્યા દૂરે તજોરે લાલ, આરાધો ગુણના થોકરે; ભ૦
વીરની વાણી સાંભલીરે લાલ, ઉછરંગ થયો બહુ લોકરે, ભ૦ ૩
ઇણી બીજે કેઈ તર્યારે લાલ, વળી તરશે કેઇ શેષરે; ભ૦
શશિ નિધિ અનુમાનથીરે લાલ, સઈલા નાગધર અંકરે. ભ૦ ૪
અસાડ શુદી દશમી દિનેરે લાલ; એ ગાયો સ્તવન રસાલરે; ભ૦
નવલ વિજય સુપસાયથીરે લાલ, ચતુરને મંગલ માલરે. ભ૦ ૫

**કલશ**—ઇય વીર જિનવર, સયલ સુખકર, ગાયો અતિ ઉલટ ભરે, અસાડ ઉજ્વલ દશમી દિવસે, સંવત અઢાર અઠો-

ત્તરે; બીજ મહિમા એમ વરણવ્યો, રહી સિદ્ધપુર ચોમાસુ એ;
જેહ ભવિક ભાવે ભણે ગુણે, તસ ઘર લીલ વિલાસ એ. ૧

## ૪ પંચમી સ્તવન.

### ઢાળ પહેલી

ઇડર આંબા આંબલીરે—એ દેશી.

શ્રી ગુરૂ ચરણ નમી કરીરે, પ્રણમી સરસ્વતી માય;
પંચમી તપ વિધિશું કરોરે, નિર્મલ જ્ઞાન ઉપાય;
ભવિક જન કીજે એ તપ સાર. જનમ સફલ નિરધાર,
ભવિક૦ લહીએ સુખ શ્રીકાર. ભ૦ કી૦—એ આંકણી. ૧
સમવસરણ દેવે રચ્યું રે, બેઠા નેમિ જિણંદ;
બારે પરખદા આગલેરે, ભાખે શ્રી જિનચંદ. ભ૦ ૨
જ્ઞાન વડો સંસારમાંરે, શિવપુરનો દાતાર;
જ્ઞાન રૂપી દીવો કહ્યોરે, પ્રગટયો તેજ અપાર. ભ૦ ૩
જ્ઞાન લોચન જબ નિરખીયેરે, તવ દેખે લોક અલોક;
પશુઆ પરે તે માનવીરે, જ્ઞાન વિના સવિ ફોક. ભ૦ ૪
જ્ઞાની શ્વાસોશ્વાસમાંરે, કરમ કરે જે નાસ;
નારકીના તે જીવનેરે, કોડી વરસસું વિલાસ. ભ૦ ૫
આરાધક અધિકો કહ્યોરે, ભગવતી સૂત્ર મઝાર;
ક્રિયાવંતને આગલેરે, જ્ઞાન સકલ સિરદાર. ભ૦ ૬
કષ્ટ ક્રિયા તો સહુ કરેરે, તેહથી નહિ કોઇ સિદ્ધ;
જ્ઞાન ક્રિયા જબ દો મિલેરે, તબ પામો બહુલી રિદ્ધ. ભવિક૦ ૭

કુણે આરાધી એહવીરે, કોઈને ફલી તતકાલ;
તેહ ઉપર તુમે સાંભલોરે, એહની કથા રસાલ. ભવિક૦ ૮
જંબૂદ્વીપ સોહામણોરે, ભરત ક્ષેત્ર અભિરામ;
પદ્મપુર નગરે શોભતોરે, અજિતસેન રાય નામ. ભ૦ ૯
શીલ સૌભાગી આગલેરે, યશોમતી રાણી નાર;
વરદત્ત બેટા તેહનોરે, મૂરખમાં સિરદાર. ભ૦ ૧૦
માત પિતા મન રંગશુંરે, મૂકે અધ્યાપક પાસ;
પણ તેહને નવી આવડેરે, વિદ્યા વિનય વિલાસ. ભ૦ ૧૧
જિમ જિમ યૌવન જાગતોરે, તિમ તિમ તનુ બહુ રોગ;
કોઢ થયો વળી તેહનેરે, વસમા કરમના ભોગ. ભ૦ ૧૨
આદરીએ આદર કરીરે, સૌભાગ્ય પંચમી સાર;
સુખ સઘલાં સહેજે મિલેરે, પામે જ્ઞાન અપાર. ભ૦ ૧૩

દુહા—તિલકપુર શેઠ વસે તિહાં, સિંહદાસ ગુણવંત;
જૈન ધરમ કરતા લહે, કંચન કોડિ અનંત. ૧

કપુરતિલકા સુંદરી, ચાલે કુલ આચાર;
તેહની કુખે અવતરી, ગુણમંજરી વર નાર. ૨

મુંગી થઇ તે બાલિકા, વચન વદે નહી એક
જિમ જિમ અતિ ઔષધ કરે, તિમ તિમ તનુ બહુ રોગ. ૩

સોલ વરસ તેહને થયાં, પરણે નહિ કુમાર;
એહને કોઇ વંછે નહી, સ્વજનાદિક પરિવાર. ૪

## ઢાલ બીજી.

(બન્યોરે કુંવરજીને સેહરો—એ દેશી.)

એહવે આવી સમોસર્યા, શ્રી વિજયસેન સુરિંદરે સુંદર,
જ્ઞાની ગુરૂને વાંદવા, પુત્ર સહિત ભૂપ વૃંદરે. સુંદર૦ ૧
સદ્ગુરૂ દીએ દેશનારે, સાંભલો ચતુર સુજાણરે; સુંદર૦
જ્ઞાન ભણો ભવિ ભાવશું, જિમ લહો કોડી કલ્યાણરે. સું૦ સ૦ ૨
સિંહદાસ સુત આપણો, આવી નમ્યો કર જોડીરે; સું૦
વિધિશું વાંદી દેશના, સાંભલવાના કોડરે. સું૦ સ૦ ૩
જ્ઞાન અશાતના જે કરે, તે લહે દુઃખ અનેકરે; સું૦
વાચા પણ નવિ ઉપજે, બાલ પરે વિવેકરે. સું૦ સ૦ ૪
ઇહ ભવ પરભવ દુઃખ લહે, દુષ્ટ કુષ્ટાદિક રોગરે સું૦
પરભવ પુત્ર ન સંપજે, કલત્રાદિક વિયોગરે. સું૦ સ૦ ૫
સિંહદાસ પૂછે હવે, નિજ બેટીની વાતરે; સું૦
શે કરમે રોગ ઉપનો, તે કહો સકલ અવદાતરે. સું૦ સ૦ ૬
ગુરૂ કહે શેઠજી સાંભલો, પૂરવ ભવ વિરતંતરે; સું૦
ધાતકી ખંડ મધ્ય ભરતમાં, ખેટક નગર નિરખંતરે. સું૦ સ૦ ૭
જિનદેવ વણિક વસે તિહાં, સુંદરી નામે નારરે; સું૦
પાંચ બેટા ગુણ આગલા, ચાર સુતા મનોહારરે. સું૦ સ૦ ૮
એક દિન ભણવા મુકીયા, હોંશ ધરી મન માંહીરે; સું૦
ચપલાઇ કરે ચોગુણી, ન ભણે હરખે ઉચ્છાહિરે. સું૦ સ૦ ૯
શીખામણ પંડયો દીએ, આવી રૂવે માતા પાસરે; સું૦

કોપ કરી વલતું કહે, બેઠા રહો ઘરવાસરે. સું૦ સ૦ ૧૦
ચૂલામાંહિ નાંખિયાં, પુસ્તક પાટી સોયરે; સુ૦
રીસે ધમધમતી કહે, આખર મરશે સહુ કોયરે. સું૦ સ૦ ૧૧
કંથ કહે નારી પ્રત્યે, કોણ દીએ કન્યાદાનરે; સું૦
મૂરખ ગુણ ગ્રહે નહિ, ન લહે આદર માનરે. સું૦ સ૦ ૧૨
બિહુ જણ માંહિ બોલતાં, ક્રોધ વધ્યો વિકરાલરે; સું૦
જિનદેવે માર્યું મૂશલું, મરણ પામી તતકાલરે. સું૦ સ૦ ૧૩
તેહ મરી ગુણમંજરી, અવતરી તાહરે ગેહરે. સું૦
જાતિ સ્મરણ ઉપનું, પ્રગટી પુન્યની વેલરે. સું૦ સ૦ ૧૪
સાચું સાચું સહુ કહે, જ્ઞાન ભણો ગુણ ખાણરે; સું૦
તપનો જો ઉદ્યમ કરો, તો લહો કેવલ નાણરે. સું૦ સ૦ ૧૫

દુહા—પાંસઠ મહિના કીજીએ, માસ માસ ઉપવાસ;
પોથી થાપો આગલે, સ્વસ્તિક પૂરો ખાસ. ૧
પાંચ પાંચ ફલ મૂકીએ, પાંચ જાતિનાં ધાન;
પાંચ વાટી દીવા કરો, પાંચ ઢોઉ પકવાન. ૨
કુસુમ ભલાં આણી કરી, ધૂપ પૂજા કરી સાર;
નમો નાણસ્સ ગુણણું ગણો, ઉત્તર દિશિ દોય હજાર. ૩
ભક્તિ કરે સાહમ્મી તણી, શક્તિ તણે અનુસાર;
જિનવર જુગતે પૂજતાં, પામે મોક્ષ દુવાર. ૪
બાર ઉપવાસ ન કરી શકે, વરસ માંહિ દિન એક;
જાવજીવ આરાહિયે, આણી પરમ વિવેક. ૫

## ઢાલ ત્રીજી.

### ચુડલે યૌવન ઝલ રહ્યા—એ દેશી.

રાયજન, મુનિવર દીએ ધર્મ દેશના, સુણીએ દેઈ કાન. રા૦
આલસ મૂકી આદરો, અજુઆલો નિજ જ્ઞાન. રા૦ મુ૦ ૧
રાય પૂછે હરખે કરી, સાંભલો ગુરૂ ગુણવંતા; રાયજન
વરદત્તે કર્મ કીશ્યાં કર્યાં, કોઢે અંગ ગલંત. રા૦ ૨
ભવિક જીવ હિત કારણે, ગુરૂ કહે મધુરી વાણી; રા૦
પૂરવ ભવની વારતા, સાંભલો ચતુર સુજાણી. રા૦ ૩
જંબૂદ્વીપ ભરતક્ષેત્રમાં, શ્રીપુરનગર વિલાસ; રા૦
વસુ શેઠના સુત બે ભલા, વસુસાર વસુદેવ નિહાલ. રા૦ ૪
વન રમતાં ગુરૂ વાંદિયા, શ્રી મુનિ સુંદરસૂરિ; રા૦
સાંભલતાં સંજમ લીયે, તપ કરે આનંદપુર. રા૦ ૫
સકલ કલા ગુણ આગલો, લઘુભાઇ અતિસાર; રા૦
વસુદેવને કીધો પાટવી, પંચ સયાં સિરદાર. રા૦ ૬
પગ પગ પૂછે તેહને, સૂત્ર અરથ નિરધાર, રા૦
પલક એક ઉંઘે નહી, તવ ચિંતે અણગાર. રા૦ ૭
પાપ લાગ્યું મુજ કીહાં થકી, એવડો શો કંઠ શોષ, રા૦
મૂઢ મૂરખ સંસારમાં, કાયા કરે નિજ પોષ. રા૦ ૮
બાર દિવસ મૌને રહ્યો, પ્રગટ થયો તવ પાપ, રા૦
જેવાં કરમ જે કો કરે, તે લહે સઘલાં આપ. રા૦ ૯
તુજ કુલે આવી અવતર્યો, દીપાવ્યો તુજ વંશ, રા૦

વૃદ્ધ ભાઈ મરી ઉપન્યો, માન સરોવર હંસ. રા૦ ૧૦
સયલ કથા સુણતાં લહ્યો, જાતિ સમરણ બાલ, રા૦
ધન ધન જ્ઞાની ગુરૂ મિલ્યા, રોગ થયા આલમાલ. રા૦ ૧૧
વિધિ સાથે પંચમી કરે, રાજાદિક પરિવાર. રા૦
રોગ ગયા સવિ તેહના, જિમ જાયે તડકે ઠાર. રા૦ ૧૨
સ્વયંવર મંડપ માંડીયો, પરણી એક હજાર, રા૦
હરખ્યો વરદત્ત ઇમ કહે, જૈન ધરમ જગ સાર. રા૦ ૧૨
રાજ થાપી નિજ પુત્રને, સાધે શિવપુર સાથ, રા૦
અજિતસેન ચારિત્ર લીયો, સાચા શ્રીગુરૂ હાથ. રા૦ ૧૪
સુખ વિલસે સંસારના, વરતાવે નિજ આણ, રા૦
પુત્ર જનમ એહવે થયો, ઉગ્યો અભિનવ ભાણ. રા૦ ૧૫

**દુહા**—ગુણમંજરી સુંદર ભઇ, પરણી સા જિનચંદ;
ચારિત્ર સાધી નિર્મલું, પામે વૈજયંત સુરિંદ. ૧
વરદત્ત મનમાં ચિંતવે, આપું સુતને રાજ;
હવે હું સંજમ આદરૂં, સાધું આતમ કાજ. ૨
અશુભ ધ્યાન દૂરે કરે, ધરવા જિનવર ધ્યાન;
કાલ ધરમ પામી ઉપન્યો, પુષ્કલાવતી વિજય પ્રધાન. ૩

## ઢાલ ચોથી.

સહીયાં હે પીઉ ચાલીયો—એ દેશી.

સૌભાગ્ય પંચમી આદરો, જિમ પામો હો સુખ સઘલાં વડવીર તો;
ચોથભત્તે શુદી પંચમી, વ્રત ધરવું ભોંયે સૂવું ધીર તો. સૌ૦ ૧

ત્રણ કાલ દેવ વાંદીએ, કીજે દીજે હો ગુરૂને બહુ માન તો;
પડિક્કમણાં દોય વારનાં,જિમ વાધે હો ઉત્તમ ગુણ જ્ઞાન તો.સૌ૦ ૨
નયરી પુંડરીગિણી સોહતી,વિરાજે હો અમરસેન ભૂપાલ તો;
તસ ઘરણી શીલે સતી ગુણવતી, કુખે હો અવતરીયો
બોલતો. સૌ૦ ૩
સજ્જન સંતોષી સામટાં,નામ થાપે હો સુરસેન અભિરામ તો;
ચંદ્રકલા જેમ વાધતી,તેમ સાધે હો, વાધે નિજ નામતો.સૌ૦ ૪
યૌવન વય જાણી પિતા, સો કન્યા પરણાવી સાર તો; રાજ
દેઈ નિજ પુત્રને, અમરસેન પહોતો હો પરલોક મોઝારતો. સૌ૦ ૫
શ્રી સિમંધર આવ્યા સાંભલી, વાંદવાને હો આવે તિહાં ભૂપ તો;
જ્ઞાન આરાધન દેશના, દેખાડે હો વરદત્ત સ્વરૂપ તો.સૌ૦ ૬
સૂરસેન હવે વિનવે, પ્રભુ પ્રકાશો હો તે કુણ વરદત્ત તો;
સકલ વાત માંડી કહી, તપ માંડયો હો કીજે રંગ રત્ત તો.સૌ૦ ૭
જિનવર વાંદી આવીઆ, સંવેગે હો મૂકે ઘર ભાર તો;
સિંહતણી પરે આદરી, જિણે લહીએ હો ભવજલનો પાર
તો. સૌ૦ ૮
પંચ મહાવ્રત આદર્યો, સહસ વરસે હો પામે કેવલજ્ઞાન તો;
અવિચલ સુખ એણે લહ્યાં, ઇમ નિસુણી હો આરાધો જ્ઞાન
તો. સૌ૦ ૯
જંબૂદ્વીપ માંહે વલી, વિજય રમણી હો નગરી ચોસાલ તો;
અમરસેનઅમરાવતી,પુણ્યપ્રગટયો હો આવ્યોએબાલતો.સૌ૦૧૦

ગુણમંજરી જીવ ઉપન્યો, રાજાને હો હુઓ ઉછરંગ તો; રાજ
કરે નિજ તાતનું, પ્રેમે પરણે હો કન્યા સુખ સંગ તો. સૌ૦ ૧૧
એક દિન મનમાં ચિંતવે, હું તો સાધુ હો નિજ આતમ કાજ તો;
ચારસહસ્સ બેટા થયા, પાટ આપે હો નિજસુત શિરતાજ તો. સૌ૦ ૧૨
સિંહતણી પરે નીકલે, લાખ પૂરવ હો સંયમ શીરતાજ તો;
તપ તપે અતિ આકરા, કેવલ પામી હો લહે શિવરાજ તો. સૌ૦ ૧૩

## ઢાળ પાંચમી.

(રાગ–ધનાશ્રી, ખજાનાની)

તપ ઉજમણું એણી પરે સુણીએ, વિત્ત સારૂ ધન ખરચોજી;
પાંચમ દિન પામી કીજીએ, જ્ઞાનાદિકને આચરોજી;
પાંચ પ્રતિ સિદ્ધાંતની સારી, પાઠાં પાંચ રૂમાલજી;
ખડીયો લેખણ પાટી પોથી, ઠવણી કવલી ઘો લાલજી. ૧
સ્નાત્ર મહોત્સવ વિધિશું કીજે, રાતીજગે ગીત ગાઓજી;
ચૈત્યાદિકની પૂજા કરતાં, જિનવરના ગુણ ગાઓજી;
ગુણમંજરી વરદત્તતણી પેરે, કીજે ત્રિકરણ શુદ્ધજી;
એ વિધ કરતાં થોડે કાલે, લહીએ સઘળી રિદ્ધજી. ૨
વાસકુંપી ધૂપધાણું વલી કીજીયે, ઝરમર પાંચ મંગાવોજી;
ગુરૂને વાંદી પુસ્તકને પૂજી, સામી સામણા નોતરાવોજી;
ગુરૂને તેડી બે કર જોડી, આદરશું વોહોરાવોજી;
પારણું કીજે લાહો લીજે, પાંચમ તપ ઉજવાવોજી. ૩
નેમિ જિણેસર અતિ અલવેસર, કેશર વર સમ કાયાજી;

એ ઉપદેશ સુણીને સમજ્યા, જ્ઞાન લોચન દેખાયાજી;
વરદત્ત ગણધર આગે કહીએ, લહીઓ ભવિજન પ્રાણીજી;
સૌભાગ્ય પંચમી તપ આરાધો, નિસુણી જિનવર વાણીજી. ૪
દેહ નિરોગી સોભાગી થાઓ, પામો રંગ રસાલજી;
મૂરખપણું દૂરે છાંડો, માંડો જ્ઞાન વિશાલજી;
સૌભાગ્ય પંચમી જે નર કરશે, તે વરશે મંગલ માલજી;
ગજ રથ ઘોડા સુંદર મંદિર, મણિમય ઝાકઝમાલજી. ૫
સંવત સત્તર અઠ્ઠાવન માંહિ, સિદ્ધપુર રહી ચોમાસુંજી;
કાર્તિક શુદી પાંચમ દિને ગાયો, સફલ ફલી મુજ આશજી;
તપગચ્છ નાયક દિનકર સરીખા, શ્રીવિજયપ્રભ સુરિંદાજી;
શ્રીવિજયરત્ન સૂરીશ્વર રાજે, પ્રણમે પરમાનંદાજી. ૬
કલશ—ઇમ નેમિ જીનવર સયલ સુખકર, ઉપદિશે ભવિ હિતકરો;
તપગચ્છ નાયક શિવસુખદાયક, લાયક માંહી પુરંદરો;
શ્રીલાભકુશલ વિબુધ સુખકર, વીર કુશલ પંડિત વરો;
સૌભાગ્ય કુશલ સુગુરૂ સેવક, કેશવ કુશલ જયકરો. ૭

શ્રી સૌભાગ્યપંચમી સ્તવન સંપૂર્ણ.

## ૫ અષ્ટમીનું સ્તવન.

દોહા—પંચ તીર્થ પ્રણમું સદા, સમરી શારદ માય;
અષ્ટમી સ્તવન હરખે રચું, સુગુરૂ ચરણ પસાય. ૧

### ઢાળ પહેલી.

હાંરે લાલા જંબૂદ્વીપના ભરતમાં, મગધ દેશ મહંતરે, લાલા.
રાજગૃહી નયરી મનોહર, શ્રેણિક બહુ બળવંત રે લાલા,

અષ્ટમી તીથિ મનોહરૂં હાંરે લાલા૦ ૧
ચેલણા રાણી સુંદરી, શિયલવતી શિરદારરે લાલા; શ્રેણિક સુત બુધ છાજતા, નામે અભયકુમારરે લાલા. અ૦ ૨ હાંરે લાલા વર્ગણા આઠ મીટે એહથી, અષ્ટ સાધે સુખ નિધાનરે લાલા, અષ્ટ મદ ભંજન વજ્ર છે, પ્રગટે સમકિત નિધાનરે લાલા, અ૦ ૩ હાંરે લાલા અષ્ટ ભય નાસે એહથી, અષ્ટ બુદ્ધિ તણો ભંડારરે લાલા; અષ્ટ પ્રવચન માતા સંપજે, ચારિત્ર તણો આગારરે. લાલા અ૦ ૪ હારે લાલા, અષ્ટમી આરાધન થકી, અષ્ટ કરમ કરે ચકચૂરરે લાલા; નવનિધિ પ્રગટે તસ ઘરે, સંપૂર્ણ સુખ ભરપૂરરે. લાલા અ૦૫ હાંરે લાલા, અડ દૃષ્ટિ ઉપજે એહથી, શિવ સાધે ગુણ અનૂપરે લાલા, સિદ્ધના આઠ ગુણ સંપજે, શિવ કમલા રૂપસ્વરૂપરે લાલા૦ આ૦ ૬

## ઢાલ બીજી.

જીહો રાજગૃહી રળિયામણી, જીહો વિચરે વીર જીણંદ;
જીહો સમવસરણ ઇંદ્રે રચ્યું, જીહો સુરાસુરનો વૃંદ. ૧
જગત સહુ વંદો વીર જિણંદ—એ આંકણી.
જીહો દેવરચિત સિંહાસને, જીહો બેઠા વીર જિણંદ;
જીહો અષ્ટ પ્રાતિહારજ શોભતા, જીહો ભામંડલ ઝલકંત. જ૦૨
જીહો અનંત ગુણી જિનરાજજી, જીહો પર ઉપગારી પ્રધાન;
જીહો કરૂણા સિંધુ મનોહરૂ, જીહો ત્રિલોક જગભાણ. જ૦૩

જીહો ચોત્રીસ અતિશય વિરાજતા, જીહો વાણી ગુણ પાંત્રીસ;
જીહો બારે પર્ષદા ભાવશું, જીહો ભગતે નમાવે શીશ. જ૦ ૪
જીહો મધુર ધ્વનિ દીયે દેશના, જીહો જિમરે અષાઢારે મેહ;
જીહો અષ્ટમી મહિમા વર્ણવે, જીહો જગત બંધુ કહે તેહ. જ૦ ૫

ઢાળ ત્રીજી.

(રૂડી ને રળિયામણી રે વહાલા તારી દેશના રે, તે તો મારા મંદિરીયે સંભળાય—એ દેશી)

રૂડી ને રઢિયાલીરે પ્રભુ તારી દેશના રે, તે તો જોજન લગે સંભળાય; ત્રિગડે વિરાજે રે જિન દિયે દેશનારે. શ્રેણિક વંદે પ્રભુના પાય, અષ્ટમી મહિમા કહો કૃપા કરી રે, પુછે ગોયમ અણગાર; અષ્ટમી આરાધન ફળ સિધ્ધિરે. ૧.
વીર કહે તિથિ મહિમા એહનો રે, ઋષભનું જન્મ કલ્યાણ; ઋષભ ચારિત્ર હોય નિર્મલું રે, અજિતનું જન્મકલ્યાણ. અ૦ ૨ સંભવ ચ્યવન ત્રીજા જિનેશ્વરરે, અભિનંદન નિર્વાણ; સુમતિ જન્મ સુપાર્શ્વ ચ્યવન છે રે, સુવિધિ નેમિ જન્મ કલ્યાણ. અ૦ ૩ મુનિસુવ્રત જન્મ અતિગુણ નિધિરે; નેમિ શિવપદ લીયું સાર; પાર્શ્વનાથ નિર્વાણ મનોહરરે, એ તિથિ પરમ આધાર. અ૦ ૪ ગૌતમ ગણધર મહિમા સાંભલીરે, અષ્ટમી તિથિ પ્રમાણ; મંગલ આઠતણી ગુણ માલિકારે, તસ ઘેર શિવ કમલા પ્રધાન. અ૦ ૫

---

## ઢાલ ચોથી.

આવશ્યક નિર્યુક્તિએ, ભાખે મહાનિશીથ સૂત્રેરે; ઋષભ વંશ ધુર વીરજી આરાધે, શિવસુખ પામે પવિત્ર રે; શ્રી જિનરાજ જગત ઉપકારી—એ આંકણી. ૧ એ તિથિ મહિમા વીરજી પ્રકાશે, ભવિક જીવને ભાસેરે, શાસન તારૂં અવિચલ રાજે, દિન દિન દોલત વાધેરે. શ્રી૦ ૨ ત્રિસલા નંદન દોષ નિકંદન, કર્મ શત્રુને જીત્યારે; તીર્થંકર મહંત મનોહર, દોષ અઢારને વરજ્યારે. શ્રી૦ ૩ મન મધુકર જિનપદ પંકજ લીનો, હરખી નિરખી પ્રભુ ધ્યાઉંરે; શિવકમલા સુખ દીયો પ્રભુજી, કરૂણાનંદ પદ પાવુંરે. શ્રી૦ ૪ વૃક્ષ અશોક સુર કુસુમની વૃષ્ટિ, ચામર છત્ર વિરાજેરે; આસન ભામંડલ જિન દિપે, દુંદુભી અંબર ગાજેરે. શ્રી૦ ૫ ખંભાત બંદર અતિ મનોહર, જિનપ્રાસાદ ઘણા સોહિએરે; બિંબ સંખ્યાનો પાર ન લેવું, દર્શન કરી મન મોહિએરે. શ્રી૦ ૬ સંવત અઢાર ઓગણચાલિસ વર્ષે, આશ્વિન માસ ઉદારોરે, શુકલપક્ષ પંચમી ગુરૂવારે, સ્તવન રચ્યું છે ત્યારેરે. શ્રી૦ ૭ પંડિત દેવ સોભાગ્ય બુદ્ધિ લાવણ્ય, રત્ન સૌભાગી તેણે નામરે; બુદ્ધિ લાવણ્ય લીઓ સુખ સંપૂર્ણ, શ્રી સંઘને કોડ કલ્યાણરે. શ્રી૦ ૮

## ૬ મૌન એકાદશીનું સ્તવન.

### ઢાળ પહેલી.

(વૈરાગી થયો—એ દેશી.)

પ્રણમી પૂછે વીરનેરે, શ્રી ગોયમ ગણરાય;
મૃગશિર સુદિ એકાદશીરે, તપથી શું ફલ થાયરે;

જિનવર ઉપદિશે, તિહાં સાંભલે સહુ સમુદાયરે. જિ૦ ૧
વીર કહે ગોયમ સુણોરે, હરિ આગલ કહ્યા નેમ;
તેમ તુમ આગળ હું કહું રે, સાંભલો મન ધરી પ્રેમરે. જિ૦ ૨
દ્વારિકા નયરી સમોસર્યારે, એક દિન નેમિ જિણંદ;
કૃષ્ણ આવ્યા તિહાં વાંદવારે, પૂછે પ્રશ્ન નરિંદરે. જિ૦ ૩
વર્ષ દિવસનાં દિન મિલીરે, તિન સો સાઠ કહંત;
તેહમાં દિન કુણ એહવોરે, તપથી બહુ ફલ હુંતરે. જિ૦ ૪
મૃગશિર શુદિ એકાદશીરે, વર્ણવી શ્રી જગનાથ;
દોઢસો કલ્યાણક થયાંરે, જિનનાં એકણ સાથરે. જિ૦ ૫
શ્રી અરજિન દીક્ષા ગ્રહીરે, નમિને કેવલ નાણ;
જન્મ દીક્ષા કેવલ લહ્યારે, શ્રીમલ્લિ જગભાણરે. જિ૦ ૬
વર્તમાન ચોવિશીનારે, ભરતે પંચ કલ્યાણ;
એ પાંચ ભરતે થઇરે, પંચાધિક વીશ જાણરે. જિ૦ ૭
પાંચે એરવતે મિલીરે, કલ્યાણક પંચ પંચ;
દશ ક્ષેત્ર સહુ એ મિલીરે, પચાસ કલ્યાણક સંચરે. જિ૦ ૮
અતીત અનાગત કાળનાંરે, વર્તમાનના વલી જેહ;
દોઢસો કલ્યાણક કહ્યાં રે, ઉત્તમ ઈણ દિણ એહરે. જિ૦ ૯
જે એકાદશી તપ કરેરે, વિધિ પૂર્વક ગુણ ગેહ;
દોઢસો ઉપવાસો તણોરે, ફલ લહે ભવિયણ તેહરે. જિ૦ ૧૦

---

## ઢાળ બીજી.

( ઘોડી તો આવી તારા દેશમાં મારૂજી–એ દેશી. )

હવે એકાદશી તપ તણો માધવજી, વિધિ કહું નિર્મલ;
બુદ્ધિ હો ગુણરાગી નરેશ્વર, સાંભલો જાદવજી,દેવ જુહારો દેહરે.
મા૦ ગુરૂ વંદો ભાવ વિશુદ્ધિ હો. ગુ૦ ૧
અહોરત્તો પોસહ કરી,મા૦ ગુરૂ મુખે કરો પચ્ચખ્ખાણ હો; ગુ૦
દેવ વંદો ત્રણ ટંકના, મા૦ સાંભલો સદ્ગુરૂ વાણી હો. ગુ૦૨
દોઢસો કલ્યાણક તણો, મા૦ ગુણણો ગુણો એક મને હો;ગુ૦
ભણણ ગુણણ કિરીયા વિના,મા૦નવિ બોલે અન્ય વચન હો.ગુ૦૩
મૌન ગ્રહો નિશિ દિવસનો, મા૦ રાખો શુભ પરિણામ હો;ગુ૦
મૌન એકાદશી તે ભણી, મા૦ નિરૂપમ એવું નામ હો. ગુ૦૪
પ્રથમ દિને એકાસણું, મા૦ પારણે એહિજ રીત હો. ગુ૦
બાર વર્ષ તપ ઈમ કરે, મા૦ શુદ્ધ ધર્મશું પ્રીત હો. ગુ૦ ૫
અંગ અગ્યારે તે ભણે, મા૦ પડિમા તપ અગ્યાર હો.ગુ૦
પ્રતિમાસે ઉપવાસનો,મા૦ તપ કરે નિરૂપમ વાર હો. ગુ૦ ૬
સુવ્રત શેઠ તણી પરે, મા૦ મન રાખે સ્થિરતા જોગ હો; ગુ૦
તો એકાદશી દશમે ભવે, મા૦ લહે શિવવધૂ સંજોગ હો.ગુ૦ ૭

## ઢાલ ત્રીજી.

લલનાની દેશી.

હવે ઉજમણું તપ તણું, એકાદશી દિન સાર લલના,
દિન ઈગ્યારે દેહરે, સ્નાત્ર પૂજા અધિકાર લલના.
ભગવંત ભાખે હરિ ભણી. ૧

ઢાંણું ઢાવિયે દેહરે, ધાન્ય ઇગ્યાર પ્રકાર લલના,
શ્રીફલ ફોફલ સુખડી, નવ નવી ભાત ઇગ્યાર. લ૦ ભ૦ ૨
કેસર સુખડ ધોતીયાં, કાંચન કલશ શૃંગાર લલના;
ધૂપધાણાં ને વાટકી, અંગલુહણાં ઘનસાર. લ૦ ભ૦ ૩
અંગ ઇગ્યારે લિખાવીયે, પુંઠાં ને રૂમાલ લલના;
ઝાબી દોરા દાબડી, લેખણ કાંબી નિહાલ. લ૦ ભ૦ ૪
ઝીલમલ ચન્દ્રુઆ ભલા, ઠવણી સ્થાપના કાજ લલના;
પાટી જપમાલા ભલી, વાસના વટુઆ સાજ. લ૦ ભ૦ ૫
ભીજણાને વળી પૂંજણા, કવલી કોથળી તામ લલના;
રેશમની પાટી રૂયડી, મુહપત્તિ જયણા કામ. લ૦ ભ૦ ૬
જ્ઞાનના ઉપગરણ ભલા, ઇગ્યાર ઈગ્યાર માન લલના,
સાધર્મિક ઈગ્યારને, પોષી જે પકવાન. લ૦ ભ૦ ૭
તે સાંભલી હરિ હરખીયા, આદરે વ્રત પચ્ચખ્ખાણ લલના;
તિથિ એકાદશી તપ કરે, બાર વર્ષ ગુણ ખાણ. લ૦ ભ૦ ૮
તીર્થંકર પદ તિણ થકી, ગોત્ર નિકાચિત કીધ લલના;
અમમ નામે જિન બારમા, હોસે તપ ફલ સીધ. લ૦ ભ૦ ૯
ઇણ વિધિ શ્રીવીરે કહ્યો, એ અધિકાર અશેષ લલના;
તેહ ભણી તપ તુમે આદરો, લેશો સુખ સુવિશેષ. લ૦ ભ૦ ૧૦
**કળશ**—શ્રીવીર જિનવર સયલ સુખકર વર્ણવી એકાદશી,
તે સુણીય વાણી ભવિક પ્રાણી તપ કરણ મન ઉલ્લસી;
જશવંત સાગર સુગુણ આગર, શિષ્ય જિનેન્દ્ર સાગરે,
એકાદશી યહ સ્તવન કીધો, સુણીય ભવિયણ આદરે. ૧૧

## ૭ શ્રી છ આવશ્યકનું સ્તવન.

દુહાઃ—ચોવીસે જિનવર નમું, ચતુર ચેતના કાજ;
આવશ્યક જિણે ઉપદિશ્યા, તે થુણસ્યું જિનરાજ. ૧
આવશ્યક આરાધીયે, દિવસ પ્રત્યે દોય વાર;
દુરિત દોષ દૂરે ટલે, એ આતમ ઉપકાર. ૨
સામાયિક ચઉવિસથ્થો, વંદન પડિકમણેણ;
કાઉસગ્ગ પચ્ચખ્ખાણ કરે, આતમ નિર્મળ એણ. ૩
ઝેર જાય જિમ જાંગુલી, મંત્ર તણો મહિમાય;
તેમ આવશ્યક આદરે, પાતક દૂર પલાય. ૪
ભાર તજી જિમ ભારવહી, હેલે હળવો થાય;
અતિચાર આલોયતાં, જન્મ દોષ તિમ જાય. ૫

### ઢાળ પહેલી.

(કપુર હોયે અતિ ઉજલુંરે—એ દેશી.)

પહેલું સામાયિક કરોરે, આણી સમતા ભાવ;
રાગ દ્વેષ દૂરે કરોરે, આતમ એહ સ્વભાવરે;
પ્રાણી સમતા છે ગુણ ગેહ,
એ તો અભિનવ અમૃત મેહરે પ્રાણી૦ ૧
આપે આપ વિચારીએરે, રમીએ આપ સ્વરૂપે;
મમતા જે પરભાવનીરે, વિષમાં તે વિષ કૂપરે. પ્રાણી૦ ૨
ભવ ભવ મેળવી મૂકીયાંરે, ધન કુટુંબ સંજોગ;
વાર અનંતી અનુભવ્યાંરે, સવિ સંજોગ વિજોગરે. પ્રાણી૦ ૩

શત્રુ મિત્ર જગ કો નહી રે, સુખ દુઃખ માયા જાલ;
જો જાગે ચિત્ત ચેતનારે, તો સવી દુઃખ વિસરાલરે. પ્રાણી૦ ૪
સાવદ્ય જોગ સવી પરિહરોરે, એ સામાયિક રૂપ;
હુઆ એ પરિણામથીરે, સિદ્ધ અનંત અરૂપરે. પ્રાણી૦ ૫

## ઢાલ બીજી.

( સાહેલડીની—એ દેશી )

આદીશ્વર આરાહીયે સાહેલડીરે, અજિત ભજો ભગવંત તો;
સંભવનાથ સોહામણા સા૦ અભિનંદન અરિહંત તો. ૧
સુમતિ પદ્મપ્રભુ પૂજીએ સા૦ સમરૂં સ્વામી સુપાર્શ્વ તો;
ચંદ્રપ્રભ ચિત્ત ધારીએ સા૦ સુવિધિ સુવિધિ ઋદ્ધિ વાસ તો. ૨
શીતલ ભૂતલ દિનમણી સા૦ શ્રી પૂરણ શ્રેયાંસ તો;
વાસુપૂજ્ય સુર પૂજીઆ સા૦ વિમલ વિમલ જસ હોત તો.૩
કરૂં અનંત ઉપાસના સા૦ ધર્મ ધર્મ ધુર ધાર તો;
શાંતિ કુંથુ અર મલ્લિ નમું સા૦ મુનિસુવ્રત વડ વીર તો. ૪
ચરણ નમું નમિનાથના સા૦ નેમીશ્વર કરૂં ધ્યાન તો;
પાર્શ્વનાથ પ્રભુ પૂજીએ સાહેલડીરે, વંદુ શ્રી વર્દ્ધમાન તો. ૫
એ ચોવીસે જીનવરા સા૦ ત્રિભુવન કરણ ઉદ્યોત તો;
મુક્તિ પંથ જેણે દાખવ્યો સા૦ નિર્મલ કેવલ જ્યોતિ તો.૬
સમકિત શુદ્ધ એહથી હોય સા૦ લીજે ભવને પાર તો,
બીજું આવશ્યક ઈશ્યું સા૦ ચઉવિસત્થો સાર તો. ૭

## ઢાલ ત્રીજી.

ગિરિમાં ગોરો ગીરૂઓ એ—એ દેશી.

બે કર જોડી ગુરૂ ચરણે દેઉવાંદણાંરે, આવશ્યક પચવીશ ધારોરે, ધારોરે ધારોરે દોષ બત્રીશ નિવારીએરે. ૧
ચાર વાર ગુરૂચરણે, મસ્તક નામીએરે; બાર કરી આવર્ત ખામોરે; ખામોરે ખામોરે વલી તેત્રીસ આશાતનારે. ૨
ગીતાર્થ ગુણી ગિરૂઅ ગુરૂને વંદતાંરે, નીચ ગોત્ર ક્ષય જાય; થાયેરે થાયેરે ઉંચ ગોત્રની અરજનારે. ૩
આણ ઓલંગે કોઈ ન જગમાં તેહનીરે, પરભવ લહે સૌભાગ્ય; ભાગ્યરે ભાગ્યરે દીપે જગમાં તેહતુંરે. ૪
કૃષ્ણરાય મુનિવરને દીધાં વાંદણાંરે, ક્ષાયિકસમકિત સાર પામ્યારે; પામ્યારે પામ્યારે તીર્થંકર પદ પામશેરે. ૫
શીતલ આચાર્ય જિમ ભાણેજનેરે, દ્રવ્ય વાંદણા દીધ; ભાવેરે ભાવેરે દેતાં વલી કેવલ લહ્યુંરે. ૬
એ આવશ્યક ત્રીજું એણી પેરે જાણજોરે, ગુરૂવંદણ અધિકાર; કરજોરે કરજોરે વિનયભક્તિ ગુણવંતનીરે. ૭

## ઢાળ ચોથી.

( ચેતન ચેતોરે ચેતના—એ દેશી. )

જ્ઞાનાદિક જિનવર કહ્યાંરે જે પાંચે આચાર તો; દોય વાર તે દિન પ્રતિરે,પડિક્કમીએ અતિચાર.જયો જિનવીરજીરે.૧
આલોઇને પડિક્કમીરે, મિચ્છામિ દુક્કડં દેય; મન વચ કાયા શુદ્ધ કરીરે, ચરિત્ર ચોકખું કરેય. જયો૦ ૨

અતિચાર શલ્ય ગોપવેરે, ન કરે દોષ પ્રકાશ;
માછી મલ્લ તણી પરેરે, તે પામે પરિહાસ. જયો૦ ૩
શલ્ય પ્રકાશે ગુરૂ મુખેરે, હોય તસ ભાવ વિશુદ્ધ;
તે હસી હારે નહીરે, કરે કર્મશું યુદ્ધ. જયો૦ ૪
અતિચાર ઇમ પડિક્કમીરે, ધર્મ કરો નિઃશલ્ય;
જિતપતાકા તિમ વરોરે, જિમ જગ પલ્લહો મલ્લ. જયો૦ ૫
વંદિત્તુ વિધિશું કહોરે, તિમ પડિકમણા સૂત્ર;
ચોથું આવશ્યક ઇશ્યુંરે, પડિક્કમણા સૂત્ર પવિત્ર. જયો૦ ૬

## ઢાળ પાંચમી.

(હવે નિસુણો ઈહાં આવીયા—એ દેશી)

વૈદ્ય વિચક્ષણ જેમ હરે એ, પહેલાં સોલ વિકાર તો;
દોષ શેષ પછી રૂઝવા એ, કરે ઔષધ ઉપચાર તો. ૧
અતિચાર વ્રણ રૂઝવા એ, કાઉસ્સગ્ગ તિમ હોય તો;
નવપલ્લવ સંયમ હુવે એ, દૂષણ નવી રહે કોય તો. ૨
કાયાની સ્થિરતા કરી એ, ચપલ ચિત્ત કરો ઠામ તો;
વચન જોગ સવિ પરિહરીએ, રમીએ આતમરામ તો. ૩
શ્વાસ ઉશ્વાસાદિક કહ્યા એ, જે સોલે આગાર તો;
તેહ વિના સવિ પરિહરો એ, દેહ તણા વ્યાપાર તો. ૪
આવશ્યક એ પાંચમું એ, પંચમ ગતિ દાતાર તો;
મનશુધ્ધે આરાધીયે એ, લહીએ ભવનો પાર તો. ૫

---

## ઢાળ છઠ્ઠી.

(વાલમ વહેલારે આવજો—એ દેશી)

સુગુણ પચ્ચખ્ખાણ આરાધજો, એહ છે મુક્તિનું હેતરે;
આહારની લાલચ પરિહરો, ચતુર ચિત્ત તું ચેતરે. સુ૦ ૧
શલ્ય કાઢયું વ્રણ રૂઝવ્યું, ગઇ વેદના દૂરરે;
પછી ભલા પથ્ય ભોજન થકી, વધે દેહ જેમ નૂરરે. સુ૦ ૨
તિમ પડિક્કમણ કાઉસ્સગ્ગથી, ગયો દોષ સવી દુષ્ટરે;
પછી પચ્ચખાણ ગુણ ધારણે, હોય ધર્મ તનુ પુષ્ટરે. સુ૦ ૩
એહથી કર્મ કાદવ ટલે, એહ છે સંવર રૂપરે;
અવિરતિ કૂપથી ઉદ્ધરે, તપ અકલંક સ્વરૂપરે. ૪
પૂર્વ જન્મ તપ આચર્યો, વિશલ્યા થઇ નારરે;
જેહના નવણના નીરથી, શમે સકલ વિકારરે. સુ૦ ૫
રાવણે શક્તિ શસ્ત્રે હણ્યો, પડયો લક્ષ્મણ સેજરે;
હાથ અડતાં સચેતન થયો, વિશલ્યા તપ તેજરે. સુ૦ ૬
છઠ્ઠું આવશ્યક કહ્યું, એહવું તે પચ્ચખ્ખાણરે;
છએ આવશ્યક જેણે કહ્યાં, નમું તે જગ ભાણરે. સુ૦ ૭
કલશ—તપગચ્છનાયક મુક્તિદાયક, શ્રી વિજયદેવ સૂરીશ્વરો;
તસ પદ દીપક મોહ ઝીપક, શ્રીવિજયપ્રભ સૂરિ ગણધરો;
શ્રીકીર્ત્તિવિજય ઉવજ્ઝાય સેવક, વિનયવિજય વાચક કહે;
છ આવશ્યક જે આરાધે, તેહ શિવ સંપદ લહે. ૧

ષડાવશ્યક સ્તવન સંપૂર્ણ.

## ૮ ષટ્પર્વી માહાત્મ્ય સ્તવન.

### ઢાળ પહેલી.

શ્રીગુરૂપદ પંકજ નમી રે, ભાંખું પર્વ વિચાર;
આગમ ચરિત્રને પ્રકરણે રે, ભાખ્યો જેમ પ્રકારો રે;
ભવિયણ સાંભલો, નિદ્રા વિકથા ટાળીરે; મૂકી આમળો. ૧
ચરમ જિણંદ ચોવીશમો રે, રાજગ્રહી ઉદ્યાન;
ગૌતમ ઉદ્દેશી કહેરે, જિનપતિ શ્રીવર્દ્ધમાનરે. ભવિ૦ ૨
પક્ષમાં ષટ તિથિ પાળીએરે, આરંભાદિક ત્યાગ;
માસમાં ષટપર્વી તિથિરે, પોસહ કેરા લાગરે. ભવિ૦ ૩
દુવિધ ધર્મ આરાધવારે, બીજ તે અતિ મનોહાર;
પંચમી નાણ આરાધવારે, અષ્ટમી કર્મ ક્ષયકારરે. ભવિ૦ ૪
ઈગ્યારસ ચૌદશી તિથિરે, અંગ પૂર્વને કાજ;
આરાધી શુભ ધર્મનેરે, પામો અવિચલ રાજરે. ભવિ૦ ૫
ધનેશ્વર પ્રમુખે થયા રે, પર્વ આરાધ્યાં રે એહ;
પામ્યા અવ્યાબાધનેરે, નિજ ગુણ રિદ્ધિ વરેહરે. ભવિ૦ ૬
ગૌતમ પૂછે વીરનેરે, કહો તેનો અધિકાર;
સાંભળી પર્વ આરાધવારે, આદર હોય અપારરે. ભવિ૦ ૭

### ઢાળ બીજી.

એકવીસાની–એ દેશી.

ધનપુરમાં રે, શેઠ ધનેશ્વર શુભમતિ, શુદ્ધ શ્રાવક રે,
પર્વ તિથે પોસહ વ્રતી; ધનશ્રી તસરે, પત્ની નામ સોહામણું;

ધનસાર સૂત રે, તેહનો જન્મનો કામણો. ૧

ત્રોટક—કામણો નિજ હિત કારણ માટે, શેઠજી આઠમ દિને;
લઈ પોસહ શૂન્ય ઘરમાં, રહ્યા કાઉસગ્ગ સ્થિર મને;
ઇણ અવસરે સોહમ ઇંદ્રો, બેઠો નિજ સુર પર્ષદા;
કરે પ્રશંસા શેઠની ઈમ, સાંભલે સહુ સુર તદા. ૨

જો ચળાવે રે સુરપતિ જઈને આપ હિ, પણ શેઠજીરે પોસહ-
માંહિ ચલે નહિ; ઈમ નિસુણી રે, મિથ્યાત્વી એક ચિંતવે;
હું ચળાવું રે જઇને હરકોઇ કૌતુકે. ૩

ત્રોટક—શેઠના મિત્રનું રૂપ કરીને, કોટી સુવર્ણનો ઢગ કરી;
કહે લ્યો એ શેઠ તો પણ, નવિ ચળ્યા જેમ સુરગિરિ;
પછી પત્નીનું રૂપ કરીને, આલિંગનાદિક બહુ કરે;
અનુકૂલ ઉપસર્ગે તોહી શેઠજી, ધ્યાન અધિકેરૂં ધરે. ૪

કરે બિહામણું રે, તાપ પ્રમુખ દેખાડતો; નારીને સુત રે આવી
ઇણિ પરે ભાખતો; પારો પોસહરે, અવસર તુમચો બહુ થયો;
તબ શેઠજીરે, ચિંતવે કાલ કેતો થયો. ૫

ત્રોટક—સજ્ઝાયને અનુસાર કરીને, જાણ્યું છે હજી રાત એ;
પોસહ હમણાં પારીયે કિમ, નવી થયો પ્રભાત એ;
તબ પિશાચનું રૂપ કરીને, ચામડી ઉતાડતો; ધાત ઉછા-
લન શિલા સ્ફાલન, સાયરમાંહિ નાંખતો. ૬

ઈમ પ્રતિકૂલ રે, ઉપસર્ગે પણ નવિ ચળ્યા; પ્રાણાંતરે અષ્ટમી
વ્રતથી નવી ચળ્યા; તબ તે સુર રે, માગ માગ મુખ ઇમ

કહે; પણ ધ્યાનમાંરે તે વાત પણ નવી લહે. ૭
ત્રોટક—તવ તેણે રત્ન અનેક કોટિ, વૃષ્ટિ કીધી જાણીએ;
બહુ જણા પર્વ આરાધવાને, સાદરા ગુણખાણ એ;
રાજા પણ તે દેખી મહિમા, શેઠને માને ઘણું;
કહે ધન્ય ધન્ય શેઠજી તુમ, સફલ જીવિત હું ગણું. ૮

## ઢાળ ત્રીજી.

### સાહેલડી—એ દેશી.

તેહ નગરમાંહે વસે સાહેલડીરે, ત્રણ પુરૂષ ગુણવંત તો;
ઘાંચી હાલી એક ધોબી સાહેલડીરે, ષટપર્વી પાલંત તો. ૧
સાધર્મિક જાણી કરી, સા૦ શેઠ કરે બહુ માન તો;
પારણે અશન વસન તથા, સા૦ દ્રવ્યતણું બહુ દાન તો. ૨
સાધર્મિક સગપણ વડું, સા૦ એ સમ અવર ન કોઈ તો;
શેઠ સંગે તે ત્રણ જણા, સા૦ સમકિત દૃષ્ટિ હોય તો. ૩
એક દિન ચૌદસને દિને સા૦ રાય ધોબીને ગેહ તો;
ચિવર રાય રાણી તણાં, સા૦ મોકલિયાં વર નેહ તો. ૪
આજ જ ધોઇ આપજો, સા૦ મહોચ્છવ કૌમુદી કાલ તો;
રજક કહે સુણો માહરે, સા૦ કુટુંબ સહિત વ્રત પાલ તો. ૫
ધોવું નહિ ચૌદસ દિને, સા૦ તવ નૃપ બોલે જાણતો;
નૃપ આણાયે નિયમ શો, સા૦ જેહથી જાયે પ્રાણ તો. ૬
સજ્જન શેઠ પણ ઈમ કહે, સા૦ એહમાં હઠ નવિ તાણ તો;
રાજકોપ અપભ્રાજના, સા૦ ધર્મ તણી પણ હાણ તો. ૭

વળી રાયાભિયોગેણં, સા૦ છે આગાર પચ્ચખાણ તો;
તવ ધોબી ચિત્ત ચિંતવે, સા૦ દઢતા વિણ ધર્મ હાણ તો.૮
ધોવું નવિ માન્યું તિણે, સા૦ રાયે સુણી તે વાત તો;
કુટુંબ સહિત નિગ્રહ કરૂં, સા૦ કાલે જો હું નૃપ સાચ તો.૯
દૈવ યોગે તે રાતમાં, સા૦ શૂલ વ્યથા નૃપ થાય તો;
હાહાકાર નગર થયો, સા૦ ઇમ દિન ત્રણ વહી જાય તો.૧૦
પડવે દિન ધોઇ કરી, સા૦ આપ્યા વસ્ત્ર તે રાય તો;
નિર્વાહ સુખે થયો, સા૦ ધર્મતણે સુપસાય તો. ૧૧

## ઢાળ ચોથી.

ભરત નૃપ ભાવશું–એ દેશી.

નરપતિ ચૌદસને દિને એ, ઘાણી વાહન આદેશ; કરે તેલી પ્રતે એ,
રજક પરે તે અશેષ; વ્રત નિયમ પાલિયે એ.–આંકણી. ૧
ભૂપતિ કોપે કલકલ્યો એ, ઇણ અવસર પરચક્ર;
આવ્યું દેશ ભાંજવા એ, મહાદુર્દાન્ત તે ચક્ર. વ્રત નિ૦ ૨
નૃપ પણ સન્મુખ નીકલ્યો એ, યુદ્ધ કરણને કાજ;
વિકલ ચિત્તથી થયો એ, ઇમ રહી તેલીની લાજ. વ્રત૦ ૩
હાલીને આઠમ દિને એ, દીધું મુહૂર્ત તત્કાલ;
તીણે પણ ઇમ કહ્યું એ, ખેડીશ હલ હું કાલ. વ્રત૦ ૪
કોપે ભરાણો ભૂપતિ એ, ઈણ અવસર તિહાં મેહ;
વરસણ લાગ્યો ઘણું એ, ખેડી ન થાશે હેવ. વ્રત૦ ૫
ત્રણે અખંડ વ્રત પાલતાં એ, પુણ્ય અતોલથી તેહ;
મરણ પામી સ્વર્ગે ગયા એ, છઠ્ઠે દેવ લોક જેહ. વ્રત૦ ૬

ચઉદ સાગરને આઉખે એ, ઉપના તે તતખેવ;
હવે શેઠ ઉપના એ, બારમે દેવલોકે દેવ. વ્રત૦ ૭
મૈત્રી થઇ તે ચારને એ, શ્રેષ્ટી સુરને તામ;
કહે ત્રણ દેવતા એ, પ્રતિબોધજો અમ સ્વામ. વ્ર૦ ૮
તે પણ અંગીકરે તદા એ, અનુક્રમે ચ્યવિઆ તેહ;
ઉપન્યા ભિન્ન દેશમાં એ, નરપતિ કુલમાં તેહ. વ્રત૦ ૯
જે ધીર વીર હીર નામથી એ, દેશ ધણી વડરાય;
થયા વ્રત દઢ થકી એ, બહુ નૃપ પ્રણમે પાય. વ્રત૦ ૧૦

## ઢાળ પાંચમી.

### સુરતિ માસની—એ દેશી.

ધીરપુરે એક શેઠને, પર્વ દિને વ્યવહાર;
કરતાં લાભ ઘણો હોવે, લોકને અચરિજકાર;
અન્ય દિને હાનિ પણ, હોયે પુન્ય પ્રમાણ;
એક દિન પૂછે જ્ઞાનીને, પૂર્વ ભવ મંડાણ. ૧
જ્ઞાની કહે સુણ પરભવ, નિર્ધન પણ વ્રત રાગ;
આરાધીને પર્વ તિથે, આરંભનો ત્યાગ;
અન્ય દિને તુમે કીધો, સહેજ પણ વ્રત ભંગ;
તિણે એ કર્મ બંધાણા, સાંભળો એ કંત. ૨
સાંભલી તે સહ કુટુંબ શું, પાલે વ્રત નિર્માય;
બીજ પ્રમુખ આરાધે, સવિશેષે સુખદાય;
ગ્રાહક પણ બહુ આવે અર્થે, થાવે લાભ અપાર;

વિશ્વાસી બહુ લોકથી, થયો કોટી સીરદાર. ૩
નિજકુલ શોષક વાણીઆ, જાણો આ જગત પ્રસિદ્ધ;
તિણે જઇ રાયને વાણીએ, ઈણી પરે ચુગલી કીધ;
ઇણે કોટી નિધાન લાધો, તે સ્વામીનો હોય;
નરપતિ પૂછે શેઠને, વાત કહો સહુ કોય. ૪
શેઠ કહે સુણો નરપતિ, મ્હારે છે પચ્ચખાણ;
સ્થૂળ મૃષાવાદ ને વલી, સ્થૂલ અદત્તાદાન;
ગુરૂ પાસે વ્રત આદર્યું, તે પાલું નિર્માય;
પિશુન વણિક કહે સ્વામી એ, ધર્મ ધુતારો થાય. ૫
તસ વચને કરી તેહના, દ્રવ્ય તણો અપહાર;
કરીને ભૂપતિ રાચે, પુત્ર સહિત નિજ દ્વાર;
રાજદ્વારે રહ્યો ચિંતવે, આજ લહ્યો મેં કષ્ટ;
પણ આજ પંચમી તિથિ તિણે, લાભ હોય કોઈ લષ્ટ. ૬
પ્રાતઃસમે નૃપ દેખે, ખાલી નિજ ભંડાર;
શેઠ ઘરે મણિ રત્ન સુવર્ણ, ભર્યા શ્રી શ્રીકાર;
આવી વધામણિ રાયને, તે બિહુની સમકાળ;
શેઠ તેડી કહે નરપતિ, વાત સુણો ઇણ તાલ. ૭

## ઢાળ છઠી.

### હરણી જવ ચરે લલના—એ દેશી.

ભૂપતિ ચમકયો ચિત્તમાં લલના, લાલહો,
દેખી એ અવદાત વ્રત ઇમ પાલીયે લલના;

ખેદ લહી ખામે ઘણું લલના, લાલહો;

પ્રશ્ન પૂછે સુખ શાત વ્રત ઇમ પાલીયે લલના. ૧

કહો શેઠ એ કેમ નીપન્યું લલના; લાલહો,તુજ ઘર ધન કિમ હોય. વ્ર૦ શેઠ કહે જાણું નહિ લલના, લાલહો કિણી પરે એ મુજ થાય. વ્ર૦ ૨ પણ મુજ પર્વને દિહાડલે લલના, લાલહો લાભ અણચિંત્યો થાય, વ્ર૦ પર્વદિને વ્રત પાલીયું લલના લાલહો; તે પુન્યનો મહિમાય. વ્ર૦ ૩ પર્વ મહિમા ઇમ સાંભલી લલના, લાલહો ભૂપતિને તત્કાલ; વ્ર૦ જાતિ સ્મ-રણ ઉપન્યું લલના, લાલહો નિજ ભવ દીઠો રસાલ. વ્ર૦ ૪ ધોબીનો ભવ સાંભર્યો લલના, લાલહો પાલ્યું જે વ્રત સાર; વ્ર૦ જાવજીવ નૃપ આદરે લલના, લાલ હો ષટપર્વી વ્રતધાર. વ્ર૦ ૫ આવી વધામણી તેણે સમે લલના, લાલહો સ્વામી ભરાણા ભંડાર; વ્ર૦ વિસ્મિત રાય થયો તદા લલના, લાલહો હિયડે હર્ષ અપાર. વ્ર૦ ૬

## ઢાળ સાતમી.

### સાહેબજી શ્રી વિમલાચલ ભેટિયે હો લાલ–એ દેશી.

સાહેબજી શેઠ અમર પ્રગટ થયો હો લાલ, ભાખે રાયને એમ; સા૦ તું નવિ મુજને ઓળખે હો લાલ, હું આવ્યો તુજ પ્રેમ; સાહેબજી પર્વ તિથિ ઈમ પાળીએ હો લાલ. ૧ સાહેબજી શ્રેષ્ઠી સુર હું જાણજો હો લાલ, તુજ પ્રતિબોધન આજ. સા૦ શેઠ સાનિધ્ય કરવા વલી હો લાલ, કીધું મેં સવિ કાજ. સા૦

પર્વ૦ ૨ સાહેબજી ધર્મ ઉદ્યમ કરે જે સદા હો લાલ, જાવું છું સુણી વાત; સા૦ તેલિક હાલિક રાયને હો લાલ, પ્રતિ-બોધન અવદાત. સા૦ પર્વ૦ ૩ તિહાં જઇ પૂર્વ ભવ તણા હો લાલ, રૂપ દેખાવે તાસ; સા૦ દેખીને તે પામીયા હો લાલ, જાતિ સ્મરણ ખાસ. સા૦ પર્વ૦૪ તે બેઉ શ્રાવક થયા હો લાલ, પાલે નિત ષટ પર્વ; સા૦ ત્રણે તે નર રાયને હો લાલ; સહાય કરે તે સુપર્વ. સા૦ પર્વ૦ ૫ નિજ નિજ દેશે નિવારતા હો લાલ, મારી વ્યસન સવિ જેહ; સા૦ ચૈત્ય કરાવે તેહવાં હો લાલ, પ્રતિમા ભરાવે તેહ. સા૦ પર્વ૦ ૬ સંઘ ચલાવે સામટા હો લાલ, સ્વામીવચ્છલ ભલી ભાત; સા૦ પર્વ દિને નિજ નગરમાં હો લાલ; પડહ અમારી વિખ્યાત. સા૦ પર્વ૦ ૭ પર્વ તિથિ સહુ પાલતા હો લાલ, રાજા પ્રજા બહુ ધર્મ; સા૦ ઇતિ ઉપદ્રવ સહુ ટળે હો લાલ, નહિ નિજ ચક્ર પરચક્ર ભર્મ. સા૦ પર્વ૦ ૮ ધર્મથી સુર સાનિધ્ય કરે હો લાલ, ધર્મ પાલી પાલે રાજ; સા૦ કોઈ સદ્ગુરૂ સંજોગથી હો લાલ, થયા ત્રણે ઋષિરાજ. સા૦ ૫૦ ૯

## ઢાળ આઠમી.

ટુંક અને ટોડા વિચરે રે—એ દેશી

ત્રણે નરપતિ આદર્યો રે, ચોખ્ખો ચારિત્ર ભાર; સંયમ રંગ લાગ્યો રે; તપ તપતાં અતિ આકરાર, પાલે નિરતિચાર. સંયમ૦ ૧

ધ્યાનબલે ખેરૂ કર્યાં રે, ઘનઘાતી જે ચાર; સંયમ૦
કેવલ જ્ઞાન લહિ કરીરે, વિચરે મહિયલ સાર. સંયમ૦ ૨
શ્રેષ્ઠી સુર મહિમા કરેરે, ઠામ ઠામ મનોહાર; સંયમ૦
દેશના દેતા કેવલી રે, ભાખે નિજ અધિકાર. સંયમ૦ ૩
પર્વ તિથિ આરાધીયેરે, ભવિયણ ભાવ ઉલ્લાસ; સંયમ૦
ઈમ મહિમા વિસ્તારીનેરે, પામ્યા શિવપુર વાસ. સંયમ૦ ૪
બારમા દેવલોકથી ચવીરે, શ્રેષ્ટી સુર થયા રાય; સંયમ૦
મહિમા પર્વનો સાંભળી રે, જાતિ સ્મરણ થાય. સંયમ૦ ૫
સંજમ ગ્રહી કેવલ લહીરે, પામ્યા અવિચલ ઠાણ;
અવ્યાબાધ સુખી થયા રે, કેવલ ચિદ્ આરામ. સંયમ૦ ૬

## ઢાળ નવમી.

### ગીરૂઆરે ગુણ તુમ તણા—એ દેશી.

ઉજમણાં એ તપ તણાં કરો, તિથિ પરિમાણ ઉપગરણાંરે;
રત્નત્રય સાધન તણાં ભવિ, ભયસાયર નિસ્તરણાંરે. ઉ૦ ૧
જો પણ સહુ દિન સાધવા, તો પણ તેની અણશકતેરે;
પર્વ તિથિ આરાધીને, તુમે ઉજવજો બહુ ભકિતરે. ઉ૦ ૨
શ્રાદ્ધ વિધિ વર ગ્રંથમાં, ભલો ભાખ્યો એ અવદાતો રે;
ભગવતી ને મહા નિશીથમાં કહ્યો, તિથિ અધિકાર વિખ્યાતોરે. ઉ૦ ૩.
તપગચ્છ ગગનાંગણ રવિ, શ્રી વિજયસિંહ ગણધારોરે;
અંતેવાસી તેહના, શ્રી સત્યવિજય સુખકારોરે. ઉ૦ ૪
કર્પૂરવિજય વર તેહના, વર ક્ષમાવિજય પન્યાસરે;

જિનવિજય જગમાં જયો, શિષ્ય ઉત્તમવિજય તે ખાસરે.ઉ૦ ૫
તસપદ્મચરણ ભ્રમર સમા, રહી સાણંદ ચોમાસું રે;
અઢાર ત્રીસ સંવત્સરે, સુદ તેરસ ફાગુણ માસોરે. ઉ૦ ૬
પદ્મવિજય ભકતે કરી, શ્રી વિજયધર્મ સૂરિ રાજેરે;
વર્દ્ધમાન જિન ગાઇઆ, શ્રી અમીઝરા પ્રભુ પાસેરે. ઉ૦ ૭

કળશ—પર્વ તિથિ આરાધો, સુવ્રત સાધો, લાધ્યો ભવ સફલો કરો; સંવેગ સંગી,તત્ત્વરંગી, ઉત્તમ વિજય ગુણાકરો; તસ શિષ્ય નામે સુગુણ કામે, પદ્મવિજયે આદર્યો, શુભ એહ આદર ભવિ સહાધર, નામ ષટપર્વી ધર્યો.

## ૯ શ્રી ઋષભદેવ સ્વામીનું સ્તવન.

દુહા—પુરિસાદાણી પાસજી, બહુ ગુણમણિ વાસ;
ઋદ્ધિ વૃદ્ધિ મંગલ કરણ, પ્રણમું મન ઉલ્લાસ. ૧
સરસતી સામિની વિનવું, કવિ જન કેરી માય;
સરસ વાણી મુજને દીયો, મોટો કરી પસાય. ૨
લબ્ધિ વિનય ગુરૂ સમરીએ, અહર્નિશ હર્ષ ધરેવ;
જ્ઞાન દષ્ટિ જેથી લહી, પદ પંકજ પ્રણમેવ. ૩
પ્રથમ જિણેસર જે હુઆ, મુનિવર પ્રથમ વખાણ;
કેવલધર પહેલો જે કહે, પ્રથમ ભિક્ષાચર જાણ. ૪
પહેલા દાતા એ કહ્યો, આ ચોવીસી મઝાર;
તેહ તણા ગુણ વરણવું, આણો હર્ષ અપાર. ૫

## ઢાળ પહેલી.

### ધન્ય ધન્ય સંપ્રતિ સાચો રાજા–એ દેશી.

### રાગ–આશાવરી.

પહેલે ભવ ધન સાર્થવાહે, સમકિત પામ્યા સારરે;
આરાધી બીજે ભવ પામ્યા, જુગલતણો અવતાર રે. ૧
સેવો સમકિત સાચું જાણી, એ સવિ ધર્મની ખાણીરે;
નવિ પામે જે અભવ્ય અનાણી, એહવી જિનની વાણી રે. સે૦ ૨
જુગલ ચવિ પહેલે દેવલોકે, ભવ તિજે સુર થાય રે;
ચોથે ભવે વિદ્યાધર કુલે થયા, મહાબલ નામે રાય રે. સે૦ ૩
ગુરૂ પાસે દીક્ષા પાલીને, અણસણ કીધું અંતરે;
પાંચમે ભવે બીજે દેવલોકે, લલિતાંગ સુર દીપંતરે. સે૦ ૪
દેવ ચવી છઠે ભવે રાજા, વજ્રજંઘ એણે નામેરે;
તીહાંથી સાતમે ભવે અવતરીઆ, જુગલા ધર્મશું ઠામેરે. સે૦ ૫
આયુ કરી આઠમે ભવે, સુધર્મ દેવલોક દેવરે;
દેવ તણી ઋદ્ધિ બહુલી પામ્યા, દેવતણા વળી ભોગરે. સે૦ ૬
મુનિભવ જીવાનંદ નવમે ભવે, વૈદ ચવી થયો દેવરે;
સાધુની વૈયાવચ્ચ કરી, દિક્ષા લઇ પાળે સ્વયમેવરે. સે૦ ૭
વૈદ જીવ દસમે ભવે સ્વર્ગે, બારમે સુર હોય રે;
તિહાં કણે આયુ ભોગવી પુરૂં, બાવીસ સાગર જોયરે. સે૦ ૮
અગીઆરમેં ભવે દેવ ચવીને, ચક્રી હુઓ વજ્રનાભરે;
દીક્ષા લઈ વીસ સ્થાનક સાધી, લીધો જિનપદ લાભરે. સેવો૦ ૯

ચૌદ લાખ પૂર્વની દીક્ષા, પાલી નિર્મળ ભાવેરે;
સર્વાર્થસિદ્ધે અવતરીયા, બારમે ભવ આયરે, સેવો૦ ૧૦
તેત્રીસ સાગર આયુ પ્રમાણે, સુખ ભોગવે તિહાં દેવરે;
તેરમા ભવ કેરો હવે હું, ચરિત્ર કહું સંખેવરે. સેવો૦ ૧૧

## ઢાળ બીજી.

વાડી ફૂલી અતિ ભલી મન ભમરારે—એ દેશી.

જંબુદ્વીપ સોહામણું, મન મોહનારે;
લાખ જોજન પરિમાણ, લાલ મન મોહનારે;
દક્ષિણ ભરત ભલું તિહાં. મન મોહનારે;
અનુપમ ધર્મનું ઠામ, લાલ મન મોહનારે. ૧
નયરી વિનિતા જાણીએ, મન૦ સ્વર્ગપુરી અવતાર; લાલ૦
નાભીરાય કુલગર તિહાં, મન૦ મરૂદેવી તસ નારી. લાલ૦ ૨
પ્રીતિ ભક્તિ પાલે સદા, મન૦ પીયુશું પ્રેમ અપાર; લાલ૦
સુખ વિલસે સંસારનાં, મન૦ સુર પેરે સ્ત્રી ભરથાર. લાલ૦ ૩
એક દિન સતી માલીયે, મન૦ મરૂદેવી સુપવિત્ર; લાલ૦
ચોથ અંધારી અષાડની, મન૦ ઉત્તરાષાઢા નક્ષત્ર. લાલ૦ ૪
તેત્રીસ સાગર આઉખે, મન૦ ભોગવી અનુપમ સુખ; લાલ૦
સર્વાર્થસિદ્ધથી ચવી, મન૦ સૂર અવતરીઓ કુખ. લાલ૦ ૫
ચઉદ સુપન દીઠાં તીસે, મન૦ રાણી મધ્યમ રાત; લાલ૦
જઈ કહે નિજ કંતને, મન૦ સુપન તણી સવિ વાત, લાલ૦ ૬
કંથ કહે નિજ નારીને, મન૦ સુપન અર્થ વિચાર; લાલ૦

કુલદીપક ત્રિભુવનપતિ, મન૦ પુત્ર હોશે સુખકાર. લાલ૦૭
સુપન અર્થ પીઉથી સુણી, મન૦ મન હરખ્યા મરૂદેવી; લાલ૦
સુખે કરી પ્રતિપાલના, મન૦ ગર્ભ તણી નિત મેવ. લાલ૦ ૮
નવ મસવાડા ઉપરે, મન૦ દિન હુવા સાડાસાત; લાલ૦
ચૈત્ર વદ આઠમ દીને, મન૦ ઉત્તરાષાઢા વિખ્યાત. લાલ૦૯
મજ્ઝિમ રયણીને સમે, મન૦ જન્મ્યો પુત્ર રતન; લાલ૦
જન્મ મહોચ્છવ તવ કરે, મન૦ દિશીકુમરી છપ્પન. લાલ૦૧૦

## ઢાળ ત્રીજી.

### દેશી—હમચડીની.

આસન કંપ્યુ ઈંદ્રતણું રે, અવધિજ્ઞાને જાણી;
જિનનો જન્મ મહોચ્છવ તવ કરવા, આવે ઇન્દ્ર ઈંદ્રાણીરે. હ૦૧
સુર પરિવારે પરિવર્યા રે, મેરૂ શિખર લઇ જાય;
પ્રભુને નમણ કરીને પૂજી, પ્રણમી બહુ ગુણ ગાયરે. હમ૦ ૨
આણી માતા પાસે મેહેલી, સુર સુરલોકે પહુંતા;
દિન દિન વાધે ચંદ્ર તણી પરે, દેખી હરખે માતારે. હમ૦ ૩
વૃષભ તણું લંછન પ્રભુ ચરણે, માતપિતાએ દેખી;
સુપનમાંહે વલી વૃષભ જે પહેલો, દીઠો ઉજ્વલ વેષીરે. હમ૦૪
તેહથી માત પિતાએ દીધું, ઋષભ કુમાર ગુણ ગેહ;
પાંચસે ધનુષ પ્રમાણે ઊંચી, સોવન વરણી દેહરે. હમ૦ ૫
વીસ પૂર્વ લખ કુમારપણેરે; રહીયા પ્રભુ ઘરવાસે;
સુમંગલા સુનંદા કુંવારી, પરણ્યા હોય ઉલ્લાસેરે. હમ૦ ૬

ચ્યાશી લાખ પૂર્વ ઘરવાસે, વસીય ઋષભ જિણંદ;
ભરતાદિક સુત શત હુઆરે, પુત્રી દોય સુખ કંદરે. હમ૦ ૬
તવ લોકાંતિક સુર આવીનેરે, કહે પ્રભુ તીર્થ થાપો;
દાન સંવચ્છરી દેઇ દિક્ષા,સમય જાણી પ્રભુ આપેરે. હમ૦ ૮
દીક્ષા મહોચ્છવ કરવા આવે, સપરિવાર સુરિંદો;
શિબિકા નામે સુદર્શનારે, આગલ ઠવે નરીંદરે. હમ૦ ૯

## ઢાળ ચોથી.

### રાગ–મારૂ. એ દેશી.

ચૈત્ર વદી આઠમ દિનેરે, ઉત્તરાષાઢા' રે ચંદ; શિબિકાયે બેસી
ગયારે, સિધારથ વનચંદોરે. ઋષભ સંયમ લીયે–એ આંકણી.૧
અશોક તરૂ તલે આવીનેરે, ચઉ મૂઠી લોચ કીધ;
ચાર સહસ વડ રાજવીરે, સાથે ચારિત્ર લીધરે. ઋ૦ ૨
ત્યાંથી વિચર્યા જિનપતિરે, સાધુ તણે પરિવાર;
ઘર ઘર ફરતાં ગૌચરીરે, મહીઅલ કરે વિહારરે. ઋ૦ ૩
ફરતાં તપ કરતાં થકાં રે, વરસ દિવસ હુઆ જામ;
ગજપુર નયર પધારીયારે, દીઠા શ્રેયાંસે તામરે. ઋ૦ ૪
વરસી પારણું જિન જઇરે, શેલડી રસ તિહાં કીધ;
શ્રેયાંસે દાન દેઈને રે, પરભવ શંબલ લીધરે. ઋ૦ ૫
સહસ વરસ લગે તપ તપીરે; કર્મ કર્યાં ચકચૂર;
પુરિમતાલ પુર આવીયારે,વિચરતાં બહુ ગુણ પૂર રે. ઋ૦ ૬
ફાગણ વદી અગીયારસેરે, ઊત્તરાષાઢા રે યોગ;
અઠ્ઠમ તપ વડ હેઠલેરે, પામ્યા કેવલ નાણરે. ઋ૦ ૭

## ઢાળ પાંચમી.

( કપૂર હોવે અતિ ઉજળોરે—એ દેશી. )

સમવસરણ દેવે મળીરે, રચિયું અતિહિ ઉદાર;
સિંહાસન બેસી કરીરે, દીએ દેશના જિન સાર. ચતુર નર
કીજે ધર્મ સદાઈ; જિમ તુમ શિવસુખ થાય. ચતુર નર કીજે૦ ૧
બારે પરખદા આગલેરે, કહે ધર્મ પ્રકાર;
અમૃત સમ દેશના સુણીરે, પ્રતિબોધ્યા નર નાર, ચતુર નર૦ ૨
ભરત તણા સુત પાંચસેરે, પુત્રી સાતસેં જાણ;
દિક્ષા લીયે જિનજી કનેરે, વૈરાગે મન આણ, ચતુર નર૦ ૩
પુંડરીક પ્રમુખ થયારે, ચોરાસી ગણધાર;
સહસ ચોરાસી તિમ મલીરે, સાધુ તણો પરિવાર. ચતુર નર૦ ૪
બ્રાહ્મી પ્રમુખ વલી સાહુણીરે, ત્રણ લાખ સુવિચાર;
પાંચ સહસ ત્રણ લાખ ભલારે, શ્રાવક સમકિત ધાર. ચતુર નર૦ ૫
ચોપન સહસ પંચ લાખ કહીરે, શ્રાવિકા શુદ્ધ આચાર;
ઇમ ચઉવિહ સંઘ થાપીનેરે, ઋષભ કરે વિહાર. ચતુર નર૦ ૬
ચારિત્ર એક લખ પૂર્વનુંરે, પાલ્યું ઋષભ જિણંદ;
ધર્મ તણે ઉપદેશથીરે, તાર્યા ભવિજન વૃંદ. ચતુર નર૦ ૭
મોક્ષ સમય જાણી કરીરે, અષ્ટાપદ ગિરિ આવ;
સાધુ સહસ દશસું તિહાંરે, અણસણ કીધું ભાવ. ચતુર નર૦ ૮
મહા વદી તેરસ દિનેરે, અભિજીત નક્ષત્ર ચંદ્ર યોગ;
મુક્તિ પહોંત્યા ઋષભજીરે, અનંત સુખ સંજોગ. ચતુર નર૦ ૯

---

## ઢાળ છઠ્ઠી.

( રાગ ધનાશ્રી–કડખાની દેશી.)

તું જયો તું જયો, ઋષભ જિન તું જયો, અક્ષજયો હું તુમ દરસન કરવા, મહેર કરો ધણી, વિનવું તુમ ભણી, અવર ન કોઈ ધણી જગ ઉદ્ધરવા. તુજ૦ ૧
જગમાંહે મેહ ને મોર જિમ પ્રીતડી, પ્રીતડી જેહવી ચંદ્ર ચકોરા; પ્રીતડી રામ લક્ષ્મણ તણી જેહવી, રાતદિન નામ ધ્યાયું દરસ તોરા. તુજ૦ ૨
શીતલ સુરતરૂ તણી તિહાં છાંયડી, શીતલો ચંદ ચંદન ધસારો; શીતલું કેલ કપૂર જિમ શીતલું, શીતલો તિમ મુજ મન મુખ તમારો. તુજ૦ ૩
મીઠડો શેલડી રસ જિમ જાણીએ, ખટરસ દ્રાખ મીઠી વખાણી; મીઠડી આંબલા શાખ જિમ તુમ તણી, મીઠડી મુજ મન તિમ તુમ વાણી. તુજ૦ ૪
તુમ તણા ગુણ તણો પાર હું નવિ લહુ, એક જીભે કેમ મેં કહીજે; તાર મુજ તાત સંસાર સાગર થકી, રંગશું શિવરમણી વરીજે. તુજ૦ ૫

કલશ—ઇમ ઋષભ સ્વામી, મુક્તિગામી ચરણ નામી શિરએ; મરૂદેવી નંદન સુખ નંદન, પ્રથમ જિન જગદીશ એ; મન રંગ આણી, સુખ વાણી, ગાઈઓ જગ હિતકરૂ; કવિરાય લબ્ધિ નિજ સુસેવક, પ્રેમ વિજય આનંદ વરો. ૧

શ્રી રૂષભ સ્વામીના તેર ભવનું સ્તવન સમાપ્ત.

# ૧૦ વર્ધમાન તપનું સ્તવન.

## ઢાળ પહેલી.

નવપદ ધરજો ધ્યાન, ભવિક તમે, નવપદ ધરજો ધ્યાન--એ દેશી.

તપપદ ધરજો ધ્યાન, ભવિક તમે, નામે શ્રી વર્ધમાન;
દિનદિન ચઢતે વાન, ભવિક તમે, સેવો થઇ સાવધાન. ભ૦ ૧
પ્રથમ ઓલી એમ પાલીનેરે, બીજીએ આંબીલ હોય; ભ૦
ત્રીજી ત્રણ ચોથી ચાર છેરે, ઉપવાસ અંતરે હોય. ભ૦ ૨
એમ આંબિલ સો વૃત્તનીરે, સોમી ઓલી થાય; ભ૦
શક્તિ અભાવે આંતરેરે, વિશ્રામે પહોંચાય. ભ૦ ૩
ચૌદ વરસ ત્રણ માસનીરે, ઉપર સંખ્યા વીસ; ભ૦
કાલ માન એ જાણવુંરે, કહે વીર જગદીશ. ભ૦ ૪
અંતગડ અંગે વરણવ્યુંરે, આચાર દિનકર લેખ. ભ૦
ગ્રંથાંતરથી જાણવુંરે, એ તપનું ઉલ્લેખ. ભ૦ ૫
પાંચ હજાર પચાસ છેરે, આંબિલ સંખ્યા સર્વ; ભ૦
સંખ્યા સો ઉપવાસનીરે, તપ માન ગાલે ગર્વ. ભ૦ ૬
મહાસેન કૃષ્ણા સાધવીરે, વર્દ્ધમાન તપ કીધ; ભ૦
અંતગડ કેવલ પામીનેરે, અજરામર પદ લીધ. ભ૦ ૭
શ્રીચંદ કેવલીએ તપ સેવીઓરે, પામ્યા પદ નિર્વાણ; ભ૦
ધર્મ રત્ન પદ પામવારે, એ ઉત્તમ અનુમાન. ભ૦ ૮

## ઢાળ બીજી.

**એમ જેમ એ ગિરિ ભેટીએરે, તેમ તેમ પાપ પલાય સલુણા—એ દેશી.**

જિમ જિમ એ તપ કીજીએરે, તિમ તિમ ભવપરિપાક સલુણા;
નિકટ ભવિ જીવ જાણીએરે, એમ ગીતાર્થ સાખ સલુણા. જિમ૦ ૧
આંબિલ તપ વિધિ સાંભલોરે, વર્દ્ધમાન ગુણખાણ સલુણા;
પાપ મલક્ષય કારણેરે, કતક ફલ ઉપમાન સલુણા. જિમ૦ ૨
શુભ મુહૂર્ત્ત શુભ યોગમાંરે, સદ્ગુરૂ આદિ યોગ સલુણા;
આંબિલ તપ પદ ઉચરીરે, આરાધો અનુયોગ સલુણા. જિમ૦ ૩
ગુરૂ મુખ આંબિલ ઉચરીરે, પૂજી પ્રતિમા સાર સલુણા;
નવપદની પૂજા ભણીરે, આગો પદ અણુહાર સલુણા. જિમ૦ ૪
ખટ રસ ભોજન ત્યાગવારે, ભૂમિ સંથારો થાય સલુણા;
બ્રહ્મચર્યાદિ પાલવારે, આરંભ જયણા થાય સલુણા. જિમ૦ ૫
તપ પદની આરાધનારે, કાઉસગ્ગ લોગસ્સ બાર સલુણા;
ખમાસમણાં બાર આપવાંરે, ગણણું હોય હજાર સલુણા. જિમ૦ ૬
અથવા સિદ્ધપદ આશ્રયીરે, કાઉસગ્ગ લોગસ્સ આઠ સલુણા;
ખમાસમણાં આઠ જાણવાંરે, નમો સિદ્ધાણં પાઠ સલુણા. જિમ૦ ૭
બીજે દિન ઉપવાસમાંરે, પૌષધાદિ વ્રત યુક્ત સલુણા;
પડિક્કમણાદિ ક્રિયા કરીરે, ભાવના પરિમલ યુક્ત સલુણા. જિમ૦ ૮
એમ આરાધતાં ભાવથીરે, વિધિ પૂર્વક ધરો પ્રેમ સલુણા;
સાવો ધ્યાવો ભવિ જનારે; ધર્મ રત્ન પળ એમ સલુણા. જિમ૦ ૯

## ઢાળ ત્રીજી.

નરભવ નયર સોહામણું વણજારારે—એ દેશી.

જિનધર્મ નંદનવન ભલો રાજહંસારે, શીતલ છાયા સેવોને રાજ;
પ્રાણી તું થા સાવધાન અહો રાજ હંસારે. ૧
અમૃતફલ આસ્વાદીને રાજ હંસારે, કાઢ અનાદિની ભૂખ; અહો૦
ભવ પરિભ્રમણમાં ભમતુ રાજ૦ અવસર પામી ન ચૂક. અહો૦ ૨
શત શાખાથી શોભતો, રાજ૦ પાંચ હજાર પચાસ; અહો૦
આંબિલ ફૂલે અલંકર્યો, રા૦ અક્ષયપદ ફલ તાસ. અ૦ ૩
વિમલેસર સુર સાંનિધ્યે, રાજ૦ તું નિર્ભય થયો આજ; અહો૦
કૃત્યકૃત્ય થઇ માગ તું, રાજ૦ એકલ સ્વરૂપી રાજ૦ અહો૦ ૪
વિગ્રહગતિ વોસરાવીને, રાજ૦ લોકાગ્રે કર વાસ; અહો૦
ધન્ય તું કૃત્યપુણ્ય તું, રાજ૦ સિદ્ધ સ્વરૂપ પ્રકાશ. અહો૦ ૫
તપ ચિંતામણી કાઉસગ્ગે, રાજ૦ વીર તપોધન ધ્યાન; અહો૦
મહાસેન કૃષ્ણા સાધવી, રાજ૦ શ્રીચંદ ભવજલ નાવ. અહો૦ ૬
સૂરિશ્રી જગચંદ્રજી, રાજ૦ હીરવિજય ગુરૂ હીર; અહો૦
મલ્લવાદી પ્રભુ કૂરગડુ, રાજ૦ આચાર્ય સુહસ્તી વીર. અહો૦ ૭
પારંગત તપજલધિના, રાજ૦ જે જે થયા અણગાર; અહો૦
જીત્યા જીહ્વા સ્વાદને, રાજ૦ ધન્ય ધન્ય તસ અવતાર. અહો૦ ૮
એક આંબિલે તુટશે, રાજ૦ એક હજાર દસ ક્રોડ; અહો૦
દસ હજાર ક્રોડ વરસનું, રાજ૦ ઉપવાસે નરક આયુષ. અહો૦ ૯
તપ સુદર્શન ચક્રથી, રાજ૦ કરો કર્મનો નાશ; અહો૦
ધર્મ રત્ન પદ પામવા, રાજ૦ આદરો અભ્યાસ. અહો૦ ૧૦

## કલશ.

તપ આરાધન ધર્મસાધન, વર્ધમાન તપ પરગડો;
મનકામના સહુ પૂરવામાં, સર્વથા એ સુરઘડો;
અન્નદાનથી શુભ ધ્યાનથી, સુભવિ જીવ એ તપસ્યા કરો;
શ્રી વિજયધર્મ સૂરિય સેવક, રત્નવિજય કહે શિવ વરો. ૧

વર્દ્ધમાન તપ સ્તવન સમ્પૂર્ણ.

## ૧૧ અટ્ઠાઇનું સ્તવન.

દુહા—સ્યાદ્વાદ શુદ્ધોદધિ, વૃદ્ધિ હેતુ જિનચંદ;
પરમ પંચ પરમેષ્ટીમાં, તાસ ચરણ સુખકંદ. ૧
ત્રિગુણ ગોચર નામ જે, બુદ્ધિ ઈશાનમાં તેહ;
થયા લોકોત્તર સત્વથી, તે સર્વે જિનગેહ. ૨
પંચ વરણ અરિહા વિભૂ, પંચ કલ્યાણક ધ્યેય;
ખટ અટ્ઠાઈ સ્તવન રચું, પ્રણમી અનંત ગુણગેહ. ૩

### ઢાળ પહેલી.

કપૂર હોએ અતિ ઉજલોરે–એ દેશી.

ચૈત્ર માસ સુદી પક્ષમાં રે, પ્રથમ અટ્ઠાઇ સંયોગ;
જીહાં સિદ્ધચક્રની સેવના રે, અધ્યાતમ ઉપયોગ રે;
ભવિકા પર્વ અટ્ઠાઇ આરાધ, મન વંછિત સુખ સાધરે. ભ૦૧
પંચ પરમેષ્ટી ત્રિકાલનાં રે, ઉત્તર ચઉ ગુણકંત;
શાશ્વતા પદ સિદ્ધચક્રનાં રે, વંદતાં પુન્ય મહંત રે. ભ૦ ૨
લોચન કર્ણ યુગલ મુખેરે, નાસિકા અગ્ર નિલાડ;

તાલુ શિર નાભિ હૃદે રે, ભમુંહ મધ્યે ધ્યાન પાઠ રે. ભ૦ ૩
આલંબન સ્થાનક કહ્યાં રે, જ્ઞાનીએ દેહ મઝાર;
તેહમાં વિગત વિષયપણે રે, ચિતમાં એક આધારરે. ભ૦ ૪.
અષ્ટ કમલ દલ કર્ણિકા રે, નવપદ થાપો ભાવ;
બહિર યંત્ર રચી કરી રે, ધારો અનંત અનુભાવ રે. ભ૦ ૫
આસો સુદિ સાતમ થકીરે, બીજી અઠ્ઠાઈ મંડાણ;
બસેં તેંતાલીસ ગુણે કરી રે, અસિઆઉસાદિક ધ્યાનરે. ભ૦ ૬
ઉત્તરાધ્યયન ટીકા કહે રે, એ દોય શાશ્વતી યાત્ર;
કરતા દેવ નંદીશ્વરે રે, નર જિમ ઠામ સુપાત્ર રે. ભ૦ ૭

## ઢાળ બીજી.

### ભવિકા સિદ્ધચક્ર પદ વંદો–એ દેશી.

અસાઢ ચોમાસાની અઠ્ઠાઈ, જિહાં અભિગ્રહ અધિકાઈ;
કૃષ્ણ કુમારપાલ પરે પાલો, જીવદયા ચિત્ત લાઈ રે;
પ્રાણી અઠ્ઠાઈ મહોચ્છવ કરીયે, સચિત્ત આરંભ પરિહરીયેરે. પ્રા૦૧
દિશિગમન તજો વર્ષા સમયે, ભક્ષ્યાભક્ષ્ય વિવેક;
અછતી વસ્તુ પણ વિરતિયે, બહુ ફલ વંકચૂલ વિવેક રે. પ્રા૦ ૨
જે જે દેહે ગ્રહીને મૂકયાં, દેહથી જે હિંસા થાય;
પાપ આકર્ષણ અવિરતિ યોગે, તે જીવ કર્મ બંધાય રે. પ્રા૦ ૩
સાયક દેહતા જીવ જે ગતિમાં, વસિયા તસ હોય કર્મ;
રાજા રંકને કિરિયા સરિખી, ભગવતી અંગનો મર્મ રે. પ્રા૦ ૪
ચોમાસી આવશ્યક કાઉસગ્ગના, પંચ શત માન ઉસાસ;
છઠ્ઠ તપની આલોયણ કરતાં, વિરતિ સધર્મ ઉલ્લાસરે. પ્રા૦ ૫

## ઢાળ ત્રીજી.

જિન રઘવુજી દશ દિશ નિર્મલતા ધરે–એ દેશી.

કાર્તિક સુદીમાં જી, ધરમ વાસર અડ ધારીએ;
તિમ વળી ફાગુણે જી, પર્વ અઠ્ઠાઈ સંભારીએ;
ત્રણ અઠ્ઠાઇ જી, ચૌમાસી ત્રણ કારણી;
ભવી જીવનાં જી, પાતિક સર્વ નિવારણી. ૧
ત્રૂટક–નિવારણી પાતિક તણી એ જાણી, અવધિજ્ઞાને સુરવરા,
નિકાય ચારના ઈંદ્ર હર્ષિત, વંદે નિજ નિજ અનુચરા;
અઠ્ઠાઈ મહોત્સવ કરણ સમયે, શાશ્વતા એ દેખીએ;
સવિ સજ્જ થાઓ દેવ દેવી, ઘંટ નાદ વિશેષિએ. ૨
ચાલ–વલી સુરપતિ જી, ઉદ્‌ઘોષણા સુરલોકમાં;
નિપજાવે જી, પરિકર સહિત અસોકમાં;
દ્વીપ આઠમે જી, નંદીશ્વર સવિ આવિયા,
શાશ્વતી પ્રતિમાજી, પ્રણમી વધાવે ભાવિયા. ૩
ત્રુટક–ભાવિયા પ્રણમી વધાવે પ્રભુને, હરખ બહુલે નાચતા;
બત્રીસ વિધના કરીય નાટિક, કોડી સુરપતિ માચતા;
હાથ જોડી માન મોડી, અંગ ભાવ દેખાવતી;
અપછરા રંભા અતિ અચંભા, અરિહા ગુણ આલાવતી. ૪
ચાલ–ત્રણ અઠ્ઠાઇમાંજી, ખટ કલ્યાણક જિનતણા;
તથા આલયજી, બાવન જિનનાં બિંબ ઘણાં;
તસ સ્તવનાજી; સદ્‌ભૂત અર્થ વખાણતાં;
ઠામે પહોંચે જી, પછે જિન નામ સંભારતા. ૫

ત્રુટક–સંભારતાં પ્રભુનું નામ નિશ દિન,
પરવ અઠ્ઠાઈ મન ધરે; સમકિત નિર્મલ કરણ કારણ, શુભ
અભ્યાસ એ અનુસરે; નર નારી સમકિતવંત ભાવે,એહ પર્વ
આરાધશે, વિઘન નિવારે તેહનાં સહિ,સૌભાગ્ય લક્ષ્મી વાધશે. ૬

## ઢાળ ચોથી.

### આદિ જિણંદ મયા કરી–એ દેશી.

પરવ પજુસણમાં સદા, અમારી પડહો વજડાવો રે,
સંઘ ભગતિ દ્રવ્ય ભાવથી, સાહમિવચ્છલ્લ શુભ દાવરે;
મહોદય પર્વ મહિમા નિધિ. ૧
સાહમીવચ્છલ્લ એકણ પાસે, એકત્ર કર્મ સમુદાયરે;
બુદ્ધિ તુલાયે તોલીયે, તુલ્ય લાભ ફલ થાય રે. મ૦ ૨
ઉદાઈ ચરમ રાજઋષિ, તિમ કરો ખામણાં સત્ય રે;
મિચ્છામિ દુક્કડં દેઈને, ફરી સેવે પાપ વત્તરે. મ૦ ૩
તેહ કહ્યા માયા મૃષાવાદી, આવશ્યક નિર્યુક્તિ માંહે રે;
ચૈત્ય પરવાડી કીજીયે, પૂજા ત્રિકાલ ઉછાહ રે. મ૦ ૪
છેહલી ચાર અઠ્ઠાઈયે, મહા મહોત્સવ કરે દેવા રે;
જીવાભિગમે ઇમ ઉચ્ચરે, પ્રભુ શાસનના એ મેવા રે. મ૦ ૫

## ઢાળ પાંચમી.

### અરણિક મુનિવર ચાલ્યા ગોચરી–એ દેશી.

અઠ્ઠમનો તપ વાર્ષિક પર્વમાં, શલ્ય રહિત અવિરુદ્ધ રે;
કારક સાધક પ્રભુના ધર્મનો, ઈચ્છારોધે હોય સુજ્ઞાની,

તપને સેવો રે કાંતા વિરતિના. ૧
છૂટે સો વરસે રે કર્મ અકામથી, નારકી તે તો સકામે રે;
પાપ રહિત હોય નવકારસી થકી, સહસ તે પોરસી ઠામરે. ત૦ ૨
વધતો વધતોરે તપ કરવા થકી, દસ ગુણો લાભ ઉદારરે;
દશ લાખ કોડ વરસનું અઠમે, દુરિત મિટે નિરધારો રે.ત૦૩
પંચાસ વરસ સુધી તપ્યાં લખમણાં, માયા તપ નવી શુદ્ધ રે;
અસંખ્ય ભવ ભમ્યાંરે એક કુવચનથકી,પદ્મનાભ વારે સિદ્ધરે.ત૦૪
આહાર નિરીહતા રે સમ્યગ તપ કહ્યો, જુઓ અભ્યંતર તત્ત્વ રે;
ભવોદધિ સેતુ રે અઠ્ઠમ તપ ભણી, નાગકેતુ ફલ તપ રે. ત૦ ૫

## ઢાળ છઠ્ઠી.

### સ્વામી સીમંધર વિનતિ-એ દેશી.

વાર્ષિક પડિક્કમણાં વિષે, એક હજાર શુભ આઠરે;
સાસ ઉસાસ કાઉસગ્ગ તણાં, આદરી ત્યજો કર્મ કાઠ રે;
પ્રભુ તુમ શાસન અતિ ભલું. ૧
દુગ લખ ચઉ સય અઠ કહ્યાં, પલ્ય પણયાલિસ હજાર રે;
નવ ભાંગે પલ્યનાં ચઉ ગ્રહ્યા, સાસમાં સુર આયુ સારરે.પ્ર૦૨
ઓગણીસ લાખ ને ત્રેસઠી, સહસ બસેં સતસઠિ રે;
પલ્યોપમ દેવનું આઉખું, નોકાર કાઉસગ્ગ જીઠ રે. પ્ર૦ ૩
એકસઠ લાખ ને પણતીસા, સહસ બસેં દશ જાણ રે;
એટલા પલ્યનું સુર આઉખું, લોગસ્સ કાઉસગ્ગ માન રે.પ્ર૦૪
ધેનુ થણ રૂપે રે જીવનાં, અચલ છે આઠ પ્રદેશ રે;
તેહ પરે સર્વ નિર્મલ કરે, પર્વ અઠાઈ ઉપદેશ રે. પ્ર૦ ૫

## ઢાળ સાતમી.

### લીલાવંત કુંવર ભલો—એ દેશી.

સોહમ કહે જંબૂ પ્રતે, જ્ઞાનાદિ ધર્મ અનંતરે વિનીત—એ આંકણી.
અર્થ પ્રકાશે વીરજી, તિમ મેં રચિઓ સિદ્ધાંતરે વિનીત,
પ્રભુ આગમ ભલો વિશ્વમાં. ૧
ષઠ લાખ ત્રણુસેં ને તેત્રીસ, એગૂણા સાઠ હજાર રે; વિ૦
પીસ્તાલીસ આગમ તણો, સંખ્યા જગદાધાર રે. વિ૦ પ્ર૦ ૨
અથમીએ જિન કેવળ રવિ, સુત દીપે વ્યવહાર રે; વિ૦
ઉભય પ્રકાશક સૂત્રનો, સંપ્રતિ બહુ ઉપગાર રે. વિ૦ પ્ર૦ ૩
પુન્ય ક્ષેત્રમાં સિદ્ધગિરિ, મંત્રમાંહે નવકાર રે; વિ૦
શુકલ ધ્યાન છે ધ્યાનમાં, કલ્પસૂત્ર તિમ સારરે. વિ૦ પ્ર૦ ૪
વીર વર્ણન છે જેહમાં, શ્રી પર્વ તસુ સેવ રે; વિ૦
છઠ્ઠ તપે કલ્પસૂત્ર સુણે મુદા, ઉચિત વિધિ તતખેવરે. વિ૦ પ્ર૦ ૫

## ઢાળ આઠમી.

### તપશું રંગ લાગ્યો—એ દેશી.

નેવુ સહસ સંપ્રતિ નૃપે રે, ઉદ્ધાર્યા જૈન પ્રાસાદ રે;
છત્રીસ સહસ નવાં કર્યાં રે, નિજ આયુ દિનવાદરે, મનને મોદે રે;
પૂજો પૂજો મહોદય પર્વ મહોત્સવ મોટે રે. ૧
અસંખ્ય ભરતના પાટવી રે, અઠ્ઠાઇ ધર્મનાં કામી રે;
સિદ્ધગિરિએ શિવપુરી વર્યા રે, અજરામર શુભ ધામીરે. મ૦ ૨
યુગપ્રધાન પૂરવ ધણીરે, વયર સ્વામી ગણધાર રે;

નિજ પિતુ મિત્ર પાસે જઇ રે, આપ્યાં ફૂલ તઈયાર રે. મ૦ ૩
વીસ લાખ ફૂલ લેઇને રે, આવ્યા ગિરિ હિમવંત રે;
શ્રીદેવી હાથે લીયા રે, મહા કમલ ગુણવંત રે. મ૦ ૪
પછે જિનરાગીને સોંપિયા રે, સુભિક્ષ નયર મઝાર રે;
સુગત મત ઉછ દિને રે, શાસન શોભા અપાર રે. મ૦ ૫

## ઢાળ નવમી.

ભરત નૃપ ભાવશું-એ દેશી.

પ્રાતિહારજ અડ પામીયે એ, સિદ્ધ પ્રભુના ગુણ આઠ;
હરખ ધરી સેવીયે એ, જ્ઞાન દર્શન ચારિત્રનાં એ,આઠ આચા-
રનાં પાઠ; હ૦ સેવો સેવો પર્વ મહંત. હ૦ ૧
પવયણ માતા સિદ્ધિનું એ, બુદ્ધિ ગુણા અડ દષ્ટિ; હ૦
ગણિ સંપદ અડ સંપદા એ, આઠમી ગતિ દિયે પુષ્ટિ. હ૦ ૨
આઠ કર્મ અડ દોષને એ, અડ મદ પ્રમાદ; હ૦
પરિહરી આઠ વિધ કારણ ભજીએ, આઠ પ્રભાવક વાદ. હ૦૩
ગુજર હલિ દેશમાં એ, અકબરશાહ સુલતાન; હ૦
હીરજી ગુરૂનાં વયણથી એ, અમારી પડહ વજડાવી. હ૦ ૪
વિજયસેનસૂરિ તપગચ્છ મણિ એ, તિલક આણંદ મુણિંદ.હ૦
રાજ્યમાન રિદ્ધિ લહે એ, સોભાગ્ય લક્ષ્મી સુરીંદ. હ૦ ૫
સેવો સેવો પર્વ મહંત; હ૦
પૂજો જિનપદ અરવિંદ, હ૦ પુન્ય પર્વ સુખકંદ. હ૦
પ્રગટે પરમાણંદ; હ૦ કહે એમ લક્ષ્મી સૂરીંદ. હ૦ ૬

કલશ—એમ પાસપ્રભુનો પસાય પામી, નામે અઠાઈ ગુણ કહ્યા;
ભવી જીવ સાધો નિત આરાધો, આત્મ ધર્મે ઉમહ્યા. ૧
સંવત જિન અતિશય વસુ શશી, ચૈત્ર પુનમે ધ્યાઈયા;
સોભાગ્યસૂરિ શિષ્ય લક્ષ્મીસૂરિ, બહુ સંઘ મંગલ પાઈયા. ૨

શ્રી અઠાઇ મહોત્સવ સ્તવન સંપૂર્ણ.

## ૧૨ શ્રી મહાવીરસ્વામીના સત્તાવીશ ભવનું પંચ ઢાળીયું.

દોહા:—શ્રી શુભવિજય સુગુરૂ નમી, નમી પદ્માવતી માય;
ભવ સત્તાવીશ વર્ણવું, સુણતાં સમકિત થાય. ૧
સમકિત પામે જીવને, ભવ ગણુતીએ ગણાય;
જો વલી સંસારે ભમે, તો પણ મુગતે જાય. ૨
વીર જિનેશ્વર સાહેબો, ભમિયો કાલ અનંત;
પણ સમકિત પામ્યા પછી, અંતે થયા અરિહંત. ૩

### ઢાળ પહેલી.

કપૂર હોયે અતિ ઉજલો રે—એ દેશી.

પહેલે ભવે એક ગામનો રે, રાય નામે નયસાર;
કાષ્ટ લેવા અટવી ગયો રે, ભોજન વેલા થાય રે પ્રાણી,
ધરિયે સમકિત રંગ, જિમ પામિયે સુખ અભંગ રે;
પ્રાણી ધરિયે સમકિત રંગ—એ આંકણી. ૧
મન ચિંતે મહિમા નીલો રે, આવે તપસી કોય;
દાન દેઈ ભોજન કરૂં રે, તો વંછિત ફળ હોય રે; પ્રાણી૦ ૨

મારગ દેખી મુનિવરા રે, વંદે દેઈ ઉપયોગ;
પૂછે કેમ ભટકો ઈહાં રે, મુનિ કહે સાથ વિજોગરે. પ્રાણી૦ ૩
હરખ ભરે તેડી ગયો રે, પડિલાભ્યા મુનિરાજ;
ભોજન કરી કહે ચાલીએ રે,સાથ ભેળા કરૂં આજ રે.પ્રા૦ ૪
પગવટીયે ભેળા કર્યા રે, કહે મુનિ દ્રવ્ય એ માર્ગ;
સંસારે ભૂલા ભમો રે, ભાવ મારગ અપવર્ગ રે. પ્રાણી૦ ૫
દેવ ગુરૂ ઓલખાવીયારે, દીધો વિધિ નવકાર;
પશ્ચિમ મહાવિદેહમાં રે, પામ્યો સમકિત સાર રે. પ્રાણી૦ ૬
શુભ ધ્યાને મરી સુર હુઓ રે, પહેલા સર્ગ મઝાર;
પલ્યોપમ આયુ ચવી રે, ભરત ઘરે અવતારરે. પ્રાણી૦ ૭
નામે મરીચી યૌવને રે, સંયમ લીયે પ્રભુ પાસ;
દુષ્કર ચરણ લહી થયો રે, ત્રિદંડીક શુભ વાસ રે. પ્રાણી૦ ૮

## ઢાળ બીજી.

### વિવાહલાની દેશી.

નવો વેષ રચે તેણી વેળા, વિચરે આદીશ્વર ભેળા;
જળ થોડે સ્નાન વિશેષે, પગ પાવડી ભગવે વેષે. ૧
ધરે ત્રિદંડ લાકડી મ્હોટી, શીર મુંડણ ને ધરે ચોટી;
વળી છત્ર વિલેપન અંગે, સ્થૂલથી વ્રત ધરતો રંગે. ૨
સોનાની જનોઇ રાખે, સહુને મુનિ મારગ ભાખે;
સમોસરણે પુછે નરેશ, કોઇ આગે હોશે જિનેશ. ૩
જિન જંપે ભરતને તામ, તુજ પુત્ર મરીચી નામ;

વીર નામે થશે જિન છેલ્લા, આ ભરતે વાસુદેવ પહેલા. ૪
ચક્રવર્તી વિદેહે થાશે, સુણી ભરત આવ્યા ઉલ્લાસે;
મરીચીને પ્રદક્ષિણા દેતા, નમી વંદીને એમ કહેતા. ૫
તમે પુન્યાઇવંત ગવાશો, હરિ ચક્રી ચરમ જિન થાશો;
નવિ વંદુ ત્રિદંડીક વેષ, નમું ભક્તિયે વીર જિનેશ. ૬
એમ સ્તવના કરી ઘર જાવે, મરીચી મન હર્ષ ન માવે;
મ્હારે ત્રણ પદવીની છાપ, દાદા જિન ચક્રી બાપ. ૭
અમે વાસુદેવ ધુર થઇશું, કુલ ઉત્તમ મ્હારૂં કહીશું;
નાચે કુળ મદશું ભરાણો, નીચ ગોત્ર તિહાં બંધાણો. ૮
એક દિન તનુ રોગે વ્યાપે, કોઇ સાધુ પાણી ન આપે;
ત્યારે વંછે ચેલો એક, તવ મળિયો કપિલ અવિવેક. ૯
દેશના સુણી દીક્ષા વાસે, કહે મરીચી લીયો પ્રભુ પાસે;
રાજપુત્ર કહે તુમ પાસે, લેશું અમે દીક્ષા ઉલ્લાસે. ૧૦
તુમ દર્શને ધર્મનો વ્હેમ, સુણી ચિંતે મરીચી એમ;
મુજ યોગ્ય મળ્યો એ ચેલો, મૂળ કડવે કડવો વેલો. ૧૧
મરિચી કહે ધર્મ ઉભયમાં, લીયે દીક્ષા જોવન વયમાં;
એણે વચને વધ્યો સંસાર, એ ત્રીજો કહ્યો અવતાર. ૧૨
લાખ ચોરાશી પૂરવ આય, પાળી પંચમે સર્ગ સધાય;
દસ સાગર જીવિત ત્યાંહી, શુભ વીર સદા સુખ માંહી. ૧૩

---

## ઢાળ ત્રીજી.
### ચોપાઇની દેશી.

પાંચમે ભવ કોલ્લાગ સન્નિવેશ, કોશિક નામે બ્રાહ્મણ વેષ;
એંસી લાખ પૂરવ અનુસરી, ત્રિદંડીયાને વેષે મરી. ૧
કાલ બહુ ભમીયો સંસાર, થુણાપુરી છઠ્ઠો અવતાર;
બહોંતેર લાખ પૂરવને આય, વિપ્ર ત્રિદંડી વેષ ધરાય. ૨
સૌધર્મે મધ્ય સ્થિતિયે થયો, આઠમે ચૈત્ય સન્નિવેશે ગયો;
અગ્નિદ્યોત દ્વિજ ત્રિદંડીયો, પૂર્વ આયુ લાખ સાઠે મુઓ. ૩
મધ્ય સ્થિતિયે સુર સ્વર્ગ ઈશાન, દશમે મંદિર પુર દ્વિજઠાણ;
લાખ છપ્પન પૂરવાપુરી, અગ્નિભૂતિ ત્રિદંડીક મરી. ૪
ત્રીજે સરગે મધ્યાયુ ધરી, બારમે ભવ શ્વેતાંબીપુરી;
પૂરવ લાખ ચુમ્માળીસ આય, ભારદ્વાજ ત્રિદંડીક થાય. ૫
તેરમે ચોથે સ્વર્ગે રમી, કાળ ઘણો સંસારે ભમી;
ચઉદમે ભવ રાજગૃહી જાય, ચોત્રીસ લાખ પૂરવને આય. ૬
થાવર વિપ્ર ત્રિદંડી થયો, પાંચમે સ્વર્ગે મરીને ગયો;
સોળમે ભવ કોડ વરસ સમાય, રાજકુમાર વિશ્વભૂતિ થાય. ૭
સંભૂતિમુનિ પાસે અણગાર, દુક્કર તપ કરી વરસ હજાર;
માસ ખમણ પારણું ધરી દયા, મથુરામાં ગોચરીએ ગયા. ૮
ગાયે હણ્યા મુનિ પડિયા વશા, વિશાખનંદી પિતરીયા હસ્યા;
ગૌશૃંગે મુનિ ગર્વે કરી, ગયણ ઉછાળી ધરતી ધરી. ૯
તપ બળથી હોજ્યો બળ ધણી, કરી નિયાણું મુનિ અણસણી;
સત્તરમે મહાશુક્રે સુરા, શ્રી શુભવીર સત્તર સાગરા. ૧૦

## ઢાળ ચોથી.

નદી યમુના કે તીર, ઉડે દોય પંખીયા—એ દેશી.

અઢારમે ભવે સાત સુપન સૂચિત સતી,
પોતનપુરીયે પ્રજાપતિ રાણી મૃગાવતી;
તસ સુત નામે ત્રિપૃષ્ટ વાસુદેવ નીપન્યા,
પાપ ઘણું કરી સાતમી નરકે ઉપન્યા. ૧
વીશમે ભવ થઇ સિંહ ચોથી નરકે ગયા,
તીહાંથી ચવી સંસારે ભવ બહુલા થયા;
બાવીશમે નર ભવ લહી, પુણ્ય દશા વર્યા,
ત્રેવીશમે રાજ્યધાની મૂકાયે સંચર્યા. ૨
રાય ધનંજય ધારણી રાણીયે જનમિયા,
લાખ ચોરશી પૂરવ આયુ જીવિયા;
પ્રિયમિત્ર નામે ચક્રવર્તી દીક્ષા લહી,
કોડી વરસ ચારિત્ર દશા પાલી સહી. ૩
મહાશુક્રે થઇ દેવ ઇણે ભરતે ચવી,
છત્રિકા નગરીયે જિતશત્રુ રાજવી;
ભદ્રામાય લખ પચવીશ વરસ સ્થિતિ ધરી,
નંદન નામે પુત્રે દીક્ષા આચરી. ૪
અગીઆર લાખ ને એંસી હજાર છસેં વળી,
ઉપર પીસ્તાલીસ અધિક પણ દિન રુળી,
વીશ સ્થાનક માસખમણે જાવજ્જીવ સાધતા,
તીર્થંકર નામ કર્મ તિહાં નિકાચતા. ૫

લાખ વરસ દીક્ષા પર્યાય તે પાળતા,
છવ્વીસમે ભવ પ્રાણત કલ્પે દેવતા;
સાગર વીશનું જીવિત સુખ ભર ભોગવે,
શ્રી શુભવીર જિનેશ્વર ભવ સુણજો હવે. ૬

## ઢાળ પાંચમી.

ગજરામારુજી ચાલ્યા ચાકરી રે–એ દેશી.

નયર માહણ કુંડમાં વસે રે, મહા ઋદ્ધિ ઋષભદત્ત નામ;
દેવાનંદા દ્વિજ શ્રાવિકા રે, પેટ લીધો પ્રભુ વિશરામ રે,
પેટ લીધો પ્રભુ વિશરામ. ૧
બ્યાશી દિવસને અંતરે રે, સુર હરિણગમેષી આય;
સિદ્ધાર્થ રાજા ઘરે રે, ત્રિશલા કૂખે છટકાય રે. ત્રિ૦ ૨
નવ માસાંતરે જનમીયા રે, દેવ દેવીએ ઓચ્છવ કીધ;
પરણી યશોદા યૌવને રે, નામે મહાવીર પ્રસિદ્ધ રે. ના૦ ૩
સંસાર લીલા ભોગવી રે, ત્રીશ વર્ષે દીક્ષા લીધ;
બાર વરસે હુઆ કેવળી રે,શિવ વહુનું તિલક શિર દીધ રે.શિ૦ ૪
સંઘ ચતુર્વિધ થાપીઓ રે, દેવાનંદા ઋષભદત્ત પ્યાર;
સંયમ દેઈ શિવ મોકલ્યા રે, ભગવતી સૂત્રે અધિકાર રે. ભ૦ ૫
ચોત્રીશ અતિશય શોભતા રે, સાથે ચઉદ સહસ અણગાર;
છત્રીસ સહસ તે સાધવી રે, બીજા દેવ દેવી પરિવાર. બીજો૦ ૬
ત્રીશ વરસ પ્રભુ કેવળી રે, ગામ નગર તે પાવન કીધ;
બહોંતેર વરસનું આઉખું રે, દીવાળીયે શિવપદ લીધ રે. દી૦ ૭
અગુરુલઘુ અવગાહને રે, કીયો સાદિ અનંત નિવાસ;

મોહરાય મલ્લ મૂળશું રે, તન મન સુખનો હોય નાશ રે. તન મન૦૮
તુમ સુખ એક પ્રદેશનું, નવિ આવે લોકાકાશ;
તો અમને સુખીયા કરોરે, અમે ધરીએ તુમારી આશ રે.અમે૦૯
અક્ષય ખજાનો નાથનો રે, મેં દીઠો ગુરૂ ઉપદેશ;
લાલચ લાગી સાહિબારે, નવિ ભજીએ કુમતિનો લેશરે. નવિ૦૧૦
મ્હોટાનો જે આશરોરે, તેથી પામીએ લીલ વિલાસ;
દ્રવ્ય ભાવ શત્રુ હણીરે, શુભવીર સદા સુખ વાસ રે.શુભવીર૦૧૧

કળશ—ઓગણીશ એકે વરસ છેકે, પૂર્ણિમા શ્રાવણ વરો, મેં થુણ્યો લાયક વિશ્વ નાયક, વર્ધમાન જિનેશ્વરો; સંવેગ રંગ તરંગ ઝીલે, જશ વિજય સમતા ધરો, શુભ વિજય પંડિત ચરણ સેવક, વીર વિજયો જયકરો. ૧

## ૧૩ શ્રી આંતરાનું સ્તવન.

દુહા—શારદ શારદના સુપરે, પદ પંકજ પ્રણમેય;
ચોવિશે જિન વર્ણવું, અંતર યુત સંખેપ. ૧
વીર પાર્શ્વને આંતરૂં, વરસ અઢીસેં હોય;
પંચ કલ્યાણક પાર્શ્વના, સાંભલજો સહુ કોય. ૨

### ઢાળ પહેલી.

નિરૂપમ નયરી વણારસીજી, શ્રી અશ્વસેન નરિંદ તો;
વામા રાણી ગુણ ભર્યાજી, મુખ જિમ પુનમ ચંદ તો;
ભવિ ભાવ ધરીને પ્રણમો પાસ જિણંદ તો.—એ આંકણી. ૧
પ્રાણત કલ્પ થકી ચવ્યાજી, ચૈત્ર વદી ચોથને દિન તો;

તેહની કૂખે અવતર્યાજી, પ્રભુ જિમ કિંદર સિંહ તો. ભવિ૦ ૨
પોસ બહુલ દશમી દિનેજી, જન્મ્યા પાસ કુમાર તો;
જોબન વય પ્રભુ આવીયાજી, વરીયા પ્રભાવતી નારી તો. ભ૦ ૩
કમઠ તણો મદ ગાલીયોજી, ઉદ્ધર્યો નાગ સજોર તો;
વદ અગીઆરસ પોસનીજી, સંજમ લીયે ઋદ્ધિ છોડતો. ભ૦ ૪
ગાજ વીજ ને વાયરોજી, મુસલધાર મેઘ તો;
ઉપસર્ગ કમઠે કર્યોજી, ધરણેન્દ્રે નિવાર્યો તેહ તો. ભવિ૦ ૫
કર્મ ખપાવી કેવલ લહીજી, ચૈત્ર વદી ચોથ સુજાણ તો;
શ્રાવણ શુદ દીન આઠમેજી, પ્રભુજીનું નિર્વાણ તો. ભવિ૦ ૬
એકસો વરસનું આઉખુંજી, પાસ ચરિત્રે કહ્યું એમ તો;
વરસ ચોરાસી સહસનું જી, આંતરૂ પાસ ને નેમ તો. ભવિ૦ ૭

## ઢાળ બીજી.

સોરીપુર નયર સોહામણું, જગજીવના રે નેમ;
સમુદ્રવિજય નરપાલ હો, દીલરંજના રે નેમ;
ચવિયા અપરાજિત થકી, જગ જીવના રે નેમ;
કારતક વદ બારસ દીન હો, દીલ રંજના રે નેમ. ૧
શિવા દેવી કુખે અવતર્યા જગ૦ માન સર જિમ મરાલ હો; દીલ૦
શ્રાવણ સુદી દિન પંચમી, જગ૦ પ્રસવ્યો પુત્ર રતન હો. દીલ૦ ૨
જોબન વય પ્રભુ આવીયા જગ૦ નીલ કમલ દલ વાન હો; દી૦
પરણો સુંદર સુંદરી જગ૦ ઈમ કહે ગોપી કાન હો. દી૦ ૩
શ્રી ઉગ્રસેનની કુંવરી, જગ૦ વરવા કીધી જાન હો. દીલ૦

પશુ દેખી પાછા વળ્યા, જગ૦ હુવા જાદવકુળ હેરાન હો. દી૦ ૪
તોડે હારને તિહાં રડે, જગ૦ રાજુલ દુઃખ ન માય હો; દી૦
કહે પીયુજી પાયે પડું, જગ૦ છોડી મુને મત જાઓ. દીલ૦ ૫
કીડીશું કટક કાં કરો, જગ૦ એ તુમ કુણ આચાર હો. દીલ૦
માણસના દીલ દુહવો, જગ૦ પશુઆં શું કરો પ્યાર હો. દી૦ ૬
નવ ભવ નેહ નિવારીઓરે, જગ૦ દેઇ સંવચ્છરી દાન હો;દી૦
શ્રાવણ સુદ છઠને દિનેરે, જગ૦ સંજમ લીએ વડ વાન હો.દી૦૭
તારી રાજુલ સુંદરી, જગ૦ દેઈને દીક્ષા દાન હો; દીલ૦
અમાવાસ્યા આસોજ તણીરે, જગ૦ પ્રભુ લહે કેવલ જ્ઞાન હો.દી૦૮
સહસ વરસ પ્રભુ આઉખું રે, જગ૦ પાલી શ્રી જિનરાજ હો;દી૦
અષાઢ સુદી દીન આઠમે રે, જગ૦ પ્રભુ લહે શિવપુરરાજ હો. દી૦૯

### ઢાલ ત્રીજી.

ચારા મહેલા ઉપર મેહ, ઝબુકે વીજળી હો લાલ-એ દેશી.

પાંચ લાખ વરસ નમિ નેમને આંતરૂ હો લાલ, નમિ નેમને આંતરૂ; મુનિસુવ્રત નમિનાથને છ લાખ ચિત્ત ધરૂં હો લાલ, છ લાખ ચિત્ત ધરૂં; ચોપન લાખ વરસ મુનિસુવ્રત મલ્લિને હો લાલ, મુનિસુવ્રત મલ્લિને, ક્રોડ સહસ વલી જાણો મલ્લી અરનાથને હો લાલ, મલ્લી અરનાથને. ૧

ક્રોડ સહસ વરસ કરી, ઊણો પલ્યનું હો લાલ, ઉણો પલ્યનું; ચોથો ભાગ અરનાથ વલી કુંથુ નાથને હો લાલ, વલી કુંથુનાથને; પલ્યોપમનું અરધ જાણો શાંતિ

કુંથુને હો લાલ, જાણો શાંતિ કુંથુને; શાંતિ ધર્મ પલ્યોપમ ઉણે સાગર ત્રણનું હો લાલ, સાગર ત્રણનું ૨

સાગર ચાર અનંતને ધર્મ જિણંદને હો લાલ, ધર્મ જિણંદને; નવ સાગર વળી અનંત વિમલ જિન ચંદ્રને હો લાલ; સાગર ત્રીસ વિમલ વાસુપૂજ્યને હો લાલ, વિમલ વાસુપૂજ્યને; સાગર ચોપન શ્રીવાસુપૂજ્ય શ્રેયાંસને હો લાલ, વાસુપૂજ્ય શ્રેયાંસને. ૩

લાખ પાંસઠ સહસ છત્રીસ વરસ સો સાગરૂ હો લાલ. વરસ સો સાગરૂ; ઉણો સાગર કોડ શ્રેયાંશ શીતલ કરે હો લાલ, શ્રેયાંશ શીતલ કરે; સુવિધિ શીતલને નવ કોડ સાગર ભાવજો હો લાલ, સાગર ભાવજો; સુવિધિ ચંદ્રપ્રભુ નેઊ કોડી સાગર ભાવજો હો લાલ, સાગર મન ભાવજો. ૪

સાગર નવસેં કોડ સુપાસ ચંદ્રપ્રભુ હો લાલ, સુપાસ ચંદ્રપ્રભુ; સાગર નવ સહસ કોડ સુપાસ પદ્મ પ્રભુ હો લાલ, સુપાસ પદ્મ પ્રભુ; સુમતિ પદ્મપ્રભુ નેવુ સહસ કોડ સાગરૂ હો લાલ, કોડ સાગરૂ; સુમતિ અભિનંદન નવ લાખ કોડ સાગરૂ હો લાલ, કોડ સાગરૂ. ૫

દશ લાખ કોડ સાગર સંભવ અભિનંદને હો લાલ, સંભવ અભિનંદને; ત્રીસ લાખ કોડ સાગર સંભવ અજિતને હો લાલ, સંભવ અજિતને; પચાશ લાખ કોડ સાગર અજિત જિન ઋષભને હો લાલ, અજિત જિન ઋષભને; એક કોડાકોડ સાગરૂ ઋષભને વીરને હો લાલ, ઋષભને વીરને. ૬

સહસ બેંતાલીશ તીન વરસ વલી જાણીએ હો લાલ, વરસ વલી જાણીએ; સાડા આઠ મહિના ઊણા તે વખાણીએ હો લાલ, ઊણા તે વખાણીયે; નવસેં એંસી વરસે હોઇ પુસ્તક વાંચના હો લાલ, પુસ્તક વાંચના; અંતર કાલ જાણો જિન ચોવીસનો હો લાલ, કે જિન ચોવીસનો. ૭

## ઢાળ ચોથી.

### દિન સકલ મનોહર—એ દેશી.

જયો આદિ જિણેસર, ત્રિભુવનનો અવતંસ,
નાભી રાજા મરૂદેવા, કુલ માનસર હંસ;
સર્વાર્થ સિદ્ધથી ચવી, ઇક્ષ્વાકુ ભૂમિવર ઠામ,
અસાડ વદી ચોથે, અવતર્યા પુરૂષ પ્રસન્ન. ૧
ચૈત્ર વદી આઠમે, જન્મ્યા શ્રી જિનરાય,
આવે ઇંદ્ર ઇંદ્રાણી, પ્રભુજીના ગુણ ગાય;
સુનંદા સુમંગલા, વરિયા જોબન પાય;
ભરતાદિક એક સો, પુત્ર પુત્રી દો થાય. ૨
કરી રાજની સ્થાપના, વાસી વનિતા ઈન્દ્ર,
જગમાં નીતિ ચલાય, મારૂ દેવીનો નંદ;
પ્રભુ શિલ્પ દેખાડી, ચારે જુગલ આચાર;
નરકલા બહોંતેર, ચોસઠ મહિલા સાર. ૩
ભરતાદિકને દીએ, અંગાદિકનું રાજ્ય,
સુર નર ઇમ જંપે, જય જય શ્રી જિનરાજ;

દેઇ દાન સંવચ્છરી, પ્રભુ લીએ સંયમ ભાર,
ચાર સહસ રાજાશું, ચૈત્ર વદ આઠમ સાર. ૪
પ્રભુ વિચરે મહીયલ, વરસ દિવસ વિણ આહાર;
ગજ રથ ને ઘોડા, જન દીએ રાજકુમારી;
પ્રભુ તો નવિ લેવે, જુએ શુદ્ધ આહાર,
પડિલાભ્યા પ્રભુજી, શ્રી શ્રેયાંસ કુમાર. ૫

ફાગણ અંધારી, અગિઆરસ શુભ ધ્યાન,
પ્રભુ અઠ્ઠમ ભકતે, પામ્યા કેવળનાણ;
ગઢ ત્રણે રચે સુર, સેવા કરે કર જોડ;
ચક્ર રત્ન ઉપન્યો, ભરતને મન કોડ. ૬

મરૂદેવા મોહે, દુઃખ આણે મન જોર,
મારો ઋષભ સહે છે, વનવાસી દુઃખ ઘોર;
તવ ભરત પયંપે, ત્રિભુવન કેરો રાજ;
તુમ પુત્ર ભોગવે, જુઓ માતા આજ. ૭

ગજ રથ બેસાડી, સમવસરણની પાસ,
ભરતેસર આવે, પ્રભુવંદન ઉલ્લાસ;
સુણી દેવની દુંદુભી, ઉલ્લસિત આણંદપુર,
આવ્યાં હરખનાં આંસુ, તિમિર પડલ ગયાં દૂર. ૮
પ્રભુની ઋદ્ધિ દેખી, એમ ચિંતે મનમાંહે;
ધિક ધિક કુડી માયા, કોના સુત કોના તાત;
એમ ભાવના ભાવતાં, પામ્યા કેવલજ્ઞાન;

તત્ક્ષણ મરૂદેવા, તિહાં લહ્યો નિર્વાણ. ૯
ધન્ય ધન્ય એ પ્રભુજી, ધન્ય એહનો પરિવાર,
લાખ પૂર્વ ચોરાશી, પાલી આયુ ઉદાર;
મહા વદી તેરસ દિને, પામ્યા સિદ્ધિનું રાજ;
અષ્ટાપદ શિખરે, જય જય શ્રીજિનરાજ. ૧૦

કલશ—ચોવીશ જિનવર તણો અંતર, ભણ્યો અતિ ઉલ્લાસ એ, સંવત સત્તર તહોંતેરે, એમ રહી ચોમાસું એ; સંઘ તણો આગ્રહ ગ્રહી મેં, શ્રી વિમલવિજય ઉવજ્ઝાય એ; તસ શિષ્ય રામવિજય નામે, વર્યો જય જયકાર એ. ૧

શ્રી આંતરાનું સ્તવન સંપૂર્ણ.

---

## સાત નારકીનું સ્તવન.

### ઢાળ પહેલી.

વર્ધમાન જિન વિનવું, સાહિબ સાહસ ધીરોજી;
તુમ્હ દરિસણ વિણ હું ભમ્યો, ચિહું ગતિમાં વડવીરોજી. ૧
પ્રભુ નરગ તણાં દુઃખ દોહિલાં, મેં સહ્યાં કાલ અનંતોજી;
શોર કિયો નવિ કો સુણે, એક વિના ભગવંતોજી. ૨
પાપ કરીને પ્રાણીઓ, પહોંત્યો નરગ મઝારોજી;
કઠિણ કુભાષા સાંભલી, નયણ શ્રવણ દુઃખકારોજી. ૩
શીતલ યોનિમેં ઉપન્યો, રહેવું તપતે ઠામોજી;
જાનુ પ્રમાણે રૂધિરના, કીચ કહ્યા બહુ તામોજી. ૪

તવ મનમાંહો ચિંતવે, જોઈએ કિણિ દિશે નાસીજી;
પરવશ પડિયો પ્રાણીયો, કરતો ક્રોડ વીખાસીજી. ૫
ચંદ નહી ત્યાં સુરજ નહી, જયાં ઘોર ઘટા અંધકારોજી;
સ્થાનક અતીવ અસોહામણું, ફરસ જિસ્યો પૂર ધીરોજી. ૬
નવો નરગમાં ઉપજે, જાણે અસુર તિવારોજી;
કોપ કરીને આવે તિહાં, હાથ ધરી હથિયારોજી. ૭
કરે કાતરણી દેહડી, કરતો ખંડો ખંડજી;
રીવ અતિય કરે બહુ, પામે દુઃખ પ્રચંડજી. ૮

## ઢાળ બીજી.

(વૈરાગી થયો-એ દેશી.)

ભાંજે કાયા ભાંજતોરે, મારે ફીચારે માહે; ઉંધે માથે અગ્નિ દીએરે,
ઉંચા બાંધે પાયરે, જિનજી સાંભલો; કડુઆ કર્મ વિપાકરે,
વીરજી સાંભલો—એ આંકણી. ૧
વેતરણી તટણી તણારે, જલમાં નાખેરે પાસ;
કરિય કુહાડા તરૂ પરે, છેદે અધિક ઉલ્લાસ રે.
જિનજી સાંભલો૦ ક૦ વીરજી૦ ૨
ઉંચા જોજન પાંચસેરે, ઉછાલે આકાશ; શ્વાન રૂપ કરે તિહાંરે;
મૃગ જિમ પાડે પાશરે. જિ૦ ક૦ વી૦ ૩
પન્નરે ભેદે સુર મલીરે, કરવત દીયેરે કપાલ; આરોપે શૂલિ શિરેરે,
ભાંજે જિમ તરૂ ડાલરે. જિ૦ ક૦ વી૦ ૪
બોળે તાતા તેલમાંરે, તળી કરી કાઢેરે તામ;
વલી ભોભરમાં ખેપવેરે, વિરૂઆ તાસ વિરામરે. જિ૦ક૦વી૦ ૫

ખાલ ઉતારે દેહનીરે, આમીષ દાઈ આહાર;
બહુ આરડા પાડતોરે, તન વિચ ઘાલે ખારરે. જિ૦ ક૦ વી૦ ૬

### ઢાળ ત્રીજી.

રાગ મારૂ—જિનજી કબ મિલેરે, ભોલાસુ વલવલેરે—એ દેશી.

તાપ કરીને તે વલી ભૂમિકારે, મનસુ શીતલ જાણ;
આવી બેસે તરૂઅ છાંહડેરે, પડતાં ભાંજે પ્રાણ, ચતુર મરાચજયોરે. ૧
વિરૂઆ વિષય વિલાસ, સુખ થોડાં દુઃખ બોહલા જેહથીરે,
લહિયે નરગ નીવાસ. ૨
કુંભી માંહે પાક કરે તસ દેહનોરે, તિલ જિમ ઘાંણી માંહે;
પીલી પીલીને રસ કાઢે તેહનોરે, મહેર ન આવે તાંહિં. ૩
નાઠો જાય ત્રીજી નરગ લગેરે, મન ધરતો ભય ભ્રાંત;
પૂછે પરમાધામી શૂલી ઉપરેરે, જેહવા કાલ કૃતાંત. ૪
ખાલ ઉતારે તેહની ખાંતસ્યુંરે. ખાર ભરે તસ દેહે ખાસ;
પૂરાની પરે તે તિહાં ટલવલેરે, મેહેર ન આવે તાસ. ૫
દાંત વિચે દઇ દસ આંગુલીજી, ફરી ફરી લાગે પાય;
વેદન સેહેતાં કાલ ગયો ઘણોજી, હવે એ સહ્યો ન જાય. ૬
જિહાં જાઈ તિહાં ઉઠે મારવારે, કોઇ ન પૂછે સાર;
દુઃખ ભરી રોવે દીનપણે કરીરે, નિપટહિયાં નિરધાર. ૭

### ઢાળ ચોથી.

રાગ—વેલાઉલ. રે જીવ જિનધર્મ કીજીએ—એ દેશી

પરમાધામી સુર કહે, સાંભલ તું ભાઇ;

શીહો દોષ અમારડો, નિજ દેખો કમાઈ. ૧

પરમાધામી સુર કહે—એ આંકણી. પાપ કરમ કીધાં ઘણાં, બહુ જીવ વિણાસ્યા; પીડા ન જાણી પરતણી, કૂડા મુખે ભાખ્યાં. પરમા૦ ૨

ચોરી લાવ્યા ધન પારકું, સેવી પરનાર; આરંભ કામ કીધા ઘણાં, પરિગ્રહનો નવિ પાર. પરમા૦ ૩

નિશિ ભોજન કીધાં ઘણાં, બહુ જીવ સંહાર; અભક્ષ અથાણાં આચર્યાં, પ્રાતિક નહિ પાર. પરમા૦ ૪

માત પિતા ગુરૂ ઓલવ્યા, કીધા ક્રોધ અપાર;
માન માયા લોભ મન ધર્યા, મતિહીણા ગમાર. પરમા૦ ૫

## ઢાળ પાંચમી.

### વેવડીની—એ દેશી.

ઇમ કહી સુર વેદનાએ, વલિ ઉદીરે તેહ તો;
ખીલા કંટાલા વજ્ર તણા એ, તીહાં પછાડે દેહ તો. ૧
તૃષા વસે તાતો તરૂ એ, મુખમાં ઘાલે તામ તો;
અગ્નિ વરણ કરી પૂતલી એ, આલંબન દે જામ તો. ૨
સયલ વદન કીડાવહે એ, જીભ કરે સત ખંડ તો;
એ ફલ નિશિભોજન તણાં એ, જાણે પાપ અખંડ તો. ૩
અતિ ઉનો અતિ આકરો એ, આણે તાતો તીર તો;
તે ઘાલે તસ આંખમાં એ, કાને ભરે કથીર તો. ૪
કાલા અધિક બિહામણાં એ, હૂંડકે સંઠાણ તો;
તે દીસે દીન દયામણા એ, વલી નિરધારા પ્રાણ તો. ૫

### ઢાળ છઠ્ઠી.

વાડી ફૂલી અતિ ભલી મન ભમર.રે—એ દેશી.

એની પેરે બહુ વેદના સહી ચિત ચેતોરે, વસતા નરક મોઝાર ચતુર ચિત ચેતોરે; જ્ઞાની વિણ ન જાણે કોઇ, ચિ૦ કહેતા નાવે પાર. ચ૦ ચિ૦ ૧

દશ દષ્ટાંતે દોહીલો, ચિ૦ લાધ્યો નર ભવ સાર; પામ્યો એળે હારી ગયો, ચિ૦ કરજો એહ વિચાર. ચ૦ ચિ૦ ૨

સુધો સંયમ આદરો, ચિ૦ ટાલો વિષય વિકાર; ચ૦ પાંચે ઈંદ્રિય વશ કરો ચિ૦, જિમ હોય છુટક બાર. ચ૦ ચિ૦ ૩

નિદ્રા વિકથા પરિહરો, ચિ૦ આરાધો જિન ધર્મ; ચ૦ સમકિત રત્ન હીયે ધરો, ચિ૦ ભાંજે મિથ્યા ભર્મ. ચ૦ ચિ૦ ૪

વીર જિણંદ પસાઉલે, ચિ૦ અહીર નગપૂર મઝાર, ચ૦ સ્તવન રચ્યો રલિયામણો, ચિ૦ પરમકૃત ઉદાર. ચ૦ ચિ૦ ૫

સાત નારકીનું સ્તવન સંપૂર્ણ.

---

## ૧૫ શ્રી સીમંધર સ્વામીનું સ્તવન.

### ઢાળ પહેલી.

સુણ સુણ સરસ્વતી ભગવતી, તારી જગ વિખ્યાત;
કવિ જનની કીર્તિ વધે, તેમ તું કરજે માત. ૧
સીમંધરસ્વામી મહાવિદેહમાં, બેઠા કરે વખાણ;

વંદણા મારી તિહાં જઇ, કહેજ્યો ચંદા ભાણ. ૨
મુજ હિયડું સંશય ભર્યું, કુણ આગળ કહું વાત;
જેહશું માંડી ગોઠડી, તે મુજ ન મલે ધાત. ૩
જાણો આવું તુમ કને, વિષમ વાટ પંથ દૂર;
ડુંગર ને દરીઆ ઘણા, વિચે નદી વહે પૂર. ૪
તે માટે ઇહાં કને રહી, જે જે કરૂં વિલાપ;
તે તુમે પ્રભુજી સાંભળો, અવગુણ કરજો માફ. ૫

## ઢાળ બીજી.

ભરતક્ષેત્રના માનવીરે, જ્ઞાની વીણ મુંઝાય;
તિણ કારણ તુમને સહુરે, પ્રભુજી મનમાં ચાહેરે,
સ્વામી આવો આણે ક્ષેત્ર;
જો તુમ દરિસણ દેખીયેરે, તો નિર્મલ કીજે મોરા નેત્રરે. સ્વા૦૧
ગાડરિયો પરિવાર મલ્યોરે, ઘણું કરે તે ખાસ;
પરીક્ષાવંત થોડા હુવેરે, શિર ધારૂ વિશ્વાસરે. સ્વામી૦ ૨
ધર્મિની હાંસી કરેરે, પક્ષ વિહુણો સિદાય;
લોભ ઘણો જગ વ્યાપીયોરે, તેણે સાચો નવી થાયરે. સ્વા૦૩
સમાચારી જુઈ જુઇરે, સહુ કહે માહરો ધર્મ;
ખોટો ખરો કિમ જાણીયે રે, તે કુણ ભાંજે ભરમ રે. સ્વા૦૪

## ઢાળ ત્રીજી.

વીર પ્રભુ જ્યારે વિચરતા, ત્યારે વર્તતી શાંતિરે;
જે જન આવીને પૂછતા, તહારે ભાંજતી ભ્રાંતિરે. ૧

હે હે જ્ઞાનીનો વિરહો પડયો, તે તો દેહ મુજ દુઃખરે;
સ્વામી સીમંધર તુજ વિના, તે તો કુણ કરે સુખરે. હે૦ ૨
ભૂલો ભમેરે વાડાલીઆ, ઝીહાં કેવલી નાહીરે;
વિરહીને રયણી જીસીરે, તીસીજ ઘડી જાયરે. હે૦ ૩
વાત મુખે નવ નવી સાંભળી, પણ નિરતી નવી થાયરે;
જે જે દુર્ભાગીઆ જીવડા, તે તો અવતર્યા આંહીરે. હે૦ ૪
ધન્ય મહાવિદેહના માનવી, જિહાં જિનજી આરોગ્યરે;
નાણ દર્શન ચરણ આદરે, સંયમ લીયે ગુરૂયોગરે. હે૦ ૫

## ઢાળ ચોથી.

સીમંધર સ્વામી મહારારે, તું ગુરૂ ને તું દેવ;
તુ વિન અવર ન ઓલગુંરે, ન કરૂં અવરની સેવરે.
અહિંયા કને આવજો, વળી ચતુર્વિધ સંઘરે સાથે લાવજો. ૧
તે સંઘ કેમ કિરીયા કરેરે, કિણી પરે ધ્યાવે ધ્યાન;
વ્રત પચ્ચખાણ કેમ આદરે, કેની પરે દેશે દાનરે. ૨
ઈહાં ઉચિત કિરિયા ઘણીરે, અનુકંપા લવલેશ;
અભય સુપાત્ર અલ્પ હુવારે, એહવા ભરતમાં દેશોરે. ૩
નિશ્ચય સરસવ જેટલોરે, બહુ ચાલ્યો વ્યવહાર;
અભ્યંતર વિરલા હુવારે, ઝાઝો બાહ્ય આચારોરે. ૪

## ઢાળ પાંચમી.

સીમંધર તું માહરો સાહિબ, હું સેવક તુજ દાસરે;
ભમી ભમી ભવ કરી થાકીયો, હવે આવ્યો શિવરાજરે. સી૦ ૧

ઇણ વાટે વટેમાર્ગુ નાવે, નાવે કાસીદ કોઈ રે;
કાગળ કુણ સાથે પહોંચાડું, હું મુંજ્યો તુમ મોહેરે. સી૦ ૨
ચાર કષાય ઘટમાં રહ્યા વ્યાપી, રાતો ઈંદ્રિય રસેરે;
મદ કહો પણ કયારે વાપે, મન નાવે મુજ વેશરે. સી૦ ૩
તૃષ્ણાનું દુઃખ હોત નહી મુજને, હોત સંતોષનો ધ્યાનરે;
હું ધ્યાન ધરત પ્રભુ તારે, સ્થિર કરી રાખત મન્નરે. સી૦ ૪
નિબિડ પરિણામે ગોઠડી બાંધી, તે છૂટું કિમ સ્વામીરે;
તે હુંનર તુજમાં છે પ્રભુજી, આવો અમારી કનેરે. સી૦ ૫

## ઢાળ છઠ્ઠી.

સીમંધર જીન એમ કહે, પૂછે તિહાંના લોકરે;
ભરત ક્ષેત્રની વારતા, સાંભળે સુર નર થોકરે. ૧
ત્રીજે આરો બેઠા પછી, જાશે કેટલો કાલરે;
પદ્મનાભ જિન હોશે રે, જ્ઞાની ઝાકઝમાલરે. ૨
છટ્ઠે આરે જે હોશે, તે પ્રાણીનાં બહુ પાપરે;
શાતા નહિરે એક ઘડી, રવિનો ઝાઝેરો તાપરે. ૩
ઓછું આયું માણસ તણું, મોટા દેવના આયરે;
સુખ ભોગવતાં સ્વર્ગનાં, સાગર પલ્યોપમ જાયરે. ૪
સરાગીને એમ કહે, તુમે તારો ભગવંતરે;
આપથી આપે તરે, ઇમ સુણજો સહુ સંતરે. ૬

## ઢાળ સાતમી.

એહ સૂત્રમાં જીવ તે વાતો સાંભળીરે, મ કર હવે જીવ

વિખવાદ; જે રે તેં પુન્ય પૂરવ કીધા નહિ રે, તો કીહાંથી પહોંચે આશ; જિનજી કિમ મળેરે. ૧

કહે ભોલા સુંચ્યલેલે, તું સરાગી પ્રભુ વૈરાગીમાં વડો રે; કિમ આવે પ્રભુ આંહી. જિ૦ ૨

ચોલ મજીઠ સરખો જિનજી સાહિબોરે, તું તો ગલીનો રંગ; કટ કાચ તણો મૂલ તુજમાં નહીરે, પ્રભુ નગીનો રંગ. જિ૦ ૩

શ્રી ભમર સરીખો ભોમી શ્રી ભગવંતજીરે, તું તો માખી તોલ; સરીખા સરીખે વીણ કીણ બાજે ગોઠડીરે, તું હૃદય વિચારી બોલ. જિ૦ ૪

કરમ સાથે લપટાણો તું જીહાં લગેરે, તીહાં લગે તુજને કાસ; સમતાનો ગુણ જ્યારે તુજમાં આવશેરે, તિહારે જઈશ પ્રભુની પાસ. જિ૦ ૫

## ઢાળ આઠમી.

સીમંધર સ્વામી તણી ગુણમાલા, જે નર ભાવે ભણશેરે; તસ શિર વૈરી કોઈ નહી વ્યાપે, કરમ શત્રુને હણશેરે. હમચડી. ૧

હમચડી મારી હેલરે, સીમંધર મોહન વેલરે, સત્યકી રાણીનો નંદન નીરખી, સુખ સંપત્તિની ગેલરે. હમ૦ ૨

સીમંધર સ્વામી તણી ગુણમાલા, જે નારી નિત્ય ગણશેરે; સતી સોહાગણ પીહર પસરી, પુત્ર સુલક્ષણ જણશેરે. હમ૦ ૩.

સીમંધરસ્વામી શિવપુર ગામી, કવિતા કહે શિર નામી; વંદણા માહરી હૃદયમાં ધારી, ધરમલાભ ઘો સ્વામીરે. હમચડી૦ ૪

શ્રી તપગચ્છનો નાયક સુંદર, શ્રી વિજય દેવ પટોધરરે; કીર્તિ જેહની જગમાં ઝાઝી, બોલે નરને નારીરે. હમ૦ ૫

શ્રી ગુરૂવયણ સુણી બુદ્ધિ સારૂ, સીમંધર જિન ગાયોરે; સંતોષી કહે દેવ ગુરૂ ધર્મ, પૂરવ પુન્યે પાયોરે. હમ૦ ૬

શ્રી સીમંધર સ્વામીનું સ્તવન સંપૂર્ણ.

---

## ૧૬ આંબીલ તપ-શ્રીસિદ્ધચક્રજીનું સ્તવન.

### ઢાળ પહેલી.

જી હો કુંઅર બેઠા ગોખડે-એ દેશી

જી હો પ્રણમું દિન પ્રત્યે જિનપતિ લાલા, શિવ શિવ સુખકારી અશેષ; જી હો આશોઈ ચૈત્રી ભણી લાલા, અઠાઇ વિશેષ. ભવિક જન, જિનવર જગ જયકાર; જી હો જિહાં નવપદ આધાર. ભ૦ એ આંકણી. ૧

જિહો તેહ દિવસ આરાધવા લાલા, નંદીસર સુર જાય; જીહો જીવાભિગમ માંહે કહ્યું; લા૦ કરે અડ દિન મહિમાય. ભ૦ ૨

જીહો નવપદ કેરા યંત્રની, લા૦ પૂજા કીજે રે જાપ; જીહો રોગ શોક સવિ આપદા, લા૦ નાશે પાપનો વ્યાપ. ભ૦ ૩

જીહો અરિહંત સિદ્ધ આચારજા, લા૦ ઉવજ્ઝાય સાધુ એ પંચ, જીહો દંસણ નાણ ચારિત્ર તવો, લા૦ એ ચઉ ગુણનો પ્રપંચ. ભ૦ ૪

જીહો એ નવપદ આરાધતાં, લા૦ ચંપાપતિ વિખ્યાત; જીહો નૃપ શ્રીપાલ સુખીયો થયો, લા૦ તે સુણજો અવદાત. ભ૦ ૫

## ઢાળ બીજી.

કોઇ લો પર્વત ધૂંધલો રે લો-એ દેશી.

માલવ ધુર ઉજ્જેણીયે રે લો, રાજય કરે પ્રજાપાલરે સુગુણ નર,
સુરસુંદરી મયણાસુંદરી રે લો, બે પુત્રી તસ બાલ રે. સુ૦
શ્રી સિદ્ધચક્ર આરાધીયે રે લો, જેમ હોય સુખની માલ રે,
સુ૦ શ્રી૦-એ આંકણી. ૧

પહેલી મિથ્યા શ્રુત ભણી રે લો, બીજી જિન સિદ્ધાંત રે; સુ૦
બુદ્ધિ પરીક્ષા અવસરે રે લો, પૂછી સમસ્યા તુરંત રે. સુ૦ શ્રી૦ ૨
તુઠો નૃપ વર આપવા રે લો, પહેલી કરે તે પ્રમાણ રે; સુ૦
બીજી કર્મ પ્રમાણથી રે લો, કોપ્યો તે તવ નૃપ ભાણ રે. સુ૦ શ્રી૦ ૩
કુષ્ટી વર પરણાવિયો રે લો, મયણા વરે ધરી નેહ રે; સુ૦
રામા હજીય વિચારીયે રે લો, સુંદરી વિણસે તુજ દેહ રે. સુ૦ શ્રી૦ ૪
સિદ્ધ ચક્ર પ્રભાવથી રે લો, નીરોગી થયો જેહ રે; સુ૦
પુણ્ય પસાયે કમલા લહી રે લો, વાધ્યો ઘણો સસનેહ રે. સુ૦ શ્રી૦ ૫
માઉલે વાત તે જવ લહી રે લો, વંદવા આવ્યો ગુરૂ પાસ રે; સુ૦
નિજ ઘર તેડી આવિયો રે લો, આપે નિજ આવાસ રે. સુ૦ શ્રી૦ ૬

શ્રીપાલ કહે કામિની સુણો રે લો, મેં જાવું પરદેશ રે; સુ૦
માલમત્તા બહુ લાવશું રે લો, પૂરશું તુમ તણી ખાંત રે. સુ૦ શ્રી૦ ૭
અવધિ કરી એક વરસની રે લો, ચાલ્યો નૃપ પરદેશ રે; સુ૦
શેઠ ધવલ સાથે ચાલ્યો રે લો, જલપંથે સુવિશેષ રે. સુ૦ શ્રી૦ ૮

## ઢાળ ત્રીજી.

### ઈડર આંબા આંબલી રે—એ દેશી.

પરણી બબ્બરપતિ સુતા રે, ધવલ મૂકાવ્યો જ્યાંહ;
જિનવર બાર ઉઘાડતે રે, કનકકેતુ બીજી ત્યાંહ;
ચતુર નર સુણો શ્રીપાલ ચરિત્ર—એ આંકણી. ૧
પરણી વસ્તુપાલની રે, સમુદ્ર તટે આવંત;
મકરકેતુ નૃપની સુતા રે, વીણા વાદે રીઝંત. ચ૦ ૨
પાંચમી ત્રૈલોકયસુંદરી રે, પરણી કુબ્જા રૂપ;
છઠ્ઠી સમસ્યા પૂરતી રે, પંચ સખીશું અનૂપ. ચ૦ ૩
રાધાવેધી સાતમી રે, આઠમી વિષ ઉતાર;
પરણી આવ્યો નિજ ઘરે રે, સાથે બહુ પરિવાર. ચ૦ ૪
પ્રજાપાલે સાંભલી રે, પર દલ કેરી વાત;
ખંધે કુહાડો લેઈ કરી રે, મયણા હુઈ વિખ્યાત. ચ૦ ૫
ચંપારાજ્ય લેઇ કરીને, ભોગવી કામિત ભોગ;
ધર્મ આરાધી અવતર્યો રે, પહોતો નવમે સુરલોગ. ચ૦ ૬

## ઢાળ ચોથી.

### કંત તમાકુ પરિહરો—એ દેશી.

એમ મહિમા સિદ્ધચક્રનો, સુણી આરાધે સુવિવેક મોરે લાલ,

શ્રી સિદ્ધચક્ર આરાધીયે—એ આંકણી. ૧

અડ દલ કમલની થાપના, મધ્યે અરિહંત ઉદાર; મો૦
ચિહું દિશે સિદ્ધાદિક ચઉ, દિશે તું ગુણ ધાર. મો૦શ્રી૦૨

બે પડિક્કમણાં જંત્રની, પૂજા દેવવંદન ત્રિકાલ; મો૦
નવમે દિન સવિશેષથી, પંચામૃત કીજે પખાલ. મો૦ શ્રી૦ ૩

ભૂમિશયન બ્રહ્મવિદ્યા ધારણા, રૂંધી રાખો ત્રણ જોગ; મો૦
ગુરૂ વૈય્યાવચ્ચ કીજીયે, ધરો સદ્દહણા ભોગ. મો૦ ૪

ગુરૂ પડિલાભી પારીયે, સાહમી વચ્છલ પણ હોય; મો૦
ઉજમણાં પણ નવ નવાં, ફલ ધાન્ય રયણાદિક ઢોય. મો૦ શ્રી૦ ૫

ઇહ ભવ સવિ સુખ સંપદા, પરભવે સવિ સુખ થાય; મો૦
પંડિત શાંતિવિજય તણો, કહે માનવિજય ઉવજ્ઝાય. મો૦૬

---

## ૧૭ શ્રી રોહિણી તપ વિધિનું સ્તવન.

### દુહા.

સુખકર શંખેશ્વર નમી, શુભ ગુરૂને આધાર;
રોહિણી તપ મહિમા વિધિ, કહીશું ભવિ ઉપગાર. ૧

ભકત પાન કુત્સિત દીએ, મુનિને જાણ અજાણ;
નરક તિર્યંચમાં જીવ તે, પામે બહુ દુઃખ ખાણ. ૨

તે પણ રોહિણી તપ થકી, પામી સુખ સંસાર;
મોક્ષે ગયા તેહનો કહું, સુંદર એ અધિકાર. ૩

## ઢાળ પહેલી.

### શીતળ જિન સહજાનંદી--એ દેશી.

મઘવા નગરી કરી ઝંપા, અરિવર્ગ થઈ નહિ કંપા;
આ ભરતે પુરી છે ચંપા, રામ સીતા સરોવર પંપા.
પનોતા પ્રેમથી તપ કીજે, ગુરૂ પાસે તપ ઉચરીએ. ૧
વાસુપૂજ્યના પુત્ર કહાય, મઘવા નામે તિહાં રાય;
તસ લક્ષ્મીવતી છે રાણી, આઠ પુત્ર ઉપર એક જાણી. પ૦ ૨
રાહિણી નામે થઇ બેટી, નૃપ વલ્લભશું થઇ મોટી;
યૌવન વનમાં જબ આવે, તવ વરની ચિંતા થાવે. પ૦ ૩
સ્વયંવર મંડપ મંડાવે, દૂરથી રાજપુત્ર મિલાવે;
રાહિણી શણગાર ધરાવી, જાણું ચંદ્રપ્રિયા ઇહાં આવી. ૪
નાગપુર વીતશોક ભૂપાલ, તસ પુત્ર અશોક કુમાર;
વરમાળા કંઠે ઠાવે, નૃપ રોહિણીને પરણાવે. પ૦ ૫
પરિકરશું સાસરે જાવે, અશોકને રાજ્યે ઠાવે;
પ્રિયા પુણ્યે વધી બહુ ઋદ્ધિ, વીતશોકે દીક્ષા લીધી. પ૦ ૬
સુખ વિલસે પંચ પ્રકાર, આઠ પુત્ર સુતા થઈ ચાર;
રહી દંપતી સાતમે માલે, લઘુ પુત્ર રમાડે ખોલે. પ૦ ૭
લોકપાલાભિધાનને બાલ, રહી ગોખે જુએ જન ચાલ;
તસ સન્મુખ રોતી નારી, ગયો પુત્ર મરણ સંભારી. પ૦ ૮
શિર છાતી કુટે મળી કેતી, માય રોતી જલજલી દેતી;
માથાના કેશ તે રાલે, જોઈ રાહિણી કંતને બોલે. પ૦ ૯

આજ મેં નવું નાટક દીઠું, જોતાં બહુ લાગે મીઠું;
નાચ શીખી કિહાંથી નારી, સુણી રોષે ભર્યો નૃપ ભારી. ૫૦ ૧૦
કહે નાચ શીખો ઈણી વેલા, લેઈ પુત્ર બાહિર દીએ ઝોલા;
કરથી વિછોડયો તે બાલ, નૃપ હાહા કરે તત્કાલ. ૫૦ ૧૧
પુરદેવ વિચેથી લેતાં, ભુંય સિંહાસન કરી દેતાં;
રાણી હસતી હસતી જુએ હેઠું, રાજાએ કૌતુક દીઠું. ૫૦ ૧૨
લોક સઘળા વિસ્મય પામે, વાસુપૂજ્ય શિષ્ય વન ઠામે;
આવ્યા રૂપ સોવન કુંભ નામ, શુભવીર કરે પ્રણામ. ૫૦ ૧૩

## ઢાળ બીજી.

( ચોપાઇની દેશી. )

ચઉ નાણી નૃપ પ્રણમી પાય, નિજ રાણીનું પ્રશ્ન કરાય;
આ ભવ દુઃખ નવિ જાણ્યા એહ, એ ઉપર મુજ અધિકો નેહ. ૧
મુનિ કહે ઇણ નગરે ધનવંતો, ધનમિત્ર નામા શેઠ જ હતો;
દુર્ગંધા તસ બેટી થઈ, કુબ્જા કુરૂપા દુર્ભગા ભઇ. ૨
યૌવન વય ધન દેતાં સહી, દુર્ભગપણે કોઇ પરણે નહિ;
નૃપ હણતાં કૌતવ શિષ્યેણ, રાખી પરણાવી સા તેણ. ૩
નાઠો તે દુર્ગંધા લહી, દાન દેયતાં સા ઘેર રહી;
જ્ઞાનીને પરભવ પૂછતી, મુનિ કહે રૈવતગિરિ તટ હતી. ૪
પૃથ્વીપાલ નૃપ સિદ્ધિમતી, નારી નૃપ વનમાં ક્રીડતી;
રાય કહે દેખી ગુણવંતા, તપસી મુનિ ગોચરીએ જતા. ૫
દાન દીયાં ઘર પાછા વળી, તવ ક્રીડારસે રીસે બળી;

મૂર્ખપણે કરી બળતે હૈયે, કડવો તુંબડ મુનિને દીએ. ૬
પારણું કરતાં પ્રાણજ ગયા, સુરલોકે મુનિ દેવજ થયા;
અશુભ કર્મ બાંધે સા નારી, જાણી નૃપ કાઢે પુર બારે. ૭
કુષ્ટ રોગ દિન સાતે મરી, ગઇ છઠે નરકે દુઃખ ભરી;
તિરિય ભવે અંતરતા લહી, મરીને સાતમી નરકમાં ગઈ. ૮
નાગણ કરભી ને કુતરી, ઉંદર ધીરોલી જલો શુકરી;
કાકી ચંડાલણ ભવ લહી, નવકાર મંત્ર તિહાં સદ્દહી. ૯
મરીને શેઠની પુત્રી ભઇ, શેષ કર્મ દુર્ગંધા થઇ;
સાંભળી જાતિ સ્મરણ લઇ, શ્રી શુભવીર વચન સદ્દહી. ૧૦

## ઢાળ ત્રીજી

( ગજરા મારૂજી ચાલ્યા ચાકરી રે—એ દેશી. )

દુર્ગંધા કહે સાધુને રે, દુઃખ ભોગવીઆ અતિરેક;
કરૂણા કરીને દાખીએ રે, જિમ જાએ પાપ અનેક રે. જિ૦ ૧
જિમ મુનિ કહે રોહિણી તપ કરોરે, સાત વરસ ઉપર સાત માસ;
રોહિણી નક્ષત્રને દિને રે, ગુરૂ મુખ કરીએ ઉપવાસરે. ગુ૦ ૨
તપથી અશોક નૃપની પ્રિયારે, થઇ ભોગવી ભોગ વિલાસ;
વાસુપૂજ્ય જિન તીર્થેરે, તમો પામશો મોક્ષ નિવાસરે. તમો૦ ૩
ઉજમણે પુરે તપે રે, વાસુપૂજ્યની પડિમા ભરાય;
ચૈત્ય અશોક તરૂ તળે રે, અશોક રોહિણી ચિતરાયરે. અ૦ ૪
સાહમીવચ્છલ પધરાવીને રે, ગુરૂ વસ્ત્ર સિદ્ધાંત લખાય;
કુમાર સુગંધ તણી પરે રે, દુષ્કર્મ સકલ ક્ષય જાયરે. દુષ્કર્મ૦ ૫

સાધુ કહે સિંહપુરમાં રે, સિંહસેન નરેસર સાર;
કનકપ્રભા રાણી તણી રે, દુર્ગંધી અનિષ્ટ કુમાર રે. દુર્ગંધી૦ ૬
પદ્મપ્રભુને પૂછતાં રે, જિન જલ્પે પૂર્વ ભવ નાસ;
બાર જોજન નાગપુરથીરે,એક શિલા નિલગિરિ પાસ રે.એક૦ ૭
તે ઉપર મુનિ ધ્યાનથી રે, ન લહે આહેડી શિકાર;
ગોચરી ગત શિલા તળે રે,કોપ્યો ધરે અગ્નિ અપારરે.કોપ્યો૦૮
શિલા તપી રહ્યા ઉપરેરે, મુનિ આહાર કરે કાઉસગ્ગ;
ક્ષપકશ્રેણી થઇ કેવલી રે, તત્ક્ષણ પામ્યા અપવર્ગરે.તત્ક્ષણ૦૯
આહેડી કુષ્ટી થઈ રે, ગયો સાતમી નરક મોઝાર;
મચ્છ મઘા અહિ પાંચમી, સિંહ ચોથી ચિત્ર અવતાર.સિં૦૧૦
ત્રીજી બિલાડો બીજીએરે, ઘૂક પ્રથમ નરક દુઃખ જાલ;
દુઃખના ભવ ભમી તે થયો રે, એક શેઠ ઘરે પશુપાલરે,એ૦ ૧૧
ધર્મ લહી દવમાં બલ્યો રે, નિદ્રાએ હૃદય નવકાર;
શ્રી શુભવીરના ધ્યાનથીરે, તુજ પુત્રપણે અવતાર. તુ૦ ૧૨

## ઢાળ ચોથી.

( મારી અંબાના વડલા હેઠ—એ દેશી. )

નિસુણી દુર્ગંધકુમાર, જાતિસ્મરણ પામતો રે;
પદ્મપ્રભુ ચરણે શીશ, નામી ઉપાય તે પૂછતો રે;
પ્રભુ વયણે ઉજમણે યુકત, રોહિણીનો તપ સેવીયોરે;
દુર્ગંધપણું ગયું દૂર, નામે સુગંધી કુમાર થયોરે;
રોહિણી તપ મહિમા સાર, સાંભળતાં નવ વિસરેરે. ૧

રહી વાત અધુરી એહ સાંભળશો રોહિણીને ભવેરે;
ઈમ સુણી દુર્ગંધા નારી, રોહિણી તપ કરે ઓચ્છવે રે;
સુગંધી લઇ સુખ ભોગ, સ્વર્ગે દેવી સોહામણી રે;
તુજ કાન્તા મઘવા ધૂઆ, ચવી ચંપાએ થઈ રોહિણીરે. રો૦ ૨
તપ પુણ્ય તણો પ્રભાવ, જન્મથી દુઃખ ન દેખીઓ રે;
અતિ સ્નેહ કીસ્યો અમ સાથ, અશોકે વળી પુછીયું રે;
ગુરૂ બોલે સુગંધી રાય, દેવ થઇ પુષ્કલાવતી રે;
વિજયે થઈ ચક્રી તેહ, સંજમધર હુઆ અચ્યુતપતિરે. રો૦ ૩
ચવીને થયા તમે અશોક, એક તપે પ્રેમ બન્યો ઘણોરે;
સાત પુત્રની સુણજો વાત, મથુરામાં એક માહણો રે;
અગ્નિશર્મા સુત સાત, પાટલીપુત્ર જઇ ભિક્ષા ભમે રે;
મુનિ પાસે લઈ વૈરાગ, વિચર્યા સાતે રહી સંજમે રે. રો૦ ૪
સૌધર્મે હુઆ સુર સાત, તે સુત સાતે રોહિણી તણારે;
વૈતાઢયે ભિલ્લચૂલ ખેટ, સમક્તિ શુદ્ધ સોહામણોરે;
ગુરૂદેવની ભક્તિ પસાય, ધુર સ્વર્ગે થઇ દેવતારે;
લઘુ સુત આઠમો લોકપાલ, રોહિણીનો તે સુર સેવતારે.રો૦ ૫
વળી ખેટ સુતા છે ચાર, રમવાને વનમાં ગઈ રે;
તીહાં દીઠા એક અણગાર, ભાખે ધર્મ વેળા થઇ રે;
પુછયાથી કહે મુનિ ભાસ, આઠ પહોર તુમ આયુ છે રે;
આજ પંચમીનો ઉપવાસ, કરશો તો ફળદાય છે રે. રો૦ ૬
ધ્રુજતી કરી પચ્ચકખાણ, ગેહ અગાસે જઇ સોવતીરે;
પડી વિજળી એ વળી તેહ, ધુર સુરલોકે દેવી થતી રે;

ચવી થઈ તુમ પુત્રી ચાર,એક દિન પંચમી તપ કરી રે;
ઇમ સાંભળી સહુ પરિવાર, વાત પૂર્વ ભવની સાંભળીરે.રો૦૭
ગુરૂ વંદી ગયા નિજ ગેહ, રોહિણી તપ કરતાં સહુરે;
મોટી શક્તિ બહુમાન, ઉજમણાં વસ્તુ બહુરે;
ઇમ ધર્મ કરી પરિવાર, સાથે મોક્ષપુરી વરીરે;
શુભવીરના શાસન માંહિ, સુખફળ પામો તપ આદરીરે. રો૦૮

## કળશ.

ઇમ ત્રિજગ નાયક, મુક્તિ દાયક, વીર જિનવર ભાખીઓ;
તપ રોહિણીનો ફળ વિધાને, વિધિ વિશેષે દાખીઓ;
શ્રીક્ષમાવિજય જસવિજય પાટે, શુભવિજય સુમતિ ધરો;
તસ ચરણ સેવક કહે પંડિત, વીરવિજયો જય કરો. ૧

શ્રી રોહિણી તપનું સ્તવન સંપૂર્ણ.

---

## ૧૮ શ્રી દિવાલીનું સ્તવન.

### ઢાળ પહેલી.

### રાગ રામગિરિ.

શ્રી શ્રમણ સંઘ તિલકોપમં ગૌતમં, સુગતિ પ્રણિપત્ય પાદારવિંદં; ઈન્દ્રભૂતિ પ્રભવમ હંસો મોચકં, કૃત કુશલ કોટિ કલ્યાણ કંદં. ૧

મુનિ મન રંજણો; સયલ દુઃખ ભંજણો, વીર વર્ધમાનો જિણંદો; મુગતિ ગતિ જિમ લહી, તિમ કહું સુણ સહી,જીમ

હોએ હર્ષ હઇડે આણંદો. મુ૦ ૨

કરીય ઉદ્ઘોષણા દેશ પુર પાટણે, મેઘ જિમ દાન જલ બહુલ વરસી; ધણ કણગ મોતિયા ઝગમગે જોતિયા, જિન દેઇ દાન ઇમ એક વરસી. મુ૦ ૩

દોય વિણ તોય ઉપવાસ આદે કરી, માગસિર કૃષ્ણ દશમી દિહાડે, સિદ્ધિ સામ્હા થઇ, વીર દીક્ષા લેઇ, પાપ સંતાપ મલ દૂર કાઢે. મુ૦ ૪

બહૂલ બંભણ ઘરે, પારણું સામીએ, પુણ્ય પરમાન્ન મધ્યાન્હ કીધું; ભુવન ગુરૂ પારણા પુન્યથી બંભણે, આપ અવતાર ફલ સયલ લીધું. મુ૦ ૫

કર્મચંડાલ ગોસાલ સંગમ સુરો, જિણે જિન ઉપરે ઘાત મંડ્યો; એવડો વઈરિ તેં પાપિયા સેં કર્યો, કર્મ કોડિ તુંહિજ સબલ દંડયો. મુ૦ ૬

સહજ ગુણ રોષિઓ, નામે ચંડકોશિઓ, જિનપદે શ્વાન જિમ જેહ વિલગો; તેહને બુઝવી ઉદ્ધર્યો જગપતિ, કીધલો પાપથી અતિહે અલગો. મુ૦ ૭

વેદયામા ત્રિયામ લગે ખેદિયો, ભેદિયો તુજ નવિ ધ્યાન કુંભો; શૂલપાણિ અન્નાણી અહો બુઝ્યો, તુજ કૃપા પાર પામે ન શંભો. મુ૦ ૮

સંગમે પીડીઓ, પ્રભુ સજલ લોયણે, ચિંતવે છુટ-શે કિમ એ હો; તાસ ઉપરે દયા એવડી શી કરી, સાપરાધે જને સબલ નેહો. મુ૦ ૯

ઈમ ઉપસર્ગ સહેતાં તરણિ મિત વરસ, સાર્દ્ધ ઉપર અધિક પક્ષ એક, વીર કેવલ લહ્યું, કર્મ દુઃખ સવિ દહ્યું, ગહગહ્યું સુર નિકર નર અનેક. મુ૦ ૧૦

ઈંદ્રભૂતિ પ્રમુખ સહસ ચઉદશ મુનિ, સાહુણી સહસ છત્રીસ વિહસી; ઓગણસાઠ સહસ એક લાખ શ્રદ્ધાલુઆ, શ્રાવિકા ત્રિલખ અઠાર સહસી. મુ૦ ૧૧

ઈમ અખીલ સાધુ પરિવારશું પરવર્યો, જલધિ જંગમ જીસ્યો ગુહિર ગાજે; વિચરતા દેશ પરદેશ નિય દેશના, ઉપદિશે સયલ સંદેહ ભાંજે. મુ૦ ૧૨

## ઢાળ બીજી.

### વિવાહલાની દેશી.

હવે નિય આય અંતિમ સમે, જાણિય શ્રીજિનરાયરે; નયરી અપાપાએ આવીયા, રાય સમાજને ઠાયરે; હસ્તિપાલગરાયે દીઠલા, આવિયડા અંગણ બારરે; નયણ કમલ દોય વિહસીઆ, હરસીલા હઇડા મઝારરે. ૧૩

ભલે ભલે પ્રભુજી પધારીયા, નયન પાવન કીધાંરે; જનમ સફલ આજ અમ તણો અમ્હ ઘરે પાઉલાં દીધાંરે; રાણી રાય જિન પ્રણમીયા, મોટે મોતિયડે વધાવીરે; જિન સન્મુખ કર જોડીય, બેઠલા આગલે આવીરે. ૧૪

ધન અવતાર અમારડે, ધન દિન આજુનો એહોરે; સુરતરૂ આંગણે મોરિઓ, મોતિયડે વૂઠલો મેહોરે; આ

રચું અમારડે એવડો, પૂરવ પુન્યનો નેહોરે; હૈડલો હેજ હરસિઓ, જો જિન મલિઓ સંજોગોરે. ૧૫

અતિ આદર અવધારીએ, ચરમ ચોમાસલું રહિયારે; રાય રાણી સુર નર સવે, હિયડલા માંહે ગહગહિયારે; અમૃતથી અતિ મીઠડી, સાંભલી દેશના જિનનીરે; પાપ સંતાપ પરો થયો, શાતા થઈ તન મનનીરે. ૧૬

ઈંદ્ર આવે આવે ચંદ્રમા, આવે નર નારીના વૃંદરે; ત્રણ પ્રદક્ષિણા દેઈ કરી, નાટિક નવ નવે છંદ રે; જિન-મુખ વયણની ગોઠડી, તિહાં હોયે અતિ ઘણી મીઠીરે; તે નર તેહજ વરણવે, જિણે નિજ નયણલે દીઠીરે. ૧૭

ઈમ આણંદે અતિક્રમ્યા, શ્રાવણ ભાદ્રવો આસોરે; કૌતક કોડિલો અનુક્રમે, આવિયડો કાર્તિક માસોરે; પાખી પર્વ પન્હોતલું, પોહતલું પુન્ય પ્રવાહિરે; રાય અઢાર તિહાં મિલ્યા, પોસહ લેવા ઉછાહિરે. ૧૮

ત્રિભુવન જન સવિ તિહાં મિલ્યા, શ્રી જિન વંદન કામોરે; સહેજ સંકીર્ણ તિહાં થયો, તિલ પડવા નહિ ઠામોરે; ગોયમ સ્વામી સમોવડી, સ્વામી સુધર્મા તિહાં બેઠારે; ધન ધન તે જિણે આપણે, લોયણે જિનવર દિઠારે. ૧૯

પૂરણ પુન્યના ઓષધ, પોષધ વ્રત વેગે લીધાંરે; કાર્તિક કાલી ચઉદશે, જિન મુખે પચ્ચખાણ કીધાંરે; રાય અઢાર પ્રમુખ ઘણે, જિન પગે વાંદણાં દીધાંરે; જિન વચનામૃત તિહાં ઘણે, ભવિયણે ઘટ ઘટ પીધાંરે. ૨૦

## ઢાળ ત્રીજી.

### રાગ મારૂ.

શ્રી જગદીશ દયાલુ દુઃખ દૂરે કરેરે, કૃપા કોડી તુજ જોડી; જગમાંરે જગમાંરે, કહિએ કેહને વીરજીરે. ૨૧

જગ જનને કુણ દેશે એહવી દેશનારે, જાણી નિજ નિર્વાણ;નવ રસરે નવ રસરે, સોલ પહોર દીયે દેશનારે. ૨૨

. પ્રબલ પુન્ય ફલ સંસુચક સોહામણાંરે, અઝ્‌યણાં પણ-પન્ન; કહિયાંરે કહિયાંરે, મહિયાં સુખ સાંભલી હોએરે. ૨૩

પ્રબલ પાપ ફલ અઝ્‌યણાં તિમ તેટલાંરે, અણપૂછ્યાં છત્રીસ; સુણતાંરે સુણતાંરે, ભણતાં સવિ સુખ સંપજેરે. ૨૪

પુણ્યપાલ રાજા તિહાં, ધર્મ કથાંતરેરે, કહો પ્રભુ પ્રત્યક્ષ દેવ; મુજનેરે મુજનેરે: સુપન અર્થ સવિ સાચલોરે. ૨૫

ગેંજ વાનર ખીરૂ દ્રુમૅ વાયંસ સિંહ ઘડોરે, કમલ-બીજ ઇમ આઠ; દેખીરે દેખીરે, સુપન સભય મુજ મન હુઓરે. ૨૬

ઉખર બીજ કમલ અસ્થાનકે સિંહનું રે, જીવ રહિત શરીર; સોવનરે સોવનરે, કુંભ મલિન એ શું ઘટે રે. ૨૭

વીર ભણે ભુપાલ સુણો, મન થીર કરીરે; સુમિણ અર્થ સુવિચાર, હૈડેરે હૈડેરે ધરજો ધર્મ ધુરંધરૂરે. ૨૮

## ઢાળ ચોથી.

શ્રાવક સિંધુર સારિખા, જિનમતના રાગી; ત્યાગી

સહ ગુરૂ દેવ ધર્મ, તત્વે મતિ જાગી; વિનય વિવેક વિચાર વંત, પ્રવચન ગુણ પૂરા; એહવા શ્રાવક હોયસે, મતિમંત સનુરા. ૨૯

લાલચે લાગા થોડિલે, સુખે રાચી રહિયા; ઘરવાસે આશા અમર, પરમારથ દૂહિયા; વ્રત વૈરાગ થકી નહિ, કોઇ લેશે પ્રાયે; ગજ સુપને ફલ એહ, નેહ નવિ માંહોમાંહે. ૩૦

વાનર ચંચલ ચપલ જાતિ, સરખા મુનિ મોટા; આગલ હોશે લાલચી, લોભી મન ખોટા; આચારજ તે આચારહીણ, પ્રાયે પ્રમાદી; ધર્મ ભેદ કરશે ઘણા, સહજે સ્વારથ વાદી. ૩૧

કો ગુણવંત મહંત સંત, મોહન મુનિ રૂડા; મુખ મીઠા માયાવિયા, મનમાંહે કૂડા; કરશે માંહોમાંહે વાદ, પર વાદે નાસે, બીજા સુપન તણો વિચાર, ઈમ વીર પ્રકાશે. ૩૨

કલ્પવૃક્ષ સરિખા હોશે, દાતાર ભલેરા; દેવ ધર્મ ગુરૂ વાસના, વરિ વારિના વેરા; સરલ વૃક્ષ સવિને દીએ, મનમાં ગહગહતા; દાતા દુર્લભ વૃક્ષરાજ, ફલ ફુલે ત્રહતા. ૩૩
કપટી જિનમત લિંગિયા, વળી બબૂલ સરિખા; ખીર વૃક્ષ આડા થયા, જીભ કંટક તિખા; દાન દેયંતાં વારસી, અન્ય પાવન પાત્રી; ત્રીજા સુપન વિચાર કહ્યો, જિનધર્મ વિધાત્રી. ૩૪

સિંહ કલેવર સારિખો, જિન શાસન સબલો; અતિ દુર્દાંત અગાહનીય, જિનવાયક જમલો; પરશાસન સાવજ અજ, તે દેખી કંપે; ચઉથા સુપન વિચાર ઇમ, જિનમુખથી જંપે. ૩૫

તપ ગચ્છ ગંગાજલ સારિખો, મૂકી મતિહીણા; મુનિ મન રાચે છિલ્લરે, જીમ વાયસ દીણા; વંચક આચારજ અનેક, તિણે ભુલવિયા; તે ધર્માંતર આદરે, જડમતિ બહુ ભવિયા. ૩૬

પંચમ સુપન વિચાર એહ, સુણીઓ રાજાને; છઠ્ઠે સોવન કુંભ દીઠ, મઇલો સુણી કાને; કો કો મુનિ દરસણ ચારિત્ર, જ્ઞાન પૂરણ દેહા, પાલે પંચાચાર ચારૂ, છંડી નિજ ગેહા. ૩૭

કો કપટી ચારિત્ર વેષ, લેઇ વિપ્રતારે, મઇલો સોવન કુંભ જિમ, પિંડ પાપે ભારે; છઠ્ઠા સુપન વિચાર એહ, સાતમે ઈંદિવર; ઉકરડે ઉત્પત્તિ થઈ, તે શું કહો જિણવર. ૩૮

પુણ્યવંત પ્રાણી હુસ્યે, પ્રાહિ મધ્યમ જાતિ; દાતા ભોક્તા ઋદ્ધિવંત, નિરમલ અવદાત; સાધુ અસાધુ જતિ વદે, તવ સરીખા કિજે; તે બહુ ભદ્રક ભવિયણે, સ્યો ઉલંભો દીજે. ૩૯

રાજા મંત્રિપરે સુસાધુ, આપોપું ગોપી; ચારિત્ર સુધુ રાખસ્યે, સવિ પાપ વિલોપી; સપ્તમ સુપન વિચાર વીર, જિનવરે ઈમ કહીયો; અટ્ઠમ સુપન તણો વિચાર,

સુણી મન ગહગહિઓ. ૪૦

ન લહે જિનમત માત્ર જેહ, તેહ પાત્ર ન કહિએ; દીધાનું પરભવ પુણ્ય ફલ, કાંઈ ન લહિયે; પાત્ર અપાત્ર વિચાર ભેદ, ભોલા નવિ લહેસ્યે; પુણ્ય અર્થે તે અર્થ આથ, કુપાત્રે દેહસ્યે. ૪૧

ઉખર ભૂમિ દષ્ટ બીજ, તેહનો ફલ કહીએ; અષ્ટમ સુપન વિચાર ઈમ, રાજા મન ગ્રહિયે; એહ અનાગત સવિ સરૂપ, જાણી તિણે કાલે; દીક્ષા લીધી વીરે પાસ, રાજા પુન્યપાલે. ૪૨

## ઢાળ પાંચમી.

### રાગ ગોડી

ઈંદ્રભૂતિ અવસર લહીરે, પૂછે કહો જિનરાય; શું આગલ હવે હોશેરે, તારણ તરણ જહાજો રે. કહે જિન વીરજી. ૪૩

મુજ નિર્વાણ સમય થકીરે, ત્રિહુ વરસે નવ માસ; આઠેરો તિહાં બેસશેરે, પંચમ કાલ નિરાશોરે. કહે૦ ૪૪

બારે વરસે મુજ થકીરે, ગૌતમ તુજ નિર્વાણ; સોહમ વિષે પામશેરે, વરસે અખય સુખ ઠાણોરે. કહે૦ ૪૫

ચઉસઠ વરસે મુજ થકીરે, જંબૂને નિરવાણ; આથમશે આદિત્ય થકીરે, અધિકું કેવલ નાણોરે. કહે૦ ૪૬

મનપજ્જવ પરમાવધિરે, ક્ષપકોપશમ મન આણ;

સંયમ ત્રણુ જિન કલ્પનીરે, પુલાગાહાર હાણુરે. કહે૦ ૪૭

સિજ્જંભવ અઠાણવેરે, કરશે દસ વેઆલિય; ચઉદ પૂર્વી ભદ્રબાહુથીરે, થાશે સયલ વિલિઓરે. કહે૦ ૪૮

હોય શત પન્નરે મુજ થકીરે, પ્રથમ સંઘયણ સંઠાણ; પૂવણું ઉગતે નવિ હૂશેરે, મહાપ્રાણ નવિ ઝાણાંરે. કહે૦ ૪૯

ચઉ ત્રયપને મુજ થકીરે, હોશે કાલિક સૂર; કરશે ચઉથી પજુસણેરે, વર ગુણ રયણનો પૂરોરે. કહે૦ ૫૦

મુજથી પણ ચોરાશિએરે, હોશે વયરકુમાર; દસ પૂર્વી આધકા લિઓરે, રહેશે તિહાં નિરધારોરે. કહે૦ ૫૧

મુજ નિર્વાણ થકી છસેરે, વિસ પછી વનવાસ; મૂકી કરશે નગરમાંરે, આર્ય રક્ષિત મુનિ વાસોરે. કહે૦ ૫૨

સહસે વરસે મુજ થકીરે, ચઉદ પૂરવ વિચ્છેદ; જોતિષ અણ મિલતાં હૂસેરે, બહૂલ મતાંતર ભેદોરે- કહે૦ ૫૩

વિક્રમથી પંચ પંચાશિએરે, હોશે હરિભદ્ર સૂરિ; જિન શાસન અજુવાલશેરે, જેહથી દૂરિયાં સવિ દૂરોરે. કહે૦ ૫૪

દ્વાદશ શત સત્તર સમેરે, મુજથી મુનિ સૂર હીર; બપ્પભટ્ટ સૂરિ હોયશેરે, તે જિન શાસન વીરરે. કહે૦ ૫૫

મુજ પ્રતિબિંબ ભરાવશેરે, આંમરાય ભૂપાલ; સાર્દ્ધ ત્રિકોટી સોવન તણોરે, તાસ વયણથી વિશાલોરે. કહે૦ ૫૬

ષોડશ શત ઓગણોતરેરે, વરસે મુજથી મુણિંદ; હેમ-સૂરિ ગુરૂ હોયશેરે, શાસન ગયણ દિણંદોરે. કહે૦ ૫૭

હેમસૂરિ પડિબોહશેરે, કુમારપાલ ભૂપાલ; જિન મંડિત કરશે મહીરે, જિન શાસન પ્રતિપાલોરે. કહે૦ ૫૮

ગૌતમ નબળા સમયથીરે, મુજ શાસન મન મેલ; માંહોમાંહે નવિ હોશેરે, મચ્છ ગલાગલ કેલોરે. કહે૦ ૫૯

મુનિ મોટા માયાવિયારે, વેઢીગારા વિશેષ; આપ સવારથ વશી થયારે, એ વિટંબશ્યે વેષોરે. કહે૦ ૬૦

લોભી લખપતિ હોયશેરે, જમ સરિખા ભૂપાલ; સજ્જન વિરોધી જન હૂસેરે, નવિ લજ્જાલુ દયાલોરે. કહે૦ ૬૧

નિરલોભી નિરમાઈયારે, સુધા ચારિત્રવંત; થોડા મુનિ મહિયલે હૂશેરે, સુણ ગૌતમ ગુણવંતરે. કહે૦ ૬૨

ગુરૂ ભગતિ શિષ્ય થોડલારે, શ્રાવક ભગતિ વિહીણ; માત પિતાના સુત નહીરે, તે મહિલાના આધિનોરે. કહે૦ ૬૩

દુપ્પસહ સૂરિ ફલ્ગુસિરીરે, નાયલ શ્રાવક જાણ; સચ્ચસિરિ તિમ શ્રાવિકારે, અંતિમ સંઘ વખાણયોરે. કહે૦ ૬૪

વરસ સહસ એકવીસ તેરે, જિન શાસન વિખ્યાત; અવિચલ ધર્મ ચલાવશેરે, ગૌતમ આગમ વાતોરે. કહે૦ ૬૫

દૂષમે દૂષમા કાલનીરે, તે કહિયે શી વાત; કાયર કંપે હૈડલોરે, જે સુણતાં અવદાતોરે. કહે૦ ૬૬

### ઢાળ છઠ્ઠી.

પિઉડો ઘરે આવે–એ દેશી.

મુજસું અવિહડ નેહ બાંધ્યો, હેજ હેડા રંગે; ૬૭
મોહ બંધણ સબલ બાંધ્યો, વજ્ર જિમ અભંગ; અલગા

થયા મુજ થકી એહને, ઉપજશેરે કેવલ નિય અંગકે;
ગૌતમરે ગુણવંતા. ૬૭

અવસર જાણી જિનવરે, પુછિયા ગોયમ સ્વામ; દોહગ
દુખિયા જીવને, આવીયે આપણ કામ; દેવશર્મા બંભણો,
જઇ બુઝવોરે એણે ઢુંકડે ગામકે. ગૌ૦ ૬૮

સાંભલી વયણ જિણંદનું, આણંદ અંગ ન માય;
ગૌતમ બે કર જોડી, પ્રણમ્યા વીર જિનના પાય; પાંગર્યો
પૂરવ પ્રીતથી ચઉનાણિરે મનમાં નિરમાયકે. ગૌ૦ ૬૯

ગૌતમ ગુરૂ તિહાં આવિયા, વંદાવિઓ તે વિપ્ર;
ઉપદેશ અમૃત દીધલો, પીધલો તિણે ક્ષિપ્ર; ધસમસ કરતાં
બંભણે, બારી વાગીરે થઈ વેદન વિપ્રકે. ગૌ૦ ૭૦

ગૌતમ ગુરૂનાં વયણલાં, નવિ ધર્યાં તિણે કાન; તે
મરી તસ શિર કૃમિ થયો, કામનીને એક તાન; ઉઠિયા
ગોયમ જાણિઓ, તસ ચરીયોરે પોતાને જ્ઞાનકે. ગૌ૦ ૭૧

## ઢાળ સાતમી.

### રાગ રામગિરિ.

ચોસઠ મણનાં તે મોતી ઝગમગેરે, ગાજે ગુહિર ગંભિર
સિરેરે; પૂરાં તેત્રીસ સાગર પૂરવેરે, નાદે લીણા લવ સત્ત-
મિયા સૂરરે; વીરજી વખાણેરે જગ જન મોહિયોરે. ૭૨

અમૃતથી અધિકી મીઠી વાણીરે, સુણતાં સુખડા જે
મનડે સંપજેરે; તે લહેશે જે પોહોંચશે નિર્વાણરે. વી૦ ૭૩

વાણી પડછંદે સુર પડિબોહીયારે, સુણતાં પામે સુખ સંપત્તિની કોડરે; બીજા અટલ ઉલટથી ઘણારે, આવી બેઠા આગલ બે કર જોડ રે. વી૦ ૭૪

સોહમ ઇંદ્રો શાસન મોહીયોરે, પૂછે પરમેશ્વરને તુમ આયરે; બેઘડી વધારો સ્વાતિ થકી પરહું રે, તો ભસ્મગ્રહ સઘલો દૂરે જાયરે. વી૦ ૭૫

શાસન શોભા અધિકી વાધશેરે, સુખીઆ હોશે મુનિવરના વૃંદરે; સંઘ સયલને સવિ સુખ સંપદારે, હોશે દિન દિનથી પરમાનંદરે. વી૦ ૭૬

ઇંદ્રા ન કદા રે કહીએ કેહનું રે, કેણે સાંધ્યું નવિ જાએ આયરે; ભાવી પદારથ ભાવે નિપજેરે, જે જિમ સરજ્યો, તે તિમ થાયરે. વી૦ ૭૭

સોલ પહોરની દેતા દેશનારે, પરધાનક નામા રૂઅડો અઝુયણરે; કહેતાં કાતી વદી કહું પરગડિરે, વીરજી પોહોતા પંચમી ગતિ રયણરે. વી૦ ૭૮

જ્ઞાન દીવોરે જબ દૂરે થયો રે, તંવ કીધી દેવે દીવાની શ્રેણિરે; તિમરે ચિહું વરણે દીવા કિધલારે, દીવાલી કહીયે છે કારણ તેણરે. વી૦ ૭૯

આંસૂ પરિપૂરણ નયણ આખંડલોરે, મૂકી ચંદનની ચેહ- માં અંગરે; દીધો દેવે દહન સઘલે મિલિજીરે, હા ધિગ ધિગ સંસાર વિરંગરે. વી૦ ૮૦

## ઢાળ આઠમી.

### રાગ વિરાગ.

વંદીસુ વેગે જઇ વીરને, ઇમ ગૌતમ ગહગહતા; મારગે આવતાં સાંભલિઉં, વીર મુગતિ માંહે પોહતારે; જિનજી તું નિસનેહી મોટો, અવિહડ પ્રેમ હતો તુજ ઉપરે, તે તેં કીધો ખોટોરે. જિનજી૦ ૮૧

હે હે વીર કર્યો અણઘટતો, મુજ મોકલીઓ ગામે; અંતકાલે બેઠાં તુજ પાસે, હું સ્યે નાવત કામરે. જિ૦ ૮૨

ચૌદ સહસ મુજ સરિખા તાહરે, તુજ સરિખો મુજ તુંહિ; વિશ્વાસી વીરે છેતરીઓ, તે શ્યા અવગુણ મુંહિરે. જિ૦ ૮૩

કો કેહને છેહડે નવિ વલગે, જો મિલતો હોએ સબલો; મિલતાશું જેણે ચિત્ત ચોર્યો, તે તિણે કર્યો નિબલોરે. જિ૦ ૮૪

નિઠુર હૈડા નેહ ન કીજે, નિસ્નેહી નર નીરખી; હૈડાં હેજે મિલે જિહાં હરખી, તે પ્રીતલડી સરીખીરે. જિ૦ ૮૫

તેં મુજને મનડો નવિ દીધો, મુજ મનડો તેં લીધો; આપ સવારથ સઘલો કીધો, મુગતિ જઈ ને સિદ્ધોરે. જિ૦ ૮૬

આજ લગે તુજ મુજશું અંતર, સુપનંતર નવિ હુંતો; હૈડા હેજે હિયાલિ છંડી, મુજને મૂકયો રોવંતો રે. જિ૦ ૮૭

કો કેહશું બહુ પ્રેમ મ કરશો, પ્રેમ વિટંબણ વિરૂઈ; પ્રેમે પરવશ જે દુઃખ પામે, તે કથા ઘણું ગિરૂઈ રે. જિ૦ ૮૮

નિસનેહી સુખિયા રહે સઘલે, સસનેહી દુઃખ દેખે; તેલ

દુગ્ધ પરે પરની પીડા, પામે નેહ વિશેષેરે. જિ૦ ૮૯

સમવસરણ કહિએ હવે હોશે, કહો કુણ નયણે જોશે; દયા ધેનુ પૂરી કુણ દોહશે, વૃષ દધિ કુણ વિલોસેરે. જિ૦ ૯૦

ઈણ મારગ જે વાલ્હા જાવે, તે પાછા નવિ આવે; મુજ હૈડો દુઃખડે ન સમાએ, તે કહો કુણ સમાવેરે. જિ૦ ૯૧
ઘો દરિસણ વીરા વાલાને, જે દરિસણના તરસ્યારે; જો સુહણે કવારે દેખશું, તો દુઃખ દૂરે કરશું રે. જિ૦ ૯૨

પુણ્ય કથા હવે કુણ કેલવશે; કુણ વાલ્હા મેલવશે; મુજ મનડો હવે કુંણ ખેલવશે, કુમતિ જિમતિમ લવશેરે. જિ૦ ૯૩

કુણ પુછયાનો ઉત્તર દેશે, કુણ સંદેહ ભાંજશે; સંઘ કમળ વન કિમ વિકસશે, હું છદ્મસ્થાવેશેરે. જિ૦ ૯૪

હું પરા પુરવશું અજાણ, મેં જિન વાત ન જાણી; મોહ કરે સવિ જગ અનાણી, એહવી જિનજીની વાણી રે. જિ૦ ૯૫

એહવે જિન વયણે મન વાપ્યો, મોહ સબલ બલ કાપ્યો; ઘણુ ભાવે કેવલ સુખ આપ્યો, ઈંદ્રે જિનપદ થાપ્યોરે. જિ૦ ૯૬
ઈંદ્રે જુહાર્યા ભટ્ટારક, જુહાર ભટ્ટારક તેણે; પર્વ પન્હોતું જગમાં વ્યાપ્યું, તે કીજે સવિ કેણેરે. જિ૦ ૯૭

રાજા નંદિવર્દ્ધન નોંતરીઆ, ભાઈ બહિનર બીજે; તે ભાવડ બીજ હુઈ જગ સઘલે, બેહેન બહુ પરે કીજેરે. જિ૦ ૯૮

## ઢાળ નવમી.

### વિવાહલાની દેશી.

પહિરીએ નવરંગ ફાલડીએ, માંડી મૃગમદ કેસર આલડીએ; ઝબકે ઝબકે શ્રવણે ઝાલડીએ, કરી કંઠે મુગફલ માલડીએ. ૯૯

ઘર ઘર મંગલ માલડીએ, જપે ગોયમ ગુણ જપમાલડીએ; પહોતલો પરવ દીવાલડીએ, રમે રસ ભર રામત બાલડીએ. ૧૦૦

શોક સંતાપ સવિ કાપીઓ એ, ઈંદ્રે ગોયમ વીરપદે થાપીઓ એ; નારી કહે સાંભલ કંતડા એ, જપો ગોયમ નામ એકંતડાએ. ૧૦૧

લ્યો લખ લાભ લખેશરી એ, લ્યો મંગલ કોડી કોડેશરી એ; જાપ જપો થઈ સુત પેસરી એ, જિમ પામીએ ઋદ્ધિ પરમેસરી એ. ૧૦૨

લહિએ દીવાલડી દાડલો એ, એ તો પુણ્યનો ટબકો ઢાલઓ એ; સુકૃત સિરિ દઢ કરો પાલડીએ, જિમ ઘર હોય નિત્ય દિવાલડી એ. ૧૦૩

## ઢાળ અગીયારમી.

હવે મુનિસુવ્રત સીસોરે, જેહની સબલ જગીસો; તે સુર ગજપુરે આવ્યારે, વાદી સવિ હાર મનાવ્યા. ૧

પાવૃષ ચઉમાસું રહિયારે, ભવિયણ હઈડે ગહગહીઆરે;

નવમો ચક્રવર્તી પદ્મરે, જસુ હિયડે નવિ છદ્મ. ૨

નમુચિ તસ નામે પ્રધાનરે, રાજા દિયે બહુ માન;
તિણે તિહાં રિઝવી રાયરે, માગી મોટો પસાય. ૩

લીધો ષટ ખંડ રાજરે, સાત દિવસ માંડિ આજ;
પૂર્વે મુનિશું વિરોધ્યોરે, તે કિણે નવિ પ્રતિબોધ્યો. ૪

તે મુનિ શું કહે બંડોરે, મુજ ધરતી સવિ છંડો;
વિનવીઓ મુનિ મોટો રે, નવિ માને કામે ખોટો. ૫

સાઠ સયાં વર્ષ તપ તપિઓરે, જે જિન કિરીયાનો ખપીઓ;
નામે વિષ્ણુકુમાર રે, સયલ લબ્ધિનો ભંડાર. ૬

ઉઠ ક્રમ ભૂમિ લેવારે, જોવા ભાઇની સેવા; લ્યું ત્રિપદી
ભૂમિ દાનરે, ભલે ભલે આવ્યા ભગવાન. ૭

ઇણે વયણે ધડહડીઓરે, તે મુંનિ બહુ કોપે ચઢિઓ;
કીધો અદ્ભૂત રૂપરે, જોયણ લાખ સરૂપ. ૮

પ્રથમ ચરણ પૂર્વે દીધોરે, બીજો પશ્ચિમે કીધો; ત્રીજો
તસ પુંઠે થાપ્યોરે, નમુચિ પાતાલે ચાંપ્યો. ૯

થરહરીઓ ત્રિભુવન્નરે, ખલભલિઓ સવિ જન; સલ-
સલીઓ સુર દિન્નરે, પડયો નવિ સાંભલીએ કન્ન. ૧૦

એ ઉત્પાત અત્યંતરે, દૂરિ કરો ભગવંત; હૈ હૈ શું હવે
થાશે રે, બોલે બહુ એક સાસે. ૧૧

કરણે કિંનર દેવા રે, કડુઆ ક્રોધ સમેવા; મધુર
મધુર ગાએ ગીતરે, બે કર જોડી વિનીત. ૧૨

વિનય થકી વેગે વળીઓરે, એ જિન શાસન બળીઓ;
દાનવ દેવે ખમાવ્યોરે, નર નારીએ વધાવ્યો. ૧૩
ગાવલડી ભેંસ ભડકી રે, જે દેખી દૂરે તડકી રે; તે
જતને ગ્રહી છે રે, આરતિ ઉતારી મેરઇએ રે. ૧૪
નવલે અવતારે આવ્યા રે, જીવિત ફલ લહી ફાવ્યા;
સેવ સુંવાલી કંસાર રે, ફલ લ્યું નવે અવતાર રે. ૧૫
છગણ તણો ઘરબાર રે, નમુચિ લખ્યું ઘર નારે; તે જિમ
જિમ ખેરૂ થાય રે, તિમ તિમ દુઃખ દૂરે જાય રે. ૧૬
મંદિર મંડાણ માંડ્યા રે, દારિદ્ર દુઃખ દૂરે છાંડયા;
કાતિ સુદી પડવે પરવેરે, ઇમ એ આદરીઓ સર્વે. ૧૭
પુણ્યે નરભવ પામી રે, ધર્મ પુન્ય કરો નિરધામી;
પુન્યે ઋદ્ધિ રસાલી રે, નિત નિત પુન્યે દિવાલી. ૧૮

## કળશ.

જિન તું નિરંજણ સજલ રંજણ દુઃખ, ભંજણ દેવતા;
ઘો સુખ સામી મુંગતિ ગામી, વીર તુજ પાયે સેવતા;
તપ ગચ્છ ગયણ દિણંદ દહ દિસે, દીપતો જગ જાણીએ;
શ્રી હીરવિજય સૂરીંદ સહગુરૂ, તાસ પાટ વખાણીયે. ૧૯
શ્રી વિજયસેન સુરીશ સહગુરૂ, વિજયદેવ સૂરિસરૂ;
જે જપે અહનિશ નામ જેહનો, વર્દ્ધમાન જિણેશ્વરૂ; નિર્વાણ
સ્તવન મહિમા ભવન, વીર જિનનો જે ભણે; તે લહે
લીલા લબ્ધિ લચ્છી, શ્રી ગુણ હર્ષ વધામણે. ૨૦

શ્રી વીરનિર્વાણ. મહિમા દીપાલિકા સ્તવન સંપૂર્ણ.

# ૧૯ નેમજીનું સ્તવન.

## ઢાળ પહેલી.

### ગુરૂ મ્હારા શ્હેરમાં પધારીયારે—એ રાગ.

સરસતી ચરણ નમી કરીરે, શ્રી શંખેસર રાયારે;
વાલો મારો નેમજિણંદને ગાઇશુંરે, અરિહંત ગુણ સંભારતારે;
ભવોભવ પાતિક જાયરે, વાલો એ તો બાવીસમો જિનરાયરે.
વાલો૦ ૧
મિત્ર વચને પ્રભુ આવીયારે, આયુધ શાલા માંહરે; વાલો૦
લીલાએ શંખ વજાડીયોરે, નેમિસર ઉચ્છાહરે. વાલો૦ ૨
શંખ શબ્દને સાંભળીરે, ચિંતે દામોદર ધીરરે; વાલો૦
કુણ મુજ વયરી ઉપન્યોરે, થાવે હરિ દીલગીરરે. વાલો૦ ૩
આયુધ શાલાએ આવીયારે, દીઠો નેમિકુમારરે; વાલો૦
બળની પરીક્ષા તેણે કરીરે, હરિ દુઃખભરી અપારરે. વાલો૦ ૪
અંબરે સુર બોલ્યા હરિરે, ન કરે ફિકર લગારરે; વાલો૦
અણપરણ્યા નેમિ થશેરે, શિવ સુંદરી ભરતારરે. વાલો૦ ૫
એમ સુરવાણી સાંભળીરે, હરખે મોરારી ત્યાંહરે; વાલો૦
તો પણ સંશય ટાલવારે, આવે અંતે ઉરમાંહે રે. વાલો૦ ૬
વિવાહ મનાવો નેમનોરે, કહે ગોપીને શ્યામરે; વાલો૦
રૂપભવિજય કહે આગલેરે, રચના રસ અભિરામરે. વાલો૦ ૭

## ઢાળ બીજી.

### રાયણને સહકાર વાલા—એ રાગ.

સોલે શણગાર સજીરે સાહેલી, ગોપી બત્રીસ હજાર વાલા;
નેમી જિનેસર સાથે લેઈ, આવે સરોવર તીર વાલા. સોલે૦ ૧

પ્રભુને સોનાને સિંહાસન થાપી, ગોપી ચિંતે મનમાંહી વાલા;
જળથી પ્રભુ અકળાશેરે, માનશે ત્યારે વિવાહ વાલા. સોલે૦ ૨
જ્યાં તત્ક્ષણ આકાશે થઈ વાણી, સાંભળજો હરિનાર વાલા;
એક હજારને આઠે કલશે, નવરાવ્યા એક ધાર વાલા. સોલે૦ ૩
હર્ષ ધરી જળ કેલ કરેરે, પ્રભુને છાંટે નીર વાલા;
ફુલદડા કેઇ હૃદયે મારે, માનની મદરસ પૂર વાલા. સોલે૦ ૪
કામ કટાક્ષે કેઈક ઘેરે, લાલ શિવાનો નંદ વાલા;
કેસર સોવન ભરી પીચકારી, મારતી નેણાનંદ વાલા. સો૦ ૫
જલક્રીડા કરીને નીસરીયા, ટોલે મિલી સહુ નાર વાલા;
રૂખમ કહે પહેલી પટરાણી, બોલે વયણ રસાલ વાલા. સો૦ ૬

## ઢાળ ત્રીજી.

### સુંદરબાઈ ચાલ્યાં સાસરીએ—એ રાગ.

કહે રૂખમણી હરિઠકુરાણી જો કે, નેમની દીલની જાણી જો;
કાયર છે નેમ નગીના જો કે, નારી ખરચે બીહનો જો;
પ્રભુ જાદવ કુલના રાયા જો કે, લાલ શિવાના જાયા જો. ૧
નેઉરને કાંબી વહાલી જો કે, ચુંદડી માગે વાલી જો;
વલી માગે વસ્તુ પ્યારી જો કે, ખરચની ચિંતા ભારી જો. ૨
તુજ બાંધવ જે ગિરધારી જો કે, તેને છન્નુ હજારી જો;
શું રંભા હારી જો કે, કામ તણી અવતારી જો. ૩
હું હરિની જાઉં બલિહારી જો કે, સરખી પાલે નારી જો.
તે સહુના ખરચ ચલાવે જો કે, એક થકી શું જાવે જો. ૪

પણ પરણો નારી હરખે જો કે, બાંધવ પૂરૂં કરશે જો;
બહુ બળીયા નામ ધરાવો જો કે, બલને આપ લજાવો જો. ૫
તું કાંઇ દીયરીયા જાણે જો કે, સાંભળે નારી ટાણે જો;
એમ સખીઓ મલી સમજાવે જો કે, રૂષભ કવીશ્વર ગાવે જો. ૬

## ઢાળ ચોથી.

### રાગ-મનમંદિર આવોરે.

સત્યભામા ભાખેરે, કે માનીએ વાતલડી;
દીયર એક પરણોરે, કે માનની પાતલડી. ૧
કુણ નારી ના વરીયારે, કે સાંભળ સામળીયા;
સઘલા અબલાને રે, કે સબલા વશ પડીયા. ૨
જેણે નીપાઇરે, કે આદીશ્વર રાયા;
તે પણ પરણ્યા છે, કે લાલ શિવાના જાયા. ૩
પછી સંજમ લીનો કે, જઇ સિદ્ધમાં વસીયા;
તું કોણ નવો જાગ્યોરે, કે સિદ્ધ તણો રસીયો. ૪
કુણ કુણ દલવાને રે, કે જલ ભરવા જાશે;
દીયર મત રહેજો રે, કે ભોજાઇના વિશ્વાસે. ૫
પરણ્યા વિણ કહો કુણરે, કે પોતાની પાવે;
નિજ નારી વિના કુણ રે, કે સર્વ વાગે નવરાવે. ૬
અલબેલા સાહેબ રે, કે શું રહ્યા હઠ તાણી;
એક પદ્મણી પરણો રે, કે ઋષભ તણી વાણી. ૭

## ઢાળ પાંચમી.

કહે જંબુવતી અલબેલી, જો કે સાચું કહીએ સામલીઆ;
તુમ વંશ થયા છે પહેલા, જો કે સાચું૦
મુનિસુવ્રત જિન મહાભાગી. જો કે સાચું૦ ૧
પ્રભુ સોલમો સંસારી, જો કે સાચું૦
એક લાખ ને બાણુ હજારી, જો કે સાચું૦
તે પણ પરણ્યા છે નારી, જો કે સાચું૦
પછી વિષય દશાને વારી. જો કે સાચું૦ ૨
તે જિનજી સંજમ રસીયા, જો કે સા૦
જઈ શિવમંદિરમાં વસિયા; જો કે સા૦
તું મત કર છોકરવાદી, જો કે સા૦
નહિ શોભે જાદવ ગાદી. જો કે સા૦ ૩
તને વાંઢો કહીને ગાશે, જો કે સા૦
પર ઘર પિરસણ કોણ દેશે, જો કે સા૦
પર નાર હસી બોલાવશો, જો કે સા૦
તબ તેના મહેણા ખાશો. જો કે સા૦ ૪
વલી વંશ વધારણ નારી, જો કે સા૦
જીહાં તુમ સરીખા અવતારી; જો કે સા૦
એમ હરિની ગોપી બોલે, જો કે૦
વયણા રસ અમૃત તોલે. જો કે સા૦ ૫

## ઢાળ છઠ્ઠી.

**જિમ જિમ એ ગિરિ ભેટીએરે—એ રાગ.**

જિમ જિમ કહીયે એહનેરે, તિમ તિમ મુંગો થાય સાહેલી;
જાદવને કહેવાપણું રે, આપણનું શું જાય સાહેલી.
માને તો ઘણું ઇમ ભલુંરે, નહી તો કહીએ ન કાંઈ સાહેલી. ૧
જો નહી પરણે નેમજી રે, લટકાળી એક નાર સાહેલી;
વનના ફૂલ તણી પરે રે, જાશે એનો અવતાર સાહેલી. ૨
શોભા જે કરશો દેહનીરે, નારી વિના તે ફોક સાહેલી;
છેલાઇ વેશે ચાલતારે, મહેણા દેશે લોક સાહેલી. ૩
મુખ મટકે લટકે કરી રે, દેખાડશે કુણ હેજ સાહેલી;
અલબેલી વિણ એહનીરે, પાથરશે કુણ સેજ સાહેલી. ૪
આપણે તો કહીએ ઘણું રે, તે તો એહને કાજ સાહેલી;
પદ્માવતી જાણે માનશેરે, બાવિસમો જિનરાજ સાહેલી. ૫

## ઢાળ સાતમી.

**સહિયર સફળ થયો દિન આજ, ગુરૂને દીઠડારે લોલ—એ રાગ.**

ગાંધારી કહે નારી વિના કુણ લાડ લડાવશે રે લોલ,
પરણ્યા વિણ કુણ બીજી વહુ વર નામ ધરાવશેરે લોલ;
ભોજાઇઓ ફરી ભાખે છે, કે ઝાઝું ન તાણીયેરે લોલ,
છેલ છબીલા મહારાજ કે અમ કહ્યું માનીએરે લોલ. ૧
સગો પરોણો નારી વિના કોઇ નાવે બારણે રે લોલ,
સંઘ લઇ સિદ્ધાચલ જાશો જાત્રા કારણે રે લોલ;

સંઘવણ કહીને કોને ગાશે ગીત તે બાલિકારે લોલ,
માલ પહેરીને અવસર જોઇએ જાયા લાડકી રે લોલ. ૨
કન્યા વિણ નેમ દીયરીયાં ગુંહલી કોણ કરેરે લોલ;
કન્યા રત્નની ખાણ વખાણી શાસ્ત્રે સાંભલી રે લોલ;
ગુરૂ મુખ વાણી સાંભલવા જાય કે હૈયડે ઉલ્લટ ધરી રે લોલ,
ઘર વિવાહ ને વલી ઉજાણી તિહાં પણ આગલી રે લોલ. ૩
એક દિન શરદ પુનમની રાત જોવા હું નીસરી રે લોલ;
દેખીને મને અંગ વિનાની પીડા આકરી રે લોલ;
અણપરણ્યા શામલીયા વાત તુમારી સાંભળી રે લોલ,
જાયા વિણ જન્મારો જાશે નેમનો કેમ કરી રે લોલ. ૪
હું ભાખું છું તુમ દુઃખ ભારી માનો માહરારે લોલ,
પણ જાણું વૈરાગી થવાનું છે મન તાહરૂં રે લોલ,
હરિની ગોપી કોપી કહે છે કેમ બોલે નહી રે લોલ,
તેમ નગીનો ઉત્તર નાલે ઋષભ કહે સહરી રે લોલ. ૫

## ઢાળ આઠમી.

હરિ નારી બોલે મોહન દીયરીયા, એ તો ધીંગાણા મલી ટોળી રે; મો૦ પણ કહું છું હું અંતર ખોલી, હું તો બાલપણાની ભોળી રે. મોહન૦ ૧

કાંઇ અંતર કપટ નવી રાખું, જેવું હોય તેવું ભાંખું;
જ્ઞાની સરવને નીહાલે, અજ્ઞાનીની પ્રીત ન પાલે રે. મો૦ ૨
આકાશે ફરતા સુડારે, તુમથી તો પંખી રૂડારે;

ક્ષીણ એક નારી રહે દેહરે, તસ વિરહે કરી ઝૂરે રે. મો૦ ૩
દિવસે ચુણ કરવા જાવે, સાંજે નિજ માલે આવે;
સુખ માને રમણી મહાલેરે, પશુ જાત થકી શું હારે રે. મો૦ ૪
છો જાદવ કુલના રાયા, માનો માનો શિવાના જાયા;
ઇમ ગોપી કહે કર ઝાલી, કવિ રૂષભની વાણી રસાલીરે. મો૦ ૫

## ઢાળ નવમી.

### મનમોહન મેરે—એ રાગ.

લખમણા કહે નેમજી મનમોહનગારો,
શું હઠ લેઈ બેઠારે તુમે જાઓ ઠગારા. ૧
હું મનમાંહે જાણતી, પ્રભુજી મહાજ્ઞાની;
પણ સંસાર તણી ગતિ, કાંઈ ન જાણી. ૨
ચંદ્રવદની મૃગલોચની, ગતિ બાલ મરાલી;
મોતી જડી સોના તણી, નાકમેં વાળી. ૩
હાર હૈયે સોહામણો દાંત રેખા સોનાની;
કંચન વાનને કામની, દેખત મતહારી. ૪
અતિશે રૂપ દેખીને રઢ લાગશે તમને;
અંગ વિનાનો પીડશે, શું કહાવો અમને. ૫
એહવા વચને સ્થિર રહ્યા, ધન નેમકુમાર;
રૂષભ કહે તે વાંદીયે, નવિ પરણ્યા નાર. ૬

## ઢાળ દશમી.

### રાયણને સહકાર વાલા–એ રાગ.

સુસીમાની વાણી ભલીરે, જાણે અમીય સમાન વાહલા;
મુનિવર આવશે આંગણેરે, તેને દેશે કુણ દાન વહાલા. સુસી૦ ૧
આવ્યા ગયાને સાહેબારે, સરવ વચ્ચે હોય નાર વહાલા;
ઘર મંડણ રમણી કહો રે, સાજનમાં જયકાર વહાલા. સુસી૦ ૨
યૌવનનો લટકો પ્રભુરે, તે તો દહાડા ચાર વહાલા;
અવસર ફરી આવે નહિ રે, હૈયડે કરો વિચાર વહાલા. સુ૦ ૩
એહવા વચન સુણી ગોપીનારે, અહો જગ મોહ વિકાર વહાલા;
મોહ દશા દેખી કરીરે, નેમ હસ્યા તેણી વાર વહાલા. સુસી૦ ૪
સહુ ગોપી મળી તાળી દીધી રે; માન્યા માન્યા વિવાહ વહાલા;
કૃષ્ણ નરેશ્વર સાંભળીરે, હરખ થયો મનમાંહિ વહાલા. સુસી૦ ૫
ઉગ્રસેન તણે ઘેર જઈને, માગી સુતા ગુણવંત વહાલા;
રાજુલ સાથે જોડી સગાઇ, જોશીડાને પુછંત વહાલા. સુસી૦ ૬
જોશી શ્રાવણ સુદ દિન છઠનું રે, લગન દીધું નીરધાર વહાલા;
માત શિવાને સમુદ્રવિજયને, યાદવ હર્ષ અપાર વહાલા. સુ૦ ૭
ધવલ મંગલ ગાવે ગીત રસીલા, સહુ મલી સધવા નાર વહાલા;
રૂષભ કહે પ્રભુ પરણવા જાશે, કહું તેનો અધિકાર વહાલા. સુ૦ ૮

## ઢાળ અગીઆરમી.

જીરે સ્નાન કરે હરખે ધરી, મલી સધવા કરે ગીત ગાન;
સુંદર વર શામળીયા, સોલે સજી શણગાર, લીધા હાથ
મેં પાન. સુંદર૦ ૧

જીરે મંગલ મુખ ગાવતી, રથે બેઠા નેમ કુમાર;
દશરથ રાયને શ્રીપતિ વલી, સાથે દશ દશારહ સાથ. સુ૦ ૨
જોવા મલ્યાં સુર નર તિહાં, કાંઇ યાદવ લોક અપાર;
જાનઇયા સાથે ઘણાંરે, જાણે તેજ કરી દિન કાર. સુ૦ ૩
જીરે છન્નુ હજાર રાણી ભલી, મલી શાહુકારની નાર;
જિમ રૂપે રંભા હારી, વસુદેવની બોંતેર હજાર. સુ૦ ૪
જીરે યાદવની બીજી ઘણી, તેહની નારીઓનો કુણ ગણો પાર;
મંગલ ધવલ ગાવે પુઠે, રામણ દીવો કરે માતા સાર. સુ૦ ૫
જીરે એણી પરે બહુ આડંબરે, પ્રભુ નેમજી પરણવા જાય;
ધોળી તરા ઘર દેખી કરી, પૂછે સારથિ જિનરાય. સુ૦ ૬
જીરે સારથિ કહે કર જોડીને, પ્રભુ સસરાના ઘર એહ;
તોરણ આવ્યા નેમજી, કવિ રૂષભ કહે ગુણ ગેહ. સુ૦ ૭

## ઢાલ બારમી.

**અની હાંરે વાલો વસે વિમળાચલેરે–એ રાગ.**

સખી હાંરે કંત આવે કેણ શેરીએ, હું તો જોઉં મારા કંતની વાર; કંત આવે કેણ શેરીએ, સખી રાજીમતી કેતી તિણે હર્ષમાં રે, આવી બેઠી ગોખ મજાર; મૃગલોચનાને ચંદ્રનારે; સખી સાથે જોવે વર સાર. કંત૦ ૧
સખી મૃગલોચના કહે રાજિમતીરે, વડભાગીણ સહ સીરદાર;
ત્રિભુવન નાથ ધ્યાની નીલોરે, જેહને નેમીશ્વર નાથ. કં૦ ૨
સખી એહવું સુણીને ચંદ્રાનનારે, કાંઇ બોલી મુખ મચકોડ;

એ વર રૂડો વૈણાગીઆરે, પણ એહમાં છે એક ખોડ. કં૦ ૩
સખી જોઈને અતિ શામલોરે, તબ બોલી રાજુલ નાર;
કાળી કસ્તુરી ને કરીવલીરે, કાલો મેઘ કરે જલધાર. કં૦ ૪
સખી કાલી કીકી નેત્ર શોભતાંરે, ચિત્રામણે કાલી રેખ;
ચિત્રા વેલને ભુમિકારે, કાલો શોહે માથાનો કેશ. કં૦ ૫
સખી હિમ દહે ખારૂં લૂણ છે રે, ગોરામાં ગુણ નહી બ્હેન;
તે સમે રાજમતી તણી રે, કાંઈ દાહિણ ફરકે નેત્ર. કં૦ ૬
સખી જમણી ફરકે મુજ આંખલડીરે, તવ પશુડે કીધો પોકાર;
સારથિને પુછે નેમજી રે, કવિ રૂષભ કહે નીરધાર. કં૦ ૭

(નેમજીની ઢાલો ૧૨ લખેલા પાના ઉપરથી મળેલી છે. પરંતુ બીજી ઢાલો મળતી નથી જેથી અધુરૂં છે.)

---

## ૨૦ શ્રી શત્રુંજય ઉધ્ધાર.

વિમલ ગિરિવર, વિમલ ગિરિવર, મંડણો જિનરાય,
શ્રી રિસહેસર પાય નમીય;
ધરીય ધ્યાન શારદાદેવીય, શ્રીસિદ્ધાચળ ગાયસ્યું એ;
હૈયે ભાવ નિર્મળ ધરેવી, શ્રીશત્રુંજય તીરથ વડું એ;
જીહાં સિદ્ધ અનંતી કોડિ, જિહાં મુનિવર મુગતે ગયા,
તે વંદુ બે કર જોડી. ૧

### ઢાળ પહેલી.

આદનરાય પુંહતા–એ દેશી.

બે કર જોડીને જિન પાય લાગું, સરસ્વતી પાસે વચન-

રસ માગું; શ્રી શત્રુંજયગિરિ તીરથ સાર, થુણવા ઉલટ થયોરે અપાર. ૨

તીરથ નહી કોઇ શત્રુંજય તોલે, અનંત તીર્થંકર એણી પરે બોલે; ગુરૂ મુખે શાસ્ત્રનો લહીય વિચાર, વરણવું શેત્રુંજા તીરથ ઉદ્ધાર. ૩

સુરવર માંહી વડો જિમ ઇંદ્ર, ગ્રહ ગણ માંહિ વડો જિમ ચંદ્ર; મંત્ર માંહિ જિમ શ્રી નવકાર, જળદાયક માંહિ જિમ જળધાર. ૪

ધર્મ માંહિ દયા ધર્મ વખાણ, વ્રત માંહિ જિમ બ્રહ્મ-વ્રત જાણ; પર્વત માંહિ વડો મેરૂ હોય, તિમ શત્રુંજય સમ તીરથ ન કોય. ૫

## ઢાળ બીજી.

### રાગ–ત્રિણ પલ્યોપમનો.

આગે એ આદિ જિણેસર, નાભિનંદ નરિંદ મલ્હાર;
શત્રુંજે શિખર સમોસર્યા; પૂરવ નવાણું એ વાર. ૬
કેવળજ્ઞાન દિવાકર, સ્વામી શ્રીરિષભ જિણંદ;
સાથે ચોરાશી ગણધરા, સહસ ચોરાશી મુણિંદ. ૭
બહુ પરિવારે પરિવર્યા, શ્રીશત્રુંજય એક વાર;
રિષભજિણંદ સમોસર્યા, મહિમા લહીએ ન પાર. ૮
સુર નર કોડી મિલ્યા તિહાં, ધર્મ દેશના જિન ભાસે;
પુંડરિક ગણધર આગળે, શત્રુંજય મહિમા પ્રકાસે. ૯

સાંભળો પુંડરિક ગણધરા, કાળ અનાદિ અનંત;
એ તીરથ છે શાશ્વતું, આગે અસંખ્ય અરિહંત. ૧૦

ગણધર મુનિવર કેવળી, પામ્યા અનંતી એ કોડી;
મુગતે ગયા એણે તીર્થે, વળી જાશે કર્મ વિછોડી. ૧૧

ક્રૂર હોય જે જીવડા, તિર્યંચ પંખી કહેજે;
એ તીરથ સેવ્યા થકી, તે સીજે ભવ ત્રીજે. ૧૨

દીઠા દુર્ગતિ નિવારે; સારે વંછિત કાજ;
સેવ્યો શ્રીશત્રુંજય ગિરિવર, આપે અવિચળ રાજ. ૧૩

## ઢાળ ત્રીજી.

### સહીઅર સમાણી આવો વેગે-એ રાગ.

ઉત્સર્પિણી અવસર્પિણી આરા બેહુ મિલીને બારજી;
વીસ કોડાકોડી સાગર તેહનું, માન કહ્યું નિરધારજી. ૧૪

પહેલો આરો સુષમસુષમા, સાગર કોડાકોડી ચારજી;
ત્યારે એ શત્રુંજય ગિરિવર, એંસી યોજન અવતારજી. ૧૫

ત્રણ કોડાકોડી સાગર આરો, બીજો સુષમ નામજી;
તે કાળે એ શ્રીસિદ્ધાચળ, સીત્તેર જોયણ અભિરામજી. ૧૬

ત્રીજો સુષમ દુષમ આરો, સાગર કોડાકોડી દોયજી;
સાઠ જોયણનું માન શત્રુંજય, તદાકાળે તું જોયજી. ૧૭

ચોથો દુષમ સુષમ જાણો, પાંચમો દુષમ આરોજી;
છઠ્ઠો દુષમ દુષમ કહીએ, એ ત્રણ થઈય વિચારોજી. ૧૮

એક કોડાકોડી સાગર કેરું, એહનું કહીએ માનજી;

ચોથે આરે શત્રુંજય ગિરિ, પચાસ જોયણ પરધાનજી. ૧૯
પાંચમો છઠ્ઠો એકવીસ એકવીસ, સહસ વરસ વખાણોજી;
બાર જોયણ ને સાત હાથનો, તદા વિમળગિરિ જાણોજી. ૨૦
તેહ ભણી સદાકાળ એ તીરથ, શાશ્વત જિનવર બોલેજી;
ઋષભદેવ કહે પુંડરિક નિસુણો, નહિ કોઇ શત્રુંજય તોલેજી. ૨૧
નાણ અને નિર્વાણ મહાજસ, લેશો તમે ઇણ ઠામોજી;
એહ ગિરિ તીરથ મહિમા ઇણ જગે, પ્રગટ હોશે તુમ નામેજી. ૨૨

## ઢાળ ચોથી.

### જિનવરશું મેરો મન લીણો—એ દેશી.

સાંભળી જિનવર મુખથી સાચું, પુંડરિક ગણધારરે;
પંચ કોડી મુનિવરશું ઇણ ગિરિ, અણસણ કીધું ઉદારરે. ૨૩
નમોરે નમો શ્રીશત્રુંજા ગિરિવર, સકળ તીરથ માંહી સારરે;
દીઠે દુર્ગતિ દૂર નિવારે, ઉતારે ભવ પારરે. નમો૦ ૨૪
કેવળ લેઇ ચૈત્રી પૂનમ દિન, પામ્યા મુગતિ સુઠામરે;
તદાકાળથી પૃથ્વી પ્રગટિઉં, પુંડરિકગિરિ નામરે. નમો૦ ૨૫
નયરી અયોધ્યાએ વિચરતા પહોંતા, તાતજી ઋષભ જિણંદરે;
સાઠ સહસ એમ ખટ ખંડ સાધી, ઘેર આવ્યા ભરત નરિંદરે. નમો૦ ૨૬
ઘેર જઈ માયને પાયે લાગી, જનની દ્યો આશીષરે;
વિમળાચળ સંઘાધિપ કેરી, પહોંચજો પુત્ર જગીશરે. નમો૦ ૨૭
ભરત વિમાસે સાઠ સહસ સમ, સાધ્યા દેશ અનેકરે;

હવે હું તાત પ્રત્યે જઇ પુછું,સંઘપતિ તિલક વિવેકરે.નમો૦ ૨૮
સમોસરણે પહોંચ્યા ભરતેસર, વંદી પ્રભુના પાયરે,
ઈંદ્રાદિક સુર નર બહુ મિલિયા,દેશના દે જિનરાયરે. નમો૦ ૨૯
શત્રુંજા સંઘાધિપ યાત્રા ફળ, ભાખે શ્રી ભગવંતરે;
તવ ભરતેસર કરેરે સજાઈ, જાણી લાભ અનંતરે. નમો૦૩૦

## ઢાળ પાંચમી.

કનક કમળ પગલાં ઠવે એ–એ રાગ.

રાગ–ધનાશ્રી મારૂણી.

નયરી અયોધ્યાથી સંચર્યાએ, લેઇ લેઇ રિદ્ધિ અશેષ;
ભરત નૃપ ભાવશું એ, શત્રુંજય યાત્રા રંગ ભરે એ;
આવે આવે ઉલટ અંગ, ભરત નૃપ ભાવશું એ. ૩૧

આવે આવે ઋષભનો પુત્ર, વિમળગિરિ યાત્રાએ એ; લાવે
લાવે ચક્રવર્તીની રિદ્ધ, ભ૦ મંડળીક મુગટ વરદ્ધન ઘણાંએ,
બત્રીસ સહસ નરેશ. ભ૦ ૩૨

ઢમઢમ વાજે છંદશું એ, લાખ ચોરાશી નિસાણ; ભ૦
લાખ ચોરાશી ગજ તૂરીએ, તેહના રત્ન જડિત પલાણ. ભ૦ ૩૩

લાખ ચોરાશી રથ ભલા એ, વૃષભ ધોરી સુકુમાળ; ભ૦
ચરણે ઝાંઝ સોના તણાંએ, કેડે સોવન ઘુઘરમાળ. ભ૦ ૩૪

બત્રીસ સહસ નાટક સહીએ, ત્રણ લાખ મંત્રી દક્ષ; ભ૦
દીવીધરા પંચ લાખ કહ્યાએ,સોળ સહસ સેવા કરે યક્ષ.ભ૦૩૫

દશ કોડી આલંબ ધજાધરાએ, પાયક છન્નું કોડ; ભ૦

ચોસઠ સહસ અંતેઉરીએ, રૂપે સરખી જોડ. ભ૦ ૩૬
એક લાખ સહસ અઠાવીસએ,વારાંગનાનાં રૂપ નિહાળ;ભ૦
શેષ તુરંગમ સવિ મિલીએ, કોડી અઢાર નિહાળ. ભ૦ ૩૭
ત્રણ કોડી સાથે વેપારીયાએ, બત્રીસ કોડી સૂઆર; ભ૦
શેઠ સાર્થવાહ સામટાએ, રાય રાણાનો નહી પાર. ભ૦ ૩૮
નવનિધિ ને ચૌદ રયણશું એ,લીધો લીધો સવી પરીવાર;ભ૦
સંઘપતિ તિલક સોહામણું એ, ભાલે ધરાવ્યું સાર. ભ૦ ૩૯
પગે પગે કરમ નિકંદતાએ, આવ્યા આસન જામ; ભ૦
ગિરિ પેખી લોચન ઠર્યાંએ, ધન ધન શેત્રંજા નામ. ભ૦ ૪૦
સોવન ફુલ મુગતાફળે એ, વધાવ્યો ગિરિરાજ; ભ૦
દેઈ પ્રદક્ષિણા પાખતીએ, સીધ્યાં સઘળાં કાજ. ભ૦ ૪૧

ઢાળ છઠ્ઠી.

જયમાળાની દેશી.

કાજ સીધાં સકલ હવે સાર, ગિરિ દીઠે હરખ અપાર;
એ ગિરિવર દરિસણ જેહ, યાત્રા ફળ કહીએ તેહ. ૪૨
સૂરજ કુંડ નદીય શેત્રુંજી, તીરથ જળે નાહ્યા રંજી;
રાયણ તળે ઋષભ જિણંદા, પહેલાં પગલાં પૂજે નરિંદા. ૪૩
વળી ઈંદ્ર વચન મન આણી, શ્રી ઋષભનું તીરથ જાણી;
તવ ચક્રી ભરત નરેશ, વાદ્ધિંકને દીધો આદેશ. ૪૪
તિણે શેત્રુંજા ઉપર ચંગ, સોવન પ્રાસાદ ઉત્તુંગ;
નીપન્યો અતિ મનોહર, એક કોસ ઉંચો ચોબાર. ૪૫

ગાઉ દો વિસ્તારે કહીએ, સહસ ધનુષ્ય પહોળપણે લહીએ;
એકેક બારણે જોઇ, મંડપ એકવીસજ હોઇ. ૪૬

એમ ચારે દીશે ચોરાશી, મંડપ રચિયા સુપ્રકાશી;
તિહાં રયણમેં તોરણ માળ, દીસે અતિ ઝાકઝમાળ. ૪૭

વિચે ચિહું દિશે મૂળ ગભારે, થાપી જિનપ્રતિમા ચારે;
મણિમય મૂરતિ સુખકંદ, થાપ્યા શ્રીઆદિ જિણંદ. ૪૮

ગણધર વર પુંડરિક કેરી, થાપી બિહુ પાસે મૂર્તિ ભલેરી;
આદિજીન મૂર્તિ કાઉસગીયા, નમિ વિનમિ બેહુ પાસે ઠવીયા. ૪૯

મણિ સોવન રૂપ પ્રાકાર, રચ્યું સમોસરણ સુવિચાર;
ચિહું દિશે ચઉ ધર્મ કહંતા, થાપી મૂર્તિ શ્રીભગવંતા. ૫૦

ભરતેસર જોડી હાથ, મૂર્તિ આગળે જગનાથ;
રાયણ તળે જમણે પાસે, પ્રભુ પગલાં થાપ્યાં ઉલ્લાસે. ૫૧

શ્રીનાભિ અને મરૂદેવી, પ્રાસાદશું મૂર્તિ કરેવી;
ગજવર ખંધે લઇ મુક્તિ, કીધી આઇની મૂર્તિ ભક્તિ. ૫૨

સુનંદા સુમંગલા માતા, બ્રાહ્મી સુંદરી બ્હેની વિખ્યાતા;
વળી ભાઇ નવાણું પ્રસિદ્ધ, સવી મૂર્તિ મણિમય કીદ્ધ. ૫૩

નીપાઈ તીરથમાળ, સુપ્રતિષ્ટા કરાવી વિશાળ;
યક્ષ ગોમુખ ચક્કેસરી દેવી, તીરથ રખવાળ ઠવેવી. ૫૪

એમ પ્રથમ ઉધ્ધારજ કીધો, ભરતે ત્રિભુવન જસ લીધો;
ઈંદ્રાદિક કીરતિ બોલે, નહિં કોઈ ભરત નૃપ તોલે. ૫૫

શત્રુંજય માહાત્મ્ય માંહિ, અધિકાર જોજો ઉછાંહી;
જિન પ્રતિમા જિનવર સરખી, જુઓ સૂત્ર ઉવાઈ નિરખી. ૫૬

### વસ્તુ છંદ.

ભરતે કીધો, ભરતે કીધો, પ્રથમ ઉદ્ધાર; ત્રિભુવન કીર્તિ વિસ્તારી, ચંદ સૂરજ લગે નામ રાખ્યું; તિણે સમે સંઘપતિ કેટલા; હવા સૌ એમ શાસ્ત્રે ભાખ્યું, કોડી નવાણું નર વર હુઆ, નેવ્યાસી લાખ; ભરત સમે સંઘપતિ વળી સહસ ચોરાશી ભાખ. ૫૭

### ઢાળ સાતમી.

( ચોપાઇની ચાલ. )

ભરત પાટે હુવા આદિત્યયસા, તસ પાટે તસ સુત મહાજસા; અતિબળભદ્ર અને બળવીર્ય, કીર્તિવીર્ય અને જળવીર્ય. ૫૮

એ સાતે હુઆ સરિખી જોડી, ભરત થકી ગયા પૂરવ છ કોડી; દંડવીર્ય આઠમે પાટે હવો, તેણે ઉદ્ધાર કરાવ્યો નવો. ૫૯

ઈંદ્રે સોઈ પ્રશંસ્યો ઘણું, નામ અજવાળ્યું પૂર્વજ તણું;
ભરત તણી પેરે સંઘવી થયો, બીજો ઉદ્ધાર એહનો કહ્યો. ૬૦

ભરત પાટે એ આઠે વળી, ભુવન આરીસામાં કેવળી;
એણે આઠે સવિ રાખી રીતિ, એક ન લોપી પૂર્વજ રીતિ. ૬૧

એક સો સાગર વીત્યા જિસે, ઈશાનેન્દ્ર વિદેહમાં તિસે;

જિન મુખે સિદ્ધગિરી સુણ્યો વિચાર, તિણે કીધો ત્રીજોઉદ્ધાર. ૬૨

એક કોડી સાગર વળી ગયાં, દીઠાં ચૈત્ય વિસંસ્થૂળ થયાં;
માહેંદ્ર ચોથો સુર લોકેંદ્ર, કીધો ચોથો ઉદ્ધાર ગિરીન્દ્ર. ૬૩

સાગર કોડી ગયાં દશ વળી, શ્રીબ્રહ્મેન્દ્ર ઘણું મન રૂળી;
શ્રી શત્રુંજય તીરથ મનોહાર, કીધો તેણે પાંચમો ઉદ્ધાર. ૬૪

એક કોડી લાખ સાગર અંતરે, ચમરેન્દ્રાદિક ભુવન ઉદ્ધરે;
છઠ્ઠો ઈન્દ્ર ભુવનપતિતણો, એ ઉદ્ધાર વિમળગિરિ સુણો. ૬૫

પચાસ કોડી લાખ સાગર તણું, આદિ અજીત વચ્ચે અંતર ભણું; તેહ વચ્ચે હુવા સૂક્ષ્મ ઉદ્ધાર, તે કહેતાં નવિ લહીએ પાર. ૬૬

હવે અજિત બીજા જિન દેવ, શ્રીશેત્રુંજે સેવા મિસિ હેવ;
સિદ્ધ ક્ષેત્ર દેખી ગહગહ્યા, અજિતનાથ ચોમાસું રહ્યા. ૬૭

ભાઈ પિતરાઈ અજિત જિનતણો, સગર નામે બીજો ચક્રવર્તી ભણો; પુત્ર મરણે પામ્યો વૈરાગ, ઇન્દ્રે પ્રીછવ્યો મહાભાગ્ય. ૬૮

ઈન્દ્ર તે વચન હૈડામાં ધરી, પુત્ર મરણ ચિંતા પરિહરી;
ભરત તણી પરે સંઘવી થયો, શ્રીશત્રુંજય યાત્રા ગયો. ૬૯

ભરત મણિમય બિંબ વિસાલ, કર્યાં કનકમય પ્રાસાદ ઝમાલ; તે પેખી મન હરખ્યો ઘણું, નામ સાંભળ્યું પૂર્વજ તણું. ૭૦

જાણી પડતો કાળ વિશેષ, રખે વિનાશ ઉપજે રેષ;

સોવન ગુફા પશ્ચિમ દિશિ જિહાં,રયણ બિંબ ભંડાર્યાં તિહાં. ૭૧
કરી પ્રાસાદ સયળ રૂપાનાં, સોવન બિંબ કરી થાપના;
કર્યા અજિત પ્રાસાદ ઉદાર, એ સાગર સાતમો ઉધ્ધાર. ૭૨
પચાસ કોડી પંચાણું લાખ,ઉપર સહસ પંચોતેર ભાખ;
એટલા સંઘવી ભૂપતિ થયા, સાગર ચક્રવર્તી વારે કહ્યા.૭૩
ત્રીસ કોડી દસ લાખ કોડી સાર,સગર અંતર કર્યો ઉદ્ધાર;
વ્યંતરેન્દ્ર આઠમો સુચંગ, અભિનંદન ઉપદેશ ઉત્તુંગ. ૭૪
વારે શ્રીચંદ્રપ્રભુ તણે, ચંદ્રશેખર સુત આદર ઘણે;
ચંદ્રજસા રાજા મન રંગ, નવમો ઉધ્ધાર કર્યો શેત્રુંજ. ૭૫
શાંતિનાથ સોળમા સ્વામ, રહ્યા ચોમાસું વિમળગિરિ
ઠામ;તસ સુત ચક્રાયુધ રાજિયો, તેણે દશમો ઉદ્ધારજ કીઓ. ૭૬
કીઓ શાંતિ પ્રાસાદ ઉદ્દામ, હવે દશરથ સુત રાજા
રામ; એકાદશમો કર્યો ઉદ્ધાર, મુનિસુવ્રત વારે મનોહાર. ૭૭
નેમિનાથ વારે નિરધાર, પાંડવ પાંચે કર્યો ઉધ્ધાર;
શ્રી શત્રુંજયગિરિ પુગી રળી, એકાદશમો જાણો વળી. ૭૮

**ઢાળ આઠમી.**

( રાગ—વઈરાડી. )

પાંડવ પાંચ પ્રગટ હવા, ખોઈ અક્ષોણી અઢારરે;
પોતાની પૃથ્વી કરી, કીધો માયને જુહારરે. ૭૯
કુંતા મા એમ ભણે, વત્સ સાંભળો આપરે;
ગોત્ર નિકંદન તુમે કર્યો, તે કિમ છુટશો પાપરે. ૮૦

પુત્ર કહે સુણ માવડી, કહો અમ શો ઉપાયરે;
તે પાતિક કિમ છુટીયે, વળતું પભણે માયરે. ૮૧
શ્રી શત્રુંજય તીરથ જઇ, સૂરજકુંડે સ્નાનરે;
ઋષભ જિણંદ પૂજા કરી, ધરો ભગવંતનું ધ્યાનરે. ૮૨
માત શિખામણ મન ધરી, પાંડવ પાંચે તામરે;
હત્યા પાતિક છૂટવા, પહોંચ્યા વિમળગિરિ ઠામરે. ૮૩
જિનવર ભકિત પૂજા કરી, કીધો બારમો ઉધ્ધારરે;
ભુવન નિપાયો કાઠમય, લેપમય પ્રતિમા સારરે. ૮૪
પાંડવ વીર વચ્ચે આંતરૂ, વરસ ચોરાશી સહસરે;
ચારસેં સીતેર વરસે હવો, વીરથી વિક્રમ નરેશરે. ૮૫

## ઢાળ નવમી.

ધન્ય ધન્યશત્રુંજય ગિરિવર, જિહાં હુવા સિદ્ધ અનંતરે;
વળી હોશે ઇણે તીરથે, ઇમ ભાખે ભગવંતરે. ધન્ય૦ ૮૬
વિક્રમથી એકસો આઠે, વરસે જાવડશાહરે; તેરમો ઉદ્ધાર
શેત્રુંજે કર્યો, થાપ્યા આદિ જિન નાહરે. ધ૦ ૮૭
પ્રતિમા ભરાવી રંગસ્યું, નવા શ્રીઆદિ જિણંદરે;
શ્રીશેત્રુંજયશિખરે થાપીયા, પ્રાસાદે નયણાણંદરે. ધ૦ ૮૮
પાંડવ જાવડ આંતરો, પચવીસ કોડી મયાલરે;
લાખ પંચાણું ઉપરે, પંચોતેર સહસ ભુપાળરે. ધ૦ ૮૯
એટલા સંઘવી તિહાં હુવા, ચૌદસમો ઉદ્ધાર વિશાળરે;
બાર તેરોતરીસોય કરે, મંત્રી બાહડદે શ્રીમાળરે. ધ૦ ૯૦

બારસેં છયાસીએ મંત્રી વસ્તુપાળે, જાત્રા શેત્રુંજાગિરિ
સારરે; તિલકા તોરણશું કર્યો, શ્રી ગિરનારે અવતારરે. ધ૦ ૯૧
સંવત તેર ઈકોતરે, શ્રી ઓસવંશ શૃંગારરે;
શાહ સમરો દ્રવ્ય વ્યય કરે, પંચદસમો ઉદ્ધારરે. ધ૦ ૯૨
શ્રી રત્નાકર સૂરીસરૂ, વડતપગચ્છ શૃંગારરે;
સ્વામી ઋષભજ થાપીયા, સમરો શાહ ઉદ્ધારરે. ધ૦ ૯૩

## ઢાળ દશમી.

(રાગ—ઉલાળાનો.)

જાવડ સમરા ઉદ્ધાર, એહ વિષે ત્રિણ લખ સાર;
ઉપર સહસ ચોરાશી, એટલા સમકિતવાશી. ૯૪
શ્રાવક સંઘપતિ હુઆ, સત્તર સહસ ભાવ સાર જુઆ;
ખત્રી સોળ સહસ જાણું, પન્નર સહસ વિપ્ર વખાણું. ૯૫
કુલંબી બાર સહસ કહીયે, લેઉઆ નવ સહસ લહીયે,
પંચ સહસ પિસતાળીશ, એટલા કંસારા કહીશ. ૯૬
એ સવી જિનમત ભાવ્યા, શ્રીશત્રુંજય જાત્રાએ આવ્યા;
અવરની સંખ્યા તે જાણું, પુસ્તક દીઠે વખાણું. ૯૭
સાતસેં મેહર સંઘવી, યાત્રા તલહટી તસ હવી;
બહુશ્રુત વચને રાચું, એ સવી માનજો સાચું. ૯૮
ભરત સમરાશાહ અંતરે, સંઘવી અસંખ્યાતા ઇણી પરે;
કેવળી વિણ કુણ જાણે, કિમ છદ્મસ્થ વખાણે. ૯૯
નવ લાખ બંદી બંધ કાપ્યા, નવ લખ હેમટકા આપ્યા;

તો દેશિ લહિરિએ અન ચાખ્યું, સમરાશાહે નામ રાખ્યું. ૧૦૦

પંદર સત્યાસીએ પ્રધાન, બાદરશા દિએ બહુમાન; કરમાશાહે જસ લીધો, ઉદ્ધાર સોળમો કીધો. ૧૦૧

એણી ચોવીસીએ વિમળગિરિ, વિમળવાહન નૃપ આદરી; દુપ્પસહ ગુરૂ ઉપદેશે, ઉદ્ધાર છેલ્લો કરશે. ૧૦૨

એમ વળી જે ગુણવંત, તીરથ ઉદ્ધાર મહંત; લક્ષ્મી લહી વ્યય કરશે, તસ ભવ કાજ તે સરશે. ૧૦૩

## ઢાળ અગીઆરમી.

( રાગ–માઇ ધન સુપર તું એ. )

ધન ધન શત્રુંજયગિરિ, સિદ્ધક્ષેત્ર એ ઠામ;
કર્મ ક્ષય કરવા, ઘર બેઠા જપો નામ. ૧૦૪
ચોવીસી એણીએ, નેમ વિના જિન ત્રેવીસ,
તીરથ ભુંઈ જાણી, સમોસર્યા જગદીશ. ૧૦૫
પુંડરિક પંચ કોડિશું, દ્રાવિડ વાલિખિલ્લ જોડી;
કાર્તિક પુનમ સિદ્ધા, મુનિવરશું દસ કોડી. ૧૦૬
નમિ વિનમિ વિદ્યાધર, દોય કોડી મુનિ સંજુત્ત;
ફાગણ શુદી દશમી, એણી ગિરિ મોક્ષ પહુત્ત. ૧૦૭
શ્રી ઋષભ વંશી નૃપ, ભરત અસંખ્યાતા પાટ;
મુકતે ગયા ઈણ ગિરિ, એ ગિરિ શિવપુર વાટ. ૧૦૮
રામ મુનિ ભરતાદિક, મુનિ ત્રણ કોડીશું ઈમ;
નારદશું એકાણું, લાખ મુનિવર તેમ. ૧૦૯

મુનિ શાંબ પ્રદ્યુમ્નશું, સાડી આઠ કોડી સિદ્ધ;
વીસ કોડીશું પાંડવા, મુકતે ગયા નિરાબાધ. ૧૧૦
વળી થાવચ્ચા સુત, શુક મુનિવર ઇણે ઠામ;
સહસ સહસશું, સિધ્યા પંચ શત સેલગ નામ. ૧૧૧
ઇમ સિદ્ધા મુનિવર, કોડાકોડી અપાર;
વળી સિઝશે ઇણે ગિરિ, કુણ કહી જાણે પાર. ૧૧૨
સાત છઠે હોય અઠમ, ગણે એક લાખ નવકાર;
શત્રુંજય ગિરિ સેવે, તેહને નહિ અવતાર. ૧૧૩

### ઢાળ બારમી.

(રાગ વધાવાનો.)

માનવ ભવ મેં ભલે લહ્યો,લહ્યો તે આરિજ દેશ; શ્રાવક કુળ લાધ્યું ભલું, જો પામ્યોરે વાલ્હો ઋષભ જિણેશ કે. ૧૧૪

ભેટયોરે ગિરિરાજ, હવે સિધ્યાંરે માહરાં વંછિત કાજકે;
મુને ત્રુઠયોરે ત્રિભુવનપતિ આજ કે, ભે૦ ૧૧૫

ધન ધન વંશ કુલગર તણે, ધન ધન નાભિ નરિંદ; ધન ધન મરૂદેવી માવડી, જેણે જાયોરે વહાલો ઋષભ જિણંદ કે. ભે૦ ૧૧૬

ધન ધન શત્રુંજય તીરથ, રાયણ રૂખ ધન ધન; ધન ધન પગલાં પ્રભુ તણાં, જે પેખીરે મોહિયું મુજ મન્ન કે. ભે૦ ૧૧૭

ધન ધન તે જગે જીવડા, જે રહે શેત્રુંજા પાસ; અહનિંશિ ઋષભ સેવા કરે, વળી પૂજેરે પ્રભુ મતિ ઉલ્લાસ કે. ભે૦ ૧૧૮

આજ સખી મુજ આંગણે, સુરતરૂ ફળીયો સાર; ઋષભ જિણેસર વંદિયા, હવે તરિઓરે ભવજળધિ પાર કે. ભે૦ ૧૧૯

સોળ અડવીસે આસો માસમાં, શુદ્દી તેરશ કુજવાર; અહમદાવાદ નયરમાં, મેં ગાયોરે શેત્રુંજા ઉધ્ધાર કે. ભે૦ ૧૨૦

વડ તપગચ્છ ગુરૂ ગચ્છપતિ, શ્રી ધનરત્ન સુરિંદ; તસુ શિષ્ય તસુ પાટે જયકરૂ, ગુરૂ ગચ્છપતિરે અમરરત્ન સુરિંદ કે. ભે૦ ૧૨૧

વિજયમાન પટોધરૂ, શ્રી દેવરત્ન સુરીશ; શ્રી ધનરત્ન સુરીશના, શિષ્ય પંડિતરે ભાનુ મેરૂ ગણેશ કે. ભે૦ ૧૨૨

તસ પદ કમળ ભ્રમરતણે, નયસુંદર દે આશીષ; ત્રિભુવન નાયક સેવતાં, પૂગીરે શ્રીસંઘ જગીશ કે. ભે૦ ૧૨૩

### કળશ.

ઇમ ત્રિજયનાયક મુગતિદાયક, વિમળગિરિ મંડણ ધણી;
ઉદ્ધાર શત્રુંજય સાર ગાયો, સ્તવ્યો જિન ભગતિ ઘણી;
ભાનુ મેરૂ પંડિત શિષ્ય દોએ, કર જોડી કહે નર સુંદરો;
પ્રભુ પાય સેવા નિત્ય કરેવા, દેઇ દર્શન જયકરો. ૧૨૪

---

## ૨૧ શ્રી ગોડીપાર્શ્વનાથ અધિકારે મેઘાશાનું સ્તવન.

દુહા—પ્રણમું નિત પરમેસરી, આપો અવિચલ માત;
લઘુતાથી ગિરૂતા કરે, તું શારદ સરસત. ૧
મુજ ઉપર મયા કરી, દેજો દોલત દાન;
ગુણ ગાઉં ગિરૂઆ તણા, મહીયલ વાધે વાન. ૨

ધવલ ધિંગ ગોડી ધણી, સહુકો આવે સંઘ;
મહિમાવાદી મોટકો, નારંગ ને નવ રંગ. ૩
પ્રતિમા ત્રણે પાસની, પ્રગટી પાટણ માંહી;
ભકિત કરે જે ભવિજન, કુણ તે વલી કહેવાય. ૪
ઉત્પત્તિ તેહની ઉચ્ચરૂં, શાસ્ત્ર તણી કરી શાખ;
મોટા ગુણ મોટા તણા, ભાખે કવિજન ભાંખ. ૫

## ઢાળ પહેલી.

### નદી જમુનાકે—એ દેશી.

કાશી દેશ મઝારકે નયણી વણારસી, એ સમો અવર ન કોય જાણે લંકા જિસી; રાજ કરે તિહાં રાજકે અશ્વસેન નરપતિ, રાણી વામા માતકે તેહની દીપતી. ૬

જન્મ્યા પાસ કુમારકે તેહની રાણીયે, ઉચ્છવ કીધો દેવકે ઈંદ્ર ઈંદ્રાણીયે; જોવન પરણ્યા પ્રેમ કન્યા પ્રભાવતી, નિત નિત નવલા વેશ કરી દેખાવતી. ૭

દીક્ષા લેઈ વનવાસ રહ્યા કાઉસગ્ગ જિહાં, ઉપસર્ગ કરવા મેઘમાલી આવ્યો તિહાં, કષ્ટ દેઇને તેહ ગયો જે દેવતા, ચોસઠ ઇંદ્ર તેહને નિત નિત સેવતાં. ૮

વરસ તે સોનો આઉખો ભોગવી ઉપના, જોતમાંહી મલી જ્યોત તિહાં કેઈ રૂપ ના, પાટણમાંહે મૂરત ત્રણે પાસની, મેલી ભોંયરા માંહિ રાખે કેઈ શાસની. ૯

એક દિન પ્રતિમા તેહ ગોડીની લેઈ કરી, પોતાના

આવાસમાંહે કે તુરકે હિત ધરી; ભુમિ ખણીને માંહે ઘાલી તુરકે તિહાં, સુવે નિત પ્રતે તેહકે સેજવાલી તિહાં. ૧૦

એક દિન સોહણા માંહિ કે જક્ષ આવી કહે, તિણ અવસર તે તુર્ક હૈયામાં ચિંતવે; નહિતર મારીશ મરડીશ હવે હું તુજને, તે માટે ઘરમાંહેથી કાઢજે મુજને. ૧૧

પારકરમાંહેથી મેઘાશા ઇહાં આવશે, તે તુજ દેશે લાવી ટકા એ પાંચસે; દેજે મુરતિ એહ કાઢીને, મત કેજે કોઇ આગલ વાત તું કેહને. ૧૨

થાશે કોટિ કલ્યાણ કે તાહરે આજથી, વાધશે પંચમાંહિ કે નામ તે લાજથી; મનશું બીન્યો તુર્ક થઇને આકલો, આગલ જે થાયે વાત તે ભવિજન સાંભલો. ૧૩

### ઢાળ બીજી.

### સાંભલો થલ-એ દેશી.

લાખ યોજન જંબુ પરિમાણ, તેમાં ભરતક્ષેત્ર પ્રધાનરે; મ્હારા સુગુણ સનેહી સુણજો; પારકર દેશ શોભે રૂડો, જિમ નારીને સોહે ચૂડોરે. મા૦ ૧૪

શાસ્ત્રમાં જેમ ગીતા, જિમ સતીયો માંહિ સીતારે; મા૦ વાજિંત્રમાંહે જિમ ભેર, જિમ પર્વતમાંહિ મોટો મેરરે. મા૦ ૧૫

દેવમાંહે જિમ ઇંદ્ર, ગ્રહમાંહે જિમ ચંદ્રરે; મા૦ બત્રીસ સહસ તે દેશ, તે માંહે પારકર દેશ વિશેષરે. મા૦ ૧૭

ભૂદેશર નામે નયર, તિહાં કોઇ ન જાણે વેરરે; મા૦

રાજ કરેરે ખેંગાર; તે તો જાત તણો પરમારરે. મા૦ ૧૮
તિહાં વણિક કરે વેપાર, અપછરા સરખી નારરે; મા૦
મોટા મંદિર પ્રધાન, તે તો ચૌદસેં બાવનરે. મા૦ ૧૯
તિહાં કાજલશા વ્યવહારી, સહુ સંઘમાં છે અધિકારીરે;
મા૦ પુત્ર કલત્ર પરિવાર, જસમાં નિત છે દરબારરે. મા૦૨૦
તેહ કાજલશાની બાઇ, શા મેઘાશું કીધ સગાઇરે; મા૦
એક દિન સાલો બનેવી, બેઠાં વાતું કરે છે એવીરે. મા૦ ૨૧
ઇહાંથી દ્રવ્ય ઘણો લેઇ, જઇ લાવો વસ્તુ કેઇરે; મા૦
ગુજરાતમાંહે તુમે જાજો, જે માલ મન આવે તે લેજોરે. મા૦૨૨

## ઢાળ ત્રીજી.

જે લાભ મલે તે લાવજોરે પ્રાણસું–એ દેશી.

સાલ કાજલ કહે વાત, મેઘા તણી અવદાત;
સાંભલી સાદહે એક, વલતું એમ કહે એ. ૨૩
ધન ઘણો લઈ હાથ, પરિવાર કર્યો સાથ;
કુંકુમ તિલક કર્યો એ, શ્રીફલ હાથે દીયો એ. ૨૪
જાઈશ હું પ્રભાત, સાથ કરી ગુજરાત;
શકુન ભલા સહી એ, તો ચાલું વહી એ. ૨૫
લેઇ ઉંટ કંતાર, આવ્યો ચઉટા મોઝાર;
કન્યા સન્મુખ મલી એ, કરતી રંગ રલી એ. ૨૬
માલણ આવી તામ, છાબ ભરી છે દામ;
વધાવે શેઠ ભણી એ, આશીષ દે ઘણી એ. ૨૭

મચ્છયુગલ મલ્યા ખાસ, વેદ બોલંતો વ્યાસ;
પતરી ભરી જોગણી, વૃષભ હાથે ધણી એ. ૨૮
ડાબો બોલે સાંઢ, દધિનો ભરિયો માટ;
ખરડાવો ખરો એ, સહુ કોઈએ ધરો એ. ૨૯
આગલ આવ્યા જામ, સારંગ ત્રુઠા તામ;
ભેરવ જમણી ભલીએ, દેવ ડાબી ચાલી એ. ૩૦
જમણી રૂપા રેલ, ઠાર બાંધી તિણ વેલ;
નીલકંઠ તોરણ કિયો એ, ઉલસ્યો અતિ હયો એ. ૩૧
હનુમન દીધી હાંક, મધુરાં બોલે કાક;
લોક હશે સહુ એ, કામ હોશે બધુ એ. ૩૨
અનુક્રમે ચાલ્યા જાય, આવ્યા પાટણમાંહિ;
ઉતારા કિયા એ, શેઠજી આવીયા એ. ૩૩
નિશીભર સુતા જ્યાંહિ, જક્ષ આવીને ત્યાંહિ;
સુહણે એમ કહે એ, તે સઘલો સદ્દહે એ. ૩૪
તુર્કતણે જઇ ધામ, તું જઈ દેજે દામ;
પાંચસે રોકડા એ, તુ દેજે દોકડા એ. ૩૫
દેશે પ્રતિમા એક, પાસતણી સુવિવેક;
એહથી તુજ થાશે એ, ચિંતા દૂર જાશે એ. ૩૬
સંભલાવી જક્ષરાજ, તુર્કભણી કહે સાજ;
પ્રતિમા તું દેયજે એ, પાંચસેં ધન લેયજે એ. ૩૭
એમ કરતાં પરભાત, તુરક ભણી કહે વાત;
મનમાંહે ગહગહે એ, અચરિજ કુણ લહે એ. ૩૮

## ઢાળ ચોથી.

### આસણુ એ દેશી.

તુર્કભણી દીયે પાંચસેં દામ, પ્રતિમા આણે નિજ ઠામરે; પાસજી મુને ત્રુઠા; પૂજે પ્રતિમા હર્ષ ભરાણો, ભાવ આણીને ખરચ્યો નાણોરે. પા૦ ૩૯

મુજ વખતે એ મૂર્તિ આવી, મુજ આપશે દામ કમાવી રે; પા૦ નાણું દેઇને રૂ તિહાં લીધો, મનમાન્યો કાર્ય સીધોરે. પા૦ ૪૦

રૂના ભરીયા ઉંટ વીસ, માંહે બેસાડ્યા પ્રભુને ઉછાંહેરે; પા૦ અનુક્રમે ચાલ્યા પાટણમાંથી, સાથે મુરતિ લેઈ તિહાંથી રે. પા૦ ૪૧

આગલ રાધણપુરે આવ્યા, દાણી દાણ લેવાને આવ્યારે; પા૦ ગણે ઉંટ રૂનો કરે લેખો, એક અધિકો ઓછો દેખે રે. પા૦ ૪૨

મેઘાશાને દાણી મલી પૂછે; કહો શેઠજી કારણ શું છેરે; પા૦ દાણી મલી વિચારે મનમાં, એ તો કૌતક દિસે છે એણમાંરે. પા૦ ૪૩

તવ મેઘો કહે સાંભલો દાણી, અમે મૂર્તિ ગોડીની આણીરે; પા૦ તે મુર્તિએ વરહિમાંહે, કિમ જાલવીએ બીજે ઠામેરે. પા૦ ૪૪

પારસનાથ તણે સુપસાયે, દાણી દાણ મેલી પરે

જાયરે; પા૦ યાત્રા કરી સહુ નિજ ઘર આવે, જિનપૂજા આનંદ પાવેરે. પા૦ ૪૫

તિહાંથી આવ્યા પારકર માંહે, ભૂદેશર નયર ઉછાહેરે; પા૦ વધામણી દીધી જેણે પુરૂષે, થયો રલિયાત સહુ હરખેરે. પા૦ ૪૬

## ઢાળ પાંચમી.

### રાણપુરો રલિયામ—એ દેશી.

સંઘ આવે સહુ સામટારે લો, દરિસણ કરવા કાજ, ભવિ પ્રાણીરે, ઢોલ નગારા ડડહડેરે લો, નાદે અંબર ગાજ; ભ૦ સુણજો વાત સુહામણીરે લો. ૪૭

ઓચ્છવ મહોચ્છવ ઘણા કરેરે લો, ભેટે શ્રી પાર્શ્વનાથ; ભ૦ પૂજા પ્રભાવના કરે ઘણી લો, હરખ પામ્યા સહુ સાથ. ભ૦ સુ૦ ૪૮

સંવત ચૌદ બત્રીસમેરે લો, ફાગણ સુદની બીજ; ભ૦ થાવરવારે થાપીયારે લો, નરપતિ પામ્યા રીઝ. ભ૦ સુ૦ ૪૯

એક દિન કાજલશા કહેરે લો, મેઘાશાને વાત; ભ૦ નાણો અમારો લેઇ કરીરે લો, ગયા હતા ગુજરાત. ભ૦ સુ૦ ૫૦

તે ધન તમે કિહાં વાવર્યું રે લો, તે દીયો લેખો આજ; ભ૦ તવ મેઘો કહે શેઠજી રે લો, ખરચ્યા ધરમનાં કાજ. ભ૦ સુ૦ ૫૧

સ્વામીજી માટે સોંપીયોરે લો, પાંચસેં દીધા દામ; ભ૦ કાજલ કહે એ શું કર્યુંરે લો, પત્થર કોણ આવે કામ. ભ૦ સુ૦ ૫૨

કાજલને મેઘો કહેરે લો, એ વ્યાપારમેં ભાગ; ભ૦ તે પાંચસે શિર માહરે રે લો,તે માંહિ તુમને ન લાગ.ભ૦ સુ૦ ૫૩

મેઘાસાની ભારજારે લો, મૃગાદે છે નામ; ભ૦ મહિયો ને મેરો બેહુ સારિખારે લો, દોએ સુત રતિય સમાન. ભ૦ સુ૦ ૫૪

## ઢાળ છઠ્ઠી.

### કંત તમાકુ પરિહરો—એ દેશી.

સા કાજલ મેઘામણી, બેહું જણમાંહે :વાસંદ; મેરે લાલ,
તિહાં મેઘો ધનરાજને, એક દિન કીધો સાજ. ૫૪
સુણજો વાત સુહામણી,એ પ્રતિમા પૂજો તમે, ભાવ આણીને
ચિત્ત; મે૦ બાર વરસ લગે તિહાં, પૂજા ખરચે વિત્ત. મે૦ ૫૫
એક દિન સુહણે એમ કહે, મેઘાસાને વાત; મે૦
તું અમ સાથે આવજે, પરિવારી પરભાત. મે સુ૦ ૫૬
વેલ લેજે ભાવલતણી, ચારણ જાત છે તેહ; મે૦
દેવાનંદા અંકતણી, દોય વૃષભ છે જેહ. મે૦ સુ૦ ૫૭
વેલ ખેડે તું એકલો, મત લેજે કોઇ સાથ; મે૦
થલાવાડી ભણી હાંકજે, મુજને રાખજે હાથ. મે૦સુ૦ ૫૮
એમ મેઘાને વિનવી, જક્ષ ગયો નિજ ઠામ; મે૦

રવિ ઉગે મેઘે તિહાં, કરવા માંડયો કામ. મે૦ સુ૦ ૫૯
વેલ લીધી ભાવલતણી, વૃષભ આણ્યા વલી દોય; મે૦
વેલ જોડી સ્વામી તણી, તે જાણે સહુ કોય. મે૦ સુ૦ ૬૦
તવ મેઘો તે વેલને, ખેડી ચાલ્યો જાય; મે૦
અનુક્રમે મારગ ચાલતાં, આવ્યા થલાવાડી માંય. મે૦ સુ૦ ૬૧

## ઢાળ સાતમી.

તિહાં મોટાને છોટા થલ ઘણાં, દિસે વૃક્ષતણો નહિ પારોરે; વલી ભૂત પ્રેત વ્યંતર ઘણા, તિહાં ડરતણો નહિ પારોરે. ૬૨

સાહા મેઘો એણી પરે ચિંતવે, હવે મુજને કવણ આધારોરે; તિહાં જક્ષ આવીને એમ કહે,
તું મત કરે ફિકર લગારરે. સા૦ ૬૩

તિહાં વેલ હાંકીને ચાલિયો, આવ્યું ઉજડ ગોડિપુર ગામરે; તિહાં વાત્ર સરોવર કુવા નહિ,
નહિં મોલ મંદિરને ઠામરે. સા૦ ૬૪

તિહાં વેલ થંભાણી હાલે નહિ, તવ સાહ હુઓ દિલગીરરે; મુજ પાસે નથી કોઇ દોકડો, કેમ ભાંજસે મુજ મન ભીડરે. સા૦ ૬૫

તિહાં રાત પડી રવિ આથમ્યો, ચિંતાતુર થઈને બેઠોરે; સા મેઘાભણી આવી કહે, સોહણામાંહે જક્ષ એકાંતોરે. સા૦ ૬૬

હવે સાંભલ મેઘા હું કહું, આવ્યો છે ગોડિપુર ગામરે; મોટા દેરાસર કરજે ઇહાં, ઉત્તમ જોઇને ઠામરે. સા૦ ૬૭

તું જાજે દક્ષિણ દિશભણી, તિહાં પડયું છે લીલું છાણું રે; તિહાં કૂવો ઉમટસે પાણીતણો, વલી પ્રગટશે પાણીની ખાણરે. સા૦ ૬૮

પાસે ઉગ્યો છે ઉજડ આકડો, તે હેઠલ છે ધન આહાળોરે; પૂર્યો છે ચોખાતણો સાથિયો, તિહાં પાણી તણો કૂવો પોતોરે. સા૦ ૬૯

## ઢાળ આઠમી.

### સીતા રૂપે રૂડી—એ દેશી.

શિલાવટ સિરોહી ગામે, તિહાં રહે છે ચતુર બહુ કામે હો, શેઠજી સાંભલો, રોગ છે તેહને શરીરે, નમણું કરી છાંટજે નીર હો. શે૦ ૭૦

રોગ જાશેને સુખ થાશે, બેઠો ઈહાં કામ કમાસે હો; શે૦
જક્ષ ગયો એમ કહીને, કરે શેઠજી ઉદ્યમ વહિને હો. શે૦ ૭૧
જ્યોતિષ નિમિત્ત જોવરાવે, દેરાંસર પાયો મંડાવે હો; શે૦
શિલાવટને તેડાવે, વલી ધનની ખાણ ખણાવે હો. શે૦ ૭૨
ગોડીપુર ગામ વસાવે, સગા સાઇઉંને તેડાવે હો; શે૦
એમ કરતાં બહુ દિન વીતાં, થયો મેઘો જગતવિદિતા હો. શે૦ ૭૩
એક દિન સા કાજલ આવી, કહે મેઘાને વાત બનાવી હો; શે૦
એ કામમાં ભાગ અમારો, અરધ તારો ને અરધ મારો હો. શે૦ ૭૪

એમ કરી દેરાસર કરીએ, જિમ જગમાં જશ વરીજે; હો શે૦
હવે મેઘો કહે તેહને, દામ જોઇએ છે કેઇને હો. શે૦ ૭૫
સ્વામીજીને સુપસાયે, ઘણા દામ છે ભાઇ આંહિ; હો શે૦
એક દિન કહેતા આમ, એ પત્થરના કુણ કામ હો. શે૦ ૭૬
ક્રોધ વશે પાછો વલીયો, પણ દગો મનમાંહે ભલિયો હો; શે૦
હવે કાજલ મનમાં ચિંતે, મારૂં મેઘો થાઉં નચિંતે હો. શે૦ ૭૭

## ઢાળ નવમી.

### કોયલો પરવત–એ દેશી.

પરણાવું પુત્રી માહરીરે લો, ખરચી દ્રવ્ય અપારરે; ચતુર નર, નાત જમાડું આપણીરે લો, તેડું મેઘો તિણ વારરે; ચ૦ સાંભલજો શ્રોતા તમે રે લો. ૭૮

જો મેઘો મારૂં તો ખરોરે લો, મુજ હોય કરારરે; ચ૦ દેવલ કરાવું હું એકલોરે લો, તો નામ રહે નિરધારરે. ચ૦ ૭૯

એમ ચિંતવી વિવાહનોરે લો, કરે કાજલ તતકાલરે;
ચ૦ સાજનને તેડાવીયારે લો, ગોરીઉ ગાવે ધમાલરે. ચ૦ ૮૦
સા મેઘાભણી નોતર્યોરે લો, મોકલે કાજલશાહરે; ચ૦
વિવાહ ઉપર આવજોરે લો, અવશ્ય કરીને આંહીરે. ચ૦ ૮૧
સાંભલી મેઘો ચિંતવેરે લો, કિમ કરી જઇયે ત્યાંહિ રે; ચ૦
કામ અમારે છે ઘણું રે લો, દેરાસરને આંહિરે. ચ૦ ૮૨
તવ મેઘો કહે તેહનેરે લો, તેડી જાઓ પરિવારરે; ચ૦

કામ મેલી કિમ આવીયેરે લો, તે જાણો નિરધારરે. ચ૦ ૮૩
મેધાસાના સહુ સાથમાંરે લો, પુત્ર કલત્ર પરિવારરે; ચ૦
મૂગાદે સાથ લેઇ કરીરે લો, તેડી આવ્યા પરિવારરે. ચ૦ ૮૪
કહે કાજલ મેઘો કિહાંરે લો, ઈહાં ન આવ્યો શા માટરે; ચ૦
કિમ મેઘા વિણ ચાલશેરે લો, નાતતણી સવિ વાતરે. ચ૦ ૮૫

## ઢાળ દશમી.

કહે જક્ષ મેઘા ભણીરે લો, તાહરે હવે આવી બનીરે લો;
કાજલ આવશે તેડવારે લો, કૂડ કરી તુજ છોડવારે લો. ૮૬
તું મત જાજે તિહાં કણેરે લો, ઝેર દઈ હણશેરે લો;
તેડયા વિણ જાએ નહિ રે લો, નમણ કરી લેજે સહિરે લો. ૮૭
દૂધમાંહે દેશે ખરૂંરે લો, નમણ પીધે જાશે પરૂંરે લો;
તે માટે તુજને ઘણુંરે લો, માને વચન સોહામણુંરે લો. ૮૮
જક્ષ કહી ગયો તેહવેરે લો, કાજલશા આવ્યો એહવેરે લો;
કહે મેધાને સાંભલોરે હો, આવો મેલી મન આમળોરે લો. ૮૯
તુમ આવ્યા વિણ કેમ સરેરે લો, નાતમાં શોભા કેણિ પરેરે લો;
તમ સરિખા આવે સગારે લો, તો મન થાયે ઉમંગોરે લો. ૯૦
જો અમને કાંઇ લેખવોરે લો, તો આડું અવલું મત દાખવોરે લો;
હઠ કરી બેઠા તુમેરે લો, ખોટી થાઈયે છીએ અમેરે લો. ૯૧
હું આવ્યો ધરતી ભરીરે લો, તો કિમ જાઉં પાછો ફરીરે લો;
સા મેઘે મન ચિંતવ્યુંરે લો, અતિ તાણ્યું કિમ પરવરેરે લો. ૯૨
કાજલ સાથે ચાલિયોરે લો, ભૂદેશરમાં આવીયોરે લો;
નમણ વિસાર્યું તિહાં કણેરે લો, ભાવી વસ્તુ આવી બનેરે લો. ૯૩

## ઢાળ અગીઆરમી.

### કંબલ મત ચાલે-એ દેશી.

નાત જમાડી આપણી, દેઇને બહુ માન; વરકન્યા પરણા-
વીયાં, દીધાં બહુલાં દાન. ૯૪

કાજલ કહે નારી ભણી, મેઘાશું અમ ભેલાં;
જમણ દેજો વિષ ભેલીને, જિમતાં દૂધજ વેલાં. ૯૫

દૂધતણી છે આખડી, તુમને કરીશ હું રીસ;
મેઘાને મેલવો નહિ, જમણ તવ તે પ્રીય. ૯૬

તવ નારી કહે પિઉજી, મેઘાને મત મારો;
કુલમાં લંછન લાગશે, જાશે પંચમાકારો. ૯૭

કાજલ તે માને નહિ, નારી કહી કહી હારી;
મન ભાંગ્યું મોતી તણું, તેહને ન લાગે કારી. ૯૮

એમ શીખવી નિજ નારીને, જમવાને બેઉ જણ બેઠા;
ભેલા એકજ થાલીએ, હિયે હરખે હેઠા. ૯૯

દૂધ આણ્યું તિણ નારીયે, પીરસ્યું થાલીમાંહિ;
કાજલ કહે આખડી, પીધું મેઘાશાહે. ૧૦૦

મેઘાને હવે તતખીણે, વિષ વ્યાપ્યું અંગોઅંગ;
સાસોશ્વાસ રમી ગયા, પામ્યા ગતસ્ત્રરંગ. ૧૦૧

## ઢાળ બારમી.

આવી મૃગાદેવી ઉ દેખને રે, રોતી કહે તિણિ વાર રે;
મહિયો ને મેરૂ તે પણ બેહુ જણારે, અતિ ઘણો કરે રે
ચોકારરે. ૧૦૨

ફિટરે કુલહીણા કાજલ શું કર્યું રે લો, નાવી લાજ લગારરે; મુખ દેખાડીશ કેમ લોકમાંરે, ધિક ધિક તુજ અવતાર રે. ફિ૦ ૧૦૩

વીરડા તેં ન જાણ્યું મન એહવું રે, તારી ભગિનીનો કુણ સલુકરે; મારે તો કર્મે એ છાજ્યું નહી રે, પડી દીસે છે મુજમાં ચુકરે. ફિ૦ ૧૦૪

એહવા લખીયા છઠી અક્ષરા રે, તો હવે દીજે કુણને દોષરે; નિરધારી મેલી ગયો નાહલો રે, મુજને ન કીધો કહિઈ (કોઈ) રીસરે. ફિ૦ ૧૦૫

એમ વલવલતી મૃગાદે કહેરે, વીરા તેં ત્રોડી મોરી આશરે; તુજને કિમ ઉકલ્યું એહવું રે, કોઈ ન થઈ પૂરી આશરે. ફિ૦ ૧૦૬

કૂડ કરીને મુજને છેતરીરે, કીધો તેં મોટો અન્યાયરે; મારાં નાનકડાં બિહુ બાલુડાં રે, મિલશે કેહને ધ્યાયરે. ફિ૦ ૧૦૭

અધવચ દેરાસર રહ્યા રે, જગમાં નામ રહ્યું નિરધારરે; નગરમાં વાત ઘર ઘર વિસ્તરીરે, સહુકોનાં દિલમાં આવ્યો ખારરે. ફિ૦ ૧૦૮

દ્વેષ રાખીને મેઘો મારિયો રે, એ તો કાજલ કપટ ભંડાર રે; મનનો મેલો દીઠો એહવો રે, એમ બોલે છે નર નારરે. ફિ૦ ૧૦૯

## ઢાળ તેરમી.

### હાંવે સાહિબ એ દેશી.

હો બ્હેની અગ્નિદાહ હવે દેઇ કરી, સહુકો આવ્યાં નિજ ઠામ હો૦કાજલ કહે તું મત રૂએ, ન કરૂં એહવાં કામ હો.૧૧૦

હો બ્હેની લેખ લખ્યો તે લાભીઆ,દીજે કોણને દોષ હો; હો૦ જન્મ મરણ હાથે નહિં, તે શું રાખવો રોષ. હો૦૧૧૧

હો બ્હેની એ સંસાર છે કારમો, ખોટી માયા જાલ હો; હો બ્હેની, એક આવે ઠાલી ભરી, જેહવી અરહટની માલ હો. હો૦ ૧૧૨

હો બ્હેની સુખ દુખ સરજ્યાં પામીયે, નહિ કોઇને હાથ હો; હો૦ મ કરે ફિકર લગાર તું, બોહળા દામ છે આપણે હાથ હો. ૧૧૩

હો બ્હેની ખાઓ પીઓ સુખ ભોગવો, મ કરો ચિંતા લગાર હો; હો૦ જે જોઇયે તે મુજને કહો, તેં આણું નિરધાર હો. હો૦ ૧૧૪

હો બ્હેની જિનનો પ્રાસાદ કરાવશું, મહિતલ રાખશું નામ હો; હો૦ ઈજત તે આપણા ઘરતણી, ખોશું કિમ કરી નામ હો. હો૦ ૧૧૫

હો બ્હેની, સોઢાને હાથે સોંપશું, એ ગોડીપુર ગામ હો; હો૦ ચાલોને આપણે સહુ તિહાં, હું લેઈ આવું દામ હો. હો૦ ૧૧૬

હો બ્હેની અનુક્રમે ચાલ્યા સહુ મળી, ગોડીપુર ગામ મોઝાર હો. હો૦ જિનનો પ્રાસાદ કરાવિયો, કાજલશાહે તિણવાર હો. હો૦ ૧૧૭

## ઢાળ ચૌદમી.

દેરે શિખર ચડાવીઓ, થીર ન રહે તિણી વારજી, કાજલ મનમાં ચિંતવે, હવે કુણ કરશું પ્રકારજી. ૧૧૮

ભવિજન સાંભલો ભાવસું. બીજી વાર ચઢાવીઓ, પડે હેઠો તતકાલ જી, સોહણા માંહિ જક્ષ આવીને, કહે મેહરાને સુવિલાસજી. ભ૦ ૧૧૯

તું ચઢાવે જઈને, થિર રહેશે શિર જેહજી; કાજલને જસ કિમ હોવે, મેઘો માર્યો તેહજી. ભ૦ ૧૨૦

મેહરે શીખર ચઢાવીઓ, નામ રાખ્યાં જગમાંહેજી; મૂર્તિ સ્થાપી પાસની, સંઘ આવે ઉત્સાહેજી. ભ૦ ૧૨૧

દેશ પરદેશી આવે ઘણા, આવે લોક અનેકજી; ભાવ ધરી ભગવંતને, વાંદે અનેક વિવેકજી. ભ૦ ૧૨૨

સંવત ચૌદ ચુમાલમાં, દેરે પ્રતિષ્ઠા કીધ; અહીઓ મેરો મેઘાતણા, રંગે જગમાં જસ લીધજી. ભ૦ ૧૨૩

ખરચે દ્રવ્ય ઘણાં તિહાં, રાય રાણા તિણ વારજી; માનતા માને લાખની, ટાલે કષ્ટ અપારજી. ભ૦ ૧૨૪

નિર્ધનીયાને ધન દીએ, અપુત્રીયાને પુત્રજી; રોગ નિવારે રોગીનાં, ટાળે દારિદ્ર સૂત્રજી. ભ૦ ૧૨૫

## ઢાળ પંદરમી.

### રાગ–ધનાશ્રી.

આજ અમ ઘર રંગ વધામણાં, આજ ત્રુઠા ગોડી પાસ; આજ ચિંતામણ આવી ચઢયો, આજ સફલ ફલી મન આશ. આ૦ ૧૨૬

આજ સુરતરૂ ફલિઓ આંગણે, આજ પ્રગટી મોહનવેલ; આજ બિછડીયા વાહલા મિલ્યા, આજ અમ ઘર હુઈ રંગરેલ. આ૦ ૧૨૭

આજ અમ ઘર આંબો મહોરિઓ, આજ વુઠી સોવનધાર; આજ દૂધે વુઠા મેહુલા, આજ આવી ગંગા બાર. આ૦ ૧૨૮

આજ ગાયો ગોડીપુરનો ધણી, શ્રીસંઘ કેરે ઉછાંહ; ચોમાસું કીધું ચોંપશું, મોટી તે મહિયલ માંહે. આ૦ ૧૨૯

ચઉઆણાં વાચા ચિહું ખૂંટમાં, તેમાં મોટો જાણો; મેઘદાસ દૂલભજી જાણીયે, એહવા ધરતીમાં ધણી નહિ કોય. આ૦ ૧૩૦

રામના રાજતણી પરે, ચલાવે જગમાં રીત; સોલંકી સાથમાં શોભતા, વિવેકી વાધા સુવિનીત. આ૦ ૧૩૧

પરમાણ વોરા પરતાપતી, સમસ્ત રાજકાજમાં કામ; ભણસાલી નાથો તિહાં શોભતા, તેહને ઘરે બોહલા દામ. આ૦ ૧૩૨

સંઘવી લાધો તે જાણીયે, લુણો મેતામાં હોય;

શેઠમાંહે દીપો વખાણીયે, વલી મનનો નેમજી જોય. આ૦ ૧૩૩

સા રૂપો ટોલી જાણિયે, તપગચ્છમાં તિલક સમાન;
મહીયળ મહાજન શોભતા, દિન દિન દોલત કરી વાન. આ૦ ૧૩૪

શ્રીહીરવિજયસૂરીશ્વર, તેનાં શુભવિજય કવિ શિષ્ય;
તેના ભાવવિજય કવિ દીપતા, તાસ શિષ્ય ધનમુનિ
દીસ. આ૦ ૧૩૫

તેના રૂપવિજય કવિરાજના, તેના કૃષ્ણ નમું કર જોડ;
વલી રંગવિજય રંગે કરી, હું પ્રણમું પ્રણિપાત કોડ. આ૦ ૧૩૬

સંવત અઢાર સતલોતરે, ભાદ્રવા માસ ઉદાર;
કાંઇ તેરસ કુજવાસરે, એમ નેમવિજય જયકાર. આ૦ ૧૩૭

---

## શ્રી આદીશ્વરજીની ઢાળો.

### ઢાળ પહેલી.

શ્રી ગુરૂ ચરણ કમલ નમીજીરે, સમરી સરસતી માય;
શ્રી ઋષભદેવને ગાવતાં જીરે, હિયડે હરખ ન માય. ૧

આદીશ્વર મુજ મન મોહનવેલ. એ આંકણી.

નયરી અયોધ્યા જાણીએ જીરે, ઇંદ્રપુરીથીરે સાર;
નાભિ કુલગર રાજીયો જીરે, વિશ્વતણો આધાર. આ૦ ૨

સુખ ભુવન સુખ સેજડી જીરે, પોઢયાં મરૂદેવી માત;
સર્વાર્થસિદ્ધથી ચવી જીરે, ઉતર્યો ઉદર મોઝાર. આ૦ ૩

અષાજ નિદ્રામે છતાં જીરે, સુપન દીઠાં છે શ્રીકાર;
ચૌદ સુપન પૂરાં લહ્યાં જીરે, ફલ ભાખો ભરથાર. આ૦ ૪

પહેલે સુપને હાથિયો જીરે, બીજે વૃષભ જિણંદ; ત્રીજે સિંહ સોહામણો જીરે, ચોથે લખમી સાર. આ૦ ૫

ફૂલમાળા છે પાંચમે જીરે, છઠ્ઠે ઉજ્વલ ચંદ; સાતમે દિનકર દીપતો જીરે, આઠમે ધજા આણંદ. આ૦ ૬

રજત કળશ નવમે ભર્યા જીરે, દસમે પદ્મસર ખાસ; સમુદ્ર અગિયારમે સુંદરૂં જીરે, બારમે અમર વિમાન. આ૦ ૭

રયણરેડ વળી તેરમે જીરે, ચઉદમે અગ્નિ પ્રધાન; દશ ચાર સુપન એ સહિ જીરે, મેં તો દીઠાં એમ. આ૦ ૮

સુપન પાઠક તો છે નહિ જીરે, નાભિ કરે મન સુવિચાર; ત્રૈલોક્ય સુત હોશે ભલો જીરે, સુપનતણે અનુસાર. આ૦ ૯

મરુદેવા તિહાં હરખીયાં જીરે, સાંભલી ભૂપતિ વેણ; નિજ થાનક આવી રહ્યા જીરે, ગર્ભવાસે ગુણ ગેહ. આ૦ ૧૦

નવ માસ દિન ચાર વળી જીરે; ઉત્તરાષાઢ નક્ષત્ર; ચૈત્ર વદની આઠમ દિને જીરે, પ્રસવ્યો પુત્ર પવિત્ર. આ૦ ૧૧

જન્મ ઓચ્છવ સુરે કર્યો જીરે, આવી છપન કુમારી; જન્મ વિશેષ એણી પરે કરી જીરે, ગયા નિજ નિજને ઠામ. આ૦

## ઢાળ બીજી.

જુઓ જન્મ થયો જિનનો જાણીરે, દેવ ઘર ભરે ધન આણીરે; જિનની ધન રાશી લખાણી રે, જિન વાધે છે ત્રણ નાણીરે. ૧

જિનજી રમત વાછે જ્યાંહીરે, દેવ છોકરા થાયે ત્યાંહીરે; જિનજી રમતા તે કાંઇ ન હારે રે, ધન ધન જિનનો અવતારરે. ૨

જિનના અતિશય જન્મના ચારરે, સોહે સોવન કાયા સારરે; જિનને સૌ કરે જુહારરે, માય બાપને હર્ષ અપારરે. ૩

અનુક્રમે તે જોવન આવેરે; દોય કન્યા હરિ પરણાવેરે; ઋષભ પરણીને નિજ ઘેર આવે રે, ઈંદ્રાણી મુખે ગીતો ગાવેરે. ૪

હવે સમય રાજ્યનો જાણીરે, લેવા ગયા જુગલીયા પાણીરે; આભરણ પહેરાવે આણીરે, હરિ રાજ્યે થાપે અવસર જાણીરે. ૫

જળ લાવ્યા જુગલીયા જામરે, દીઠો નવલો અંગુઠો તામરે, પાણી નાખ્યું તેણે ઠામરે, વનિતા નગરી દીધાં નામરે. ૬

ત્યાસી લાખ પૂરવ ઘરબારરે, ત્યાં લગે દેવકુરૂ આહારરે; સો પુત્ર દોય પુત્રી હુઇ સારરે, લોકાંતિક કહે થાઓ અણગારરે. ૭

ઢાળ ત્રીજી.

જુવો રે રિષભજી, દીક્ષા લીયે, વૈરાગી વડ વીરોજી; સોય પુત્રને રાજ, જુદાં જુદાં વહેંચીને આપે ધીરોજી. ૧

દિન પ્રતે દાન એટલું દીએ, આઠ લાખ એક કોડીજી; જિનનું તે દાન જે નર લેશે, તેની તે ભવગતિ થોડીજી. ૨

ગોત્રીને જો ભાગજ આપે, સાર્યાં વંછિત કાજજી; મણિ મુગલાદિક ધનને છાંડી, લેવા મુગતિના રાજજી. ૩

વરસીદાન ઋષભજી આપે, સાંભલો સાવધાનજી;
ત્રણસેં ક્રોડ અઠ્ઠાસી ઉપર; એંસી લાખ કહ્યો માનજી. ૪
સબલ સુગંધક પાણી ઉગતડાં, રિષભને નવડાવેજી;
બહુ આભરણ અલંકાર પહિરાવો, શિબિકામાં પધરાવોજી. ૫
સુદંસણ શિબિકા પહેલાંઇ, નર ઉપાડે સારાજી;
પછી અસુર સુર નાગના એવો, જાણ્યો એ વિચારોજી. ૬
ઈંદ્ર ધજા આગળથી ચાલે, અષ્ટ મંગલિક વળી જોડેજી; ગજ રથ ઘોડા ને બહુ પાખરિયા, જુવે લોક મન કોડેજી. ૭
સૌધર્મ ને ઈશાનના ઇંદ્ર, બિહું પાખે ચમર વિંઝેજી;
તેના રે દંડ મણિ માણેક જડિયાં, જોતાં સૌ મન રીઝેજી.૮
પંચ વરણનાં ફૂલ વિખેર્યાં, દુંદુભિ વાજાં વાગેજી;
ચાર નિકાયના દેવતા મળીયા, સહુ મોહ્યા તેના નાદેજી. ૯
વનિતા નગરી માંહે થઈને, દીક્ષા લેવાને જાયજી;
લઘુ પતાકા ઝાઝીરે દીસે, સોહાગણ નારી મંગળ ગાયજી.૧૦
વન સિદ્ધારથ અશોક તરૂ હેઠે, ચાર હજાર વળી સાથેજી; ચઉ મુષ્ટિએ લોચજ કરીયો, દીક્ષા લીધી શ્રી આદિનાથજી. ૧૧

## ઢાળ ચોથી.

દીક્ષા લેઇને વરસ એક ભમ્યારે વૈરાગીજી, પછી વહોર્યો ઇક્ષુ આહાર હાંરે ધન રિષભજી શ્રેયાંસ ઘેર

ધર્યું પારણું વૈ૦ પંચ દિવ્ય થયા સાર. હાંરે ધ૦ ૧

ત્રિગડે બેસી જિનવરૂરે, વૈ૦ પ્રભુ પામ્યા કેવળ જ્ઞાન; હાં૦ ધ૦ ગણધર ચોરાશી થાપીયારે, વૈ૦ તિહાં મલીરે પરષદા બાર; હાં૦ ધ૦ ૨

સંઘ સ્થાપના સહુ પરે કરી રે, વૈ૦ત્યાં વરત્યો જય જયકાર, હાં૦ ધ૦ અષ્ટાપદ વિહાર કર્યો, વૈ૦ ચઉદશ ભક્ત પચ્ચખાણ. હાં. ધ૦ ૩

દશ હજાર સાધુ સાથ શું, વૈ૦ પ્રભુ પામ્યા પદ નિ-રવાણ હાં૦ ધ૦ સંવત સત્તર દાહોત્તરે; વૈ૦ મેં થુણ્યો રિખભ જિણંદ. હાં ધ૦ ૪

શ્રી વિજયાનંદ સૂરીશ્વરૂ, વ૦ શ્રી વિજય પાટ સળંગ; હાં૦ ધ૦ તસ પાટે શ્રી વિજયરાજ સૂરીંદરે, વૈ૦ તસ વિજય પાટ સારંગ. હાં૦ ધ૦ ૫

## કળશ.

શ્રી આદિ જિનવર, સયલ સુખકર, કામિત પૂરણ પૂરણો; મેં ગાયો ભક્તે, વિવિધ જુગતે, શ્રી સોનાપુર મંડણો; તપ ગચ્છ નાયક, સુખ દાયક, શ્રી વિજયાનંદ સૂરીશ્વરો; તસ શિષ્ય અમર વિજય જંપે, સયલ સંઘ મંગળ કરો. ૧

## ૨૩ પુણ્ય પ્રકાશનું સ્તવન.

### દુહા

સકળ સિદ્ધિદાયક સદા, ચોવીસે જિનરાય,
સદ્ગુરૂ સ્વામિની સરસ્વતી, પ્રેમે પ્રણમું પાય. ૧
ત્રિભુવન પતિ ત્રિશલા તણો, નંદન ગુણ ગંભીર;
શાસન નાયક જગ જયો, વર્ધમાન વડ વીર. ૨
એક દિન વીર જિણંદને, ચરણે કરી પ્રણામ;
ભવિક જીવના હિત ભણી, પૂછે ગૌતમ સ્વામ. ૩
મુક્તિ મારગ આરાધીએ, કહો કિણ પદે અરિહંત;
સુધા સરસ તવ વચન રસ, ભાખે શ્રી ભગવંત. ૪
અતિચાર આલોઇએ, વ્રત ધરીએ ગુરૂ શાખ;
જીવ ખમાવો સયળ જે, યોનિ ચોરાશી લાખ. ૫
વિધિશું વળી વોસરાવીએ, પાપસ્થાનક અઢાર;
ચાર શરણ નિત્ય અનુસરો, નિંદો દુરિત આચાર. ૬
શુભકરણી અનુમોદીએ; ભાવ ભલો મન આણ;
અણસણ અવસર આદરી, નવ પદ જપો સુજાણ. ૭
શુભ ગતિ આરાધન તણા, એ છે દસ અધિકાર;
ચિત્ત આણીને આદરો, જેમ પામો ભવ પાર. ૮

### ઢાળ પહેલી.

( કુમતિએ છેડી કીહાં રાખી–એ દેશી. )

જ્ઞાન દરિસણ ચારિત્ર તપ વીરજ, એ પાંચે આચાર;

એહ તણા એહ ભવ પર ભવના, આલોઈએ અતિચાર રે પ્રાણી. જ્ઞાન ભણો ગુણખાણી; વીર વદે એમ વાણી રે. પ્રાણી૦ ૧

ગુરૂ ઓળવીએ નહિ ગુરૂ વિનય, કાળે ધરી બહુ માન; સૂત્ર અરથ તદુભય કરી સૂધાં, ભણીએ વહી ઉપધાન રે. પ્રાણી૦ જ્ઞા૦ ૨

જ્ઞાનોપગરણ પાટી પોથી, ઠવણી નોકારવાલી; તેહ તણી કીધી આશાતના, જ્ઞાનભક્તિ ન સંભાલી રે. પ્રા૦ જ્ઞા૦ ૩

ઈત્યાદિક વિપરીતપણાથી, જ્ઞાન વિરાધ્યું જેહ; આ ભવ પરભવ વળી રે ભવોભવે, મિચ્છામિ દુક્કડં તેહ રે. પ્રા૦ જ્ઞા૦ ૪

પ્રાણી સમકિત લ્યો શુદ્ધ જાણી, વીર વદે એમ વાણી રે, પ્રાણી સમકિત લ્યો શુદ્ધ જાણી. જિન વચને શંકા નવિ કીજે, નવિ પરમત અભિલાષ; સાધુ તણી નિંદા પરિહરજો, ફળ સંદેહ મ રાખો રે. પ્રા૦ સ૦ ૫

મૂઢપણું છંડો પરશંસા, ગુણવંતને આદરીએ; સામીને ધરમે કરી સ્થિરતા, ભકિત પ્રભાવના કરીએ રે. પ્રા૦ સ૦ ૬

સંઘ ચૈત્ય પ્રાસાદ તણો જે, અવર્ણવાદ મન લેખો; દ્રવ્ય દેવકો જે વિણસાડયો, વિણસંતો ઉવેખ્યો રે. પ્રા૦ સ૦ ૭

ઇત્યાદિ વિપરીતપણાથી, સમકિત ખંડયું જેહ; આ ભવ પરભવ વળી રે ભવોભવ, મિચ્છામિ દુક્કડં તેહ રે. પ્રા૦ સ૦ ૮

પ્રાણી ચારિત્ર લ્યો ચિત્ત આણી, પંચ સમિતિ ત્રણ ગુપ્તિ વિરાધી; આઠે પ્રવચન માય; સાધુ તણે ધર્મે પ્રમાદે,

અશુદ્ધ વચન મન કાય રે. પ્રા૦ ચા૦ ૯

શ્રાવકને ધર્મે સામાયિક, પોસહમાં મન વાળી; જે જયણાપૂર્વક જે આઠે, પ્રવચન માય ન પાળી રે. પ્રા૦ ચા૦ ૧૦

ઇત્યાદિક વિપરીતપણાથી, ચારિત્ર ડોહોળ્યું જેહ; આ ભવ પરભવ વળીરે ભવોભવ, મિચ્છામિ દુક્કડં તેહ રે. પ્રા૦ચા૦૧૧

બારે ભેદે તપ નવિ કીધો, છતે જોગે શકિત શકતે; ધર્મે મન વચ કાયા વીરજ, નવિ ફોરવીયું ભગતેરે. પ્રા૦ચા૦૧૨

તપ વીરજ આચાર એણી પરે, વિવિધ વિરાધ્યા જેહ; આ ભવ પરભવ વળી રે ભવોભવ, મિચ્છામિ દુક્કડં તેહ રે, પ્રા૦ ચા૦ ૧૩

વળીય વિશેષે ચારિત્ર કેરા, અતિચાર આલોઈએ; વીર જિણેસર વયણ સુણીને, પાપ મેલ સવિ ધોઇયેરે પ્રા૦ચા૦ ૧૪

## ઢાળ બીજી.

### ( પામી સુગુરૂ પસાય-એ દેશી. )

પૃથ્વી પાણી તેઉ, વાયુ વનસ્પતિ;
એ પાંચે થાવર કહ્યા એ. ૧
કરી કર્ષણ આરંભ, ખેત્ર જે ખેડીયાં;
કૂવા તળાવ ખણાવીયાં એ. ૨
ઘર આરંભ અનેક, ટાંકાં ભોયરાં;
મેડી માળ ચણાવીયા એ. ૩
લીંપણ ગુંપણ કાજ, એણી પરે પરંપરે;

પૃથ્વીકાય વિરાધીયા રે. ૪
ધોયણ નાહણ પાણી, ઝીલણ અપકાય;
છોતિ ધોતિ કરી દુહવ્યા એ. ૫
ભાઠીગર કુંભાર, લોહ સુવનગરા;
ભાડભુંજા લીહા લાગરા એ. ૬
તાપણ શેકણ કાજ, વસ્ત્ર નિખારણ;
રંગણ રાંધન રસવતી એ. ૭
એણી પરે કર્માદાન, પરે પરે કેળવી;
તેઉ વાયુ વિરાધીયા એ. ૮
વાડી વન આરામ, વાવી વનસ્પતિ;
પાન ફૂલ ફળ ચુંટીયાં એ. ૯
પોંક પાપડી શાક, શેકયાં સુકવ્યાં;
છેદ્યાં છુંદ્યાં આથીયાં એ. ૧૦
અળશી ને એરંડા, ઘાણી ઘાલીને;
ઘણા તિલાદિક પીલીયા એ. ૧૧
ઘાલી કોલુ માંહે, પીલી શેલડી;
કંદમુળ ફળ વેચીયાં એ. ૧૨
એમ એકેંદ્રી જીવ, હણ્યા હણાવીયા;
હણતાં જે અનુમોદિયા એ. ૧૩
આ ભવ પરભવ જેહ, વળીય ભવોભવે;
તે મુજ મિચ્છામિ દુક્કડં એ. ૧૪

કૃમિ કરમીયા કીડા, ગાડર ગંડોલા;
ઇયળ પૂરા ને અળશીયાં એ. ૧૫
વાળા જળો ચૂડેલ, વિચલિત રસ તણાં,
વળી અથાણાં પ્રમુખનાં એ. ૧૬
એમ બેઇંદ્રી જીવ, જેહ મેં દુહવ્યા;
તે મુજ મિચ્છામિ દુક્કડં એ. ૧૭
ઉધેહી જુ લીખ, માકડ મંકોડા;
ચાંચડ કીડી કંથુઆ એ. ૧૮
ગધીઆં ઘીમેલ, કાનખજુરીઆ;
ગીંગોડા ધનેરીયાં એ. ૧૯
એમ તેઇંદ્રી જીવ, જેહ મેં દુહવ્યા;
તે મુજ મિચ્છામિ દુક્કડં એ. ૨૦
માખી મચ્છર ડાંસ, મસા પતંગીયા;
કંસારી કોલિયાવડા એ. ૨૧
ઢીંકણ વીછુ તીડ, ભમરા ભમરીયો;
કુંતાં બગ ખડમાંકડી એ. ૨૨
એમ ચઉરિંદ્રી જીવ, જેહ મેં દુહવ્યા;
તે મુજ મિચ્છામિ દુક્કડં એ. ૨૩
જળમાં નાખી જાળ, જળચર દુહવ્યા;
વનમાં મૃગ સંતાપીયા એ. ૨૪
પીડયા પંખી જીવ, પાડી પાશમાં;

પોપટ ઘાલ્યા પાંજરે એ. ૨૫
એમ પંચેંદ્રી જીવ, જે મેં દૂહવ્યા;
તે મુજ મિચ્છામિ દુક્કડં એ. ૨૬

## ઢાલ ત્રીજી.

(વાણી વાણી હિતકારી જી–એ દેશી.)

ક્રોધ લોભ ભય હાંસથી જી, બોલ્યા વચન અસત્ય; કૂડ કરી ધન પારકા જી, લીધાં જેહ અદત્ત રે; જિનજી, મિચ્છામિ દુક્કડં આજ. તુમ શાખે મહારાજ રે જિનજી, દેઇ સારૂ કાજ રે જિનજી; મિચ્છામિ દુક્કડં આજ. ૧

દેવ મનુષ્ય તિર્યંચમાં જી, મૈથુન સેવ્યાં જેહ; વિષયા રસ લંપટપણે જી, ઘણું વિડંબ્યો દેહ રે. જિનજી૦ ૨

પરિગ્રહની મમતા કરી જી, ભવે ભવે મેલી આથ; જે જિહાં તે તિહાં રહ્યું જી; કોઇ ન આવે સાથ રે. જિનજી૦ ૩

રયણી ભોજન જે કર્યાં જી, કીધાં ભક્ષ અભક્ષ; રસના રસની લાલચે જી, પાપ કર્યાં પ્રત્યક્ષ રે. જિનજી૦ ૪

વ્રત લેઈ વિસારીયાં જી, વળી ભાંગ્યાં પચ્ચખાણ; કપટ હેતુ કિરિયા કરીજી, કીધાં આપ વખાણરે. જિનજી૦ ૫

ત્રણે ઢાળે આઠે દુહે જી; આલોયા અતિચાર; શિવ ગતિ આરાધન તણો જી, એ પહેલો અધિકાર રે. જિનજી; મિચ્છામિ દુક્કડં આજ. ૬

## ઢાળ ચોથી.

( સાહેલડીજી-એ દેશી. )

પંચ મહાવ્રત આદરો સાહેલડીરે, અથવા લ્યો વ્રત બાર તો; યથાશક્તિ વ્રત આદરી સાહેલડીરે, પાળો નિરતિચાર તો. ૧

વ્રત લીધાં સંભારીરે સા૦, હડે ધરીએ વિચાર તો; શિવ ગતિ આરાધન તણો સા૦, એ બીજો અધિકાર તો. ૨

જીવ સવે ખમાવીએ સા૦, યોનિ ચોરાશી લાખ તો; મન શુદ્ધે કરી ખામણાં સા૦, કોઈશું રોષ ન રાખ તો. ૩

સર્વ મિત્ર કરી ચિંતવો સા૦, કોઇ ન જાણો શત્રુ તો; રાગ દ્વેષ એમ પરિહરો સા૦, કીજે જન્મ પવિત્ર તો. ૪

સ્વામી સંઘ ખમાવીએ સા૦, જે ઉપની અપ્રીત તો; સ્વજન કુટુંબ કરી ખામણાં સા૦, એ જિનશાસન રીતિ તો. ૫

ખમીએ ને ખમાવીએ સા૦, એહજ ધર્મનો સાર તો; શિવગતિ આરાધના તણો સા૦, એ ત્રીજો અધિકાર તો. ૬

મૃષાવાદ હિંસા ચોરી સા૦, ધનમૂર્છા મૈથુન તો; ક્રોધ માન માયા તૃષ્ણા સા૦, પ્રેમ દ્વેષ પૈશુન્ય તો. ૭

નિંદા કલહ ન કીજીએ સા૦, કૂડા ન દીજે આળ

તો; રતિ અરતિ મિથ્યા તજો સા૦, માયા મોહ જંજાળ તો. ૮

ત્રિવિધ ત્રિવિધ વોસરાવિએ સા૦, પાપસ્થાન અઢાર તો; શિવગતિ આરાધન તણો સા૦, એ ચોથો અધિકાર તો. ૯

## ઢાળ પાંચમી.

( હવે નિગુણો ઇહાં આવીયા – એ દેશી. )

જનમ જરા મરણે કરી એ, આ સંસાર અસાર તો; કર્યાં કર્મ સહુ અનુભવે એ, કોઈ ન રાખણહાર તો. ૧

શરણ એક અરિહંતનું એ, શરણ સિદ્ધ ભગવંત તો; શરણ ધર્મ શ્રી જૈનનો એ, સાધુ શરણ ગુણવંત તો. ૨

અવર મોહ સવિ પરિહરી એ, ચાર શરણ ચિત્ત ધાર તો; શિવગતિ આરાધન તણો એ, એ પાંચમો અધિકાર તો. ૩

આ ભવ પર ભવ જે કર્યાં એ, પાપ કર્મ કંઈ લાખ તો; આત્મ શાખે તે નિંદીએ એ, પડિકક્મીએ ગુરૂ શાખ તો. ૪

મિથ્યામતિ વર્તાવિયા એ, જે ભાખ્યાં ઉત્સૂત્ર તો; કુમતિ કદાગ્રહને વશે એ, જે ઉત્થાપ્યાં સૂત્ર તો. ૫

ઘડયાં ઘડાવ્યાં જે ઘણાંએ, ઘરટી હળ હથિયાર તો; ભવ ભવ મેલી મૂકીયાં એ, કરતાં જીવ સંહાર તો. ૬

પાપ કરીને પોષીયા એ, જનમ જનમ પરિવાર તો; જન્માંતર પોહોત્યા પછી એ, કોણે ન કીધી સાર તો. ૭

આ ભવ પર ભવ જે કર્યાં એ, એમ અધિકરણ અનેક તો;

ત્રિવિધે ત્રિવિધે વોસરાવીએ, આણી હૃદય વિવેક તો. ૭

દુષ્કૃત નિંદા એમ કરી એ, પાપ કરો પરિહાર તો; શિવ ગતિ આરાધન તણો એ, છઠ્ઠો અધિકાર તો. ૯

## ઢાળ છઠ્ઠી.

( આઘે તું જોઇને જીવડા—એ દેશી. )

ધન ધન તે દીન માહરો, જીહાં કીધો ધર્મ; દાન શીયળ તપ ભાવના, ટાળ્યાં દુષ્કૃત કર્મ. ધન ધન૦ ૧

શત્રુંજયાદિક તીર્થની, જે કીધી જાત્ર; જુગતે જિનવર પૂજીયા, વળી પોષ્યાં પાત્ર. ધન૦ ૨

પુસ્તક જ્ઞાન લખાવીયાં, જીર્ણોદ્ધાર જિન ચૈત્ય; સંઘ ચતુર્વિધ સાચવ્યા, એ સાતે ખેત્ર. ધન૦ ૩

પડિક્કમણાં સુપરે કર્યાં, અનુકંપા દાન; સાધુ સુરિ ઉવજ્ઝાયને, દીધાં બહુ માન. ધન૦ ૪

ધર્મ કાજ અનુમોદીયે, એમ વારો વાર; શિવગતિ આરાધન તણો, એ સાતમો અધિકાર. ધન૦ ૫

ભાવ ભલો મન આણીએ, ચિત્ત આણી ઠામ; સમતા ભાવે ભાવીયે, એ આતમરામ. ધન૦ ૬

સુખ દુઃખ કારણ જીવને, કોઇ અવર ન હોય; કર્મ આપ જે આચર્યાં, ભોગવીયે સોય. ધન૦ ૭

સમતા વિણ જે અનુસરે, પ્રાણી પુણ્ય કામ; છાર ઉપર તે લીપણું, ઝાંખર ચિત્રામ. ધન૦ ૮

ભાવ ભલી પરે ભાવીયે, એ ધર્મનો સાર; શિવગતિ આરાધન તણો, એ આઠમો અધિકાર. ધન૦ ૯

## ઢાળ સાતમી.

( રૈવતગિરિ હુઆ, પ્રભુનાં ત્રણ કલ્યાણ – એ દેશી. )

હવે અવસર જાણી, કરી સંલેખણ સાર; અણસણ આદરીયે, પચ્ચખી ચારે આહાર; લલુતા સવિ મૂકી, છાંડી મમતા અંગ; એ આતમ ખેલે, સમતા જ્ઞાન તરંગ. ૧

ગતિ ચારે કીધાં, આહાર અનંત નિઃશંક; પણ તૃપ્તિ ન પામ્યો, જીવ લાલચીયો રંક; દુલહો એ વળી વળી, અણસણનો પરિણામ; એહથી પામીજે, શિવપદ સુરપદ ઠામ. ૨

ધન ધનો શાલિભદ્ર, ખંધો મેઘકુમાર; અણસણ આરાધી, પામ્યા ભવનો પાર; શિવ મંદીર જાશે, કરી એક અવતાર; આરાધન કેરો એ, નવમો અધિકાર. ૩

દશમે અધિકારે, મહામંત્ર નવકાર; મનથી નવિ મૂકો, શિવ–સુખ ફલ સુહકાર; એહ જપતાં જાયે, દુર્ગતિ દોષ વિકાર; સુપરે એ સમરો, ચૌદ પૂરવનો સાર. ૪

જન્માંતર જાતાં, જો પામે નવકાર; તો પાતિક ગાળી, પામે સુર અવતાર; એ નવપદ સરિખો, મંત્ર ન કોઇ સાર; એહ ભવ ને પરભવે, સુખ સંપત્તિ દાતાર. ૫

જુઓ ભીલ ભીલડી, રાજા રાણી થાય; નવપદ મહિમાથી, રાજસિંહ મહારાય; રાણી રત્નાવતી, બેહુ પામ્યા છે

સુરલોગ; એક ભવ પછી લેશે, શિવ વધૂ સંજોગ. ૬

શ્રીમતીને એ વળી, મંત્ર ફળ્યો તત્કાલ; ફણિધર ફીટીને, પ્રગટ થઇ ફૂલમાળ; શિવકુમારે જોગી, સોવન પુરસો કીધ; એમ એણે મંત્રે, કાજ ઘણાનાં સિદ્ધ. ૭

એ દશ અધિકારે, વીર જિણેસરે; ભાખ્યો આરાધન કેરો વિધિ, જેણે ચિત્ત માંહી રાખ્યો; તેણે પાપ પખાળી, ભવ ભય દૂરે નાખ્યો; જિન વિનય કરંતાં, સુમતિ અમૃત રસ ચાખ્યો. ૮

## ઢાળ આઠમી.

( નમો ભવિ ભાવશું–એ દેશી. )

સિદ્ધારથ રાજા કુળ તિલો એ, ત્રિશલા માત મલ્હાર તો; અવનિતલ તમે અવતર્યા એ, કરવા અમ ઉપકાર તો; જયો જિન વીરજી એ. ૧

મેં અપરાધ કર્યા ઘણાં એ, કહેતાં ન લહું પાર તો; તુમ ચરણે આવ્યો ભણી એ; જો તારે તો તાર તો; જયો૦ ૨

આશ કરીને આવીયો એ, તુમ ચરણે મહારાજ તો; આવ્યાને ઉવેખશો એ, તો કેમ રહેશે લાજ તો. જયો૦ ૩

કરમ અલુજણ આકરાં એ, જન્મ મરણ જંજાલ તો; હું છું એહથી ઉભગો એ, છોડવ દેવ દયાળ તો. જયો૦ ૪

આજ મનોરથ મુજ ફળ્યા એ, નાઠાં દુઃખ દંદોલ તો; તુઠો જિન ચોવીશમો એ, પ્રગટયાં પુણ્ય કલ્લોલ તો. જયો૦ ૫

ભવે ભવે વિનય તુમારડો એ, ભાવ ભક્તિ તુમ પાય તો; દેવ દયા કરી દીજીયે એ, બોધિ બીજ સુપસાય તો. જયો૦ ૬

## કળશ.

ઇહ તરણ તારણ,સુગતિ કારણ,દુઃખ નિવારણ જગ જયો; શ્રી વીર જિનવર ચરણ થુણતાં, અધિક મન ઉલ્લટ થયો. ૧

શ્રી વિજય દેવ સૂરિંદ પટધર, તીરથ જંગમ એણી જગે; તપગચ્છપતિ શ્રીવિજયપ્રભ સૂરિ તેજે ઝગમગે. ૨

શ્રી હીરવિજયસૂરિ શિષ્ય વાચક, કીર્તિવિજય સુરગુરૂ સમો; તસ શિષ્ય વાચક વિનયવિજયે, થુણ્યો જિન ચોવીશમો. ૩

સય સત્તર સંવત ઓગણત્રીશે, રહી રાંદેર ચોમાસ એ; વિજય દશમી વિજય કારણ, કીયો ગુણ અભ્યાસ એ. ૪

નરભવ આરાધન સિદ્ધિસાધન, સુકૃત લીલ વિલાસ એ; નિર્જરા હેતે સ્તવન રચિયું, નામે પુણ્ય પ્રકાશ એ. ૫

શ્રી પુણ્ય પ્રકાશનું સ્તવન સંપૂર્ણ.

---

## ૨૪ ચાર શરણાં.

મુજને ચાર શરણ હજો, અરિહંત સિદ્ધ સાધુજી; કેવલી ધર્મ પ્રકાશીયો, રત્ન ત્રણ અમુલખ લાધોજી. મુજને૦ ૧

ચઉ ગતિ તણાં દુઃખ છેદવા, સમર્થ શરણાં એહો
જી; પુર્વે મુનિવર જે હુઆ, તેણે કીધાં શરણાં તેહો
જી. મુજને૦ ૨

સંસાર માંહી જીવને, સમરથ શરણાં ચારો જી;
ગણી સમયસુંદર એમ કહે, કલ્યાણ મંગળકારોજી. મુજને૦ ૩

૨

લાખ ચોરાશી જીવ ખમાવીએ, મન ધરી પરમ
વિવેક જી; મિચ્છામિ દુક્કડં દીજીએ, જિનવચને લહિએ
ટેક જી. લાખ૦ ૧

સાત લાખ ક્ષુદ્ર ગતિ તેઉ વાઉના, દશ ચૌદે
વનના ભેદો જી; ખટ વિગલ સુર તિરિ નારકી, ચઉ
ચઉ ચઉદે ભેદો નરના જી. લાખ૦ ૨

જીવા યોનિ એ જાણીને, સઉ સઉ મિત્ર સંભાવો જી; ગણી
સમયસુંદર એમ કહે, પામીયે પુન્ય પ્રભાવોજી. લાખ૦ ૩

૩

પાપ અઢારે જીવ પરિહરો, અરિહંત સિદ્ધની શાખે
જી; આલોવ્યાં પાપ છૂટીએ, ભગવંત એણી પેરે
ભાખે જી. પાપ૦ ૧

આશ્રવ કષાય દોય બંધના, વળી કલહ અભ્યા-
ખ્યાન જી; રતિ અરતિ પૈશુન નિંદના, માયા મોહ
મિથ્યાત્વ જી. પાપ૦ ૨

મન વચન કાયાએ જે કર્યાં, મિચ્છામિ દુક્કડં તેહો જી; ગણી સમયસુંદર એમ કહે, જન ધર્મનો મર્મ એહો જી. પા૫૦ ૩

૪

ધન ધન તે દિન મુજ કદી હોશે, હું પામીશ સંજમ સૂધો જી; પૂર્વ ઋષિ પંથે ચાલશું, ગુરૂ વચને પ્રતિબુધો જી. ધન૦ ૧

અંત પંત ભિક્ષા ગોચરી, રણ વણે કાઉસ્સગ્ગ કરશું જી; સમતા શત્રુ મિત્ર ભાવશું, સંવેગ સૂધો ધરશું જી. ધન૦ ૨

સંસારના સંકટ થકી, હું છૂટીશ અવતારો જી; ધન ધન સમયસુંદર તે ઘડી, તો હું પામીશ ભવનો પારો જી. ધન૦ ૩

## ૨૫ પદ્માવતી આરાધના.

હવે રાણી પદ્માવતી, જીવરાશિ ખમાવે; જાણપણું જગતે ભલું, ઇણ વેળા આવે. ૧

તે મુજ મિચ્છામિ દુક્કડં, અરિહંતની શાખ; જે મેં જીવ વિરાધીયા, ચઉરાશી લાખ. તે મુજ૦ ૨

સાત લાખ પૃથ્વી તણા; સાતે અપકાય; સાત લાખ તેઉકાયના, સાતે વળી વાય. તે૦ ૩

દશ પ્રત્યેક વનસ્પતિ, ચઉદહ સાધારણ; બિતિ

ચઉરિંદ્રિ જીવના, બે બે લાખ વિચાર. તે૦ ૪

દેવતા તિર્યંચ નારકી, ચાર ચાર પ્રકાશી; ચઉદહ લાખ મનુષ્યના, એ લાખ ચોરાશી. તે૦ ૫

ઇણ ભવ પરભવે સેવીયા, જે પાપ અઢાર; ત્રિવિધ ત્રિવિધ કરી પરિહરૂં, દુર્ગતિના દાતાર. તે૦ ૬

હિંસા કીધી જીવની, બોલ્યા મૃષાવાદ; દોષ અદત્તાદાનના, મૈથુન ઉન્માદ. તે૦ ૭

પરિગ્રહ મેલ્યો કારમો, કીધો ક્રોધ વિશેષ; માન માયા લોભ મેં કીયાં, વળી રાગ ને દ્વેષ. તે૦ ૮

કલહ કરી જીવ દુહવ્યા, કીધાં કૂડાં કલંક; નિંદા કીધી પારકી, રતિ અરતિ નિઃશંક. તે૦ ૯

ચાડી કીધી ચોતરે, કીધો થાપણ મોસો; કુગુરૂ કુદેવ કુધર્મનો, ભલો આણ્યો ભરોસો. તે૦ ૧૦

ખાટકીને ભવે મેં કીયા, જીવ નાનાવિધ ઘાત; ચીડીમાર ભવે ચરકલાં, માર્યાં દિન રાત. તે૦ ૧૧

કાજી મુલ્લાને ભવે, પઢી મંત્ર કઠોર; જીવ અનેક ઝબ્બે કીયા, કીધાં પાપ અઘોર. તે૦ ૧૨

માછીને ભવે માછલાં, ઝાલ્યાં જળવાસ; ધીવર ભીલ કોળી ભવે, મૃગ પાડ્યા પાશ. તે૦ ૧૩

કોટવાળને ભવે મેં કીયા, આકરા કર દંડ; બંદીવાન મરાવીયા, કોરડા છડી દંડ. તે૦ ૧૪

પરમાધામીને ભવે, કીધાં નારકી દુઃખ; છેદન ભેદન વેદના, તાડન અતિ તિખ્ખ. તે૦ ૧૫

કુંભારને ભવે મેં કીયા, નીમાહ[2] પચાવ્યા; તેલી ભવે તિલ પીલીયા, પાપે પિંડ ભરાવ્યાં. તે૦ ૧૬

[3]હાલી ભવે હળ ખેડીયાં, ફાડયાં પૃથ્વીનાં પેટ; સુડ નિદાન ઘણાં કીધાં, દીધાં બળદ ચપેટ. તે૦ ૧૭

માળીને ભવે રોપીયાં, નાનાવિધ વૃક્ષ; મૂળ પત્ર ફળ ફૂલનાં, લાગ્યાં પાપ તે લક્ષ. તે૦ ૧૮

અધોવાઈયાને[4] ભવે, ભર્યા અધિક ભાર; પોઠી[5] પુઠે કીડા પડયા, દયા નાણી[6] લગાર. તે૦ ૧૯

છીપાને ભવે છેતર્યા, કીધા રંગણ પાસ; અગ્નિ આરંભ કીધા ઘણા, ધાતુવાદ અભ્યાસ. તે૦ ૨૦

શૂરપણે રણ ઝુઝતાં, માર્યાં માણસ વૃંદ; મદિરા માંસ માખણ ભખ્યાં, ખાધાં મૂળ ને કંદ. તે૦ ૨૧

ખાણ ખણાવી ધાતુની, પાણી ઉલેચ્યાં; આરંભ કીધા અતિ ઘણા, પોતે પાપજ સંચ્યાં. તે૦ ૨૨

કર્મ અંગાર કીયા વળી, ઘરમેં દવ દીધા; સમ ખાધા વીતરાગના, કૂડા કોસજ કીધા. તે૦ ૨૩

બીલ્લી ભવે ઉંદર લીયા, ગીરોલી હત્યારી; મૂઢ ગમાર

---

૧ વિનાશ. ૨ નીંભાડા. ૩ ખેડુત. ૪ ગાડાં ભાડે ફેરવનાર ૫ પોઠીયો–બળદ. ૬ ન આણી.

તણે ભવે, મેં જૂ લીખ મારી. તે૦ ૨૪

[1]ભાડભુંજા તણે ભવે, એકેંદ્રિય જીવ; જવારી ચણા ઘહું શેકીયા, પાડતાં રીવ.[2] તે૦ ૨૫

ખાંડણ પીસણ ગારના, આરંભ અનેક; રાંધણ ઈંધણ અગ્નિનાં, કીધાં પાપ ઉદ્રેક[3]. તે૦ ૨૬

વિકથા ચાર કીધી વળી, સેવ્યા પાંચ પ્રમાદ; ઈષ્ટ વિયોગ પાડયા કીયા, રૂદન વિખવાદ. તે૦ ૨૭

સાધુ અને શ્રાવક તણાં, વ્રત લઈને ભાંગ્યાં; મૂળ અને ઉત્તર તણાં, મુજ દૂષણ લાગ્યાં. ૨૮

સાપ વીંછી સિંહ ચીવરા, શકરા[4] ને સમળી; હિંસક જીવ તણે ભવે, હિંસા કીધી સબળી. તે૦ ૨૯

સૂવાવડી દૂષણ ઘણાં, વળી ગર્ભ ગળાવ્યા; જીવાણી ઢોળ્યાં ઘણાં, શીળ વ્રત ભંજાવ્યાં. તે૦ ૩૦

ભવ અનંત ભમતાં થકાં, કીધાં દેહ સંબંધ; ત્રિવિધ ત્રિવિધ કરી વોસિરૂં, તીણશું પ્રતિબંધ. તે૦ ૩૧

ભવ અનંત ભમતાં થકાં, કીધાં પરિગ્રહ સંબંધ; ત્રિવિધ ત્રિવિધ કરી વોસિરૂં, તીણશું પ્રતિબંધ. તે૦ ૩૨

ભવ અનંત ભમતાં થકાં, કીધા કુટુંબ સંબંધ; ત્રિવિધ ત્રિવિધ કરી વોસિરૂં, તીણશું પ્રતિબંધ. તે૦ ૩૩

ઈણી પરે ઇહ ભવ પરભવે, કીધાં પાપ અખત્ર;[5] ત્રિવિધ ત્રિવિધ કરી વોસિરૂં, તીણશું પ્રતિબંધ. તે૦ ૩૩

---

૧ ભીઠ્ઠાથી ચણા વિગેરે અનાજ શેકનાર. ૨ રાડો. ૩ અધિક. ૪ બાજ પક્ષી. ૫ નઠારાં.

કરૂં જન્મ પવિત્ર. તે૦ ૩૪

એણી વિધે એ આરાધના, ભવિ કરશે જેહ; સમયસુંદર કહે પાપથી, વળી છૂટશે તેહ. તે૦ ૩૫

રાગ વેરાડી જે સુણે, એહ ત્રીજી ઢાળ; સમયસુંદર કહે પાપથી, છૂટે તે તત્કાળ. તે૦ ૩૬

---

## ૨૬ શ્રી શત્રુંજય તીર્થમાલા.

### ઢાળ પહેલી.

તુમે શાને રોકો છો રાનમાં.—એ દેશી.

વિમલાચલ વાલા વારૂ રે,
ભલે ભવિઅણ ભેટો ભાવમાં;
તુમ્હે સેવો એ તીરથ તારૂ રે,
જિમ ન પડો ભવના દાવમાં. ભલે૦ ૧

જગ સઘળા તીરથનો નાયક,
તુમે સેવો શિવસુખ દાયક રે. ભલે૦ ૨

એ ગિરિરાજને નયણે નીહાળી,
તુમે સેવો અવિધિ દોષ ટાળી રે. ભલે૦ ૩

મુક્તાસાધન ફૂલે વધાવી,
નમી પૂજી ભાવના ભાવો રે. ભલે૦ ૪

કાંકરે કાંકરે સિદ્ધ અનંતા,
સંભારો પાજે ચઢતાં રે. ભલે૦ ૫

આદિ અજિત શાંતિ ગૌતમ કેરાં,

પહેલાં પગલાં પૂજો ભરેલાં રે. ભલે૦ ૬
આયે ધોળી પરબ ટૂંકે ચઢીએ,
તિહાં ભરત ચક્રપદ નમીએ રે. ભલે૦ ૭
નીલી પરબ અંતરાલે આવે,
હાંરે નેમી વરદત્ત પગલાં સોહાવે રે. ભલે૦ ૮
આદિ થૂભ નમી કુંડ કુમારા,
હીંગલાજ હડે ચઢો પ્યારા રે. ભલે૦ ૯
તિહાં કલિકુંડ નમી શ્રીપાસ,
હાંરે ચઢો માન મોડી ઉલ્લાસ રે. ભલે૦ ૧૦
ગુણવંતગિરિના ગુણ ગાઈ,
છાલાકુંડે વીસામો ભાઈ રે. ભલે૦ ૧૧
તિહાંથી મકાગાલી પંથે ધસીએ,
પ્રભુગઢ દેખીને ઉલ્લસીએ રે. ભલે૦ ૧૨
નમીએ નારદ અયમત્તાની મુરતી,
વળી દ્રાવિડ વારિખીલ્લ સુરતી રે. ભલે૦ ૧૩
તીરથ ભૂમી દેખી સુખ જાગે,
નીરખો હેમકુંડની આગે રે. ભલે૦ ૧૪
રામ ભરત શુક સેલગ સ્વામી,
થાવચ્ચા નમું શીર નામી રે. ભલે૦ ૧૫
ભુખણકુંડ વાડી જોઈ વંદો,
સુકોમલ મુનિપદ સુખ કંદો રે. ભલે૦ ૧૬

આગળ હનુમત્ત વીર કહાવે,
હાંરે તિહાંથી બે વાટે જવાએ રે. ભલે૦ ૧૭
ડાબી દિશા રામપોળ હુરંજી,
સામી દીસે નદી શેત્રુંજી રે. ભલે૦ ૧૮
જોતાં જમણી દીસે વંદો ભાળી,
મુનિ જાલી મયાલી ઉવયાલી રે. ભલે૦ ૧૯
તિહાંથી ડાબી દિશી સામા સોહાવે,
નમો દેવકી ખટસુત ભાવે રે. ભલે૦ ૨૦
ઇમ શુદ્ધ ભાવ થકી ઉત્કર્ષે,
રામપોળમાં પેસીએ હરખે રે. ભલે૦ ૨૧
કુંતાસરે પાળે નવઘણ ભાળો,
જેહ કીધી શાહ શૃંગાલો રે. ભલે૦ ૨૨
ધાઈ સોપાન ચઢી અતિ હરખો,
જઈ વાઘણપોળે નીરખો રે. ભલે૦ ૨૩
સ્થીરતા એ શુભ જોગ જગાવો,
કહે અમૃત ભાવના ભાવો રે. ભલે૦ ૨૪

## ઢાળ બીજી.

સીતા હરખીજી હરખીજી—એ ટેક.

નીરખીજી નીરખીજી, હું તો હરખું રે નીરખીજી,
હરખીજી હરખીજી, હું તો પ્રણમું રે નીરખીજી. ૧
અતિ હરખે સંચરતાં જોતાં, જિનઘર ઓળા આળેજી;

જીવ જગાવી શીષ નમાવી, આવી હાથી પોળે. હું તો૦ ૧

આગલી પુંડરીકપોળે ચઢતાં, પ્રણમું બે કર જોડીજી; તીર્થપતિનું ભુવન નીહાળી, કરમ મંજીરમેં તોડી. હું તો૦ ૨

મૂળ ગભારે જાતાં માનું, સુકૃત સઘળાં તોડીજી; તત્ક્ષણ દુષ્કૃત દૂરે પળાયાં, નાખી કુગતિ ઊખેડી. હું તો૦ ૩

દીઠો લાડક મરૂદેવીનો, બેઠો તીરથ થાપીજી; પૂરવ નવાણું વાર આવ્યાથી, જગમાં કીરતિ વ્યાપી. હું તો૦ ૪

શ્રી આદીશ્વર વિધિશું વંદી, બીજા સર્વ જુહારૂંજી; નમિ વિનમિ કાઉસ્સગીઆ પાસે, જોઇ જોઇ આતમ તારૂ. હું તો૦ ૫

સાહમા ગજવર ખંધે બેઠાં, ભરતચક્રીની માડીજી; તિમ સુનંદા સુમંગળા પાસે, પ્રણમું તે ધન લાડી. હું તો૦ ૬

મૂળ ગભારામાં જિનમુદ્રા, એકે ઉણા પચાસજી; રંગમંડપમાં પડિમા એંશી, વંદી ભાવ ઉલ્લાસે. હું તો૦ ૭

ચૈત્ય ઉપર ચૌમુખ થાપ્યો છે, ફીરતી પ્રતિમા વંદુજી; વળી ગૌતમ ગણધરની ઠવણા, શી તારીફ વખાણું. હું તો૦ ૮

દેહેરા બાહિર ફીરતી દોરી, ચૌપન રૂડી દીસેજી; તેહમાં પ્રતિમા એકસો ત્રાણું, દેખી હિયડું હીસે. હું તો૦ ૯

નીલુડી રાયણ તરૂવર હેઠલ, પીલુડા પ્રભુજીના પાયજી; પૂજી પ્રણમી ભાવના ભાવી, હુલટ અંગ ન માય. હું તો૦ ૧૦

તસ પદ હેઠળ નાગમોરની, મૂરત બેઉ સોહાવેજી; તસ સુર પદવી સિદ્ધાચળના, માહાત્મ્યમાંહી કહાવે. હું તો૦ ૧૧

સાહમા પુંડરીકસ્વામી વિરાજે, પ્રતિમા છવીસ સંગેજી; તેહમાં બૌદ્ધની એક જિન પ્રતિમા, ટાળી નમીએ રંગે. હું તો૦ ૧૨

તિહાંથી બાહિર ઉત્તર પાસે, પ્રતિમા તેર દેદારજી; એક રૂપાની અવર ધાતુની, પંચ તીરથ છે વારૂ. હું તો૦ ૧૩

ઉત્તર સન્મુખ ગણધર પગલાં, ચઉદ સયાં બાવનનાંજી; તેહમાં શાંતિ જિણંદ જુહારૂ, પૂગ્યા કોડ તે મનના. હું તો૦ ૧૪

દક્ષિણ પાસે સહસ ફૂટને, દેખી પાપ પળાયાજી; એક સહસ ચોવીસ જિનેશ્વર; સંખ્યા એ કહેવાય. હું તો૦ ૧૫

દસ ક્ષેત્રે મળી ત્રીસ ચોવીસી, વળી વિહરમાન વિદેહજી; એક સો આઠ ઉત્કૃષ્ટે કાળે, સંપ્રતિ વીસ સનેહી. હું તો૦ ૧૬

ચોવીસ જિનનાં પંચ કલ્યાણક, એક સો વીસ સંભાળીજી; શાશ્વતા ચાર પ્રભુ સરવાળે, સહસફૂટ નિરધારી. હું તો૦ ૧૭

ગોમુખ યક્ષ ચક્કેસરી દેવી, તીરથની રખવાળીજી; તે પ્રભુના પદ પંકજને સેવે, કહે અમૃત નિહાળી. હું તો૦ ૧૮

## ઢાળ ત્રીજી.

### મુનિસુવ્રત જિન અરજ અમારી–એ દેશી.

એક દિશાથી જિન ઘર સંખ્યા, જિનવરની સંભળાવું રે; આતમથી ઓળખાણ કરીને, તે એહિ ઠાણ બતાવું રે; ત્રિભુવન તારણ તીરથ વંદો. ૧

રાયણથી દક્ષિણને પાસે, દેહરી એક ભલેરી રે;

તેહમાં ચૌમુખ હોય જુહારૂ; ટાળું ભવની ફેરીરે. ત્રિભુ૦ ૨

ચૌમુખ સર્વ મળીને છુટા, વીસ સંખ્યાએ જાણું રે. છુટી પ્રતિમા આઠ જુહારી, કરીએ જનમ પ્રમાણરે. ત્રિભુ૦ ૩

સંઘવી મોતીચંદ પટણીનું, સુંદર જિનઘર શોહે રે; તિહાં પ્રતિમા ઓગણીસ જુહારી, હિયડું હરખિત હોય રે. ત્રિભુ૦ ૪

શ્રીસમેતશિખરની રચના, કીધી છે ભલી ભ્રાન્ત રે; વીસ જિનેશ્વર પગલાં વંદું, બાવીસ જિન સંગાથે રે. ત્રિભુ૦ ૫

કુશલબાઇના ચૌમુખ માંહી, સિત્તેર જિન સોહાવે રે; અંચળગચ્છના દેહરા માંહી, બત્રીસ જિનજી દિખાવે રે. ત્રિભુ૦ ૬

સામુલાના મંડપમાંહિ, છેંતાલીસ જિણંદા રે; ચોવીસવટ્ટો એક તિહાં છે; પ્રણમું પરમાણંદા રે. ત્રિભુ૦ ૭

અષ્ટાપદ મંદીરમાં જઈને, અવિધિ દોષ તજીસ રે; ચાર આઠ દસ દોય નમીયે, બીજા જિન ચાળીસ રે. ત્રિભુ૦ ૮

શેઠજી સુરચંદની દહેરીમાં, નવ જિન પડિમા છાજે રે; ઘીયા કુંવરજીની દહેરીમાં, પ્રતિમા ત્રણ વિરાજે રે. ત્રિભુ૦ ૯

વસ્તુપાળના દેહરામાંહિ, થાપ્યા શ્રી ઋષભ જિણંદારે; કાઉસ્સગીઆ બે એકત્રીસ જિનવર, સંઘવી તારાચંદરે. ત્રિભુ૦ ૧૦

મેરૂશિખરની રચના મધ્યે, પ્રતિમા બાર ભલેરી રે; ભાણા લીંબડીયાની દેહરીમાં, દસ પ્રતિમા જુઓ હેરી રે. ત્રિભુ૦ ૧૧

સંઘવી તારાચંદ કેવળ પાસે, દેહરી છે અનેરી રે, તેહમાં દસ જિન પ્રતિમા નીરખી, સ્થીર પરિણતિ થઈ

મેરી રે. ત્રિભુ૦ ૧૨

પાંચ ભાઇઆના દેહરા માંહી, પ્રતિમા પાંચ છે મોટી રે;
બીજી તેત્રીસ જિન પડિમા છે, એહ વાત નહી ખોટી રે.
ત્રિભુ૦ ૧૩

અમદાવાદીનું દેહરૂં કહીએ, તેહમાં પ્રતિમા તેર રે;
પછવાડે દેહરીમાંહિ, પ્રણમું આઠ સવેરી રે. ત્રિભુ૦ ૧૪

શેઠ જગન્નાથજીએ કરાવ્યું, જિન મંદિર ભલે ભાવે રે;
તેહમાં નવ જિન પડિમા વંદી, કવિ અમૃત ગુણ ભાવે રે,
ત્રિભુ૦ ૧૫

## ઢાળ ચોથી.

તુમે પીળાં પીતાંબર પહેર્યાં જી; મુખને મરકલડે—એ દેશી.

રાયણજી ઉત્તર પાસેજી, તીરથના રસીઆ;
જિનવર જિનઘર ઉલ્લાસેજી, મુજ હઇડે વસીઆ.

સહુ ભાખ્યો જોઈ શીરનામીજી, તી૦ મુજ મનના
અંતરજામીજી. મુજ૦ ૧

જિનમુદ્રાએ ઋષભ જિણંદોજી, તી૦ તીમ ભરત બા-
હુબળી વંદોજી; મુજ૦ નમિ વિનમિ કાઉસગ્ગ સીમાજી;
તી૦ બ્રાહ્મી સુંદરી એક દેહરીમાંજી. મુજ૦ ૨

પક્ષ કિસન શુકલ બ્રહ્મચારીજી, તી૦ શેઠ વિજયને
વિજયા નારીજી; મુજ૦ એહવા કો ન હુવા અવતારીજી,
તી૦ જાઉં તેહની હું બલિહારીજી. મુજ૦ ૩

ગચ્છ અંચલ ચૈત્ય કહાવેજી, તી૦ વીસ પડિમા વંદુ ભાવેજી; મુજ૦ તસ મંડપ થંભા માંહીજી, તી૦ તેર પડિમા થાપી ઉછાંહીજી. ૪

વાછરડા મંગલ ખંભાતીજી; તી૦ તસ ચૈત્યમાં ત્રણ સોહાતીજી; ચઉદ પડિમા વંદુ ત્યાંહીજી. મુજ૦ ૫

સુખણદાસના દેહરા માંહીજી, તી૦ તેર પડિમા થાપી ઉછાંહીજી; મુજ૦ વાછરડા મંગળ ખંભાતીજી, તી૦ તસ ચૈત્યમાં ત્રણ સોહાતીજી. મુજ૦ ૬

સાકરબાઇની દહેરી વંદોજી, તી૦ સાત પ્રતિમા નીરખી આણંદોજી; મુજ૦ તિહાંથી વળી આગલ ચાલોજી, તી૦ માતા વીસેતાનું દહેરૂં ભાળોજી. મુજ૦ ૭

પીણ તે વસ્તુપાળે કરાવ્યુંજી, તી૦ આઠ પ્રતિમાએ સોહાવ્યુંજી; મુજ૦ તે ઉપર ચૌમુખ રાજેજી, તી૦ ચાર શાશ્વત જિન વિરાજેજી. મુજ૦ ૮

ઉગમણી બે છે દહેરીજી, તી૦ જિન પડિમા ઈગ્યાર ભલેરીજી; મુજ૦ શા. હેમચંદની દક્ષણાતીજી, તી૦ દહેરીમાં જોડી સોહાતીજી. મુજ૦ ૯

શા. રામજી ગંધારીએ કીધોજી, તી૦ પ્રાસાદ ઉત્તંગ પ્રસિદ્ધોજી; મુજ૦ તિહાં ચૌમુખ દેખી આણંદુજી, તી૦ સાત પ્રતિમા શોભે વંદુજી. મુજ૦ ૧૦

ખટ દેહરી છે તસ સંગેજી, તી૦ નમીએ બેંતાલીસ

રંગેજી; મુજ૦ તિહાં ચોવીસ જિનની માડીજી, તી૦ જિન
સંગે લેઇને કહાડીજી. મુજ૦ ૧૧

મૂલકોરની ભમતી માંહીજી, તી૦ ફરતી છે ચાર
દિશાએજી; મુજ૦ પાંચસેં હે સડસઠ સુખ કંદોજી, તી૦
ફીરતા જિન સઘળે વંદોજી. મુજ૦ ૧૨

મૂળકોટનાં ચૈત્ય નીહાળેજી, તી૦ એક સો પાંસઠ
સરવાળેજી; મુજ૦ તિહાં પ્રભુ સગવીસ સેંહે વંદોજી, તી૦
કહે અમૃત ચિર નંદોજી. મુજ૦ ૧૩

## ઢાળ પાંચમી.

વાતો કરો વેગળા રહી વિસરામી રે–એ દેશી.

હવે હાથીપોળની બાહિરે વિસરામી રે, બે ગોખે છે
જિનરાજ, નમું શીર નામી રે, તેહથી દક્ષિણ શ્રેણીએ, વિ૦
કહું જિનઘર જિનનો સાજ. નમું૦ ૧

કુમર નરીંદે કરાવીઓ, વિ૦ ધન ખરચી સાર વિહાર;
નમું૦ નમું બાવન શિખરે વંદીઓ, વિ૦ તિહુંતર જિન
પરિવાર. નમું૦ ૨

વળી ધનરાજને દેહરે, વિ૦ પ્રતિમા વંદુ સાત; નમું૦
દેહરે વર્ધમાન શેઠને, વિ૦ પ્રતિમા સાત વિખ્યાત. નમું૦ ૩

સા રવજી રાધનપુરી, વિ૦ તેહનું જિનઘર જોય; નમું૦
તિહાં પન્નર જિન દીપતા, વિ૦ પ્રણમી પાતિક ધોય. નમું૦ ૪

તેહની પાસે વિરાજતા, વિ૦ મંદિરમાં જિન ચાર;

નમું૦ હાથી આગળ જોઈએ, વિ૦ અદ્દભુત રચના સાર. નમું૦ ૫

જગત શેઠજીએ કીઆ, વિ૦ ત્રીણ શિખરો પ્રાસાદ; નમું૦ તિહાં પન્નર જિન પેખતાં, વિ૦ મુજ પરિણતી હુઇ આલ્હાદ. નમું૦ ૬

પાસે ભુવન જિનરાજનું, વિ૦ તિહાં ખટ પ્રતિમા ધાર; નમું૦ મૂર્ચ્છા ઉતારી કીયું, વિ૦ તે હીરબાઇએ સાર. નમું૦ ૭

કુંવરજી લાધા તણું, વિ૦ દીપે દેવળ ખાસ, નમું૦ તેત્રીસ જિનશું થાપીઆ, વિ૦ સહુસફણા શ્રીપાસ. નમું૦ ૮

વિમળ વસહી એ ચૈત્ય છે, વિ૦ જુઓ ભૂલી વાણીમાં ચાર; નમું૦ વળી ભમતીએ ચૌમુખ બે મળી, વિ૦ તિહાં એકાશી જિન ધાર. નમું૦ ૯

નેમીસર ચોરી તિહાં, વિ૦ એક સો સિત્તેર દેવ; નમું૦ મૂલ નાયક શું વંદીએ, વિ૦ વળી લોકનાલ તતખેવ. નમું૦ ૧૦

વિમળ વસહી પાસે અછે, વિ૦ દેહરી હોય વિશાળ નમું૦ પ્રતિમા આઠ જુહારીએ, વિ૦ આતમ કરી ઉજમાળ. નમું૦ ૧૧

પુન્ય પાપનું પારખું, વિ૦ કરવાને ગુણવંત; નમું૦ મોક્ષ બારી નામે અછે, વિ૦ તિહાં પેસી નીકળે સંત; નમું૦ ૧૨

તીરથની ચોકી કરે, વિ૦ વળી સંઘ તણી રખવાળ; નમું૦ કરમાસાહી થાપીયાં, વિ૦ સહુ વિઘન હરે વિસરાળ. નમું૦ ૧૩

સઘળે અંગે શોભતાં, વિ૦ ભૂષણ ઝાકઝમાળ; નમું૦ ચરણા ચોળી પહેરણે, વિ૦ સોહે ઘાટડી લાલ ગુલાલ. નમું૦ ૧૪

ચતુર ભુજા ચક્રેશ્વરી, વિ૦ તેહના પ્રણમી પાય; નમું૦ સંઘ સકળ ઓળગ કરે, વિ૦ બુદ્ધ અમૃત ભર ગુણ ગાય. નમું૦ ૧૫

ઢાળ છઠ્ઠી.

ભવિ તુમે વંદો રે શંખેશ્વર જિનરાયા—એ દેશી.

ભવિ તુમે સેવો રે એ જિનવર ઉપગારી, કો નહી એવો રે, તીરથમાં અધિકારી. એ આંકણી.

હાથીપોળથી ઉત્તર શ્રેણી, જિનઘર જિનજી છાજે. સમોવસરણ સુંદર છે તેહમાં, પ્રતિમા ચાર વિરાજે. ભવિ૦ ૧

સમોવસરણ પછવાડે દેહરી, આઠે અનોપમ સોહે; વીસ જિનેશ્વર તેહમાં બેઠા, ભવિયણનાં મન મોહે. ભવિ૦ ૨

રતનસીંઘ ભંડારી જેણે, કીધું દેવળ ખાસ; તિહાં જિન ચાર સંઘાથે થાપ્યાં, વિજય ચિંતામણી પાસ. ભવિ૦ ૩

તેહની પાસે ચાર છે દેહરી, તિહાં જિન પડિમા વીસ; પ્રેમજી વેલજી સાહને દેહરે, પ્રણમું પાંચ જગીસ. ભવિ૦ ૪

નથમલ આણંદજીએ કીધું, જિન મંદિર સુવિસાલ; તિહાં જઇ પાંચ જિનેશ્વર ભેટે, મેટે ભવ જંજાળ. ભવિ૦ ૫

વધુસા પરણીને દેહરે, અષ્ટાદસ જિનરાય; પાસે દેહરી ચિનાઈ બિંબની, દેશ બંગાળા કહીયા. ભવિ૦ ૬

અતિ અદ્ભુત જિન મંદિર રૂડું, લાધા વહોરા કેરૂં;
તિહાં સત્તર જિન પડિમા વંદે; તેહનું ભાગ્ય ભલેરૂં. ભવિ૦ ૭

સા મીઠાચંદ લાધા જાણું, પાટણ શહેરના વાસી;
જિનમંદિર સુંદર કરી પડિમા, પાંચ ઠવી છે ખાસી. ભવિ૦ ૮

ગુણોત જયમલજીને દેહરે, ચૌમુખ જઈને જુહારૂં;
પ્રતિમા દોય દિગંબર દેહરે, ભુવને નિરખી ભાખ્યું
સારૂં. ભવિ૦ ૯

રિખભ મોદીએ પ્રાસાદ કરાવ્યો, તિહાં દસ પડિમા વંદો;
રાજસી સાહના દેહરામાંહી, ભેટયા સાત જિણંદો. ભવિ૦ ૧૦

તીરથ સંઘ તણો રખવાલો, યક્ષ કપર્દિ કહીએ; બીજી
માત ચક્રેસરી વંદી, સુખ સંપત્તિ સહુ લહીએ. ભવિ૦ ૧૧

નહાનાં મહોટાં ભુવન મળીને, બેંતાલીસ અવધારો;
સંખ્યાએ જિનજીની પડિમા, પાંચસેં સોળ જુહારો. ભવિ૦ ૧૨

ઇણિ પરે સઘળાં ચૈત્ય મળીને, નાહી સુરજ કુંડ;
જયણાએ શુચિ અંગ કરીને, પહેરો વસ્ત્ર અખંડ. ભવિ૦ ૧૩

વિધિ પૂર્વક સામગ્રી મેલી, બહુ ઉપચાર સંઘાતે;
નાભિનંદન પૂજી સહુ પૂજે, જિનગુણ અમૃત ગાવે. ભવિ૦ ૧૪

## ઢાળ સાતમી.

### ભરત નૃપ ભાવશું એ—એ દેશી.

બીજી ટુંક જુહારીએ એ, પાવડીએ ચઢી જોય;
નમો ગિરિરાજને એ, એ આંકણી.

પહેલાં તે અદભદ દેખીએ, મુજ મન અચરિજ હોય. નમો૦ ૧

તિહાંથી આગળ ચાલતાં એ, દેહરી એક નીહાળી, નમો૦
તેહ ઠામે જઈ વંદીએ એ, જિનજી હોય નિહાળ. નમો૦ ૨

સંઘવી પ્રેમચંદે કર્યો એ, જિન મંદિર સુખકાર. નમો૦
સર્વતો ભદ્ર પ્રાસાદમાં એ, બિંબ નવાણું સાર. નમો૦ ૩

હેમચંદ લવજીએ કર્યો એ, દેહરો તિહાં શુભ ભાવ; નમો૦
બિંબ પચવીસ તીહાં વંદીએ એ, ભવોદધિ તારણ નાવ. નમો૦ ૪

આગળ પાંડવ વંદીએ એ, પાંચ રહ્યા કાઉસ્સગ્ગ; નમો૦
કુંતા માતા દ્રૌપદીએ, ગુણમણીનાં તે વગ્ગ. નમો૦ ૫

ખરતર વસહીની બારીએ એ, પહેલું શાન્તિ ભુવન્ન; નમો૦
સિત્તેર જિનને વંદીએ એ; ચોવીસવટ્ટા ત્રણ્ય. નમો૦ ૬

પાસે પાસ જિનેશ્વરૂએ, બેઠા ભુવન મઝાર; નમો૦
ચોવીસવટ્ટો એક તેહમાં એ, સાધુ મુદ્રા દોય ધાર. નમો૦ ૭

તેહમાં નંદીશ્વર થાપના એ, બાવન જિન પરિવાર; નમો૦
અવિધિ આશાતના ટાળીને એ, બિંબ ઓગણ્યાશી જુહાર. નમો૦ ૮

જિન ઘરમાં થાપીઆ એ, શ્રીસીમંધર જિનરાય; નમો૦
પ્રતિમા ચારશું વંદીએ એ, પરિણતી શુદ્ધ ઠરાય. નમો૦ ૯

ત્રણ જિનરાય શું ભુવનમાં એ, બેઠા શ્રીઅજિત જિણંદ;

નમો૦ પાસે માત ચક્રેસરી એ, અષ્ટ ભુજા અમંદ. નમો૦ ૧૦

છુટા ચૌમુખ તેહની એ, પ્રતિમા વંદો બાર; નમો૦
રાયણ તળે ચઉપાદુકા એ, તિહાં એક પડિમા સાર. નમો૦ ૧૧

ગણધર પાદુકા વંદીએ એ, ચઉદ સયાં બાવન પરિવાર;
નમો૦ પાસે દેહરી દીપતી એ, કીધી ધન તે જન્મ. નમો૦ ૧૨

શા હેમચંદ શીખર તણો એ, ભુવનમાં ત્રણ જિનરાજ;
નમો૦ પ્રણમીએ પાસ જિનેશ્વરૂ એ, એક દેહરે
શિરતાજ. નમો૦ ૧૩

આંમણી સામા છે દેહરાં એ, શ્રી શાન્તિનાથનાં દોય; નમો૦
એકમાં સાહી બત્રીસ નમું એ, બીજે પચાશ તું જોય. નમો૦ ૧૪

મૂળ કોટ માંહી દક્ષિણ દિશે એ, દેહરી ત્રણ્ય છે જોડ; નમો૦
તિહાં ખટ પ્રતિમા વંદીએ એ, કહે અમૃત મદ મોડ. નમો૦ ૧૫

## ઢાળ આઠમી.

એ તો ઘેલો છે ગિરધારીજી, એહને શું કહીએ–એ દેશી.

ઉત્તર પુરવ વિચલે ભાગે, દેહરી ત્રણ સોહાવે રે;
હરખીને તે સ્થાનક ફરસી,

વરસી સમતા ભાવે; એહને સેવોને, હાંરે તુમે સેવો
સહુ નર નાર એ; એ તો મેવો એણે સંસાર એ, એ તો
ભવજલ તારણહાર એ. આંકણી૦ ૧

તેહમાં થાવચ્ચા સુત સેલગ, સુરી પ્રમુખ સુખદાઈ રે;
ઈણ ગિરિ સિદ્ધાં તેહનાં પગલાં, વંદુ સહસ અઢાઇ. એ૦ ૨

પાસે વિહાર ઉત્તુંગ વિરાજે, રંગ મંડપ દિસી ચાર રે;
શેઠ સવા સોમજીએ કરાવ્યો, ખરચી વિત્ત ઉદાર. એ૦ ૩

અનંત ચતુષ્ટય ગુણ નીપજ્યાથી, સરખા ચારે રૂપરે;
પરમેશ્વર શુભ સમે થાપ્યા, ચાર દિશાએ અનૂપ. એ૦ ૪

તે મૂળનાયક ઋષભ જિનેશ્વર, બીજા જિન ત્રેંતાળ રે; શુદ્ધ
નિમિત્ત કારણ લહીએ એવા, હું પ્રણમું ત્રણ કાળ. એ૦ ૫

ઉપર ચૌમુખ છત્રીસ જિનશું, દેખી દુરિત નિકંદુ રે;
ચોવીસવટ્ટા એક મળીને, ચોપન પ્રતિમા વંદું રે. એ૦ ૬

સાહમા પુંડરિક સ્વામી બેઠા, પુંડરિકવર્ણા રાજે રે;
એ તસ પર વંદી બહાર દેહરી, તેહમાં શુભ વિરાજે રે. એ૦ ૭

ઋષભ પ્રભુને પુત્ર નવાણું, આઠ ભરત સુત સંગે રે; એકસો
આઠ સમય એક સિદ્ધા, પ્રણમું તસ પદ રંગે. એ૦ ૮

ફરતી ભમતીમાંહી પ્રતિમા, એકસો છે છત્રીસ રે; તેહમાં
ચોવીસવટ્ટા સાથે એકસો સાઠ જ બીસ; એ૦ ૯

પોળ બાહિર મરૂદેવી ટુંકે, ચૌમુખ એક પ્રસિદ્ધો રે,
ધનવેલ બાઇએ નિજ ધન ખરચી, નરભવ સફળો કીધો. એ૦ ૧૦

પશ્ચિમને મુખ સામા સોહે, દેવળમાં મનોહારી રે;
ગજવર ખંધે બેઠા આઇ, તીરથનાં અધિકારી. એ૦ ૧૧

સંપ્રતિ રાએ ભુવન કરાવ્યું, ઉત્તર સન્મુખ સોહે રે; તેહમાં
અચિરાનંદન નિરખી, કહે અમૃત મન મોહે; એહને સેવો રે. ૧૨

## ઢાળ નવમી.

### આઠ કુવા નવ વાવડી—એ દેશી.

હવે પછી પાવસહીમાં વાલા, તુમે ચાલે ચેતન લાલા રાજ; આજ સફળ દિન એ રૂડો—આંકણી, જિન મંદિર જિન મુરત ભેટો; ભવ ભવનાં પાતિક મેટો રાજ. આજ૦ ૧

તિહાં પાંચ ગભારે જઇ અટકળીયા, માનું પાંચ પ્રમેચી મળીયા રાજ; આજ૦ રાયણ તણાં પગલાં સુખદાઇ, તિહાં રૂષભ પ્રભુને ગાઈ રાજ. આજ૦ ૨

નેમી જિનેશ્વર શીશ પ્રવીણ, મુનિ નંદીષેણ નવીન રાજ; આજ૦ શ્રી શત્રુંજય ભેટણ આવ્યા, તિહાં અજિત શાંતિ ગુણ ગાયા રાજ; આજ૦ ૩

તેહ તવન મહિમાથી જોડે, બિહું જિનવર વંધા કોડે રાજ; આજ૦ તેહ મંદિર બે જોડે નીરખી, મેં ભેટયા બેહુ જિન હરખી રાજ. આજ૦ ૪

નયર ડભોહી તણો જે વાસી, મનુ પારખ ધર્મ અભ્યાસી રાજ; આજ૦ તેણે જિન મંદિર કીધું સારૂં, તિહાં ત્રણ પ્રતિમાને જુહારૂં રાજ. આજ૦ ૫

એક ભુવનમાં ત્રણ જિન રાજે, બીજામાં નેમ વિરાજે રાજ; દેવળ એક દેખી દુરિત નિકંદુ, તિહાં પાર્શ્વ પ્રભુને વંદુ રાજ. આજ૦ ૬

બાવન દેહરી પાછળ ફરતી, જિન મંદિર સોભા

કરતી રાજ; આજ૦ તેહમાં અજિત જિનેશ્વર રાયા; મેં પ્રણમીને ગુણ ગાયા રાજ. આજ૦ ૭

બાજુ નાનાં મોટાં ભુવન નિહાળી, સગતીસ ગણ્યા સંભાળી રાજ; આજ૦ સંખ્યા એ જિન પ્રતિમા જાણી, એ પાંચસેં નેવ્યાસી ગણીએ રાજ. આજ૦ ૮

એ તીરથ માળા સુવિચારી, તુમે જાત્રા કરો હિતકારી રાજ; આજ૦ દર્શન પૂજા સફળી થાએ, શુભ અમૃત ભાવે ગાવે રાજ. આજ૦ ૯

## ઢાળ દશમી.

**મુને સંભવ જિનશું પ્રીત અવિહડ લાગી રે–એ દેશી.**

તુમે સિદ્ધગિરિનાં બેહું ટુંક જોઈ જુહારોરે, તમે ભુલ્યા અનાદિની મુંકય એ ભવ આરો રે; તુમે ધરમી જીવ સંઘાત, પરિણતિ રંગેરે, તુમે કરજ્યો જાત્રા સનાથ, સુવિહિત સંગે રે. ૧

તુમે વાવરજો એક વાર, સચિત્ત સહુ ટાળો રે; કરી પડિક્કમણાં દોય વાર, પાર પખાળો રે. તુમે ધરજો શીલ શણગાર, ભૂમી સંથારો રે; અણુઆણે પાય સંચાર, છહરી પાળો રે. ૨

ઇમ સુણી આગમ રીત, હિયડે ધરજોરે; કરી સદ્દહણા પરતીત, તીરથ કરજો રે; આ દુઃષમ કાળે જોય, વિઘન ઘણેરાં રે, કીધું તે સીધું સોય, શું છે સવેરારે. ૩

એ હિતશીક્ષા જાણુ, સુગુણા હરખો રે, વળી તીરથનાં અહિઠાણુ, આગે નીરખો રે; દેવકીના ખટ નંદ, નમી અનુસરીએ રે, આતમ શકતે અમંદ, પ્રદક્ષિણા ફરીએ રે. ૪

પહેલી ઉલખાલોળ, ભરી તે જળશું રે, જાણે કેસરનાં ઝબકોળ, નમણના રસશું રે; પૂજે ઈંદ્ર અમૂલ રયણ પડિમાને રે, તેજળ આખ્ય કપોળ, ઠવો શિર ઠામે રે. ૫

આગળ દેહરી હોય સમીપે જાઉં રે, તિહાં પ્રતિમા પગલાં હોય, નમી ગુણ ગાઉં રે; વળી ચીલ્લણ તલાવડી દેખી, મનમાં ધારૂં રે; તિહાં સિદ્ધશિલા સંક્ષેપ, ગુણી સંભારૂં રે. ૬

ભાડવે ભવિયણ વૃંદ, આપણ જાશ્યું રે; જે સ્થાનક અજિત જિણંદ, રહ્યા ચોમાસું રે; સાંબ મુનિ પરજુન્ન, થયા અવિનાશી રે, તે ધન્ય કૃતારથ પુન્ય, થુણે ગુણ રાશિ રે. ૭

હું તો સિદ્ધવડ પગલાં સાધ, નમું હિત કાજે રે, ઇહાં શિવસુખ લીધું હાથ, બહુ મુનિરાજે રે; ઈમ ચઢતાં ચારે પાજ, ચઉગતિ વારે રે, એ તીરથ જગત જહાજ, ભવજલ તારે રે. ૮

જે જગ તીરથ સંત, તે સહુ કરીએ રે, પણ એ ગિરિ ભેટે અનંત, ગુણ ફળ વરીએ રે, પુંડરીકાદિકનાં નામ, એકવીસ લીજે રે; જિમ મનવાંછિત કામ, સઘળાં સીજે રે. ૯

કરીએ પંચ સ્નાત્ર રાયણ આદે રે; તિમ રૂડી રથયાત્ર, પ્રભુ પ્રસાદે રે; વળી નવાણું વાર, પ્રદક્ષિણા ફરીએ રે, સ્વસ્તિક દીપક સાર, તેજ કરીએ રે. ૧૦

પૂજા વિવિધ પ્રકાર, નૃત્ય બનાવો રે, ઈમ સફળ કરી અવતાર, ગુણી ગુણ ગાવો રે; નિજ અનુસારે શક્તિ, તીરથ સંગે રે; તુમે સાધુ સ્વામીભક્તિ, કરજો રંગે રે. ૧૧

પાલીતાણા ધન્ય ધન્ય, ધન્ય તે પ્રાણી રે; જિહાં તીરથ વાસી જન્ન, પુન્ય કમાણી રે; પ્રહ ઉગમતે સૂર, રિખભજી ભેટો રે, કરી દસ ત્રિક આણા પુર, પાપ સમેટો રે. ૧૨

જિહાં લલીતા સરપાળ, નમી પ્રભુ પગલાં રે, ડુંગર ભણી ઉજમાળ, ભરીએ ડગલાં રે; વિચમાં ભુખણ વાવ, જોઇ તે ચાલો રે, તમે ગુણ ગણતાં શુભ ભાવ, સાથે માલો રે. ૧૩

તુમે ધૂપ ઘટી કર માંહી, ઝુલા દેતા રે; વડની છાયા માંહી, તાળી લેતા રે; આવી તલેટી ઠાણ, તનુ શુચિ કરીએ રે, પુરવ રીત પ્રમાણ; પછી પરવરીએ રે. ૧૪

ઈણી પરે તીરથમાળા, ભાવે ભણશે રે, જેણે દીઠું નયણ નિહાળ, વિશેષે સુણશે રે; લહેશે મંગળમાળ, કંઠે જે ધરશે રે; વળી સુખ સંપત સુવિશાળ, મહોદય વરશે રે. ૧૫

તપગચ્છ ગયણ દિણંદ, રૂપે છાજે રે; શ્રી વિજયદેવ સુરીંદ, અધિક દીવાજે રે; રત્નવિજય તસ શિશ, પંડીત રાયા રે, ગુરૂરાજ વિવેક જગીશ, તાસ પસાયા રે. ૧૬

કીધો એહ અભ્યાસ અઢાર ચાળીસે રે, ઉજ્વળ ફાગુણ માસ, તેરસ દીવસે રે; શ્રી વિમળાચળ ચિત્ત ધરી ગુણ ગાયા રે; કહે અમૃત ભવિયણ નિત, નમો ગિરિરાયા રે. ૧૭

### કળશ.

ઇમ તીરથમાળા, ગુણહ વિશાળા, વિમળ ગિરિવર રાજની; કહે સ્વપર હેતે, પુણ્ય સંકેતે, એહ જિનવર સાજની; તપગચ્છ ગયણ દિણંદ ગણધર, વિજય જિણંદ સુરીશ્વરો; રચી તાસ રાજે, પુન્ય સાજે, અમૃતરંગ સુહંકરો. ૧૮

---

## ૨૭ શ્રી મલ્લીનાથનું સ્તવન.

દુહા—નવપદ સમરી મન શુદ્ધે, વલી ગૌતમ ગણધાર;
સરસ્વતી માતા ચિત્ત ધરૂં, વાધે વચન ઉદાર. ૧
મલ્લીનાથ ઓગણીસમા, જિનવર જગમાં જેહ;
ગુણ ગાઇશું તેહના, સુગુણ સુણે ધરી નેહ. ૨
કિણ દેહી કિણ નગરમેં, કવણ પિતા કુણ માત;
પાંચ કલ્યાણક પરગડા, વિગત કરી કહું વાત. ૩

### ઢાળ પહેલી

રામચંદ કે બાગમેં ચંપો મોરી રહ્યોરી—એ દેશી.

ઇણહીજ જંબુદ્વીપ ક્ષેત્ર ભરત સુખકારી;
નયરી મિથીલા નામ, અલકાને અણુહારી. ૧
તિહાં નૃપ કુંભ નરેસરાય, રાણી પ્રભાવતી નામે;
શીયલ ગુણ સમિહિત, જસ પસર્યો ઠામો ઠામ. ૨
એક દિવસ તે નાર, સુતી સેજ મોઝારી;

દેખી ચૌદ સુપન, તે જાગી તિણિ વારે. ૩
પતિની પહોતી પાસ, સુપન સહુ તે કહીયા;
નૃપ હરખ્યો મનમાંહે, અનુપમ હેતે લહીયા. ૪
સુપન તણે અનુસાર, પુત્રી હોશે પુન્યવંતી;
અરથ સુણીને તેહ, ઘર પોહોતી ગહગહતી. ૫
કહું પૂર્વ ભવ વાત, જિહાંથી ચવી આવ્યા;
વીતશોકા નામે નગરી, મહાબલ નામ કહાયા. ૬
તે મલીયા છએ મિત્ર, સહુ મલી દીક્ષા લીધી;
મહાબલ વંચ્યા મિત્ર, તપમેં માયા કીધી. ૭
સેવ્યાં સ્થાનક વીસ, ગોત્ર તીર્થંકર બાંધ્યો;
સ્ત્રી વેદ ઉદાર, પુન્યમેં પાપ એ સાધ્યો. ૮
અણસણ કરીય તે વાર, જિન ધર્મશું લય લાઇ;
છએ જીવ જયન્ત વિમાન, સુર પદવી તિહાં પાઈ. ૯

## ઢાળ બીજી.

### શ્રી ચંદ્રપ્રભુ પ્રાહુણો રે—એ દેશી.

ઇણહીજ જંબુદ્રીપમાંરે, ભરત ક્ષેત્ર કહેવાયરે;
છએ મિત્ર તિહાં ઉપનારે, તે સુણજો ચિત્ત લાયરે. ઈણ૦ ૧
પડિબુદ્ધા ઇકખ્ખવાગમાંરે, વદછાય અંગરાયરે;
શંખ કાશીનો રાજીયોરે, રૂપી કુણાલ કહાયરે. ઇણ૦ ૨
આદિત શત્રુ કુરૂ દેશમાંરે, જિતશત્રુ પંચાલ કહાયરે;
જયંતથી ચવી તે સહુરે, ઇહાં અવતાર લહાયરે. ઈણ૦ ૩

મહાબલ જીવ તિહાં થકીરે, પુણ્યવંત પ્રધાનરે;
ફાગણ સુદી ચોથનેરે, ચવિયા શ્રી જયંત વિમાનરે. ઇણ૦ ૪
પ્રભાવતી ઉર અવતર્યારે, માસ હુઆ જબ તીનરે;
ડોહલો એવો ઉપનોરે, વિણ પૂજ્યા રહે દીનરે, ઇણ૦ ૫
જલ થલ ઉપના ફૂલનીરે, સૂવું સેજ બિછાયરે;
પાંચ વરણ ફૂલ ચંદુઆરે, સુગંધ સરૂપ સહાયરે. ઇણ૦ ૬
નવસરો હાર ફૂલો તણોરે, હું પહેરૂં મન રંગ;
વાણવ્યંતર તે દેવતારે, પૂરે તેહ સુગંધરે. ઇણ૦ ૭
મૃગસિર સુદી અગિઆરસેરે, જાયી પુત્રી રતનરે;
અર્ધ નિદ્રા વીત્યા પછીરે, માતાજી હરખી મનેરે. ઇણ૦ ૮

## ઢાળ ત્રીજી.

### આદર જીવ ક્ષમા ગુણ આદર–એ દેશી.

છપન કુમરી આવી તિહાં હરખે, જિનવર વંદી પાયજી; જન્મ મહોત્સવ કરીય જુગતીશું, ગઇ નિજ ગૃહમતી લાયજી. છપન૦ ૧

ચોસઠ ઈન્દ્ર તિહાં કણે આવી, મેરૂ શિખર નવરાયજી; ગીત મધુર ધ્વનિ નાટક કરકે, મૂકી ગયા નિજ ઠામજી. છપન૦ ૨

હવે પ્રભાત થયો કુંભ રાજા; જન્મ મહોત્સવ કીધજી; દશ ઉઠણે બહુ જન જમાવી, મલ્લિ કુંવરી નામ દીધજી. છપન૦ ૩

એક શત વરસ થયા કેઈ ઉણા, અવધિ પ્રયુંજી જ્ઞાનજી; પૂર્વ ભવ છએ મિત્રો કેરા, લહી આવાગમને નામજી. છ૫ન૦ ૪

તે મુજ રૂપે મોહ્યા સઘલા, આશા એણે ઠામજી; ઇમ જાણી કુંવરી ગૃહમાંહે, કનક મૂર્તિ કરી તામજી. છ૫ન૦ ૫

મસ્તકે રોજ કવલ એક મુકે, આપ જિમે તિણે માંહીજી; દિવસ કેતે તે દુર્ગંધ પ્રગટી, મિત્રો દેખીઇ ઉછાંહીજી. છ૫ન૦ ૬

તે દેખી છએ મિત્ર પ્રતિબોધ્યા, સહુ ગયા નિજ નિજ ગેહજી; હવે મલ્લી દીક્ષા અવસર જાણી, દે વર્ષીદાન તેહજી. છ૫ન૦ ૭

## ઢાળ ચોથી.

**જિન પ્રતિમા હો જિન સારીખી કહી—એ દેશી.**

મૃગશીર સુદી અગિઆરસે આવીયા, તીન સેં નર લઇ સાય; તીન સેં નારી હો વલી લીધી દીક્ષા, છોડી સહુ ઘર આય. મૃગશીર૦ ૧

તીણહીજ દિન સંધ્યા સમય થયાં, લહીએ કેવલ નાણ; તત્ક્ષણ સમવસરણ દેવે કીધાં, સિધ્યાં સઘલાં કાજ. મૃગ૦ ૨

પર્ષદા બારહ લહી બેઠાં તિહાં, સુણી ધર્મ ધરી

નેહ. તિણ સમે છએ મિત્ર પણ આવીયા, લઈ દિક્ષા તજી નેહ. મૃગ૦ ૩

અઠાવીસ ગણધર થાએ જિનવરને, સાધુ સહસ ચાલીશ; સાધ્વી સહસ પંચાવન જેહને, કરે ધર્મ નિશદિશ. મૃગ૦ ૪

સહસ ચોરાસી એક લાખ શ્રાવક, શ્રાવકણી લખ તિન; સહસ પાંસઠ છે ઉપર જેહને, તપ જપ કરે નિશદિન. મૃગ૦ ૫

સહસ પંચાવન આયુ પાલીને, ઉપશમ ધરીયે ઉદાર; પર ઉપગારી હો શ્રી જિનવર તણો, નામ લીયો નિસ્તાર. મૃગ૦ ૬

પાંચસે સાધુ અઢીસેં સાધ્વી, લઈ સાથે પરિવાર; સમેત શિખર જિનવર ચાલીયા, સુમતિ ગુપ્તિ સુવિચાર. મૃગ૦ ૭

## ઢાળ પાંચમી.

### આજ હો પરમારથ થાયો—એ દેશી.

મલ્લી હો સમેત શિખર સીધાયા, ગિરિવર દેખી બહુ સુખ પાયા; સઘલાં સાધ્યા રે મન ભાયા, છોડી સકલ સંસારની માયા. મલ્લિ૦ ૧

સહુ જીવનાં પુઢવી પઢ પમજ્જણ કીધાં, સાધ્યા મન વંછિત સિદ્ધા; ડાભ સંથારે સુમન વીધા, ધર્મ શુકલ ધ્યાન સાથે લીધા. મલ્લી૦ ૨

ચોરાશી લાખ જીવ ખમાયા, પાપ અઢાર દૂર ગમાયા; સિદ્ધિ વધૂ મિલવા ઉમાયા, પડિલેહી છોડી નિજ કાયા. મલ્લી૦ ૩

સાધ્વી અંતર પરખદ રહીયે, બારહ પરખદા સાધુની કહીયે; કાઉસગ્ગ કરીને કાયા દહીયે, સિદ્ધ ધ્યાન-શું શિવપદ લહીયે. મલ્લી૦ ૪

ઋતુ વસંત ફાગણ સુખદાઇ, શુકલ પક્ષ બારસ અતિ સાસાઇ; અરધી નિશા જીમ ભરણી આઈ, તબ મલ્લિ નિજ મુગતિ સિરી પાઈ. મલ્લી૦ ૫

અવિનાશી અવિકાર કહાઇ, પરમ અતીન્દ્રિય સુખ લહાઇ, સમાધાન સરવંગ સહાઇ, પરમ રસ સરવંગ સહાઈ. મલ્લી૦ ૬

સિદ્ધ બુદ્ધ અવિરૂદ્ધ એ કહીએ, આદિ ન કોઇ એહનો લહીએ; મૃગશિર સુદ અગિઆરસ આયા, જિનવચને કરી સદ્દહીએ. મલ્લી૦ ૭

### કળશ.

સંવત સત્તર, વરસ છપ્પન, આસો માસ ઉદાર એ;
પ્રતિપદા તિથિ શુકલ પક્ષે, જેસલમેર મોઝાર એ;
પ્રધાન પાઠક શ્રી કુશલધીરે, ગુરૂએ સાંનિધ્ય કરી;
એ સ્તવન કીધો કુશલ લાભે, ધર્મ માર્ગ મનમેં ધરી. ૧

શ્રીમલ્લિનાથજી સ્તવન સંપૂર્ણ.

## ૨૮ શ્રીમહાવીર સ્વામીના પંચ કલ્યાણકનું સ્તવન.

**દુહા**—શાસન નાયક શિવકરણ, વંદુ વીર જિણંદ; *પંચ કલ્યાણક તેહના, ગાયશું ધરી આનંદ,* સુણતાં થુણતાં પ્રભુ તણા, ગુણ ગીરૂઆ એકતાર; ઋદ્ધિ વૃદ્ધિ સુખ સંપદા, સફળ હોય અવતાર.

### ઢાળ પહેલી.

( બાપલડી સુણ જીભલડી—એ દેશી )

સાંભળજો સસનેહી સયણાં, પ્રભુજીના ચરિત્ર ઉલ્લાસે રે; જે સાંભળશે પ્રભુ ગુણ તેહના, સમકિત નિર્મળ થાશે રે. સાં૦ ૧

જંબુદ્વીપે દક્ષિણ ભરતે, માહણકુંડ ગામેરે; ઋષભદત્ત બ્રાહ્મણ તસ નારી, દેવાનંદા નામે રે. સાં૦ ૨

અષાડ શુદી છઠ્ઠે પ્રભુજી, પુષ્પોત્તરથી ચવીયા; ઉત્તરાફાલ્ગુની જોગે આવી, તસ કુખે અવતરીયા રે. સાં૦ ૩

તે રયણીએ સા દેવાનંદા, સુપન ગજાદિક નિરખે રે; પ્રભાતે સુણી કંથ ઋષભદત્ત, હિયડા માંહી હરખે રે. સાં૦ ૪

ભાંખે ભોગ અર્થ સુખ હોશે, હોશે પુત્ર સુજાણરે; તે નિસુણી સા દેવાનંદા, કીધું વચન પ્રમાણ રે. સાં૦ ૫

ભોગ ભલા ભોગવતા વિચરે, એહવે અચરિજ હોવે રે; કાર્તિક જીવ સુરેશ્વર હરખે, અવધે પ્રભુને જોવે રે. સાં૦ ૬

કરી વંદનને ઇંદ્ર સન્મુખ, સાત આઠ પગ આવે; શક-

સ્તવ વિધિ સહિત ભણીને, સિંહાસન સોહાવે રે. સાં૦ ૭
સંશય પડીયો ઈમ વિમાસે, એ જિન ચક્રી હરિ રામરે;
તુચ્છ દરિદ્ર માહણ કુળ નાવે, ઉગ્રભોગ વિણ ધામે રે. સાં૦ ૮
અંતિમ જિન માહણ કુળ આવ્યા, એહ અછેરૂ કહીએરે;
અવસર્પિણી ઉત્સર્પિણી અનંતી, જાતાં એહવું લહીએરે.સાં૦ ૯
ઈણ અવસર્પિણી દશ અછેરાં, થયાં તે કહીએ તેહરે;
ગર્ભહરણ ગોશાળા ઉપસર્ગ, નિષ્ફળ દેશના જેહ રે. સાં૦ ૧૦
મૂળ વિમાને રવિ શશી આવ્યા, ચમરાનો ઉત્પાત રે;
એ શ્રી વીર જિનેશ્વર વારે, ઉપન્યા પંચ વિખ્યાત રે. સાં૦ ૧૧
સ્ત્રી તીરથ મલ્લિ જિન વારે, શિતલને હરિવંશરે; ઋષભને
અઠોતરસો સિધ્યા, સુવિધિ અસંયતિ શંશ રે. સાં૦ ૧૨
શંખ શબ્દ મીળીયા હરિ હરિશું; નેમીશ્વરને વારેરે;તેમ પ્રભુ
નીચ કુળે અવતરીયા, સુરપતિ એમ વિચારે રે. સાં૦ ૧૩

## ઢાળ બીજી.

નદી યમુનાકે તીરે ઉડે દોય પંખીયા—એ દેશી.

ભવ સત્યાવીશ સ્થૂલ માંહિ ત્રીજે ભવે, મરીચી કીયો
કુળનો મદ ભરત યદા સ્તવે; નીચ ગોત્ર કર્મ બાંધ્યું
તીહાં તેહથી, અવતરીય માહણ કુલ અંતિમ જિનપતિ. ૧
અતિશે અઘટતું એહ થયું થાશે નહિ, જે પ્રસવે
જિન ચક્રી નીચ કુળે નહિ; એહ મારો આચાર ધરૂં ઉત્તમ
કુળે, હરિણગમેષી દેવ તેડાવે એટલે. ૨

કહે માહણકુંડ નયરે જઈ ઉચિત કરો, દેવાનંદા કુખેથી પ્રભુને સંહરો; નયર ક્ષત્રિય કુંડ રાય સિદ્ધારથ ગેહિની, ત્રિશલા રાણી ધરો પ્રભુ કુખે તેહની. ૩

ત્રિશલા ગર્ભ લઇને, ધરો માહણી ઉરે, બ્યાસી રાત વસીને કહ્યું તેમ સુર કરે; માહણી દેખે સુપન જાણે ત્રિશલા હર્યાં, ત્રિશલા સુપન લહે તવ ચૌદ અલંકર્યા. ૪

હાથી વૃષભ સિંહ લક્ષ્મી માળા સુંદરૂં, શશી રવિ ધ્વજ કુંભ પદ્મ સરોવર સાગરૂં; દેવ વિમાન રયણ પુંજ અગ્નિ વિમળ હવે, દેખે ત્રિશલા એહ કે પીયુને વિનવે. ૫

હરખે રાય કે સુપન પાઠક તેડાવિયા, રાજભોગ સુતફલ સુણી તેહ વધાવિયા; ત્રિશલા રાણી વિધિશું ગર્ભ સુખે હવે, માય તણે હિત હેત કે પ્રભુ નિશ્ચલ રહે. ૬

માય ધરે દુઃખ જોર વિલાપ ઘણાં કરે, કહે મેં કીધાં પાપ અઘોર ભવાંતરે; ગર્ભ હર્યો મુજ કોણે હવે કેમ પામીએ, દુઃખનું કારણ જાણી વિચાર્યું સ્વામીએ. ૭

અહો અહો મોહ વિટંબણા જાલમ જગતમેં, અણદીઠે દુઃખ એવડું ઉપાયું પલકમેં; તામ અભિગ્રહ ધારે પ્રભુ તે કહું, માતપિતા જીવતાં સંજમ નવિ ગ્રહું. ૮

કરૂણા આણી અંગ હલાવ્યું જિનપતિ, બોલે ત્રિશલા માત હૈયે ઘણું હિસતી; અહો મુજ જાગ્યાં ભાગ્ય રે ગર્ભ મુજ સળસળ્યો, સેવો શ્રી જિન ધર્મ કે સુરતરૂ જેમ ફળ્યો. ૯

સખીયો કહે શીખામણ સ્વામીની સાંભળો, હળવે હળવે બોલો હસો રંગે ચલો; ઈમ આનંદે વિચરંતા ડોહલા પૂરતા, નવ મહિના ને સાડાસાત દિવસ થતા. ૧૦

ચૈત્ર તણી શુદી તેરશ નક્ષત્ર ઉત્તરા, જોગે જન્મ્યા વીર, સુહંકર સુંદરા; ત્રિભુવન થયો ઉદ્યોત કે હરખ વધામણાં, સોના રૂપાને ફૂલે વધાવે સુર ઘણાં. ૧૧

આવી છપ્પન કુમારીકે ઓચ્છવ પ્રભુ તણે, ચાલે રે સિંહાસન ઈંદ્રિ કે ઘંટા રણઝણે; મળી સુરની કોડ કે સુરવર આવીયો, પંચરૂપ કરી પ્રભુને સુરગિરિ લાવીયો. ૧૨

એક ક્રોડ સાઠ લાખ કળશ જળશું ભર્યા, કેમ સહેશે લઘુ વીર કે ઈંદ્ર સંશય ધર્યા; પ્રભુ અંગુઠે મેરૂ ચાંપ્યો અતિ ચડથડયા, ગડગડયા પૃથ્વી લોક જગત જન લડથડયા. ૧૩

અનંત બળી જાણી પ્રભુ, ઈંદ્રે ખમાવીયા, ચાર વૃષભનાં રૂપ કરી જળ નામીઆ; પૂજી અર્ચી પ્રભુને માય પાસે ધરે, ધરે અંગુઠે અમૃત ગયા નંદીશ્વરે. ૧૪

## ઢાળ ત્રીજી.

### ( દેશી-હમચડીની )

કરે મહોત્સવ સિદ્ધારથ નૃપ, નામ ધર્યું વર્ધમાન, દિન દિન વાધે પ્રભુ સુરતરૂ જેમ, રૂપ કળા અસમાનરે. હમચડી ૧

એક દિન પ્રભુજી રમવા કારણ, પુર બાહિર જબ જાવે, ઈંદ્ર મુખે પ્રશંસા સુણીને, મિથ્યાત્વી સુર આવે રે. હમચડી. ૨

અહિ રૂપે વિંટાણો તરૂ શું, પ્રભુજીએ નાંખ્યો ઉછાળી; સાત તાડનું રૂપ કર્યું તબ, મુષ્ટે નાંખ્યો વાળી રે. હમચડી. ૩

પાય લાગીને તે સુર ખામે, નામ ધરે મહાવીર; જેવા ઈંદ્રે વખાણ્યા સ્વામી, તેવા સાહસ ધીર રે. હમચડી. ૪

માતાપિતા નિશાળે મૂકે, આઠ વરસના જાણી; ઇંદ્ર તણા તિહાં સંશય ટાળ્યાં, નવ વ્યાકરણ વખાણી રે. હમચડી. ૫

અનુક્રમે યૌવન પામ્યા પ્રભુજી, વર્યા યશોદા રાણી; અઠ્ઠાવીશ વરસે પ્રભુનાં, માતપિતા નિર્વાણી રે. હમચડી. ૬

દોય વરસ ભાઇને આગ્રહે, પ્રભુ ઘર વાસે વસીયા; ધર્મ પંથ દેખાડો એમ કહે, લોકાંતિક ઉલ્લસિયા રે. હમચડી. ૭

એક કરોડ આઠ લાખ સોનૈયા, દિન દિન પ્રભુજી આપે; ઈમ સંવત્સરી દાન દઇને, જગનાં દારિદ્રય કાપે રે. હમચડી. ૮

રાજ છંડી અંતેઉર પ્રભુજી, ભાઇએ અનુમતિ દીધી; માગશર વદ દશમી ઉત્તરાએ, વીરે દીક્ષા લીધી રે. હમચડી. ૯

ચઉનાણી તે દિનથી પ્રભુજી, વરસ દિવસ ઝાઝે રે; ચીવર અર્ધ બ્રાહ્મણને આપ્યું, ખંડ ખંડ બે ફેરે રે. હમચડી. ૧૦

ઘોર પરિસહ સાડાબારે, વરસે જે જે સહીઆ; ઘોર અભિગ્રહ જે જે ધરીયા, તે નવિ જાએ કહીયા રે. હમચડી. ૧૧

શૂલપાણી ને સંગમદેવે, ચંડકોશી ગોસાલે; દીધું દુઃખને પાયસ રાંધી, પગ ઉપર ગોવાળે રે. હમચડી. ૧૨

કાને ગોપે ખીલા ઠોકયા, કાઢંતા નાંખી રાડી; જે

સાંભળતાં ત્રિભુવન કંપ્યા, પર્વત શિલા ફાટી રે. હમચડી. ૧૩

તે તેં દુષ્ટ સર્વે ઉદ્ધરીઆ, પ્રભુજી પર ઉપગારી; અડદ તણાં બાકુલા લઇને, ચંદનબાળા તારી રે. હમચડી. ૧૪

દોય છમાસી, નવ ચઉમાસી, અઢી માસી ત્રણ માસી; દોઢ માસી બે બે કીધાં, છ કીધાં બે માસી રે. હમચડી.૧૫

બાર માસ ને પક્ષ બહોંતેર, છઠ બસેં ઓગણત્રીસ વખાણું; બાર અઠ્ઠમ ભદ્રાદિ પડિમા, દિન દોઈ ચાર દશ જાણું રે. હમચડી. ૧૬

ઈમ તપ કીધાં બારે વરસે, વિણ પાણી ઉલ્લાસે; તેમાં પારણાં પ્રભુજીએ કીધાં, ત્રણસેં ઓગણ પચાસ રે. હમચડી. ૧૭

કર્મ ખપાવી વૈશાખ માસે, શુદી દશમી શુભ જાણ; ઉત્તરા જોગે શાળી વૃક્ષ તળે, પામ્યા કેવળ નાણ રે. હમચડી.૧૮

ઈંદ્રભૂતિ આદિ પ્રતિબોધ્યા, ગણધર પદવી દીધી; સાધુ સાધ્વી શ્રાવક શ્રાવિકા, સંઘ સ્થાપના કીધી રે. હમચડી. ૧૯

ચૌદ સહસ અણગાર સાધવી, સહસ છત્રીસ કહીજે; એક લાખ ને સહસ ઓગણસાઠ, શ્રાવક શુદ્ધ લહીજે રે. હમચડી. ૨૦

ત્રણ લાખ ને સહસ અઢાર વળી, શ્રાવિકા સંખ્યા જાણી; ત્રણસેં ચઉદશ પૂર્વધારી, તેરસેં ઓહી નાણી રે. હમચડી. ૨૧

સાત સયાં તે કેવળ નાણી, લબ્ધિ ધારી પણ તેતા;

વિપુલમતિ પાંચસે કહી જે, ચારસેં વાદી જીત્યા રે. હમચડી. ૨૨

સાતસે અંતેવાસી સિદ્ધા, સાધવી ચૌદસેં સાર; દિન દિન દીપે તેજ સવાઇ, પ્રભુજીનો પરિવાર રે. હમચડી. ૨૩

ત્રીસ વરસ ઘર વાસે વસીઆ, બાર વરસ છદ્મસ્થે; ત્રીશ વરસ કેવળ બેંતાલીશ, વરસ શ્રમણ્ય મધ્યે રે. હમચડી. ૨૪

વરસ બહોંતેર કેરૂં આયુ, વીર જિણંદનું જાણો; દિવાળી દિન સ્વાતિ નક્ષત્રે પ્રભુજીનો નિર્વાણ રે. હમચડી. ૨૫

પંચ કલ્યાણક ઈમ વખાણ્યાં, પ્રભુજીનાં ઉલ્લાસે, સંઘ તણા આગ્રહે હર્ષભર, સુરત રહી ચોમાસું રે. હમચડી૦ ૨૬

## કળશ.

એમ ચરમ જિનવર સયલ સુખકર, થુણ્યો અતિ ઉલટ ભરે; અષાઢ ઉજ્જવલ પંચમી દિને સંવત સત્તર તહોંતરે; શ્રી વિમળ વિજય ઉવજ્ઝાય પયજ, ભાદરવા સુદ પડવા તણે દિન, રવિવારે ઉલટ ભરો. ભ્રમર સમ શુભ શિષ્ય એ, રામ વિજય જિનવર નામે, લહેઅે અધિક જગીશ એ. ૧

# વિભાગ ચોથો

## થોયો—સ્તુતિઓ.

### ૧ બીજની સ્તુતિ.

જંબુદ્વીપે અહોનિશ દીપે, દોય સૂર્ય દોય ચંદાજી;
તાસ વિમાને શ્રી ઋષભાદિક, શાશ્વતા શ્રી જિનચંદાજી;
તેહ જાણી ઉગતે શશિ નિરખી, પ્રણમે ભવિજન ચંદાજી;
બીજ આરાધો ધર્મની બીજે, પૂજી શાંતિ જિણંદાજી. ૧
દ્રવ્ય ભાવ દોય ભેદે પૂજો, ચોવીશે જિનચંદાજી;
બંધન દોય દૂર કરીને, પામ્યા પરમાણંદાજી;
દુષ્ટ ધ્યાન દોય મત્ત મતંગજ, ભેદન મત્ત મહેંદાજી;
બીજ તણે દિન જે આરાધે, જેમ જગ મહા ચિરંનંદાજી. ૨
દ્વિવિધ ધર્મ જિનરાજ પ્રકાશે, સમવસરણ મંડાણજી;
નિશ્ચય ને વ્યવહાર બેહુશું, આગમ મધુરી વાણજી;
નરક તિર્યંચ ગતિ દોય ન હોવે, બીજ તે જે આરાધેજી;
દ્વિવિધ દયા ત્રસ સ્થાવર કેરી, કરતાં શિવસુખ સાધેજી. ૩
બીજચંદન પર ભુષણ ભૂષિત, દીપે લલવટી ચંદાજી;
ગરૂડ જક્ષ નારી સુખકારી, નિર્વાણી સુખકંદાજી;
બીજ તણો તપ કરતાં ભવીને, સમકિત સાંનિધ્યકારીજી;
ધીરવિમળ શિષ્ય કહે ઈણવિધ શીખ, સંઘના વિઘ્ન નિવારીજી. ૪

## ૨ પાંચમની સ્તુતિ.

પાંચમને દિન ચોસઠ ઈંદ્રે, નેમજિન મહોત્સવ કીધોજી;
રૂપે રંભા રાજીમતીને, છંડી ચારિત્ર લીધોજી;
અંજન રત્ન સમ કાયા દીપે, શંખ લંછન સુપ્રસિદ્ધોજી;
કેવળ પામી મુક્તિ પહોંચ્યા, સઘળાં કારજ સિધ્યાંજી. ૧
આબુ અષ્ટાપદ ને તારંગા, શત્રુંજય ગિરિ સોહેજી,
રાણકપુર ને પાર્શ્વ શંખેશ્વર, ગિરનારે મન મોહેજી;
સમેતશિખર ને વળી વૈભારગિરિ, ગોડી થંભણ વંદોજી;
પંચમીને દિન પૂજા કરતાં, અશુભ કર્મ નિકંદોજી. ૨
નેમિ જિનેશ્વર ત્રિગડે બેઠા, પંચમી મહિમા બોલેજી;
બીજાં તપ જપ છે અતિ બહોળા, નહીકોઇ પંચમી તોલેજી;
પાટી પોથી ઠવણી કવળી, નોકારવાળી સારીજી;
પંચમીનું ઉજમણું કરતાં, લહીએ શિવવધૂ પ્યારીજી. ૩
શાસનદેવી સાંનિધ્યકારી, આરાધે અતિ દીપેજી;
કાને કુંડળ સુવર્ણ ચુડી, રૂપે રમઝમ દીપેજી;
અંબિકા દેવી વિઘ્ન હરેવી, શાસન સાનિધ્યકારીજી;
પંડિત હેતવિજય જયકારી, જિન જપે જયકારીજી. ૪

## ૩ અષ્ટમીની સ્તુતિ.

ચોવીસે જિનવર, હું પ્રણમું નિત્યમેવ;
આઠમ દિન કરીએ, ચંદ્રપ્રભુની સેવ;
મૂર્તિ મનમોહન, જાણે પુનમચંદ;
દીઠે દુઃખ જાયે, પામે પરમાનંદ. ૧

મળી ચોસઠ ઇંદ્ર, પૂજે પ્રભુજીના પાય;
ઇંદ્રાણી અપ્સરા, કર જોડી ગુણ ગાય;
નંદીશ્વર દ્વીપે, મળી સુરવરની કોડ;
અઠ્ઠાઈ મહોત્સવ, કરતાં હોડાહોડ. ૨
શત્રુંજય શિખરે, જાણી લાભ અપાર;
ચોમાસું રહીયા, ગણધર મુનિ પરિવાર;
ભવિયણને તારે, દેઇ ધર્મ ઉપદેશ;
દૂધ સાકરથી પણ, વાણી અધિક વિશેષ. ૩
પોસહ પડિક્કમણું, કરીએ વ્રત પચ્ચકખાણ;
આઠમ દિન કરીએ, અષ્ટ કર્મની હાણ;
અષ્ટ મંગલ થાયે, દિન દિન કોડ કલ્યાણ;
એમ સુખસૂરિ કહે જીવિત જન્મ પ્રમાણ. ૪

## ૪ આઠમની સ્તુતિ.

અભિનંદન જિનવર, પરમાનંદ પદ પામે;
વળી નેમ જિનેશ્વર, જન્મ લહી શિવ કામે;
તેમ મોક્ષ ચ્યવન બેહુ, પાર્શ્વ દેવ સુપાસ;
આઠમને દિવસે, સુમતિ જન્મ સુપ્રકાશ. ૧
વળી જન્મ ને દીક્ષા, ઋષભ તણાં જિહાં હોય;
સુવ્રત જિન જનમ્યા, સંભવનું ચ્યવન જોય;
વળી જન્મ અજિતનો, એમ અગ્યાર કલ્યાણ;
સંપ્રતિ જિનવરના, આઠમને દિન જાણ. ૨

જિહાં પ્રવચન માતા, આઠ તણો વિસ્તાર;
અડ ભંગી એ જાણો, સવિ જગજીવ વિચાર;
તે આગમ આદર, આણીને આરાધો;
આઠમને દિવસે, આઠ અક્ષય સુખ સાધો. ૩
શાસન રખવાળી, વિદ્યાદેવી સોળ;
સમકિતની સાંનિધ્ય, કરતી છોકમછોળ;
અનુભવ રસ લીલા, આપે સુજસ જગીશ;
કવિ ધીર વિમળનો, જ્ઞાન વિમળ કહે શિષ્ય. ૪

## ૫ એકાદશીની સ્તુતિ.

ગોપી પતિ પૂછે, પભણે નેમિ કુમાર;
ઇહાં થોડે કીધે, લહિએ પુણ્ય અપાર,
મૃગશર અજવાળી, અગ્યારસ સુવિચાર;
પોસહ વિધિ પાળી, લહુ તરીએ સંસાર. ૧
કલ્યાણક હુવા, જિનના એક સો પચાસ;
તસ ગુણણું ગણતાં, પહોંચે વાંછિત આશ;
ઇહાં ભાવ ધરીને, વ્રત કીજે ઉપવાસ;
મૌન વ્રત પાળી, છાંડી જે ભવ પાસ. ૨
ભગવંતે ભાખ્યો, શ્રી સિધ્ધાંત મોઝાર;
અગ્યારશ મહિમા, મૃગશિર પખ શુદ્ધી સાર;
સવિ અતીત અનાગત, વર્તમાન સુવિચાર;
જિનપતિ કલ્યાણક, છોડે પાપ વિકાર. ૩

ઐરાવણ વાહન, સુરપતિ અતિ બલવંત;
જિમ જગ જશ ગાજે, રમણિકાંત હસંત;
તપ સાનિધ્ય કરજો, મૌન અગ્યારશ સંત;
તવ કીર્તિ પ્રસરે, શાસન વિનય કરંત. ૪

## ૬ એકાદશીની થોય.

નિરૂપમ નેમિ જિનેશ્વર ભાખે, એકાદશી અભિરામજી; એક મને કરી જેહ આરાધે, તે પામે શિવ ઠામજી; તેહ નિસુણી માધવ પૂછે મન ધરી અતિ આનંદાજી; એકાદશીનો એહવો મહિમા, સાંભળી કહો જિણંદાજી. ૧

એક શત અધિક પચાસ પ્રમાણ, કલ્યાણક સવિ જિનનાંજી; તેહ ભણી તે દિન આરાધો, પાપ છંડો સવિ મનનાંજી, પોસહ કરીએ મૌન આદરીએ, પરિહરીએ અભિમાનજી; તે દિન માયા મમતા તજીએ, ભજીએ શ્રી ભગવાનજી. ૨

પ્રભાતે પડિક્કમણું કરીને, પોસહ પણ તિહાં પારીજી; દેવ જુહારી ગુરૂને વાંદી, દેશનાની સુણું વાણીજી; સ્વામી જમાડું કર્મ ખપાવું, ઉજમણું ધરે માંડુંજી, અશનાદિક ગુરૂને વહોરાવી પારણું કરૂં પછી વારૂંજી. ૩

બાવીશમા જિન એણી પરે બોલે, સુણ તું કૃષ્ણ નરિંદાજી; એમ એકાદશી જેહ આરાધે, તે પામે સુખ વૃંદાજી; દેવી અંબાઇ પુણ્ય પસાયે, નેમીશ્વર હિતકારીજી; પંડિત હરખ-વિજય તસ શિષ્ય માનવિજય જયકારીજી. ૪

## ૭ શ્રી શાન્તિનાથ જિન સ્તુતિ.

શાન્તિ જિનેશ્વર સમરીએ, જેહની અચિરા માય;
વિશ્વસેન કુલ ઉપન્યા, મૃગ લંછન પાય;
ગજપુર નયરીનો ધણી, કંચનવરણી છે કાય;
ધનુષ્ય ચાલીસની દેહડી, લાખ વરસનું આય. ૧
શાન્તિ જિનેશ્વર સોલમા, ચક્રી પંચમ જાણું;
કુંથુનાથ ચક્રી છઠ્ઠા, અરનાથ વખાણું;
એ ત્રણે ચક્રી સહી, દેખી આણંદુ,
સંજમ લેઇ મુગતે ગયા, નિત્ય ઉઠીને વંદુ. ૨
શાંન્તિ જિનેશ્વર કેવલી, બેઠા ધર્મ પ્રકાશે;
દાન શિયળ તપ ભાવના, નર સોય અભ્યાસે;
એરે વચન જિનજી તણા, જેણે હૈડે ધરીઆ;
સુણતાં સમકિત નિર્મલા, જેણે કેવળ વરીઆ. ૩
સમેત શિખર ગિરિ ઉપરે, જેણે અણસણ કીધાં;
કાઉસ્સગ ધ્યાન મુદ્રા રહી, જેણે મોક્ષ જ લીધાં;
જક્ષ ગરૂડ સમરૂ સદા, દેવી નિર્વાણી;
ભવિક જીવ તુમે સાંભળો, રિખભદાસની વાણી. ૪

## ૮ શ્રી નેમનાથ (ગિરનારજી)ની સ્તુતિ.

શ્રીગિરનાર શિખર શણગાર, રાજિમતી હૈડાનો હાર, જિનવર નેમિ કુમાર; પુરણ કરૂણા રસ ભંડાર, ઉગાર્યાં પશુઓ એ વાર, સમુદ્રવિજય મલ્હાર; મોર કરે મધુરો કેકાર,

વચ્ચે વચ્ચે કોયલના ટહુકાર, સહસ ગમેં સહકાર; સહસા વનમેં હુઆ અણગાર, પ્રભુજી પામ્યા કેવળ સાર, પહોંચ્યા મુક્તિ મોઝાર. ૧

સિદ્ધગિરિ એ તીરથ સાર, આબુ અષ્ટાપદ સુખકાર; ચિત્રકૂટ વેભાર; સુવર્ણગિરિ સમેત શ્રીકાર, નંદીશ્વર વર દ્વીપ ઉદાર, જિહાં બાવન વિહાર; કુંડલ રૂચક ને ઇષુકાર, શાશ્વતા અશાશ્વતા ચૈત્ય વિચાર, અવર અનેક પ્રકાર; કુમતિ વયણ મં ભૂલ ગમાર, તીરથ ભેટે લાભ અપાર, ભવિયણ ભાવે જુહાર. ૨

પ્રગટ છઠે અંગે વખાણી, દ્રૌપદી પાંડવની પટરાણી; પૂજા જિન પ્રતિમાની; વિધિશું કીધી ઉલટ આણી, નારદ મિથ્યાદષ્ટિ અનાણી, છાંડયો અવિરતિ જાણી; શ્રાવક કુળની એ સહીનાણી, સમકિત આલાવે આખ્યાણી, સાતમે અંગે વખાણી; પૂજનિક પ્રતિમા અંકાણી, ઈમ અનેક આગમની વાણી, તે સુણજો ભવિ પ્રાણી. ૩

કેડે કટિમેખલા ઘુઘરીયાળી, પાયે નૂપુર રણઝમ ચાલી, ઉજ્જયંત ગિરિ રખવાળી; અધર લાલ જીસ્યા પરવાળી, કંચનવાન કાયા સુકુમાળી; કર હલકે અંબડાળી; વૈરીને લાગે વિકરાળી, સંઘના વિઘ્ન હરે ઉજમાળી, અંબાદેવી મયાળી; મહિમાએ દશ દિશ અજુઆળી, ગુરૂ શ્રી સંઘવિજય સંભાળી, દિન દિન નિત્ય દિવાળી. ૪

## ૯ શ્રી પાર્શ્વનાથની સ્તુતિ.

પોસી દશમ દિન પાસ જિણેસર, જનમ્યા વામાં માયજી;
જન્મ મહોત્સવ સુરપતિ કીધો, વલિય વિશેષે રાયજી;
છપ્પન દિગકુમરી હુલરાવ્યો, સુર નર કિન્નર ગાયોજી;
અશ્વસેન કુલ કમલાવતંસે, ભાનુ ઉદય સમ આયોજી. ૧
પોસ દશમ દિન આંબિલ કરી એ, જેમ ભવસાયર તરીએજી;
પાસ જિણંદનું ધ્યાન ધરંતાં, સુકૃત ભંડાર ભરીએજી;
ઋષભાદિક જિનવર ચોવીશે, તે સેવો ભલે ભાવેજી;
શિવ રમણી વરી જિન બેઠા, પરમ પદ સોહાવેજી. ૨
કેવળ પામી ત્રિગડે બેઠા, પાસ જિનેસર સારજી;
મધુર ગિરાએ દેશના દેવે, ભવિ જન મન સુખકારજી;
દાન શીલ તપ ભાવે આદરશે, તે તરશે સંસારજી;
આ ભવ પરભવ જિનવર જપતાં, ધર્મ હોશે આધારજી. ૩
સકલ દિવસમાં અધિકો જાણી, દશમી દિન આરાધોજી;
ત્રેવિશમો જિન મનમાં ધ્યાતાં, આતમ સાધન સાધોજી;
ધરણેંદ્ર પદ્માવતી દેવી, સેવા કરે પ્રભુ આગેજી;
શ્રી હર્ષવિજય ગુરૂચરણ કમલની, રાજવિજય સેવા માગેજી. ૪

## ૧૦ શ્રી મહાવીર સ્વામીની સ્તુતિ.

ગંધારે મહાવીર જિણંદા, જેને સેવે સુર નર ઇંદા, દીઠે પરમાનંદા; ચૈતર શુદિ તેરસ દિન જાયા, છપ્પન દિગકુમરી ગુણ ગાયા; હરખ ધરી હુલરાયા; ત્રીશ વરસ પાલી ઘરવાસ,

માગશર વદી દશમી વ્રત જાસ, વિચરે મન ઉલ્લાસ; એ જિન સેવા હિતકર જાણી, એહથી લહીએ શિવ પટરાણી, પુણ્ય તણી એ ખાણી. ૧

રિખવ જિનેશ્વર તેર ભવ સાર, ચંદ્રપ્રભુ ભવ આઠ ઉદાર, શાંતિકુમાર ભવ બાર; મુનિસુવ્રત ને નેમકુમાર, તે જિનના નવ નવ ભવ સાર, દશ ભવ પાર્શ્વકુમાર; સત્તાવીશ ભવ વીરના કહીએ, સત્તર જિનના ત્રણ ત્રણ લહીએ, જિન વચને સદ્દહીએ; ચોવીસ જિનનો એહ વિચાર, એહથી લહીએ ભવનો પાર, નમતાં જય જયકાર. ૨

વૈશાખ શુદ દશમી લહી નાણ, સિંહાસન બેઠા વર્ધમાન, ઉપદેશ દેવે પ્રધાન; અગ્નિ ખુણે હવે પર્ષદા સુણીએ, સાધ્વી વૈમાનિક સ્ત્રી ગણીએ, મુનિવર ત્યાંહીજ ભણીએ; વ્યંતર જ્યોતિષિ ભુવનપતિ સાર, એહને નૈરૂત્ય ખુણે અધિકાર, વાયવ્ય ખુણે એની નાર; ઈશાને સોહીએ નર નાર, વૈમાનિક સુર થઇ પર્ષદા બાર, સુણે જિનવાણી ઉદાર. ૩

ચક્કેસરી અજિયા દુરિયારિ, કાલી મહાકાલી મનોહારી, અચ્ચુઅ સંતા સારી; જ્વાલા ને સુતારા અસોયા, શિરવત્સા વર ચંડા માયા, વિજયાંકુસી સુખદાયા; પન્નતિ નિર્વાણી અચ્ચુઆ ધરણી, વૈરૂટ છુત્ત ગંધારી અઘહરણી, અંબા પદ્મા સુખ કરણી; સિદ્ધાઈ શાસન રખવાલી, કનકવિજય બુધ આનંદકારી, જસ વિજય જયકારી. ૪

## ૧૧ શ્રી સિદ્ધચક્રજીની સ્તુતિ.

અંગદેશ ચંપાપુરવાસી, મયણા ને શ્રીપાલ સુખાશી, સમકિતશું મન વાસી; આદિ જિનેશ્વરની ઉલ્લાસી, ભાવે પૂજા કીધી મન આસી, ભાવ ધરી વિશ્વાસી; ગલિત કોઢ ગયો તેણે નાશી, સુવિધિશું સિદ્ધચક્ર ઉપાસી, થયો સ્વર્ગનો વાસી; આસો ચૈતર પુરણમાસી, પ્રેમે પૂજો ભક્તિ વિકાશી, આદિ પુરૂષ અવિનાશી. ૧

કેસર ચંદન મૃગમદ ઘોળી, હરખેશું ભલી હેમ કચોલી, શુદ્ધ જલે અંઘોલી; નવ આંબિલની કીજે ઓલી, આસો સુદ સાતમથી ખોલી, પૂજો શ્રી જિન ટોળી; ચઉ ગતિની મહા આપદા ચોલી, દુર્ગતિના દુઃખ દૂરે ઢોળી, કર્મ નિકાચિત રોળી; કર્મ કષાય તણા મદ રોળી, જેમ શિવ રમણી ભરમભોળી, પામ્યા સુખની ઓળી. ૨

આસો સુદ સાતમ સુવિચારી, ચૈત્રી પણ ચિત્તશું નિરધારી, નવ આંબેલની સારી; ઓળી કીજે આળસ વારી, પ્રતિક્રમણ બે કીજે ધારી, સિદ્ધ ચક્ર પૂજો સુખકારી; શ્રી જિન ભાષિત પર ઉપકારી, નવ દિન જાપ જપે નર નારી, જેમ વહીએ મોક્ષની બારી; નવપદ મહિમા અતિ મનોહારી, જિન આગમ ભાખે ચમત્કારી, જાઉં તેહની બલિહારી. ૩

શ્યામ ભ્રમર સમ વેણી કાલી, અતિ સોહે સુંદર સુકુમાલી, જાણે રાજ મરાલી; ઝલહલ ચક્ર ધરે રૂપાળી, શ્રી

જીનશાસનની રખવાલી, ચક્રેસરી મેં ભાલી; જે ઓળો કરે ઉજમાળી, તેના વિઘ્ન હરે સા બાલી, સેવક જિન સંભાળી; ઉદય રત્ન કહે આસનવાળી, જે જિન નામ જપે જપમાલી, તે ઘર નિત્ય દિવાલી. ૪

## ૧૨ શ્રી દિવાળીની સ્તુતિ.

શાસન નાયક શ્રી મહાવીર, સાત હાથ હેમ વરણ શરીર, હરિ લંછન જિન ધીર; જેહનો ગૌતમ સ્વામી વજીર, મદન સુભટ ગંજન વડવીર, સાયર પરે ગંભીર; કાર્તિક અમાવાસ્યે નિર્વાણ, દ્રવ્ય ઉદ્યોત કરે નૃપ જાણ, દીપક શ્રેણી મંડાણ; દિવાલી પ્રગટયું અભિધાન, પશ્ચિમ રજનીએ ગૌતમ જ્ઞાન, વર્ધમાન ધરૂં ધ્યાન. ૧

ચઉવીસ એ જિનવર સુખકાર, પર્વ દિવાળી અતિ મનોહાર, સકલ પર્વ શિણગાર; મેરાયાં કરે ભવિ અધિકાર, મહાવીર સર્વજ્ઞાય પદ સાર, જપીએ દોય હજાર; મજ્ઝિમ રજની દેવ વંદી જે, મહાવીર પારંગતાય નમીજે, તસ સહસ દોય ગુણી જે; વળી ગૌતમ સર્વજ્ઞાય નમીજે, પર્વ દિવાળી એણીપર કીજે, માનવ ભવફલ લીજે. ૨

અંગ અગિયાર ઉપાંગજ બાર; પયન્ના દસ છ છેદ મૂલ ચાર, નંદી અનુયોગદ્વાર; છ લાખ ને છત્રીશ હજાર, ચૌદ પૂરવ વિરચે ગણધાર, ત્રિપદીના વિસ્તાર; વીર પંચમ કલ્યાણક જેહ, કલ્પસૂત્ર માંહિ ભાખ્યું તેહ, દીપોચ્છવ ગુણ

ગેહ; ઉપવાસ છઠ્ઠ અઠ્ઠમ કરે જેહ, સહસ લાખ કોડી ફલ લહે તેહ, શ્રી જિનવાણી એહ. ૨

વીર નિર્વાણ સમય સુર જાણી, આવે ઇંદ્ર અને ઇંદ્રાણી, ભાવ અધિક મન આણી; હાથ ગ્રહી દીવી નિશી જાણી, મેરાયા મુખ બોલે વાણી, દીવાલી કહે વાણી; એણી પરે દીપોત્સવ કર ઓ પ્રાણી, સકલ સુમંગલ જાણી, લાભવિમળ ગુણખાણી; વદતિ રત્ન વિમલ બ્રહ્માણી, કમલ કમંડલ વીણા પાણી, ઘો સરસ્વતી વરવાણી. ૪

## ૧૩ શ્રી સિદ્ધચક્રની સ્તુતિ.

વીર જિનેશ્વર અતિ અલવેસર, ગૌતમ ગુણના દરિયાજી, એક દિન આણા વીરની લઈને, રાજગૃહી સંચરીયાજી; શ્રેણિક રાજા વંદન આવ્યા, ઉલટ મનમાં આણીજી; પર્ષદા આગલ બાર બિરાજે, હવે સુણો ભવી પ્રાણીજી. ૧

માનવ ભવ તુમે પુન્યે પામ્યા, શ્રી સિદ્ધચક્ર આરાધોજી; અરિહંત સિદ્ધ સૂરિ ઉવજ્ઝાયા, સાધુ દેખી ગુણ વાધોજી; દરિસણ નાણ ચારિત્ર તપ કીજે, નવપદ ધ્યાન ધરીજેજી; ધુર આસોથી કરવા આંબિલ, સુખ સંપદા પામીજેજી. ૨

શ્રેણીક રાય ગૌતમને પૂછે, સ્વામી એ તપ કોણે કીધોજી; નવ આંબિલ વિધિ શું તપ કરતાં, વાંછિત સુખ કોણે લીધોજી; મધુર ધ્વનિ બોલ્યા શ્રીગૌતમ, સાંભળો શ્રેણિક વયણાજી; રોગ ગયો ને સંપદા પામ્યા, શ્રી શ્રીપાળને મયણાજી. ૩

રૂમઝુમ કરતી પાયે નેઉર, દીસે દેવી રૂપાલીજી; નામ ચક્કેસરી ને સિદ્ધાઇ, આદિ જિનવર રખવાલીજી; વિઘ્ન ક્રોડ હરે સહુ સંઘનાં, જે સેવે એના પાયજી, ભાણુવિજય કવિ સેવક નય કહે, સાનિધ્ય કરજો માયજી. ૪

## ૧૪ શ્રી શત્રુંજય તીર્થની સ્તુતિ.

શ્રી શત્રુંજય તીરથ સાર, ગિરિવરમાં જેમ મેરૂ ઉદાર, ઠાકોર રામા પાર; મંત્ર માંહે નવકારજ જાણું, તારામાં જેમ ચંદ્ર વખાણું, જળધર જળમાં જાણું; પંખીમાં જેમ ઉત્તમ હંસ, કુળ માંહે જેમ ઋષભનો વંશ, નાભિ તણો એ અંશ; ક્ષમાવંતમાં શ્રી અરિહંત, તપશૂરામાં મુનિવર મહંત, શત્રુંજય ગિરિ ગુણવંત. ૧

ઋષભ અજિત સંભવ અભિનંદા, સુમતિનાથ મુખ પુનમચંદા, પદ્મપ્રભુ સુખ કંદા; શ્રી સુપાર્શ્વ ચંદ્રપ્રભુ સુવિધિ, શિતળ શ્રેયાંસ સેવો બહુ બુદ્ધિ, વાસુપૂજ્ય મતિ શુદ્ધિ; વિમલ અનંત ધર્મ જિન શાંતિ, કુંથુ અર મલ્લિ નમું એકાંતિ, મુનિસુવ્રત શુદ્ધ પંતિ; નમિ નેમ પાસ વીર જગીશ, નેમ વિના એ જિન ત્રેવીશ, સિદ્ધગિરિ આવ્યા ઇશ. ૨

ભરતરાય જિન સાથે બોલે, સ્વામી શત્રુંજય ગિરિ કુણ તોલે, જિનનું વચન અમોલે; ઋષભ કહે સુણો ભરતજી રાય, છરી પાલતાં જે નર જાય, પાતક ભુક્કો થાય; પશુ પંખી જે ઈણ ગિરિ આવે, ભવ ત્રીજે તે સિદ્ધ જ થાવે,

અજરામર પદ પાવે; જિન મતમેં શેત્રુંજો વખાણ્યો, તે મેં આગમ દિલ માંહે આણ્યો, સુણતાં સુખ ઉર ઠાયો. ૩

સંઘપતિ ભરત નરેસર આવે, સોવન તણા પ્રાસાદ કરાવે, મણિમય મૂરતિ ઠાવે; નાભિરાયા મરૂદેવી માતા, બ્રાહ્મી સુંદરી બ્હેન વિખ્યાતા, મૂર્તિ નવાણું ભ્રાતા; ગૌમુખ યક્ષ ચક્રેસરી દેવી, શત્રુંજય સાર કરે નિત્યમેવી, તપગચ્છ ઉપર હેવી; શ્રી વિજયસેન સૂરીશ્વરરાયા, શ્રીવિજયદેવ સૂરી પ્રણમી પાયા; ઋષભદાસ ગુણ ગાયા. ૪

## ૧૫ શ્રી પાર્શ્વનાથની થોય.

શંખેશ્વર પાસ જુહારીએ, દેખી લોચન ઠારીએ;
પૂજી પ્રણમીને સેવા સારીએ, ભવ સાયર પાર ઉતારીએ. ૧
શત્રુંજય ગિરનાર ગિરિવર્યા, પ્રભુ આબુ અષ્ટાપદ શિવ વર્યા;
એવા તીરથ પાય લાગીએ, ઝાઝા મુક્તિ તણા સુખ માગીએ. ૨
સમોવસરણ આવી પર્ષદા મળે, સ્વામી ઉપર છત્ર ચામર ઢાળે;
વાણી સુણતાં સવી પાતક ટળે, ભવી જીવનાં મનવાંછિત ફળે. ૩
પદ્માવતી પરતો પૂરતા, સેવકના સંકટ ચૂરતા;
પાર્શ્વજીનનો મહિમા વધારતા, વીરવિજયના વાંછિત પૂરતા. ૪

## ૧૬ શ્રી સીમંધરસ્વામીની થોય.

સીમંધર સ્વામી મોરારે, હું તો ધ્યાન ધરૂં છું તોરારે;
રાણી રૂક્ષ્મણીના ભરતારરે, મન વાંછિત્ત ફલ દાતારે. ૧
વીસ વિહરમાન જિન નામેરે, વીસેને કરૂં પ્રણામરે;

જેનું દર્શન આનંદકારીરે, તેને પાય નમે નર નારીરે. ૨
ગણધરને ત્રિપદી દીધીરે, સિદ્ધાંતની રચના કીધીરે;
એનો અર્થ અનુપમ લહીએરે, સુગુરૂને વચને રહીએરે. ૩
દેવી ચક્કેશ્વરી સાનિધ્યકારીરે, તેણે પાય નમે નર નારીરે;
એ તો થોય રચી છે સારીરે, એવા કનક સોભાગી જયકારીરે.૪

## ૧૭ પર્યુષણની થોય.

જિન આગમે ચઉ પરવી ગાઈ, ત્રણ ચોમાસાં ચાર અઠ્ઠાઇ, પજુસણના સવાઈ; તેરે શુભ દિન આવ્યા જાણી, ઉઠો આળસ છોડો પ્રાણી, ધર્મની નેક મંડાણી; પોસહ પડિક્કમણા કરો ભાઈ, માસખમણ પાસખમણ અઠ્ઠાઈ, કલ્પ અઠ્ઠમ સુખદાઇ; દાન દેવા પૂજા દેવ સુરીની, વાચના સુણીએ કલ્પ સૂત્રની, આજ્ઞા વીર જિનવરની. ૧

સાંભળી વીરનું ચરિત્ર વિશાલ, ચૌદ સુપન જન્મ્યા ઉજમાલ, જન્મ મહોચ્છવ સુવિશાળ; આમલ ક્રીડાએ સુરને હરાવ્યો, દીક્ષા લઇ કેવળ ઉપજાવ્યો; પાસ નેમિ સંબંધ સાંભળીએ, ચોવીશ જિનના આંતરા સુણીએ, આદિ ચરિત્ર સાંભળીએ; વીરતણા ગણધર અગિયાર, થિરાવલીનો સુણીએ અધિકાર, એ કરણી અવપાર. ૨

અષાડીથી દિન પચાસ, પજુસણાં પડિક્કમણાં ઉલ્લાસ, એક ઉણા પણ માસ; સામાચારી સાધુનો પંથ, તરતે જયણાએ નિર્ગ્રંથ, પાપ ન લાગે અંસ; ગુરૂ આણાએ

મુનિવર રાચે, રાણી ઘેર જઈ વસ્તુ ન જાચે, ચાલે મારગ સાચે; વિગય ખાવાનો સંચ આણે, આગમ સાંભળતાં સર્વ જાણે, શ્રી વર્ધમાન વખાણે. ૩

કુંભાર કાનમાં કાંકરી ચંપે, પીડાએ ક્ષુલ્લક પણ કંપે, મિચ્છામિ દુક્કડં જંપે; જે એમ મન નવી આમલો છોડે, આ ભવ પરભવ દુઃખ બહુ જોડે, પડે નરકને ખાડે; આરાધક જે ખમે ખમાવે, મન શુદ્ધ અધિકરણ સમાવે, એ અક્ષય સુઃખ પાવે; સિદ્ધાયિકા સુરી સાંનિધ્યકારી, શ્રી મહિમા પ્રભુ ગચ્છ ધારી, ભાવ રતન સુખકારી. ૪

## ૧૮ શ્રી શત્રુંજય ગિરિની થોય.

શ્રી શત્રુંજય મંડણ, ઋષભ જિણંદ દયાલ;
મરૂદેવાનંદન, વંદન કરૂં ત્રણ કાળ;
એ તીરથ જાણો, પૂર્વ નવાણું વાર;
આદીશ્વર આવ્યા, જાણી લાભ અપાર. ૧
ત્રેવીસ તીર્થંકર, ચઢીયા ઇણ ગિરિરાય;
એ તીરથના ગુણ, સુર સુરાદિક ગાય;
એ પાવન તીરથ, ત્રિભુવન નહી તસ તોલે;
એ તીરથના ગુણ, સીમંધર મુખ બોલે. ૨
પુંડરગિરિ મહિમા, આગમમાં પરસિદ્ધ;
વિમલાચલ ભેટી, લહીએ અવિચલ રિદ્ધ;
પંચમ ગતિ પહોંત્યા, મુનિવર કોડાકોડ;

ઇણ તીરથે આવી, કર્મ વિપાતક છોડ. ૩
શ્રી શત્રુંજય કેરી, અહોનિશ રક્ષાકારી;
શ્રી આદિ જિનેશ્વર, આણ હૃદયમાં ધારી;
શ્રી સંઘ વિઘહર, કવડ જક્ષ ગણભૂર;
શ્રી રવિ બુધ સાગર, સંઘના સંકટ ચૂર, ૪

## ૧૯ શ્રીપાર્શ્વનાથની સ્તુતિ.

શ્રીપાસ જિનેશ્વર, પૂજા કરૂં ત્રણ કાળ;
મુજ શિવપુર આપો, ટાલો પાપની જાળ;
જિન દરિસણ દીઠે, પહોંચે મનની આસ;
રાય રાણા સેવે, સુરપતિ થાયે દાસ. ૧
વિમલાચલ આબુ, ગઢ ગિરનારે એમ;
અષ્ટાપદ સમેત શિખર, પાંચે તીરથ એમ;
સુર અસુર વિદ્યાધર, નર નારીની કોડ;
ભલી જુગતે વાંદું, ધ્યાવું બે કર જોડ. ૨
સાકરથી મીઠી, શ્રીજિનકેરી વાણી;
બહુ અરથ વિચારી, ગુંથી ગણધર જાણી;
તેહ વચન સુણીને, મુજ મન હર્ષ અપાર;
ભવસાયર તારો, વારો દુર્ગતિ વાર. ૩
કાને કુંડલ ઝળકે, કંઠે નવસર હાર;
પદ્માવતી દેવી, સોહે સવિ શણગાર;
જિન શાસન કેરા, સઘલા વિઘન નિવાર;
પુણ્ય રસને જિનજી, સુખ સંપત્તિ હિતકાર. ૪

## ૨૦ રાત્રિ ભોજનની થોય.

શાસન નાયક વીરજીએ, પામી પરમ આધાર તો;
રાત્રિ ભોજન મત કરો એ, જાણી પાપ અપાર તો,
ધુઅડ કાગ ને નાગના એ, તે પામે અવતાર તો;
નિયમ નોકારસી નિત્ય કરોએ, સાંજે કરો ચોવિહાર તો. ૧

વાસી બોળો ને રીંગણા એ, કંદમૂળ તું ટાળ તો;
ખાતા ખોટ ઘણી કહીએ, તે માટે મન વાળતો;
કાચા દૂધ ને છાશમાં એ, કઠોળ જમવું નિવારતો;
રૂષભાદિક જિન પૂજતાં એ, રાગ ધરે શિવનાર તો. ૨

હોળી બળેવ ને નોરતાં એ, પીંપળે પાણી મ રેડતો;
શીલ સાતમના વાસી વડાએ, ખાતાં મોટી ખોડ તો;
સાંભળી સમકિત રૂઢ કરો એ, મિથ્યાત્વ પર્વ નિવાર તો;
સામાયિક પડિક્કમણું નિત કરો એ, જિનવાણી જગ સારતો. ૩

ઋતુવંતી અડકે નહીં એ, નવિ કરે ઘરના કામ તો;
તેનાં વાંછિત પૂરશે એ, દેવી સિદ્ધાયિકા નામ તો;
હિત ઉપદેશે હર્ષ ધરી એ, કોઈ ન કરશો રીશ તો;
કીર્તિ કમલા પામશો એ, જીવ કહે તસ શિષ્ય તો. ૪

## ૨૧ વીશ સ્થાનક તપની સ્તુતિ.

પૂછે ગૌતમ વીર જિણંદા, સમવસરણ બેઠા સુખકંદા, પૂજિત અમર સૂરિંદા; કેમ નિકાચે પદ જિનચંદા, કિણ-

વિધ તપ કરતાં ભવફંદા, ટલે દૂરિતહ દંદા; તવ ભાખે પ્રભુજી ગત નિંદા, સુણ ગૌતમ વસુભૂતિ નંદા, નિર્મલ તપ અરવિંદા; વીશ સ્થાનક તપ કરતાં મહિંદા, જેમ તારક સમુદાયે ચંદા, તેમ એ તપ સવિ ઈંદા. ૧

પ્રથમ પદે અરિહંત નમીજે, બીજે સિદ્ધ પવયણપદ ત્રીજે, આચારજ થિર ઠવીજે; ઉપાધ્યાય ને સાધુ ગ્રહીજે, નાણ દંસણ પદ વિનય વહીજે, અગીયારમે ચારિત્ર લીજે; બંભવય ધારિણં ગણીજે, કિરિયાણં તવસ્સ કરીજે, ગોયમ જિણાણં લહીજે; ચારિત્ર નાણ સુઅસ્સ તિથ્થસ્સ કીજે, ત્રીજે ભવ તપ કરત સુણીજે, એ સવિ જિન તપ લીજે. ૨

આદિ નમો પદ સઘલે ઠવીશ, બાર પન્નર વલી બાર છત્રીશ દસ પણવીસ સગવીસ; પાંચ ને સડસઠ તેર ગણીશ, સિત્તર નવ કિરિયા પણવીશ, બાર અઠાવીશ ચોવીશ; સત્તેર ઇગવન પીસ્તાલીશ, પાંચ લોગ્ગસ્સ કાઉસગ્ગ રહીશ, નૌકારવાલી વીશ; એક એક પદે ઉપવાસ વીશ, માસ ખટે એક ઓલી કરીશ, એમ સિદ્ધાંત જગીશ. ૩

શકતે એકાસણું તિવિહાર, છઠ્ઠ અઠ્ઠમ માસખમણ ઉદાર, પડિકમણાં દોય વાર; ઇત્યાદિક વિધિ ગુરૂગમ ધાર, એક પદ આરાધન ભવ પાર, ઉજમણું વિધિ પ્રકાર, માતંગ જક્ષ કરે મનોહાર, દેવી સિદ્ધાઇ શાસન રખવાળ, સંઘ વિધ્ન અપહાર, ખિમાવિજય જસ ઉપર પ્યાર, શુભ ભવિયણ ધર્મી આધાર, વીર વિજય જયકાર. ૪

## ૨૨ નંદીશ્વર દ્વીપની સ્તુતિ.

નંદીશ્વર વર દ્વીપ સંભારૂં, બાવન ચોમુખ જિનવર જુહારૂં;
એક એક એકસો ચોવીશ, બિંબ ચોસઠ સય અડતાળીશ. ૧

દધિમુખ ચાર રતિકર આઠ, એક અંજનગિરિ તેરે પાઠ;
ચઉ દિશીના એ બાવન જુહારૂં, ચાર નામ શાશ્વતા સંભારૂં. ૨

સાત દ્વીપ તિહાં સાગર સાત, આઠમો દ્વીપ નંદીશ્વર વાત;
એ કેવળીએ ભાંખ્યું સાર, આગમ સાંભળો જય જયકાર. ૩

પહેલો સુધર્મા બીજો ઇશાન, આઠ આઠ મહિષીનાં સ્થાન,
સોળ પ્રાસાદ તિહાં વાંદીજે, શાસન દેવી સાંનિધ્ય કીજે. ૪

## ૨૩ બીજની સીમંધર જિન સ્તુતિ.

અજવાળી બીજ સોહાવે રે, ચંદા રૂપ અનુપમ લાવેરે;
ચંદા વિનતડી ચિત્ત ધરજો રે, સીમંધરને વંદણા કહેજો રે. ૧

વીશ વિહરમાન જિનને વંદુરે, જિન શાસન પૂજી આણંદુ રે;
ચંદા એટલું કામ જ કરજો રે, સીમંધરને વંદણા કહેજો રે. ૨

સીમંધર જિનની વાણી રે, તે તો અમિય પાન સમાણી રે;
ચંદા તમે સુણી અમને સુણાવો રે, ભવ સંચિત પાપ ગમાવો રે. ૩

સીમંધર જિનની સેવારે, તે તો શાસન ભાસન મેવા રે;
ચંદા હોજો સંઘના ત્રાતા રે, ગજ લંછન ચંદ્ર વિખ્યાતા રે. ૪

## ૨૪ દશત્રિક વિગેરેની સ્તુતિ.

ત્રણ નિસિહી ત્રણ પ્રદક્ષિણા, ત્રણ પ્રણામ કરીજેજી;
ત્રણ પ્રકારી પૂજા કરીને, અવસ્થા ત્રણ ભાવીજેજી;
ત્રણ દિશી વર્જી જિન જુઓ, ભૂમિકા ત્રણ પુંજીજેજી;
આલંબન મુદ્રા ત્રણ પ્રણિધાન, ચૈત્યવંદન ત્રણ કીજેજી. ૧
પહેલે ભાવજિન દ્રવ્યજિન બીજે, ત્રીજે એક ચૈત્ય ધારોજી;
ચોથે નામજિન પાંચમે સર્વ લોકા ચૈત્ય જુહારોજી;
વિહરમાન છઠ્ઠે જિન વંદો, સાતમે નાણ નિહાળોજી;
સિદ્ધ મહાવીર જિન ઉજ્જિંત અષ્ટાપદ, શાસન સુર સંભાળોજી. ૨
શક્રસ્તવમાં હોય અધિકાર, અરિહંત ચેઇયાણં ત્રીજેજી;
ચોવિસત્થામાં હોય પ્રકાર, શ્રુતસ્તવ હોય લીજેજી;
સિદ્ધ સ્તવમાં પાંચ પ્રકાર, એ બારે અધિકારોજી;
નિર્યુક્તિએ ક્રિયા જાણો, ભાષ્ય માંહિ વિસ્તારોજી. ૩
તંબોલ પાન ભોજન વાહન, મેહુણ એક ચિત્ત ધારોજી;
થુંક સળેખમ વડી લઘુ નીતિ, જુગટે રમવું વારોજી;
એ દશે આશાતના મોટી, વર્જો જિનવર દ્વારોજી,
ક્ષમા વિજય જિન એણી પરે જંપે, શાસન સુર સંભારોજી. ૪

## ૨૫ શ્રી સમવસરણ ભાવ ગર્ભિત થોય.

દ્રેંદ્રેંકિ ધપમપ ધુધુમિ ધોંધોં ધ્રસકિ ધર ધપ ધોરવમ્,
દોંદોંકિ દોંદોં દાગ્ડિદિ દાગ્ડિદિકિ દ્રમકિ દ્રણ રણ દ્રેણવમ્;

ઝગ્નિઝેંકિ ઝેંઝેં ઝણણ રણ રણનિજકિ નિજ્જન રંજનં, સુર શૈલ શિખરે ભવતુ સુખદં પાર્શ્વ જિનપતિ મજ્જનમ્. ૧

કટ રેંગિનિ થોંગિનિ કિટતિ ગિગડદાં ધુધુકિ ધુટનટ પાટવમ; ગુણ ગુણણ ગુણ ગણ રણકિ ણેંણેં ગુણણ ગુણગણ ગૌરવમ્; ઝગ્નિ ઝેંકિ ઝેંઝેં ઝણણ રણ રણ નિજકી નિજ્જન સજ્જના, કલયંતિ કમલા કલિત કલમલ મુકલમીશ મહેજ્જિના. ૨

ઠકિ ૣકિ ઠેંઠેં ઠહિ ઠહિક ઠહિ પટ્ટા તાડયતે; તલ લોંકિ લોંલોં ત્રેંષિ ત્રેંષિનિ ડેંષિ ડેંષિનિ વાદ્યતે; ૐ ૐકિ ૐૐ થુંગિ થુંગિનિ ધોંગિ ધોંગિનિ કલરવે, જિન મત મનંતં મહિમ તનુતા નમતિ સુર નર મહોત્સવે. ૩

ષુંદાંકિ ષુંદાં સુષુડદિ ષુંદા ષુષુડદિ દોંદોં અંબરે, ચાચપટ ચચપટ રણકિ ણેં ણેં ડણણ ડેંડેં ડંબરે; તિહાં સરગમપધનિ નિધપમગરસ સસસસસ સુર સેવતા, જિન નાટયરંગે કુશલ મુનિશં દિશતુ શાસન દેવતા. ૪

## ૨૬ શ્રીરોહિણી તપની સ્તુતિ.

નક્ષત્ર રોહિણી જે દિન આવે, અહોરત પૌષધ કરી શુભ ભાવે, ચઉવિહાર મન લાવે; વાસુપૂજ્યની ભક્તિ કીજે, ગણણું પણ તસ નામ જપીજે, વરસ સત્તાવીશ લીજે; થોડી શક્તે વરસ તે સાત, જાવજીવ અથવા વિખ્યાત, તપ કરી કરો કર્મઘાત; નિજ શક્તિ ઉજમણું

આવે, વાસુપૂજ્યનું બિંબ ભરાવે, લાલ મણિમય ઠાવે. ૧

ઇમ અતીત અને વર્તમાન, અનાગત વંદો જિન બહુમાન, કીજે તસ ગુણ ગાન; તપકારકની ભક્તિ આદરિયે, સાધર્મિક વલી સંઘની કરિયે, ધર્મ કરી ભવ તરીયે; રોગ શોગ રોહિણી તપ જાય, સંકટ ટલે તસુ જસ બહુ થાય, તસ સુર નર ગુણ ગાય; નીરાશંસપણે તપ એહ, શંકા રહિતપણે કરો તેહ, નવનિધિ હોય જિણ ગેહ. ૨

ઉપધાન થાનક જિનકલ્યાણ,સિદ્ધચક્ર શત્રુંજય જાણ, પંચમી તપ મન આણ; પડિમા તપ રોહિણી સુખકાર, કનકાવલી રત્નાવલી સાર, મુક્તાવલી મનોહાર; આઠમ ચઉદશ ને વર્ધમાન, ઇત્યાદિક તપમાંહે પ્રધાન, રોહિણી તપ બહુમાન; ઇણીપરે ભાખે જિનવર વાણી, દેશના મીઠી અમિય સમાણી, સૂત્રે તેહ ગુંથાણી. ૩

ચંડા જક્ષણી યક્ષકુમાર, વાસુપૂજ્ય શાસન સુખકાર, વિઘ્ન મિટાવન હાર; રોહિણી તપ કરતાં જન જેહ, ઈહ ભવ પરભવ સુખ લહે તેહ, અનુક્રમે ભવનો છેહ; આચરી પંડિત ઉપકારી, સત્ય વચન ભાખે સુખકારી, કપૂરવિજય વ્રતધારી; ખિમાવિજય શિષ્ય જિન ગુરુ રાય, તસ શિષ્ય મુજ ગુરૂ ઉત્તમ થાય, પદ્મવિજય ગુણ ગાય. ૪

## ૨૭ પાર્શ્વસ્તુતિ.

ગયા ગંગાતીરે, અવધિ બલથી નાગ જલતો;
દીઠો દીધી દીક્ષા, તપસી જન તે ક્રોધ કરતો;
નિયાણું બાંધીને, મરી કમઠ થઈ કષ્ટ કરતો;
કરૂણા વારિધે! પ્રભુ! નમું નમું વાર શતસો. ૧

## ૨૮ રૂધ્યાત્મની સ્તુતિ.

સોવન વાડી ફૂલડે છાઇ, છાબ ભરી હું લાવુંજી;
ફૂલજ લાવું ને હાર ગુંથાવું, પ્રભુજીને કંઠે સોહાવું જી;
ઉપવાસ કરૂં તો ભૂખજ લાગે, ઉનું પાણી નવી ભાવેજી;
આંબીલ કરૂં તો લુખું ન ભાવે, નીવીએ ડુમા આવેજી. ૧

એકાસણું કરૂં તો ભૂખે રહી ન શકું, સુખે ખાઉં ત્રણ ટંકજી; સામાયિક કરૂં તો બેસી ન શકું, નિંદા કરૂં સારી રાતજી; દેરે જાઉં તો ખોટીજ થાઉં, ઘરનો ધંધો ચૂકુંજી; દાન દઉં તો હાથજ ધ્રૂજે, હૈયે કંપ વછુટે જી.૨

જીવને જમ ।નું તેડું આવ્યું, સર્વ મેલીને ચાલેજી;
રહો રહો જમડાજી આજનો દહાડો, શેત્રુંજે જઇને આવુંજી;
શેત્રુંજે જઇને દ્રવ્ય જ ખર્ચું, મોક્ષ માર્ગ હું માગુંજી;
ઘેલા જીવડા ઘેલું શું બોલે, એટલા દિવસ શું કીધુંજી. ૩

જાતે જે જીવે પાછળ ભાતું, શું શું સાથે આવેજી; કાચી કુલેર ખોખરી હાંડી, કાઠીના ભારા સાથેજી; જ્ઞાન વિમળ સૂરિ એણી પેરે ભાંખે, ધ્યાવો અધ્યાત્મ ધ્યાનજી; ભાવ ભક્તિશું જિનજીને પૂજો, સમકિતને અજવાળોજી. ૪

## ૨૯ પાર્શ્વનાથની સ્તુતિ.

(દ્રુતવિલંબિત વૃતમ્)

શમદમોત્તમવસ્તુ-મહાપણં, સકલ-કેવલ-નિર્મલ-સદ્ગુણમ્; નગર-જેસલમેર-વિભૂષણમ્, ભજત પાર્શ્વજિનં ગતદૂષણમ્. ૧

સુરનરેશ્વર-નમ્ર-પદાંબુજમ્, સ્મરમહીરૂહ-ભંગ-મતંગજમ્; સકલતીર્થંકરાઃ સુખકારકા, ઈહ જયન્તુ જગજ્જનતારકાઃ. ૨

શ્રયતિ યઃ સુકૃતી જિનશાસનમ્, વિપુલમંગલકેલીવિભાસનમ્; પ્રબલપુન્યરમોદયધારિકા, ફલતિ તસ્ય મનોરથમાલિકા. ૩

વિકટ-સંકટ-કોટિ-વિનાશનમ્, જિનમતાશ્રિત-સૌખ્ય-વિકાસનમ્; સુરનરેશ્વર-કિન્નર-સેવિતા, જયતુ સા જિન-શાસનદેવતા. ૪

## ૩૦ જ્ઞાન પંચમીની સ્તુતિ.

શ્રીનેમિઃ પંચરૂપ-ત્રિદશપતિકૃત-પ્રાજ્યજન્માભિષેકશ્ચંચત્ પંચાક્ષમત્તદ્વિરદમદભિદા પંચવક્ત્રોપમાનઃ; નિર્મુક્તઃપંચદેહ્યાઃ પરમસુખમયઃ પ્રાસ્તકર્મપ્રપંચઃ, કલ્યાણં પંચમીસત્તપસિ વિતનુતાં પંચમજ્ઞાનવાન્ વઃ ૧

સંપ્રીણન્ સચ્ચકોરાન્ શિવતિલકસમઃ કૌશિકાનંદમૂર્તિઃ, પુણ્યાબ્ધિઃ પ્રીતિદાયી સિતરૂચિરિવ યઃ સ્વીયગોભિસ્તમાંસિ;

સાંદ્રાણિ ધ્વંસમાનઃ સકલકુવલયોલ્લાસમુચ્ચૈશ્ચકાર, જ્ઞાનં પુ-ણ્યાબ્જિજનૌઘઃ સ તપસિ ભવિનાં પંચમીવાસરસ્ય. ૨

પીત્વા નાનાભિધાર્થામૃતરસમસમં યાંતિ યાસ્યંતિ જગ્મુ-ર્જીવા યસ્માદનેકે વિધિવદમરતાં પ્રાજ્યનિર્વાણપુર્યામ્; યાત્વા દેવાધિદેવાગમદશમસુધાકુંડમાનંદહેતુ-સ્તત્ પંચમ્યા-સ્તપસ્યુદ્યતવિશદધિયાં ભાવિનામસ્તુ નિત્યમ. ૩

સ્વર્ણાલંકારવલ્ગન્ મણિકિરણગણધ્વસ્ત-નિત્યાંધકારા, હુંકારારાવદૂરીકૃત-સુકૃતિજનવ્રાતવિઘ્નપ્રચારાઃ; દેવી શ્રીઅંબિકાખ્યા જિનવરચરણાંભોજ ભૃંગીસમાના,પંચમ્યહ્નસ્તપોર્થં વિતરતુ કુશલં ધીમતાં સાવધાના. ૪

## ૩૧ સિદ્ધચક્ર સ્તુતિ.

શ્રીસિદ્ધચક્ર સેવો સુવિચાર, આણી હયડે હરખ અ-પાર, જિમ લહો સુખ શ્રીકાર; મન શુદ્ધે ઓલી તપ કીજે, અહો નિશિ નવપદ ધ્યાન ધરીજે; જિનવર પૂજા રચી-જે; પડિકકમણાં દોય ટંકનાં કીજે, આઠે થુઇએ દેવ વંદીજે, ભૂમિ સંથારો કીજે; મૂર્ખા તણો કીજે પરિહાર, અંગે શીયલ ધરીજે સાર, દીજે દાન અપાર. ૧

અરિહંત સિદ્ધ આચાર્ય નમીજે, વાચક સર્વે સાધુ વંદીજે, દંસણ નાણ સુણીજે; ચારિત્ર તપનું ધ્યાન ધરીજે, અહો નિશિ નવપદ ગુણણું ગણીજે, નવ આંબિલ પણ કીજે; નિશ્ચલ રાખી મન હો નિશ્ચે, જપીએ પદ એક એક

ઘશ, નોકારવાલી વીશ; છેલ્લે આંબિલ પણ કીજે, સતર-ભેદી જિન પૂજા રચીજે, માનવ ભવ લાહો લીજે. ૨

સાતસેં કુષ્ટિયોના રોગ, નાઠા યંત્ર નમણ સંજોગ, દૂર હુઆ કર્મના ભોગ; અઢારે કુષ્ટ દૂરે જાએ, દુઃખ દોહગ દૂર પલાએ, મનવંછિત સુખ થાએ; નિર્ધનિયાને દે બહુ ધન્ન, અપુત્રિયાને દે પુત્ર રતંન, જે સેવે શુદ્ધ મન્ન; નવકાર સમો નહી કોઈ મંત્ર, સિદ્ધચક્ર સમો નહિ કોઇ તંત્ર, સેવો ભવી હરખંત. ૩

જિમ સેવ્યા મયણાં શ્રીપાલ, ઉંબર રોગ ગયો તત્કાલ, પામ્યા મંગલ માલ; શ્રીપાલ તણી પેરે જે આરાધે, દિન દિન દોલત તસ ઘર વાધે, અતિ શિવસુખ સાધે; વિમલેશ્વર યક્ષ સેવા સારે, આપદા કષ્ટને દૂર નિવારે, દોલત લક્ષ્મી વધારે; મેઘવિજય કવિયણના શિષ્ય, આણી હૈયડે ભાવ જગીશ, વિનય વંદે નિશદિશ. ૪

## ૩૨ શ્રી સિદ્ધચક્ર સ્તુતિ.

જિન શાસન વંછિત, પૂરણ દેવ રસાલ; ભાવે ભવી ભણીયે, સિદ્ધચક્ર ગુણમાલ, તિહું કાલે એહની, પૂજા કરે ઉજમાલ; તે અમર અમરપદ, સુખ પામે સુવિશાલ. ૧

અરિહંત સિદ્ધ વંદો, આચારજ ઉવજ્ઝાય; મુનિ દરિસણ નાણ, ચરણ તપ એ સમુદાય; એ નવપદ સમુદિત, સિદ્ધચક્ર સુખદાય; એ ધ્યાને ભવિનાં, ભવકોટિ દુઃખ જાય. ૨

આસો ચૈત્રીમાં, સુદિ સાતમથી સાર; પૂનમ લગે

ત્રીજે, નવ આંબિલ નિરધાર; હોય સહસ ગણણું, પદ સમ સાડા ચાર; એકાશી આંબિલ તપ, આગમને અનુસાર. ૩

સિદ્ધચક્રનો સેવક, શ્રીવિમલેશ્વર દેવ; શ્રીપાલ તણી પરે, સુખ પૂરે સ્વયમેવ; દુઃખ દોહગ નાવે, જે કરે એહની સેવ; શ્રીસુમતિ સુગુરૂનો, રામ કહે નિત્યમેવ. ૪

## ૩૩ શ્રી સિદ્ધચક્રની થોય.

અરિહંત નમો વલી સિદ્ધ નમો, આચારજ વાચક સાહુ નમો; દર્શન જ્ઞાન ચારિત્ર નમો, તપ એ સિદ્ધચક્ર સદા પ્રણમો. ૧

અરિહંત અનંત થયા થાશે, વલી ભાવ નિક્ષેપે ગુણ ગાશે; પડિક્કમણા દેવવંદન વિધિશું, આંબિલ તપ ગણણું ગણો વિધિશું. ૨

છ'રી' પાલી જે તપ કરશે, શ્રીપાલ તણી પરે ભવ તરશે; સિદ્ધચક્રને કુણ આવે તોલે, એહવા જિન આગમ ગુણ બોલે. ૩

સાડાચારે વરસે તપ પૂરો, એ કર્મ વિદારણ તપ શૂરો; સિદ્ધચક્રને મન મંદિર થાપો, નય વિમલેસર વર આપો. ૪

# વિભાગ પાંચમો.

## પરચુરણ વિષયો.

### ૧ પ્રભુ આગળ બોલવાના દુહાદિ.

પ્રભુ દરિશન સુખ સંપદા, પ્રભુ દરિશન નવ નિધ;
પ્રભુ દરિશનથી પામીએ, સકળ પદારથ સિદ્ધ. ૧
ભાવે જિનવર પૂજીએ, ભાવે દીજે દાન;
ભાવે ભાવના ભાવીએ, ભાવે કેવળજ્ઞાન. ૨
જીવડા જિનવર પૂજીએ, પૂજાનાં ફળ હોય;
રાજા નમે પ્રજા નમે, આણ ન લોપે કોય. ૩
ફૂલો કેરા બાગમાં, બેઠા શ્રી જિનરાજ;
જેમ તારામાં ચંદ્રમા, તેમ શોભે મહારાજ. ૪
પ્રભુ નામની ઔષધિ, ખરા ભાવથી ખાય;
રોગ શોક આવે નહિ, સવિ સંકટ દૂર થાય. ૫
વાડી ચંપો મોરીયો, સોવન પાંખડીએ;
પાસ જિનેશ્વર પૂજીએ, પાંચે આંગળીએ. ૬
ત્રિભુવન નાયક તું ધણી, મહી મોટો મહારાજ;
મોટે પુન્યે પામીયો, તુમ દરિશન હું આજ. ૭
આજ મનોરથ સવિ ફળ્યા, પ્રગટયા પુન્ય કલ્લોલ;

પાપ કરમ દૂરે ટળ્યાં, નાઠા દુઃખ દંદોલ. ૮
પંચમ કાળે પામવો, દુલહો પ્રભુ દેદાર;
તો પણ તેહના નામનો, છે મોટો આધાર. ૯

છે પ્રતિમા મનોહારિણી દુઃખહરી, શ્રી વીર જિણંદની,
ભક્તોને છે સર્વદા સુખકરી, જાણે ખીલી ચંદની;
આ પ્રતિમાના ગુણ ભાવ ધરીને, જે માણસો ગાય છે,
પામી સઘળાં સુખ તે જગતનાં, મુકિત ભણી જાય છે. ૧૦
આવ્યો શરણે તમારા જિનવર કરજો, આશ પૂરી અમારી;
નાવ્યો ભવપાર મારો તુમ વિણ જગમાં, સાર લે કોણ મારી;
ગાયો જિનરાજ આજે હરખ અધિકથી, પર્મ આનંદકારી;
પાયો તુમ દર્શ નાસે ભવભય ભ્રમણા, નાથ સરવે અમારી. ૧૧

જેનો પ્રબોધ પ્રસરે જગમાં પવિત્ર, જેનું સદા પરમ મંગળ છે ચરિત્ર; જેનું જપાય જગમાં શિવરૂપ નામ, તે વીરને પ્રણયથી કરીએ પ્રણામ. ૧૨

અંગુઠે અમૃત વસે, લબ્ધિ તણા ભંડાર;
તે ગુરૂ ગૌતમ સમરીએ, વંછિત ફળ દાતાર. ૧૩

## સરસ્વતીની સ્તુતિ.

યસ્યાઃ પ્રસાદ–પરિવર્ધિતશુદ્ધ–બોધાઃ,
પારં વ્રજન્તિ સુધિયઃ શ્રુતતોયરાશેઃ;
સાનુગ્રહા મમ સમીહિતસિદ્ધયેઽસ્તુ;
સર્વજ્ઞશાસનરતા શ્રુતદેવતાઽસૌ. ૧૪

## સરસ્વતી જપ.

ૐ હ્રીઁ સરસ્વતિ વદ વદ વાગ્વાદિનિ
તુભ્યં નમઃ ॥ ૧૫

અર્હંતો ભગવંત ઇંદ્રમહિતાઃ સિદ્ધાશ્ચ સિદ્ધિસ્થિતાઃ ।
આચાર્યા જિનશાસનોન્નતિકરાઃ પૂજ્યા ઉપાધ્યાયકાઃ ॥
શ્રીસિદ્ધાંતસુપાઠકા મુનિવરા રત્નત્રયારાધકાઃ ।
પંચૈતે પરમેષ્ઠિનઃ પ્રતિદિનં કુર્વંતુ વો મંગલમ્ ॥ ૧૬

---

## ૨ સ્તુતિ ચોવીશી.

( વસંતતિલકા. )

શ્રી તીર્થરાજ વિમલાચલ નિત્ય વંદો,
દેખી સદા નયનથી જેમ પૂર્ણ ચંદો;
પૂજે મલી સુરવરો નરનાથ જેને,
ધારી સદા ચરણ લંછન માંહી તેને. ૧

શ્રેયાંસના ઘર વિષે રસ ઇક્ષુ લીધો,
ભિક્ષા ગ્રહી નિજ પ્રપૌત્ર સુપાત્ર કીધો;
માતા પ્રતિ વિનય ભાવ ધરી પ્રભુએ,
અર્પ્યું અહો પરમ કેવળ શ્રી પ્રભુએ. ૨

દેવાધિદેવ ગજલંછન ચંદ્રકાન્તિ,
સંસાર સાગર તણી હરનાર ભ્રાન્તિ;
એવા જિનેશ્વરતણા યુગપાદ પૂજો,
દીઠો નહિ જગતમાં તુમ તુલ્ય દૂજો. ૩

જન્મ્યા તણી નયરી ઉત્તમ જે અયોધ્યા,
ત્રાતા નરેશ પ્રભુના જિતશત્રુ રાજા;
દેદીપ્યમાન જનની વિજયા સ્ત્રીકારી,
સેવો સદા અજિતનાથ ઉમંગકારી. ૪

વાધે ન કેશ શિરમાં નખ રોમ વ્યાધિ,
પ્રસ્વેદ ગાત્ર નહિ લેશ સદા સમાધિ;
છે માંસશોણિત અહો અતિ શ્વેતકારી,
હે સ્વામિ સંભવ સુસંપદ ગાત્ર તારી. ૫

છે શ્વાસ અંબુજ સુગંધ સદા પ્રમાણે,
આહારને તુમ નિહાર ન કોઇ જાણે;
એ ચાર છે અતિશયો પ્રભુ જન્મ સાથે,
વંદુ હમેશ અભિનંદન જોડી હાથે. ૬

ભૂમંડલે વિહરતા જિનરાજ જ્યારે,
કાંટા અધોમુખ થઈ રજ શુદ્ધ ત્યારે;
જે એક જોજન સુધી શુભ વાત શુદ્ધિ;
એવા નમું સુમતિનાથ સદા સુબુદ્ધિ. ૭

વૃષ્ટિ કરે સુરવરો અતિ સૂક્ષ્મ ધારી,
જાનું પ્રમાણ વિરચે કુસુમો શ્રીકારી;
શબ્દો મનોહર સુણી શુભ શ્રોત્રમાંહી,
શ્રી પદ્મનાથ પ્રભુને પ્રણમું ઉછાંહિ. ૮

સેવા કરે યુગલ પક્ષ સુહંકરો ને,

વીંજે ધરી કર વિષે શુભ ચામરોને;
વાણી સુણે સરસ જોયણ એક સારી,
વંદુ સુપાર્શ્વ પુરૂષોત્તમ પ્રીતિકારી. ૯

જલ્પે જિનેંદ્ર મુખ માગધી અર્ધભાષા,
દેવો નરો તિરિગણો સમજે સ્વભાષા;
આર્યો અનાર્ય સઘલાં જન શાન્તિ પામે,
ચંદ્ર પ્રભુ ચરણુ લંછન ચંદ્ર નામે. ૧૦

વૈરો વિરોધી સઘલાં જન ત્યાં વિસારે,
મિથ્યાત્વીઓ વિનય વાકય મુખે ઉચારે;
વાદી કદી અવિનયી થઈ વાદ માંડે,
દેખી જિનેશ સુવિધિ જિન સર્વ છાંડે. ૧૧

જે દેશમાં વિચરતા જિનરાજ જ્યારે,
ભીતિ ભયંકર નહિ લવલેશ ત્યારે;
ઇતિ ઉપદ્રવ દુકાળ તે દૂર ભાજે,
નિત્યે કરૂં નમન શિતળનાથ આજે. ૧૨

છાયા કરે તરૂ અશોક સદૈવ સારી,
વૃક્ષો સુગંધ શુભ શીતળ શ્રયકારી;
પચ્ચીસ જોયણ લગે નહિ આધિ વ્યાધિ,
શ્રેયાંસનાથ તુમ સેવનથી સમાધિ. ૧૩

સ્વપ્નો ચતુર્દશ લહે જિનરાજ માતા,
માતંગને વૃષભ સિંહ સુલક્ષ્મી દાતા;

નિર્ધૂમ અગ્નિ શુભ છેવટ દેખી તેને,
શ્રી વાસુપૂજ્ય પ્રભુના શુભ સ્વપ્ન થાને. ૧૪

જે પ્રાતિહાર્ય શુભ આઠ અશોક વૃક્ષે,
વૃષ્ટિ કરે કુસુમથી સુરનાદ દક્ષે;
બે ચામરો શુભ સુખાસ નમસ્કરો તે,
છે છત્ર હે વિમળનાથ સુદુંદુભી તે. ૧૫.

સંસ્થાન છે સમ સદા ચતુરસ્ત્ર તારું,
સંઘેણ વજ્રરૂષભાદિ દીપાવનારું;
અજ્ઞાન ક્રોધ મદ મોહ હર્યા તમોએ,
એવા અનંત પ્રભુને નમીએ અમોએ. ૧૬.

જે કર્મથી પ્રભુ તમેજ મૂકાવનારા,
સંસાર સાગર થકી તમે તારનારા;
છો વજ્ર લાંછન તમે શોભાવનારા,
શ્રી ધર્મનાથ પદ શાશ્વત આપનારા. ૧૭.

શ્રી વિશ્વસેન નૃપનંદન દિવ્ય કાન્તિ,
માતા સુમવ્ય અચિરા તસ પુત્ર શાન્તિ;
શ્રી મેઘના ભવ વિષે સુર એક આવી,
પારેવ સિંચનકનાં સ્વરૂપો બતાવી. ૧૮.

પારેવને અભય જીવિતદાન આપ્યું,
પોતાતણું અતિય કોમલ માંસ કાપ્યું;
તેવા મહા અભયદાનથી ગર્ભવાસે,

મારી ઉપદ્રવ ભયકર સર્વ નાસે. ૧૯

શ્રી તીર્થનાયક થયા વલી ચક્રવર્તી,
બન્ને લહી પદવીઓ ભવ એકવર્તી;
જે સાર્વભૌમ પદ પંચમ ભોગવીને,
તે સોલમા જિનતણા ચરણે નમીને. ૨૦

ચૌરાશી લક્ષ ગજ અશ્વ રથે કરીને,
છન્નું કરોડ જન લશ્કર વિસ્તરીને;
તેવી છતે અતિ સમૃદ્ધિ તજી ક્ષણીક,
શ્રી કુંથુનાથ જિન ચક્રી થયા વિવેક. ૨૧

રત્નો ચતુર્દશ નિધાન ઉમંગકારી,
બત્રીશ બદ્ધ નિત નાટક થાય ભારી;
પ્રધાન ને સહસ ચોસઠ અંગનાઓ,
તેવી તજી અર જિનેશ્વર સંપદાઓ. ૨૨

નિત્યે કરે કવલ ક્ષેપન કંઠ સુધી,
ષટ મિત્રને તરણ કાજ નિપાઈ બુદ્ધિ;
ઉદ્યાન મોહન ગૃહે રચી હેમ મૂર્તિ,
મલ્લિ જિનેશ પડિમા ઉપકાર કર્તી. ૨૩

નિસ્સંગ દાન્ત ભગવંત અનંતજ્ઞાની,
વિશ્વોપકારી કરૂણાનિધિ આત્મધ્યાની;
પંચેંદ્રિયો વશ કરી હણી કર્મ આઠે,
વંદો જિનેંદ્ર મુનિસુવ્રત તેહ માટે. ૨૪

ઈંદ્રો સુરો નરવરો મળી સર્વ સંગે,
જન્માભિષેક સમરે અતિ ભક્તિ રંગે;
વિદ્યાધરી સુરવરી શુભ શબ્દ રાગે,
સંગીત નાટક કરે નમિનાથ આગે. ૨૫
રાજીમતી ગુણવતી સતી સૌમ્યકારી,
જેને તમે તજી થયા મહા બ્રહ્મચારી;
પૂર્વે ભવે નવ લગે તુમ સ્નેહ ધારી,
હે નેમિનાથ! ભગવંત પરોપકારી. ૨૬
સમ્મેત શૈલ શિખરે પ્રભુ પાર્શ્વ સોહે,
શંખેશ્વરા અમીઝરા કલિકુંડ મોહે;
શ્રી અશ્વસેન કુલ દીપક માત વામા,
નિત્યે અચિંત્ય મહિમા પ્રભુ પાર્શ્વ નામા. ૨૭
સિદ્ધાર્થ રાય ત્રિશલા સુત નિત્ય વંદો,
આનંદકારક સદા ચરણારવિંદો;
જે શાસનેશ્વર તણો ઉપકાર પામી,
પુજું પ્રભુ ચરણ શ્રીમહાવીર સ્વામી. ૨૮

---

## ૩ શ્રી શત્રુંજયના ૨૧ નામ સંબંધી ખમાસમણ આપવાના દૂહા.

સિદ્ધાચળ સમરૂં સદા, સોરઠ દેશ મોઝાર;
મનુષ્ય જન્મ પામી કરી, વંદુ વાર હજાર. ૧
અંગ વસન મન ભૂમિકા, પુજોપગરણ સાર;

ન્યાય દ્રવ્ય વિધિ શુદ્ધતા, શુદ્ધિ સાત પ્રકાર. ૨
કાર્તિક સુદી પુનમ દિને, દશ કોડી પરિવાર;
દ્રાવિડ વારિખિલ્લજી, સિદ્ધ થયા નિરધાર. ૩
તિણે કારણ કાર્તિકી દિને, સંઘ સકળ પરિવાર;
આદિદેવ સન્મુખ રહી, ખમાસમણ બહુ વાર. ૪
એકવીસ નામે વર્ણવ્યો, તિહાં પહેલું અભિધાન;
શત્રુંજય શુકરાજથી, જનક વચન બહુમાન. (સ. ૧) ૫
સમોસર્યા સિધ્ધાચળે, પુંડરીક ગણધાર;
લાખ સવા માહાતમ કહ્યું, સુર નર સભા મોઝાર. ૬
ચૈત્રી પુનમને દીને, કરી અણસણ એક માસ;
પાંચ કોડી મુનિ સાથશું, મુક્તિનિલયમાં વાસ. ૭
તિણ કારણ પુંડરીકગિરિ, નામ થયું વિખ્યાત;
મન વચ કાયે વંદીએ, ઉઠી નિત્ય પ્રભાત. (સ. ૨) ૮
વીશ કોડીશું પાંડવા, મોક્ષ ગયા ઇણે ઠામ;
એમ અનંત મુકતે ગયા, સિદ્ધક્ષેત્ર તિણ નામ. (સ. ૩) ૯
અડસઠ તીરથે નહાવતાં, અંગરંગ ઘડી એક;
તુંબી જળ સ્નાને કરી, જાગ્યો ચિત્ત વિવેક. ૧૦
ચંદ્રશેખર રાજા પ્રમુખ, કરમ કઠણ મલ ધામ;
અચળપદે વિમલા થયા, તિણે વિમલાચલ નામ. (સ. ૪) ૧૧
પર્વતમાં સુરગિરિ વડો, જિન અભિષેક કરાય;
સિદ્ધ હુવા સ્નાતક પદે, સુરગિરિ નામ ધરાય. ૧૨

અથવા ચૌદે ક્ષેત્રમાં, એ સમ તીરથ ન એક;
તિણે સુરગિરિ નામે નમું, જીહાં સુરવાસ અનેક. (સ. ૫) ૧૩
એંસી યોજન પૃથુલ છે, ઉંચપણે છત્રીસ;
મહિમા મહોટો એ ગિરિ, મહાગિરિ નામ નમીશ. (સ. ૬) ૧૪
ગણધર ગુણવંતા મુનિ, વિશ્વ માંહે વંદનીક;
જેહવો તેહવો સંયમી, એ તીરથે પૂજનીક. ૧૫
વિપ્રલોક વિષધર સમા, દુઃખીઆ ભૂતળ માન;
દ્રવ્યલિંગી કણ ક્ષેત્ર સમ, મુનિવર છીપ સમાન. ૧૬
શ્રાવક મેઘ સમા કહ્યા, કરતા પુન્યનું કામ;
પુન્યરાશિ વધે ઘણી, તેણે પુન્યરાશિ નામ. (સ. ૭) ૧૭
સંયમધર મુનિવર ઘણા, તપ તપતા એક ધ્યાન;
કર્મ વિયોગે પામીયા, કેવળ લક્ષ્મી નિધાન. ૧૮
લક્ષ એકાણું શિવ વર્યા, નારદશું અણગાર;
નામ નમો તેણે આઠશું, શ્રીપદ ગિરિ નિરધાર. (સ. ૮) ૧૯
શ્રી સીમંધર સ્વામીયે, એ ગિરિ મહિમા વિલાસ;
ઇન્દ્રની આગે વર્ણવ્યો, તેણે એ ઈન્દ્રપ્રકાશ. (સ. ૯) ૨૦
દશ કોટી અણુવ્રતધરા, ભકતે જમાડે સાર;
જૈન તીર્થ યાત્રા કરે, લાભ તણો નહી પાર. ૨૧
તેહ થકી સિધ્ધાચળે, એક મુનિને દાન;
દેતાં લાભ ઘણો હુવે, મહા તીરથ અભિધાન. (સ. ૧૦) ૨૨
પ્રાયે એ ગિરિ શાશ્વતો, રહેશે કાળ અનંત;

શત્રુંજય મહાતમ સુણી, નમો શાશ્વતગિરિ સંત. (સ. ૧૧) ૨૩
ગૌ નારી બાળક મુનિ, ચઉહત્યા કરનાર;
જાત્રા કરતા કાર્તિકી, ન રહે પાપ લગાર. ૨૪
જે પરદારા લંપટી, ચોરીના કરનાર;
દેવ દ્રવ્ય ગુરૂ દ્રવ્યના, જે વળી ચોરણહાર. ૨૫
ચૈત્રી કાર્તિકી પૂનમે, કરે યાત્રા એણે ઠામ;
તપ તપતાં પાતિક ગળે, તાણે દઢશકિત નામ. (સ. ૧૨) ૨૬
ભવ ભય પામી નીકળ્યા, થાવચ્ચા સુત જેહ;
સહસ મુનિશું શિવ વર્યા, મુક્તિનિલયગિરિ તેહ. (સ ૧૩) ૨૭
ચંદા સુરજ બેઉ જણા, ઉભા એણે ગિરિ શૃંગ,
કરી વર્ણવને વધાવિયો, પુષ્પદંતગિરિ રંગ. (સ. ૧૪) ૨૮
કર્મ કલણ ભવજળ તજી ઈહાં પામ્યા શિવ સદ્મ;
પ્રાણી પદ્મ નિરંજની, વંદે ગિરિ મહા પદ્મ (સ. ૧૫) ૨૯
શિવવહુ વિવાહ ઓચ્છવે, મંડપ રચીયો સાર;
મુનિવર વર બેઠક ઘણી, પૃથ્વીપીઠ મનોહાર. (સ. ૧૬) ૩૦
શ્રી સુભદ્રગિરિ નમો, ભદ્ર તે મંગળ રૂપ;
જલ તરૂ રજ ગિરિવર તણી, શીશ ચડાવે ભૂપ. (સ. ૧૭) ૩૧
વિદ્યાધર સુર અપ્છરા, નદી શેત્રુંજી વિલાસ;
કરતાં હરતાં પાપને, ભજીએ ભવી કૈલાસ. (સ. ૧૮) ૩૨
બીજા નીરવાણી પ્રભુ, ગઈ ચોવીશી મોઝાર;
તસ ગણધર મુનિમાં વડા, નામે કદંબ અણગાર. ૩૩

પ્રભુ વયણે અણુસણ કરી, મુક્તિપુરીમાં વાસ;
નામે કદંબગિરિ નમો, તો હોય લીલવિલાસ. (સ. ૧૯) ૩૪
પાતાળે જસ મૂળ છે, ઉજ્વળગિરિનું સાર;
ત્રિકરણ યોગે વંદતાં, અલ્પ હોય સંસાર. (સ. ૨૦) ૩૫
તન મન ધન સુત વલ્લભા, સ્વર્ગાદિ સુખભોગ;
જે વંછે તે સંપજે, શિવરમણી સંયોગ. ૩૬
વિમળાચળ પરમેષ્ટિનું, ધ્યાન ધરે ખટ માસ;
તેજ અપૂરવ વિસ્તરે, પૂરે સઘળી આશ. ૩૭
ત્રીજે ભવ સિદ્ધિ લહે, એ પણ પ્રાયિક વાચ;
ઉત્કૃષ્ટા પરિણામથી, અંતર મહુરત સાચ. ૩૮
સર્વ કામદાયક નમો, નામ કરી ઓળખાણ;
શ્રીશુભ વીરવિજય પ્રભુ, નમતાં કોડ કલ્યાણ. (સ.૨૧) ૩૯

---

## ૪ દીક્ષાની કવ્વાલી.

ભવી જીવને પોષાય, એવી લહેર દીક્ષામાં;
અભવીને મારે મંડી જાય, એવી લહેર દીક્ષામાં. ૧
ઓઘો લેવાય છે, ને, મુહપત્તિ ઝલાય છે;
જેથી જીવની રક્ષા થાય, એવી લહેર દીક્ષામાં. ૨
ચોલપટો પહેરાય છે ને, કંદોરો બંધાય છે;
ઉપર કપડો પહેરાય, એવી લહેર દીક્ષામાં. ૩
કામળી ઓઢાય છે ને, ડાંડો હાથ ઝલાય છે;

પછી દર્શન કરવા જવાય, એવી લહેર દીક્ષામાં. ૪
પાતરાં લેવાય છે ને, તરપણી ઝલાય છે;
જેથી ગોચરીએ જવાય, એવી લહેર દીક્ષામાં. ૫
આધાકર્મી ન લેવાય ને, શુદ્ધ આહાર લેવાય છે;
એથી સંજમ સારૂં પળાય, એવી લહેર દીક્ષામાં. ૬
ઉપધિને પાતરાં વળી, ખંભા પર મૂકાય છે;
ગુરૂજી સાથે વિહાર કરાય, એવી લહેર દીક્ષામાં. ૭
દેશો દેશ ફરાય છે ને, જાત્રા નવી નવી થાય છે;
એથી ભવોભવ પાતિક જાય, એવી લહેર દીક્ષામાં. ૮
વિનય ગુરૂનો થાય ત્યારે, વિદ્યા આવડી જાય છે;
એથી જગતનો ઉદ્ધાર કરાય, એવી લહેર દીક્ષામાં. ૯
લોચ કરાય છે ને, સમતા ધરાય છે;
જેથી કર્મનો ભૂકો થાય, એવી લહેર દીક્ષામાં. ૧૦
જયણાથી વળી બોલીએ ને, જયણાથી વળી ચાલીએ;
એથી કર્મની નિર્જરા થાય, એવી લહેર દીક્ષામાં. ૧૧
ભક્તિસૂરિ ગુરૂરાયનો જે, શિષ્ય વિનય કહેવાય છે;
ભૂલચૂક માફી મગાય, એવી લહેર દીક્ષામાં. ૧૨

## ૫ સિદ્ધચક્રનું ચૈત્યવંદન.

બાર ગુણ અરિહંતના, તેમ સિદ્ધના આઠ;
છત્રીસ ગુણ આચાર્યના, જ્ઞાન તણા ભંડાર. ૧
પચવીશ ગુણ ઉપાધ્યાયના, સાધુ સત્યાવીશ;

શ્યામ વર્ણ તનુ શોભતા, જિન શાસનના ઈશ. ૨
નાણ નમું એકાવને, દર્શનના સડસઠ;
સિત્તેર ગુણ ચારિત્રના, તપના બાર પ્રધાન. ૩
એમ નવ પદ જુગતે કરી, તિન શત અડ ગુણ થાય;
પૂજે જે ભવિ ભાવશું, તેનાં પાતક જાય. ૪
પૂજ્યા મયણાસુંદરીયે, તેમ નરપતિ શ્રીપાલ;
પુણ્યે મુક્તિ સુખ લહ્યાં, વર્ત્યાં મંગલ માલ. ૫

## ૬ પર્યુષણનું ચૈત્યવંદન.

વડાકલ્પ પુરવ દિને, ઘરે કલ્પને લાવો;
રાતી જગા પ્રમુખે કરી, શાસન સોહાવો. ૧
હય ગય શિણગારી કરી, કુમર લાવો ગુરૂ પાસે;
વડાકલ્પ દિન સાંભલો, વીર ચરિત્ર ઉલ્લાસે. ૨
છઠ્ઠ દ્વાદશ તપ કીજીયે, ધરીયે શુભ પરિણામ;
સાહમી વચ્છલ પ્રભાવના, પૂજા અભિરામ. ૩
જિન ઉત્તમ ગૌત્તમ પ્રત્યે એ, કહેજો એકવીસ વાર;
ગુરૂ મુખ પદ્મે ભાવશું, સુણે તો પામે પાર. ૪

## ૭ પંચતીર્થનું ચૈત્યવંદન.

ધુર પ્રણમું શ્રી આદિદેવ, વિમલાચલ મંડન;
નાભિરાયા કુળ કેશરી, મારૂદેવી નંદન. ૧
ગીરનારે ગીરૂવો વાંદશું, સ્વામી નેમ કુમાર;
બાલપણે ચારિત્ર લીધો, તારી રાજુલ નાર. ૨

ભંભણવાડે વીર જિણંદ, મન વાંછિત પૂરે;
સાયણ ડાયણ ભૂત પ્રેત, તેહના મદ ચૂરે. ૩
શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ, મહિમાએ મહંત તો;
ગોડી ઢોડી જોઈએ પુરે, મનની ખાંત તો. ૪
ચક્રવર્તી પદવી તજી, લીધો સંજમ ભાર;
શાન્તિ જિનેશ્વર સોળમા, નિત્ય નિત્ય કરૂં જુહાર. ૫
પાંચે તીરથ જે નમે, પ્રહ ઉઠી નર નાર;
કમલ વિજય કવિ એમ કહે, તસ ઘર જય જયકાર. ૬

## ૮ આદીશ્વર ભગવાનનું ચૈત્યવંદન.

કલ્પ વૃક્ષની છાંયડી, નાનડીઓ રમતો, સોવન હિંડોલે
હિંચતો, માતાને મનગમતો. ૧
સુદેવી બાલક થયા ઋષભજી ક્રીડે વ્હાલા લાગો છો,
પ્રભુ હૈયડાસુ ભીડે. ૨
જિનપતિ યૌવન પામીઆ, ભાવે સુભગતાન;
ઈંદ્રે ધાર્યો માંડવો, વિવાહનો સામાન. ૩
ચોરી બાંધી ચિહું દિશી, સુર ગૌરી આવે;
સુનંદા સુમંગલા, પ્રભુજીને પરણાવે. ૪
ભરતે બિંબ ભરાવીઆ એ, સ્થાપ્યા શત્રુંજય ગિરીશ;
શ્રી વિજયપ્રભસૂરિ મહિમા ઘણો, ઉદય રત્ન ગુણ ગાય. ૫

## ૯ પંચમીનું ચૈત્યવંદન.

બાર પરખદા આગળે, શ્રી નેમિ જિનરાય;

મધુર ધ્વનિ દીયે દેશના, ભવિજનને હિતદાય. ૧
પંચમી તપ આરાધીએ, જિમ લહીએ જ્ઞાન અપાર;
કાર્તિક સુદી પંચમી ગ્રહો, હરખ તણો બહુમાન. ૨
પાંચ વર્ષ ઉપર વળી, પંચ માસ લગે જાણ;
અથવા જાવજ્જીવ લગે, આરાધો ગુણ ખાણ. ૩
વરદત્ત ને ગુણમંજરી, પંચમી આરાધી;
અંતે આરાધન કરી, શિવપુરીને સાધી. ૪
ઇણી પરે જે આરાધશે એ, પંચમી વિધિ સંયુક્ત;
જિન ઉત્તમપદ પદ્મને, નમી થાય શિવભકત. ૫

## ૧૦ શ્રી આદીશ્વરનું ચૈત્યવંદન.

ધુર પ્રણમું શ્રીઆદિદેવ, વિમલાચલ સોહીએ;
સુરતી મૂરતિ અતિ સરૂપ, ભવિયણના મન મોહીએ. ૧
સુંદર રૂપ સોહામણો, જોતાં તૃપ્તિ ન હોય;
ગુણ અનંત જિનવર તણા, કહી શકે ન કોઇ. ૨
વીતરાગ દર્શન વિના, ભવસાગરમાં રૂલીઓ;
કુગુરૂ કુદેવે ભોળવ્યો, ગાઢો જલ ભરીઓ. ૩
પૂર્વ પૂણ્ય પસાઉલે, વીતરાગ મેં આજ;
દર્શન દીઠો તાહરો, તારણ તરણ જહાજ. ૪
સુરવટ ને સુર વેલડી, આંગણે મુજ આઇ;
કલ્પવૃક્ષ રૂળીઆ વળી, નવ નિધિ મેં પાઈ. ૫
તુજ નામે સંકટ ટળે, નાશે વિષય વિકાર;

તુજ નામે સુખ સંપદા; તુજ નામે જય જયકાર. ૬
આજ સફળ દિન માહરો એ, સફળ થઇ મુજ જાત;
પ્રથમ તીર્થંકર ભેટીઆ, નિર્મળ કીધાં ગાત્ર. ૭
સુર નર કિંનર કિંનરા, વિદ્યાધરની કોડ;
મુકિત પહોંચ્યા કેવળી, વંદુ બે કર જોડ. ૮
શત્રુંજય ગિરિ મંડણો એ, મરૂદેવી માત મલ્લાર;
સિદ્ધ વિજય સેવક કહે, તુમે તરીયા મુજ તાર. ૯

## ૧૧ શ્રી વિચરતા જિનનું ચૈત્યવંદન.

સીમંધર પ્રમુખ નમું, વિહરમાન જિન વિશ;
ઋષભાદિક વલી વાંદીએ, સંપઈ જિન ચોવીશ. ૧
સિદ્ધાચલ ગીરનાર આબુ, અષ્ટાપદ વળી સાર;
સમેતશીખર એ પંચ તીર્થ, પંચમી ગતિ દાતાર. ૨
ઉર્ધ્વ લોકે જિનહર નમું, તે ચોરાશી લાખ;
સહસ સતાણું ઉપરે, તેવિશ જિનવર ભાખ. ૩
એકસો બાવન કોડી વળી, લાખ ચોરાણું સાર;
સહસ ચુમાલીશ સાતસેં, સાઠ જિન પડિમા ઉદાર. ૪
અધોલોકે જીન ભવન નમું, સાત કોડી બહોંતેર લાખ;
તેરસો કોડી નેવાશી કોડી, સાઠ લાખ ચિત રાખ. ૫
વ્યંતર જયોતીષીમાં વલી એ; જિન ભવન અપાર;
તો ભવિ નિત્ય વંદન કરો, જેમ પામો ભવ પાર. ૬
તીર્છા લોકે શાશ્વતાં, શ્રી જિન ભવન વિશાલ;

બત્રીશસેં ને ઓગણસાઠ, વંદુ થઇ ઉજમાલ. ૭
લાખ ત્રણ એકાણું સહસ, ત્રણશેં વીશ મનોહાર;
જિન પડિમા એ શાશ્વતી, નિત નિત કરૂં જુહાર. ૮
ત્રણ ભુવન માંહે વલીએ, નામાદિક જિન સાર;
સિદ્ધ અનંતા વંદીએ, મહોદય પદ દાતાર. ૯

## ૧૨ ઋષભદેવની થોય.

પ્રહ ઉઠી વંદુ, ઋષભદેવ ગુણવંત;
પ્રભુ બેઠા સોહે, સમવસરણ ભગવંત;
ત્રણ છત્ર વિરાજે, ચામર ઢાળે ઈન્દ્ર,
જિનના ગુણ ગાયે, સુર નર નારીના વૃન્દ. ૧
બાર પર્ષદા બેસે, ઈન્દ્ર ઇન્દ્રાણી રાય;
નવ કમલ રચે સુર, તિહાં ઠવતા પ્રભુ પાય;
દેવ દુંદુંભિ વાજે, કુસુમ વૃષ્ટિ બહુ હુંત;
એવા જિન ચોવીસે, પૂજો એકણ ચિત્ત. ૨
જિન જોજન ભુમિ, વાણીનો વિસ્તાર;
પ્રભુ અર્થ પ્રકાશે, રચના ગણધર સાર;
સો આગમ સુણતાં, છેદી જે ગતિ ચાર;
જિન વચન વખાણી, લીજે ભવનો પાર. ૩
જક્ષ ગોમુખ ગિરવો, જિનની ભકિત કરેવ;
તિહાં દેવી ચક્કેસરી, વિઘ્ન કોડી હરેવ;
શ્રી તપગચ્છ નાયક, વિજયસેન સૂરિરાય,

તસ કેરા શ્રાવક, ઋષભદાસ ગુણ ગાય. ૪

## ૧૩–૧૭ શ્રી સિદ્ધચક્રનું ચૈત્યવંદન.

શ્રીસિદ્ધચક્ર આરાધતાં, સુખ સંપત્તિ લહીએ;
સુરતરૂ સુરરમણી થકી, અધિકજ મહિમા કહીએ, ૧
અષ્ટકર્મ હાણી કરી, શિવ મંદિર રહીએ;
વિધિશું નવપદ ધ્યાનથી, પાતિક સવી દહીએ. ૨
સિદ્ધચક્ર જે સેવશે, એકમના નર નાર;
મન વાંછિત ફળ પામશે, તે સવિ ત્રિભુવન મોઝાર. ૩
અંગ દેશ ચંપાપુરી, તસ કેરા ભૂપાલ;
મયણા સાથે તપ તપે, તે કુંવર શ્રીપાલ. ૪
સિદ્ધચક્રજીના નમન થકી, જસ નાઠા રોગ;
તત્ક્ષણ ત્યાંથી તે લહે, શિવસુખ સંજોગ. ૫
સાતસેં કોઢી હોતા, હુવા નિરોગી જેહ;
સોવન વાને જલહલે, જેહનો નિરૂપમ દેહ. ૬
તેને કારણ તમે ભવી જનો, પ્રહ ઉઠી ભકતે;
આસો માસ ચૈત્ર થકી, આરાધો જુગતે. ૭
સિદ્ધચક્ર ત્રણ કાલના, વંદો સવી દેવ;
પડિક્કમણું કરી ઉભય કાલ, જિનવર મુનિ સેવ, ૮
નવપદ ધ્યાન હૃદે ધરો, પ્રતિપાલો ભવિ શીયલ;
નવપદ આંબિલ તપ તપો, જેમ હોય લીલમ લીલ. ૯
પહેલો પદ અરિહંતનો, નિત્ય કીજે ધ્યાન;

બીજે પદ વલી સિદ્ધનો, કરીએ ગુણ ગ્રામ. ૧૦
આચારજ ત્રીજે પદે, જપતાં જય જયકાર;
ચોથે પદ ઉવજ્ઝાયનો, ગુણ ગાઉં ઉદાર. ૧૧
સર્વ સાધુ વંદુ સહી, અઢી દ્વીપમાં જેહ;
પંચમ પદમાં તે સહી, ધરજો ધરી સ્નેહ. ૧૨
છઠ્ઠે પદે દરસણ નમું, દર્શન અજવાલું;
જ્ઞાન પદ નમું સાતમે, તેમ પાપ પખાલું. ૧૩
આઠમે પદ રૂડે જપું, ચારિત્ર સુસંગ;
નવમે પદ બહુ તપ તપો, જિમ ફલ લહો અભંગ. ૧૪
એહી નવપદ ધ્યાનથી, જપતાં નાઠે કોડ;
પંડિત ધીરવિમલ તણો, નય વંદે કર જોડ. ૧૫

## ૧૮ એકાદશીનું ચૈત્યવંદન.

આજ ઓચ્છવ થયો, મુજ ઘરે એકાદશી મંડાણ;
શ્રીજિનનાં ત્રણસેં ભલાં, કલ્યાણક ધર જાણ. ૧
સુરતરૂ સુરમણિ સુરઘટ, કલ્પવલ્લી ફળી મ્હારે;
એકાદશી આરાધના. બોધિબીજ ચિત્ત ઠારે. ૨
નેમિ જિનેશ્વર પૂજતાં એ, પહોંચે મનના કોડ;
જ્ઞાનવિમળ ગુણથી લહે, પ્રણમો બે કર જોડ. ૩

## ૧૯ શ્રી સીમંધર સ્વામીનું ચૈત્યવંદન.

સીમંધર જિન વિચરતા, સોહે વિજય મોઝાર;
સમવસરણ રચે દેવતા, બેસે પર્ષદા બાર. ૧

નવતત્ત્વની દીએ દેશના, સાંભળી સુર નર કોડ;
ષટ દ્રવ્યાદિક વર્ણવે, લે સમકિત કર જોડ. ૨
ઇહાં થકી જિન વેગળા, સહસ તેત્રીસ શત એક;
સત્તાવન જોજન વળી, સત્તર કળા સુવિશેષ. ૩
દ્રવ્ય થકી જિન વેગળા, ભાવથી હૃદય મોઝાર;
ત્રિહું કાલે વંદન કરૂં, શ્વાસ માંહે સો વાર. ૪
શ્રીસીમંધર જિનવરૂએ, પૂરે વાંછિત કોડ;
કાંતિવિજય ગુરૂ પ્રણમતાં, ભક્તિ એ કર જોડ. ૫

## ૨૦ શ્રીશંખેશ્વર પાર્શ્વનાથનું ચૈત્યવંદન.

સેવો પાસ શંખેશ્વરો મન શુધ્ધે, નમો નાથ નિશ્ચે કરી એક બુધ્ધે; દેવી દેવલાં અન્યને શું નમો છો ? અહો ભવ્ય લોકો ભૂલાં કાં ભમો છો ? ૧

ત્રિલોકના નાથને શું તજો છો ?, પડયા પાશમાં ભૂતને કાં ભજો છો ?; સુરધેનુ છંડી અજા શું અજો છો ?, મહાપંથ મૂકી કુપંથે વજો છો. ૨

તજે કોણ ચિંતામણિ કાચ સાટે ?, ગ્રહે કોણ રાસભને હસ્તિ સાટે ?; સુરદ્રુમ ઉપાડી કોણ આક વાવે ?, મહામૂઢ તે આકુલા અંત પાવે. ૩

કિહાં કાંકરો ને કિહાં મેરૂશૃંગ, કિહાં કેસરી ને કિહાં તે કુરંગ ?; કિહાં વિશ્વનાથ કિહાં અન્ય દેવા ?, કરો એક ચિત્તે પ્રભુ પાસ સેવા. ૪

પૂજે દેવી પદ્માવતી પાર્શ્વનાથં, બહુ ભાવે જે કરે છે સનાથં; શંખ વસ્ત્ર ભણી સદા જેહ ધ્યાવે, તેનાં દુઃખ દારિદ્ર દૂરે પલાવે. ૫

પામી માનુષત્વ વૃથા કાં ગમો છો?, કુશીલે કરી દેહને કાં દમો છો?; નહી મુક્તિવાસં વિના વીતરાગં, ભજો ભગવંતં તજો દૃષ્ટિ રાગં. ૬

ઉદયરત્ન ભાખે સદા હેત આણી, દયાભાવ કીજે પ્રભુ દાસ જાણી; આજ માહરે મોતીડે મેહ વુઠયા, પ્રભુ પાસ શંખેશ્વરા આપ તુઠયા. ૭

## ૨૧ પાર્શ્વનાથનો શ્લોક.

ક્ષિતિ મંડલ મુકુટં, ધાર્મિક નિકટં, વિશ્વ પ્રગટં ચારૂ ભટં;
ભવરેણુ સમીરં, જલનિધિ તીરં, સુરગિરિ–ધીરં, ગંભીરં;
જગત્રય–શરણં, દુર્મતિ હરણં, દુર્ધરચરણં, સુખકરણં;
શ્રી પાર્શ્વજિનેદ્રં, નતનાગેંદ્રં, નમત સુરેંદ્રં, કિત ભદ્રં. ૧

## ૨૨ નેમનાથનો શ્લોક.

રાજં યો ન સમીહતે ગજ ઘટાટં કાસં રાજિતં;
નૈવાકર્ય ક્ષતિ મારૂ ચંદ્રવદની લીલાવતિ યોગિનં;
યહ સંસાર મહા સમુદ્ર મથને, ભાવિયમં પાચલે;
સોડ્યં નેમિ જિનેશ્વરો વિજયતે, યોગીંદ્ર ચૂડામણિઃ. ૧

## ૨૩ ચિંતામણી પાર્શ્વનાથનો શ્લોક.

શ્રીમન્માલવ દેશ ભૂમિ લલનાભાલે સ્થલે ભૂષણં,
સેવેયં મક્ષીશ્વરં જિનપતે, પાર્શ્વ પ્રમોદપ્રદં;

આધિ વ્યાધિ વિનાશનં દુઃખહરં, મિથ્યા અપવાદં નામ;
દુષ્ટ મ્લેચ્છ, રિપુ કષ્ટ હરણં, શ્રીપાર્શ્વ ચિંતામણિઃ ૧

## ૨૪ ૐવિષહર પાર્શ્વનાથનો મહામંત્ર.

ૐ જિતુ ૐ જિતુ ૐ જિઉપશમધરી, ૐહ્રીં પાર્શ્વ અક્ષરજપંતે; ભૂત ને પ્રેત જ્યોતિષ વ્યંતરસુરા, ઉપશમે વાર એકવીશ ગુણંતે. ૐજિતુ૦ ૧

દુષ્ટ ગ્રહ રોગ શોક જરા જંતુને, તાવ એકાંતરો દિન તપંતે; ગર્ભબંધન વારણ સર્પ વીંછી વિષ,બાલિકા બાળની વ્યાધિ હંતે. ૐ૦ ૨

શાયણિ ડાયણિ રોહિણી રાંધણી, ફોટીકા મોટીકા દુષ્ટ હંતિ, દાઢ ઉંદર તણી કોલ નોલા તણી, શ્વાન શીયાળ વિકરાળ દંતિ. ૐ૦ ૩

ધરણ પદ્માવતી સમરી શોભાવતી, વાટ અઘાટ અટવી અટંતે; લક્ષ્મી લુંદો મળે, સુજસ વેળા વળે સયળ આશા ફળે, મન હસંતે. ૐ૦ ૪

અષ્ટ મહા ભય હરે, કાન પીડા ટળે; ઉતરે શૂલ શીશક ભણંતે; વદતિ વર પ્રીતશું પ્રીતિ વિમળ પ્રભો, પાર્શ્વ જિન નામ અભિરામ મંતે. ૐ૦ ૫

## ૨૫ અથ જ્વર–તાવનો છંદ.

ૐનમો આણંદપુર અજેપાલ રાજના, અજયા માતા જનમી જ્વર તું કૃપા નિધાન. ૧

સાત રૂપ સત તે હુઆ, કરવા ખેલ જગત, નામ ધરાવે જૂજૂઆ, પ્રસર્યો તું ઇત્ત ઉત્તંગ ૨

એકાંતરો વળી જ્વરો, ત્રીજે ચોથો નામ, ઉષ્ણુ શીત બિષમ જ્વરો, એ સાતે તુજ નામ ઉમંગા, તે નામ્યા જે ઝાલીમ ઝંગા, જગમાં વ્યાપી તુજ જસ ગંગા. ૪

તુજ આગે ભૂપતિ સવિ રંકા, ત્રિભુવનમાં માને તુજ ડંકા; માને નહિ તું કેહની શંકા, ત્રુઠો આપે સોવન ટંકા. ૫

સાધક સિધ્ધ તણા મદ મોડે, અસુર સુરા તુજ આગલ દોડે; દુષ્ઠ ધિઠના કંધર ત્રોડે, નમી ચાલે તેહને તું છોડે. ૬

## ૨૫ શ્રી ગૌતમસ્વામીનો રાસ.

### ઢાળ પહેલી–ભાષા.

વીર જિણેસર ચરણ કમલ, કમલાકયવાસો, પણમવિ પભણીશું સામિ સાલ, ગોયમ ગુરૂરાસો; મણ તણુ વયણુ એકાંત કરવી, નિસુણો ભો ભવિયા, જિમ નિવસે તુમ્હ દેહ ગેહ, ગુણગણુ ગહગહીયા. ૧

જંબૂદીવ સિરિભરહ ખિત્ત, ખોણીતલ મંડણ; મગધ દેસ સેણિય નરેસ, રિઉ દલ બલ ખંડણ; ધણવર ગુબ્વર ગામ નામ, જિહાં ગુણગણ સજ્જા, વિપ્પ વસે વસુભૂઇ તથ્થ, જસુ પુહવી ભજ્જા. ૨

તાણ પુત્ત સિરિ ઇંદભૂઇ, ભૂવલય પસિદ્ધો; ચઉદહ વિજ્જા વિવિહ રૂવ, નારી રસ વિદ્ધો (લુદ્ધો); વિનય

વિવેક વિચાર સાર, ગુણગણહ મનોહર; સાત હાથ સુપ્રમાણ દેહ, રૂપહિ રંભાવર. ૩

નયણ વયણ કર ચરણ, જિણવિ પંકજ જળે પાડિય, તેજે તારા ચંદ સૂર, આકાશ ભમાડિય; રૂવે મયણ અનંગ કરવી, મેલ્હિઓ નિરધાડિય; ધીરમેં મેરૂ ગંભિર સિંધુ, ચંગમચયચાડિય. ૪

પેખવી નિરૂવમ રૂવ જાસ, જણ જંપે કિંચિય, એકાકી કલિ ભીત ઇથ્થ, ગુણ મેહલ્યા સંચિય; અહવા નિશ્ચે પુવ્વ જમ્મ, જિણવર ઇણ અંચિય; રંભા પઉમા ગૌરી ગંગ, રતિ હા વિધિ વંચિય. ૫

નહિ બુધ નહિ ગુરૂ કવિ ન કોઇ, જસુ આગલ રહિયો; પંચ સયા ગુણપાત્ર છાત્ર, હીંડે પરિવરિઓ; કરે નિરંતર યજ્ઞકર્મ, મિથ્યામતિ મોહિય; ઇણ છળ હોશે ચરણ નાણ, દંસણહ વિસોહિય. ૬

વસ્તુછંદ—જંબૂ દીવહ, જંબૂ દીવહ, ભરહવાસંમિ; ખોણીતલમંડણ મગધ દેસ, સેણિય નરેસર; વર ગુબ્બર ગામ તિહાં, વિપ્પ વસે વસુભૂઈ સુંદર; તસુ ભજ્જા પુહવી સયલ, ગુણ ગણ રૂવ નિહાણ; તાણ પુત્ત વિજ્જાનિલઓ, ગોયમ અતિહિ સુજાણ. ૭

ઢાળ બીજી—ભાષા.

ચરમ જિણેસર કેવલનાણી, ચઉવ્વિહ સંઘ પઇઠ્ઠા જાણી; પાવાપુરી સ્વામી સંપત્તો, ચઉવ્વિહ દેવનિકાયહિ જુત્તો. ૮

બીજે સમવસરણ તિહાં કીજે, જિણુ દીઠે મિથ્યામતિ છીજે;
ત્રિભુવન ગુરૂ સિંહાસન બેઠા, તતખિણ મોહ દિગંતે પેઠા. ૯
ક્રોધ માન માયા મદ પૂરા, જાયે નાઠા જિમ દિન ચોરા;
દેવ દુંદુભિ આકાશે વાજે, ધર્મ નરેસર આવ્યા ગાજે. ૧૦
કુસુમવૃષ્ટિ વિરચે તિહાં દેવા, ચોસઠ ઇંદ્ર જસુ માગે સેવા;
ચામર છત્ર શિરોવરિ સોહે, રૂપેહિ જિણવર જગ સહુ મોહે. ૧૧
ઉવસમ રસભર ભરી વરસંતા, જોજન વાણી વખાણ કરંતા;
જાણવિ વર્દ્ધમાણ જિણ પાયા, સુર નર કિન્નર આવે રાયા. ૧૨
કાંતિ સમૂહે ઝલઝલકંતા, ગયણ વિમાણે રણરણકંતા;
પેખવિ ઈંદભૂઇ મન ચિંતે, સુર આવે અમ્હ યજ્ઞ હોવંતે. ૧૩
તીર તરંડક જિમ તે વહતા, સમવસરણ પુહતા ગહગહતા;
તો અભિમાને ગોયમ જંપે, ઇણ અવસરે કોપે તણુ કંપે. ૧૪
મૂઢ લોક અજાણીઉં બોલે, સુર જાણંતા ઈમ કાંઇ ડોલે;
મૂ આગળ કો જાણ ભણીજે, મેરૂ અવર કિમ ઉપમા દીજે. ૧૫
વસ્તુ છંદ—વીર જિણવર, વીર જિણવર, નાણ સંપન્ન;
પાવાપુરી સુરમહિય; પત્તનાહ સંસાર તારણ; તિહિં દેવેહિં
નિમ્મવિય, સમવસરણ બહુ સુખ્ખકારણ, જિણવર જગ
ઉજ્જોય કરે; તેજ કરી દિનકાર, સિંહાસણે સામિય ઠવ્યો;
હુઓ સુજયજયકાર. ૧૬

ઢાળ ત્રીજી—ભાષા.

તવ ચઢિયો ઘણુ માન ગજે, ઇંદ્રભૂઇ ભૂદેવ તો;
હુંકારો કરી સંચરિઓ, કવણ સુ જિણવર દેવ તો; જો-

જન ભૂમિ સમોસરણ, પેખે પ્રથમારંભ તો; દહ દિસિ દેખે વિબુધ વધુ, આવંતી સુરરંભ તો. ૧૭

મણિમય તોરણ દંડ ધજા, કોસીસે નવઘાટ તો; વૈર વિવર્જિત જંતુગણ, પ્રાતિહારજ આઠ તો; સુર નર કિન્નર અસુર વર, ઈંદ્ર ઈંદ્રાણી રાય તો; ચિત્તે ચમક્કિય ચિંતવે એ, સેવંતા પ્રભુપાય તો. ૧૮

સહસકિરણ સમ વીર જિણ, પેખવી રૂપ વિશાળ તો; એહ અસંભવ સંભવે એ, સાચો એ ઈંદ્રિજાળ તો; તો બોલાવે ત્રિજગ ગુરૂ, ઇંદભૂઈ નામેણ તો; શ્રીમુખ સંશય સામી સવે, ફેડે વેદપએણ તો. ૧૯

માન મેલ્હી મદ ઠેલી કરી, ભગતે નામે સીસ તો; પંચ સયાશું વ્રત લીયો એ, ગોયમ પહિલો સીસ તો; બંધવ સંજમ સુણવી કરી, અગ્નિભૂઈ આવેઈ તો; નામ લેઈ આભાષ કરે, તે પણ પ્રતિબોધેઈ તો. ૨૦

ઈણિ અનુક્રમે ગણહર રયણ, થાપ્યા વીર અગ્યાર તો; તવ ઉપદેશ ભુવનગુરૂ, સંજમશું વ્રત બાર તો; બિહું ઉપવાસે પારણું એ, આપણપે વિહરંત તો; ગોયમ સંજમ જગ સયલ, જય જયકાર કરંત તો. ૨૧

વસ્તુ છંદ—ઈંદભૂઈઅ ઈંદભૂઈઅ, ચઢિય બહુ માન; હુંકારો કરી સંચરિઓ, સમવસરણ પુહતો તુરંત; ઈહિ સંસા સામી સવે, ચરમ નાહ ફેડે ફુરંત; બોધિબીજ સ-

જઝાય મને, ગોયમ ભવહ વિરત્ત; દિખ્ખ લેઈ સિખ્ખા સહિય ગણહર પય સંપત્ત. ૨૨

## ઢાળ ચોથી–ભાષા.

આજ હુઓ સુવિહાણ, આજ પચેલિમાં પુણ્ય ભરો; દીઠા ગોયમસામી, જો નિય નયણે અમિય ભરો; સિરિ ગોયમ ગણહાર, પંચ સયા મુનિ પરિવરિયા; ભૂમિય કરય વિહાર, ભવિયાં જણ પડિબોહ કરે; સમવરણ મઝાર, જે જે સંસા ઉપજે એ; તે તે પર ઉપગાર, કારણ પૂછે મુનિપવરો. ૨૩

જિહાં જિહાં દીજે દિખ્ખ, તિહાં તિહાં કેવલ ઉપજે એ; આપ કન્હે અણહુંત ગોયણ દીજે દાન ઇમ; ગુરૂ ઉપર ગુરૂભકિત, સામિય ગોયમ ઉપનીય; ઈણ છલ કેવલનાણ, રાગજ રાખે રંગ ભરે. ૨૪

જો અષ્ટાપદ શૈલ, વંદે ચઢી ચઉવીશ જિણ આત્મલબ્ધિ વસેણ, ચરમ શરીરી સોઇ મુનિ; ઇઅ દસણ નિસુણેઈ, ગોયમ ગણહર સંચલિઓ; તાપસ પન્નર સએણ, તો મુનિ દીઠો આવતો એ. ૨૫

તવ સોસિય નિય અંગ, અમ્હ શકિત નવિ ઉપજે એ; કિમ ચઢશે દઢકાય, ગજ જિમ દિસે ગાજતો એ; ગિરૂઓ એણે અભિમાન, તાપસ જો મનચિંતવે એ; તો મુનિ ચઢીયો વેગ, આલંબવી દિનકર કિરણ. ૨૬

કંચણ મણિ નિપ્પન્ન, દંડ કલસ ધજ વડ સહિય;

પેખવી પરમાણુંદ, જિણહર ભરહેસર મહિય; નિય નિય કાય પ્રમાણ, ચઉદિસિ સંઠિઅ જિણહ બિંબ; પણમવી મન ઉલ્લાસ, ગોયમ ગણહર તિહાં વસિય. ૨૭

વયર સ્વામીનો જીવ, તિર્યંક જૃંભક દેવ તિહાં; પ્રતિબોધે પુંડરીક, કંડરીક અધ્યયન ભણી; વળતા ગોયમસામી, સવિ તાપસ પ્રતિબોધ કરે; લેઇ આપણે સાથ, ચાલે જેમ જુથાધિપતિ. ૨૮

ખીર ખાંડ ઘૃત આણી, અમિઅ વુઠ અંગુઠ ઠવે; ગોયમ એકણ પાત્ર, કરાવે પારણું સવે; પંચ સયા શુભ ભાવ, ઉજ્વલ ભરિયો ખીર મીસે; સાચા ગુરૂ સંજોગ, કેવળ તે કેવળરૂપ હુઓ. ૨૯

પંચ સયા જિણનાહ, સમવસરણ પ્રાકાર ત્રય; પેખવી કેવલનાણ, ઉપન્યું ઉજ્જોય કરે; જાણે જિણવિ પીયૂષ, ગાજંતી ઘણ મેઘ જિમ; જિણ વાણી નિસુણેઈ, નાણી હુઆ પંચ સયા. ૩૦

વસ્તુછંદ—ઇણે અનુક્રમે, નાણસંપન્ન; પન્નરહ સય પરિવરિય, હરિય દુરિય જિણનાહ વંદઈ; જાણવિ જગગુરૂ વયણ, તિહ નાણ અપ્પાણ નિંદઇ; ચરમ જિણેસર ઈમ ભણઇ, ગોયમ મ કરિસ ખેઉ, છેહ જઈ આપણ સહી, હોસું તુલ્લા બેઉ. ૩૧

## ઢાળ પાંચમી–ભાષા.

સામિઓ એ વીર જિણંદ, પુનિમચંદ જિમ ઉલ્લસિઅ; વિહરિઓ એ ભરહવાસમ્મિ, વરિસ બહોંતેર સંવસિઅ; ઠવતો એ કણય પઉમેસુ, પાયકમળ સંઘહિ સહિય; આવીઓ એ નયણાણંદ, નયર પાવાપુરી સુરમહિય. ૩૨

પેખિઓ એ ગોયમસામી, દેવશર્મા પ્રતિબોધ કરે; આપણ એ ત્રિશલા દેવી–નંદન પહોતો પરમ પએ; વળતાં એ દેવ આકાશ, પેખવી જાણિય જિણ સમે એ; તો મુનિ એ મન વિખવાદ, નાદ ભેદ જિમ ઉપનો એ. ૩૩

કુણ સમો એ સામિય દેખી, આપ કન્હે હું ટાલિયો એ; જાણંતો એ તિહુઅણ નાહ, લોક વિવહાર ન પાલિઓ એ; અતિ ભલું એ કીધલું સામી, જાણીયું કેવલ માગશે એ; ચિંતવીયું એ બાળક જેમ, અહવા કેડે લાગશે એ. ૩૪

હું કિમ એ વીર જિણંદ, ભગતે ભોળો ભોળવ્યો એ; આપણો એ અવિહડ નેહ, નહિ ન સંપે સાચવ્યો એ; સાચો એ તુંહી વીતરાગ, નેહ ન જેણે લાલિઓ એ; ઇણ સમે એ ગોયમ ચિત્ત, રાગ વેરાગે વાળિઓ એ. ૩૫

આવતું એ જે ઉલટ્ટ, રહેતું રાગે સાહિઉં એ; કેવલ એ નાણ ઉપન્ન, ગોયમ સહેજે ઉમ્માહિઓ એ; તિહુઅણ એ એ જય જયકાર, કેવલ મહિમા સુર કરે એ; ગણહર એ કરય વખાણ, ભવિયણ ભવ ઇમ નિસ્તરે એ. ૩૬

વસ્તુ છંદ—પઢમ ગણહર પઢમ ગણહર, વરિસ પચાસ; ગિહિવાસે સંવસિય, તીસ વરિસ સંજમ વિભૂસિય; સિરિ કેવલનાણ પુણ, બાર વરિસ તિહુયણ નમંસિય; રાયગિહિ નયરીહિં ઠવિઅ, બાણું વય વરિસાઉ; સામી ગોયમ ગુણનીલો, હોશે શિવપુર ઠાઉ. ૩૭

## ઢાળ છઠ્ઠી—ભાષા.

જિમ સહકારે કોયલ ટહુકે, જિમ કુસુમહ વને પરિમલ મહકે, જિમ ચંદન સુગંધનિધિ; જિમ ગંગાજળ લહેરે લહકે, જિમ કણયાચલ તેજે ઝલકે, તિમ ગોયમ સૌભાગ્ય નિધિ. ૩૮

જિમ માનસરોવર નિવસે હંસા, જિમ સુરવર સિરિ કણયવતંસા, જિમ મહુયર રાજીવ વને; જિમ રયણાયર રયણે વિલસે, જિમ અંબર તારાગણ વિકસે, તિમ ગોયમ ગુણ કેલિવને. ૩૯

પુનમ નિશિ જિમ શશિહર સોહે, સુરતરૂ મહિમા જિમ જગ મોહે, પૂરવ દિસિ જિમ સહસકરો; પંચાનન જિમ ગિરિવર રાજે, નરવઇ ઘર જિમ મયગલ ગાજે, તિમ જિનશાસન મુનિપવરો. ૪૦

જિમ સુરતરૂવર શોહે શાખા, જિમ ઉત્તમ મુખ મધુરી ભાષા, જિમ વન કેતકી મહમહે એ; જિમ ભૂમિપતિ ભુયબલ ચમકે, જિમ જિનમંદિર ઘંટા રણકે, તિમ ગોયમ લબ્ધે ગહગહે એ. ૪૧

ચિંતામણિ કર ચઢીઓ આજ, સુરતરૂ સારે વંછિત કાજ, કામ કુંભ સવિ વશ હુઆ એ; કામગવી પૂરે મનકામિય, અષ્ટ મહાસિદ્ધિ આવે ધામિય, સામિય ગોયમ અણુસરો એ. ૪૨

પણવખ્ખર પહેલો પભણીજે, માયાબીજ શ્રવણ નિસુણીજે, શ્રીમતી શોભા સંભવે એ; દેવહ ધૂરિ અરિહંત નમીજે, વિનય પહુ ઉવજ્ઝાય થુણીજે, ઈણ મંત્રે ગોયમ નમો એ. ૪૩

પુર પુર વસતાં કાંઇ કરીજે, દેશ દેશાંતર કાંઈ ભમીજે; કવણ કાજ આયાસ કરો; પ્રહ ઉઠી ગોયમ સમરીજે, કાજ સમગ્ગહ તતખણ સીઝે, નવનિધિ વિલસે તાસ ઘરે. ૪૪

ચઉદહ સય બારોત્તર વરસે, ગોયમ ગણહર કેવલ દિવસે; કિઉં કવિત્ત ઉપગાર પરો; આદેહિ મંગલ એહ પભણીજે, પરવ મહોત્સવ પહિલો લીજે, ઋદ્ધિ વૃદ્ધિ કલ્યાણ કરો. ૪૫

ધન્ય માતા જિણે ઉદરે ધરીયા, ધન્ય પિતા જિણ કુલ અવતરીયા, ધન્ય સહગુરૂ જિણે દિખ્ખિયા એ; વિનયવંત વિદ્યાભંડાર, જસ ગુણ કોઇ ન લબ્ભે પાર, વિદ્યાવંત ગુરૂ વિનવે એ; ગૌતમસ્વામીનો રાસ ભણીજે, ચઉવ્વિહ સંઘ રલિયાયત કીજે, ઋદ્ધિ વૃદ્ધિ કલ્યાણ કરો. ૪૬

શ્રી ગૌતમસ્વામીનો રાસ સંપૂર્ણ.

---

## ૨૬ નેમનાથનો સલોકો.

સરસ્વતી માતા હું તુમ પાય લાગું, દેવ ગુરૂ તણી આજ્ઞા માગું; જિહ્વા અગ્રે તું બસજે આઈ, વાણી તણી તું કરજે સવાઇ. ૧

આઘો પાછો કોઇ અક્ષર થાવે, માફ કરજો જે દોષ કાંઈ નાવે; તગણ સગણ ને જગણના ઠાઠ, તે આદે દઇ ગણ છે આઠ. ૨

ક્રીયા સારા ને ક્રીયા નિષેધ, તેનો ન જાણું ઉંડારથ ભેદ; કવિજન આગળ મારી શી મતિ, દોષ ટાળજો માતા સરસ્વતી. ૩

નેમજી કેરો કહીશું સલોકો, એક ચિત્તેથી સાંભળજો લોકો; રાણી શિવાદેવી સમુદ્ર રાજા, તસ કુળ આવ્યા કરવા દીવાજા. ૪

ગર્ભે કાર્તિક વદી બારસે રહ્યા, નવ માસવાડા આઠ દિન થયા; પ્રભુજી જન્મ્યાની તારીખ જાણું, શ્રાવણ સુદિ પાંચમ ચિત્રા વખાણું. ૫

જનમ્યા તણી તો નોબત વાગી, માતા પિતાને કીધાં વડભાગી; તરિયા તોરણ બાંધ્યા છે બાર, ભરી મુક્તાફળ વધાવે નાર. ૬

અનુક્રમે પ્રભુજી મહોટા રે થાય, ક્રીડા કરવાને નેમજી જાય; સરખે સરખા છે સંગાતે છોરા, લટકે બહુ મૂલા કલગી તોરા. ૭

રમત કરતા જાય છે તિહાં, દીઠી આયુધશાળા છે જિહાં; નેમ પૂછે છે સાંભળો ભ્રાત, આ તે શું છે રે કહો તમે વાત. ૮

ત્યારે સરખા સહુ બોલ્યા ત્યાં વાણ, સાંભળો નેમજી ચતુર સુજાણ; તમારો ભાઈ કૃષ્ણજી કહીયે, તેને બાંધવા આયુધ જોઇએ. ૯

શંખ ચક્ર ને ગદા એ નામ, બીજો બાંધવા ઘાલે નહી હામ; એ હવે બીજો કોઈ બળીયો જો થાય, આવા આયુધ તેને બંધાય. ૧૦

નેમ કહે છે ઘાલું હું હામ, એમાં ભારે શું મ્હોટું છે કામ; એવું કહીને શંખ જ લીધો, પોતે વગાડી નાદજ કીધો. ૧૧

તે ટાણે થયો મહોટો ડમડોલ, સાયરના નીર ચઢયા કલ્લોલ; પરવતની ટુંકો પડવાને લાગી, હાથી ઘોડા તો જાય છે ભાગી. ૧૨

ઝબકી નારીઓ નવ લાગી વાર, તૂટયા નવસરા મોતીના હાર; ધરા ધ્રૂજી ને મેઘ ગડગડીયો, મહોટી ઈમારતો તૂટીને પડીયો. ૧૩

સહુના કાળજા ફરવાને લાગ્યાં, સ્ત્રી અને પુરૂષ જાય છે ભાગ્યાં; કૃષ્ણ બલભદ્ર કરે છે વાત, ભાઈ શો થયો આ તે ઉત્પાત. ૧૪

શંખ નાદ તો બીજે નવ થાય, એહવો બળિયો તે

કોણ કહેવાય; કાઢો ખબર આ તે શું થયું, ભાગ્યું નગર કે કોઇ ઉગરીયું. ૧૫

તે ટાણે કૃષ્ણ પામ્યા વધાઇ, એ તો તમારો નેમજી ભાઇ, કૃષ્ણ પૂછે છે નેમને વાત, ભાઇ શો કીધો આ તેં ઉત્પાત. ૧૬

નેમજી કહે સાંભળો હરિ, મેં તો અમસ્તી રમત કરી; અતુલી બળ દીઠું નાનુડે વેષે, કૃષ્ણજી જાણે એ રાજને લેશે. ૧૭

ત્યારે વિચાર્યું દેવ મોરારિ, એને પરણાવું સુંદર નારી; ત્યારે બળ એનું ઓછું જો થાય, તો તો આપણે અહીં રહેવાય. ૧૮

એવો વિચાર મનમાં આણી, તેડયા લક્ષ્મીજી આદે પટરાણી; જળક્રીડા કરવા તમે સહુ જાઓ, નેમને તમે વિવાહ મનાવો. ૧૯

ચાલી પટરાણી સર્વે સાજે, ચાલો દેવરીયા નાવાને કાજે; જળક્રીડા કરતાં બોલ્યાં રૂકમણી, દેવરીયા પરણો છબીલી રાણી. ૨૦

વાંઢા નવિ રહીએ દેવર નગીના, લાવો દેરાણી ભીના; રંગના નારી વિના તો દુઃખ છે ધાડું, કોણ રાખશે બાર ઉઘાડું. ૨૧

પરણ્યા વિના તો કેમ જ ચાલે, કરી લટકો ઘરમાં કોણ માલે; ચૂલો ફૂંકશો પાણીને ગળશો, વેલાં મોડાં તો ભોજન કરશો. ૨૨

બારણે જાશો અટકાવી તાળું, આવી અસુરા કરશો વાળુ;

દીવા બત્તીને કોણ જ કરશે, લીંપ્યા વિના તો ઉકેડા વળશે. ૨૩

વાસણ ઉપર તો નહીં આવે તેજ, કોણ પાથરશે તમારી સેજ; પ્રભાતે લુખો ખાખરો ખાશો, દેવતા લેવા સાંજરે જાશો. ૨૪

મનની વાતો તો કોણને કહેવાશે, તે દિન નારીનો ઓરતો થાશે; પરોણા આવીને પાછા જાશે, ઝશ વિદેશે વાતો બહુ થાશે. ૨૫

મહોટાના છોરૂ નાનેથી વરીયા, મારૂં કહ્યું તો માનો દેવરીયા; ત્યારે સત્યભામા બોલ્યાં ત્યાં વાણ, સાંભળો દેવરીયા ચતુર સુજાણ. ૨૬

ભાભીનો ભરોંસો નાશીને જાશે, પરણ્યા વિના કોણ પોતાની થાશે; પહેરી ઓઢીને આંગણે ફરશે, ઝાઝાં વાનાં તો તમને કરશે. ૨૭

ઉંચા મન ભાભી કેરાં કેમ સહેશો, સુખ દુઃખની વાત કોણ આગળ કહેશો; માટે પરણોને પાતળીયા રાણી, હું તો નહિ આપું ન્હાવાને પાણી. ૨૮

વાંઢા દેવરને વિશ્વાસે રહીએ, સગાં વહાલામાં હલકાંજ થઇએ; પરણ્યા વિના તો સુખ કેમ થાશે, સગાને ઘેર ગાવા કોણ જાશે. ૨૯

ગણેશ વધાવા કેને મોકલશો, તમે જાશો તો શી રીતે ખલશો; દેરાણી કેરા પાડ જાણીશું! છોરૂ થાશે વિવા તો માણીશું. ૩૦

માટે દેવરીયા દેરાણી લાવો, અમ ઉપર નથી તમારો દાવો; ત્યારે રાધિકા આઘેરા આવી, બોલ્યા વચન તો મોઢું મલકાવી. ૩૧

શી શી વાતોરે કરો છો સખી, નારી પરણવી રમત નથી; કાયર પુરૂષનું નથી એ કામ, વાવરવા જોઇએ ઝાઝેરા દામ. ૩૨

ઝાંઝર નુપૂરને ઝીણી જવમાલા, અણઘટ વીંછીઆ ઘાટે રૂપાળા; પગપાને ઝાઝી ઘુઘરીઓ જોઇએ, મહોટે સાંકળે ઘુઘરા જોઇએ. ૩૩

સોના ચુડલો ગુજરીના ઘાટ, છલ્લા અંગુઠી અરિસા ઠાઠ; ઘુઘરી પોંચી ને વાંક સોનેરી, ચંદન ચુડીની શોભા ભલેરી. ૩૪

કલ્લાં સાંકળાં ઉપર સિંહમોરા, મરકત બહુ મૂલા નંગ ભલેરા; તુલશી પાટીયાં જડાવ જોઇએ, કાલીકંઠથી મનડું મોહિએ. ૩૫

કાંઠલી સોહીએ ઘુઘરીયાળી, મનડું લોભાયે ઝુમણું ભાળી; નવસેરો હાર મોતીની માળા, કાને ટડોડા સોનેરી ગાળા. ૩૬

મચકણિયાં જોઇએ મૂલ્ય ઝાઝાનાં, ઝીણાં મોતી પણ પાણી તાજાનાં; નીલવટ ટીલડી શોભે બહુ સારી, ઉપર દામણી મૂલની ભારી; ચીર ચુંદડી ઘરચોળાં સાડી, પીલી પટોલી માગશે દહાડી. ૩૭

આંટ ચુંદડીઓ કસબી સોહીએ, દશરા દીવાળી પહેરવા જોઇએ; મોંઘા મૂલના કમખા કહેવાય, એવડું નેમથી પૂરૂં કેમ થાય. ૩૮

માટે પરણ્યાની પાડે છે નાય, નારીનું પૂરૂં શી રીતે થાય; ત્યારે લક્ષ્મીજી બોલ્યાં પટરાણી, દીયરના મનની વાતો મેં જાણી. ૩૯

તમારૂં વયણ માથે ધરીશું, બેઉનું પૂરૂં અમો કરશું; માટે પરણોને અનોપમ નારી, તમારો ભાઈ દેવ મોરારી. ૪૦

બત્રીશ હજાર નારી છે જેહને, એકનો પાડ ચડશે તેહને; માટે હૃદયથી ફીકરૂ ટાળો, કાકાજી કેરૂં ઘર અજવાળો. ૪૧

એવું સાંભળી નેમ ત્યાં હસિયા, ભાભીના બોલ હૃદયમાં વસિયા; ત્યાં તો કૃષ્ણને દીધી વધાઈ, નિશ્ચે પરણશે તમારો ભાઇ; ઉગ્રસેન રાજા ઘેર છે બેટી, નામે રાજુલ ગુણની પેટી. ૪૨

નેમજી કેરો વિવાહ ત્યાં કીધો, શુભ લગ્નનો દિવસ લીધો; મંડપ મંડાવ્યા કૃષ્ણજી રાય; નેમને નિત્ય ફુલેકાં થાય. ૪૩

પીઠી ચોળે ને માનુની ગાય, ધવળ મંગલ અતિ વરતાય; તરીયાં તોરણ બાંધ્યાં છે બહાર, મળી ગાય છે સોહાગણ નાર. ૪૩

જાન સજાઈ કરે ત્યાં સારી, હલબલ કરે ત્યાં

દેવ મોરારી; વહુવારૂ વાતો કરે છે છાને, નહી રહીયે ઘેર ને જાઈશું જાને. ૪૫

છપ્પન કરોડ જાદવનો સાથ, ભેળા કૃષ્ણ બલભદ્ર ભ્રાત; ચડીયા ઘોડલે મ્યાના અસવાર, સુખપાલ કેરો લાધે નહિ પાર. ૪૬

ગાડાં વેલો ને બગીઓ બહુ જોડી, મ્યાના ગાડીએ જોતર્યા ધોરી; બેઠા જાદવ તે વેઢ વાંકડીયા, સોવન મુગટ હીરલે જડિયા. ૪૭

કડાં પોંચીયો બાજુ બંધ કશીયા, શાલો દુશાલો ઓઢે છે રસીયા; છપ્પન કોટી તો બરોબરીયા જાણું, બીજા જાનૈયા કેટલા વખાણું. ૪૮

જાનડીઓ શોભે બાલુડે વેષે, વિવેક મોતી પરોવે કેશે; સોળ શણગાર ધરે છે અંગે, લટકે અલબેલી ચાલ ઉમંગે. ૪૯
લીલાવટ ટીલી દામણી ચળકે, જેમ વિજળી વાદળે સળકે; ચંદ્રવદની મૃગા જો નેણી, સિંહલંકી જેહની નાગશી વેણી. ૫૦
રથમાં બેસી બાળક ધવરાવે, બીજી પોતાનું ચીર સમરાવે; એમ અનુક્રમે નારી છે ઝાઝી, ગાયગીત ને થાય છે રાજી. ૫૧

કોઇ કહે ધન્ય રાજુલ અવતાર, નેમ સરીખો પામી ભરથાર; કોઇ કહે પુણ્ય નેમનું ભારી, તે થકી મળી છે રાજુલ નારી. ૫૨

એમ અન્યોન્ય વાદ વદે છે, મહોડાં મલકાવી વાતો કરે

છે; કોઇ કહે અમે જઇશું વહેલી, બળદને ઘી પાઇશું પહેલી. ૫૩

કોઈ કહે અમારા બળદ છે ભારી, પહોંચી ન શકે દેવ મોરારિ, એવી વાતોના ગપોલા ચાલે, પોત પોતાના મગનમાં મહાલે. ૫૪

બહોંતરે કળાને બુદ્ધિ વિશાળ, નેમજી નાહીને ધરે શણુગાર; પહેર્યાં પીતામ્બર જરકશી જામા, પાસે ઉભા છે નેમના મામા. ૫૫

માથે મુગટ તે હીરલે જડિયો, બહુ મૂલો છે કસબીનો ઘડીયો; ભારે કુંડલ બહુમૂલાં મોતીનો હાર, બાંધ્યા બાજુબંધ નવ લાગી વાર; દશે આંગળીયે વેઢ ને વીંટી, ઝીણી દિસે છે સોનેરી લીંટી. ૫૭

હીરા બહુ જડીયા પાણીના તાજા, કડાં સાંકળાં પહેરે વરરાજા; મોતીનો તોરો મુગટમાં ઝળકે, બહુ તેજથી કલગી ચળકે. ૫૮

રાધાએ આવીને આંખડી આંજી, બહુ ડાહી છે નવ જાય ભાંજી; કુમકુમનું ટીલું કીધું છે ભાલે, ટપકું કસ્તુરી કેરૂં છે ગાલે. ૫૯

પાન સોપારી શ્રીફળ જોડે, ભરી પોસને ચડીઆ વરઘોડે; ચડી વરઘોડો ચઉટામાં આવે, નગરની નારી મોતીએ વધાવે. ૬૦

વાજાં વાગે ને નાટારંભ થાય, નેમ વિવેકી તોરણ જાય;

ધુંસળ મુસળને રવઇએ લાવ્યા, પોંખવા કારણ સાસુજી આવ્યાં. ૬૧

દેવ વિમાને જુવે છે ચડી,નેમ નહિ પરણે જાશે આ ઘડી; એવામાં કીધો પશુએ પોકાર,સાંભળો અરજી નેમ દયાળ. ૬૨

તમે પરણાશો ચતુર સુજાણ, પરભાતે જાશે પશુના પ્રાણ; માટે દયાલુ દયા મનમાં દાખો, આજ અમોને જીવતાં રાખો. ૬૩

એવો પશુઓનો સુણી પોકાર, છોડાવ્યાં પશુઓ નેમ દયાલ; પાછા તો ફરિયા પરણ્યાજ નહી, કુંવારી કન્યા રાજુલ રહી. ૬૪

રાજુલ કહે છે ન સિદ્ધાં કાજ, દુશ્મન થયા છે પશુઓ આજ; સાંભળો સર્વે રાજુલ કહે છે, હરણીને તિહાં ઓલંભો દે છે. ૬૫

ચંદ્રમાને તેં લંછન ઠેરાવ્યો, સીતાનું તેં તો હરણ કરાવ્યું; મહારી વેળા તો ક્યાંથી જાગી, નજર આગળથી જાને તું ભાગી. ૬૬

કરે વિલાપ રાજુલ રાણી, કર્મની ગતિ મેં તો જાણી; આઠ ભવની પ્રીતિને ઠેલી, નવમે ભવ કુંવારી મેલી. ૬૭

એવું નવ કરીએ નેમ નગીના, જાણું છું મન રંગના ભીના; તમારા ભાઇએ રણમાં રઝલાવી, તે તો નારી ઠેકાણે લાવી. ૬૮

તમે કુલતણો રાખો છો ધારો, આ ફેરે આવ્યો તમારો વારો; વરઘોડે ચડી મ્હોટો જશ લીધો, પાછાં વળીને ફજેતો કીધો; આંખો અંજાવી પીઠી ચોળાવી, વરઘોડે ચડતાં શરમ ન આવી. ૬૯

મ્હોટે ઉપાડે જાન બનાવી, ભાભીઓ પાસે ગાણાં ગવરાવી; એવા ઠાઠથી સર્વેને લાવ્યા, સ્ત્રી પુરૂષને ભલા ભમાવ્યા. ૭૦

ચાનક લાગે તો પાછેરા ફરજો, શુભ કારજ એ મારૂં રે કરજો; પાછા ન વળિઆ એક જ ધ્યાન, દેવા માંડયું તિહાં વરસીજ દાન. ૭૧

દાન દઇને વિચાર જ કીધો, શ્રાવણ સુદી છઠનું મુહુરતજ લીધું; દીક્ષા લીધી ત્યાં ન લાગી વાર, સાથે મુનિવર એક હજાર. ૭૨

ગિરનારે જઇને કારજ કીધું, પંચાવનમે દિન કેવલ લીધું; પામ્યાં વધાઈ રાજુલ રાણી, પીવા ન રહ્યાં ચાંગળું પાણી. ૭૩

નેમને જઈ ચરણે લાગી, પીઉજી પાસે મોજ ત્યાં માગી; આપો કેવલ તમારી કહાવું, શુકન જોવાને નહી જાઉં. ૭૪
દીક્ષા લઇને કારજ કીધું, ઝટપટ પોતે કેવલ લીધું; મળ્યું અખંડ એવા તમ રાજ, ગયાં શિવ સુંદરી જોવાને કાજ. ૭૫

સુદિની આઠમ અષાઢ ધારી, નેમજી વરીયા શિવ

વધૂ નારી; નેમ રાજુલની અખંડ ગતિ, વર્ણન કેમ થાયે મારી જ મતિ. ૭૬

યથાર્થ કહું બુદ્ધિ પ્રમાણે, બેઉનાં સુખ તે કેવલી જાણે; ગાશે ભણશે ને જે કોઈ સાંભળશે, તેના મનોરથ પુરા એ કરશે. ૭૭

સિદ્ધનું ધ્યાન હૃદયે જે ધરશે, તે તો શિવવધૂ નિશ્ચય વરશે; સંવત ઓગણીસ શ્રાવણ માસ, વદની પાંચમનો દિવસ ખાસ. ૭૮

વાર શુક્રને ચોઘડીઉં સારૂં, પ્રસન્ન થયું મનડું મારૂં; ગામ ગામડાંના રાજા રામસિંધ, કીધો શલોકો મનને ઉછરંગ. ૭૯

મહાજનના ભાવથકી મેં કીધો, વાંચી શલોકો મહોટો જશ લીધો; દેશ ગુજરાત રહેવાશી જાણો, વિશા શ્રીમાલી નાત પ્રમાણો. ૮૦

પ્રભુની કૃપાથી નવનીધિ થાય, બેઉ કર જોડી સુરશશી ગાય; નામે દેવચંદ પણ સુરશશી કહીયે, બેઉનો અર્થ એકજ લઇએ. ૮૧

દેવ સૂરજ ને ચંદ્ર જ છે શશી, વિશેષ વાણી હૃદયામાં વસી; બ્યાસી કડીથી પૂરો મેં કીધો, ગાઈ ગવડાવી સુયશ લીધો. ૮૨

શ્રી નેમનાથનો સલોકો સંપૂર્ણ.

## ૨૭ મુહપત્તિના પચાસ બોલ.

સૂત્ર અર્થ તત્ત્વ કરી સદ્દહું ૧, સમકિત મોહની ૨, મિશ્ર-મોહની ૩, મિથ્યાત્વ મોહની પરિહરૂં ૪, કામરાગ, ૫, સ્નેહરાગ ૬, દષ્ટિરાગ પરિહરૂં ૭, સુદેવ ૮, સુગુરૂ ૯, સુધર્મ આદરૂં ૧૦, કુદેવ ૧૧, કુગુરૂ ૧૨, કુધર્મ પરિહરૂં ૧૩, જ્ઞાન ૧૪, દર્શન ૧૫, ચારિત્ર આદરૂં ૧૬, જ્ઞાનવિરાધના ૧૭, દર્શનવિરાધના ૧૮, ચારિત્ર વિરાધના પરિહરૂં ૧૯, મનગુપ્તિ ૨૦, વચનગુપ્તિ ૨૧, કાયગુપ્તિ આદરૂં ૨૨, મનદંડ ૨૩, વચનદંડ ૨૪, કાયદંડ પરિહરૂં. ૨૫.

હાસ્ય ૧ રતિ ૨ અરતિ ૩ પરિહરૂં. ડાબે હાથે પડિલેહવા. ૪ ભય ૫ શોક ૬ દુગંચ્છા પરિહરૂં. જમણે હાથે પડિલેહવા. ૭ કૃષ્ણલેશ્યા, ૮ નીલલેશ્યા, ૯ કાપોતલેશ્યા, પરિહરૂં. માથા ઉપર પડિલેહવા. ૧૦ રસગારવ, ૧૧ રિદ્ધિગારવ, ૧૨ સાતાગારવ પરિહરૂં. મોઢે પડિલેહવા. ૧૩ માયાશલ્ય, ૧૪ નિયાણશલ્ય, ૧૫ મિથ્યાત્વશલ્ય પરિહરૂં. છાતી આગળ પડિલેહવા. ૧૬ ક્રોધ ૧૭ માન પરિહરૂં. પૂંઠે ડાબે અંસે પડિલેહવા. ૧૮ માયા ૧૯ લોભ પરિહરૂં. પૂંઠે જમણે અંસે પડિલેહવા. પૃથ્વીકાય ૨૦ અપકાય ૨૧ તેઉકાયની જયણા કરૂં. ૨૨ ડાબે પગે પડિલેહવા. ૨૩ વાઉકાય, ૨૪ વનસ્પતિકાય, ૨૫ ત્રસકાયની રક્ષા કરૂં. જમણે પગે પડિલેહવા.

તે મધ્યે સાધુ તથા શ્રાવકે ૫૦ બોલ કહેવા અને ૩ લેશ્યા ૩ શલ્ય ૪ કષાય એ દશ સિવાય ૪૦ બોલ સાધ્વી તથા શ્રાવિકાએ કહેવા.

## ૨૮ પંચ પરમેષ્ટિના અર્થ તથા તેના ૧૦૮ ગુણ.

**અરિહંત, સિધ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એ પંચ પરમેષ્ટિ છે, તેનો કંઇક અર્થ નીચે કહીએ છીએઃ—**

**અરિહંત**—અરિ+હંત—અરિ કહેતાં રાગદ્વેષાદિ જે શત્રુ, તેને હંત કહેતાં હણનાર. બાર ગુણે કરી સહિત સમવસરણને વિષે બિરાજમાન વિહરમાન તીર્થંકર જે શ્રી અરિહંત તેમને પ્રથમ નમસ્કાર. તેમના બાર ગુણનાં નામ—૧ અશોકવૃક્ષ, ૨ ફૂલની વૃષ્ટિ, ૩ દિવ્યધ્વનિ, ૪ ચામર, ૫ સિંહાસન, ૬ ભામંડલ, ૭ દુંદુભિ, ૮ છત્ર, એ આઠ પ્રાતિહાર્ય હમેશાં ભગવાનની સાથે રહે છે. તે આઠ ગુણ તથા ૯ અપાયાપગમાતિશય ૧૦ જ્ઞાનાતિશય, ૧૧ પૂજાતિશય, ૧૨ વચનાતિશય.

**સિદ્ધ**—જે સર્વ કર્મનો ક્ષય કરી લોકના અંતે સિદ્ધ શિલા ઉપર પોતાની કાયાનો ત્રીજો ભાગ ઉણો કરતાં બે ભાગની અવગાહનાયે બિરાજમાન થયા છે તેવા આઠ ગુણે કરી સહિત સિદ્ધ ભગવાનને બીજો નમસ્કાર. તે આઠ ગુણનાં નામ—૧ કેવલજ્ઞાન, ૨ કેવલદર્શન, ૩ અવ્યાબાધ સુખ, ૪ ક્ષાયિક સમ્યકત્વ, ૫ અક્ષય સ્થિતિ, ૬ અરૂપી, ૭ અગુરૂ-લઘુ, ૮ અનંત બળ.

આચાર્ય—સાધુઓમાં જે રાજા સમાન છત્રીસ ગુણે કરી સહિત હોય, તથા સાધુઓને સૂત્રના અર્થ ભણાવે તે આચાર્ય ભગવાનને ત્રીજો નમસ્કાર. આચાર્યના છત્રીસ ગુણનું વર્ણન નીચે પ્રમાણેઃ—

ફરસ, રસ, ઘ્રાણ, ચક્ષુ અને શ્રોત—એ પાંચ ઇંદ્રિયોના જે ૨૩ વિષય છે તે વિષયોને રોકવા એ પાંચ ગુણ, તથા નવ પ્રકારની બ્રહ્મચર્ય વ્રતની ગુપ્તિને ધારણ કરવી તે નવ ગુણ તથા ક્રોધ, માન, માયા, લોભ એ ચાર કષાયને તજવા એ ચાર ગુણ એમ અઢાર ગુણ થયા.

ફરસ ઇંદ્રિયના વિષય ૮—હળવો, ભારે, લુખો, ચોપડો, ખરબચડો, સુંવાલો, ટાઢો અને ઉન્હો.

રસ ઇંદ્રિયના વિષય ૫—મીઠો, ખાટો, કડવો, કષાયલો, અને તીખો.

ઘ્રાણ ઇંદ્રિયના વિષય ૨—સુરભિગંધ અને દુરભિગંધ.

ચક્ષુઇંદ્રિયના વિષય ૫—સફેદ, કાલો, પીલો, લીલો અને રાતો.

## ૨૯ સજીવ નિર્જીવ સૃષ્ટિ યાને આગમ વિચાર.

૧ અપૂર્ણ આત્માઓની પ્રગતિ મુખ્યત્વે જ્ઞાનશક્તિ ઉપર અવલંબી રહી છે. વ્યવહારમાં જેમ વાંચન લેખન અને ગણિતનો જાણકાર સારૂં જીવન ગુજારી શકે છે, તેમ અધ્યાત્મ વિષયમાં જીવ અજીવના સમ્યગ્ સ્વરૂપનો જાણુ પોતાનું

જીવન કંઇક કહેવા જેવી દશામાં નિર્વાહ કરી શકે છે. આ વિદ્યામાં નિપુણ થનારા ઝડપથી આગળ વધે તેમાં તો નવાઇ જ નથી. પશ્ચિમના જર્મની તથા અમેરીકા વગેરે દેશોની અર્વાચીન આર્થિક સરસાઇ એ તેમની પૌદ્‌ગલિક વિદ્યાની નિપુણતાને આભારી છે. ભારતની પ્રાચીન ધાર્મિક સરસાઇ જેમાં આર્થિક ઈશ્વરતા પણ રહેલી હતી તે સાચી જ્ઞાનની-અધ્યાત્મ જ્ઞાનની નિપુણતા છે.

૨ જ્ઞાનને સાદા અર્થમાં જાણવાની શક્તિ કહીએ. જ્ઞાન એ આત્માનો જ એક ગુણ છે, તથાપિ દુનિયામાં બધા સરખું જાણનારા નથી. તે સંસારી જીવોની અપૂર્ણતા બતાવે છે કે જેને આપણે 'ક્ષયોપશમ' ની વિચિત્રતાઓ લેખીએ છીએ. એથી કરીને 'કર્મની' પ્રતીતિ દઢતાથી સિદ્ધ થાય છે. કેમકે સુખ વિરૂદ્ધ દુઃખ, શ્વેત વિરૂદ્ધ કૃષ્ણ, જન્મ વિરૂદ્ધ મરણ વિગેરેની જેમ ગુણ વિરૂદ્ધ અવગુણ-દોષ છે એ સહેલાઇથી સમજાય છે. જે અવગુણ અર્થાત્ દોષ છે તે કર્મ છે.

૩ કર્મ વસ્તુ જડ-પુદ્‌ગલ દ્રવ્ય છે. જેમ સ્ફટિકને મલિન કરવાનો ધુળનો સ્વભાવ છે, તેમ આત્માને મલીન કરવું એ કર્મનો સ્વભાવ છે. કર્મ વસ્તુ બહોલી છે, તથાપિ મન વચન અને શરીરનાં જુદાં જુદાં લક્ષણોથી તેનું કંઇક દર્શન થાય છે. જ્યાં સુધી જીવને એ ત્રણમાંનું એક પણ લાગેલું હોય છે, ત્યાં સુધી તે સંસારી જ હોય છે. સંસાર એ કર્મ દોષથી દુષિત થયેલા-

ઓની વિહાર ભૂમિ છે. જેને વિદ્વાનો ભૂલભૂલામણીની ઉપમા આપે છે. જ્યાં સુધી આત્મા કર્મ દોષનો ક્ષય ન કરે, લાગેલા મેલને સંપૂર્ણપણે ધોઈ ન નાખે, ત્યાં સુધી એ ભુલભુલામણીની બહાર આવી શકે જ નહિ. વિહારભૂમિ ઉપર વિના વિશ્રામે વિહરનારને બંધન જ રહે. કર્મ મેલને જેઓએ સર્વથા ટાળ્યો છે, તે અસંસારી સંપૂર્ણ સિદ્ધ પરમાત્મા કહેવાય છે. આત્માના સ્વાભાવિક જ્ઞાન દર્શન પ્રમુખ ગુણોનું પૂર્ણ પ્રગટ થવું તેજ પરમાત્માપણું.

૪ મુખ્ય કર્મ આઠ છે. તેના ઉત્તર ભેદમાં વધારેમાં વધારે ૧૫૮ પ્રકૃતિ છે. જેનો વિશ્વમાં સર્વથા પ્રચાર જોઈએ છીએ. કર્મ વસ્તુ પુદ્ગલ છે અને તે ગ્રહણ કરાય છે. શબ્દ રૂપ રસ ને ગંધની જેમ જેનું ગ્રહણ થાય તે કર્મ. ગ્રહણ કરનાર આત્મ પ્રદેશો કે દેહ સંબંધી શુભાશુભ ચેષ્ટા કર્મ બતાવી આપે છે અને સુખ દુઃખ તથા સંશયાદિકના જ્ઞાનથી આત્માનું અસ્તિત્વ સમજાય છે. આ આત્મ પ્રદેશો સંખ્યામાં અસંખ્ય છે. તે સદા એક જુથમાંજ રહેવાવાળા છે. કદાપિ વિખુટા પડતા નથી. શરીરવશ પડવાથી તેમનું દર્શન શરીર દ્વારા થાય છે. તેમનાં શરીર બહુ જુદાં જુદાં પ્રમાણવાળાં હોય છે તો પણ એક સૂક્ષ્મ શરીરમાં એ બધા અસંખ્ય આત્મ પ્રદેશ અને મોટા બૃહદ્ સ્થૂળ શરીરમાં પણ તેટલાજ આત્મ પ્રદેશો હોય છે. હલકાં હોવાથી તેમના સ્થાન અનુસાર રૂની જેમ સંકોચ વિકાચ થઈ શકે છે. પરંતુ રૂ દેખી શકાય તેવું છે, રૂપી

છે અને આત્મપ્રદેશ અરૂપી—નજરે નહી પડનાર છે અર્થાત્ અમરજ છે.

૫ નિયમ પ્રમાણે દરેક કાર્ય કારણ પૂર્વક બને છે. જેમ સોનું ન હોય તો આભૂષણ ન બને. લોખંડ ન હોય તો રેલના પાટા વગેરે ન બને. અજીર્ણ ન થયું હોય તો રોગ ન સંભવે. જીવ કર્મનો જે મેલાપ છે એ કાર્ય સકારણ છે. જીવ મિથ્યાભાવવાળો થાય તો કર્મ બાંધે. જીવ કષાયી ક્રોધી માની કપટી અને લોભી બને તો કર્મ બાંધે. જીવ કામી બને, ભોગ—તૃષ્ણાવાળો રહે, અવિરતિપણું સેવે તો કર્મ બાંધે. માનસિક વાચિક અને દૈહિક વ્યાપાર—ચેષ્ટાવાળો જીવ કર્મ બાંધે. પ્રમાદી જીવ—નિદ્રા વિકથા ખોટું બોલવા જોવા તથા સાંભળવાના રસીયા પણ કર્મ બાંધે. પુણ્ય એ કર્મની શુભ પ્રકૃતિ અને પાપ તે કર્મની અશુભ પ્રકૃતિ છે. સારાં પ્રશસ્ત કારણોથી—દાનાદિકથી—ન્યાયથી પુણ્ય બંધાય છે. નરસાં કારણોથી—હિંસા, જૂઠ, ચોરી, અશીયળ વિગેરે અન્યાયથી પાપ બંધાય. સંસારમાં અનુકૂળ સંજોગો મળે તે પુણ્યનું ફળ, પ્રતિકૂળ સંજોગો મળે તે પાપનું ફળ. દેવતાઈ સુખ પુણ્યનું ફળ બતાવે છે. નારકીનું દુઃખ તે પાપનું ફળ છે. તીર્થંકર ભગવાનનું ઐશ્વર્ય એ પુણ્યનો આદર્શ છે. એકજ ડબામાં પુરાયેલા અગણિત પશુગણની જેમ એકજ શરીરમાં અનન્તા જીવો સાથે રહેવું એ તિર્યંચ જાતિનું નિગોદપણું, એ પાપનો આદર્શ.

૬ પુણ્ય તથા પાપને બંધ તત્ત્વમાં સમાવી શકાય છે, કેમકે જે બંધ પડે છે તે પુણ્યનો અથવા પાપનો. બંધ એટલે ગાંઠ. એકનું બીજા સાથે સંલગ્ન થવું તે બંધ કહેવાય છે. લગ્ન ગ્રંથીથી ઓળખાતો વરકન્યાનો લગ્ન સંબંધ તે એક પ્રકારનો બંધ છે. લગ્નવિધાન ચાર મંગળ ફેરાથી વિહિત છે. તેની જેમ કર્મ સાથે જીવનું લગ્ન યાને બંધ વિધિ ચાર પ્રકારે વિહિત છે. પ્રકૃતિ સ્થીતિ અનુભાગ એટલે રસ અને પ્રદેશ એ ચાર પ્રકારના બંધ છે. કર્મ બાંધનાર જીવ આ ચારે જાતના બંધ બાંધે છે. કર્મ બાંધતાં તેનો સ્વભાવ, તેનું કાલ પ્રમાણ તેની ચિકાશ અને પુદ્ગલ પરમાણુની સંખ્યા એ સઘળું એકી સાથે બંધાય છે. જે સ્વભાવ તે પ્રકૃતિ, જે સ્થીતિ તે કાળ પ્રમાણ, જે અનુભાગ તે ચિકાશ અને જે પ્રદેશ તે પુદ્ગલ પરમાણુની સંખ્યા. કર્મ બંધનાં કારણ ઉપર કહીજ ગયા તે મિથ્યાત્વ કષાય અવિરતિ અને યોગ.

૭ મિથ્યાત્વ એ અજ્ઞાન છે. દરેક જન્મ ધારીને એ જાણવાની શક્તિ સ્વાભાવિક હોય છે. કારણ કે પ્રાણીમાત્રને નિગોદીઆને પણ, અક્ષરનો અનંતમો ભાગ સદા ઉઘાડો-ખુલ્લો હોય છે. આ જાણવાની શક્તિ સઘળા જીવોની એક સરખી નથી હોતી. મોટા ભાગને અવાસિત શક્તિ હોય છે. જ્યારે બાકીના બહુ અલ્પ ભાગને વાસિત જાણવાની શક્તિ હોય છે. જે અવાસિત શક્તિ તે અજ્ઞાન અને વાસિત શક્તિ તે જ્ઞાન. દારૂનો ઘડો દારૂની વાસનાથી અપવિત્ર અસ્પૃશ્ય થાય

છે. માંસનું ભાજન પણ એની રીતે અપવિત્ર. ઘીનો ઘડો ઘીની વાસનાથી પવિત્ર ગણાય છે. ઘડો ઘડાનું કાર્ય કરે છે તથાપિ વાસનાના ભેદથી તેમાં ફરક પડયો. એક અપવિત્ર અને બીજો પવિત્ર, એક અગ્રાહ્ય બીજો ગ્રાહ્ય. તેની જેમ સુવાસના વાસિત જાણવાની શક્તિ તે જ્ઞાન, કુવાસનાવાળું તે અજ્ઞાન. જાણવાની શકિતને વાસિત કરવાવાળી શ્રદ્ધા તે સુવાસનાજ એક ગુણ છે. કર્મ લેપથી તેનો આ ગુણ પણ તરેહ તરેહના દોષોથી દુષ્ટ બને છે. ખોટી શ્રદ્ધા એ છેલ્લી જ પંકિતની કુવાસના અને સાચી શ્રદ્ધા એજ ઊંચી પંકિતની સુવાસના જાણવી.

---

## ૩૦ કુવાસના એજ મિથ્યાત્વ છે. તેનું કિંચિત્ સ્વરૂપ નીચે પ્રમાણે. આશ્રવ અને મિથ્યાત્વનું સ્વરૂપ.

જેટલો અવગુણ અગ્નિ ન કરે, જેટલો અવગુણ વિષ ન કરે, જેટલો અવગુણ કાળો સર્પ ન કરે, તેટલો અવગુણ મહા દોષરૂપ અજ્ઞાન કરે છે. માટે અજ્ઞાન રૂપ આકરો દોષ તે મિથ્યાત્વ જાણવું.

કોઈ જીવ અનેક પ્રકારે કષ્ટ ક્રિયા કરે તથા પંચાગ્નિ સાધના તપશ્ચર્યાદિક કરે, પાંચ ઇંદ્રિયોને વશ કરવા સારૂ આત્માને દમે, ધર્મને અર્થે ધન પ્રમુખનો ત્યાગ કરે, એટલાં સર્વ કાર્ય કરે, પરંતુ જો એક મિથ્યાત્વને નથી છોડતો તો તેની ક્રિયા વિષના સરખી કદાગ્રહ હઠરૂપ જાણવી, અને તે જીવ સંસાર

સમુદ્રમાં બૂડે. કારણ કે એક મિથ્યાત્વ છતાં સર્વ ક્રિયા સંસાર હેતુ જાણવી, મિથ્યાત્વ પાંચ પ્રકારનું છે તે આગળ દેખાડે છે.

दुहो—डाभ अगी जळबिंदुओ, जेशो संध्या रंग।
इणि परे चंचळ आउखुं, (जीव) जाग सके तो जाग ॥१॥

આ અપાર સંસારને વિષે સંસારી જીવ આશ્રવને વશ પડયા થકા ધર્મ પામી શકતા નથી. તે આશ્રવ આવવાનાં મૂળ હેતુ ચાર છે. અને ઉત્તર હેતુ સત્તાવન છે. તે મૂળ હેતુનું વિવરણ લખીએ છીએઃ—

પ્રથમ મિથ્યાત્વ, બીજું અવ્રત, ત્રીજું કષાય, ચોથું જોગ. એ ચાર મૂળ હેતુ છે. હવે મિથ્યાત્વ થકી મૂકાવું તે ઘણું કઠિણ છે. જ્યાં સુધી મિથ્યાત્વનો ઉદય ગયો નથી ત્યાં સુધી કોઇ જીવ સમકિત પામી શકે નહિ, અને સમકિત વિના કોઈ જીવનું આત્મહિત કાર્ય થાય નહિ.—તે માટે પ્રથમ મિથ્યાત્વને તજવું. તે મિથ્યાત્વના જઘન્યથી પાંચ ભેદ છે, ઉત્કૃષ્ટ દશ ભેદ છે. પાંચ ભેદમાં પ્રથમ—

૧ અભિગ્રહ મિથ્યાત્વ, તે કેવું છે, કે લીધો હઠ છોડે નહિ. કોની પેઠે કે ગધેડાના પૂંછવત્.

૨ અનભિગ્રહ મિથ્યાત્વ, તે કેવું છે? સર્વેને દેવ ગુરૂ જાણે. પણ કોઈની પરીક્ષા જાણતો નથી, ભલા ભુંડાની ખબર નથી.

૩ આભિનિવેશિક મિથ્યાત્વ, તે કેવું છે ? ખોટું જાણે પણ છોડે નહિ. વીતરાગનો મારગ સાચો જાણે પણ આદરે નહિ. કેની પેઠે ? જેઓ પાર્શ્વનાથજીના ચારિત્ર થકી ભ્રષ્ટ થઈને ગોસાળા પાસે રહ્યા તેની પેઠે.

૪ સંશયિક મિથ્યાત્વ, જે વીતરાગના વચનમાં સમયે સમયે સંશય પડે, જેમ કે એ વચન સાચું છે કે જુઠું છે; અથવા એ વાત આમ હશે કે નહિ હોય એમ ડામાડોળ મન રહે.

૫ અનાભોગ મિથ્યાત્વ કહેતાં અજાણપણું જેથી ધર્મની કશી ખબર છે નહિ. તે સર્વથી અજાણ, નબળો છે. આ વાસ્તે જે જાણ અજાણના ભાંગા આઠ છે. એ આઠ ભાંગાનો વિસ્તાર ઘણો છે. તે ગ્રંથ ગૌરવ થાય માટે લખ્યો નથી. તથા દશ ભેદ મિથ્યાત્વના કહ્યા છે તે શ્રી ઠાણાંગજીમાં છે તે રીતે જાણજો. એવી રીતે મિથ્યાત્વને ભજતો જીવ અનંતો કાળ પરિભ્રમણ કરે. માટે મિથ્યાત્વનો ત્યાગ કરી, દેવ ગુરૂ ધર્મને ઓળખી, સમકિત સહિત ધર્મ કરણી કરે તે લેખામાં આવે, અને સમકિત વિના સર્વ ધર્મ કરણી છાર પર લીંપણ જેવી કાંઇ કામ આવે નહીં. કહ્યું છે કે "પ્રથમ જાણ પછી કરે કિરિઆ, એ પરમાર્થ ગુણકારિયા," માટે દેવ ગુરૂ ધર્મને પીછાની સમકિત સહિત ધર્મ કૃત્ય કરવાં.

---

## ૩૧ સમકિતનું સ્વરૂપ.

સમકિતના ઘણા પ્રકાર છે, પણ અલ્પ માત્ર લખું છું. સમકિતના મુખ્ય બે પ્રકાર છે, એક વ્યવહાર સમકિત અને બીજું નિશ્ચય સમકિત. તેમાં વ્યવહાર સમકિત તે અઢાર દુષણ રહિત દેવને દેવ માનવા. તે અઢાર દુષણ નીચે મુજબ જાણવાં, જેમાં અંતરાય પાંચ તે–

એક દાનાંતરાય, બીજું લાભાંતરાય, ત્રીજું ભોગાંતરાય, ચોથું ઉપભોગાંતરાય, પાંચમું વિર્યાંતરાય એ પાંચ અંતરાય તથા હાસ્ય, રતિ, અરતિ, ભય, દુગંછા, શોક, કામ, મિથ્યાત્વ, અજ્ઞાન, નિદ્રા, અવ્રત, રાગ અને દ્વેષ. એ અઢાર દુષણ રહિત રિખભાદિ ચોવીસ તીર્થંકરને શુદ્ધ દેવ, તરણ તારણ જહાજ રૂપ માનવા અને જે દેવ સંસારથી તર્યા નથી તેવાને દેવ બુદ્ધિએ માનવા નહિ.

૨ ગુરૂ તે પ્રભુએ મુનિનો જે માર્ગ બતાવ્યો છે તે માર્ગે ચાલનાર, પંચ મહાવ્રતના પાળનાર, છકાયના રક્ષક, શુદ્ધ પ્રરૂપક, તેમને ગુરૂ બુદ્ધિએ માનવા.

૩ ધર્મ તે કેવળીએ પ્રરૂપ્યો જે આગમમાં સાત નય તથા એક પ્રત્યક્ષ, બીજું પરોક્ષ એ બે પ્રમાણ અને ચાર નિક્ષેપે કરી સદ્દહે. આ ત્રણ તત્વ ઉપર શ્રદ્ધા રાખવી તે વ્યવહાર સમકિત.

બીજું નિશ્ચય સમકિત તે આવી રીતે–દેવ તે આપણો આત્મા જ તથા નિશ્ચય ગુરૂ તે પણ આપણો આત્મા જ

તત્વ રમણી અને નિશ્ચય ધર્મ તે આપણા જીવનો સ્વભાવ છે. એવી સદ્દહણા તથા પોતાના આત્માનું સ્વરૂપ અને પુદ્ગલનું સ્વરૂપ જાણે. આત્મા ચેતન ગુણ છે, અને પુદ્ગલ જડ ગુણ છે, તેથી આત્મામાં સર્વ પદાર્થ જાણવાની શક્તિ છે, પણ કર્મે કરીને અવરાયો છે. એવો નિરધાર થવાથી બાહ્ય પદાર્થો છે તેના ઉપરથી મોહનો નાશ કરે છે. ફક્ત આત્મ ગુણમાં આનંદ માને છે એવી સદ્દહણા તે મોક્ષનું કારણ છે; કેમકે જીવ સ્વરૂપ ઓળખ્યા વિના કર્મ ખપે નહિ. આવી શુદ્ધ સદ્દહણા તે નિશ્ચય સમકિત જાણવું.

એમ સમકિત સહિત અલ્પ ક્રિયા અનુષ્ઠાન ધર્મ કરણી સ્વર્ગનાં સુખ અને મોક્ષનાં શાશ્વતાં સુખ આપે છે.

जन्मदुःखं जरादुःखं, मृत्युदुःखं पुनः पुनः ।
संसारसागरे दुःखं, तस्मात् जागृत जागृत ॥ १ ॥

અર્થ—જન્મનું દુઃખ, જરાનું દુઃખ, વારંવાર મૃત્યુનું દુઃખ, સંસાર સમુદ્રમાં દુઃખ છે, તે કારણ માટે હે ચેતન! જાગ જાગ. ૧

આ સંસાર દુઃખથીજ ભરેલો છે. તેમાં પ્રાણી માત્ર સુખ મેલવવાની વાંચ્છા અજ્ઞાનતાથીજ કર્યા કરે છે, પરંતુ વાસ્તવિક સુખ તેમાં છેજ નહી. પણ ચારે ગતિમાં ભ્રમણ રૂપજ છે, તો ઉપરના વિચારો વાંચી મનન કરી શુદ્ધ શ્રદ્ધા પૂર્વક સમકિતને ગ્રહણ કરો કે જેનાવડે કરી આ પારાવાર

સંસારના અનંત દુઃખો મટી ખરૂં સ્વભાવિક સુખ જે મોક્ષઃ અર્થાત્ જન્મ-જરા-અને મૃત્યુના ભય વિનાનું અનંતુ સુખ પ્રાપ્ત કરી શકાય.

બન્ધુઓ ! એટલાજ માટે ધર્મની કેલવણી આપણા બાલકોને આપવાની ખાસ જરૂર છે. સંસારની ચારે ગતિના ભ્રમણરૂપ કેલવણી તો આ જીવે અનંતી વાર મેલવી અને મેલવ્યાજ કરશે, પરંતુ શુદ્ધ સમકિતને પમાડનારી તત્વશ્રદ્ધા રૂપ કેલવણીની ખાસ જરૂર છે, માટે ગામોગામ હરેક જન ભાઈઓએ તનથી મનથી અને ધનથી યથાશકિત મદદ કરી જૈનશાળાઓ પાઠશાળાઓ અગર વ્યવહારિક સાથે ઉંચા પ્રકારની ધર્મ કેલવણી મલે તેવો પ્રબંધ અવશ્ય કરવોજ જોઈએ. અહીંઆ પ્રસંગોપાત સંસારનું દુઃખ બતાવવા ખાતર નિગોદનું ટુંકું સ્વરૂપ બતાવવામાં આવે છે.

## ૩૨ નિગોદનું સ્વરૂપ.

ચૌદ રાજ લોકમાં અસંખ્યાતા ગોળા છે. એકેક ગોળામાં અસંખ્યાતી નિગોદ છે. એકેક નિગોદમાં અનંતા જીવ છે. નિગોદિયા જીવ સંજ્ઞી પંચેંદ્રિય મનુષ્યના એક શ્વાસોશ્વાસમાં સત્તર ભવ ઝાઝેરા કરે છે. તેવા ( ઉશ્વાસ ) શ્વાસોશ્વાસ એક મુહુર્ત્તમાં ૩૭૭૩ થાય છે. નિગોદિયા જીવ એક મુહુર્ત્તમાં ૬૫૫૩૬ ભવ કરે છે. તે નિગોદનો એક ભવ ૨૫૬ આવલિકાનો છે. એ એક ક્ષુલ્લક ભવનું પ્રમાણ છે.

નિગોદમાં અનંતા જીવ એવા છે કે, જે જીવ ત્રસપણું કેવારે પણ પામ્યા નથી, અનંતો કાળ પૂર્વે વહી ગયો, વળી અનંતો કાળ આગળ જશે તોપણ તે જીવો વારંવાર ત્યાંજ ઊપજે છે અને ત્યાંજ ચવે છે. તે એકકી નિગોદમાં અનંતા જીવ છે.

નિગોદના બે ભેદ છે. એક વ્યવહાર રાશી નિગોદ અને બીજી અવ્યવહાર રાશી નિગોદ. તેમાં જે જીવ બાદર એકેંદ્રિયપણું અથવા ત્રસપણું પામીને પાછા નિગોદમાં જાય છે તે નિગોદિયા જીવ વ્યવહાર રાશીયા કહેવાય છે; તથા જે જીવ કોઈ કાળે પણ નિગોદમાંથી નીકળીને બાદર એકેંદ્રિયપણું પામ્યા નથી તે જીવ અવ્યવહાર રાશીયા કહેવાય છે. એ અવ્યવહાર રાશી નિગોદમાં ભવ્ય અને અભવ્ય એવા બે જાતિના જીવ છે. એ સ્વરૂપ શ્રી ભુવનભાનુ કેવલીના ચરિત્રની સાખે લખેલું છે. તથા અહીંયાં મનુષ્યપણામાંથી જેટલા જીવ કર્મ ખપાવી એક સમયમાં મોક્ષે જાય છે, તેટલા જીવ તે સમયમાં અવ્યવહારરાશી સૂક્ષ્મ નિગોદમાંથી નીકળીને ઊંચા આવે છે. એટલે જો દશ જીવ મોક્ષે જાય તો દશ જીવ અવ્યવહાર રાશીથી નીકળે. ત્યાં કોઇ સમયે તે જીવમાં ભવ્ય જીવ ઓછા નીકળે તો એક બે અભવ્ય જીવ નીકળે, પણ વ્યવહાર રાશી જીવમાં વધ ઘટ થાય નહી, તેટલાને તેટલાજ રહે છે. એવા એ નિગોદના ગોળા લોકમાં અસંખ્યાતા છે. તે છ દિશીના આવ્યા પુદ્ગલને આહા-

રાદિકપણે લે છે. એ જ છ દિશીનો આહાર લે છે તે સકલ ગોળા કહેવાય છે; અને લોકના અંત પ્રદેશે જ નિગોદિયા ગોળા રહ્યા છે તે ત્રણ દિશીનો આહાર ફરસનાએ લે છે, તેથી વિકલ ગોળા કહેવાય છે. એ સૂક્ષ્મનિગોદમાં પાંચ થાવરના સૂક્ષ્મ જીવ તે સર્વ લોકમાં કાજળની કુંપલીની પેરે ભર્યા થકા વ્યાપી રહ્યા છે, અને એક સાધારણ વનસ્પતિના સૂક્ષ્મ જીવ છે અને પૃથિવ્યાદિક ચાર સૂક્ષ્મ જીવ છે, તે લોક વ્યાપી છે, તે સર્વ પ્રત્યેક છે, પરંતુ સાધારણપણું એક વનસ્પતિકાયમાં જ છે, પૃથિવ્યાદિક ચાર સ્થાવરમાં નથી. એ સૂક્ષ્મ નિગોદમાં અનંતુ દુઃખ છે. તે દૃષ્ટાંતે કરી દેખાડે છેઃ—

સાતમી નરકમાં ઉત્કૃષ્ટ આઉખું તેત્રીસ સાગરોપમનું છે. તે તેત્રીસ સાગરોપમના જેટલા સમય થાય તેટલી વાર કોઈ જીવ સાતમી નરકમાં પૂર્ણ તેત્રીસ તેત્રીસ સાગરોપમને આઉખે ઉપજે, તે વારે તેને અસંખ્યાતા ભવ નરકના થાય; તે અસંખ્યાતા ભવમાં સાતમી નરકને વિષે તે જીવને જેટલું છેદન ભેદનનું દુઃખ થાય તે સર્વ દુઃખ એકઠું કરીયે, તેથી પણ અનંતગણું દુઃખ નિગોદિયા જીવ એક સમયમાં ભોગવે છે. વળી બીજું દૃષ્ટાંત કહે છેઃ—

મનુષ્યની સાડાત્રણ ક્રોડ રોમરાજી છે. તેને કોઈ દેવતા સાડાત્રણ ક્રોડ લોખંડની સૂઈ (સોય) અગ્નિમાં તપાવીને સમકાલે રોમે રોમે ચાંપે; તે વારે તે જીવને જે

વેદના થાય તેથી પણ અનંતગુણી વેદના નિગોદમાં છે. આ ઉપરની હકીકતથી દુઃખની શ્રેણી સમજાશે કે અનંતા કાલથી જીવ દુઃખો ભોગવી જ રહ્યો છે, તે દુઃખનો નાશ મોક્ષ પ્રાપ્તિ થયા વિના થવાનો જ નથી.

### દીવસનાં ચોઘડીયાં

| રવી | સોમ | મંગળ | બુધ | ગુરૂ | શુક્ર | શની |
|---|---|---|---|---|---|---|
| ઉદવેગ | અમૃત | રોગ | લાભ | શુભ | ચલ | કાળ |
| ચલ | કાળ | ઉદવેગ | અમૃત | રોગ | લાભ | શુભ |
| લાભ | શુભ | ચલ | કાળ | ઉદવેગ | અમૃત | રોગ |
| અમૃત | રોગ | લાભ | શુભ | ચલ | કાળ | ઉદવેગ |
| કાળ | ઉદવેગ | અમૃત | રોગ | લાભ | શુભ | ચલ |
| શુભ | ચલ | કાળ | ઉદવેગ | અમૃત | રોગ | લાભ |
| રોગ | લાભ | શુભ | ચલ | કાળ | ઉદવેગ | અમૃત |
| ઉદવેગ | અમૃત | રોગ | લાભ | શુભ | ચલ | કાળ |

### રાત્રીનાં ચોઘડીયાં

| રવી | સોમ | મંગળ | બુધ | ગુરૂ | શુક્ર | શની |
|---|---|---|---|---|---|---|
| શુભ | ચલ | કાળ | ઉદવેગ | અમૃત | રોગ | લાભ |
| અમૃત | રોગ | લાભ | શુભ | ચલ | કાળ | ઉદવેગ |
| ચલ | કાળ | ઉદવેગ | અમૃત | રોગ | લાભ | શુભ |
| રોગ | લાભ | શુભ | ચલ | કાળ | ઉદવેગ | અમૃત |
| કાળ | ઉદવેગ | અમૃત | રોગ | લાભ | શુભ | ચલ |
| લાભ | શુભ | ચલ | કાળ | ઉદવેગ | અમૃત | રોગ |
| ઉદવેગ | અમૃત | રોગ | લાભ | શુભ | ચલ | કાળ |
| શુભ | ચલ | કાળ | ઉદવેગ | અમૃત | રોગ | લાભ |

( સમાપ્ત. )

## વિભાગ છઠ્ઠો.

# સજ્ઝાયમાળા.

### ૧ અષ્ટમીની સજઝાય.

અષ્ટ કર્મ ચૂરણ કરીરે લાલ, આઠ ગુણે પ્રસિદ્ધ; મેરે પ્યારેરે; ક્ષાયિક સમકિતના ધણીરે લાલ, વંદુ વંદુ એવા સિદ્ધ મેરે. અષ્ટ૦ ૧

અનંત જ્ઞાન દર્શન ધરારે લાલ, ચોથું વીર્ય અનંત; મેરે૦ અગુરૂલઘુ સુખમય કહ્યારે લાલ, અવ્યાબાધ મહંત. મેરે૦ અ૦ ૨

જેહની કાયા જેહવીરે લાલ, ઊણી ત્રીજે ભાગ; મેરે૦ સિદ્ધ શિલાથી જોયણેરે લાલ, અવગાહના વીતરાગ. મેરે૦ અ૦ ૩

સાદિ અનંતા તિહાં ઘણાં રે લાલ, સમય સમય તેહ જાય; મેરે૦ મંદિર માંહિ દીપાલિકારે લાલ, સઘળાં તેજ સમાય. મેરે૦ અ૦ ૪

માનવ ભવથી પામીએરે લાલ, સિદ્ધ તણા સુખ સંગ; મેરે૦ એહતું ધ્યાન સદા ધરોરે લાલ, એમ બોલે ભગવતી અંગ. મેરે૦ અ૦ ૫

શ્રીવિજયદેવ પટોધરૂરે લાલ, શ્રી વિજયસેન સૂરીશ; મેરે૦ સિદ્ધ તણા ગુણ એ કહ્યારે લાલ, દેવ દીએ આશીષ. મેરે૦ અ૦ ૬

## ૨ ગૌતમ સ્વામીની સજ્ઝાય.

સમવસરણ સિંહાસનેજી, વીરજી કરે રે વખાણ;
દસમા ઉત્તરાધ્યયનમાંજી, દે ઉપદેશ સુજાણ,
સમયમાં ગોયમ મ કરો પ્રમાદ.
વીર જિણેસર શીખવેજી, પરિહર મદ વિખવાદ. સમય૦ ૧
જિમ તરૂ પંડુર પાંદડોજી, પડતાં ન લાગેજી વાર;
તેમ એ માણમ જીવડોજી, સ્થિર ન રહે સંસાર. સમય૦ ૨
ડાભ અણી જલ ઓસનોજી, ક્ષણ એક રહે જલબિંદુ;
તેમ એ નર તિરી જીવડાજી, ન રહે ઇંદ્ર નરેંદ્ર. સમય૦ ૩
સૂક્ષ્મ નિગોદ ભમી કરીજી, રાશિ ચઢયો વ્યવહાર;
લાખ ચોરાશી જીવાયોનીમાંજી, લાધ્યો નર ભવસાર. સમ૦૪
શરીર જરાએ જાજરોજી, શીર પર પલીયાજી કેસ;
ઇંદ્રિય બલ હીણા થયાજી, પગ પગ પેખે કલેશ. સમય૦ ૫
ડંકા વાગે મોતનાજી, શીર પર સાતે પ્રકાર;
જીવને ઉપક્રમ લાગતાંજી, ન જુવે વાર કુવાર. સમય૦ ૬
દશ દષ્ટાંતે તે દોહિલોજી, નર ભવ મલીયો છે હાથ;
શિવપુર દુવારને ખોલવાજી, આવી છે સંગાત. સમય૦ ૭
ભવસાયર તરવા ભણીજી, ચારિત્ર પ્રવહણ પુર;
તપ જપ સંજમ આદરોજી, મોક્ષનગર છે દૂર. સમય૦ ૮
ઇમ નિસુણી પ્રભુ દેશનાજી, ગણધર થયા સાવધાન;
પાપ પડલ પાછા પડયાજી, પામ્યા કેવલ જ્ઞાન. સમય૦ ૯

ગોયમના ગુણ ગાવતાંજી, ઘર હોય કોડ કલ્યાણ;
વાચક શ્રીકરણ ઈમ ભણેજી, વંદુ બે કર જોડ. સમય૦ ૧૦

## ૩ મરણ વખતની સજ્ઝાય.

સુણો સાહેલીરે, કહું હૃદયની વાતો;
જરૂર જીવને મરવું સાચું, કંઈ નથી બાંધ્યુ ભાતું;
મરવા ટાણેરે, મારાથી કેમ મરાશે;
કેમ મરાશે શી ગતિ થાશે, નરકમાં કેમ રહેવાશેરે. ૧
સાસુ સંતાપ્યારે, નણદીને કાંઇ ન આપ્યું;
હાથમાં તો કરવત લઇને, મૂળ પોતાનું કાપ્યું. ૨
બે બાળકડાં રે, બાઈ મારા છે લાડકડાં;
અંગથી અળગા રહેશે, પોતાના કેમ કહેવાશે. ૩
ભર્યા ભાર્યારે, આ ઘર કોનાં કહેવાશે;
મરવાની તો ઢીલજ નથી, આ ઘર કોને સોંપાશે. ૪
પરવશ થઇનેરે, પથારીએ પડશું;
હતું ત્યારે હાથે ન દીધું, હવે શી ગતિ થાશે. ૫
શ્વાસ ચડશેરે, ધબકે આંખ ઉઘડશે;
અહિંથી ઉઠાતું નથી, ભૂખ્યા કેમ ચલાશે. ૬
જમદૂત આવશે રે, એકદમ ભડકા બળશે;
ઝાઝા દુઃખની જ્વાળા ચડશે, ડચકા કેમ લેવાશે. ૭
સમય સુંદર કહે રે, સહુ સમજીને રહેશો;
સમજ્યા તે તો સ્વર્ગે પહોંચ્યા, બીજા ગોફેણ ગોથાં ખાશે. ૮

# ૪ સૂરિકાન્તાની સજઝાય.

સરસ્વતી સ્વામીને વિનવું, સદ્ગુરૂ લાગુજીપાય ભવિયણ સાંભળો;
સુરિકાન્તા મનમાં ચિંતવે, નકામો ભરથાર. ભવિયણ૦ ૧
સુરિકાન્તા પૂછે પુત્રને, કેવા વ્હાલારે તારા તાત; ભવિ૦
એ શું બોલ્યારે મારી માવડી, પિતા પિતારે પિતા;
ગુરૂ પિતા ગુરૂને ઠામ. ભવિયણ૦ ૨
છઠ્ઠ અઠ્ઠમના રાયના પારણા, જમવા તેડું રાય; ભવિ૦
વિખ ઘોળું ને વિખ કેળવું, જમવા આવે રાય. ભવિ૦ ૩
સોના કચોળે વિખ ઘોળીયા, જમવા આવ્યા રાય; ભવિ૦
રત્ન કચોળે વિષ પીરસ્યા, જમવા બેઠા રાય. ભવિ૦ ૪
ચતુરે એ વિખ ઓળખ્યા, ક્ષમા આણી ત્યાંહી; ભવિ૦
અરિહંત મનમાં સમરીને, ગ્રહણ કર્યું ઈણે ઠામ. ભવિ૦ ૫
નારી તે વિખની વેલડી, નારી નરકની ખાણ; ભવિ૦
ચળુ કરીને રાય ઉભા થયા, ગયા પૌષધ શાળ. ભવિ૦ ૬
ભોંય સંથારો રાયે કર્યો, લોચે એકાએક; ભવિ૦
પરંપરાએ વાત સાંભળી, સૂરિકાન્તા આવે ત્યાંહી. ભવિ૦ ૭
મારગ હીંડે મલપતી, મૂકી છૂટી વેણ; ભવિ૦
મિત્રને કહે ખસો આઘા રહો, આ શું થયું તત્કાળ. ભવિ૦ ૮
હૈ હૈ કરતી હૈડે પડી, નખ દીધો ગળા હેઠ; ભવિ૦
અરિહંત મનમાં સમરીયા, દેવ લોક પહોંત્યા તેણે ઠામ;
હીરવિજય ગુરૂ હીરલા, ધન્ય એના પરિણામ. ભવિ૦ ૯

## ૫ શ્રી જીભલડીની સજઝાય.

બાપલડીરે જીભલડી તું, કાં નવિ બોલે મીઠું;
વિરૂવાં વચન તણાં ફળ વિરૂવાં, તેં શું તે નવ દીઠું રે. બાપ૦ ૧
અન્ન ઉદક અણગમતાં તુજને, જો નવિ રૂચે અનીડાં;
અણબોલાવી તું શા માટે, બોલે કુવચન ધીડાંરે. બાપ૦ ૨
અગ્નિ દાઝયો તે પણ બાળે, કુવચન દુર્ગતિ ઘર ઘાલે;
અગ્નિ થકી અધિકું તે કુવચન, તે તો ખીણુ ખીણુ સાલે રે
બાપ૦ ૩
તે નર માન મોટપ નવિ પામે, જે નર હોય મુખ રોગી;
તેહને તો કોઇ નવિ બોલાવે, તે તો પ્રત્યક્ષ રોગીરે. બાપ૦ ૪
તેહને કોઈ નવિ બોલે, અભિમાને અણગમતે;
આપ તણો અવગુણ નવિ દેખે, તે કિમ જાશે મુગતેરે. બાપ૦ ૫
જનમ જનમની પ્રીત વિણાશે, એકણુ કડુયે બોલે;
મીઠાં વચન થકી વિણુ ગરથે, લેવા સબ જગ મોલેરે. બાપ૦ ૬
આગમને અનુસરે હિત મતિ, જે નર રૂડું ભાખે;
પ્રગટ થઈ પરમેશ્વર તેહની, લજ્જા જગતમાંહિ રાખેરે. બાપ૦ ૭
સુવચન કુવચનનાં ફળ જાણી, ગુણ અવગુણ મન આણી;
વાણી બોલો અમિય સમાણી, લબ્ધિ કહે સુણ પ્રાણીરે. બાપ૦ ૮

## ૬ સોળ સ્વપ્નની સજ્ઝાય.

(વીર જિનેશ્વરની દેશના-એ દેશી.)

સુપન દેખી પેલડે, ભાંગી છે કલ્પવૃક્ષની ડાળ રે;
રાજા સંજમ લેશે નહિ, દુષમ પંચમ કાલ રે;
ચંદ્રગુપ્ત રાજા સુણો. ૧
અકાલે સુરજ આથમે, તેનો શો વિસ્તાર રે;
જન્મ્યો તે પંચમ કાળમાં, તેને કેવળ નહિ હોશે રે. ચંદ્ર૦ ૨
ત્રીજે ચંદ્રમાં ચારણી, તેનો શો વિસ્તાર રે;
સમાચારી જુઈ જુઈ હશે, બારે વાટે ધર્મ હોશે રે. ચંદ્ર૦ ૩
ભૂત ભૂતાદિ દીઠા નાચતા, ચોથા સુપનનો વિસ્તાર રે;
કુદેવ કુધર્મની, માન્યતા ઘણી હોશે રે. ચંદ્ર૦ ૪
નાગ દીઠો બાર ફેણો, તેનો શો વિસ્તાર રે;
વરસ થોડાને આંતરે, હોશે બાર દુકાળ રે. ચંદ્ર૦ ૫
દેવ વિમાન છઠે વર્યા, તેનો શો વિસ્તાર રે;
વિદ્યા તે જંઘાચારણી, લબ્ધિ તે વિચ્છેદ હોશે રે. ચંદ્ર૦ ૬
ઉગ્યું તે ઉકરડા મધ્યે, સાતમે કમળ વિમાશે રે;
એક નહિ તે સર્વ વર્ણીયા, જુદા જુદા મન હોશે રે. ચંદ્ર૦ ૭
થાપના થાપશે આપ આપણી, પછી વિરાધક ઘણા હોશે રે;
વિચ્છેદ હોશે જૈનધર્મનો રે, વચ્ચે મિથ્યાત્વ ઘોર
અંધાર રે. ચંદ્ર૦ ૮
સુકા સરોવર દીઠા ત્રણ દિશે, દક્ષિણ દિશે ડોળા પાણી રે;

ત્રણ દિશે ધર્મ હોશે નહિ, દક્ષિણ દિશે ધર્મ હોશે રે. ચંદ્ર૦ ૯
સોનાની થાળી મધ્યે, કુતરડો ખાવે ખીર રે;
ઉંચતણી રે લક્ષ્મી, નીચતણે ઘેર હોશે રે. ચંદ્ર૦ ૧૦
હાથી માથે બેઠો રે વાંદરો, તેનો શો વિસ્તાર રે;
મ્લેચ્છી રાજા ઉંચા હોશે, અસલી હિન્દુ હેઠા હાથ રે. ચંદ્ર૦ ૧૧
સમુદ્રે મર્યાદા મૂકી બારમે રે, તેનો શો વિસ્તાર રે;
શિષ્ય ચેલો ને પુત્ર પુત્રીઓ, નહિ રાખે મર્યાદા લગાર રે. ચંદ્ર૦ ૧૨
રાજકુંવર ચઢયો પોઠીએ, તેનો શો વિસ્તાર રે;
ઉંચો તે જૈન ધર્મ છાંડીને, રાજા નીચ ધર્મ આદરશે રે. ચંદ્ર૦ ૧૩
રત્ન ઝાંખા રે દીઠા ચૌદમે, તેનો શો વિસ્તાર રે;
ભરતક્ષેત્રના સાધુ સાધ્વી, તેને હેત મેળાવા થોડા હોશે રે. ચંદ્ર૦ ૧૪
મહાવ્રતે જુત્યા વાછડા, તેનો શો વિસ્તાર રે;
બાળક ધર્મ કરશે સદા, બુઢ્ઢા પરમાદી પડયા રહેશે રે. ચંદ્ર૦ ૧૫
હાથી લઢે રે માવત વિના, તેનો શો વિસ્તાર રે;
વરસ થોડાને આંતરે, માગ્યા નહિ વરસે મેહ રે. ચંદ્ર૦ ૧૬
વ્યવહાર સૂત્રની ચૂલિકા મધ્યે, ભદ્રબાહુ મુનિ એમ ભાંખે રે;
સોળ સુપનનો અર્થ એ, સાંભળો રાય સુધીર રે. ચંદ્ર૦ ૧૭

## ૭ વૈરાગ્યની સજ્ઝાય. (૧)

જાઉં બલિહારી રે વૈરાગ્યની, જેહના મનમાં એ ગુણ આવ્યો રે, મોક્ષના મોતી તે જીવડા, નરભવ સફળ તેને પાયો રે. જાઉં૦ ૧

જેમ ભિખારીને ભાંગ્યો ઠીકરો, તે તો તજતો દોહિલો હોય રે; ખટ ખંડ તજતા સોહિલા, જો વૈરાગ્ય મનમાં હોય રે. જાઉં૦ ૨

નથી સંસારમાં કોઇ કોઇનું, સૌ સ્વારથીયા સગાં વ્હાલાં રે; કર્મ તણે સંયોગે સહુ સાંપડયાં, અંતે જાશે સઘળા ઠાલા રે. જાઉં૦ ૩

મારૂં મારૂં મત કરો પ્રાણીયા, તારૂં નથી કોઇ એણી વેલા રે; ખાલી પાપના પોટલા બાંધતા, થાશે નરકમાં ઠેલમ ઠેલા રે. જાઉં૦ ૪

ગરજ સરે જો એહથી, તો સંસાર મુનિ કેમ છોડે રે; પણ જુઠી બાજી છે સંસારની, ઇંદ્રિજાળની બાજી તોડે રે. જાઉં૦ ૫

નગારા વાગે માથે મોતનાં, કેમ નિશ્ચિંત થઇને સુતો રે; મધુબિંદુ સુખની લાલચે, ખાલી કીચડમાં કેમ ખુતો રે. જાઉં૦ ૬

લાખ ચોર્યાશી જીવાયોનિમાં, નથી છૂટવાનો કોઇ આરો રે; એક જ મલ્લ વૈરાગ્ય છે, તુમે ધર્મ રત્ન સંભાળો રે. જાઉં૦ ૭

## ૮ વૈરાગ્યની સજ્ઝાય. (૨)

તન ધન જોવન કારમુંજી રે, કોના માત ને તાત;
કોના મંદીર માલિયાંજી રે, તે સહુ સ્વપ્નની વાત.
સૌભાગી શ્રાવક સાંભળો ધર્મ. ૧

ફોગટ ફાંફાં મારવાજી, અંતે સગું નહિ કોઇ;
ખબર જમાઈ ખાઇ ગયોજી, કુટાઇ ગયો કંદોઈ. સૌ૦ ૨
પાપ અઢાર સેવીનેજી, લાવે પૈસો એક;
પાપના ભાગી કો નહીંજી, ખાવાવાળા છે અનેક. સૌ૦ ૩
જીવતાં જસ લીધો નહીંજી, મુવા પછી શી વાત;
ચાર ઘડીનું ચાંદણુંજી, પછી અંધારી રાત. સૌ૦ ૪
ધન્ય તે મોટા શ્રાવકોજી, આણંદ ને કામદેવ;
ઘરનો બોજો છોડીનેજી, વીર પ્રભુની કરે સેવ. સૌ૦ ૫
બાપ દાદા ચાલ્યા ગયાજી રે, પૂરા થયા નહિ કામ;
કરવી દેવની વેઠડીજી, શેખચલ્લીના પરિણામ. સૌ૦ ૬
જો સમજો તો સાનમાંજી, સદ્ગુરૂ આપે છે જ્ઞાન;
જો સુખ ચાહો મોક્ષનાંજી, ધર્મ રત્ન કરો ધ્યાન. સૌ૦ ૭

## ૯ વૈરાગ્યની સજ્ઝાય. (૩)

મરણ ન છુટે રે પ્રાણીઆ, કરતાં કોટી ઉપાય રે;
સુર નર અસુરા વિદ્યાધરા, સહુ એક મારગ જાય રે. મરણ૦ ૧
ઇંદ્ર ચંદ્ર રવિ હરી મળી, ગણપતિ કામ કુમાર રે;
સુર ગુરૂ સુર વૈદ્ય સારીખા, પહોંચ્યા જમ દરબાર રે. મરણ૦ ૨
મંત્ર જંત્ર મણિ ઔષધિ, વિદ્યા હુન્નર હજાર રે;
ચતુરાઇ કરે રે ચોકમાં, જમડા લૂંટે બજાર રે. મરણ૦ ૩
ગર્વ કરી નર ગાજતાં, કરતાં વિવિધ તોફાન રે;
માથે મેરૂ ઉપાડતાં, પહોંચ્યા તે સ્મશાન રે. મરણ૦ ૪

કપડાં ઘરેણાં ઉતારશે, બાંધી ઠાઠડી માંય રે.
ખોખલી હાંડલી આગળે, રોતા રોતા સહુ જાય રે. મરણ૦ ૫
કાયા માયા સહુ કારમી, કારમો સહુ ઘરબાર રે;
રંક ને રાય છે કારમો, કારમો સકળ સંસાર રે. મરણ૦ ૬
ભીડી મુઠી લઈ અવતર્યો, મરતાં ખાલી છે હાથ રે;
જીવડા જોને તું જગતમાં, કોઇ ન આવે છે સાથરે. મરણ૦ ૭
નાના મોટા સહુ સંચર્યા, કોઇ નહિ સ્થિર વાસ રે;
નામ રૂપ સહુ નવિ કરે, ધર્મરત્ન અવિનાશ રે. મરણ૦ ૮

## ૧૦ ઉપદેશક સજ્ઝાય.

આ ભવ રત્નચિંતામણી સરીખો, વારોવાર ન મળશેજી;
ચેતી શકે તો ચેતજે જીવડા, આવો સમય નહિ મળશેજી. આ૦ ૧
ચાર ગતિ ચોરાસી લખ યોનિ, તેહમાં તું ભમી આવ્યોજી;
પુન્ય સંયોગે સ્વપ્નની સંગતે, માનવનો ભવ પામ્યોજી. આ૦ ૨
વહેલો થા તું વહેલો જીવડા, લે જિનવરનું નામજી;
કુગુરૂ, કુદેવ, કુધર્મને છંડી, કીજે આતમ કામજી. આ૦ ૩
જેમ કઠીયારાએ ચિંતામણી લીધો, પુણ્ય તણે સંયોગજી;
કાંકરાની પરે નાંખી દીધો, ફરી નહિ મળવા જોગજી. આ૦ ૪
એક કાલે તું આવ્યો જીવડા, એક કાલ તું જાશેજી;
તેહની વચ્ચે તું બેઠો જીવડા, કાલ આહેડી નિકાસેજી. આ૦ ૫
ધન્ય સાધુ જે સંયમ પાલે, સુધો મારગ દાખેજી;
સાચું નાણું ગાંઠે બાંધે, ખોટી દષ્ટિ ન રાખેજી. આ૦ ૬

માતાપિતા દારા સુત બાંધવ, બહુવિધ અવિરતિ જોડેજી;
તે માંહેથી જો કાજ સરે તો, સાધુવર કેમ છોડેજી. આ૦ ૭
માયા મમતા વિષય સહુ છંડી, સંવર ક્ષમા એક કીજેજી;
ગુરૂ ઉપદેશ સદા સુખકારી, સુણી અમૃતરસ પીજેજી. આ૦ ૮
જેમ અંજલીમાં નીર ભરાણું, ક્ષણ ક્ષણ ઓછું થાયજી;
ઘડી ઘડીયે ઘડીયાલાં વાજે, ક્ષણ લાખીણો જાયજી. આ૦ ૯
સામાયિક મન શુદ્ધે કીજે, શિવરમણી ફળ પામેજી;
ભવ મુક્તિનો કામી તેમાં, ભરોશો શાને લીજેજી. આ૦ ૧૦
દેવ ગુરૂ તમે દઢ કરી ધારો, સમક્તિ શુદ્ધ આરાધોજી;
છક્કાય જીવની રક્ષા કરીને, મુક્તિનો પંથજ સાધોજી. આ૦૧૧
હિયડા ભિંતર મમતા નવિ રાખો, જનમ ફરીનવિ મલશેજી;
કાયર તો કાદવ માંહે ખુંતા, શૂરા પાર ઉતરશેજી. આ૦ ૧૨
ગુરૂ કંચન ગુરૂ હિરા સરીખા, ગુરૂ જ્ઞાનના દરીઆજી;
કહે અભયરામ ગુરૂ ઉપદેશે, જીવ અનંતા તરીયાજી. આ૦૧૩

## ૧૧ અંજના સતીની સજ્ઝાય.

અંજના વાત કરે છે મારી સખી, મને મેલી ગયા મારા પતિ; અંતરંગ મહેલમાં મેલી રોતી, સાહેલી મને કર્મે મલ્યા વનવાસ. સાહેલી મારા પુન્ય જોગે તુમ પાસ. ૧

લશકરે ચઢતાને શુકન દીધા, તે તો નાથે મારા નહિ લીધા, ઢીંકા પાટુ પોતે મને દીધા. સાહેલી૦ ૨

સખી ચકલાનો સુણી પોકાર, રાતે આવ્યા પવનજી

દરબાર; બારે વરસે લીધી છે સંભાર. સાહેલી૦ ૩

સખી કલંક ચઢાવ્યું મારે માથે, મારી સાસુએ રાખી નહિ પાસે; મારા સસરે મેલી વનવાસે. સાહેલી૦ ૪

પાંચસે સખીઓ દીધી છે મારે બાપે, તેમાં એક નથી મારી પાસે; એક વસંતબાળા મારી સાથે. સાહેલી૦ ૫

કાળો ચાંલ્લો ને રાખડી કાળી, મેલ્યાં વન મોઝારી; હવે સહાય કરો દેવ મારી. સાહેલી૦ ૬

મારી માતાએ લીધી નહિ સાર, મારા પિતાએ કાઢી ઘર બહાર; સખી ન મળ્યો પાણીનો પાનાર. સાહેલી૦ ૭

મને વાત ન પૂછી મારે વીરે, મારા મનમાં નથી રહેતી ધીર; મારે અંગે ફાટી ગયા ચીર. સાહેલી૦ ૮

મને દીશા લાગી છે કાળી, મારી છાતી જાએ છે ફાટી, અંતે અંધારી અટવીમાં કર્મે નાખી. સાહેલી૦ ૯

મારૂં જમણું ફરકે છે અંગ, નથી બેઠી હું કોઇની સંગ; આ તો શો પડયો રંગમાં ભંગ. સાહેલી૦ ૧૦

સખી ધાવતા છોડાવ્યાં હશે બાળ, નહિતર કાપી હશે કુણી ડાળ; તેના કર્મે પામી ખોટી આળ. સાહેલી૦ ૧૧

વનમાં ભમતાં મુનિ દીઠા આજ, પૂર્વ ભવની પૂછી છે વાત; જીવે શ્યા કીધાં હશે પાપ. સાહેલી૦ ૧૨

બેન હસતા જો હરણ તમે લીધા, મુનિરાજને બહુ દુઃખ દીધાં; તેના કર્મે તમે વનવાસ લીધાં. સાહેલી૦ ૧૩

પૂર્વે હશે શોકયનો બાળ, તેને દેખી ઉછળતી મનમાં ઝાળ; તેણે કર્મે જોયા વનનાં ઝાડ. સાહેલી૦ ૧૪

સખી વનમાં જનમ્યો છે બાળ, કયારે ઉતરશે અમારી આળ; ઓચ્છવ કરશું માને મોસાળ. સાહેલી૦ ૧૫

વનમાં ભમતાં મુનિ દીઠા આજ, અમને ધર્મ બતાવો મુનિરાજ; કયારે સરશે અમારાં કાજ. સાહેલી૦ ૧૬

## ૧૨ અગીયારસની સજ્ઝાય.

ગોયમ પૂછે વીરને સુણો સ્વામીજી, મૌન એકાદશી કોણે કહી, કોણે પાલી કોણે આદરી. સુણો૦ એહ અપૂર્વ દિન સહી. ૧

વીર કહે સુણો ગોયમા ગુણ ગેહાજી, નેમે પ્રકાશી એકાદશી સુણો ગોયમાજી, ગોવિંદ કરે મલારસી. ૨

દ્વારામતી નગરી ભલી સુણો૦ નવ જોયણ આયામ વસી, છપ્પન કોડ જાદવ વસે; સુણો૦ કૃષ્ણ બિરાજે તિણી નગરી. ૩

વિચરંતા વિચરંતા નેમજી સુણો, આવી રહ્યા ઉજવલ શિખરે; મધુર ધ્વનિ દીયે દેશના, સુણો૦ ભવિયણને ઉપગાર કરે. ૪

ભવ અટવી ભીષણ ઘણી, સુણો૦ તે તરવા પંચ પર્વી કહી; બીજે બે વિધ ધર્મ સાચવો, સુણો૦ દેશ વિરતિ સર્વ વિરતિ સહી. ૫

પંચમી જ્ઞાન આરાધીએ, સુણો૦ પંચ વરસ પંચ માસ વળી; અષ્ટમી દિન અષ્ટ કર્મનો, સુણો૦ પરભવ આયુનો બંધ કરે. ૬

ત્રીજે ભાગે નવમે ભાગે, સુણો૦ સતાવીશમે ભાગે સહી,

અથવા અંત મુહૂર્ત સમે, સુણો૦ શ્વાસોશ્વાસમાં બંધ કરે. ૭
માયા કપટ જે કેળવે, સુણો૦ નરક તિર્યંચનું આયુ ધરે;
રાગ તણે વશ મોહીયો; સુણો૦ વિકલ થયો પરવશપણે. ૮
કરણી અકરણી નવી ગણે, સુણો૦ મોહ તિમિર અંધકારપણે;
મોહે મદ ગાઢો ફિરે, સુણો૦ દે ધુમરી ઘણું જોરપણે. ૯
ઘાયલ જીમ રહે ધુમતો, સુણો૦ કહ્યું ન માને નેહપણે;
જીવ રૂલે સંસારમાં,સુણો સ્વામીજી,મોહ કર્મની સહીલાણી. ૧૦
અલ્પ સુખ સરસવ જેતું, સુણો૦ તે તું મેરૂ સમાન ગણે;
લોભે લંપટ વાહીયો, સુણો૦ નવિ ગણે તે અંધપણે. ૧૧
જ્ઞાની વિણ કહો કુણ લહે સુણો, શું જાણે છદ્મસ્થપણે;
અષ્ટમી એકાદશી ચતુર્દશી, સુણો૦ સામાયિક પોસહ કરે. ૧૨
ધર્મને દિવસે કર્મનો, સુણો૦ આરંભ કરે જે નરનારી;
નિશ્ચય સદ્‌ગતિ નવિ લહે,સુણો૦ અશુભ કર્મનાં ફલ છે ભારી. ૧૩
પાંચ ભરત પાંચ ઐરવત,સુણો૦ મહાવિદેહે તે પાંચ ભણે;
કર્મ ભૂમી સઘળી થઇ, સુણો૦ કલ્યાણક પંચ સય ગણે. ૧૪
શ્રીવિશાલસોમ સૂરીશ્વર પ્રભુ,સુણો તપગચ્છના સિરદાર ગુણી;
તસ ગુરૂ ચરણ કમલ નમી, સુણો૦ સુવ્રત શેઠ સજ્ઝાય ભણી. ૧૫

## ૧૩ પંચમીની સજ્ઝાય.

શ્રી ગુરૂ ચરણ પસાઉલે રે લોલ, પંચમીનો મહિમાયઆતમા;
વિવરીને કહેશું અમે રે લોલ, સુણતાં જાય પાતક આતમા;
પંચમી તપ પ્રેમે કરો રે લોલ. ૧

મન શુદ્ધે આરાધીએ રે લોલ, તૂટે કર્મ નિદાન આતમા;
ઇહ ભવ સુખ પામે ઘણો રે લોલ, પરભવ અમર વિમાન આતમા. પં૦ ૨
સકળ સૂત્ર રચ્યા થકીરે લોલ, ગણધર હુવા વિખ્યાત આતમા;
જ્ઞાન ગુણે કરી જાણતા રે લોલ, સ્વર્ગ નરકની વાત આતમા. પં૦ ૩
જે ગુરૂ જ્ઞાને દીપતારે લોલ, તે તરીયા સંસાર આતમા;
જ્ઞાનવંતને સહુ નમે રે લોલ, ઉતારે ભવપાર આતમા. પં૦ ૪
અજવાળી પક્ષ પંચમીરે લોલ, કરો ઉપવાસ જગીશ આતમા;
ૐ હ્રીં નમો નાણસ્સ ગુણણું ગણો રે લોલ, નવકાર વાળી વીશ આતમા. પં૦ ૫
પાંચ વર્ષ એમ કીજીએ રે લોલ, ઉપર વળી પંચ માસ આતમા; યથાશક્તિ કરી ઉજવો રે લોલ, જેમ હોય મનને ઉલ્લાસ આતમા. પં૦ ૬
વરદત્ત ને ગુણમંજરીરે લોલ, તપથી નિર્મળ થાય આતમા;
કીર્ત્તિવિજય ઉપાધ્યાયનો રે લોલ, કાંતિ વિજય ગુણ ગાય આતમા. પં૦ ૭

## ૧૪ બીજની સજઝાય.

બીજ તણે દિન દાખવું રે, દ્વિવિધ ધર્મ પ્રકાર;
પંચ મહાવ્રત સાધુનેરે, શ્રાવકને વ્રત બાર રે;
પ્રાણી ધર્મ કરો સહુ કોઇ. ૧

પ્રાણાતિપાત વ્રત જે કહ્યું રે, જાવજ્જીવ તે જાણ;
બીજું મૃષાવાદ જાણીએ રે, મોટું તેહ વખાણ રે. પ્રા૦ ૨
જાવજ્જીવ ત્રીજું વળી રે, નામે અદત્તાદાન; ચોથું
વ્રત ઘણું પાળતાં રે, જગમાં વાધે બહુ માનરે. પ્રા૦ ૩
નવવિધ પરિગ્રહ છાંડતાં રે, પંચમી ગતિ સુઠામ;
ચોથું વ્રત સૂધું એ પાળતાં રે, અણગારી કહ્યો નામ રે.પ્રા૦૪
પાંચે વ્રત પાળે સદા રે, સાધુના એ આચાર;
પડિક્કમણાં બેઉ ટંકનાં રે, રાખે ધર્મશું પ્યાર રે. પ્રા૦ ૫
એહવા વ્રત પાળે સદા રે, ગ્રંથ તણે અનુસાર;
આરાધક એહનો કહ્યો રે, તે પામે ભવપાર રે. પ્રા૦ ૬
મિથ્યાત્વમાં ભૂલો ભમ્યો રે, એહ અનાદિનો જીવ;
સાર ધર્મ નવિ ઓળખ્યો રે, જેહથી મોક્ષ સદીવ રે. પ્રા૦ ૭
આરંભ છાંડી આતમા રે, કરો સુમતિ ગુપ્તિસુ પ્રીત;
આઠે મદ દૂર તજી રે, કરો ધર્મ સુવિનીતરે. પ્રા૦ ૮
પાળો જિનની આણને રે, જો ચાહો શિવરાજ;
શ્રીવિજયરત્ન સૂરીંદ્રના રે, દેવનાં સર્યાં સવિ કાજરે. પ્રા૦૯

## ૧૫ કડવું તુંબડું વહોરાવ્યાની સજઝાય.

સાધુજીને તુંબડું વહોરાવીયુંજી,કરમે હલાહલ થાય રે;
વિપરીત આહાર વહોરાવિયો જી, વધાર્યો અનંત
સંસારરે. સાધુજીને૦ ૧
આહાર લેઈ મુનિ પાછા વળ્યાજી, આવ્યા આવ્યા

ગુરૂજીની પાસરે; ભાત પાણી આલોવીયાજી; એ આહાર નહીં તુજ લાગરે. સા૦ ૨

નિરવદ્ય ઠામે જઈને પરઠવોજી, તુમે છો દયાના જાણ રે; બીજો આહાર આણી કરી જી, તુમે કરો નિરધારરે. સા૦ ૩

ગુરૂ વચન શ્રવણે સુણી જી, પહોંચ્યા વન મોઝાર રે; એકજ બિંદુ તિહાં પરઠવ્યો જી, દીઠા જીવના સંહારરે. સા૦ ૪

જીવ દયા મનમાં વસીજી, આવી આવી કરૂણા સાર રે; માસ ખમણને પારણે જી, પડિવજયાં શરણાં ચાર રે. સા૦ ૫

સંથારે બેસી મુનિ આહાર કર્યોજી, ઉપજી ઉપજી દાહ જવાળ રે; કામ કરી સર્વાર્થસિદ્ધજી, પહોંચ્યા પહોંચ્યા સ્વર્ગ મોઝાર રે. સા૦ ૬

દુઃખણી દોભાગણી બ્રાહ્મણીજી, તું બડા તણે અનુસારરે; કાળ અનંતા તે ભમીજી, રૂલી રૂલી તિર્યંચ મોઝારરે. સા૦ ૭

સાતે નરકે તે ભમીજી, પામી પામી મનુષ્યની દેહ રે; ચારિત્ર લહી તપસ્યા કરીજી, બાંધ્યું બાંધ્યું નિયાણું તેહ રે. સા૦ ૮

દ્રુપદ રાજા ઘર ઉપજીજી, પામી પામી યૌવન વેષરે; પાંચ પાંડવે તે વરીજી, હુઇ હુઇ દ્રૌપદી એયરે. સા૦ ૯

તે મનુષ્ય જન્મ પામી કરીજી, લેશે ચારિત્ર નિરધાર રે; કેવળ જ્ઞાન પામી કરીજી, જશ કહે જાશે મુક્તિ મોઝારરે. સા૦ ૧૦

---

## ૧૬ શ્રી મરૂદેવી માતાની સજઝાય.

મરૂદેવી માતારે એમ ભણે, ઋષભજી આવોને ઘેર;
હવે મુજ ઘડપણ છે ઘણું, મળવા પુત્ર વિશેર. મરૂદેવી૦ ૧
વત્સ તુમે વનમાંજઇ શું વસ્યા,તમારે ઓછું શું આજ;
ઈંદ્રાદિક સર્વ શોભતાં, સાધ્યાં ષટ ખંડ રાજ. મરૂ૦ ૨
ઋષભજી આવી સમોસર્યા, વિનીતા નગરી મોઝાર;
હરખે દેઉં રે વધામણાં, ઉઠી કરૂં રે ઉલ્લાસ. મરૂદેવી૦ ૩
આઇ બેઠા ગજ ઉપરે, ભરત સ્વજન વાંદવા જાય;
પર્ષદા દીઠી રે પુત્રની, ઉપન્યું કેવળજ્ઞાન. મરૂદેવી૦ ૪
દૂરેથી વાજાં રે વાગીયાં, હયડે હરખ ન માય;
હરખે આંસુ આવીયાં, પડલ દૂરે પલાય. મરૂદેવી૦ ૫
સાચું સગપણ માતણું, બીજા કારમા લોક;
રડતાં પડતાં મેળો નહિ. હૃદય વિચારીને જો. મરૂદેવી૦૬
ધન્ય માતા ધન્ય બેટડો, ધન્ય તેમનો પરિવાર;
વિનય વિજય ઉવજ્ઝાયના, વર્ત્યો જય જયકાર. મરૂદેવી૦૭

---

## ૧૭ શ્રી વર્ધમાન તપની સજઝાય.

પ્રભુ તુજ શાસન અતિ ભલું, તેમાં ભલું તપ એહ રે;
સમતા ભાવે સેવતાં, જલદી લહે શિવ ગેહ રે. પ્રભુ૦ ૧
ષટ રસ તજી ભોજન કરે, વિગય કરે ષટ દૂર રે;
ખટપટ સઘળી પરિહરી, કર્મ કરે ચકચૂર રે. પ્રભુ૦ ૨

પડિક્કમણાં હોય ટંકના, પોષધ વ્રત ઉપવાસ રે;
નિયમ ચિંતારે સર્વદા, જ્ઞાન ધ્યાન સુવિલાસ રે. પ્રભુ૦ ૩
દેહને દુઃખ દેવા થકી, મહાફળ પ્રભુ ભાખે રે;
ખડ્ગ ધારા વ્રત એ સહી, આતમ અંતગડ શાખે રે. પ્રભુ૦ ૪
ચૌદ વર્ષ સાધિક હોવે, એ તપનું પરિમાણરે;
દેહના દંડ દૂરે કરે, તપ ચિંતામણી જાણરે. પ્રભુ૦ ૫
સુલભ બોધિ જીવને, એ તપ ઉદયે આવે રે;
શાસન સુર સાંનિધ્ય કરે, ધર્મ રત્ન પદ પાવે રે. પ્રભુ૦ ૬

## ૧૮ વૈરાગ્યની સજઝાય.

જીવડલા આજે જવું કે કાલે, મરણ ભય સર્વને માથે ચાલેજી, પડયા જળ પંખીડાં તિહાં પકડાશે, કમલ ખીલ્યાં તે તો ખચિત કરમાશે; જન્મ્યા તે તો જરૂર મરી જાશે. જીવ૦ ૧

કાને બે કુંડળ લટકાવી ફાંકડા ફરતા, ધમક સહુ ધરતી ઉપર પગ ધરતા; એવા નરને દીઠા ઠાઠડીઓમાં ઠરતા. જીવ૦ ૨

ગયા રે જાણે શાસ્ત્રીપતિ મેલી ઠોઠાં, ગયા રે પંડિત પઠમા મેલી પોથાં, એ તો સડી સડી થઇ ગયાં થોથાં. જી૦ ૩

નવા રે નવા પોશાક પહેરી નિસરતા, મોટા રે મોટા મહીપતિને જઇ મળતા; એવા નરને દીઠા મસાણમાં બળતા. જીવ૦ ૪

ખમા રે ખમા કહેવાતા પડતા આખડતા, રતન મુનિ દુર્યોધન પુંઠે ફરતા, એવા નરનાં નામ શોધ્યાં નથી જડતા. જીવ૦ ૫

## ૧૯ મનુષ્ય ભવની દુર્લભતાની સજ્ઝાય.

### મારૂં મન મોહ્યું રે શ્રીસિદ્ધાચલે રે–એ દેશી.

મનુષ્ય ભવનું ટાણું રે, કાલે વહી જશે રે; અરિહંત ગુણ ગાવો નર નાર, રત્ન ચિંતામણિ આવ્યું હાથમાંરે; ભગવંત ગુણ ગાવો નર નાર, મનુષ્ય ભવનું ટાણું રે૦ ૧

બળદ થઇને રે ચીલા ચાંપશો રે, ચડશો વળી ચોરાશીની ચાલ; નેતરે બાંધીને ધાણીએ ફેરવશે રે, ઉપર બેસી મૂર્ખ દેશે માર. મનુ૦ ૨

કુતરા થઈને રે ઘર ઘર ભટકશો રે, ઘરમાં પેસવા નહી દીએ કોય; કાનમાં કીડા રે પડશે અતિ ઘણા રે, ઉપર પડશે લાકડીઓના માર. મનુ૦ ૩

ગધેડા થઇને રે ગલીઓમાં ભટકશો રે, ઉપાડશો અણતોલ્યા ભાર; ઉકરડાની ઓથે રે જઇને ભૂકશો રે, સાંજ પડે ધણી નહી લીએ સંભાર. મનુ૦ ૪

ભુંડ થઇને પાદર ભટકશો રે, કરશો વલી અશુચિના આહાર; નજરે દીઠા રે કોઈને નવી ગમો રે, દેશે વળી પથરાના પ્રહાર. મનુ૦ ૫

ઊંટ થઈને રે બોજા ઉપાડશો રે, ચરશો વળી કાંટા ને કંથેર; હાથને હડશેલે ઘર ભેગા થશો રે, ઉપર પડશે પાટુના પ્રહાર. મનુ૦ ૬

ઘોડા થઇને રે ગાડીઓ ખેંચશો રે, ઉપર પડશે ચાબુક-

ના પ્રહાર; ચોકડું બાંધીને ઉપર બેસશે રે, રાયજાદા અસ્વાર. મનુ૦ ૭

ઝાડ થઇને રે વનમાં ધ્રૂજશો રે, સહેશો વળી તડકા ને ટાઢ; ડાલે ને પાંદડે રે પંખી માળા ઘાલશે રે, ઉપર પડશે કુહાડાના ઘા. મનુ૦ ૮

ઉત્તમ નર ભવ ફરી ફરી આત્મા રે, મળવો બહુ છે મુશ્કેલ; હર્ષ વિજયની એણી પેરે શીખડી રે, સાંભળો અમૃત વેલ. મનુ૦ ૯

## ૨૦ નારી સંગ ત્યાગની સજઝાય.

તે તરીઆ રે ભાઇ તે તરીઆ, જે નારી સંગથી ડરીઆ રે; તે ભવસમુદ્રને પાર ઉતરીઆ, જઇ શિવ રમણીને વરીઆરે. તે૦ ૧

સ્થૂલિભદ્રને ધન્ય જે જઇને, વેશ્યાને ઘેર રહીઆ રે; સરસ ભોજન ને વેશ્યા મલિઆ, પણ શીલે નવિ ચલિઆ રે. તે૦ ૨

સીતા દેખી રાવણ ચલિઓ, પણ સીતા નવિ પડિઆ રે; રહનેમિ રાજુલને મલિઆ, પણ રાજુલ નવિ ગલિઆ રે. તે૦ ૩

રાજુલે તેહને ઉદ્ધરીઆ, તે પણ શિવ ઘર મલિઆરે; રાણી ક્રોડ ઉપાય તે કરીઆ, સુદર્શન નવિ ગલિઆરે. તે૦ ૪

ક્ષપક શ્રેણિ આરોહણ કરીને, કેવલ ધરણી વરીઆ રે; ઉત્તમ પદ પદ્મને અનુસરિઆ, તે ભવ ફેરથી ટળીઆરે. તે૦ ૫

## ૨૧ મેતારજ મુનિની સજ્ઝાય.

ધન ધન મેતારજ મુનિ, જેણે સંયમ લીધો;
જીવદયાને કારણે, જેણે કોપ ન કીધો. ધ૦ ૧
માસખમણને પારણે, ગોચરીયે જાય;
સોવનકાર તણે ઘરે, પહોંચતા મુનિરાય. ધ૦ ૨
સોવન જવ શ્રેણિકના, ઋષિ પાસે મૂકી;
ઘર ભીતર તે નર ગયો, એક વાત ન ચૂકી. ધ૦ ૩
જવ સઘળા પંખી ગળે, મુનિવર તે દેખે;
તવ સોની ઘર આવીઓ, જવ તિહાં ન દેખે. ધ૦ ૪
કહો મુનિવર જવ કિહાં ગયા, કહોને કોણે લીધા;
મુનિ ઉત્તર આપે નહિ, તવ ચપેટા દીધા. ૫
મુનિવર ઉપશમ ભર્યા, પંખી નામ ન ભાસે;
કોપ કરીને એમ કહે, જવ છે તુમ પાસે. ધ૦ ૬
જવ ચોર્યા રાજા તણા, તું તો મોટો ચોર;
આલા ચર્મ તણી કરી, બાંધ્યો મસ્તક દોર. ધ૦ ૭
નેત્ર યુગલની વેદના, નીકળીયો તત્કાળ;
કેવળજ્ઞાન તે નિર્મળું, પામી કીધો કાળ. ધ૦ ૮
શિવ નગરી તે જઇ ચડયો, એવો સાધુ સુજાણ;
ગુણવંતના ગુણ જે જપે, તસ ઘર કલ્યાણ. ધ૦ ૯
નવ કન્યા તેણે તજી, કંચન કોડી;
નવ પૂરવધર વીરના, પ્રણમું કર જોડી. ૧૦

સિંહ તણી પરે આહરી, સિંહની પરે શૂરો,
સંયમ પાળી શિવ લહ્યો, જશ જગમેં પૂરો. ધ૦ ૧૧
મારી કાયા તણી લહા, હંચેથી નાખે;
ધડકી પંખી જવ વામ્યા, તે દેખી આંખે. ધ૦ ૧૨
તવ સોની મન ચિંતવે, કીધું ખોટું કામ;
વાત રાજા જો જાણશે, તો ટાળશે ઠાય. ધ૦ ૧૩
તવ તે મનમાં ચિંતવે, કીધું ભયથી જિન હાથે;
સોવનકાર દીક્ષા લીયે, નિજ કુટુંબ સંઘાતે. ધ૦ ૧૪
શિવ નગરી તે જઇ ચઢયો, એહવો સાધુ સુજાણ;
ગુણવંતોના ગુણને જે જંપે, તસ ઘર કોડી કલ્યાણ. ધ૦ ૧૫
શ્રીકનકવિજય વાચકવરૂ, શિષ્ય જંપે રામ;
સાધુ તણા ગુણ ગાવતાં, લહીએ ઉત્તમ ઠામ. ધ૦ ૧૬

---

## ૨૨ દ્વારિકાનગરીની સજ્ઝાય.

દોનું બંધવા રડે, દુઃખ ધરતા મન માંય;
બળતી દેખી દ્વારિકા, કીજે કવણ ઉપાય. ૧
રત્ન ભીંત સુવર્ણ તણી, તેહ બળે તત્કાળ;
સુવર્ણ થંભા કાંગરા, જાણે બળે પરાળ. ૨

### ઢાળ પહેલી.

બળતી દ્વારિકા દેખીને રે ભાઇ, ઘણા થયા દીલગીર;
હઈડું તે લાગ્યું ફાટવા રે ભાઈ, નયણે વછુટયા નીર રે;
માધવ એમ બોલે. ૧

બે બંધવ મળીને તિહાં રે ભાઇ, વાત કરે કરૂણાય;
દુ:ખ સાલે દ્વારિકા તણું રે ભાઈ, અબ કીજે કવણ ઉપાય રે. મા૦૨
ક્યાં રે દ્વારિકાની સાહીબી રે ભાઈ, કિહાં ગજદલનો ઠાઠ;
સજ્જનનો મેળો કિંહા રે ભાઈ, ક્ષણમાં હુવા ઘણા ઘાટ રે. મા૦૩
હાથી ઘોડા રથ બલે રે બાઇ, બેંતાળી બેંતાળી લાખ;
અડતાળી ક્રોડ પાળા હુતા રે ભાઇ, ક્ષણમાં હુઈ ગયા રાખ રે. મા૦૪
હળધરને હરજી કહે રે ભાઈ, ધિક કાયરપણું મોય;
નગરી બળે મુજ દેખતાં રે ભાઈ, મુજ જોર ન ચાલે કોય રે. મા૦૫
નગરી બળે મુજ દેખતાં રે ભાઈ, રાખી ન શકું રે જેમ;
ઇંદ્ર ધનુષ મેં ચડાવીઉ રે ભાઇ, એ બળ ભાગ્યું કેમ રે. મા૦૬
જેણી દિશે જોતાં તેણી દિશે રે ભાઈ, સેવક સહસ્ત્ર અનેક;
હાથ જોડી ઉભા ખડા રે ભાઈ, આજ ન દીસે એક રે. મા૦ ૭
મોટા મોટા રાજવી રે ભાઈ, શરણે રહેતા આય; ઉલ્ટો
શરણો તાકીયો રે ભાઈ, વેરણ વેળા આય રે. મા૦ ૮
વાદળ વીજ તણી પરે રે ભાઇ, ઋદ્ધિ બદલાયે સોય;
ઇમ દોહીલી મેં આપણો રે ભાઈ, સગો ન દીસે કોઈ રે. મા૦ ૯
મહેલ ઉપગરણ આયુધ બળે રે ભાઈ, બળે સહુ પરિવાર;
એ આપદા પુરી પડી રે ભાઈ, કીજે કવણ વિચાર રે. મા૦૧૦
વળતાં હળધર એમ કહે રે ભાઈ, પ્રગટયાં પૂર્વનાં પાપ;
બીજું તો સઘળું રહ્યું રે ભાઈ, માંહિ બળે માય બાપ રે. મા૦૧૧
દોનું બંધવ માંહે ધસ્યા રે ભાઈ, નગરીમાં ચાલ્યા જાય;

રથ જોડી તેણે સમેરે ભાઈ, માંહે ઘાલ્યા માય તાય રે. મા૦૧૨

દોનું બંધવ જુતિયારે ભાઇ, આવ્યા પોળની માંય; દોનું બંધવ બહાર નીકળ્યારે ભાઇ, દરવાજો પડીઓ આયરે. મા૦૧૩

પાછું વાળી જુવે તિહાં રે ભાઈ, ઘણા થયા દિલગીર; છાતી તે લાગી ફાટવારે ભાઇ, નયણે વછુટયાં નીરરે. મા૦૧૪

હલધરને હરિજી કહેરે ભાઈ, સાંભળ બાંધવ વાત; કિણિ દિશિ આપણ જાગ્શુંરે ભાઈ, તે દિશા મોય બતાવરે. મા૦૧૫

વયણ સુણી બાંધવ તણાંરે ભાઇ, હળધર બોલે એક; પાંડવ ભાઇ કુંતા તણારે ભાઈ, એમ ચાલે તેહને ગેહરે. મા૦ ૧૬

વચન સુણી હળધરતણારે ભાઇ, માધવ બોલે એમ; દેશવટો દેઇ કાઢીઆરે ભાઈ, એ ઘેર જાવું કેમરે. મા૦ ૧૭

વળતાં હળધર એમ કહેરે ભાઇ, દેખી હોશે દિલગીર; તે કેમ અવગુણ આણશેરે ભાઇ, ગિરૂઆ ગુણ ગંભીરરે. મા૦ ૧૮

તેં તેહનાં કારજ કીધાંરે ભાઇ, ધાતકી ખંડમેં જાય; દ્રૌપદી સોંપી આણીનેરે ભાઇ, તે કેમ ભૂલશે ભાયરે. મા૦ ૧૯

અહંકારી શિર શિહરો રે ભાઈ, એહવી સંપદા પાય; તે નર પાળા ચાલીયા રે ભાઇ, આપદા પડી બહુ આયરે. મા૦૨૦

પાંડવ મથુરા પ્રગટી જિહાંરે ભાઈ, અગ્નિ ખૂણ સમુદ્ર તીર; તે નગરી ભણી ચાલીયારે ભાઈ, બાંધવ બેહુ સધીરરે. મા૦ ૨૧

જે નર શય્યાએ પોઢતાંરે ભાઇ, તે નર પાળા હોય; કર જોડી વિનયવિજય ઇમ ભણેરે ભાઇ, આ ભવ પાર ઉતારરે. મા૦ ૨૨

## ૨૩ શ્રી નંદિષેણ મુનિની સજ્ઝાય

### ઢાળ પહેલી.

રાજગૃહી નગરીનો વાસી, શ્રેણિક સુત સુવિલાસી હો;
મુનિવર વૈરાગી;
નંદિષેણ દેશના સુણી ભીનો, ના ના કહેતાં વ્રત લીનો. મુ૦ ૧
ચારિત્ર નિત્ય ચોકખું પાળે, સંયમ રમણીશું મ્હાલે હો; મુ૦
એક દિન જિન પાયે લાગી, ગૌચરીની અનુમતિ માગી હો. મુ૦ ૨
પાંગરિયો મુનિવર વહોરવા, ક્ષુધા વેદની કર્મ હરેવા હો; મુ૦
ઉંચ નીચ મધ્યમ કુળ મોય, અટતો સંયમ રસ લોય હો. મુ૦ ૩
એક ઉંચું ધવલ ઘર દેખી, મુનિવર પેઠો શુદ્ધ ગવેષી હો; મુ૦
તિહાં જઈ દીધો ધર્મલાભ, વેશ્યા કહે ઈહાં અર્થ લાભ હો. મુ૦ ૪
મુનિ મન અભિમાન જ આણી, ખંડ કરી નાખ્યું તરણું તાણી
હો; મુનિ૦
સોવન વૃષ્ટિ હુઈ બાર કોડી. વેશ્યા વનિતા કહે કર જોડી હો. મુ૦ ૫

### ઢાળ બીજી.

થેં તો ઉભા રહીને અરજ અમારી સાંભળો સાધુજી;
થેં તો મ્હોટા કુળના જાણી ગુઠીયો આમળો સાધુજી;
થેં તો લેઇ જાઓ સોવન કોડી ગાડાં ઉંટે ભરી સાધુજી;
નહી આવે હમારે કામ ગ્રહો પાછા ભરી સાધુજી. ૧
થારાં ઉજ્વળ વસ્ત્ર દેખી મોહે મન મહારૂં સાધુજી;
થારો સુરપતિથી પણ અધિક છે વાહલો સાધુજી;

થારાં મૃગ સમ સુંદર નેણ દેખી હર્ષ લાગ્યો સાધુજી;
થારો નવલો જોવનવેશ વિરહ દુઃખ ભાંજણો સાધુજી. ૨
એ તો જંગ જડીત કબાટ કુંચી મેં કર ગ્રહી સાધુજી;
મુનિ વળવા લાગ્યો જામ આડી ઉભી રહી સાધુજી;
મેં તો ઓછી સ્ત્રીની જાતિ મતિ કહે પાછલે સાધુજી;
થેં તો સુગુણ ચતુર સુજાણ વિચારો સાધુજી. ૩
થેં તો ભોગ પુરંદર હું પણ સારી સુંદરી સાધુજી;
થેં તો પહેરો નવલા વેશ ઘરાણાં જર તારી સાધુજી;
મણિ મુગતાફળ મુગટ બિરાજે હેમના સાધુજી;
અમે સજીયે સોળ શણગારકે પિયુરસ અંગના સાધુજી. ૪
જે હોય ચતુર સુજાણ કહિય ન ચુકશે સાધુજી;
એહવો અવસર સાહિબ કદીય ન આવશે સાધુજી;
એમ ચિંતે ચિત્ત મઝાર નંદિષેણ વાહલો સાધુજી;
રહેવા ગણિકાને ધામ કે થઇને નાહલો સાધુજી. ૫

## ઢાળ ત્રીજી.

ભોગ કરમ ઉદય તસ આવ્યો, શાસનદેવીયે સંભળાવ્યો હો,
મુનિવર વૈરાગી,
રહ્યો બાર વરસ તસ આવાસે, વેશ મેં એકણ પાસે હો. મુ૦ ૧
દશ ના દિન પ્રતે પ્રતિબૂઝે, દિન એક મૂરખ નવિ બૂઝે; હો. મુ૦
બુઝવતાં હુઇ બહુ વેલા, ભોજનની થઇ અવેળા હો. મુ૦ ૨
કહે વેશ્યા ઉઠો સ્વામી, એ દશમો ન બૂઝે કામી; હો મુ૦

વેશ્યા વનિતા કહે ધસમસતી, આજ દશમા તુમેહી જ
હસતી હો. મુ૦ ૩
એહ વચણ સુણીને ચાલ્યો, ફરી સંયમશું મન વાળ્યો હો; મુ૦
ફરી સંયમ લીયો ઉલ્લાસે, વેશ લેઇ ગયો જિન પાસે હો. મુ૦ ૪
ચારિત્ર નિત્ય ચોકખું પાળી દેવલોકે ગયો દેવ તાળી હો; મુ૦
તપ જપ સંજમ કિરિયા સાધી, ઘણા જીવનેહીપ્રતિબોધીહો. મુ૦ ૫
જયવિજય ગુરૂ શીશ તસ હર્ષ નમે નિશદિશ હો; મુ૦
મેરૂવિજય ઈમ બોલે એહવા ગુરૂને કુણ તોલે હો. મુ૦ ૬

---

## ૨૪ શ્રી જંબુસ્વામીની સજઝાય.

### ઢાળ પહેલી.

જંબુસ્વામી જોબન ઘરવાસ જ મેલ્યાં, તિહાં કનકને કાડે માતાયે મોહ જ મેલ્યાં; તીહાં દોય ઉપવાસે માતા આંબેલ કરતા, તીહાં નવ માસ વાડા, માતા ઉદર ધરીયાં. ૧

તિહાં જનમીયા રે જંબુ સ્વામી રૂડા, જંબુ સ્વામી રૂડા ને એમના નામજ રૂડા; કુંવર પરભાતે ઉઠીને રૂડા ચારિત્ર લેશે, કુંવર જન્મ કરતાં તુમને ધર્મજ વહાલું. ૨

કુંવર એક વાર પરણોને વળી આઠજ નારી, કુંવર ઢોલ દદામા રૂડાં વાજીંત્ર વાગે, કુંવર હાથે મીંઢળ કાટે વરમાળા રોપી. ૩

---

## ઢાળ બીજી.

કુંવર કહે છે, સુણો માતાજી મારે નથીરે પરણવાની અભિલાષજી, મેં તો બાળપણેથી વ્રત આદર્યા. ૧

કુંવર એક વાર પરણાવું રૂપવંતી રે, કુંવર પરણીને પાય લગાડવાં તો હું જાણું ઘરના સુખ રે. રોતા રોતા માતાજી એમ કહે. ૨

## ઢાળ ત્રીજી.

કુંવર કહે છે રે માજી જેમ હોય સાર, તેડાવો લગનીયા માજી. લગન જોવરાવો લાલ કુંવર કહે છે. ૧

લગનીયા જઈ વેવાઇને માંડવે ઉભા, નિત્ય નવા ગીત સુવાસણ ગાય લાલ. કુંવર કહે છે રે૦ ૨

દરબારમાંથી લવજી વેગે પધાર્યાં, લગન વાંચે ને પિતાજી માથું ધુણાવે લાલ. કુંવર૦ ૩

કન્યાના બાપ લગનીયા આઘા મંગાવે, તેમ તેમ લગનીયાં કુંવરી ઓરેરા મંગાવે લાલ; તાત કહેરે કુંવરી જેમ હોય સાર. ૪

પરણીને લેશે જંબુ સંજમ ભાર લાલ, તાત૦ પછે ન કાઢશો કુંવરી વાંક અમારો લાલ; તાત૦ રોતાં ન આવશો દીકરી ઘેર અમારે લાલ. તાત૦ ૫

ચતુર કન્યા તો આઠે ચેતીને બોલી, લાંબી ને ટુંકી પિતાજી વાત શું કહો છો લાલ. તાત૦ ૬

એકની રીત એવી આઠની પ્રીત, પરણીને આઠ કન્યા વેલમાં બેઠી લાલ, તાત૦ ૭

ચતુર કન્યા તો આઠે પરણીને પધાર્યાં, થાળ ભરીને સાસુએ મોતીડે વધાવ્યા લાલ. કુંવર કહે છે રે માજી. ૮

આઠે કન્યા તો લાવી માતાને સોંપી, અમે લઇશું હવે સંજમ ભાર લાલ. કુંવર૦ ૯

સાસુના પાય પડીને શું શું રે આપ્યું, સવા લાખ સોનૈયા સાસુએ ભંડારે નાખ્યા લાલ. કુંવર૦ ૧૦

સાસુના પાલવ સહીને શું શું રે આપ્યું, એકેકીને આપ્યા સાસુયે બાણુ બાણુ બોલા લાલ. કુંવર૦ ૧૧

## ઢાળ ચોથી.

સાસુ શીખ દે છે વહુવારૂ, કરોરે સંતાપી જેમ તેમ કરીને પીયુ પતરાવો તો મત જાણું, તમારી રે મારી વહુવારૂરે વસ કર વાલમ તારો. ૧

પહેરો પીતાંબર અનુપમ સાડી ને સોળ સજો શણગાર, જેમ તેમ કરતા મહેલે પધારો, જો રાખો ભરથારરે. મા૦ ૨

કાંબી ને કલ્લાં ઝાંઝર પહેર્યાં, કાને ઝાલ ઝબુકે; રૂમ ઝુમ કરતા મહેલે પધાર્યા, મોલ ગરડવા લાગ્યોરે. મારી૦ ૩

આઠ મળીને આઠ બારીયે બેઠાં, વચમાં વાલમ ઘેર્યાં; સુખે વચન વાલા કાંઇ ન બોલ્યા, અમે ફોગટ ફર્યાં છે ફેરારે. મારી૦ ૪

આઠે મળીને વળી એમજ કહે છે, સુણો વાલમ મારી વાત; દુનિયા તમને ઠપકો દેશે, મુર્ખાઈમાં ગણાશોરે. મારી૦ ૫

આઠે મળીને વળી એમજ કહે છે, વાલ્લા સુણો અમારી વાત; નર ભમર ચતુરાઈ ન શીખ્યા, શું રહ્યાં દીલ્લ હેઠાં રે. મારી૦ ૬

## ઢાળ પાંચમી.

અમે આઠે છે રમણી ને ગમણી, અમે આઠે જોબનવંતી; સ્હેજે શું કપડે વાલા તમને, ત્યારે લોહી તપેરે વાલા અમને. ૧

નહિ મારે જેઠ નહિ દીયર નગીનો, તમ વિના વાલ્લા સંસાર સૂનો; તમ ઉપર મારે આસો ને વાસો, તુમ વિના વાલા સંસાર સુનો. ૨

જો આગ્યા હોય જમનારે તેડા, તો વાલ્લા અમથી નહીરે ઉપાય; દીક્ષા લેવાની જે વાત વદો છો, તે વાલા અમથી સહન ન થાય. ૩

જો એક પુત્ર થશે વહાલા અમને, તો પણ શીખ ના દઇશું તમને. ૪

## ઢાળ છઠ્ઠી.

આટલું કહેતાં વહાલા વળી બોલ્યાં રે, હૈયું કઠણ કઠોર સુણો મુજ વાતડી રે; મેં જાણ્યું અથીર સંસાર. ૧

કઠણ સાસુજી કઠણ છોરે, કઠણ તુમારી રે કુખ, સુણો૦ કઠણ નણદી કઠણ છો રે, તારે વીરે દીધાં દુઃખ. સુ૦ ૨

એવું સુણી જંબુ એમ ભણયારે, સુણો૦ એક કામણગારી નાર; સુણો એક કામની રે, આ સંસાર છે અસાર. ૩

તુમ ચતુરાઈ છે અતિ ઘણી રે, મારૂં મોત દિવસ કે રાત; સુણો૦ એક કામની રે અમ ચતુરાઈ નહિ એહ તણી રે, તેની અમને શી ખબર. સુણો૦ મુજ વાતડી રે મેં જાણ્યું અથીર સંસાર. ૪

એવી કોલાહલ થઇ રહી રે, ત્યાં તો આવ્યા પાંચસે ચોર; સુણો૦ ધનના તે બાંધ્યા ગાંસડા રે, ઉપર પ્રભવો છે એક ચોર. સુણો૦ ૫

કાલે જંબુ સ્વામી પરણીયારે, પ્રભાતે લેશે સંજમ ભાર; સુણો૦ ઘરનો તે ધણી તજી ગયારે, પરધન લઇને શું કરીશ. સુણો એક૦ ૬

ધનનાં તે ગાંસડાં પાછાં મેલ્યાં રે, પાંચસોને ઉપન્યો વૈરાગ; સુણો૦ ત્યાંથી જંબુસ્વામી ઉઠીયા રે, રજા આપો આઠે નાર, સુણો એક૦ આ સંસાર છે અસાર; ૭
આઠે સ્રીઓ મૂર્છા ખાઈ રે પડી ધરતી ધર હેઠ, સુણો એક વાતડી; આ સંસાર છે અસાર. એકેકીને ઉભી કરી રે, આવીશું તમારી રે સાથ, રહેવું હતું વાલમા રે, આ સંસાર છે અસાર. ૮

ત્યાંથી જંબુ સ્વામી ચાલીયારે, આવ્યા માતપિતાની પાસ, સુણો એક માવડી રે, આ સંસાર૦ માત પિતાને પાયે નમ્યા રે, અમે લઇશું હવે સંજમ ભાર; સુણો એક માવડી રે, આ સંસાર છે અસાર. ૬

## ઢાળ સાતમી.

ઉઠી પ્રભાતના પ્હોરમાં, આવ્યા સુધર્મા સ્વામી પાસ; ધન ધન ધન જંબુ સ્વામીને, લીધો છે સંજમ ભાર. ધન૦ ૧

સાસુ સસરાને જંબુએ બુઝવ્યા, બુઝવ્યા માય ને બાપ; ધન૦ પાંચસે ચોરને જંબુએ બુઝવ્યાં, બુઝવી આઠે નાર. ધન૦ ૨

પાંચસો સતાવીસ જંબુએ બુઝવ્યા, બુઝવ્યો પ્રભવો ચોર; ધન૦ કર્મ ખપાવી કેવળ પામીયા, પોંચ્યા છે મુક્તિ મોઝાર. ધન૦ ૩

હીરવિજય ગુરૂ હીરલો, તજી છે આઠે નાર; ધન૦ એવું સુણીને જે કોઇ નરનારી પાળશે, શીયળ વ્રત સાર. ધ૦ ૪

## ૨૫ શ્રી નેમનાથની સજ્ઝાય.

નેમ નેમ કરતી નારી, કોઇની ન ચાલી કારી;
રથ લીધો પાછો વાળી રે, સાહેલી મોરી.
કરમે કુંવારા રહ્યા રે, સાહેલી મોરી. ૧
મનથી તો માયા મૂકી, સુની તો દીસે સેજલડી;
હવે મારૂં કોણ બેલીરે, સાહેલી મોરી. ૨

ચિત્ત મારૂં ચોરી લીધું, પ્રીતિથી પરવશ કીધું;
દુઃખડું તો અમને દીધું રે, સાહેલી મોરી. ૩
જાવ મા જાદવરાયા, આઠે ભવની મૂકી માયા;
આવો શિવાદેવી જાયારે, સાહેલી મોરી. ૪
આજ તો બની ઉદાસી, તુમ દરિસન દો પ્યાસી;
પરણવાની હોતી આશીરે, સાહેલી મોરી. ૫
માછલી તો વિણ નીર, બચલી તો રાખી ક્ષીણ;
દા'ડા કેમ જાશેરે પીયરીયે, સાહેલી મોરી. ૬
જોતાં નવિ મળી જોડી, આઠે ભવની પ્રીતિ તોડી;
બાલપણે ગયા છોડીરે, સાહેલી મોરી. ૭
જોબન્યું તો કેમ જાશે, સ્વામી વિણ કયમ રહેવાશે;
દુઃખડા કેને કહેવાશે, સાહેલી મોરી. ૮
દેહડી તો દાઝે છે મોરી, સ્વામી શું વિસારી મેલી;
તમે જીત્યા મને તારીરે, સાહેલી મોરી. ૯
પશુડા છોડાવી લીધાં, પ્રભુએ અભયદાન દીધાં;
ઉદાસી તો અમને કીધારે, સાહેલી મોરી. ૧૦
રાજુલ વિચારે એવું, સુખ છે સ્વપ્ના જેવું;
હવે પ્રભુ નેમ સેવુ રે, સાહેલી મોરી. ૧૧
વનમાં વૈરાગ્ય આણી, સહેસાવન ગયા ચાલી;
સંજમ લીધો મન ભાવીરે, સાહેલી મોરી. ૧૨
કરમનો કરીને નાશ, જઇ પહોંચ્યા શિવપુર વાસ;
રત્નવિજય કહે શાબાશરે, સાહેલી મોરી. ૧૩

## ૨૭ છઠ્ઠા આરાની સજ્ઝાય.

છઠ્ઠો આરો એવો આવશે, જાણુશે જિનવર દેવ;
પૃથ્વી પ્રલય થાશે, વરસશે વિરૂવા મેહ;
રે જીવ ! જિન ધર્મ કીજીએ. ૧
તાવડે ડુંગર તરડશે, વાએ ઉડી ઉડી જાય;
ત્યાં પ્રભુ ગૌતમ પૂછીઆ, પૃથ્વી બીજી કેમ થાય રે. જીવ૦ ૨
વૈતાઢયગિરિ નામે શાશ્વતી, ગંગા નદી નામ;
તેણે બેઉ બહુ ભેખડ બોતેર બીલની ખાણરે. જીવ૦ ૩
સરવે મનિષ તિહાં રેહશે, મનખા કેરી ખાણ;
સોલ વરસનું આઉખું, મુંઢા હાથની કાયરે. રે જીવ૦ ૪
છ વરસની સ્ત્રી ગર્ભ ધરે, દુઃખી મહાદુઃખ થાય.
રાતે ચરવા નીકળે, દિવસે બિલ માંહે જાયરે. રે જીવ૦ ૫
સરવ ભખી સરવે માછલાં, મરી મરી દુર્ગતિ જાય;
નર નારી હોશે બહુ દુર્ગંધિત સકાયરે. રે જીવ૦ ૬
પ્રભુ બાલની પરે વિનવું, છઠ્ઠે આરે જનમ નિવાર;
ક્ષાંતિવિજય કવિરાયનો, મેઘ ભણે સુખમાલ રે. જીવ૦ ૭

## ૨૮ ત્રિશલા માતાની સજ્ઝાય.

શિખ સુણો સખી માહરી, બોલોને વચન રસાળ;
તુમ કુખડીએરે ઉપન્જ્યા, સૌભાગી સુકુમાળ,
ત્રિશલા ગરભને સાચવે. ૧
તીખું કડવું કસાયલું, ખાટા ખારાની જાત;

મધુરા રસ નવિ સેવિએ, વપુ મલય પરિહાર. ત્રિશલા૦ ૨
અતિ ઉનું અતિ શિતલડું, નયણે કાજળ રેખ;
અતિભોજન નવી કીજીયે, તેલ નચોપડીયે રેખ. ત્રિશલા૦ ૩
સ્નાન વિલેપન તાહરૂં, મન જાગુી દુઃખમાંય;
હળવે મધુરે બોલીયે, આસી સુખની વાડ. ત્રિશલા૦ ૪
ગાડા વેહેલ વિડોળતા, ધબધમ બંધન ચાલ મ ચાલ;
અતિ શિયળ જગ સેવના, વિણસે પુત્રના કાજ. ત્રિશલા૦ ૫
જેમ જેમ દોહલા ઉપજે, તેમ તેમ દેજો બહુમાન;
ભોગ સંયોગ ને વારજો, હોશે પુત્ર નિદાન. ત્રિશલા૦ ૬
એણી પરે ગર્ભને પાળતાં, પુત્ર થયો શુભ ધ્યાન;
સંઘમાં જેજેરે સહુ કરે, હીરવિજય ગુણ ગાય. ત્રિશલા૦ ૭

## ૨૮ તેર કાઠીયાની સજ્ઝાય.

ચેતન તું તારૂં સંભાળ કે કયાંથી આવીયો;
કયાંરે જવાનો વિચાર કે કેમ બેસી રહ્યો. ૧
ઘર લાગ્યું છે તારૂં ઓલવતો કાં નથી;
પછી થાશે વિનાશ કે ચોરના ભય થકી. ૨
તેર કાઠીયા નિત્ય તારૂં ધન હરણ કરે;
ક્રોધ માન માયા લોભ કે જઈને એમ કહે. ૩
એનો માલ અનર્ગળ કે ચોકી વિના રહે;
આપણે કરોને વિચાર કે જઈયે એને ઘરે. ૪
મોહરાયની ધાડ પડી એને ઘેર જઈ;

જ્ઞાન દ્રવ્ય તેણે લીધું ત્રણે રત્ન સહી. ૫
પછી થયો નિરધન કે દારિદ્ર રિખયો;
જ્ઞાની બોલે એમ વાણી એનો માલ બહુ ગયો. ૬
રયો કરે છે રોજગાર દેવાલું ફુંકીયું;
અધોગતિનું દુઃખ તેણે બહુ વેઠીયું. ૭
સૂક્ષ્મ બાદર પજ્જ અપજ્જ નિગોદમાં;
પૃથ્વી પાણી તેઉ વાઉ કે વનસ્પતિમાં. ૮
કાળ અનંતા અનંત કે ઉંચો આવીયો;
શ્રાવક કુલ સહિત મનુષ ભવ પામીયો. ૯
દેવ ગુરૂ સંજોગ દષ્ટાંત દશે ભલા;
પૂર્વ વિચારીને જોય કે દુઃખ નિરધન તણા. ૧૦
હવે હું ક્ષણ એક ગાફલમાં નવી રહું;
ચંદ્રપ્રભુ અવધાર કે સેવા નિત્ય કરૂં. ૧૧
ભાવે કરી ભવસાગરે કર્મ કથા કહી;
તુમે છો જ્ઞાની ભંડાર સકલ ગુણે સહી. ૧૨

## ૨૯ પડિક્કમણાની સજઝાય.

કર પડિકકમણું ભાવથીજી, સમભાવે મન લાવ; અવિધિ દોષ જો સેવશોજી, તો નહિ પાતિક જાય ચેતનજી, ચેતનજી એમ કિમ તરશોજી. ૧

સામયિકમાં સામટીજી, નિદ્રા નયન ભરાય; વિકથા કરતાં પારકીજી, અતિ ઉલ્લસિત મન થાય. ચેતનજી૦ ૨

કાઉસગ્ગમાં ઉભા થઈજી, કરતાં દુઃખે પાય; નાટિક પેખણ દેખતાંજી, ઉભા રયણી જાય. ચેતનજી૦ ૩

સંવરમાં મન નવિ ઠરેજી, આશ્રવમાં હુંશિયાર; સૂત્ર સુણે ન શુભ મનેજી, વાત સુણે ધરી પ્યાર. ચેતનજી૦ ૪

સાધુ જનથી વેગલોજી, નીચાશું ધરે નેહ; કપટ કરે કોડો ગમેજી, ધરમમાં ધ્રૂજે દેહ. ચેતનજી૦ ૫

ધરમની વેલા નવિ દીએજી, ફુટી કોડી એક; રાલમાં રૂંધ્યો થકોજી, ખૂણો ગણી દીયે છેક. ચેતનજી૦ ૬

જિનપૂજા ગુરૂવંદણાજી, સામાયિક પચ્ચકખાણ; નોકારવાલી નવિ રૂચેજી, કરે મન આરત ધ્યાન. ચેતનજી૦ ૭

ખીમા દયા મન આણીએજી, કરીએ વ્રત પચ્ચકખાણ; ધરીયે મન માંહે સદાજી, ધરમ શુકલ દોય ધ્યાન. ચેતનજી૦ ૮

શુદ્ધ મને આરાધશોજી, જો ગુરૂના પદપદ્મ; રૂપવિજય કહે પામશોજી, તો નર સુર શિવસદ્મ. ચેતનજી૦ ૯

## ૩૦ ગજસુકુમાલની સજઝાય.

એક દ્વારિકા નગરી રાજે રે, કૃષ્ણ નિરંજયો; તારા છે લઘુ ભ્રાતા નામેરે કે, ગજસુકુમાલ જયો. ૧

તે પૂછે નેમજી જિણંદનેરે કે, ગજ સુકુમાલ મુનિ; તે મુજથી દુઃખ ન ખમાય રે કે, સુણો જિનરાજ ગુણી. ૨

તે કારણે એવું દાખો રે કે, અક્ષય જેમ વહેલું; હું પામું જગગુરૂ ભાખો રે કે, સુણો મુનિ છે દોહલું. ૩

આજ દગ્ધ ભૂમિકા જઇને રે કે, કાઉસગ્ગ જો કરશો;
આજ રજની કેવળ પામી રે કે, શિવપદને વરશો. ૪
તેની સુણી પ્રભુજીની વાણી રે કે, દગ્ધ ભૂમિ ચાલ્યો;
તિહાં થાણેણું ઝાણેણું મોણેણું કે, કાઉસગ્ગમાં માહલ્યો. ૫
તવ શોમલ સસરે આવી રે કે, શિર ઉપર સઘડી; કરી
ભરી અંગારા તાજા રે કે, ચાલ્યો દુષ્ટ ધણી. ૬
તિહાં મુનિવર સમતા ભાવે રે કે, ક્ષપક શ્રેણી ચડી;
તું રંગમાં કેવલ બેસી રે કે, શિવપંથ ચાલ્યો ચડી. ૭
સખી ગજસુકુમાલ મુનિને રે કે, ભવિયણ જે નમશે;
તે શિવકમલા સુવિવેક રે કે, ન્યાય મુનિ લેશે. ૮

## ૩૧ શ્રી ગોતમસ્વામીની સજઝાય.

આધાર જ હુંતો રે એક મુને તાહરોરે, હવે કુણ કરશેરે સાર; પ્રીતડી હુંતીરે પહેલા ભવ તણીરે; તે કિમ વિસરીરે જાય. આ૦ ૧

મુજને મેલ્યોરે ટલવલતો, હાંરે નથી કોઈ આંસુ લોવણહાર; ગૌતમ કહીને કોણ બોલાવશે રે, કુંણ કરશે મોરી સાર. આ૦ ૨

અંતરજામીરે અણઘટતું કર્યું રે, મુજને મોકલીયો રે ગામ; અંત કાલે રે હું સમજ્યો નહી રે, જે છેહ દેશે મુજને આમ. આ૦ ૩

ગઈ હવે શોભારે ભરત લોકની રે, હું અજ્ઞાની રહ્યો

શું આજ કુમતિ મિથ્યાત્વી રે; જિમ તિમ બોલશે રે, કોણ રાખશે મોરી લાજ. આ૦ ૪

વળી સુરપાણીરે અજ્ઞાની ઘણોરે, દીધું તુજનેરે દુઃખ; કરૂણા આણીરે તેના ઉપરરે, આપ્યું બહોતું રે સુખ. આ૦ ૫

જે અયમંતોરે બાલક આવીયોરે, રમતો જલશુંરે તેહ; કેવલ આપીરે આપ સમો કિયોરે, એવડો સો તસ સ્નેહ. આ૦ ૬

જે તુજ ચરણે આવી ડંસીયોરે, કીધો તુજને ઉપસર્ગ; સમતા લાવીરે તે ચંડકોસીયોરે, પામ્યો આઠમોરે સ્વર્ગ. આ૦ ૭

ચંદનબાલારે અડદના બાકલારે, પડિલાભ્યા તુમે સ્વામ; તેહને કીધીરે સાહુણીમાં વડીરે, પોંચાડી શિવધામ. આ૦ ૮

દિન બ્યાસીના માતપિતા હુવો રે, બ્રાહ્મણ બ્રાહ્મણી હોય; શિવપુર સંગીરે તેહને તેં કર્યાંરે, મિથ્યા મલ તસ ધોય. આ૦ ૯

અર્જુનમાલીરે જે મહાપાતકીરે, મનુજનો કરતો સંહાર; તે પાપીને પ્રભુ તમે ઉધર્યોરે, કરી તેહ સુપસાય. આ૦ ૧૦

જે જલચારીરે હુંતો દેડકોરે, તે તુમ ધ્યાન સુહાય; સોહમવાસીરે તેં સુરવર કિયોરે, સમકિત કરે સુપસાય. આ૦ ૧૧

અધમ ઉદ્ધર્યોરે એહવા તેં ઘણારે, કહું તસ કેતારે નામ; માહરે તાહરા નામનો આશરોરે, તે મુજ ફળશેરે કામ. આ૦ ૧૨

હવે મેં જાણ્યુંરે પદ વીતરાગનું રે, જો તેં ન ધર્યોરે રાગ; રાગ ગયેથી ગુણ પ્રગટ્યા સવેરે, તે તુજ વાણી મહાભાગ. આ૦ ૧૩

સંવેગ રંગીરે ક્ષપક શ્રેણે ચડયોરે, કરતો ગુણનો જમાવ;

કેવલ પામ્યારે લોકા લોકનારે, દીઠા સઘળારે ભાવ. આ૦ ૧૪

ઈંદ્રે આવીરે જિનપદે થાપીયોરે, દેશના દીયે અમૃતધાર;
પરખદા બૂઝીરે આતમ રંગથીરે, તરિયા શિવપદ સાર. આ૦ ૧૫

## ૩૨ શ્રી સુંદરીના આયંબિલની સજઝાય.

સુણ મેરી સજની રજની ન જાવે રે–એ દેશી.

સરસ્વતી સ્વામીની કરો સુપસાયરે, સુંદરી તપનો ભણુ સજઝાયરે; ઋષભ દેવ તણી અંગજાત રે, સુંદરીની સુનંદા માત રે; ભવિજન ભાવે એ તપ કીજે રે, મનુષ્ય જનમનો લાહો લીજે રે. ૧

ઋષભદેવે જબ દીક્ષા લીધીરે, સુંદરીને આજ્ઞા નવી દીધી રે; ભરતરાય જબ ષટ ખંડ સાધ્યો રે, સુંદરીએ તપ માંડી આરાધ્યો રે; સાઠ હજાર વર્ષ લગે સાર રે, આંબીલ તપ કીધાં નિર્ધાર રે. ભવિ૦ ૨

ચૌદ રત્ન ને નવ નિધાન રે, લાખ ચોરાશી હાથીનું માન રે; લાખ ચોરાશી જેહને વાજીરે, ભરતરાય આવ્યા તબ ગાજી રે. ભવિ૦ ૩

ભરતરાય મોટા નરદેવ રે, દોય સહસ યક્ષ કરે સેવ રે; અયોધ્યા નગરીએ ભરતજી આવ્યા રે, મહીલા સર્વે મોતીડે વધાવ્યારે. ભવિ૦ ૪

આ કુણ દીસે દુર્બળ નારી રે, સો કહે સુંદરી બેન તુમારી રે; કહે તુમે એને દુબળી કીધી રે, મુજ બેનડીની ખબર ન લીધી રે. ભવિ૦ ૫

સહુ કહે આંબીલનો તપ કીધો રે, સાઠ હજાર વરસ પ્રસિદ્ધો રે, જાઓ તુમે બેનડી દીક્ષા પામોરે, ઋષભદેવનું કુળ અજવાળોરે. ભવિ૦ ૬

ભરતરાયની પામી શિક્ષા રે, સુંદરીએ તવ લીધી દીક્ષા રે; કર્મ ખપાવીને કેવલ પામી રે, કાન્તિવિજય પ્રણમે શિર નામીરે. ભવિ૦ ૭

## ૩૩ મૂર્ખને પ્રતિબોધની સજ્ઝાય.

જ્ઞાન કદી નવિ થાય, મૂરખને જ્ઞાન કદી નવિ થાય;
કહેતાં પણ પોતાનું જાય, મૂરખને૦ (એ આંકણી) ૧
શ્વાન હોય તે ગંગા જળમાં, સો વેળા જો નહાય;
અડસઠ તીર્થે ફરી આવે પણ, શ્વાનપણું નવિ જાય. મૂ૦ ૨
ક્રૂર સર્પ પયપાન કરતાં, સંતપણું નવ થાય;
કસ્તુરીનું ખાતર જો કીજે, વાસ લસણ નવિ જાય. મૂરખને૦ ૩
વર્ષા સમે સુગ્રીવ તે પક્ષી, કપિ ઉપદેશ કરાય;
તે કપિને ઉપદેશ ન લાગ્યો, સુગ્રીવ ગૃહ વિખરાય. મૂરખને૦ ૪
નદી માંહે નિશદિન રહે પણ, પાષાણપણું નવિ જાય;
લોહધાતુ ટંકણ જો લાગે, અગ્નિ તુરત ઝરાય. મૂરખને૦ ૫
કાગ કંઠમાં મુક્તાફળની, માળા તે ન ધરાય;
ચંદન ચર્ચિત અંગ કરીને, ગર્દભ ગાય ન થાય. મૂરખને૦ ૬
સિંહ ચર્મ કોઇ શિયાળ સુતને, ધારે વેષ બનાય;
શિયાળ સુત પણ સિંહ ન હોવે, શિયાળપણું નવિ જાય.
મૂરખને૦ ૭

તે માટે મૂરખથી અલગા રહે, તે સુખીયા થાય;
ઉખર ભૂમિમાં બીજ ન ઉગે, ઉલટું બીજ તે જાય. મૂરખને૦ ૮
સમકિતધારી સંગ કરી જે, ભવ ભય ભીત મીટાય;
મયાવિજય સદ્ગુરૂ સેવાથી, બોધિ બીજ પમાય. મૂરખને૦ ૯

## ૩૪ ગજસુકુમાલની સજઝાય.

ગજસુકુમાલ મહામુનિજીરે, શ્મશાને કાઉસગ્ગરે;
સોમિલ સસરે દેખીનેજીરે, કીધો મહાઉપસર્ગરે, પ્રાણી ધન એહ
અણગાર, વંદો વારંવાર પ્રાણી. ધન૦ ૧
પાલ બાંધી શિશ ઉપરેજી, અગ્નિ ધરી તેહ માંહ;
જલજલ જ્વાલા સળગતીજીરે, ઋષિ ચડિયા ઉત્સાહરે. પ્રાણી૦ ૨
એ સસરો સાચો સગોજીરે, આપે મુક્તિની પાઘ;
ઇણ અવસર ચુકું નહીં જીરે, રાલે કર્મ વિપાકરે. પ્રાણી ધન૦ ૩
મારૂં કાંઈ બલતું નથીજીરે, બળે બીજાનું એહ;
પાડોશીની આગમાંજીરે, આપણો અલગો ગેહ રે. પ્રાણી ધન૦
જન્માંતરમાં જે કર્યાંજીરે, આ જીવે અપરાધ;
ભોગવતાં ભલી ભાતશુંજીરે, શુક્લ ધ્યાન આસ્વાદરે. પ્રાણી૦ ૫
દ્રવ્યાનલ ધ્યાનાનલેજીરે, કાયા કર્મ દહંત;
અંતગડ હુઆ કેવલીજીરે, ધર્મરત્ન પ્રણમંતરે. પ્રાણી૦ ૬

## ૩૫ વૈરાગની સજઝાય

સાર નહીં રે સંસારમાં, કરો મનમાં વિચારજી;
નેત્ર ઉઘાડીને જોઈએ, કરીએ દ્રષ્ટિ પસારજી. સાર૦ ૧

જાગ જાગ ભવિ પ્રાણીયા, આયુ ઝટ ઝટ જાયજી;
વખત ગયો ફરી નવિ આવશે, કારજ કાંઈ ન થાયજી. સાર૦ ર
દશ દષ્ટાંતે દોહિલો, પામી નર અવતારજી;
દેવ ગુરૂ જોગ પામીને, કરીએ જન્મ સુધારજી. સાર૦ ૩
મારૂં મારૂં કરી જીવ તું, ફરીયો સઘળે ઠાણજી;
આશા કોઇ ફળી નહી, પામ્યો સંકટ ખાણજી. સાર૦ ૪
માતપિતા સુત બાંધવા, ચડતી સમે આવે પાસજી;
પડતી સમે કોઇ નવિ રહે, દેખો સ્વારથ સારજી. સાર૦ પ
રાવણ સરીખારે રાજવી, લંકાપતિ જે કહાજી;
ત્રણ જગતમાંહિ ગાજતો, ધરતો મન અભિમાનજી. સાર૦ ૬
અંત સમય ગયા એકલા, નહી ગયું કોઈ સાથજી;
એહવું જાણીને ધરમ કીજીએ, હોશે ભવજલ પારજી. સાર૦ ૭
મોહ નિદ્રાથી જાગીને, કરો ધરમશું પ્રેમજી;
એવી સૌભાગ્યની વાણીને, ધારો મનશું પ્રેમજી. સાર૦ ૮

## ૩૬ શ્રી શાણા નરની સઝાય.

સારા તે નરને શીખામણ છે સેજમાં, જાર ન રમીયે પરનારીની સાથજો; વ્યસન પડયું તે જાય કદી નહી જીવતા, હોય કાયા પણ જીવ ન રહે હાથ જો. ૧
રાત દિવસ લગે જતન કરે પરનારનું, લાજ ઘટે ને જીવનું જોખમ થાય જો; કાછડી છુટયો લંપટ સહુમાં કહે, કુલ વિષે ખંપણ લાગ્યું કહેવાય જો. સા૦ ૨

દ્રૌપદી ઉપર ક્રૂડી નજરે ચાલતા, કયાકંસરે મારયો એક જો; શું સાર પામ્યો તે વલી આ સંસારમાં, જુઓ વિચારી હાથ ન રહ્યું કાંઈ જો. સા૦ ૩

કેટલાક નરની જીંદગી બૂડી ગઇ, આ જગતમાં પામ્યા નહી કોઇ માન જો; કેટલાક નર તો નરકે પડીયા સાંભળ્યા, તુર્ય તપ વ્રત ખોયું સુકૃત દાન જો. સા૦ ૪

આ જગતમાં રાવણ સરીખો રાજવી, જેને ઘેર છે ચૌદ ચોકડીનું રાજ જો; દશ મસ્તક ને વીશ ભુજા ગઈ તેહની, કુટુંબ ખોયું પર નારીને કાજ જો. સા૦ ૫

બ્રહ્મા મોહ્યા મોહનીના રૂપને, ચંદ્રમા ઘેર આવ્યા ગોરાણી દુવાર જો; હજાર ભગ થયા તે ઈંદ્ર રાયને, એવા નર તો સહુ પણ ખરાબ જો. સા૦ ૬

હીરવિજય કહે ચતુર પુરૂષ તમે સાંભલો, પર નારી તજતાં નહી બેસે દામ જો; લાજ વધે ને જગમાં જશ પામશે, પ્રભુ રાજી તો પૂરણ મલશે રાજ જો. સા૦ ૭

## ૩૭ પડિક્કમણાની સજ્ઝાય.

ગોયમ પુછે શ્રીમહાવીરને રે, ભાખો ભાખો પ્રભુજી સંબંધરે; પડિક્કમણાથી શું ફલ પામીએ રે, શું શું થાયે પ્રાણીને બંધરે. ગો૦ ૧

સાંભળ ગોયમ જે કહું પુન્યથી રે, કરણી કરતાં જે પુન્યનું બંધ રે; પુન્યથી દુજો અધિકો કો નહીરે, જેથી થાયે સુખ સંબંધ રે. ગો૦ ૨

ઇચ્છા પડિક્કમણું કરી પામીએ રે, પ્રાણીને થાયે પુન્યનો બંધ રે; પુન્યની કરણી જે ઉવેખશેરે, પરભવ ચાશે અંધો અંધરે. ગો૦ ૩

પંચ હજાર ને ઉપર પાંચસેરે, દ્રવ્ય ખરચી લખાવે જેહ રે; જીવાભગવઇ પન્નવણા તણી રે, મૂકે ભંડાર પુન્યની રેહરે. ગો૦ ૪

પાંચ હજાર ને ઉપર પાંચસેરે, ગાયો ગર્ભવંતી જેહરે; તે તે અભયદાન દેતાં થકાં રે, મુહપત્તિ આપ્યાનું પુન્ય એહરે. ગો૦ ૫

દશ હજાર ગોકુલ ગાયો તણાંરે, એકેકા દસ હજાર પ્રમાણરે; તેને અભયદાન દેતાં થકાં રે, ઉપજે પ્રાણીને નિર્વાણ રે. ગો૦ ૬

તેથી અધિકું ઉત્તમ ફલ પામીએ રે, પરને ઉપદેશ દીધાનું જાણરે; ઉપદેશ થકી સંસારી તરે રે, ઉપદેશે પામે પરિમલ નાણ રે. ગો૦ ૭

શ્રી જિનમંદિર અભિનવ શોભતો રે, શિખરનું ખરચ કરાવે જેહરે; એકેકા મંડપ બાવન ચૈત્યનોરે, ચરવલો આપ્યાનું પુન્ય એહરે. ગો૦ ૮

માસખમણની તપસ્યા કરેરે, અથવા પંજર કરાવે જેહ રે; એહવા કોડ પંજર કરતાં થકાં રે, કાંબલિયું આપ્યાનું ફલ એહ રે. ગો૦ ૯

સહસ અઠયાસી દાન શાલાતણું રે, ઉપજે પ્રાણિને પુન્યતું બંધ રે; સ્વામી સંગાથે ગુરૂને સ્થાનકે રે, પ્રવેશ થાએ પુન્યનું બંધ રે. ગો૦ ૧૦

શ્રીજિન પ્રતિમાસો વનમાં કરે રે, સહસ અઠયાસીનું પ્રમાણરે; એકેકી પ્રતિમા પાંચસે ધનુષનીરે, ઇરિયાવહિ પડિકમવાનો એ પ્રમાણરે. ગો૦ ૧૧

આવશ્યક પનર જુગતે ગ્રંથમાંરે, ભાખ્યો એ પડિક્કમણાનો સંબંધરે; જીવા ભગવઈ આવશ્યક જોઇનેરે, સ્વયં મુખ ભાખે વીર જિણંદરે. ગો૦ ૧૨

વાચક જસ કહે શ્રદ્ધા ધરેરે, પાલશે પડિકકમણાનો વ્યવહારરે; અનુત્તર સમ સુખ પામે મોટકું રે, પામશે ભવિજન ભવજલ પાર રે. ગો૦ ૧૩

## ૩૮ માંકડની સજ્ઝાય.

માંકડનો ચટકો દોહિલો, કેહને નવિ લાગે સોહિલો રે; માંકડ મૂછાલો; એ તો નિર્લજ્જ ને નહી કાન, એહને હયડે નહીં શાન રે. માં૦ ૧

એ તો પાટ પલંગમાં આવે, ચટકો દેઈ છાનો જાવેરે; માં૦ રાતે રાણો થઇને ફરતો, રાજા રાણીથી નવિ ડરતોરે. માં૦ ૨

એ તો ચરણા ચીર છોડાવે, નર નારીની નિંદ ગમાવે રે; માં૦ ગિરૂઆ ગુણસાગર સાધ, તેહની તુમે રાખજો લાજ રે. માં૦ ૩

વરસાલે થાયે મદમાતો, શીયાલે સુહાલો સાતો રે માં૦ ખાટ માંહે ખલ ગોત્રજ ખોટા, સત્તિ સરિખા ન્હાના મહોટા રે. માં૦ ૪

એ તો ન જુએ ઠામ કુઠામ, એહને પેટ ભર્યા શું કામ રે; એ તો હરામી હઠીલી જાત, એહને રૂડી લાગે છે રાત રે. માં૦ ૫

લોહી પી થાયે રાતો લાલ, એ તો સોડ માંહેલો સાલ રે; માં૦ એ ઉપકાર તણી મતિ આણી, ચટકા દેઇ સજ કરે પ્રાણી રે. માં૦ ૬

ગુણી હૂઆ તો ગુણ કરી લેજો, માંકડને દોષ ન દેજો રે; માં૦ માંકણ ભરૂઅચ નગરથી આવ્યો, એ તો રાધનપુરમાં ગવરાયો રે; માં૦ માણેક મુનિ કહે સુણો સયણા, તુમે જીવની કરજો જયણા રે. માં૦ ૭

---

# શ્રી દશવૈકાલિકની સજ્ઝાય.

## ૩૯ પ્રથમાધ્યયનની સજ્ઝાય. (૧)

સુગ્રીવ નયર સોહામણું જી—એ દેશી.

શ્રી ગુરૂપદપંકજ નમી જી, વલી ધરી ધર્મની બુદ્ધિ; સાધુક્રિયા ગુણ ભાંખશું જી, કરવા સમકિત શુદ્ધિ; મુનીશ્વર

ધર્મ સયલ સુખકાર, તુમ્હે પાલો નિરતિચાર મુનીશ્વર, ધર્મ સયલ સુખકાર. ૧

જીવદયા સંયમ તવો જી, ધર્મ એ મંગલરૂપ; જેહનાં મનમાં નિત્ય વસે જી, તસ નમે સુર નર ભૂપ. મુ૦ ૨

ન કરે કુસુમ કિલામણાજી, વિચરતો જિમ તરૂવૃંદ; સંતોષે વળી આતમાજી, મધુકર ગ્રહી મકરંદ. મુ૦ ૩

તેણી પરે મુનિ ઘર ઘર ભ્રમી જી, લેતો શુદ્ધ આહાર; ન કરે બાધા કોઇને જી, દિયે પિંડને આધાર. મુ૦ ૪

પહિલે દશવૈકાલિકે જી, અધ્યયને અધિકાર; ભાંખ્યો તે આરાધતાં જી, વૃદ્ધિવિજય જયકાર. મુ૦ ૫

---

## ૪૦ દ્વિતીયાધ્યયનની સજ્ઝાય. (૨)

શીલ સોહામણું પાલીયે–એ દેશી.

નમવા નેમી જિણંદને, રાજુલ રૂડી નાર રે; શીલસુરંગી સંચરે, ગોરી ગઢ ગિરનાર રે. શીખ સુહામણી મન ધરો. ૧

તુમે નિરૂપમ નિર્ગ્રંથ રે, સવિ અભિલાષ તજી કરી, પાલો સંયમ પંથ રે. શી૦ ૨

પાઉસ ભીની પદ્મિની, ગઈ તે ગુફા માંહિ તેમરે; ચતુરા ચીર નિચોવતી, દીઠી ઋષિ રહનેમ રે. શી૦ ૩

ચિત્ત ચલે ચારિત્રિયો, વયણ વદે તવ એમ રે; સુખ ભોગવીયે સુંદરી, આપણે પૂરણ પ્રેમ રે. શી૦ ૪

તવ રાયજાદી એમ ભણે, ભૂંડા એમ શું ભાંખે રે; વય-
ણવિરૂદ્ધ એ બોલતાં, કાંઈ કુલલાજ ન રાખે રે. શી૦ ૫
હું પુત્રી ઉગ્રસેનની, અને તું યાદવકુલ જાયો રે; એ
નિર્મલ કુલ આપણાં, તો કેમ અકારજ થાયો રે. શી૦ ૬
ચિત્ત ચલાવી એણી પરે, નિરખીશ જો તું નારી રે; તો
પવનાહત તરૂપરે, થાઈશ અથિર નિરધારી રે. શી૦ ૭
ભોગ ભલા જે પરહર્યા, તે વલી વાંછે જેહ રે; વમનભક્ષી
કુતર સમો, કહીયે કુકર્મી તેહ રે. શી૦ ૮
સરપ અંધક કુલતણા, કરે અગ્નિ પ્રવેશ રે; પણ વમિયું
વિષ નવિ લીયે, જુઓ જાતિ વિશેષ રે. શી૦ ૯
તિમ ઉત્તમ કુલ ઉપના, છોડી ભોગ સંજોગ રે; ફરી
તેહને વાંછે નહિ, હુવે જો પ્રાણ વિયોગ રે. શી૦ ૧૦
ચારિત્ર કિમ પાલી શકે, જો નવિ જાયે અભિલાષ રે;
સીદાતો સંકલ્પથી, પગ પગ ઇમ જિન ભાંખે રે. શી૦ ૧૧
જો કણ કંચન કામિની, ઈચ્છતા અને ભોગવતા રે;
ત્યાગી ન કહિયે તેહને જો, મનમેં શ્રી જોગવતા રે. શી૦ ૧૨
ભોગ સંયોગ ભલા લહી, પરહરે જેહ નિરીહ રે; ત્યાગી
તેહજ ભાખિયો, તસ પદ નમું નિશ દીહ રે. શી૦ ૧૩
એમ ઉપદેશને અંકુશે, મયગલ પરે મુનિરાજે રે; સંયમ
મારગ સ્થિર કર્યો, સાર્યું વંછિત કાજે રે. શી૦ ૧૪
એ બીજા અધ્યયનમાં, ગુરૂહિત શીખ પયાસે રે; લાભ-
વિજય કવિરાયનો, વૃદ્ધિવિજય એમ ભાસે રે. શી૦ ૧૫

## ૪૧ તૃતીયાધ્યયનની સજ્ઝાય (૩)

### પંચ મહાવ્રત પાલીયે—એ દેશી.

આધાકર્મી આહાર ન લીજિયે, નિશિભોજન નવિ કરીયે; રાજપિંડ ને સજ્ઝાંતરનો, પિંડ વલી પરહરિયે કે; મુનિવર એ મારગ અનુસરીયે, જિમ ભવજલ નિધિ તરીયે મુનિ. એ૦ ૧

સાહામો આણ્યો આહાર ન લીજે, નિત્યપિંડ નવિ આદરીયે; શી ઇચ્છા એમ પૂછી આપે, તેહ નવિ અંગીકરીયે કે. મુ૦ ૨

કંદમૂલ ફૂલ બીજ પ્રમુખ વલી, લવણાદિક સચિત્ત; વર્જે તિમ વલી નવિ રાખીજે, તેહ સન્નિધિ નિમિત્ત કે. મુ૦ ૩

ઉવટ્ટણ પીઠી પરિહરીયે, સ્નાન કદા નવિ કરીયે; ગંધ વિલેપન નવિ આચરીયે, અંગ કુસુમ નવિ ધરીયે કે. મુ૦ ૪

ગૃહસ્થનું ભાજન નવિ વાવરીયે, પરહરીયે વલી આભરણ; છાયા કારણ છત્ર ન ધરિયે, ધરે ન ઉપાનહ ચરણ કે. મુ૦ ૫

દાતણ ન કરે દર્પણ ન ધરે, દેખે નવિ નિજ રૂપ; તેલ ન ચોપડીયે ને કાંકસી ન કીજે, દીજે ન વસ્ત્ર ધૂપ કે. મુ૦ ૬

માંચી પલંગ નવિ બેસીજે, કિજે ન વિંજણે વાય; ગૃહસ્થ ગેહ નવિ બેસીજે, વિણ કારણ સમુદાય કે. મુ૦ ૭

વમન વિરેચન ચિકિત્સા, અગ્નિ આરંભ નવિ કીજે;

સોગઠાં શેત્રંજ પ્રમુખ જે ક્રીડા, તે પણ સવિ વરજીજે. મુ૦ ૮

પાંચ ઈંદ્રિય નિજ વશ આણી, પંચાશ્રવ પચ્ચકખીજે; પંચ સમિતિ ત્રણ ગુપ્તિ ધરીને, છક્કાય રક્ષા તે કીજે કે. મુ૦ ૯

ઉનાળે આતાપના લીજે, શીયાલે શીત સહીયે; શાંત દાંત થઈ પરિસહ સહેવા, સ્થિર વરસાલે રહિયે કે. મુ૦ ૧૦

ઈમ દુક્કર કરણી બહુ કરતાં, ધરતાં ભાવ ઉદાસી; કર્મ ખપાવી કેઈ હૂઆ, શિવરમણીશું વિલાસી કે. મુ૦ ૧૧

દશવૈકાલિક ત્રીજે અધ્યયને, ભાંખ્યો એહ આચાર; લાભવિજય ગુરૂ ચરણ પસાયે, વૃદ્ધિવિજય જયકાર કે. મુ૦ ૧૨

---

## ૪૨ ચતુર્થાધ્યયનની સજ્ઝાય. (૪)

સુણ સુણ પ્રાણી, વાણી જિન તણી–એ દેશી.

સ્વામી સુધર્મા રે કહે જંબુ પ્રત્યે, સુણ તું ગુણ ખાણી; સરસ સુધારસ હૂતી મીઠડી, વીર જિણેસર વાણી. સ્વા૦ ૧

સૂક્ષ્મ બાદર ત્રસ થાવર વલી, જીવ વિરાહણ ટાલ; મન વચ કાયા રે ત્રિવિધે સ્થિર કરી, પહિલું વ્રત સુવિચાર. સ્વા૦ ૨

ક્રોધ લોભ ભય હાસ્યે કરી, મિથ્યા મ ભાંખો રે વયણ; ત્રિકરણ શુદ્ધે વ્રત આરાધજે, બીજું દિવસ ને રયણ. સ્વા૦ ૩

ગામ નગર વનમાંહે વિચરંતાં, સચિત્ત અચિત્ત તૃણ માત્ર; કાંઈ અદીધાં મત અંગીકરો, ત્રીજું વ્રત ગુણપાત્ર. સ્વા૦ ૪

સુર નર તિર્યંચ યોનિ સંબંધિયાં, મૈથુન કર

પરિહાર; ત્રિવિધે ત્રિવિધે તું નિત્ય પાલજે, ચોથું વ્રત સુખકાર. સ્વા૦ ૫

ધન કણ કંચન વસ્તુ પ્રમુખ વલી, સર્વ અચિત્ત સચિત્ત; પરિગ્રહ મૂર્ચ્છા રે તેહની પરહરી, ધરી વ્રત પંચમ ચિત્ત. સ્વા૦ ૬

પંચ મહાવ્રત એણી પરે પાલજો, ટાલજો ભોજન રાતિ; પાપસ્થાનક સઘલાં પરહરી, ધરજો સમતા સવિ ભાંતિ. સ્વા૦ ૭

પુઢવી પાણી વાયુ વનસ્પતિ, અગ્નિ એ થાવર પંચ; બિ તિ ચઉ પંચિંદિ જલચર થલચરા, ખચરા ત્રસ એ પંચ. સ્વા૦ ૮

એ છક્કાયની વારો વિરાધના, જયણા કરી સવિ વાણિ; વિણ જયણા રે જીવ વિરાધના, ભાંખે તિહુઅણ ભાણ. સ્વા૦ ૯

જયણા પૂર્વક બોલતાં બેસતાં, કરતાં આહાર વિહાર; પાપકર્મ બંધ કહિયે નવિ હુવે, કહે જિન જગદાધાર. સ્વા૦ ૧૦

જીવ અજીવ પહિલાં ઓલખી, જિમ જયણા તસ હોય; જ્ઞાન વિના નવિ જીવદયા પલે, ટલે નવિ આરંભ કોય. સ્વા૦ ૧૧

જાણપણાથી સંવર સંપજે, સંવરે કર્મ ખપાય; કર્મક્ષયથી રે કેવલ ઊપજે, કેવલી મુક્તિ લહેય. સ્વા૦ ૧૨

દશવૈકાલિક ચઉથાધ્યયનમાં, અર્થ પ્રકાશ્યો રે એહ; શ્રી ગુરૂલાભવિજયપદ સેવતાં, વૃદ્ધિવિજય લહે તેહ. સ્વા૦ ૧૩

---

## ૪૩ પંચમાધ્યયનની સજ્ઝાય. (૫)

વીર વખાણી રાણી ચેલણા–એ દેશી.

સુઝતા આહારની ખપ કરો જી,સાધુજી સમય સંભાલ; સંયમ શુદ્ધ કરવા ભણી જી; એષણા દૂષણ ટાલ. સુઝ૦ ૧

પ્રથમ સજ્ઝાયે પોરિસી કરોજી,અણુસરી વલી ઉપયોગ; પાત્ર પડિલેહણ આચરો જી, આદરી ગુરૂ અણુયોગ.સુ૦ ૨

ઠાર ધુંઅર વરસાતના જી, જીવ વિરાહણ ટાલ; પગ પગ ઈર્યા શોધતાં જી, હરિકાયાદિક નાલ. સુ૦ ૩

ગેહ ગણિકા તણાં પરિહરો જી, જિહાં ગયાં ચલ ચિત્ત હોય; હિંસક કુલ પણ તેમ તજો જી, પાપ તિહાં પ્રત્યક્ષ જોય. સુ૦ ૪

નિજ હાથે બાર ઉઘાડીને જી, બેસીયે નવિ ઘરમાંહિ; બાલ પશુ ભિક્ષુક પ્રમુખને સંઘટ્ટે, જઇયે નહિ ઘરમાંહિ.સુ૦ ૫

જલ ફૂલ જલણ કણ લુણશું જી, ભેટતાં જે દિયે દાન; તે કલ્પે નહિ સાધુને જી, વરજવું અન્ન ને પાન. સુ૦ ૬

સ્તન અંતરાય બાલક પ્રત્યે જી, કરીને રડતો ઠવેય; દાન દિયે તો ઉલટ ભરી જી, તોહિ પણ સાધુ વરજેય. સુ૦ ૭

ગર્ભવતી વલી જો દિયે જી, તેહ પણ અકલ્પ હોય; માલ નિસરણી પ્રમુખે ચઢીજી,આણી દિયે કલ્પે ન સોય.સુ૦ ૮

મૂલ્ય આણ્યું પણ મત લીયો જી, મત લિયો કરી અંતરાય; વિહરતાં થંભ ખંભાદિક જી, ન અડો થિર ઠવો પાય. સુ૦ ૯

એણી પરે દોષ સવે છાંડતાં જી, પામીયે આહાર જો શુદ્ધ; તો લહિયે દેહ ધારણ ભણી જી, અણલહે તો તપવૃદ્ધિ. સુ૦ ૧૦

વયણ લજ્જા તૃષા ભક્ષના જી, પરિસહથી સ્થિર ચિત્ત; ગુરૂ પાસે ઇરિયાવહી પડિક્કમી જી, નિમંત્રી સાધુને નિત્ય. સુ૦ ૧૧

શુદ્ધ એકાંત ઠામે જઈ જી, પડિક્કમી ઇરિયાવહી સાર; ભોયણ દોષ સવિ છાંડીને જી, સ્થિર થઈ કરવો આહાર. સુ૦ ૧૨

દશવૈકાલિક પાંચમે જી, અધ્યયને કહ્યો એ આચાર; તે ગુરૂ લાભવિજય સેવતાં જી, વૃદ્ધિવિજય જયકાર. સુ૦ ૧૩

## ૪૪ ષષ્ઠાધ્યયનની સજ્ઝાય. (૬)

મ મ કરો માયા કાયા કારમી—એ દેશી.

ગણધર સુધર્મ એમ ઉપદિશે, સાંભલો મુનિવર વૃંદ રે; સ્થાનક અઢાર એ ઓલખો, જેહ છે પાપના કંદ રે. ગ૦ ૧

પ્રથમ હિંસા તિહાં છાંડિયે, જૂઠ નવિ ભાંખિયે વયણ રે; તૃણ પણ અદત્ત નવિ લીજીયે, તજીયે મેહુણ સયણ રે. ગ૦ ૨

પરિગ્રહ મૂર્ચ્છા પરિહરો, નવિ કરો ભોયણ રાતિ રે; છંડો છક્કાય વિરાધના, ભેદ સમજી સહુ ભાંતિ રે. ગ૦ ૩

અકલ્પ આહાર નવિ લીજીયે, ઉપજે દોષ જે માંહિ રે; ધાતુનાં પાત્ર મત વાવરો, ગૃહીતણાં મુનિવર પ્રાહી રે. ગ૦ ૪

ગાદીયે માંચીયે ન બેસીયે, વારિયે શય્યા પલંગ રે; રાત રહિયે નવિ તે સ્થલે, જિહાં હોવે નારી પ્રસંગ રે. ગ૦ ૫

સ્નાન મજ્જન નવિ કીજીયે, જિણે હુવે મનતણો ક્ષોભ રે; તેહ શણગાર વલિ પરિહરો, દંત નખ કેશ તણી શોભ રે. ગ૦ ૬

છઠ્ઠે અધ્યયને એમ પ્રકાશીયો, દશ વૈકાલિક એહ રે; લાભવિજય ગુરૂ સેવતાં, વૃદ્ધિવિજય લહ્યો તેહ રે. ગ૦ ૭

## ૪૫ સપ્તમાધ્યયનની સજ્ઝાય. (૭)

### કપૂર હુવે અતિ ઉજલો રે–એ દેશી.

સાચું વયણ જે ભાખિયે રે, સાચી ભાષા તેહ; સચ્ચા મોસા તે કહિયે રે, સાચું મૃષા હોય જેહ રે. સાધુજી કરજો ભાષા શુદ્ધ; કરી નિર્મલ નિજબુદ્ધિ રે. સાધુજી૦ ૧

કેવલ જૂઠ જિહાં હોવે રે, તેહ અસચ્ચા જાણ; સાચું નહિ જૂઠું નહી રે, અસત્યા અમૃષા ઠાણ રે. સા૦ ૨

એ ચારે માંહે કહી રે, પહેલી ભાષા હોય; સંયમ ધારી બોલવી રે, વચન વિચારી જોય રે. સા૦ ૩

કઠિન વયણ નવિ ભાંખિયે રે, તુંકારો રેકાર; કોઇના મર્મ ન બોલિયે રે, સાચા પણ નિર્ધાર રે. સા૦ ૪

ચોરને ચોર ન ભાંખિયે રે, કાણાને ન કહે કાણ; કહીયે ન અંધો અંધને રે, સાચું કઠિન એ જાણ રે. સા૦ ૫

જેહથી અનરથ ઉપજે રે, પરને પીડા થાય; સાચું વયણ તે ભાંખતાં રે, લાભથી ત્રોટો જાય રે. સા૦ ૬

ધર્મ સહિત હિતકારીયા રે, ગર્વરહિત સમતોલ; થોડલા

તે પણ મીઠડા રે, બોલ વિચારી બોલ રે. સા૦ ૭

એમ સવિ ગુણ અંગીકરી રે, પરહરી દોષ અશેષ;
બોલતાં સાધુને હુવે નહિ રે, કર્મનો બંધ લવલેશ રે. સા૦ ૮

દશવૈકાલિક સાતમે રે, અધ્યયને એ વિચાર; લાભ-
વિજય ગુરૂથી લહે રે, વૃદ્ધિવિજય જયકાર રે. સા૦ ૯

---

## ૪૬ અષ્ટમાધ્યયનની સજ્ઝાય, (૯)

### રામ સીતાને ધીજ કરાવે–એ દેશી.

કહે શ્રીગુરૂ સાંભલો ચેલા રે, આચારજ એ પુણ્યના વેલા રે;
છક્કાય વિરાહણ ટાલો રે, ચિત્ત ચોખે ચારિત્ર પાલો રે. ૧

પુઢવી પાષાણ ન ભેદો રે, ફલ ફૂલ પત્રાદિ ન છેદો રે;
બીજ કુંપલ વન મત ફરજો રે, જીવ વિરાધનથી ડરજો રે. ૨

વલી અગ્નિ મ ભેટશો ભાઈ રે, પીજો પાણી ઉનું સદાઈ રે;
મત વાવરો કાચું પાણી રે, એહવી છે શ્રી વીરની વાણી રે. ૩

હિમ ધૂઅર વડ ઉબરાં રે, ફલ કુંથુઆ કીડી નગરાં રે;
નીલ ફૂલ હરી અંકૂરા રે, ઈંડાલ એ આઠે પૂરા રે. ૪

સ્નેહાદિક ભેદે જાણી રે, મત હણજો સૂક્ષ્મ પ્રાણી રે;
પડિલેહી સવિ વાવરજો રે, ઉપકરણે પ્રમાદ મ કરજો રે. ૫

જયણાયે ડગલાં ભરજો રે, વાટે ચાલતાં વાત મ
કરજો રે; મત જ્યોતિષ નિમિત્ત પ્રકાશો રે, નિરખો મત
નાચ તમાસો રે. ૬

દીઠું અણદીઠું કરજો રે, પાપ વ્યસન ન શ્રવણે ધરજો રે; અણસૂજતો આહાર તજજો રે, રાતે સાન્નિધ્ય સવિ વરજો રે. ૭

બાવીસ પરિસહ સહેજો રે, દેહ દુઃખે ફલ સદ્દહજોરે; અણપામે કાર્પણ્ય મ કરજો રે, તપ શ્રુતનો મદ નવિ ધરજો રે. ૮

સ્તુતિ ગતિ સમતા ગ્રહજો રે, દેશ કાલ જોઇને રહેજોરે; ગૃહસ્થશું જાતિ સગાઈ રે, મત કાઢજો મુનિવર કાંઇ રે. ૯

ન રમાડો ગૃહસ્થનાં બાલ રે, કરો ક્રિયાની સંભાલ રે; યંત્ર મંત્ર ઔષધનો ભામો રે, મત કરજો કુગતિકામો રે. ૧૦

ક્રોધે પ્રીતિ પૂર વલી જાય રે, વલી માને વિનય પલાય રે; માયા મિત્રાઈ નસાડે રે, સવિ ગુણ તે લોભ નસાડે રે. ૧૧

તે માટે કષાય એ ચાર રે, અનુક્રમે દમજો અણગારરે; ઉપશમશું કેવલ ભાવે રે, સરલાઇ સંતોષ સભાવે રે. ૧૨

બ્રહ્મચારીને જાણજો નારી રે, જેસી પોપટને માંજારીરે; તેણે પરિહરો તસ પ્રસંગ રે, નવ વાડ ધરો વલી ચંગ રે; ૧૩

રસલોલુપ થઈ મત પોષો રે, નિજ કાય તપ કરીને શોષો રે; જાણો અથિર પુદ્ગલ પિંડ રે, વ્રત પાલજો પંચ અખંડ રે. ૧૪

કહિયું દશવૈકાલિકે એમ રે, અધ્યયને આઠમે તેમ રે; ગુરૂ લાભવિજયથી જાણી રે, બુધ વૃદ્ધિવિજય મન આણી રે. ૧૫

## ૪૭ નવમાધ્યયનની સજ્ઝાય. (૯)

### શેત્રુંજે જઈયે લાલન, શેત્રુંજે જઈયે-એ દેશી.

વિનય કરજો ચેલા, વિનય કરજો; શ્રીગુરૂ આણા શીશ ધરજો. ચેલા૦ શી૦ ક્રોધી માની ને પરમાદી, વિનય ન શીખે વલી વિષવાદી. ચે૦ વ૦ ૧

વિનય રહિત આશાતના કરતાં, બહુ ભવ ભટકે દુર્ગતિ ફરતાં; ચે૦ દુ૦ અગ્નિ સર્પ વિષ જિમ નવિ મારે, ગુરૂ આસાયણ તેથી અધિક પ્રકારે. ચે૦ અ૦ ૨

અવિનયે દૂષિયો બહુલ સંસારી, અવિનયી મુક્તિનો નહિ અધિકારી; ચે૦ ન૦ કોહ્યા કાનની કૂતરી જેમ, હાંકી કાઢે અવિનયી તેમ. ચે૦ અ૦ ૩

વિનય શ્રુત તપ વલી આચાર, કહીયે સમાધિનાં ઠામ એ ચાર; ચ૦ ઠા૦ વલી ચારે ચાર ભેદ એકેક, સમજો ગુરૂ મુખથી સવિવેક. ચે૦ થી૦ ૪

તે ચારેમાં વિનય છે પહેલો, ધર્મ વિનય વિણ ભાંખે તે ઘેલો, ચે૦ ભાં૦ મૂલથકી જિમ શાખા કહિયે, ધર્મ-ક્રિયા તિમ વિનયથી લહિયે. ચે૦ વિ૦ ૫

ગુરૂ માન વિનયથી લહે સો સાર, જ્ઞાન ક્રિયા તપ જે આચાર; ચે૦ જે૦ ગરથ પખે જિમ ન હોયે હાટ, વિણુ ગુરૂવિનય તેમ ધર્મની વાટ. ચે૦ ધ૦ ૬

ગુરૂ નાનો ગુરૂ મ્હોટો કહિયે, રાજા પરે તસ આણા

વહિયે; ચે૦ આ૦ અલ્પશ્રુત પણ બહુશ્રુત જાણો, શાસ્ત્ર-
સિદ્ધાંતે તેહ મનાણો. ચે૦ તે૦ ૭

જેમ શશી ગ્રહગણે વિરાજે, મુનિ પરિવારમાં તેમ
ગુરૂ ગાજે; ચે૦ તે૦ ગુરૂથી અલગા મત રહો ભાઈ, ગુરૂ
સેવ્યે લહેશો ગૌરવાઈ. ચે૦ શો૦ ૮

ગુરૂવિનયે ગીતારથ થાશો, વંછિત સવિ સુખલક્ષ્મી
કમાશો; ચે૦ લ૦ શાંત દાંત વિનયી લજ્જાલુ, તપ જપ
ક્રિયાવંત દયાલુ. ચે૦ વં૦ ૯

ગુરૂકુલવાસી વસતો શિષ્ય, પૂજનીય હોયે વિસવા
વીશ; ચે૦ વિ૦ દશવૈકાલિક નવમે અધ્યયને, અર્થ એ
ભાંખ્યો કેવલી વયણે; ચે૦ કે૦ ઇણિ પરે લાભવિજય ગુરૂ
સેવી, વૃદ્ધિવિજય સ્થિર લખમી લહેવી. ચે૦ લ૦ ૧૦

## ૪૮ દશમાધ્યયનની સજ્ઝાય. (૧૦)

### તે તરીયા ભાઈ તે તરીયા–એ દેશી.

તે મુનિ વંદો તે મુનિ વંદો, ઉપશમ રસનો કંદો રે;
નિર્મલ જ્ઞાન ક્રિયાનો ચંદો, તપ તેજે જેહવો દિણંદો રે. તે૦ ૧

પંચાશ્રવનો કરી પરિહાર, પંચ મહાવ્રત ધારો રે;
ષટ જીવ તણો આધાર, કરતો ઉગ્રવિહારો રે. તે૦ ૨

પંચ સમિતિ ત્રણ ગુપ્તિ આરાધે, ધર્મસ્થાન નિરાબાધ રે;
પંચમ ગતિનો મારગ સાધે, શુભ ગુણ તો ઇમ વાધે રે. તે૦ ૩

ક્રય વિક્રય ન કરે વ્યાપાર, નિર્મમ નિરહંકાર રે; ચારિત્ર

પાલે નિરતિચારે, ચાલંતો ખડ્ગની ધાર રે. તે૦ ૪
ભોગ ને રોગ કરી જે જાણે, આપે પુણ્ય વખાણો રે; તપ શ્રુતનો મદ નવિ આણે, ગોપવી અંગ ઠેકાણે રે. તે૦ ૫
છાંડી ધન કણ કંચન ગેહ, થઇ નિઃસ્નેહી નિરીહ રે; ખેહ સમાણી જાણી દેહ, નવિ પોસે પાપે જેહ રે. તે૦ ૬
દોષ રહિત આહાર જે પામે, જે લૂખે પરિણામે રે; લેતો દેહનું સુખ નવિ કામે, જાગતો આઠેઈ જામે રે. તે૦ ૭
રસના રસ રસીયો નવિ થાવે, નિર્લોભી નિર્માય રે; સહે પરિસહ સ્થિર કરી કાયા, અવિચલ જિમ ગિરિરાય રે. તે૦ ૮
રાતે કાઉસ્સગ્ગ કરી સ્મશાને, જો તિહાં પરિસહ જાણે રે; તો નવિ ચૂકે તેહવે ટાણે, ભય મનમાં નહિ આણે રે. તે૦ ૯
કોઇ ઉપર ન ધરે ક્રોધ, દિયે સહુને પ્રતિબોધ રે; કર્મ આઠ ઝીંપવા જોધ, કરતો સંયમ શોધ રે. તે૦ ૧૦
દશ વૈકાલિક દશમાધ્યયને, એમ ભાંખ્યો આચાર રે; તે ગુરૂ લાભવિજયથી પામે, વૃદ્ધિવિજય જયકાર રે. તે૦ ૧૧

## ૪૯ એકાદશાધ્યયનની સજ્ઝાય.

નમો રે નમો શ્રીશંત્રુજય ગિરિવર—એ દેશી.

સાધુજી સંયમ સૂધો પાલો, વ્રત દૂષણ સવિ ટાલો રે; દશ વૈકાલિક સૂત્ર સંભાલો, મુનિ મારગ અજુઆલો રે. સા૦ ૧
રાગાંતિક પરિસહ સંકટ, પરસંગે પણ ધાર રે; ચારિત્રથી મત ચૂકો પ્રાણી, ઇમ ભાંખે જિનસાર રે. સા૦ ૨

ભ્રષ્ટાચારી મુંડો કહાવે, ઇહ ભવ પરભવ હાર રે; નરક નિગોદ તણાં દુઃખ પામે, ભમતો બહુ સંસાર રે. સા૦ ૩

ચિત્ત ચોખે ચારિત્ર આરાધે, ઉપશમ નીર અગાધ રે; ઝીલે સુંદર સમતા દરિયે, તે સુખ સંપત્તિ સાધે રે. સા૦ ૪

કામધેનુ ચિંતામણિ સરિખું, ચારિત્ર ચિત્તમે આણો રે; ઇહ ભવ પરભવ સુખદાયક એ સમ, અવર ન કાંઈ જાણો રે. સા૦ ૫

સિજ્ઝંભવ સૂરિયે રચીયાં, દશ અધ્યયન રસાલાં રે; મનકપુત્ર હેતે તે ભણતાં, લહિયે મંગલમાલા રે. સા૦ ૬

શ્રીવિજયપ્રભસૂરિને રાજ્યે, બુધ લાભવિજયને શિષ્યે રે; વૃદ્ધિવિજય વિબુધ આચાર એ, ગાયો સકલ જગીશે રે. સા૦ ૭

દશ વૈકાલિક સજ્ઝાય સંપૂર્ણ.

---

## ૫૦ ચંદનબાલાની સજ્ઝાય.

### ઢાળ પહેલી.

અરણિક મુનિવર ચાલ્યા ગોચરી–એ દેશી.

શ્રીસરસ્વતીના રે પાય પ્રણમી કરી, થુણશું ચંદન બાલાજી; જેણે વીરનો રે અભિગ્રહ પૂરિયો, લીધી મંગલ માલાજી. ૧

દાન ઉલટ ધરી ભવિયણ દીજિયે, જેમ લહિયે જગ માનોજી; સ્વર્ગ તણાં સુખ સહેજે પામીયે, નાસે દુર્ગતિ સ્થાનોજી. દાન૦ ૨

નયરી કોસંબીરે રાજ્ય કરે તિહાં, નામે સતાનિક જાણુંજી; મૃગાવતી રાણીરે સહિયર તેહની, નંદી નામે વખાણુંજી. દા૦ ૩

શેઠ ધનાવોરે જિણ નગરી વસે, ધનવંતમાં સિર દારોજી;
મૂલા નામેરે ગૃહિણી જાણિયે, રૂપે રતિ અવતારોજી. દા૦૪
એણે અવસર શ્રીવીર જિનેશ્વરૂ, કરતા ઉગ્ર વિહારોજી;
પોષ વદ પડવેરે અભિગ્રહ મન ધરી, આવ્યા તિણ પુર સારોજી. ન૦૫
રાજ સુતા હોયે મસ્તક ક્ષૌર કરી, કીધા ત્રણ ઉપવાસોજી;
પગમાં બેડીરે રોતી દુઃખ ભરી, રહેતી પરઘરવાસોજી. દા૦૬
બરે રે બપોરે બેઠી ઉંબરે, એક પગ બાહિર એક માંહેજી;
સુપડાને ખુણેરે અડદના બાકલા, મુજને આપે ઉત્સાહેજી. દા૦૭
એહવું ધારીરે મનમાંહે પ્રભુ, ફરતા આહારને કાજેજી;
એક દિન આવ્યારે નંદીને ઘરે, ઈર્યા સમિતિ વિરાજેજી. દા૦૮
તવ સા દેખીરે મન હર્ષિત થઇ, મોદક લેઇ સારોજી;
વહોરાવે પણ પ્રભુજી નવિ લીયે, ફરી ગયા તેણી વારોજી. દા૦૯
નંદી જઇને રે સહિયરને કહે, વીર જિનેસર આવ્યાજી;
ભિક્ષા કાજેરે પણ લેતા નથી, મનમાં અભિગ્રહ લાવ્યાજી. દા૦૧૦
તેહનાં વયણ સુણી નિજ નયરમાં, ઘણા રે ઉપાય કરાવે જી, એક નારી તિહાં મોદક લેઇ કરી, એક જણી ગીતજ ગાવે જી. દા૦ ૧૧
એક નારી શૃંગાર સોહામણા, એક જણી બાલક લેઈજી;
એક જાણી મૂકરે વેણીજ મોકલી, નાટક એક કરેઈજી. દા૦૧૨
એણીપરે રામારે રમણી રંગ ભરી, આણી હર્ષ અપારોજી;
વહોરાવે બહુ ભાવ ભકતે કરી, તોય ન લીયે આહારોજી. દા૦૧૩

ધન્ય ધન્ય પ્રભુજી વીર જિનેસરૂ,તુમ ગુણનો નહિ પારોજી;
દુક્કર પરિસહ ચિત્તમાં આદર્યો,એહ અભિગ્રહ સારોજી.ઢા૦૧૪
એણીપરે ફિરતાંરે પાંચ માસ થયા, ઉપર દિન પચવીસોજી;
અભિગ્રહ સરિખોરે જોગ મલે નહી,વિચરે શ્રીજગદીશોજી.ઢા૦૧૫

## ઢાળ બીજી.

નમો નમો મનક મહામુનિ–એ દેશી.

તેણે અવસર તિહાં જાણિયે, રાય સંતાનિક આવ્યો
રે; ચંપાનગરી ઉપરે,સેના ચતુરંગી દલ લાવ્યોરે, તેણે૦૧
દધિવાહન નબળો થયો, સેના સઘલી નાઠી રે;
ધારણી ધુઆ વસુમતી, બાંદ પડયા થઇ માઠી રે. તે૦ ૨
મારગમાં જાતાં થકાં, સુભટને પૂછે રાણી રે;
શું કરશો અમને તમે, કરશું ગૃહિણી ગુણખાણી રે. તે૦ ૩
તેહ વચન શ્રવણે સુણી, સતીય શિરોમણી તામ રે;
તતક્ષણ પ્રાણ તજ્યાં સહી, જો જો કર્મનાં કામ રે. તે૦ ૪
વસુમતી કુમરી લેઇ કરી, આવ્યો નિજ ઘર માંહી રે;
કોપ કરી ઘરણી તિહાં, દેખી કુમરી ઉત્સાહી રે. તે૦ ૫
પ્રાતઃ સમય ગયો વેચવા, કુમરીને નિરધારો રે;
વેશ્યા પૂછે મૂલ્ય જેહનું, તે કહે શત પંચ દિનારો રે. તે૦ ૬
એહવે તિહાં કણે આવિયો, શેઠ ધનાવો નામ રે;
કહે કુમરી લેશું અમે, ખાસા આપશું દામ રે. તે૦ ૭
શેઠ વેશ્યા ઝગડે તિહાં, માંહો માંહે વિવાદો રે;

ચક્કેસરી સાંનિધ્ય કરી, વેશ્યા ઉતાર્યો નાહો રે. ૮
વેશ્યાથી મૂકાવીને, શેઠ તેડી ઘરે આવે રે;
મનમાં અતિ હર્ષિત થકો, પુત્રી કહીને બોલાવે રે. તે૦ ૯
કુમરી રૂપે રૂઅડી, શેઠ તણું મન મોહે રે;
અભિનવ જાણે સરસ્વતી, કલા ચોસઠ સોહે રે. તે૦ ૧૦
કામ કાજ ઘરનાં કરે, બોલે અમૃત વાણી રે;
ચંદનબાલા તેહનું, નામ દીધું ગુણ જાણી રે. તે૦ ૧૧
ચંદનબાલા એક દિને શેઠ તણા પગ ધોવે રે;
વેણી ઉપાડી શેઠજી, મૂલા બેઠી જોવે રે. તે૦ ૧૨
તે દેખીને ચિંતવે, મૂલા મન સંદેહ રે;
શેઠજી રૂપે મોહિયા, કરશે ગૃહિણી એહ રે. તે૦ ૧૩
મનમાં ક્રોધ કરી ઘણો, નાવીને તેડાવી રે;
મસ્તક ભદ્ર કરાવીયું, પગમાં બેડી જડાવી રે. તે૦ ૧૪
ઓરડામાંહિ ઘાલીને, તાલું દેઇને જાવે રે;
મૂલા મન હર્ષિત થઈ, બીજે દિન શેઠ આવે રે. તે૦ ૧૫
શેઠ પૂછે કુમરી કિહાં, ઘરણીને તિણ કાલે રે;
તે કહે હું જાણું નહી,એમ તે ઉત્તર આલે રે. તે૦ ૧૬
એમ કરતાં દિન ત્રણ થયા, તોહિ ન જાણે વાત રે;
પાડોશણ એક ડોકરી, સઘલી કહી તેણે વાત રે. તે૦ ૧૭
કાઢી બાર ઉઘાડીને, ઉંબરા વચ્ચે બેસારી રે;
આપ્યા અડદના બાકુલા, સૂપડામાંહે તિણ વારી રે. તે૦ ૧૮

શેઠ લુહાર તેડણ ગયો, કુંવરી ભાવના ભાવે રે;
ઇણ અવસર વહોરાવિયે, જો કોઈ સાધુજી આવે રે. તે૦૧૯

## ઢાળ ત્રીજી.

બેડલે ભાર ઘણો છે રાજ, વાતાં કેમ કરો છો—એ દેશી.

ઇણ અવસર શ્રીવીર જિનેસર, જંગમ સુરતરૂ આયા રે;
અતિભાવે તે ચંદનબાલા, વાંદે જિન સુખદાયા. ૧

આધા આમ પધારો પૂજ્ય, અમ ઘર વહોરણ વેલા;
આજ અકાલે આંબો મહોર્યો, મેહ અમી રસ વુઠા રે;
કર્મતણા ભય સર્વે નાઠા અમને જિનવર તૂઠા;
આધા આમ પધારો વીર, મુજને પાવન કીજે. ૨
એમ કહીને અડદના બાકુલા, જિનજીને વહોરાવે રે;
યોગ્ય જાણીને પ્રભુજી વહોરે, અભિગ્રહ પૂરણ થાવે. આ૦ ૩
બેડી ટલીને ઝાંઝર હુઆં, મસ્તક વેણી રૂડી રે;
દેવ કરે તિહાં વૃષ્ટિ સુવન્નની,સાડી બારહ કોડી. આધા૦ ૪
વાત નગરમાં સઘલે વ્યાપી, ધન લેવા નૃપ આવે રે;
મૂલાને પણ ખબર થઇ છે, તે પણ તિહાં કણે જાવે. આ૦ ૫
શાસનદેવી સાન્નિધ્ય કરવા, બોલે અમૃત વાણી રે;
ચંદનબાલાનું છે એ ધન, સાંભલ ગુણમણિ ખાણી.આધા૦૬
ચંદનબાલા સંયમ લેશે, તવ એ ધન ખરચાશે રે;
રાજાને એણિ પરે સમજાવે, મનમાં ધરી ઉલ્લાસે. આધા૦ ૭
શેઠ ધનાવો કુમરી તેડી, ધન લેઇ ઘર આવે રે;

સુખે સમાધે તિહાં કણે રહેતાં, મનમાં હર્ષ ન માવે. આ૦ ૮
હવે તિણ કાલે વીર જિણંદજી, હુઆ કેવલ નાણી રે;
ચંદનબાલા વાત સુણીને, હિયડામાં હરખાણી. આ૦ ૯
વીર કને જઈ દીક્ષા લીધી, તત્ક્ષણ કર્મ ખપાવ્યાં રે;
ચંદનબાલા ગુણહ વિશાલા, શિવમંદિર સિધાવ્યાં. આ૦ ૧૦
એહવું જાણી રૂડા પ્રાણી, કરજો શિયલ જતન્ન રે;
શિયલ થકી શિવ સંપદ લહીયે, શિયલે રૂપ રતન્ન. આ૦ ૧૧
નયન વસુ સંયમને ભેદે, સંવત (૧૭૨૮) સુરત મઝારે;
વદિ આષાઢ તણી છઠ દિવસે, ગુણ ગાયા રવિવારે. આ૦ ૧૨
શ્રીવિદ્યાસાગર સૂરિ શિરોમણિ, અચલગચ્છ સોહાયા રે;
મહિયલ મહિમા અધિક બિરાજે, દિન દિન તેજ સવાયા. આ૦ ૧૩
વાચક સહજ સુંદરનો સેવક, હર્ષ ધરી ચિત્ત આણીરે;
શીલ ભલી પરે પાલો ભવિયણ, કહે નિત્યલાભ એ વાણી. આ૦ ૧૪

---

## ૫૨ શ્રી નવકારવાલીની સજઝાય.

કહેજો ચતુર નર એ કોણ નારી, ધરમી જનને પ્યારી રે;
જેણે જાયા બેટા સુખકારી, પણ છે બાળકુમારી રે. ક૦ ૧
કોઈ ઘેર રાતી ને કોઇ ઘેર લીલી, કોઇ ઘેર દીસે પીળી રે;
પંચ રૂપી છે બાળકુમારી, મનરંજન મતવાળી રે. ક૦ ૨
હૈડા આગળ ઊભી રાખી, નયણાશું બંધાણી રે;
નારી નહી પણ મોહનગારી, જોગીશ્વરને પ્યાર રે. ક૦ ૩

એક પુરૂષ તસ ઉપર ઠાહે, ચાર સખીશું ખેલે રે;
એક બેર છે તેહને માથે, તે તસ કેડ ન મેલે રે. ક૦ ૪
નવ નવ નામે સહુ કોઈ માને, કહેજો અર્થ વિચારી રે;
વિનયવિજય ઉવજઝાયનો સેવક,રૂપવિજય બુદ્ધિ સારીરે. ક૦ ૫

## પર શ્રી અયવંતી સુકુમાલનું ૧૩ ઢાળીયું.

### દોહા

પાસ જિનેસર સેવીયે, ત્રેવીશમો જિનરાય;
વિઘ્ન નિવારણ સુખ કરણ, નામે નવ નિધિ થાય. ૧
ગુણ ગાઉ ખંતે કરી, અયવંતી સુકુમાળ;
કાન દેઇને સાંભળો, જેમ હોય મંગળ માળ. ૨

### ઢાળ પહેલી.

( દેશી-ત્રિપદીની.)

(બે કર જોડી તામ રે, ભદ્રા વીનવે-એ દેશી.)

મુનિવર આર્યસુહસ્તી રે, કિણુહિક અવસરે, નયરી ઉજ્જયણી સમોસર્યા એ. ૧

ચરણ કરણ વ્રતધાર રે, ગુણમણિ આગરૂ, બહુ પરિવારે પરિવર્યા એ. ૨

વન વાડી આરામ રે, લેઈ તિહાં રહ્યા, દોય મુનિ નગરી પઠાવીયા એ. ૩

થાનક માગણ કાજ રે, મુનિવર મલપતા; ભદ્રાને ઘેર આવીયા એ. ૪

શેઠાણી કહે તામ રે, શિષ્ય તુમે કેહના, શે કાજે આવ્યા ઈહાં એ. ૫

આર્યસુહસ્તિના શિષ્ય રે, અમે છું શ્રાવિકા, ઉદ્યાને ગુરૂ છે તિહાં એ. ૬

માગું છું તુમ પાસ રે, રહેવા સ્થાનક, પ્રાશુક અમને દીજીએ એ. ૭

વાહનશાળ વિશાળ રે, આપી ભાવશું, આવી ઇહાં રહીજીએ એ. ૮

સપરિવાર સુવિચાર રે, આચારજ તિહાં, આવી સુખે રહે સદા એ. ૯

નલિનીગુલ્મ અધ્યયન રે, પહેલી નિશા સમે, ભણે આચારજ એકદા એ. ૧૦

ભદ્રા સુત ગુણવંત રે, સુખી સુરોપમ, રૂપવંત રળીયામણો એ. ૧૧

અયવંતી સુકુમાળ રે, સાતમી ભૂમિકા, પામ્યો સુખ વિલસે ઘણું એ. ૧૨

નિરૂપમ નારી બત્રીશ રે, રૂપે અપચ્છરા શશીવયણી મૃગલોયણી એ. ૧૩

કહે જિનહર્ષ વિનોદ રે, પરમ પ્રમોદશું, લીલા લાડે અતિ ઘણી એ. ૧૪

## દોહા.

પ્રથમ નિશા સમયે મુનિ, કરી પડિકમણું સાર;
આલોયણ આલોચતાં, કુમર સુણ્યો તેણી વાર. ૧
રાગ રંગે ભીનો રહે, અવર નહી કોઇ આજ;
લેવો દેવો માતાવશું, કુમર વડો શિરતાજ. ૨

## ઢાલ બીજી.

### માયા મોહે દક્ષિણ મેલાઇ—એ દેશી.

મધુર સ્વરે મુનિવર કરે, હોજી સૂત્રતણી સજ્ઝાય;
શ્રવણે સુપરે સાંભળી, હોજી, આવી કુમરને દાય, અયવં-
તી સુકુમાર સુણી ચિત્ત લાય. ૧
વિષય પ્રમાદ તજી કરી, હોજી તન મન વચન લગાય;
એ સુખ મે કિહાં અનુભવ્યાં, હોજી જે કહે મુનિવર રાય. એ૦ ૨
કુમર કરી એમ શોચના, હોજી બેઠો ધ્યાન લગાય;
હૃદયમાંહી વિચારતાં, રોમ રોમ ઉલ્લસિત થાય. અય૦ ૩
ઇમ ચિંતવતાં ઊપન્યું, હોજી જાતિસમરણ જ્ઞાન;
આવ્યો તિહાં ઊતાવળો, હોજી ધરતો મન શુભ ધ્યાન. અ૦ ૪
ગુરૂનાં ચરણ કમળ નમી, હોજી બેઠો મનને કોડ; ભગ-
વંત ભદ્રાસુત અછું, હોજી પૂછું બે કર જોડ. અય૦ ૫
નલિનીગુલ્મ વિમાનનાં, હોજી તુમે સુખ જાણો કેમ;
સૂરિ કહે જિન વચનથી, હોજી અમે જાણું છું એમ. અ૦ ૬
પૂરવ ભવે હું ઊપન્યો, હોજી નલિની ગુલ્મ વિમાન;

તે સુખ મુજને સાંભર્યું, હોજી જાતિસમરણ જ્ઞાન. અય૦ ૭

તે સુખ કહો કેમ પામીયે, હોજી કેમ લહિયે તે ઠામ;
કૃપા કરી મુજને કહો, હોજી માહરે તેહશું કામ. અય૦ ૮

એ સુખ મુજને નવિ ગમે,હોજી અપૂરવ સરસ વિમાન;
ખારોદધિ જળ કિમ ગમે, હોજી જેણે કીધો પય પાન. અ૦ ૯

એટલા દિન હું જાણતો, હોજી મેં સુખ લહ્યાં શ્રીકાર;
મુજ સરીખો જગ કોઈ નહી, હોજી સુખીયો ઇણે સંસાર.અ૦૧૦

હવે મેં જાણ્યાં કારમાં, હોજી એ સુખ ફળ કિંપાક;
કહે જિનહર્ષ હવે કહો, હોજી કિમ પામું તે નાક. અય૦૧૧

દોહા.

એ સંસાર અસાર છે, સાચો સ્વર્ગનો દ્વાર;
તીન જ્ઞાન ઘટમેં વસે, સુખ તણો નહી પાર. ૧
રયણ મોતી તિહાં ઝળહળે, કૃષ્ણાગર ધમકાર;
તાલ મૃદંગ દુંદભિતણા, નાટકનો નહી પાર. ૨

ઢાલ ત્રીજી

તું કુળદેવી સેવી સદા-એ દેશી.

સંયમથી સુખ પામીયે, જાણો તુમે નિરધાર કુમર જી;
સુર સુખનું કહેવું કિશું, લહીયે શિવ સુખ સાર. કુમરજી.સ૦૧

નર સુર સુખ એણે જીવડે, પામ્યાં અનંતી વાર કુમર જી;
નરપતિ સુરપતિ એ થયો, ન લહી તૃપ્તિ લગાર કુમર જી.સં૦૨

કાગ લિંબોળી પ્રિય કરે, પરિહરે મીઠી દ્રાખ સુગુરજી;

નલિનીગુલ્મ વિમાનનો, મુજને છે અભિલાખ સુગુરૂજી. સં૦૩
તે ભણી મુજશું કરી મયા,ઘો ગુરૂજી ચારિત્ર સુગુરૂજી;
ઢીલ કિસી હવે કીજીયે,વ્રત લીજીએ સુપવિત્ર સુગુરૂજી. સં૦૪
શ્રી આચારજ એમ કહે, હજીય અછે તું બાળ કુમર જી;
તું લીલાનો લાડણો, કેળિગર્ભ સુકુમાળ કુમર જી. સં૦ ૫
દીક્ષા દુક્કર પાળવી, પંચ મહાવ્રત ભાર કુમર જી;
માથે મેરૂ ઊપાડવો, તરવો જળધિ અપાર કુમરજી. સં૦ ૬
મીણ તણે દાંતે કરી, લોહ ચણા કોણ ખાય કુમર જી;
અગ્નિ ફરસ કોણ સહી શકે,દુક્કર વ્રત નિરમાય કુમરજી. સં૦૭
કુમર કહે પ્રભુ સાંભળો,દુઃખ વિણ સુખ કિમ થાય સુગુરૂજી;
અલ્પ દુઃખે બહુ સુખ હવે, તે તો દુઃખ ન ગણાય સુગુરૂ.સં૦૮
તપ કરવો અતિ દોહિલો, સહેવા પરિસહ ઘોર કુમરજી;
કહે જિનહર્ષ સુભટ થઈ, હણવાં કર્મ કઠોર કુમરજી. સં૦૯

## દોહા.

કુમર કહે મુનિરાયને, વંદુ બે કર જોડ;
શુરા નરને સોહલું, ઝુઝે રણમેં દોડ. ૧
તે માટે મુજ દીજીએ, સંયમ ભાર અપાર;
કર્મ ખપાવું સદ્ગુરૂ, પામું ભવજળ પાર. ૨

## ઢાળ ચોથી.

### કપૂર હોય અતિ ઊજળો રે-એ દેશી.

કર જોડી આગળ રહી રે, કુમર કહે એમ વાણ; શૂરાને

શું દોહિલું રે, જે આગમે નિજ પ્રાણ; મુનીશ્વર, માહરે વ્રતશું કાજ; મુજને દીઠાં નવિ ગમેરે,ઋદ્ધિ રમણી એ રાજ. મુ૦૧

સાચાં કરી જાણ્યાં હતાં રે, કાચાં સહુ સુખ એહ; જ્ઞાન નયણ પ્રગટયાં હવે રે, હવે હું છંડીશ તેહ. મુ૦ ૨

દુક્કર વ્રત ચિર પાળવાં રે, તે તો મેં ન ખમાય; વ્રત લેઇ અણસણ આદરૂં રે, કષ્ટ અલ્પ જેમ થાય. મુ૦ ૩

જો વ્રત લીએ સુગુરૂ કહે રે, તો સાંભળ મહાભાગ; ઘેર જઈ નિજ પરિવારની રે, તું તો અનુમતિ માગ. મુ૦ ૪

ઘેર આવી માતા ભણી રે, અયવંતી સુકુમાળ; કોમળ વયણે વિનવે રે, ચરણે લગાડી ભાલ; માતા જી માહરે વ્રતશું કામ. ૫

અનુમતિ ઘો વ્રત આદરૂં રે, આર્ય સુહસ્તિ ગુરૂ પાસ; નિજ નરભવ સફળો કરૂં રે, પૂરો માહરી આશ. મા૦ ૬

મૂરખ નર જાણે નહી રે, ક્ષણ લાખેણી જાય; કાળ અચિંત્યો આવશે રે, શરણ ન કોઇ થાય. મા૦ ૭

જેમ પંખી પંજર પડયો રે, વેદે દુઃખ નિશ દિશ; માયા પંજરમાં પડયો રે, તેમ હું વિશવા વીશ. મા૦ ૮

એ બંધન મુજ નવિ ગમે રે, દીઠાં પણ ન સુહાય; કહે જિનહર્ષ અંગજ ભણી રે, સુખીયો કર મોરી માય. મા૦૯

### દોહા.

આ કાયા અશાશ્વતી, સંધ્યા જેહવો વાન;<br>
અનુમતિ આપો માતજી, પામું અમર વિમાન. ૧

કેનાં છોરૂ કેનાં વાછરૂં, કેહનાં માય ને બાપ;
પ્રાણી જાશે એકલો, સાથે પુણ્ય ને પાપ. ૨

**ઢાળ પાંચમી.**

**વાત મ કાઢો હો વ્રત તણી-એ દેશી.**

માય કહે વચ્છ સાંભળો, વાત સુણાવી એસી રે;
સો વાતે એક વાતડી, અનુમતિ કોઈ ન દેસીરે. મા૦ ૧
વ્રત શ્યું તું શ્યો નાનડા, એ શી વાત પ્રકાશી રે;
ઘર જાએ જિણ વાતથી, તે કેમ કીજે હાંસી રે. મા૦ ૨
કેણે ધૂતારે ભોળવ્યો, કે કેણે ભૂરકી નાંખી રે;
બોલે અવળા બોલડા, દીસે છબી મુખ ઝાંખી રે. મા૦ ૩
તું નિશ દિન સુખમાં રહ્યો, બીજી વાત ન જાણી રે;
ચારિત્ર છે વચ્છ દોહિલું, દુઃખ લેવું છે તાણી રે. મા૦ ૪
ભૂખ તૃષા ન ખમી શકે, પાણી વિણ પળ જાય રે;
અરસ નીરસ જળ ભોજને, બાળવી છે નિજ કાય રે. મા૦ ૫
ઈહાં તો કોમળ રેશમી, સૂવું સોડ તળાઈ રે;
ડાભ સંથારો પાથરી, ભૂંયે સૂવું છે ભાઇરે. મા૦ ૬
આછાં પહેરણ પહેરવાં, વાધા દિન દિન નવલા રે;
તિહાં તો મેલાં કપડાં ઓઢવાં, છે નિત્ય પહેલાં રે. મા૦ ૭
માથે લોચ કરાવવો, રહેવું મલિન સદાઈ રે;
તપ કરવા અતિ આકરા, ધરવી મમતા ન કાંઈ રે. મા૦ ૮
કઠિણ હોએ તે એ સહે, તે દુઃખ તેં ન ખમાય રે;
કહે જિન હર્ષ ન કીજીયે, જિણ વાતે દુઃખ થાય રે. મા૦૯

## દોહા.

કુમર કહે જનની સુણો, મુનિ ચક્રી બળદેવ;
સંયમથી સુખ પામિયા, તે સુણ સુખજો હેવ. ૧
અર્જુનમાળી ઉદ્ધર્યો, દઢ પ્રહારી સોય;
પ્રદેશી વળી રોહિણો, માત સુણાવું તોય. ૨
સમદષ્ટિ હુએ સમકિતી, સંયમ સુર સુખ લીન;
કેઇ તર્યા વળી તારશે, મુજ મન હુઓ પ્રતીન. ૩
એકજ અંગજ માહરે, તું પણ આદરે એમ;
કિમ આપું હું અનુમતિ, સ્નેહ તૂટે કહે કેમ. ૪

## ઢાળ છઠ્ઠી.

### લાલ રંગાવો વરનાં મોળીયાં-એ દેશી.

હવે કુમર ઇશ્યું મન ચિંતવે, તે મુજને કોઇ નાપે શિક્ષા રે;
જો જાણું છું વિણ અનુમતે,તો ગુરૂ પણ ન દીયે દીક્ષારે. ૯૦૧

નિજ હાથે કેશ લોચન કીયો, ભલો વેષ જતિનો લીધો રે; ગૃહાવાસ તજ્યો સંયમ ભજ્યો, નિજ મન માન્યો તેમ કીધો રે. ૯૦ ૨

ભદ્રા દેખી મન ચિંતવે, એ તો વેષ લેઇને બેઠો રે;
એહને રાખ્યાં હવે શું હવે,જમીયે મીઠા ભણી એઠો રે.૯૦૩

વચ્છ સાંભળ તેં એ શું કીયો,મુજ આશ લતા ઉન્મૂળીરે;
તુજ તુખ દેખી સુખ પામતી, દેઈ જાય છે દુઃખની શૂળી રે.૯૦૪

તુજ નારી બત્રીશે બાપડી,અબળા ને જોવનવંતી રે;

કુળવંતી રહેતી નિશ દિને, તુજ મુખ સામું નિરખંતી રે. ૬૦૫
રંગે રહેતી ત્તાહરે મન ઉપરે, તુજ વયણ કદી નવિ લોપ્યોરે;અવગુણ પાખે એ નારીશું,કહેને શા માટે કોપ્યો રે.૬૦૬
એ દુઃખ ખમ્યું જાશે નહિ, પણ જોર નહિ તુજ કેડે રે; જિનહર્ષ ભદ્રા નારી મળી, આંખડીયે આંસુ રેડે રે. ૬૦૭

## દોહા.

છત્રીશે નારી મળી, કહે પિયુને સુવિચાર;
વય લઘુતા રૂપે ભલા, શો સંયમનો ભાર. ૧
વ્રત છે કરવત સારિખાં, મન છે પવન સમાન;
બાવીશે પરિસહ સહે, વચન અમારો માન. ૨
મયગળ દંત જે નીકળ્યા, તે કિમ પાછા જાય;
કરમ સુભટ દૂરે કરી, પહોંચવું શિવપુર ઠાય. ૩

## ઢાળ સાતમી.

### ઘરે આવો જી આંબો મોરીયો–એ દેશી.

અનુમતિ દીધી માયે રોવંતાં, તુજને થાઓ કોડ કલ્યાણ રે; સફળ થાઓ તુજ આશડી, સંયમ ચઢજો સુપ્રમાણ રે. અનુ૦ ૧
કુમર તણાં વંછિત ફળ્યાં, હર્ખ્યો નિજ ચિત્ત મઝાર રે; આવ્યો ગુરૂ પાસે ઊમહ્યો, સાથે પરિવાર અપાર રે. અ૦ ૨
સદ્ગુરૂનાં ચરણ કમળ નમી,ભાંખે કર જોડી કુમારો રે; પ્રવહણ સમ ગુરૂ મુજ ભણી, સંસાર સમુદ્રથી તારો. અ૦ ૩

આચારજ જે ઉચ્ચરાવીયાં, વ્રત પંચ વિધે સહુ સાખે રે;
ધન ધન એવાંજેણે સુખ તજ્યાં, નર નારી મળી એમ ભાંખે રે.૪

ભદ્રા કહે આચારજ ભણી, તુમને કહું છું કર જોડ રે;
જાળવજો એને રૂડી પરે, મુજ કાળજડાની કોર રે. અ૦ ૫

તપ કરતાં એને વારજો, ભૂખ્યાની કરજો સારો રે; જન-
મારે દુઃખ જાણ્યું નથી,અહમિંદ્ર તણો અવતારો રે. અ૦ ૬

માહરે આથી પોથી એ હતી, દીધી છે તુમચે હાથ રે;
હવે જિમ જાણો તેમ જાણજો,વહાલી માહરી એ આથરે.અ૦૭

સાંભળ સુત જો વ્રત આદર્યું, તો પાળજે નિરતિચાર રે;
દૂષણ મ લગાડીશ વ્રત ભણી, તું જેમ પામે ભવ પાર રે. અ૦૮

ધન્ય ગુરૂ જેહનો એ શિષ્ય થયો, ધન્ય માત પિતા કુળ
જાસરે; જેહને કુળ એ સુત ઉપન્યો,ઈમ લોકાની જશવાસરે.અ૦૯

એમ કહી ભદ્રા પાછી વળી દુઃખણી વહુઅરો લેઈ સાથરે;
જિનહર્ષ અલ્પ જળ માછલી,ઘેર આવી થઈ છે અનાથરે.અ૦૧૦

## દોહા.

ઘેર આવી સાસુ વહુ, મન માન્યો ઉદાસ;
દીપક વિણ મંદિર કિશો, પિયુ વિણ સ્ત્રીની રાશ. ૧
પિયુ વિણ પલક ન રહી શકું, સેજ લગે મુજ ખાય;
પત્થર પડે ભુયંગકો, તળફ તળફ જીવ જાય. ૨

## ઢાળ આઠમી.

પ્રાહુણાની દેશી.

સદગુરૂ જી હો કહું તુમને કર જોડ, ચિર ચારિત્ર

પળે નહીં; સદગુરૂ જી હો, તપ કિરિયા નવિ થાય, કર્મ ખપે જેહથી સહી. સ૦ ૧

તુમચી અનુમતિ થાય, તો હું અણસણ આદરૂં; સ૦ થોડા કાળ મઝાર, કષ્ટ કરી શિવપદ વરૂં. સ૦ ૨

મુનિવરજી હો, જેમ સુખ થાયે તુજ, તેમ કરો દેવાણુપ્પિયા; મુનિ૦ ગુરૂને ચરણે લાગી, સહુ શું ખામણડાં કીયાં. મુનિ૦ ૩

આવ્યો જિહાં શ્મશાન, બળે મૃતક વન્હિ ધગધગે; મુનિ૦ બિહામણો વિકરાળ, દેખંતાં મન ઊભગે. મુનિ૦ ૪

પિતૃવન ઇણે નામે, દીસે યમવન સરિખો; મુનિ૦ કાંટાળા તિહાં રૂખ, કૂર કંથેરી સારિખો. મુનિ૦ ૫

આવ્યો તિણ વન માંહે, તિહાં આવી અણસણ કર્યું; કાંટે વિંધાણા પાય, તત્ક્ષણ લોહીજ નિહર્યું. મુનિ૦ ૬

પગ પીંડી પરનાળ, લોહી પાત્રસ ઉન્નર્યો; મુનિ૦ સોભાગી સુકુમાળ, કડણ પરિસહ આદર્યો. મુનિ૦ ૭

શક્રસ્તવ તિણિ વાર, કીધો અરિહંત સિદ્ધને, મુનિ૦ ધર્માચારજ ધ્યાનજ ધર્યું, જિનહર્ષ ભલે મને. મુનિ૦ ૮

દોહા.

વદંન આવી ગોરડી, પ્રાત સમય ગુરૂ પાસ; કર જોડી મુખથી વદે, નાહન દીસે તાસ. ૧

મુનિ કહે અનુમતિ લહી, કાઉસ્સગ રહ્યો શ્મશાન; મન ઇચ્છા ધર પામિયો, પહોંચ્યા દેવ વિમાન.

## ઢાળ નવમી.

(ધોબીડા તું ધોજે મનનું ધોતીયું રે–એ દેશી.)

તિણ અવસર એક આવી જંબુકી રે, સાથે લેઇ પોતાનાં બાળ રે; ભક્ષ કરવાને દશ દિશે ફિરે રે, અવગી સવગી દેતી ફાળ રે. તિણ૦ ૧

ચરણ રૂધીરની આશી વાસનારે, બાળ સહિત આવી વન માંહ રે; પૂરવ વૈર સંભારી શોધતી રે; ખાવા લાગી પગશું સાહિ રે. તિણ૦ ૨

ચટ ચટ ચૂંટે દાંતે ચામડી રે, ગટ ગટ ખાયે લોહી માંસ રે; ચર્મતણાં બટકાં ભરે રે; ત્રટ ત્રટ ત્રોડે નાડી નસ રે. તિણ૦ ૩

પ્રથમ પ્રહરે તે જંબુક જંબુકી રે, એક ચરણનું ભક્ષણ કીધ રે; તો પણ તે વેદનાએ કંપ્યો નહી રે, બીજા પ્રહરે બીજો પગ લીધ રે. તિણ૦ ૪

ખાયે પિંડી સાથળ ત્રોડીને રે, પણ તે ન કરે તિલભર રીવ રે; કાયા માટી ભાંડ અશાશ્વતી રે, તૃપ્તિ થાઓ એહથી જીવ રે. તિણ૦ ૫

ત્રીજા પ્રહરે પેટ વિદારીયું રે, જાણે કર્મ વિદાર્યાં એ રે; ચોથે પ્રહરે પ્રાણ તજી કરી રે, નલિની ગુલ્મ લહ્યાં સુખ તેણ રે. તિણ૦ ૬

સુર વંદીને તાસ શરીરનો રે, મહિમા કરે અનેક પ્રકાર રે; વંદણ આવી સઘળી નાર રે. તિણ૦ ૭

## દોહા.

ગોરી સખિ ઝાંખી થઇ, આવી નગરી મઝાર;
મુખ કરમાણું માલતી, સાસુ દેખે તેણિ વાર. ૧
કુળમાં કોળાહળ થયો, મંદિર ખાવા ધાય;
તન ભોગી જોગી હુએ, કરમ કરે તે થાય. ૨

## ઢાળ દશમી.

ભણે દેવકી કેણે ભોળવ્યા–એ દેશી.

વાંદી પૂછે ગુરૂ ભણી, અમચો દીસે નહી ભરતાર પૂજ્ય જી; કિહાં ગયો મુનિ તે કહો, ઉપયોગે કહે તેણી વાર. કામિની વાંદી૦ ૧

આવ્યા હતા પોંહત્યા તિહાં, દુઃખ પામી મરણ સુણેય; કામિની હા હા કરે ધરણી ઢળે, આંસુડાં છૂટયાં નયણેય. કામિની વાંદી૦ ૨

હિયડું પીટે હાથશું,ઉપાડે શિરના કેશ; કામિની વિલવે પિયુ વિણ પદમિણી, સસનેહી પામે કલેશ. કામિની વાં૦ ૩

એટલા દિનમાં દીલ હતી, વ્રતધારી હતો ભરતાર; પૂજ્યજી એટલું હી સુખ અમતણું, સાંર્યું નહી કિરતાર. પૂજયજી વાંદી૦ ૪

એમ મન માંહે જાણતી, દેખશું દરિસણ નિત્ય; પૂજ્યજી ચરણ કમળ નિત્ય વાંદશું,ચિંતવતી ઇણી પરે ચિત્ત; પૂ૦વાં૦૫

દૈવે દીધ રંડાપણું, હવે અમે થયાં અનાથ; પૂજ્યજી,

મનનાં દુઃખ કહિયે કેહને,અમચા પડયા ભૂંડા હાથ.પૂ૦વાં૦૬

શું કહીએ કરીએ કિશ્યું,અમને હુઆ સંતાપ; પૂજયજી,
દુઃખ કહીયે કેહને હવે, અમચાં પુરણ પાપ. પૂજયજી વાં૦૭

ઉભી પસ્તાવો કરે, નાંખતી મુખ નિઃશ્વાસ; કામિની,
કહે જિનહર્ષ ઘરે ગઈ, બત્રિશે થઈ નિરાશ કામિની. વાં૦ ૮

## દોહા.

ઇણિ પરે ઝૂરે ગોરડી, તિમ ઝૂરે વળી માય; મોહતણી
ગતિ વંકડી, જેહથી દુર્ગતિ થાય. ૧

જિમ જિમ પિયુ ગુણ સાંભરે, તિમ તિમ હૃદય મઝાર;
દુઃખ વિરહે સુખ હોય કિહાં, નિઠુર થયો કિરતાર. ૨

## ઢાળ અગિઆરમી.

**દેખો ગતિ દૈવની રે, અથવા ગજરાજની દેશી.**

દુઃખભર બત્રીશે રોવતી રે, ગદ ગદ બોલે વચન;
પરલોકે પોંહોત્યા સહી રે, સાસુ તુમ પુત્ર રતન; દેજો મુને
મુજરો રે અરે સાસુના જાયા, અરે નણદીના વીરા, અરે
અમૂલક હીરા, અરે મન મોહનગારા, અરે પ્રીતમ પ્યારા,
દેજો મુને મુજરો રે. ૧

ભદ્રા સુણી દુઃખણી થઈ રે, પુત્ર મરણની વાત; ચાર
પહોર દુઃખ નિર્ગમી રે, પહોતી તિણે વન પરભાત. દે૦ ૨

કંથેરી વન ઢુંઢતાં રે, પુત્ર કલેવર દીઠ; નારી માય રોઈ
પડી રે, નયણે જળ ધારા નીઠ. દેજો૦ ૩

હીયડા ફાટે કાં નહી રે, જીવી કાંઈ કરેશ; અંતરજામી વાલહો રે, તે તો પોહોંત્યો પરદેશ. દેજો૦ ૪

હીયડા તું નિઠુર થયું રે, પહાણ જડયું કે લોહ; ફીટ પાપી ફાટયું નહી રે, વહાલા તણે વિચ્છોહ. દેજો૦ ૫

હીયડું હણું કટારિયે રે, ભુંજું અંગારે દેહ; સાંભળતાં ફાટયું નહી રે, તો ખોટો તાહરો નેહ. દેજો૦ ૬

ઈણી પરે ઝૂરે ગોરડી રે, તિમહી જ ઝૂરે માય; પિયુ પિયુ મુખથી કહી કહી રે, બાપૈડા મુર જિમ જાય. દેજો૦ ૭

દુઃખભર સાયર ઉલટયોરે, છાતીમાંન સમાય; પ્રેતકારજ સુતનું કિયું રે, જિનહર્ષ હિયે અકળાય. દેજો૦ ૮

## દોહા.

વૈરાગ્યે મન વાળીયો, સમજાવે તે આપ; હૈયે હટક્યો હાથ કર, હવે મત કરો વિલાપ. ૧

એક નારી ઘર રાખીને, સાસુ સહિત પરિવાર; ગુરૂનાં ચરણ નમી કરી, લીધો સંયમ ભાર રે. ૨

## ઢાળ બારમી.

**રાજકુમર બાઈ ભલો ભરતાર, અથવા મોરી બહિની રે–એ દેશી.**

ક્ષિપ્રા તટે ઊભી રડે રે, માય ચિતા બળતી જોય; આંસુ ભીનો કંચુઓ તિહાં, રહે નિચોય નિચોય, મોરી વહુઅર, એ શું થયું રે અકાજ; ગયો મુજ ઘરથી રાજ, મોરી૦

હું દુઃખણી થઈ છું આજ. મોરી૦ ૧

એ ઘર મંદિર કેહનાં રે, કેહની એ ધનરાશિ; પુત્ર વિના સૂનાં સહુ રે, કેહી જીવિત આશ. મોરી૦ ૨

દીસે સહુ એ કારમાં રે, વિણસતાં કાંઈ ન વાર; સંધ્યા-રાગ તણી પરે રે, કારમો સહુ પરિવાર. મોરી૦ ૩

બાજી બાજીગર તણી રે, દીસતી જેમ અમૂલ્ય; દિવસ ચારકા પેખણા રે, અંતે ધૂળકી ધૂળ. મોરી૦ ૪

માત પિતા સુત કામિની રે, સંયોગે મળિયાં આય; વાયે મળ્યાં જેમ વાદળાં રે, વાયે વિખરી જાય. મોરી૦ ૫

સુપન માંહે જેમ રાંકડો રે, ધન પામી હુઓ શેઠ; જાગી નિહાળે ઠીકરૂં રે, ભાંગ્યું માથા હેઠ. મોરી૦ ૬

સ્વપ્ન જેમ અશાશ્વતાં રે, સહુ દેખાય છે એહ; કહે જિનહર્ષ વૈરાગીયાં રે, સાસુ વહુઅર તેહ. મોરી૦ ૭

## ઢાળ તેરમી.

### સુણુ બહેન પીયુડો પરદેશી—એ દેશી.

ભદ્રા ઘર આવી એમ ભાખે, ગર્ભવતી ઘર રાખે રે; અન્ય વધુ પહોતી ગુરૂ પાસે, વ્રત અમૃત રસ ચાખે રે. ભ૦૧

પંચ મહાવ્રત સુધાં પાળે, દૂષણ સઘળાં ટાળે રે; દુક્કર તપ કરી કાયા ગાળે, કળિમળ પાપ પખાળે રે. ભદ્રા૦ ૨

અંત કાળે સહુ અણસણ લેઈ, તજી ઔદારિક દેહી રે; દેવલોકનાં સુખ તે લેહી, ચારિત્રનાં ફળ એહી રે. ભદ્રા૦ ૩

કેડે ગર્ભવતી સુત જાયો, દેવળ તેણે કરાયો રે; પિતા મરણને ઠામે સુહાયો, અયવંતી પાસ કહાયો રે. ભદ્રા૦ ૪

પાસ જિણેસર પ્રતિમા થાપી, કુમતિ લતા જડ કાપીરે; કીર્તિ તેહની ત્રિભુવન વ્યાપી, સૂરજ જેમ પ્રતાપી રે. ભ૦ ૫

સંવત સત્તર એકતાળીશે, શુકલ અષાઢ કહીશે રે; વાર શનિશ્ચર આઠમ દિવસે, કીધી સજ્ઝાય જગીશે રે. ભદ્રા૦ ૬

અયવંતી સુકુમાર મલાવે, મધુર સ્વરે ગુણ ગાવે રે; તે જિનહર્ષ દીપે વડદાવે, શાંતિહર્ષ સુખ પાવે રે. ભદ્રા૦ ૭

---

## ૫૨ નેમ રાજુલનો સજ્ઝાય.

રાણી રાજુલ કર જોડી કહે, જાદવ કુલ શિણગાર રે;
વહાલા મારા આઠેરે ભવનો નેહલો, તમે મત મૂકો વિસારરે;
હું તો વારી રે જિનવર નેમજી. ૧

હું તો વારી રે જિનવર નેમજી, મોરી વિનતડી અવધાર રે;
વહાલા સુરતરૂ સરીખો સાહેબો, નિત્ય નિત્ય કરૂં દીદારરે. હું૦ ૨

પ્રથમ ધનપતિને ભવે, તું ધન નામે ભરતાર રે;
વ૦ વેવિશાળ મળતાં મુજને, છાનો મોકલ્યો મોતીનો હારરે. હું૦ ૩

લેઈ ચારિત્ર સૌધર્મમાં, દેવ તણો અવતાર રે;
વ૦ ક્ષણ વિરહો ખમતા નહી, ત્યાંહી પણ ધરતા પ્યારરે. હું૦ ૪

ત્રીજે ભવે વિદ્યાધરૂ, ચિત્રાંગદ રાજકુમાર રે;
વહાલા ભોગવી પદવી ભૂપની, હું રત્નવતી તુજ નારરે. હું૦ ૫

મહાવ્રત પાળી સાધુના, પામ્યાજી ઋદ્ધિ અપાર રે;
વહાલા માહેંદ્ર સુરલોકમાં, ચોથે ભવે સુવિચાર રે. હું તો૦ ૬
પાંચમે ભવે અતિદીપતો, નૃપ અપરાજિત સાર રે;
વહાલા પ્રીતિમતી હું તાહરી, થઈ પ્રભુ હૈડાનો હારરે. હું૦ ૭
ગ્રહી દીક્ષા હરખે કરી, એ તો છઠ્ઠે ભવે ઉદાર રે;
વ૦ આરણ દેવલોકે બેહુ જણા, સુખ વિલસ્યાં સુખકારરે. હું૦ ૮
શંખ રાજા ભવ સાતમે, જસુમતી પ્રાણ આધાર રે;
વહાલા વીસસ્થાનક સેવ્યા, તિહાં તેં કીધો જય જયકારરે. હું૦ ૯
આઠમે ભવે અપરાજિતે, વરસ બત્રીશ હજાર રે;
વ૦ ઇચ્છા રે ઉપજે આહારની, એ તો પૂરવ પુન્ય પ્રકારરે. હું૦ ૧૦
હરિવંશ માંહે ઉપના, મોરી શિવાદેવી સાસુ મહાર રે;
વ૦ નવમે ભવે કાંઇ પરિહરો, રાખોજી લોક વિચારરે. હું૦ ૧૧
એ સંબંધ સુણી પાછલો, ભણેજી નેમ બ્રહ્મચારી રે;
વ૦ તો તુજને સાથે તેડવા, આવ્યોજી સસરાને દ્વારરે. હું૦ ૧૨
એમ સુણી રાજિમતી, ગઇ પિઉડાજીને લાર રે;
વ૦ અવિચળ કર્યો ઇણે સાહિબો, રૂડો નેહલો મુક્તિને સારરે. હું૦ ૧૩
ધન્ય ધન્ય જિન બાવીસમો, જેણે તારી પોતાની નાર રે;
વ૦ ધન્ય ધન્ય ઉગ્રસેન નંદિની, જે સતીયો માંહે શિરદારરે. હું૦ ૧૪
સંવત સત્તર એકાણું એ, શુભવેલા શુભ વાર રે;
મુનિ વહાલા સુંદરે રાજુલનાં, ગુણ ગાયા સુખકાર રે. હું૦ ૧૫

## ૫૪ પજુસણની સઝાય.

આજ મારે મન વસ્યારે, ભવિજન પર્વ પજુસણ મોટા;
હોળી બળેવ ને નોરતા, જાણો એ સર્વે છે ખોટા. આજ૦ ૧
ચોથ છઠ્ઠ અઠ્ઠમ અઠાઈ, માસક્ષમણ પણ કરીએ;
દેવ ગુરૂ આણા મન ધરીએ, તો ભવ સાયર તરીએ. આ૦ ૨
અઠાઇધરનો પોસો લીજે, ગુરૂ વાણી રસ પીજે;
કલ્પ ઘરે પધરાવો ભગતે, ભાવે મન ઉલસીજે. આજ૦ ૩
કુંવર ગયવર ખંધ ચડાવો, ઢોલ નિશાન વજડાવો;
કલ્પસૂત્ર ગુરૂ પાસે રાખી, પૂજા ભાવના ભાવો. આજ૦ ૪
તેલાધર દીન રૂડો જાણી, કાઠીયા તેરને વારો;
સંવત્સરી દીન બારસે સુણીને, ક્રોધ કષાયને મારો. આ૦ ૫
મન વચન કાયાએ જે કીધાં, પાપકર્મ જે કૂડાં;
મિચ્છામિ દુક્કડં દઈ કરીને, પડિક્કમણા કરો રૂડાં. આ૦ ૬
સરલ ચિત્ત આણી મન વાળી, જે નરનારી ભણશે;
કહે લઘુ બાળક નીતિવિજયનો, અવિચલ લીલા વરશે આ૦ ૭

---

## ૫૫ ચરખાની સજ્ઝાય.

સુણ ચરખેવાલી ચરખો ચાલે છે તારો ચું ચું ચું;
જલ જાઈ થલ ઉપનીજી, ઉપની આપોઆપ; એક અચંભો
એસો કીનો, બેટી જાયો બાપ રે; સુણ ચરખેવાલી ચરખો
ચાલે છે તારો ચું ચું ચું. ૧

સુજ્ઞાની કેરો વિવાહ કરશે, વિણ જાયો ભરથાર;
વિણ જાયો વર નહિ મલે તો,અમસું તમસું વિવાહરે. સુ૦ ૨

સાસુ મર ગઇ સસરો મર ગયો, પરણ્યોબી મર જાય;
એક બુઢલો રહી ગયો, મને ચરખો દેવું બતાવરે. સુ૦ ૩

ભાવ ભગતકી રૂઈ મંગાવો, સુત પીંજારણહાર; જ્ઞાન
પીંજારણ પીંજણ બેઠો, સાંતો રહી જણકાર રે. સુ૦ ૪

ચરખો તારો રંગ રંગીલો, પુણી એ ધનસાર; આનં-
દઘન કહે વિધિશું કાંતો, જેમ ઉતરો ભવપાર રે. સુ૦ ૫

## ૫૬ સંતોષની સજ્ઝાય.

( રે જીવ માન ન કીજીએ-એ દેશી. )

સજ્ઝાય ભલીરે સંતોષની, કીજીએ ધર્મ રસાળરે;
મુક્તિ મંદિરમાં પોઢીયાં, સુતાં સુખ અપારરે. સ૦ ૧
સંયમ તળાઇ ભલી પાથરી, વિનય ઓસીશાં સારરે;
સમતા એ ગાલમસુરીયાં, વિઝણીયો વ્રત ધારરે. સ૦ ૨
ઉપશમ ખાટ પિછેડી, સોઢણીયું વૈરાગ રે;
ધર્મશિખરે ભલી ઓઢણી, ઓઢે તે ધર્મજાણ રે. સ૦ ૩
એરે સજ્જાયે કોણ પોઢશે, પોઢશે શીયળવંતી નારીરે;
કવિ આણામુખ એમ ઉચ્ચરે, પોઢશે વ્રતધારીરે. સ૦ ૪
ધર્મ કરો તમે પ્રાણીઆ, આતમને હિતકારીરે;
વિનયવિજય ઉવજ્ઝાયનો, લ્યો કેવળ સુખકારીરે. સ૦ ૫

## ૫૭ શ્રી કર્મ ઉપર સજ્ઝાય.

(કપુર હોવે અતિ ઉજળોરે—એ દેશી.)

સુખ દુઃખ સરજ્યાં પામીયેરે, આપદ સંપદ હોય;
લીલા દેખી પરતણીરે, રોષ મ ધરજો કોય રે
પ્રાણી, મન નાણો વિષાદ,એ તો કર્મ તણો પ્રસાદ રે. પ્રા૦ ૧
ફળને આહારે જીવીયારે, બાર વરસ વન રામ;
સીતા રાવણ લઈ ગયો રે, કર્મ તણાં એ કામ રે. પ્રા૦ ૨
નીર પાખે વન એકલોરે, મરણ પામ્યો મુકુંદ;
નીચ તણે ઘર જળ વહ્યોરે, શિશ ધરી હરિચંદ રે. પ્રા૦ ૩
નળે દમયંતી પરિહરીરે, રાત્રી સમય વનમાંય;
નામ ઠામ કુલ ગોપવીરે, નળે નિરવાહ્યો કાળ રે. પ્રા૦ ૪
રૂપ અધિક જગ જાણીરે, ચક્રી સનત્ કુમાર;
વરસ સાતસેં ભોગવીરે, વેદના સાત પ્રકારરે. પ્રા૦ ૫
રૂપે વળી સુર સારિખારે, પાંડવ પાંચ વિચાર;
તે વનવાસે રડવડયા, પામ્યા દુઃખ સંસારરે. પ્રાણી૦ ૬
સુર નર જસ સેવા કરેરે, ત્રિભુવનપતિ વિખ્યાત;
તે પણ કર્મ વિટંબીયારે, તો માણસ કો વિસાતરે. પ્રા૦ ૭
દોષ ન દીજે કેહને રે, કર્મ વિટંબણહાર;
દાન મુનિ કહે જીવનેરે, ધર્મ સદા સુખકારરે. પ્રાણી૦ ૮

## ૫૮ શ્રી ગૌતમ પૃચ્છાની સજ્ઝાય. ॥૧॥

ગૌતમ સ્વામી પૃચ્છા કરે, કહોને સ્વામી વર્ધમાનજીરે;
કેણે કર્મે નિર્ધન નિર્વંશી, કેણે કર્મે નિષ્ફલ હોય. સ્વામી૦૧

પર ઘર ભાંગે ને પર દમે, તેણે કર્મે નિર્ધન હોય; ગૌતમ,
થાપણ મોસો જે કરે, તેણે કર્મે નિર્વંશી હોય. ગૌતમ૦ ૨
કેણે કર્મે વેશ્યા ને વિધવા, કેણે કર્મે નપુંસક હોય;સ્વામી,
દુર્ગંછા કરે જિનધર્મની, તેણે કર્મે વેશ્યા હોય. ગૌતમ૦ ૩
શીયલ ખંડીને ભોગ ભોગવે,તેણે કર્મે વિધવા હોય;ગૌતમ,
વેશ્યાનો સંગ જે કરે, તેણે કર્મે નપુંસક હોય. ગૌતમ૦ ૪
કેણે કર્મે ગર્ભથી ગલી જાએ,કેણે કર્મે પીઠી ભર્યા જાય,
સ્વામી; વાડી વેડે કુણા મોગર, તેણે કર્મે ગર્ભથી જાય. ગૌતમ૦ ૫
ફુલ વિંધીને કર્મ બાંધીયા,તેણે કર્મે પીઠી ભર્યા જાય;ગૌતમ,
કણે કર્મે ઠુંઠા ને પાંગુલા, કેણે કર્મે જાતિ અંધ હોય.સ્વામી૦ ૬
આંખો કાપે પરજીવની, તેણે કર્મે પાંગુલા હોય; ગૌતમ,
વધ કરે પરજીવનો, તેણે કર્મે જાતિ અંધ હોય. ગૌતમ૦ ૭
કેણે કર્મે શોક ઉપજે, કેણે કર્મે કલંક ચડંત; સ્વામી;
વેરો વંચો જે કરે, તેણે કર્મે શોક ઉપજે. ગૌતમ૦ ૮
જૂઠી સાખ ભરી કર્મ બાંધીયા, તેણે કર્મે કલંક ચડંત; ગૌતમ;
કેણે કર્મે વિષધર ઉપજે, કેણે કર્મે જશ હીણ હોય.સ્વામી૦ ૯
રીસ ભર્યા મરે અણ બોલીયા,તેણે કર્મે વિષધર હોય;ગૌતમ૦
જે જીવ રાગે વાંધીયા, તેણે કર્મે વિષધર હોય. ગૌતમ૦ ૧૦
કેણે કર્મે જીવ નિગોદમાં, કેણે કર્મે તિર્યંચમાં જાય સ્વામી;
જે જીવ મોહે વ્યાપીયા, તેણે કર્મે નિગોદમાં જાય. ગૌતમ૦ ૧૧
જે જીવ માયામાં વ્યાપીયા, તેણે કર્મે તિર્યંચમાં જાય;ગૌતમ,

કેણે કર્મે જીવ એકેંદ્રીમાં,કેણે કર્મે પંચેંદ્રીમાં જાય.સ્વામી૦ ૧૨
પાંચ ઇંદ્રી વશ નવી કરી, તેણે કર્મે એકેંદ્રીમાં હોય ગૌતમ;
પાંચ ઇંદ્રી વશ જેણે કરી, તેણે કર્મે પંચેંદ્રીમાં જાય. ગૌતમ૦ ૧૩

કેણે કર્મે જીવ ડાબ ડુભમેં, કેણે કર્મે થોડેરા સંસાર; હો સ્વામી, જે જીવ મોહ મચ્છર કરે, તેણે કર્મે સંસાર હરંત. ગૌતમ૦ ૧૪

જે જીવ સંતોષ પામીયા, તેણે કર્મે થોડેરા સંસાર; ગૌતમ, કેણે કર્મે જીવડા નીચ કુલે, કણે કર્મે ઉંચ કુલ હોય. સ્વામી૦ ૧૫

દાન દીયા અણસુઝતા, તેણે કર્મે નીચ કુલ હોય; ગૌતમ, દાન દીધા સુપાત્રને, તેણે કર્મે ઉંચ કુલ હોય. ગૌતમ૦ ૧૬

કેણે કર્મે જીવડા નરકમાં, કેણે કર્મે સ્વર્ગ વિમાન; સ્વામી, જે જીવ લોભે વ્યાપીયો, તેણે કર્મે નરકમાં જાય. ગૌતમ૦ ૧૭

દાન શીયલ તપ ભાવના, તેણે કર્મે સ્વર્ગ વિમાન; ગૌતમ, રાજગૃહી પ્રભુ આવીયા, શ્રેણિક વંદવા જાય. ગૌતમ૦ ૧૮

ચેલણા કરે અતિ ગુંહલી, હરડે હરખ ન માય; ગૌતમ;
ગૌતમ કેવલ માગીયો, દીયો તે વીર વર્ધમાન સ્વામીજી. ૧૯
એણે મોહે કેવલ ન પામીયે, મોહે ન હોએ નિર્વાણ; ગૌતમ,
રૂપ વિજય ગુરૂ ઇણી પેરે, ભાખે શ્રીભગવંત. ગૌતમ૦ ૨૦
જે નર ભણે જે સાંભલે, તસ ઘર મંગલ માલ હો. ગૌતમ૦ ૨૧

## ૫૯ મનને શિખામણની સઝાય.

કેસી વિધે સમજાવું હો મન્ના, તને કીસી વિધે સમજાવું. હાથીજી હોય તો મે પકડ મંગાવું, ઝાંઝર પાએ જડાવું; કર માહાવતને માથે બેઠાવું તો, અંકુસ દેઈ સમજાવું હો મન્ના. તને૦ ૧

ઘોડોજી હોય તો મેં જિત કરાવું, કરડી લગામ દેવરાવું; કરી અસવારીને ફેરણ લાગું તો, નવ નવા ખેલ ખેલાવું હો મન્ના. ત૦ ૨

સોનુજી હોય તો મે ચુંગી મૂકાવું, કરડે તાપ તપાવું; લેઇ પુંકસણને ફુંકણ લાગુ તો, પાણી જ્યું પિંગલાવું હો મન્ના ત૦ ૩

લોઢુંજી હોય તો મેં એરણ મંડાવું, દોય દોય ધમણ ધમાવું; માર ઘણા ધમસાણ ઉડાવું તો, જંતર તાર કઢાવું હો મન્ના. ત૦ ૪

જ્ઞાનીજી હોય તો મેં જ્ઞાન બતાવું, અંતર વિણા બજાવું; રૂપચંદ કહે નાથ નિરંજન, જ્યોતિશું જ્યોતિ મિલાવું. હો મન્ના. ત૦ ૫

## ૬૦ સિદ્ધની સજઝાય.

શ્રી ગૌતમ પૃચ્છા કરે, વિનય કરી શીષ નમાય; હો પ્રભુજી, અવિચલ થાનિક મેં સુણ્યો, કૃપા કરી મોય બતાય. પ્રભુજી; શિવપુર નગર સોહામણો. ૧

આઠ કરમ અલગાં કરી, સાર્યાં અંતિમ કામ; પ્રભુજી,
છુટયા સંસારના દુઃખ થકી, એને રહેવાનો કુણ ઠામ.
પ્રભુજી. શિ૦ ૨

વીર કહે ઉર્ધ્વ લોકમાં,મુગતિ શિલા એણે ઠામહો ગૌતમ,
સ્વર્ગ છવ્વીસને ઉપરે, તેહના બારે નામ હો ગૌતમ. શિ૦૩

લાખ પિસ્તાલીસ જોયણે,લાંબી પોહલી જાણ હો.ગૌતમ,
આઠ જોજન જાડી વચે, છેહડે પાતલિ તંત હો. ગૌતમ૦ ૪
ઉજ્વલ હાર મોતી તણો,ગાય દુધ શંખ વખાણ હો ગૌતમ,
એહથી ઉજલી અતિ ઘણી, સમચૌરસ સંસ્થાન હો ગૌ૦શિ૦૫

અર્જુન સોનામય દીપતી, ગઠારી મઠારી જાણ હો ગૌતમ,
સ્ફટિક રતન વચ્ચે નિર્મલી, સુંહાલી અત્યંત વખાણ
હો. ગૌતમ શિ૦ ૬
સિદ્ધ શિલા ઓલંગી ગયા,અધર રહ્યા છે વિરાજ હો ગૌતમ,
અલોકિ શું જઇ અડયા, સર્યાં અંતિમ કાજહો.ગૌતમ શિ૦૭
જિહાં જનમ નહી મરણ નહિ,નહિ જરા નહિ રોગ હો ગૌતમ;
શત્રુ નહિ મિત્ર નહિ, નહિ સંયોગ વિયોગ, હો ગૌતમ.શિ૦૮
ભૂખ નહિ તૃષા નહિ, નહિ હરખ નહિ શોક હો ગૌતમ;
કર્મ નહિ કાયા નહિ, નહિ વિષયા રસ ભોગ હો. શિ૦ ૯
શબ્દ રૂપ રસ ગંધ નહિ,નહિ ફરસ નહિ વેદ હો ગૌતમ;
બોલે નહિ ચાલે નહિ,મૌન જિહાં નહિ ખેદ હો ગૌ૦શિ૦૧૦
ગામ નગર તિહાં કો નહિ,નહિ વસ્તિ નહી ઉજડ હો ગૌતમ;

કાલ સુગાલ વરતે નહિ, નહિ રાત દિવસ તિથિ વાર.
હો ગૌતમ. શિ૦ ૧૧
રાજા નહિ પ્રજા નહિ, નહિ ઠાકોર નહિ દાસ હો ગૌતમ;
મુગતિમાં ગુરૂ ચેલા નહિ, નહિ લહોડ વડાઈ તાસ
હો ગૌતમ. શિ૦ ૧૨
અનોપમ સુખમાં ઝીલી રહ્યા, અરૂપી જ્યોતિ પ્રકાશ હો ગૌતમ;
સઘલાને સુખ સારીખું, સહુકોને અવિચલવાસ હોગૌતમ.શિ૦૧૩.
કેવલજ્ઞાન સહિત છે, કેવલ દરિસણ પાસ હો ગૌતમ;
ક્ષાયિક સમકિત દીપતો, કદિય ન હોવે ઉદાસ હો ગૌતમ.શિ૦૧૪
અનંત સિદ્ધ મુગતિ ગયા, ફેર અનંતા જાય હો ગૌતમ;
ઓર જગ્યા રૂંધે નહિ, જ્યોતિમાંજ્યોતિસમાયહોગૌતમ,શિ૦૧૫.
એ અર્થરૂપી સિદ્ધ કોઇ ઓલખે, આણી મન વૈરાગ્ય
હો ગૌતમ;શિવ સુંદરીવરે, નય પામેસુખઅથાગહોગૌતમ.શિ૦૧૬.

## ૬૧ પાંચ મહાવ્રતમાં પહેલા વ્રતની સજઝાય.

### કપુર હોવે અતિ ઉજલો રે—એ દેશી.

સકલ મનોરથ પૂરવેરે, શંખેશ્વરો જિનરાય; તેહ તણા
સુપસાયથીરે, કરૂં પંચ મહાવ્રત સજ્ઝાયરે. મુનિજન એહ
પહેલું વ્રત સાર, એહથી લહીએ ભવનો પાર રે. મુ૦ ૧
એ પહેલુ વ્રત સાર પ્રાણાતિપાત વિરમણ કહ્યું રે,
પહેલું વ્રત સુવિચાર, ત્રસ થાવર બેહું જીવનીરે, રક્ષા કરે
અણગારરે. મુ૦ ૨.

પ્રાણાતિપાત કરે નહિરે, ન કરાવે કોઇની પાસ; કરતાં
અનુમોદે નહિ રે, તેહનો મુગતિમાં વાસરે. ૩

જયણાએ મુનિ ચાલતાંરે, જયણાએ બેસંત;
જયણાએ ઉભા રહેરે, જયણાએ સુવંત રે. ૪

જયણાએ ભોજન કરેરે, જયણાએ બોલંત; પાપ કરમ
બાંધે નહિ રે, તે મુનિ મોટા મહંતરે. ૫

ઋષિ પાંચે વ્રતની ભાવનારે, જે ભાવે ઋષિરાય; કાંતિ-
વિજય મુનિ તેહનારે, પ્રેમે પ્રણમે પાયરે. ૬૧

## ૬૨ બીજા વ્રતની સજ્ઝાય.

ભોલીડા હંસારે વિષય ન રાચીએ—એ દેશી.

અસત્ય વચન મુખથી નવિબોલીએ, જિમ નાવેરે સંતાપ;
મહાવ્રત બીજેરે જિનવર ઇમ ભણે, મૃષા સમો નહિ પાપ.

ખારા જલથીરે તૃપ્તિ ન પામીએ, તિમ ખોટાની રે
વાત; સુણતાં શાતારે કિમહી ન ઉપજે, વલી હોએ
ધર્મનો ઘાત. અ૦ ૨

અસત્ય વચનથીરે વયર પરંપરા, કોય ન કરે વિશ્વાસ;
સાચા માણસ સાથે ગોઠડી, મુજ મન કરવાની આસ. અ૦ ૩

સાચા નરને સહુ આદર કરે, લોક ભણે જસ વાદ;
ખોટા માણસ સાથે ગોઠડી, પગ પગ હોએ વિખવાદ. અ૦ ૪

પાળી ન શકેરે ધર્મ વીતરાગનો, કરમ તણે અનુસાર;
કાંતિ વિજય કહે તેહ પ્રશંસીએ, કહે જે શુદ્ધ આચાર. અ૦ ૫

## ૬૩ ત્રીજા વ્રતની સજ્ઝાય.

### ચંદન મલયાગિરિ તણું–એ દેશી.

ત્રીજું મહાવ્રત સાંભલો, જે અદત્તાદાન; દ્રવ્ય ક્ષેત્ર કાલ ભાવથી, ત્રિવિધે એ પચ્ચખાણ, તે મુનિવર તારે તરે. ૧

નહિ લોભનો લેશ, કરમ ક્ષય કરવા ભણી, પેહર્યો સાધુનો વેશ. તે૦ ૨

ગામ નગર પુર વિચરતાં, તૃણા માત્રજ સાર; સાધુ હોય તે નવિ લીયે, અણ આપ્યું લગાર. તે૦ ૩

ચોરી કરતાં ઇહિ ભવે, વધ બંધન પામંત; રૌરવ તે નરકે પડે, ઇમ શાસ્ત્ર બોલંત. તે૦ ૪

પર ધન લેતાં પર તણાં, લીધા બાહ્ય પ્રાણ; પરધન પરનારી તજે, તેહનાં કરું રે વખાણ. તે૦ ૫

ત્રીજું મહાવ્રત પાલતાં, મોક્ષ ગયા કેહી કોડી; કાંતિ-વિજય મુનિ તેહના, પાય નમે કર જોડી. તે૦ ૬

## ૬૪ ચોથા મહાવ્રતની સજ્ઝાય.

### સુમતિ જિણેસર સાહિબ સાંભલો–એ દેશી.

સરસતી કેરા રે ચરણ કમલ નમી, મહાવ્રત ચોથું રે સાર; કેહશું ભાવેરે ભવીયણ સાંભલો, સુણતાં જયજયકાર. ૧

એહવા મુનિવરને પાએ નમું, પાલે શીયલ ઉદાર; અઢાર સહસ શીલાંગ રથના ધણી, ઉતારે ભવ પાર. એ૦ ૨

ચોથા વ્રતનેરે સમુદ્રની ઉપમા, બીજા નદીય સમાન;

ઉત્તરાધ્યયને રે તે બત્રીસમેં, ભાખે જિન વર્ધમાન. એ૦ ૩
કોશ્યા મંદિરે ચોમાસો રહ્યાં, ન ચલ્યા શિયલે લગાર;
તે થુલિભદ્રનેરે જાઉં ભામણે, નમો નમોરે સો સો વાર. એ૦ ૪
સીતા દેખીરે રાવણ મોહિયો, કીધાં કોડ ઉપાય;
સીતા માતારે શીલે નવી ચલ્યાં, જગમાં સહુ ગુણ ગાય. એ૦ ૫
શીયલ વિહૂણારે માણસ કુટરા, જેહવાં આવલ ફૂલ;
શીયલ ગુણે કરી જે સોહામણાં, તે માણસ બહુ મૂલ. એ૦ ૬
નિત ઉઠીનેરે તે સ્મરણ કરૂં, જેણે જગ જીત્યોરે કામ;
વ્રત લેઇને પાલે નહી, તેહનું ન લીજે રે નામ. એ૦ ૭
દશમા અંગમાંરે શીયલ વખાણીઓ, સકલ ધર્મનુંરે સાર;
કાંતિવિજય મુનિવર ઇમ ભણે, શીયલ પાળો નરનાર. એ૦ ૮

## ૬૫ પાંચમા મહાવ્રતની સજઝાય.

### હવે રાય શેઠ બિહુ જણાં—એ દેશી.

આજ મનોરથ અતિ ઘણું, મહાવ્રત ગાવા પંચમાતણું;
તિહાં સર્વ થકી પરિગ્રહ તજીએ, જેહને સંજમ
રમણી અતી ભજીએ. આ૦ ૧

જેહથી સંજમ યાત્રા નિરવહીએ, તે તો પરીગ્રહમાંહિ
નવી કહિએ; જે ઉપરે મુનિ ઇચ્છા હોયે ઘણી, તેહને
પરિગ્રહ ભાખે જગધણી. આ૦ ૨

જે તૃષ્ણા તરૂણી શું મોહિયા, તિણે વીસે વીખા ખોહીયા;
તૃષ્ણા તરૂણી જસ ઘર બાલા, તે જગ સઘલાના ઓસીયાલા. ૩

તૃષ્ણા તરૂણી જિણે પરિહરી,તિણે સંજમશ્રી પોતે વરી; સંયમ રમણી જસ ઘર પટરાણી, તેહને પાય નમે ઈંદ્ર ઈંદ્રાણી. આ૦ ૪

સંજમ રાણી શું જેહ રાતા, તેહને ઈહ ભવ પરભવ સુખસાતા; પાંચે વ્રતની ભાવના કહી,તે આચારાંગ સૂત્રે લહી. ૫

શ્રીકીર્તિવિજય ઉવજઝાય તણો,જગમાંહે જસ મહિમા ઘણો; તેહનો શિષ્ય કાંતિવિજય કહે, એહ સજઝાય ભણે તે સુખ લહે. આ૦ ૬

## ૬૬ શ્રી છઠ્ઠા વ્રતની સજઝાય.

સકલ ધર્મનું સાર તે કહિયે રે, મનવંછિત સુખ જેહથી લહિયે રે; રાત્રી ભોજનનો પરિહાર રે, એ છઠ્ઠું વ્રત જગમાં સાર રે. મુનિજન ભાવે એ વ્રત પાલો રે, રાત્રી ભોજન ત્રિવિધે ટાલો રે. ૧

દ્રવ્ય થકી જે ચાર આહાર રે, રાત્રે ન લીએ તે અણગાર રે; રાત્રી ભોજન કરતા નિરધાર રે, ઘણા જીવનો થાય સંહાર રે. મુ૦ ૨

દેવ પૂજા નવી સુજે સ્નાન રે, સ્નાન વિના કેમ ખાઈએ ધાન રે; પંખી જનાવર કહિયે જેહ રે, રાત્રે ચુણ ન કરે તેહરે. મુ૦ ૩

માર્કંડ ઋષીસર બોલ્યા વાણી રે, રૂધિર સમાન તે સઘલું પાણી રે; અન્ન તે આમીષ સરીખું જાણો રે,

દિનાનાથ જખ થયે રાણો રે. મુ૦ ૪

સાબર સુઅર ધુવડ કાગરે, મંજાર વિછુ ને વલી નાગરે;
રાત્રી ભોજનથી એ અવતારરે, શિવ શાસ્ત્રમાં એસો વિચારરે, મુ૦૫

જુ ખાધાથી જલોદર થાયરે, કીડી આવે બુદ્ધિ પલાયરે;
કોલીયાવડો જો ઉદરે આવે રે, કુષ્ટ રોગી તે નર થાવે રે. ૬

શ્રી સીદ્ધા જિનાગમમાંહિરે, રાત્રી ભોજન દોષ ત્યાંહિરે;
કાન્તિ વિજય કહે એ વ્રત પાલો રે, જે પાલે તે ધન્ય અવતારો રે. મુ૦ ૭

## ૬૭ શ્રી શ્રીપાલ રાજાની સજઝાય.

સરસતી માત મયા કરો, આપો વચન વિલાસો રે;
મયણાસુંદરી સતી ગાઈશું, આણી હૈડે ભાવો રે. ૧

નવ પદ મહિમા સાંભલો, મનમેં ધરી ઉલ્લાસો રે;
મયણાસુંદરી શ્રીપાલને, ફલીયો ધરમ ઉદારોરે. નવ૦ ૨

માલવ દેશ માંહે વલી, ઉજેણી નયરી જાણોરે;
રાજ કરે તિહાં રાજીયો, પુહવીપાલ નરીંદરે. નવ૦ ૩

રાય તણી મનમોહની, ધરણી અનોપમ હોયરે;
તાસ કુખે સુતા અવતરી, સુરસુંદરી મયણા જોડરે. નવ૦ ૪

સુરસુંદરી પંડિત પાસે, શાસ્ત્ર ભણી મિથ્યાતો રે;
મયણાસુંદરી સિદ્ધાંતનો, અર્થ લીયો સુવિચારોરે. નવ૦ ૫

રાય કહે પુત્રી પ્રત્યે, હું તુઠો તુમ જેહ રે;
વંછિત વર માગો સદા, આપું અનોપમ તેહરે. નવ૦ ૬

સુરસુંદરી વર માંગીયો, પરણાવી શુચિ ઠામો રે;
મયણાસુંદરી વયણ કહે, કરમ કરે તે હોયોરે. નવ૦ ૭
કરમે તુમારે આવીયો, વર વરો બેટી જઇ રે;
તાત આદેશે કર ગ્રહી, વરીયો કુષ્ટી તેહરે. નવ૦ ૮
આંબીલનો તપ આદરી, કોઢ અઢાર નિકાલ રે;
સદ્દગુરૂ આજ્ઞા શિર ધરી, હૂઓ રાય શ્રીપાલરે. નવ૦ ૯
દેશ દેશાંતર ભમી કરી, આયો તે વર સંતરે;
નવ રાણી પરણ્યો ભલી,રાજ્ય પામ્યો મન રંગેરે.નવ૦ ૧૦
તપ પસાય સુખ સંપદા, પ્રત્યક્ષ સ્વર્ગે પહુતોરે;
ઉપસર્ગ સવી દૂરે ટલ્યો, પામ્યો સુખ અનંતોરે.નવ૦ ૧૧
તપગચ્છ દિનકર ઉગીયો, શ્રીવિજયસેન સુરીંદોરે;
તાસ શિષ્ય વિમલ એમ વિનવે,સતી નામે આણંદોરે.ન૦ ૧૨

## ૬૮ આંબેલ તપની સજ્ઝાય.

ગુરૂ નમતાં ગુણ ઉપજે, બોલે આગમ વાણ;
શ્રી શ્રીપાલ ને મયણા, સદા એ ગુણ ખાણ.
શ્રી મુનિચંદ મુનીસર, બોલે અવસર જાણ. ૧
આંબેલનો તપ વરણવે, નવ પદ નવેરે નિધાન;
કષ્ટ ટલે આશા ફલે, વાધે વસુધા વાણ. શ્રી૦ ૨
રોગ જાએ રોગી તણા, જાએ શોક સંતાપ;
વાલા વૃંદ મેલા મિલે, પુન્ય વધે ઘટે પાપ. શ્રી૦ ૩
ઉજવલ આસો સુદ થકી, તપ માંડ્યો તિણે જઇ;

પૂરો તપ પૂનિમ લગે, કામની કંથ સનેહ. શ્રી૦ ૪
ચૈત્ર સુદ સાતમ થકી, નવ આંબિલ નિરમાય;
એમ એકાસી આંબિલે, એ તપ પૂરો થાય. શ્રી૦ ૫
રાજ નિકંટક પાલતો, નવ શત વર્ષ વિલિન;
દેશવતીપણું આદર્યું, દીપાવ્યો જગ જન. શ્રી૦ ૬
ગજ રથ સહસ તે નવ ભલા, નવ લખ તેજી તોખાર;
નવ કોટી પાયદલ ભલું, નવ નંદન નવ નાર. શ્રી૦ ૭
તપ જપ ઉજવી તે થકી, લીધું નવમું સ્વર્ગ;
સુર નરના સુખ ભોગવી, નવમે ભવ અપવર્ગ. શ્રી૦ ૮
હંસવિજય કવિરાયનો, જીમ જલ ઉપર નાવ;
આપ તર્યા પર તારશે, મોહન સહજ સ્વભાવ. શ્રી૦ ૯

## ૬૯ ઇરિયાવહિની સજઝાય.

ગુરૂ સન્મુખ રહી વિનય વિવેકે, ઇરિયાવહિ પડિક્કમીયેજી; પરભવ આભવ પાતિક હણીયે, ગુણશ્રેણિએ ચડીએ, શ્રુત અનુસરીયે જીરે. ૧

તરીયે આ સંસાર, પાતિક હરીયેજીરે; સદ્ગુરૂને આધાર પાર ઉતરીયેજીરે; ષટ્ અક્ષરનો અરથ સુણીને જાણો નિમસ્ત ગદાયલુંજીરે, મિચ્છામિ દુક્કડં નિર્જુકતી, ભદ્રબાહુ ગુરૂ બોલે. શ્રુત૦ ૨

પુઢવી અપ તેઉ વાઉ સાધારણ, તરૂ બાદર સૂક્ષ્મ સમજીરે; પ્રત્યેક તરૂ વિગલેંદ્રી પજત્તા, અપજત્તા અડવીસ. શ્રુ૦ ૩

હવે પંચેંદ્રી જલચર ખેચર, ઉરપરિ ભુજપરિસર્પજીરે;
ગર્ભ સમુર્છિમ દસપજત્તા, અપજત્તા એ વીસ. શ્રુ૦ ૪
નારકી સાતે પજ્જ અપજ્જ, ચઉદ ભેદ મન ધારોજીરે;
કર્મભૂમિ અકર્મભૂમિના, પન્નર તિસ વિચાર. શ્રુ૦ ૫
છપ્પન અંતરદ્વીપના માણુસ,ગર્ભ સંમુચ્છિંમ ભેદજીરે;
તે અપજત્તા ગર્ભજ, ત્રણસેં ત્રણ વલી ભેદ. શ્રુ૦ ૬
ભુવનપતિ દસ દસ તિરી જૃંભક, પંદર પરમાધામીજીરે;
વ્યંતર સોલ ને જ્યોતિષી દસ ત્રિણ, કીલ્બીષીયા સુર પામી. શ્રુ૦ ૭
બાર સ્વર્ગ ને નવ લોકાંતિક, નવ ગ્રૈવેયક પંચ અનુત્તરજીરે;
એ નવાણુ પજ્જ અપજ્જતા, એકસો અઠાણું સુરનાં. શ્રુ૦૮
અભિહયા આદિ દસ પદ સાથે,પાંચસે ત્રેસઠ ગણાતાજીરે;
છપ્પનસે ને ત્રીસ થયા તે, રાગ ને દ્વેષે હણતાં. શ્રુ૦ ૯
અગીયાર સહસ ને બસે સાઠ એ, મન વચ કાયા તિગુણાજીરે;
તેત્રીસસેને સાતસેં એંસી, તે વલી આગલ તિગુણા.શ્રુ૦૧૦
કરે કરાવે ને અનુમોદે, એક લાખ તેરસેં ચાલીસજીરે;
ત્રણ કાલસું ગણતાં તિગ લખ, ચાર હજાર ને વિસ. શ્રુ૦૧૧
કેવલી સિદ્ધ મુનિ સુગુરૂ આતમ, છ ગુણા લાખ અઢારજીરે; ચોવિસ સહસ ને એકસો વિસ, સરવાલે અવધાર. શ્રુત૦ ૧૨
છઠ્ઠે વરસે દીક્ષા લીધી, નવમે કેવલ ધારીજીરે; જલ ક્રીડા કરતાં અયમત્તા, મુનિવરની બલીહારી. શ્રુત૦ ૧૩

એમ સાધુ શ્રાવક પાતિક ટાલી, લહે ભવ પારજીરે;
શ્રીશુભવીરનું શાસન વરતે, એકવીસ વરસ હજાર. શ્રુ૦ ૧૪

## ૭૦ તેર કાઠીયાની સજ્ઝાય.

આલસ પહેલોજી કાઠિયો, ધર્મે ઢીલ કરાય રે;
નિવારોજી કાઠિયા તેર દૂરે કરો; બીજો તે મોહ પુત્ર
કલત્રશું, રંગે રહે લપટાય રે. નિવારોજી કા૦ ૧

ત્રીજો તે અવરણ ધર્મમાં, બોલે અવર્ણવાદ રે;
નિવારોજી. કા૦ ચોથો તે દંભજ કાઠિયો, ન લહે વિનયે
સંવાદ રે, નિવારોજી કા૦ ૨

ક્રોધ તે કાઠિયો પાંચમો, રીશે રહે અમલાય રે;
નિવારોજી. કા૦ છઠો પ્રમાદ તે કાઠિયો, વ્યસને વિગુતો
થાય રે. નિવારોજી કા૦ ૩

કૃપણ કાઠિયો સાતમો, ન ગમે દાનની વાત રે; નિવા૦
આઠમો ભયથી નવી સુણે, નરકાદિક અવદાત રે. નિવા૦ ૪

નવમો તે શોક નામે કહ્યો, શોકે છાંડે ધર્મ રે; નિવા૦
દશમો અજ્ઞાને તે નવિ લહે, ધર્મ અધર્મનો મર્મ રે. નિ૦ ૫

વિકથા નામે અગ્યારમો, લોક વાતે ધરે પ્રીત રે; નિવા૦
કુતુહલ કાઠિયો બારમો, કૌતુક જોવા ધરે ચિત્ત રે. નિ૦ ૬

વિષય તે કાઠિયો તેરમો, નારી સાથે ધરે નેહ રે;
નિવા૦ શ્રી મહિમાપ્રભસૂરિનો, ભાવ સાધુ ધન તેહ રે. નિ૦ ૭

## ૭૨ અરણિક મુનિની સજ્ઝાય.

અરણિક મુનિવર ચાલ્યા ગોચરી, તડકે દાઝે શીશો જી; પાય અણવાણે રે વેલૂ પરજલે, તનુ સુકુમાલ મુનીશો જી. ૧

મુખ કરમાણું રે માલતી ફુલ જ્યું, ઉભો ગોખની હેઠો જી; ખરેરે બપોરે રે દીઠો એકલો, મોહી માનની દેઠો જી. અરણિ૦ ૨

વયણ રંગીલી રે નયણે વિંધિયો, ઋષિ થંભ્યો તેણે ઠાણો જી; દાસીને કહે જારે ઉતાવલી, એ ઋષિ તેડી આણો જી. અરણિ૦ ૩

પાવન કીજે રે ઋષિ ઘર આંગણું, વહોરો મોદક સારો જી, નવયૌવન વય કાયા કાં દહો, સફલ કરો અવતારો જી. અર૦ ૪

ચંદ્ર વદની એ ચારિત્ર ચૂકવ્યું, સુખ વિલસે દિન રાતો જી; એક દિન રમતાં રે ગોખે સોગઠે, તવ દીઠી નિજ માતો જી. અર૦ ૫

અરણિક અરણિક કરતી મા ફિરે, ગલિયે ગલિયે મઝારો જી; કહો કેણે દીઠો રે મહારો અરણિકો, પુછે લોક હજારો જી. અરણિ૦ ૬

હું કાયર છું રે મારી માવડી, ચારિત્ર ખાંડાની ધારો જી; ધિગ્ ધિગ્ વિષયા રે માહરા જીવને, મેં કીધો અવિચારો જી. અરણિ૦ ૭

ઉતર્યો તિહાંથી રે જનની પાય પડયો, મનશું લાજ્યો તિવારો જી; વચ્છ તુજ ન ઘટે રે ચારિત્ર મૂકવું, જેહથી શિવ સુખ સારો જી. અરણિ૦ ૮

એમ સમજાવી રે પાછો વાલીયો, આણ્યો ગુરૂને પાસો જી; સદ્‍ગુરૂ દીએ રે શીખ ભલી પરે, વૈરાગે મન ભાસ્યો જી; અરણિ૦ ૯

અગ્નિ ધખંતી રે શિલા ઉપરે, અરણિક અણસણ કીધો જી; રૂપવિજય કહે ધન્ય તે મુનિવરૂ, જિણે મન-વંછિત લીધો જી. અરણિ૦ ૧૦

## ૭૨ અથ મેઘકુમારની સજ્ઝાય.

ધારિણી મનાવે રે મેઘકુમારને રે, તું મુજ એકજ પૂતઃ તુજ વિણ સુનાં રે મંદિર માળિયાં રે, રાખો રાખો ઘર તણાં સૂત. ધારિણી૦ ૧

તુજને પરણાવું રે આઠ કુમારિકા રે, સુંદર અતિ સુકુમાલ; મલપતી ચાલે રે વન જેમ હાથણી રે, નયણ વયણ સુવિશાલ. ધારિણી૦ ૨

મુજ મન આશા રે પુત્ર હતી ઘણી રે, રમાડીશ વહૂનાં રે બાલ; દૈવ અટારો રે દેખી નવિ શકયો રે, ઉપાયો એહ જંજાલ. ધારિણી૦ ૩

ધણ કણ કંચન રે ઋદ્ધિ ઘણી અછે રે, ભોગવો ભોગ સંસાર; છતી ઋદ્ધિ વિલસો રે જાયા ઘર આપણે રે, પછે

લેજો સંયમ ભાર. ધારિણી૦ ૪

મેઘકુમારે રે માતા પ્રત્યે બૂઝાવી રે, દીક્ષા લીધી વીરજીની પાસ; પ્રીતિવિમલરે ઇણિ પરે ઉચ્ચરે રે, પોહોતી મહારા મનડાની આશ. ધારિણી૦ ૫

## ૭૩ શ્રી શાંતિનાથનો દશમો ભવ મેઘરથ રાજાની સજ્ઝાય.

દશમે ભવે શ્રીશાંતિજી, મેઘરથ જીવડો રાય; રૂડા રાજા. પોસહ શાલામાં એકલા પોસહ લીયો મન ભાય; રૂડા રાજા. ધન્ય ધન્ય મેઘરથ રાય જી, જીવદયા ગુણ ખાણ; ધર્મી રાજા. ધન્ય૦ ૧

ઈશાનાધિપ ઇંદ્રજી, વખાણ્યો મેઘરથ રાય; રૂડા રાજા, ધર્મ ચલાવ્યો નવિ ચલે, મહાસુર દેવતા આય; રૂડા રાજા. ૨

પારેવું સીંચાણા મુખે અવતરી, પડીયું પારેવું ખોલા માંહે; રૂડા રાજા. રાખ રાખ મુજ રાજવી, મુજને સીંચાણો ખાહે; રૂડા રાજા. ધન્ય૦ ૩

સીંચાણો કહે સુણો રાજીયા, એ છે મહારો આહાર; રૂડા રાજા. મેઘરથ કહે સુણ પંખીયાં, હિંસાથી નરક અવતાર; રૂડા પંખી. ધન્ય૦ ૪

શરણે આવ્યું રે પારેવડું, નહીં આપું નિરધાર; રૂડા પંખી. માટી મગાવી તુજને દીઉં, તેહનો તું કર આહાર; રૂડા પંખી. ધન્ય૦ ૫

માટી ખપે મુજ એહની, કાં વલી તાહરી દેહ; રૂડા રાજા. જીવદયા મેઘરથ વસી, સત્ય ન મેલે ધર્મી તેહ; રૂડા રાજા. ધન્ય૦ ૬

કાતી લેઈ પિંડ કાપીને, લે માંસ તું સીંચાણ; રૂડા પંખી. ત્રાજુયે તોલાવી મુજને દીઓ, એ પારેવા પ્રમાણ; રૂડા રાજા. ધન્ય૦ ૭

ત્રાજુઓ મંગાવી મેઘરથ રાયજી, કાપી કાપી મૂકે છે માંસ; રૂડા રાજા. દેવ માયા ધારણ સમી, નાવે એકણ અંશ. રૂડા રાજા. ધન્ય૦ ૮

ભાઈ સુત રાણી વલવલે, હાથ ઝાલી કહે તેહ; ઘેલા રાજા. એક પારેવાને કારણે, શું કાપોછો દેહ; ઘેલા રાજા. ધ૦ ૯

મહાજન લોક વારે સહુ, મ કરો એવડી વાત. રૂડા રાજા. મેઘરથ કહે ધર્મ ફલ ભલાં, જીવદયા મુજ ધાત; રૂડા રાજા. ધન્ય૦ ૧૦

ત્રાજુયે બેઠા રાજવી, જે ભાવે તે ખાય; રૂડા પંખી. જીવથી પારેવો અધિકો ગણ્યો, ધન્ય પિતા તુજ માય; રૂડા રાજા. ધન્ય૦ ૧૧

ચડતે પરિણામે રાજવી, સુર પ્રગટ્યો તિહાં આય; રૂડા રાજા. ખમાવે બહુ વિધે કરી, લળી લળી લાગે છે પાય રૂડા રાજા. ધન્ય૦ ૧૨

ઈંદ્રે પ્રશંસા તાહારી કરી, તેહવો તું છો રાય; રૂડા

રાજા; મેઘરથ કાયા સાજી કરી, સુર પોહોતો નિજ ઠાય; રૂડા રાજા. ધન્ય૦ ૧૩

સંયમ લીયો મેઘરથ રાયજી, લાખ પૂરવનું આય; રૂડા રાજા. વીશસ્થાનક વિધે સેવિયાં, તીર્થંકર ગોત્ર બંધાય; રૂડા રાજા. ધન્ય૦ ૧૪

ઇગ્યારમે ભવે શ્રીશાંતિજી, પોહોતા સર્વારથ સિદ્ધ; રૂડા રાજા. તેત્રીસ સાગર આઉખું, સુખ વિલસે સુર ગદ્ધ; રૂડા રાજા. ધન્ય૦ ૧૫

એક પારેવા દયાથકી, બે પદવી પામ્યા નરિંદ; રૂડા રાજા. પાંચમા ચક્રવર્ત્તિ જાણિયે, શોલમા શાંતિ-જિણંદ; રૂડા રાજા. ધન્ય૦ ૧૬

બારમે ભવે શ્રીશાંતિજી, અચિરા કૂખે અવતાર; રૂડા રાજા. દીક્ષા લેઈને કેવલ વર્યા, પહોતા મુગતિ મોઝાર; રૂડા રાજા. ધન્ય૦ ૧૭

ત્રીજે ભવે શિવસુખ લહ્યા, પામ્યા અનંતુ જ્ઞાન; રૂડા રાજા. તીર્થંકર પદવી લહી, લાખ વર્ષ આયુ જાણ; રૂડા રાજા. ધ૦ ૧૮

દયાથકી નવનિધિ હોવે, દયા તે સુખની ખાણ; રૂડા રાજા. ભવ અનંતની એ સગી, દયા તે માતા જાણ; રૂડા રાજા. ધ૦ ૧૯

ગજ ભવે શશલો રાખિયો, મેઘકુમાર ગુણ જાણ; રૂડા રાજા. શ્રેણિકરાય સુત સુખ લહ્યાં, પોહોતા અનુત્તર વિમાન; રૂડા રાજા. ધન્ય૦ ૨૦

એમ જાણી દયા પાલજો, મનમાંહે કરૂણા આણ; રૂડા રાજા. સમય સુંદર એમ વિનવે, દયાથી સુખ નિર્વાણ; રૂડા રાજા. ધન્ય૦ ૨૧

---

## ૭૪ પ્રથમ વ્યાખ્યાન પ્રથમ સજ્ઝાય.

### ઢાલ પહેલી.

પર્વ પજૂષણ આવિયાં, આનંદ અંગે ન માય રે, ઘર ઘર ઉત્સવ અતિ ઘણા, શ્રી સંઘ આવીને જાય રે. પર્વ પજુષણ આવિયાં. ૧

જીવ અમારી પલાવિયે, કીજિયે વ્રત પચ્ચખાણ રે; ભાવ ધરી ગુરૂ વંદિયે, સુણિયે સૂત્ર વખાણ રે. પ૦ ૨

આઠ દિવસ એમ પાલિયે, આરંભનો પરિહારો રે; નાવણ ધોવણ ખંડણ, લેપણ પીસણ વારો રે. પર્વ૦ ૩

શક્તિ હોય તો પચ્ચખ્ખીયે, અઠ્ઠાયે અતિ સારો રે; પરમ ભક્તિ પ્રીતિ લાવીયે, સાધુને ચાર આહારો રે. પ૦ ૪

ગાય સોહાગણ સવિ મલી, ધવલ મંગલ ગીત રે; પકવાન્ને કરી પોષયે, પારણે સાહામિ મન પ્રીત રે. પ૦ ૫

સત્તર ભેદી પૂજા રચી, પૂજિયે શ્રી જિનરાય રે; આગલ ભાવના ભાવિયે, પાતક મલ ધોવાય રે. પ૦ ૬

લોચ કરાવે રે સાધુજી, બેસે બેસણાં માંડી રે; શીર વિલેપન કીજિયે, આલસ અંગથી છંડી રે. પ૦ ૭

ગજગતિ ચાલે ચાલતી, સોહાગણ નારી તે આવે રે;
કુંકુમ ચંદન ગહુંઅલી, મોતિયે ચોક પૂરાવે રે. પ૦ ૮
રૂપા મોહરે પ્રભાવના, કરિયે તવ સુખકારી રે;
શ્રી ક્ષમાવિજય કવિ રાયનો, બુધ માણકવિજય જયકારી રે. પ૦ ૯

## પ્રથમ વ્યાખ્યાન દ્વિતીય સજ્ઝાય.

### ઢાલ બીજી.

(એ છીંડી કિહાં રાખી—એ દેશી.)

પહેલે દિન બહુ આદર આણી, કલ્પસૂત્ર ઘર લાહો;
કુસુમ વસ્ત્ર કેસરશું પુજી, રાતિજગે લિયે લાહોરે, પ્રાણી,
કલ્પસૂત્ર આરાધો, આરાધી શિવ સુખ સાધો રે ભવિજન;
કલ્પસૂત્ર આરાધો. ૧

પ્રહ ઉઠીને ઉપાશ્રયે આવી, પૂજી ગુરૂ નવ અંગે;
વાજિંત્ર વાજતાં મંગલ ગાવતાં, ગહુંલી દિયે મન રંગેરે. પ્રા૦ ૨

મન વચ કાય એ ત્રિકરણ શુદ્ધે, શ્રીજિનશાસન માંહે;
સુવિહિત સાધુતણે મુખ સુણિયે, ઉત્તમ સૂત્ર ઉમાહી રે. પ્રા૦ ૩

ગિરિમાંહે જિમ મેરૂ વડો ગિરિ, મંત્રમાંહે નવકાર;
વૃક્ષમાંહે કલ્પવૃક્ષ અનુપમ, શાસ્ત્રમાંહે કલ્પ સાર રે. પ્રા૦ ૪

નવમા પૂર્વનું દશા શ્રુત, અધ્યયન આઠમું જેહ,
ચૌદ પૂર્વધર શ્રીભદ્રબાહુ, ઉદ્ધર્યું શ્રીકલ્પ એહ રે. પ્રા૦ ૫

પહેલા મુનિ દશ કલ્પ વખાણ્યા, ક્ષેત્ર ગુણ કહ્યા તેર;
તૃતીય રસાયન સરિખું એ સૂત્ર, પૂરવમાં નહિ ફેરરે. પ્રા૦ ૬

નવશેં ત્રાણું વરસે વીરથી, સદા કલ્પ વખાણ્;
ધ્રુવસેન રાજા પુત્રની આરતી, આનંદ પૂર મંડાણરે. પ્રા૦૭
અઠ્ઠમ તપ મહિમા ઉપર, નાગકેતુ દ્દષ્ટાંત; એ તો
પીઠિકા હવે સૂત્ર વાંચના, વીરંચરિત્ર સુણો સંત રે. પ્રા૦ ૮
જંબૂદ્વીપમાં દક્ષિણ ભરતે, માહણ કુંડ સુઠામ;
આષાઢ શુદિ છઠે ચવિયા, સુરલોકથી અભિરામ રે. પ્રા૦૯
રૂષભદત્ત ઘરે દેવાનંદા, કુખે અવતરિયા સ્વામી;
ચૌદ સુપન દેખી મન હરખી, પિયુ આગલ કહી તામરે. પ્રા૦૧૦
સુપન અર્થ કહ્યો સુત હોશે, એહવે ઈંદ્ર આલોચે;
બ્રાહ્મણ ઘર અવતરિયા દેખી, બેઠો સુર લોક શોચેરે. પ્રા૦૧૧
ઈંદ્રે સ્તવી ઉલટ આણી, પૂરણ પ્રથમ વખાણ;
મેઘકુમાર કથાથી સાંઝે, કહે બુધ માણક જાણી રે. પ્રા૦ ૧૨

---

## દ્વિતીય વ્યાખ્યાનની સજઝાય.

### ઢાળ ત્રીજી.

**પ્રથમ ગોવાલાતણે ભવે જી—એ દેશી.**

ઈંદ્ર વિચારે ચિત્તમાં જી, એ તો અચરિજ વાત;
નીચ કુલે નાવ્યા કદા જી, ઉત્તમ પુરૂષ અવદાત, સુગુણ
નર, જુઓ જુઓ કર્મ પ્રધાન; કર્મ સબલ બલવાન, સુ૦ ૧
આવે તો જન્મે નહી જી, જિન ચક્રી હરિ રામ;
ઉગ્ર ભોગ રાજન કુલે જી, આવે ઉતમ ઠામ. સુ૦ ૨

કાલ અનંતે ઉપના જી, દશ અચ્છેરાં રે હોય;
તિણે અચ્છેરું એ થયું જી, ગર્ભહરણ દશમાંહિ. સુ૦ ૩
અથવા પ્રભુ સત્યાવીસમાં જી, ભવમાં ત્રીજે જન્મ;
મરીચિ ભવ કુલમદ કિયો જી, તેથી બાંધ્યું નીચ કર્મ. સુ૦ ૪
ગોત્ર કર્મ ઉદયે કરી જી, માહણકુલે ઉપવાય;
ઉત્તમ કુલે જે અવતરે જી, ઈંદ્રિજીત તે થાય. સુ૦ ૫
હરિણગમેષી તેડીને જી, હરિ કહે એહ વિચાર;
વિપ્ર કુલથી લેઈ પ્રભુજી, ક્ષત્રિય કુલે અવતાર. સુ૦ ૬
રાય સિદ્ધારથ ઘર ભલી જી, રાણી ત્રિશલા દેવી;
તાસ કુખે અવતરિયા જી, હરિ સેવક તતખેવ. સુ૦ ૭
ગજ વૃષભાદિક સુંદરૂ જી, ચૌદ સુપન તિણિ વાર;
દેખી રાણી જેહવાં જી, વર્ણવ્યાં સૂત્રે સાર. સુ૦ ૮
વર્ણન કરી સુપન તણું જી, મુકી બીજું વખાણ;
શ્રીક્ષમાવિજય ગુરૂ તણો જી, કહે માણક ગુણખાણ. સુ૦ ૯

## તૃતીય વ્યાખ્યાન સજઝાય. ઢાલ ચોથી.

### મ્હારી સહી રે સમાણી—એ દેશી.

દેખી સુપન તવ જાગી રાણી, એ તો હિયડે હેતજ આણી રે; પ્રભુ અર્થ પ્રકાશે; ઉઠીને પિયુ પાસે સે આવે. કોમલ વચને જગાવે રે. પ્ર૦ ૧
કર જોડીને સુપન સુણાવે, ભૂપતિને મન ભાવે રે; પ્ર૦
કહે રાજા સુણ રાણ પિયારી, સુત પુત્ર હોશે સુખકારી રે. પ્ર૦ ૨

જાઓ સુભગે સુખસજ્ઝાયે,શયન કરોને સજ્ઝાયે રે; પ્ર૦
નિજ ઘર આવી રાત્રિ વિહાઈ, ધર્મ કથા કહે બાઇ રે. પ્ર૦ ૩
પ્રાતઃ સમય થયો સૂરજ ઉગ્યો,ઉઠયો રાય ઉમાયો રે; પ્ર૦
કૌટુંબિક નર વેગે બોલાવે, સુપનપાઠક તેડાવે રે. પ્ર૦ ૪
આવ્યા પાઠક આદર પાવે, સુપન અર્થ સમજાવે રે;
દ્વિજ અર્થ પ્રકાશે. જિનવર ચક્રી જનની પેખે, ચૌદ
સુપન સુવિશેષે. દ્વિ૦ ૫
વાસુદેવની માતા સાત, ચાર બલદેવની માત રે; દ્વિ૦
તે માટે એ જિન ચક્રી સારો, હોશે પુત્ર તુમારો રે. દ્વિ૦ ૬
સુપન વિચાર સુણી પાઠકને, સંતોષે નૃપ બહુ દાને રે;
સુપનપાઠક ઘરે બોલાવી, નૃપરાણી પાસે આવી રે. દ્વિ૦ ૭
સુપન કહ્યાં તે સંખેવે, સુખ પામી પ્રિયા તતખેવે રે. દ્વિ૦
ગર્ભપોષણ કરે હવે હર્ષે, રાણી અંગ આનંદ વરષે રે. દ્વિ૦૮
પંચ વિષય સુખ રંગે વિલસે, અબ પુણ્ય મનોરથ ફલશે રે;
એટલે પૂરૂં ત્રીજું વખાણ,કરે માણક જિનગુણ જ્ઞાન રે.દ્વિ૦૯

## ચતુર્થ વ્યાખ્યાન સજઝાય, ઢાલ પાંચમી.

મન મોહનાંરે લાલ–એ દેશી.

ધનદ તણે આદેશથીરે, મન મોહનાં રે લાલ; તિર્યગ્-જૃંભક દેવ રે; જગ સોહનાં રે લાલ, રાય સિદ્ધારથને ઘરે રે. મ૦ વૃષ્ટિ કરે નિત્યમેવ રે. જ૦ ૧
કનક રયણ મણિ રૌપ્યની રે, મ૦ ધણ કણ ભૂષણ

પાન રે. જ૦ વરસાવે ફૂલ ફુલનીરે, મ૦ નૂતન વસ્ત્ર નિધાનરે. જ૦ ૨
વાધે દોલત દિન પ્રત્યે રે મ૦ તેણે વર્દ્ધમાન હેત રે; જ૦
દેશું નામજ તેહનું રે, મ૦ માત પિતા સંકેત રે. જ૦ ૩
માતાની ભક્તિ કરી રે, મ૦ નિશ્ચલ પ્રભુ રહ્યા તામ રે; જ૦
માતા આરતી ઊપની રે, મ૦ શું થયું ગર્ભને આમ રે. જ૦ ૪
ચિંતાતુર સહુ દેખીને રે, મ૦ પ્રભુ હાલ્યા તેણી વારરે; જ૦
હર્ષ થયો સહુ લોકને રે, મ૦ આનંદમય અપાર રે. જ૦ ૫
ઉત્તમ ડોહલા ઉપજે રે, મ૦ દેવપૂજાદિક ભાવ રે;
જ૦ પૂરણ થાયે તે સહુ રે, મ૦ પૂરવ પુણ્ય પ્રભાવ રે. જ૦ ૬
નવ માસ પૂરા ઉપરેરે, મ૦ દિવસ સાહાડા સાત રે;
જ૦ ઉચ્ચ સ્થાને ગ્રહ આવતાં રે, મ૦ વાયે અનુકુલ
વાત રે. જ૦ ૭
વસંત ઋતુ વન મોહિયાં રે, મ૦ જન મન હર્ષ
ન માય રે; જ૦ ચૈત્ર માસ શુદિ તેરશે રે. મ૦ જિન જન્મ્યા
આધી રાત રે. જ૦ ૮
અજુવાલું ત્રિહું જગ થયું રે, મ૦ વર્ત્યો જય
જયકાર રે; જ૦ ચોથું વખાણ પુરણ ઇહાં રે, મ૦
બુધ માણેક વિજય હિતકાર રે. જ૦ ૯

પંચમ વ્યાખ્યાન સજઝાય, ઢાલ છઠ્ઠી.

સુણો મોરી સજની રજની ન જાવે રે—એ દેશી.

જિનનો જન્મ મહોત્સવ પહેલોરે, છપ્પન દિશિ કુમરી

વહેલો રે; ચોસઠ ઈંદ્ર મલી પછે ભાવે રે, જિનને મેરૂ-
શિખર લઈ જાવે રે. ૧

ક્ષીર સમુદ્રનાં નીર અણાવી રે, કનક રજત મણિ
કુંભ રચાવી રે; એક કોટિ સાઠ લાખ ભરાવે રે, એહવે
ઈંદ્રને સંદેહ આવે રે. ૨

જલધારા કેમ ખમશે બાલ રે, તવ પ્રભુ હરિનો સંશય
ટાલ રે; અંગુઠે કરી મેરૂ હલાવે રે, હરિ ખામીને જિન
ન્હવરાવે રે. ૩

બાવનાચંદન અંગે લગાવે રે, પૂજી પ્રણમી ઘરે
પધરાવે રે; સબલ વિધાની સિદ્ધારથ રાજા ર, દશ જિન
ઉત્સવ કરી તાજા રે. ૪

કુંકુમ હાથ હિયે ઘરબારે રે, વાજાં વાગે વિવિધ
પ્રકારે રે; ધવલ મંગલ ગોરી ગાવે રે, સ્વજન કુટુંબ તે
આનંદ પાવે રે. ૫

પકવાન્નશું પોષી નાત રે, નામ ધર્યું વર્દ્ધમાન
વિખ્યાત રે; ચંદ્રકલા જિમ વાધે વીર રે, આઠ વરસના થયા
વડ વીર રે. ૬

દેવ સભામાં ઈંદ્ર વખાણે રે, મિથ્યાદષ્ટિ સુર નવિ
માને રે; સાપનું રૂપ કરી વિકરાલ રે, આવ્યો દેવ
બ્હીવરાવવા બાલ રે. ૭

નાખ્યો વીરે હાથે સાહી રે, બાલક રૂપ કરી સુર
ત્યાંહી રે; વીરની સાથે આવ્યો રમવા રે, જાણી હાર્યો
સુર તે બલમાં રે. ૮

નિજ ખંધોલે વીરને ચઢાવે રે, સાત તાડ પ્રમાણ તે આવેરે; વીરે માર્યો મુષ્ટિપ્રહાર રે, બીનો સુર તે કર્યો પોકાર રે. ૯

દેવ ખમાવી કહે સુણ ધીર રે, જગમાં મ્હોટો તું મહાવીર રે; માત પિતા હવે મહૂરત વારૂ રે, સુતને મેહલે ભણવા સારૂ રે. ૧૦

આવી ઇંદ્ર તે પૂછવા લાગ્યો રે, વીરે સંશય સઘલો ભાંગ્યો રે; જૈન વ્યાકરણ તિહાં હોવે રે, પંડયો ઉભો આગલ જોવે રે. ૧૧

મતિ શ્રુત અવધિજ્ઞાને પૂરા રે, સંપેમાતપે શૂરા રે; અતિ આગ્રહથી પરણ્યા નારી રે, સુખ ભોગવે તેહશું સંસારી રે. ૧૨

નંદિવર્દ્ધન વડેરો ભાઈ રે, બહેની સુદંસણા બહુ-સુખદાયી રે; સુરલોકે પહોતાં માય ને તાય રે, પૂર્ણ અભિગ્રહ વીરનો થાય રે. ૧૩

દેવ લોકાંતિક સમય જણાવે રે, દાન સંવત્સરી દેવા મંડાવે રે; માગશિર વદિ દશમી વ્રત લીનો રે, તીવ્ર ભાવથી લોચ તવ કીનો રે. ૧૪

દેશ વિદેશે કરે વિહાર રે, સહે ઉપસર્ગ જે સબલ ઉદાર રે; પૂરૂં પાંચમું વખાણ તે આંહીં રે, પભણે માણક વિબુધ ઉમાહી રે. ૧૫

## ષષ્ટ વ્યાખ્યાન સજ્ઝાય.

### ઢાળ સાતમી.

### થોયની દેશી.

ચારિત્ર લેતાં ખંધે મુકયું, દેવદુષ્ય સુરનાથે જી;
અર્ધ તેહનું આપ્યું પ્રભુ જી, બ્રાહ્મણને નિજ હાથે જી. ૧
વિહાર કરતાં કાંટે વળગ્યું, બીજું અર્ધ તે ચેલ જી;
તેર માસ સચેલક રહિયા, પછે કહિયે અચેલ જી. ૨
પન્નર દિવસ રહી તાપસ આશ્રમે, સ્વામી પ્રથમ ચોમાસે જી;
અસ્થિગ્રામે પહોંતા જગગુરૂ, શુલપાણિની પાસે જી. ૩
કુષ્ટ સ્વભાવ વ્યંતર તેણે કીધા, ઉપસર્ગ અતિ ઘોર જી;
સહી પરિસહ તે પ્રતિબોધી, મારી નિવારી જોર જી. ૪
મોરાક ગામે કાઉસ્સગ્ગ પ્રભુજી, તાપસ તિહાં કરભેદી જી;
અછચ્છંદકનું માન ઉતાર્યું, ઈંદ્રે આંગુલી છેદી જી. ૫
કનકખલે કોશિક વિષધર, પરમેશ્વર પડિબોહ્યો જી;
ધવલ રૂધિર દેખી જિન દેહે, જાતિ સમરણ સોહ્યો જી. ૬
સિંહ દેવ જીવે કિયો પરિસહ, ગંગા નદી ઉતારે જી;
નાવ નેમ જ્ઞાન કરતો દેખી, કંબલ સંબલ નિવારે જી. ૭
ધર્માચાર્ય નામે મંખલી, પુત્રે પરિઘલ જલાલા જી;
તેજોલેશ્યા મૂકી પ્રભુને, તેહને જીવિત દાન આલ્યાં જી. ૮
વાસુદેવ ભવે પૂતના રાણી, વ્યંતરી તાપસ રૂપે જી;
જટા ભરી જલ છાંટે પ્રભુને, તો પણ ધ્યાનસ્વરૂપે જી. ૯

ઇંદ્ર પ્રશંસા અણમાનતે,સંગમ સુરે બહુ દુઃખ દીધાં જી;
એક રાત્રિમાં વીશ ઉપસર્ગ, કઠોર નિઠોર તેણે કીધા જી. ૧૦
છમાસવાડા પૂંઠે પડિયો, આહાર અસૂઝતો કરતો જી;
નિશ્ચલ ધ્યાન નિહાલી પ્રભુનું, નાઠો કર્મથી ડરતો જી. ૧૧
હજી કર્મ તે અઘોર જાણી, મને અભિગ્રહ ધારે જી;
ચંદનબાલા અડદને બાકુલે, ષટમાસી તપ પારે જી. ૧૨
પૂરવ ભવ વૈરી ગોવાલે, કાને ખીલા ઠોકયા જી;
ખરક વૈદ્યે ખેંચી કાઢયા, ઇણ પેરે સહુ કર્મ રોકયાં જી. ૧૩
બાર વર્ષ સહેતાં ઇમ પરિસહ,વૈશાખ શુદિ દિન દશમીજી;
કેવલજ્ઞાન ઉપન્યું પ્રભુને, વારી ચિહું ગતિ વિષમી જી. ૧૪
સમોસરણ તિહાં દેવે રચિયું, બેઠા ત્રિભુવન ઈશ જી;
શોભિતા અતિશય ચોત્રીશે; વાણી ગુણ પાંત્રીસ જી. ૧૫
ગૌતમ પ્રમુખ એકાદશ ગણધર, ચૌદ સહસ મુનિરાય જી;
સાધવી છત્રીસ સહસ અનોપમ, દીઠે દુર્ગતિ જાય જી. ૧૬
એક લાખ ને સહસ ઓગણસાઠ, શ્રાવક સમકિતધારી જી;
ત્રણ લાખ ને સહસ અઢારશે, શ્રાવિકા સોહે સારી જી. ૧૭
સ્વામી ચઉવિહ સંઘ અનુક્રમે, પાવાપુરી પાય ધારે જી;
કાર્તિક વદિ અમાવાસ્યા દિવસે, પહોતા મુકિત મઝારે જી. ૧૮
પર્વ દીવાલી તિહાંથી પ્રગટયું, કીધો દીપ ઉદ્યોત જી;
રાય મલીને તિણે પ્રભાતે, ગૌતમ કેવલ હોત જી. ૧૯
તે શ્રીગૌતમ નામ જપતાં, હોવે મંગલમાલ જી;

વીર મુકતે ગયાથી નવશે, એંશી વરસે સિદ્ધાંત જી. ૨૦
શ્રી ક્ષમાવિજય શિષ્ય બુધ માણેક કહે, સાંભલો શ્રોતા સુજાણજી;(કલ્પસૂત્રની પુસ્તક રચના દેવાદ્દિગણે કીધીજી)ચરમ જિણેસર તવ એ ચરિત્રે, મૂકયું છઠ્ઠું વખાણ જી. ૨૧

## ષષ્ઠ વ્યાખ્યાન દ્વિતીય સજ્ઝાય.

### ઢાળ આઠમી.

### દેશી ભમરાની.

કાશી દેશ બનારસી, સુખકારી રે, અશ્વસેન રાજાન, પ્રભુ ઉપકારી રે; પટ્ટરાણી વામા સતી, સુ૦ રૂપે રંભ સમાન. પ્ર૦ ૧
ચૌદ સ્વપ્ન સૂચિત ભલાં, સુ૦ જન્મ્યા પાસ કુમાર;પ્ર૦
પોષ વદિ દશમી દિને, સુ૦ સુર કરે ઉત્સવ સાર. પ્ર૦ ૨
દેહમાન નવ હાથનું, સુ૦ નીજ વરણ મનોહાર; પ્ર૦
અનુક્રમે જોબન પામિયા, સુ૦ પરણી પારવતી નાર. પ્ર૦ ૩
કમઠ તણો મદ ગાલીયો, સુ૦ કાઢયો જલતો નાગ; પ્ર૦
નવકાર સુણાવી તે કિયો, સુ૦ ધરણરાય મહાભાગ. પ્ર૦ ૪
પોષ વદી એકાદશી, સુ૦ વ્રત લેઇ વિચરે સ્વામ; પ્ર૦
વડતલે કાઉસ્સગ્ગે રહ્યા, સુ૦ મેઘમાલી સુર તામ. પ્ર૦ ૫
કરે ઉપસર્ગ જલવૃષ્ટિનો, સુ૦ આવ્યું નાસિકા નીર; પ્ર૦
ચૂકયા નહિ પ્રભુ ધ્યાનથી, સુ૦ સમરથ સાહસ ધીર. પ્ર૦ ૬
ચૈત્ર વદી ચોથને દિને, સુ૦ પામ્યા કેવલ નાણ; પ્ર૦
ચઉવિહ સંઘ થાપી કરી, સુ૦ આવ્યા સમેતગિરિ ઠાણ. પ્ર૦ ૭

પાળી આયુ શો વર્ષનું, સુ૦ પહોતા મુક્તિ મહંત; પ્ર૦
શ્રાવણ શુદિ દિન અષ્ટમી, સુ૦ કીધો કર્મનો અંત. પ્ર૦ ૮
પાસ વીરને આંતરૂં, સુ૦ વર્ષ અઢીશે જાણ; પ્ર૦
કહે માણક જિન દાસને, સુ૦ કીજે કોટિ કલ્યાણ. પ્ર૦ ૯

## સપ્તમ વ્યાખ્યાન સઝાય.

### ઢાળ નવમી.

હો મતવાલે સાજના–એ દેશી.

શૌરીપુર સમુદ્રવિજય ઘરે, શિવા દેવી કૂખે, સારો રે;
કાર્તિક વદી બારસ દિને, અવતર્યા નેમ કુમારો રે, જયો જયો જિન બાવીશમો. ૧
ચૌદ સ્વપ્ન રાણીએ પેખિયાં, કરવો સ્વપ્ન તણો વિચાર રે;
શ્રાવણ શુદિ દિન પંચમી, પ્રભુ જન્મ હુઓ જયકાર રે. જ૦ ૨
સુરગિરિ ઉત્સવ સુર કરે, જિનચંદ્ર કલા જિમ વાધે રે;
એક દિન રમતાં રંગમાં, હરિ આયુધ સઘલાં સાધે રે. જ૦ ૩
ખબર સુણી હરિ શંકિયા, પ્રભુ લઘુ વય થકી બ્રહ્મચારી રે;
બલવંત જાણી જિનને, વિવાહ મનાવે મુરારી રે. જ૦ ૪
જાન લેઈ જાદવ આગ્રહે, જિન આવ્યા તોરણ બાર રે;
ઉગ્રસેન ઘર આંગણે, તવ સુણીયો પશુ પોકાર રે. જ૦ ૫
કરૂણાનિધિ રથ ફેરવ્યો, નવિ માન્યો કહેણ કેહનો રે;
રાજુલને ખટકે ઘણું, નવ ભવનો સ્નેહ છે જેહ નો રે. જ૦ ૬
દાન દેઇ સંયમ લિયો, શ્રાવણ છઠ અજુઆલી રે;

ચોપન દિન છદ્મસ્થ રહી, લહ્યું કેવલ કર્મને ગાલી રે. જ૦ ૭
આશો વદી અમાવાસે, દેઇ દેશના પ્રભુજી સારી રે;
પ્રતિબોધ પામી વ્રત લિયો, રહે નેમ રાજુલ નારી રે. જ૦ ૮
આષાઢ શુદી દિન અષ્ટમી, પ્રભુ પામ્યા પદ નિર્વાણો રે;
રૈવતગિરિ વર ઉપરે, મધ્યરાત્રિયે તે મન આણો રે. જ૦ ૯
શ્રી પાર્શ્વનાથ થયા પહેલાં, કયારે નેમ થયા નિરધારો રે;
સાડા સાતસે ત્ર્યાશી હજાર વર્ષે, ચિત્ત માંહે ચતુર વિચારોરે. જ૦ ૧૦
સહુકો જિનનાં આંતરાં, મન દેઈ મુનિવર વાંચે રે; ઇહાં
પુરણ વ્યાખ્યાન સાતમું, સુગુણી પુણ્ય ભંડારને સાંચે રે. જ૦ ૧૧

## અષ્ટમ વ્યાખ્યાન સજ્ઝાય.

### ઢાળ દશમી

બે બે મુનિવર વિહરણ પાંગર્યાજી–એ દેશી.

ઇક્ષાકુ ભૂમે નાભિ કુલગર ઘરે જી, સોહે મરૂદેવી તસ નાર રે;
અષાઢ વદી સુર લોકથી ચવી રે, અવતરિયા જગ સુખકાર રે.
પ્રણમો ભવિજન આદિ જિણેસરૂ રે. ૧
ગજ વૃષભાદિક ચૌદ સુહણે જી, દીઠાં માડિયે માઝમ રાત રે;
સુપન અર્થ કહે નાભિ કુલગરૂ જી, હોશે નંદન વીર વિખ્યાત રે. પ્ર૦ ૨
ચૈત્ર અંધારી આઠમે જનમિયા જી, સુર મલી ઉત્સવ
સુરગિરિ કીધ રે; દીઠો વૃષભ તે પહેલે સુપને જી, તેણે
કરી નામ રૂષભ તે દીધ રે. પ્ર૦ ૩
વાધે રૂષભજી કલ્પ વેલી જ્યું રે, દર્શન દીઠે સકલ સમૃદ્ધિ રે;

બાલક રૂપ કરીને દેવતા જી, એલે જિન સાથે હિત વૃદ્ધિ રે. પ્ર૦ ૪

કુમરો સુનંદા બીજી સુમંગલા જી, જિનને પરણાવી હરિ આય રે; થાપી અયોધ્યા નગરી વસાવીને રે, થાપી રાજનીતિ તિણ ઠાય રે. પ્ર૦ ૫

રીતિ પ્રકાશી સઘલી વિશ્વની રે, કિયો અસિ મષી કૃષી વ્યવહાર રે; એકશો વીશ અને નર નારી કહ્યા રે, પ્રભુજી યુગલાધર્મ નિવાર રે. પ્ર૦ ૬

ભરતાદિક શત પુત્ર સોહામણા રે, બેટી બ્રાહ્મી સુંદરી સાર રે; લાખ ત્રાશી પૂરવ ગૃહીપણે જી, ભોગવી ભોગ ભલા મનોહાર રે. પ્ર૦ ૭

દેવ લોકાંતિક સમય જણાવિયો રે, જિનને દીક્ષાનો વ્યવહાર રે; એક કોટિ આઠ લાખ સોવન દિન પ્રત્યે રે, દેઈ વરષીદાન ઉદાર રે. પ્ર૦ ૮

ચૈત્ર અંધારી આઠમ આદર્યો રે; સંયમ મુષ્ટિયે કરી લોચ રે; શ્રેયાંસ કુમર ઘરે વરષીપારણું જી, કીધું ઇક્ષુરસે ચિત્ત સાચ રે, પ્ર૦ ૯

સહસ વર્ષ લગે છદ્મસ્થપણે રહ્યા જી, પછી પામ્યા કેવલ જ્ઞાન રે; ફાગુણ અંધારી અગ્યારસ દિને જી, સુર કરે સમવસરણ મંડાણ રે. પ્ર૦ ૧૦

ત્યાં બેઠી પ્રભુ ધર્મ દેશના રે, સાહમી ને સુણે પર્ષદા બાર રે; પ્રતિબોધાણાં કેઇ વ્રત ગ્રહે જી, કેઈ શ્રાવ-

ક્નાં વ્રત બાર રે. પ્ર૦ ૧૧

થાપ્યા ચોરાશી ગણધર ગુણનીલા જી, મુનિવર માન ચોરાશી હજાર રે; સાધવી ત્રણ લાખ શ્રાવક એટલા જી, ઉપર પાંચ સહસ અવધાર રે. પ્ર૦ ૧૨

પાંચ લાખ ચોપન સહસ શ્રાવિકા જી, થાપી ચઉવિહ સંઘ સુજાણ રે; મહા વદિ તેરસે મુકતે પધારિયા જી, બુધ માણક નમે વિહાણ રે. પ્ર૦ ૧૩

વાંચે વિસ્તારે મુનિવરા વલી જી, મૂકયું આઠમું વખાણ ઇણ ઠામ રે; બુધશ્રી ક્ષમાવિજયજી ગુરૂ તણો જી, કરે માણક મુનિ ગુણગ્રામ રે. પ્ર૦ ૧૪

## નવમ વ્યાખ્યાન સજ્ઝાય.

### ઢાળ ૧૧ મી.

ભરત નૃપ ભાવશું—એ દેશી.

સંવત્સરી દીન સાંભલો એ, બારસા સૂત્ર સુજાણ;
સફળ દિન આજનો એ.
શ્રીફલની પ્રભાવના એ, રૂપા નાણું જાણ. સ૦ ૧
સામાચારી ચિત્ત ધરો એ, સાધુ તણો આચાર; સ૦
વડલહુડાઇ ખામણાં એ, ખામો સહુ નર નાર. સ૦ ૨
રીસ વશે મન રૂષણાં એ, રાખીને ખમાવે જેહ; સ૦
કોહ્યું પાન જિમ કાઢવું એ, સંઘ બાહેર સહિ તેહ. સ૦ ૩
ગલિત વૃષભ વધકારકુ એ, નિર્દય જાણી વિપ્ર; સ૦

પંક્તિ બાહિર તે કહ્યો એ, જિમ મહાસ્થાને ક્ષિપ્ર. સ૦ ૪
ચંદનબાલા મૃગાવતી એ, જેમ ખમાવ્યું તેમ; સ૦
ચંડપ્રદ્યોતન રાયને એ, ઉદાયન ખમાવ્યું જેમ. સ૦ ૫
કુંભકારક શિષ્યની પરે એ, તિમ ન ખમાવો જેમ; સ૦
બાર બોલે પટ્ટાવલી એ, સુણતાં વાધે પ્રેમ. સ૦ ૬
પડિક્કમણું સંવત્સરી એ, કરિયે સ્થિર કરી ચિત્ત. સ૦
દાન સંવત્સરીને દેઇને એ, લીજે લાહો નિત્ત. સ૦ ૭
ચઉવિહ સંઘ સંતોષિયે એ, ભક્તિ કરી ભલી ભાતિ. સ૦
ઇણ પરે પર્વ પજૂષણ એ, ખરચો લક્ષ્મી અનંત. સ૦ ૮
જિનવર પૂજા રચાવિયે એ, ભક્તિ મુક્તિ સુખદાય; સ૦
ક્ષમાવિજય પંડિત તણો એ, બુધ માણક મન ભાય. સ૦ ૯

## ૭૫ શ્રી સ્થૂલિભદ્રની સજ્ઝાય.

આંબો મોર્યો હે આંગણે, પરિમલ પુહવી ન માય; પાસે ફૂલી હે કેતકી, ભ્રમર રહ્યો હે લુભાય. આંબો૦ ૧

આવો સ્થૂલીભદ્ર વાલહા, લાછલદેના હો નંદ; તુમ શું મુજ મન મોહિયું, જિમ સાયર ને ચંદ. આં૦ ૨

સુગુણા સાથે હો પ્રીતડી, દિન દિન અધિકી હો થાય; બેઠો રંગ મજીઠનો, કદીયે ચટક ન જાય. આં૦ ૩

નેહ વિહૂણા કે માણસાં, જેહવા આવલ ફૂલ, દીસંતાં રલીયામણાં, પણ નવિ પામે હે મૂલ્ય. આં૦ ૪

કોયલડી ટહુકા કરે, આંબે લેહકેરે લુંબ; સ્થૂલભદ્રે સુરતરૂ

સરિખો, કોશ્યા કણયર કંબ. આં૦ ૫

સ્થૂલિભદ્રે કોશ્યાને બૂઝવી, દીધો સમકિત સારઃ રૂપ-વિજય કહે શીલથી, લહિયે સુખ અપાર. આં૦ ૬

## ૭૬ અથ વણઝારાની સજ્ઝાય.

નરભવ નયર સોહામણું, વણઝારા રે; પામીને કરજે વ્યાપાર, અહો મોરા નાયકરે; સત્તાવન સંવર તણી, વ૦ પોઠી ભરજે ઉદાર. અહો૦ ૧

શુભ પરિણામ વિચિત્રતા, વ૦ કરિયાણાં બહુ મૂલ; અ૦ મોક્ષનગર જાવા ભણી, વ૦ કરજે ચિત્ત અનુકૂલ. અ૦ ૨

ક્રોધ દાવાનલ ઓલવે, વ૦ માન વિષય ગિરિરાજ; અ૦ ઓલંગજે હલવે કરી, વ૦ સાવધાન કરે કાજ. અ૦ ૩

વંશ જાલ માયા તણો, વ૦ નવિ કરજે વિશરામ; અ૦ ખાડી મનોરથ ભટ તણી, વ૦ પૂરણનું નહિ કામ. અ૦ ૪

રાગ દ્વેષ દોય ચોરટા, વ૦ વાટમાં કરશે હેરાન; અ૦ વિવિધ વીર્ય ઉલ્લાસથી, વ૦ તે હણજે રે ઠાય. અ૦ ૫

એમ સવિ વિઘન વિદારીને, વ૦ પહોંચજે શિવપુર વાસ; અ૦ ક્ષયઉપશમ જે ભાવના, વ૦ પોઠે ભર્યા ગુણરાસ. અ૦ ૬

ખાયક ભાવે તે થશે, વ૦ લાભ હોશે તે અપાર; અ૦ ઉત્તમ વણજ જે એમ કરે, વ૦ પદ્મ નમે વારંવાર. અ૦ ૭

## ૭૭ બાહુબલિજીની સજ્ઝાય.

બહેની બોલે હો, બાહુબલ સાંભલો જી; રૂડા રૂડા

રંગનિધાન. ગયવર ચઢિયા હો, કેવલ કેમ હુવે જી, જાણ્યું જાણ્યું પુરૂષ પ્રધાન. બા૦ ૧

તુજ સમ ઉપશમ જગમાં કુણ ગણે જી, અકલ નિરંજન દેવ; ભાઈ ભરતેસર વાહાલા વિનવે જી, તુજ કરે સુર નર સેવ. બા૦ ૨

ભર વરસાલે હો વનમાં વેઠીઓ જી, જિહાં ઘણાં પાણીનાં પૂર; ઝરમર વરસે હો મેહુલો ઘણું જી, પ્રગટયા પુણ્ય અંકુર. બા૦ ૩

ચિહું દીસી વીંટયો હો વેલડીએ ઘણું જી, જેમ વાદલ છાયો સૂર; આદિનાથે હો અમને મોકલ્યા જી, તુમ પ્રતિબોધન નૂર. બા૦ ૪

વર સંવેગ રસે હો મુનિવર ભર્યા જી, પામ્યું પામ્યું કેવલ નાણ; માણક મુનિ જસ નામે હો હરખ્યો ઘણું જી, દિન દિન ચઢતો છે વાન. બા૦ ૪

## ૭૮ શ્રી શાલિભદ્રની સજ્ઝાય.

પ્રથમ ગોવાલિયાતણે ભવે જી રે, દીધું મુનિવર દાન; નયરી રાજગૃહી અવતર્યો જી રે, રૂપે મયણ સમાન; સોભાગી રે. શાલિભદ્ર ભોગી રે હોય. ૧

બત્રીશ લક્ષણ ગુણે ભર્યો જી રે, પરણ્યો બત્રીશ નાર; માણસને ભવે દેવનાં જી રે, સુખ વિલસે સંસાર. સો૦ ૨

ગોભદ્ર શેઠ તિહાં પૂરવેજી રે, નિત નિત નવલા રે ભોગ;

કરે સુભદ્રા ઓવારણાં જી રે, સેવ કરે બહુ લોગ, સો૦ ૩

એક દિન શ્રેણિક રાજીયો જી રે; જોવા આવ્યો રે રૂપ;
અંગ દેખી સુકોમલાં જી રે, થયો મન હરખિત ભૂપ. સો૦ ૪

વચ્છ વૈરાગી ચિંતવે જી રે, મુજ શિર શ્રેણિક રાય;
પૂરવ પુણ્ય મેં નવિ કર્યાં જી રે, તપ આદરશું માય. સો૦ ૫

ઈણે અવસરે શ્રીજિનવરૂ જી રે, આવ્યા નયરી ઉદ્યાન;
શાલિભદ્ર મન ઉજમ્યો જી રે, વાંદ્યા પ્રભુજીના પાય. સો૦ ૬

વીરતણી વાણી સુણી જી રે, વુઠો મેહ અકાલ; એકેકી
દિન પરિહરે જી રે, જિમ જલ છંડે પાલ. સો૦ ૭

માતા દેખી ટલવલે જી રે, માછલડી વિણ નીર; નારી
સઘલી પાયે પડે જી રે, મમ છંડો સાહસ ધીર. સો૦ ૮

વહુઅર સઘલી વિનવે જી રે, સાંભલ સાસુ વિચાર; સર
છાંડી પાલે ચડયો જી રે, હંસલો ઉડણ હાર. સો૦ ૯

ઇણ અવસર તિહાં ન્હાવતાં જી રે, ધના શિર આંસુ
પડંત; કવણ દુઃખ તુજ સાંભર્યું જી રે, ઊંચું
જોઈ કહંત. સો૦ ૧૦

ચંદ્રમુખી મૃગલોચની જી રે, બોલાવી ભરતાર; બંધવ
વાત મેં સાંભલી જી રે, નારીનો પરિહાર. સો૦ ૧૧

ધનો ભણે સુણ ઘેલડી જી રે, શાલિભદ્ર પૂરો ગમાર; જો
મન આણ્યું છાંડવા જી રે, વિલંબ ન કીજે લગાર. સો૦ ૧૨

કર જોડી કહે કામિની જી રે, બંધવ સમો નહી કોય;

કહેતાં વાતજ સોહલી જી રે, મુકતાં દોહલી હોય. સો૦ ૧૩
જારે જા તે ઈમ કહ્યો જી રે, તો મેં છાંડી રે આઠ;
પિઉડા મેં હસતાં કહ્યું જી રે, કુણશું કરશું વાત.. સો૦ ૧૪
ઇણે વચને ધનો નિસર્યો જી રે, જાણે પંચાયણ સિંહ;
જઈ સાળાને સાદ કર્યો જી રે, ઘેલા ઊઠ અબીહ. સો૦ ૧૫
કાલ આહેડી નિત ભમે જી રે, પૂંઠે મ જોઈશ વાટ; નારી
બંધન દોરડી જી રે, ધવ ધવ છંડે નિરાશ. સો૦ ૧૬
જિમ ધીવર તિમ માછલો જી રે, ધીવરે નાખ્યો રે જાલ;
પુરૂષ પડી જિમ માછલો જી રે, તિમહિ અચિંત્યો ~~કાલ~~. સો૦ ૧૭
જોબન ભર બિહું નીસર્યા જી રે, પહોતા વીરજીની પાસ;
દીક્ષા લીધી રૂઅડી જી રે, પાલે મન ઉલ્લાસ. સો૦ ૧૮
માસખમણને પારણે જીરે, પૂછે શ્રી જિનરાજ; અમને
શુદ્ધજ ગોચરી જી રે, લાભ દેશે કુણ આજ. સો૦ ૧૯
માતા હાથે પારણું જી રે, થાશે તુમને રે આજ; વીર
વચન નિશ્ચય કરી જી રે, આવ્યા નગરીમાંજ. સો૦ ૨૦
ઘરે આવ્યા નવિ ઓલખ્યા જી રે, ફરિયા નગરી મઝાર;
મારગ જાતાં મહિયારડી જી રે, સામી મલી
તેણી વાર. સો૦ ૨૧
મુનિ દેખી મન ઉલ્લસ્યું જી રે, વિકસિત થઈ તસ દેહ;
મસ્તક ગોરસ સૂજતો જી રે, પડિલાભ્યો ધરી નેહ. સો૦ ૨૨
મુનિવર વોહોરી ચાલિયા જી રે, આવ્યા શ્રીજિનપાસ;

મુનિ સંશય જઇ પૂછિયો જી રે, માય ન દીધું દાન. સો૦ ૨૩

વીર કહે તુમે સાંભલો જી રે, ગોરસ વોહોર્યો રે જેહ; મારગ મલી મહીયારડી જી રે, પૂર્વ જન્મ માય એહ. સો૦ ૨૪

પૂરવ ભવ જિનમુખે લહી જી રે, એકત્ર ભાવે રે દોય; આહાર કરી મુનિ ધારિયો જી રે, અણસણ શુદ્ધજ હોય. સો૦ ૨૫

જિન આદેશ લહી કરી જી રે, ચઢિયા ગિરિ વૈભાર; શિલા ઊપર જઇ કરી જી રે, દોય મુનિ અણસણ ધાર. સો૦ ૨૬

માતા ભદ્રા સંચર્યાં જી રે, સાથે બહુ પરિવાર; અંતેઉર પુત્રજ તણો જી રે, લીધો સઘલો સાર. સો૦ ૨૭

સમવસરણે આવી કરી જી રે, વાંદા વીર જગતાત; સકલ સાધુ વાંદી કરી જી રે, પુત્ર જોવે નિજ માત. સો૦ ૨૮

જોઈ સઘલી પરષદા જી રે; નવિ દીઠા દોય અણગાર; કર જોડી કરે વિનતિ જી રે, ભાંખે શ્રીજિન રાજ. સો૦ ૨૯

વૈભારગિરિ જાઇ ચડયા જી રે, મુનિ દરિસણ ઉમંગ, સહુ પરિવારે પરવર્યા જી રે, પહોતા ગિરિવર શૃંગ. સો૦ ૩૦

દોય મુનિ અણસણ ઉચ્ચરી જી રે, ઝીલે ધ્યાન મઝાર; મુનિ દેખી વિલખા થયા જી રે, નયણે નીર અપાર. સો૦ ૩૧

ગદગદ શબ્દે બોલતી જી રે, મલી બત્રીસે નાર; પિઉડા બોલો બોલડા જી રે, જિમ સુખ પામે ચિત્ત. સો૦ ૩૨

અમે તો અવગુણે ભર્યાં જી રે, તું સહી ગુણભંડાર; મુનિવર ધ્યાન ચૂકા નહી જી રે, તેહને વચને લગાર. સો૦ ૩૩

વીરા નયણે નિહાલીયે જી રે, જિમ મન થાયે પ્રમોદ; નયણ ઉઘાડી જોઇયે જી રે, માતા પામે મોદ. સો૦ ૩૪

શાલિભદ્ર માતા મોહને જી રે, પોહોતા અમર વિમાન; મહાવિદેહે સીઝશે જી રે, પામી કેવલ જ્ઞાન. સો૦ ૩૫

ધનો ધર્મી મુક્તે ગયો જી રે, પામી શુકલ ધ્યાન; જે નર નારી ગાવશે જી રે, સમયસુંદરની વાણ. સો૦ ૩૬

## ૭૯ અથ શ્રી ધન્નાજીની સજ્ઝાય.

શીયાલામાં શીત ઘણી રે ધન્ના. ઉનાળે લૂ વાય; ચોમાસે જલ વાદલાં રે ધન્ના, એ દુઃખ સહ્યું ન જાય; હું તો વારીરે ધનજી આજ નહી સો કાલ. ૧

વનમે તો રહેવું એકલું રે ધન્ના, કોણ કરે તારી સાર; ભૂખ પરિસહ દોહિલો રે ધન્ના, મત કર એસી વાત રે હો ધનજી; મત લીયો સંયમ ભાર. ૨

વનમાં તો મૃગ એકલો રે માતા, કોણ કરે ઉનકી સાર; કરણી તો જેસી આપકી રે માતા, કોણ બેટા કુણ બાપ રે, હો જનની; હું લેહું સંયમ ભાર. ૩

પંચ મહાવ્રતકો પાલવો રે ધન્ના, પાંચ મેરૂ સમાન; બાવીસ પરિસહ જીતવા રે ધન્ના, સંયમ ખાંડાકી ધાર રે. હો ધનજી ! મત૦ ૪

નીર વિનાની નદી કીસી રે ધન્ના, ચંદ વિના કેસી રાત; પિયુ વિના કેસી કામિની રે ધન્ના, વદન કમલ

વિલખાય રે. હો ધનજી! મત૦ ૫

દીપક વિના મંદિર કિસ્યાં રે ધન્ના, કાન વિના કેસો રાગ; નયણ વિના કિસ્યું નિરખવું રે ધન્ના, પુત્ર વિના પરિવાર રે. હો ધનજી! મત૦ ૬

તું મુજ અંધાલાકડી રે ધન્ના, સો કોઇ ટેકા રે હોય; જો કોઈ લાકડી તોડશે રે ધન્ના, અંધો હોશે ખુવાર રે. હો ધનજી! મ૦ ૭

રત્નજડિતકો પિંજરો રે માતા, તે સૂડો જાણે બંધ; કામ ભોગ સંસારના રે માતા, જ્ઞાનીને મન ફંદ રે. જનની! હું લેહું સંયમ ભાર. ૮

આયુ તો કંચન ભર્યો રે ધન્ના, રાઇ પરબત જેમ સાર; મગર પચ્ચીશી અસતરી રે ધન્ના, નહિ સંયમકી વાત રે. હો ધનજી! મ૦ ૯

નિત્ય ઉઠી ઘોડલે ફીરતો રે ધન્ના, નિત્ય ઉઠી બાગમેં જાય; એસી ખુબી પરમાણે રે ધન્ના, ચમર ઢુલાયાં જાય રે. હો ધનજી! મ૦ ૧૦

ચોડી પાલખીયે પોઢતો રે ધન્ના, નિત્ય નઈ ખુબી માણ; એ તો બત્રીશ કામિની રે ધન્ના, ઉભી કરે અરદાસ રે. હો ધનજી! મ૦ ૧૧

નારય સકારા હું ગયો રે માતા, કાને આયો રાગ; મુનીશ્વરની વાણી સુણી રે માતા, આ સંસાર અસાર રે

હો જનનિ ! હું લેશું૦ ૧૨

હાથમેં લેને પાતરો રે ધન્ના, ઘેર ઘેર માગવી ભીખ; કોઇ ગાળજ દેઈ કાઢશે રે ધન્ના, કોઈ દેવેંગે શીખ રે. હો ધનજી ! મત૦ ૧૩

તજ દિયાં મંદિર માલિયાં રે માતા, તજ દીયો સબ સંસાર; તજ દીની ધરકી નારીયો રે માતા, છોડ ચલ્યો પરિવાર રે. હો જનનિ ! હું લે૦ ૧૪

જૂઠાં તો મંદિર માલિયાં રે માતા, જૂઠો તે સબ સંસાર; જીવતાં ચૂંટે કાલજૂં રે માતા, મુવાં નરક લેઈ જાય રે. હો જનની ! હું લે૦ ૧૫

રાત્રિભોજન છોડ દે હો ધન્ના, પરનારી પચ્ચખાણ; પર ધનશું દૂરા રહો રે ધન્ના, એહજ સંયમ ભાર રે. હો ધનજી ! મત૦ ૧૬

માત પિતા વરજે નહિ રે ધન્ના, મત કર એસી વાત; એહ બત્રીશે કામિની રે ધન્ના, એસા દેગી શાપ રે. હો ધનજી ! મ૦ ૧૭

કર્મ તણાં દુઃખમેં સહ્યાં રે માતા,કોઈ ન જાણે ભેદ; રાગદ્વેષકે પુછડે રે માતા, વાધ્યાં વેર વિરોધરે. હો જ૦ હું૦ ૧૮

સાધુપણામેં સુખ ઘણાં રે માતા, નહિ દુઃખરો લવ-લેશ; મલશે સોઈ ખાવશું રે માતા, સોઇ સાધુ ઉદ્દેશ રે. હો જનનિ ! હું૦ ૧૯

એકલો ઉઠી જાયશે રે માતા, કોઈ ન રાખણહાર; એક જીવકે કારણે રે માતા, કયું કરે એ તો વિલાપ રે. હો જનનિ ! હું૦ ૨૦

ન કોઈ ધન્નો મર ગયો રે માતા, ન કોઇ ગયો પરદેશ; ઉગ્યા સોઇ આથમે રે માતા, ફુલ્યા સો કરમાય રે. હો જનનિ ! હું૦ ૨૧

કાલ ઓચિંતો મારશે રે માતા, કોણ છોડાવણ હાર; કર્મ કાટ મુકતે ગયા રે માતા, દેવલોક સંસાર રે. હો જનનિ ! હું૦ ૨૨

જે જેસી કરણી કરે રે માતા, તિન તેસા ફલ હોય; દયા ધરમ સંયમ વિના રે માતા, શિવ સુખ પામે ન કોય રે. હો જનનિ ! લેશું૦ ૨૩

## ૮૦ ઘડપણની સજ્ઝાય.

અયવંતિ સુકુમાર સુણો ચિત્ત લાય—એ દેશી.

ઘડપણ તું કાં આવિયો રે, તુજ કુણ જોયે છે વાટ;
તું સહુને અળખામણો રે, જેમ માંકણ ભરી ખાટ રે. ઘડ૦ ૧
ગતિ ભાંજે તું આવતાં રે, ઉદ્યમ ઉડી જાય;
દાંતડલા પણ ખસી પડે રે, લાળ પડે મુખ માંય રે. ઘ૦ ૨
બલ ભાંગે આંખો તણો રે, શ્રવણે સુણિયો ન જાય;
તુજ આવે અવગુણ ઘણા રે, ધવલી હોયે રોમરાય રે. ઘ૦ ૩
કેડ દુઃખે ગુડા રહે રે, મુખમાં સાસ ન માય;

ગાલે પડે કરચલી રે, રૂપ શરીરનું જાય રે. ધ૦ ૪
જીભલડી પણ લથડે રે, આણ ન માને કોય;
ઘરે સહુને અલખામણો રે, સાર ન પૂછે કોય રે. ધ૦ ૫
દીકરડા નાસી ગયા રે, વહુઅર દીયે છે ગાલ;
દીકરી નાવે ઢુંકડી રે, સબલ પડયો છે જંજાલ રે. ધ૦ ૬
કાને તો ઢાંકો વલી રે, સાંભલે નહી અ લગાર;
આંખે તો છાયા વલી રે, એ તો દેખી ન શકે લગાર રે. ધ૦ ૭
ઉંબરે તો ડુંગર થયું રે, પોલ થઇ પરદેશ;
ગોલી તો ગંગા થઇ રે, તમે જૂઓ જરાના વેશ રે. ધ૦ ૮
ઘડપણ વહાલી લાપસી રે, ઘડપણ વાહાલી ભીત;
ઘડપણ વાહાલી લાકડી રે, જુઓ ઘડપણની રીત રે. ધ૦ ૯
ઘડપણ તું અકથાગરો રે, અણતેડયો માવેસ;
જોબનીયું જગ વાલહો રે, જતન હું તાસ કરેશ રે. ધ૦ ૧૦
ફટફટ તું અભાગીયા રે, યૌવનનો તું કાલ;
રૂપ રંગને ભંગી જતો રે,તું તો મહોટો ચંડાલ રે. ધ૦ ૧૧
નીસાસે ઉસાસમેં રે, દૈવને દીજીયે ગાલ;
ઘડપણ તું કાં સરજીયો રે, લાગો મહા રે નિલાડ રે. ધ૦ ૧૨
ઘડપણ તું સદાવડો રે, હું તુજ કરૂં રે જુહાર;
જે મેં કહી છે વાતડી રે, જાણજે તાસ વિચાર રે. ધ૦ ૧૩
કોઇ ન વંછે તુજને રે, તું તો દૂર વસાય;
વિનયવિજય ઉવજ્ઝાયનાં રે, રૂપવિજય ગુણ ગાય. ધ૦૧૪

## ૮૧ વૈરાગ્ય ઉપર સજ્ઝાય.

જીવ તું ક્રોધ ન કરજે, લોભ ન ધરજે, માન મ લાવીશ ભાઈ;
કૂંડાં કર્મ ન બાંધીશ, મર્મ ન બોલીશ, ધર્મ ન ચૂકીશ ભાઈરે;
ભોલા દુલહો માનવ ભવ લીધો, તુમે કાંઈ કરી આતમ
સાધો રે. ભો૦ ૧

ઘર પાસે દેરાસરે જાતા, વીસ વીસામા ખાય;
ભૂખ્યો તરસ્યો રાઉલ રોકયો, ઉપર સ્હેતો ધાયરે. ભો૦ ૨

પુન્યતણી પોશાળે જાતા, સુણવા સદ્ગુરૂ વાણી;
એક ઉંઘે બીજો ઉઠી જાએ, નયણે નિદ્રા ભરાણીરે; ભો૦ ૩

નામે બેઠો લોભે પેઠો, ચાર પહોર નીશી જાગ્યો;
બે ઘડીનું પડિક્કમણું કરતાં, ચોખ્ખું ચિત્ત ન રાખેરે.ભો૦ ૪

આઠમ ચૌદશ પુનમ પાખી, પર્વ પર્યુષણ સાર;
બે ઘડીનું પચ્ચખ્ખાણ કરતાં, એક બીજાને વારેરે. ભો૦ ૫

કીર્તિ કારણ પગરણ માંડયું, લાખ લોક ધન લૂટે;
પુણ્ય કારણ પારકું પોતાનું, ગાંડડીથી નવી છૂટેરે. ભો૦ ૬

ઘર ઘરણીના ઘાટ ઘડાવ્યા, પેરણ આછા વાઘા;
દશ આંગળીએ દશ વેઢ વલાવ્યા,નીરવાણે જાશો નાગારે.ભો૦૭

વાંકા અક્ષર માથે મીંડું, લલાટે અર્ધો ચંદો;
મુનિલાવણ્ય વિજય એમ બોલે, તે ચિર કાલે નિંદોરે. ભો૦૮

## ૮૨ ઋતુવંતીની સજઝાય.

જનક સુતા હું નામ ધરાવું, રામ છે અંતરજામી-એ રાગ.

સરસ્વતી માતા આદે નમીને, સરસ વચન દેનારી;
અસજઝાયનું સ્થાનક બોલે, ઋતુવંતી જે નારી;
અલગી રહે જે ઠાણાંગ સુત્રની વાણી, કાને સુણજો૦ ૧
મોટી આશાતના કુલવતીની, જિનજીએ પ્રકાશી;
મલીનપણું જે મન નવી ધારે, તે મિથ્યામતિવાસી. અ૦ ૨
પહેલે દિન ચંડાલણી સરખી, બ્રહ્મઘાતીની વળી બીજે;
પરશાસન કહે ધોબણ તીજે, ચોથે શુદ્ધ વદીજે. અ૦ ૩
ખાંડી પીસી, રાંધી પીયુને, પરને ભોજન પીરસે;
સ્વાદ ન હોવે ખટ રસ પોષે, ઘરની લક્ષ્મી ખીસે. અ૦ ૪
ચોથે દીવસે દર્શન સુજે, સાતમે પુજા જાણીજે;
ઋતુવંતી મુનિને વહોરાવે, સદ્ગતિ સઘળી હણીજે. અ૦ ૫
ઋતુવંતી પાણી ભરી લાવે, જિન મંદિર જલ આવે;
બોધ બીજ નવી પામે ચેતન, બહુલ સંસારી થાવે. અ૦ ૬
અસજઝાયમાં જમવા બેસે, પાંતી વિચે મન હર્ષે;
નાત સર્વે અભડાવી જમતી, દુર્ગતિમાં બહુ ભમશે. અ૦ ૭
સામાયિક પડિક્કમણા ધ્યાને, સૂત્ર અક્ષર નવી જોગી;
કોઈ પુરૂષને નવી આભડીએ, તસ ફરશે તનુરોગી. અ૦ ૮
જિન મુખ જોતાં ભવમાં ભમશે, ચંડાલણી અવતાર;
ભુંડણ લુંડણ સાપણ હોવે, પર ભવમાં ઘણી વાર. અ૦ ૯

પાપડ વડી એરાદિક ફરસી, તેહનો સ્વાદ વિણાસી;
આતમનો આતમ છે સાખી, હૈડે જોને તપાસી. અ૦ ૧૦
એવું જાણી ચોખ્ખાઈ ભજીએ, સમકિત ક્રિયા શુદ્ધિ;
ઋષભ વિજય કહે જિન આણાથી,વહેલી વરશે સિદ્ધિ. અ૦૧૧

## ૮૩ રાત્રી ભોજનની સજઝાય.

પુન્ય સંજોગે નર ભવ લાધ્યો, સાધ્યો આતમ કાજ;
વિષયારસ જાણો વિષ સરીખો, એમ ભાખે જિનરાજરે;
પ્રાણી રાત્રી ભોજન વારો, આગમ વાણી સાચી જાણી;
સમકિત ગુણ સહિનાણીરે પ્રાણી, રાત્રી ભોજન વારો. ૧
અભક્ષ બાત્રીશમાં રયણી ભોજન, દોષ કહ્યા પરધાન;
તેણે કારણ રાતે મત જમજો, જો હોય હૈડે સાનરે. પ્રાણી૦૨
દાન સ્નાન યુદ્ધ ને ભોજન, એટલાં રાતે ન કીજે;
એ કરવાં સુરજની સાખે, નીતિ વચન સમજી જેરે, પ્રાણી૦૩
ઉત્તમ પશુ પંખી પણ રાતે, ટાળે ભોજન ટાણે;
તુમે તો માનવી નામ ધરાવો, કેમ સંતોષ ન આણોરે. પ્રા૦૪
માખી જુ કીડી કોળીયાવડો, ભોજનમાં જો આવે;
કોઢ જળોદર વમન વિકળતા, એવા રોગ ઉપાવેરે. પ્રાણી૦ ૫
છન્નુ ભવ જીવ હત્યા કરતાં, પાતક જેહ ઉપાયું;
એક તળાવ ફોડતાં તેટલું, દૂષણ સુગુરૂ બતાવ્યુંરે. પ્રાણી૦૬
એકોતેર ભવ સર ફાડયા સમ, એક દવ દેતાં પાપ;
અકોતેર ભવ દવ દીધા જિમ, એક કુવણિજ સંતાપરે. પ્રા૦૭

એકસો ચુમાલીસ ભવ લગે કીધાં, કુવણિજના જે દોષ;
કુડું એક કલંક દાયતા, તેહવો પાપનો પોષરે. પ્રાણી૦ ૮
એકસો એકાવન ભવ લગે દીધાં, કુડાં કલંક અપાર;
એક વાર શીળ ખંડયા જેહવો, અનર્થનો વિસ્તારરે. પ્રાણી૦૯
એકસો નવાણું ભવ લગે ખંડયા, શિયળ વિષય સંબંધ;
તેહનો એક રાત્રી ભોજનમાં, કર્મ નિકાચિત બંધરે. પ્રાણી૦૧૦
રાત્રી ભોજનમાં દોષ ઘણા છે, કહેતાં નાવે પાર;
કેવલી કહેતાં પાર ન પાવે, પૂરવ કોડી મઝાર રે. પ્રાણી૦ ૧૧
એહવું જાણીને ઉત્તમ પ્રાણી, નિત ચઉવિહાર કરીજે;
માસે માસે માસખમણનો, લાભ એણી વિધ લીજેરે. પ્રા૦ ૧૨
મુનિ વસ્તાની એહ શીખામણ, જે પાળે નરનારી;
સુર નર સુખ વિલાસીને હોવે, મોક્ષ તણા અધિકારીરે. પ્રાણી૦ ૧૩

## ૮૪ કેશીને ગૌતમ ગણધરની સજ્ઝાય.

એ દોય ગણધર પ્રણમીએ, કેશી ગોયમ ગુણવંત હો મુણીંદ; બહુ પરિવારે પરિવર્યા, ચઉ નાણ ગુણ ગાજંત હો મુણીંદ. એ દોય૦ ૧

સંઘાડા દોય વિચરંતા, એકદા ગોચરીએ મિલંત હો૦ પૂછે ગૌતમ શિષ્ય તિહાં, તુમે કોણ ગચ્છના નિર્ગંથકો હો મુણીંદ. એ દોય૦ ૨

અમ ગુરૂ કેશી ગણધરૂ, પ્રભુ પાસતણા પટોધાર હો૦ સાવથ્થી પાસે સમોસર્યા, તિહાં તિંદુક વન મનોહાર હો૦ એ૦ ૩

ચાર મહાવ્રત અમતણા, કારણે પડિક્કમણા હોય હો૦
રાતા પીળાં વસ્ત્ર વાપરૂં, વળી પંચવરણ જે હોય હો૦ એ૦ ૪

શુદ્ધ મારગ છે મુક્તિનો, અમને કલ્પે રાજ પિંડ હો૦
ધામ જિણેસર ઉપદિશ્યો, તુમ પાળો ચારિત્ર અંખડ
હો૦ એ દોય૦ ૫

ગૌતમ શિષ્ય કહે સાંભળો, અમે પંચ મહાવ્રત ધાર હો૦
પડિક્કમણાં પંચ અમ સહિ, વસ્ત્ર શ્વેત વરણ મનો-
હાર હો૦ એ દોય૦ ૬

રાજપિંડ કલ્પે નહિ, ભાખે વીર જિન પર્ષદા માંહી હો૦
એક મારગ સાધે બેહુ જણા, તો એવડું અંતર
કાંઇ હો૦ એ દોય૦ ૭

સંશયવંત મુનિ બે થયા, જઇ પૂછે નિજ ગુરૂ
પાસે હો૦ ગૌતમ કોષ્ટક વન થકી, આવે કેશી પાસે
ઉલ્લાસ હો૦ એ દોય૦ ૮

કેશી તવ સામ્હા જઈ, ગૌતમને દીયે બહુ માન હો૦
ફાસુ પરાલ તિહાં પાથરી, બિહુ બેઠા બુદ્ધિ નિધાન
હો૦ એ દોય૦ ૯

ચર્ચા કરે જિન ધર્મની, તિહાં મળીયાં સુર નર
વૃંદ હો૦ ગણધર સોહે અતિ ભલા, જાણે એક સૂરજ
બીજો ચંદ હો૦ એ દોય૦ ૧૦

એક મુક્તિ જાવું બિહુ તણે, તો આચારે કાં ભેદ હો૦

જીવ વિશેષે જાણજ્યો, ગૌતમ કહે કરો ખેદરે. એ દોય. ૧૧

સંશય ભાંજવા સહુ તણા, કેશી પૂછે ગુણખાણ હો૦ ગૌતમ ભવિ જીવહિત ભણી, તવ બોલ્યા અમૃત વાણ હો૦ એ દોય૦ ૧૨

વક્ર જડ જીવ ચરમના, પ્રથમના ઋજુ મુરખ જાણ હો૦ સરલ સુબુદ્ધિ બાવીસના, તિણે જુજુઓ આચાર વખાણ હો૦ એ દોય૦ ૧૩

ઇમ કેશીયે પ્રશ્ન જે પૂછીયા, તેના ગૌતમે ટાળ્યા સંદેહ હો૦ ધનધન કેશી કહે ગોયમા, તુમે સાચા ગુણમણી ગેહ હો૦ એ દોય૦ ૧૪

મારગ ચરમ જિણંદનો, આદરે કેશી તેણી વાર હો; કેશી ગૌતમ ગુણ જપે, તે પામે ભવજલ પાર હો૦ એ દોય૦ ૧૫

ઉત્તરાધ્યયન ત્રેવીસમે, એમ ભાંખે શ્રી જિનરાય હો૦ શ્રી વિનય વિજય ઉવજ્ઝાયનો, શિષ્ય રૂપવિજય ગુણ ગાય હો૦ એ દોય૦ ૧૬

## ૮૫ શ્રી ભીલીની સજ્ઝાય.

સરસતી સ્વામીને વિનવું, માગું એક પસાય;
સતીરે શિરોમણી ગાઈશું, ધિંગડ મલ્લરાય.
વન છે અતિ રૂયડો. ૧

ભીલી કહે સૂણો સ્વામીજી, મારો વચન અવધારો;
ફલને ખાવા અમે જાઈશું, ઈણ વન મોઝાર. વન૦ ૨

ભીલ કહે સુણો ગોરડી, ઈણા વન ન જાસો;
પર પુરૂષ તમને દેખશે, ધિંગડ મલરાણો. વન૦ ૩
ભીલી કહે સુણો સ્વામીજી, મારો વચન અવધારો;
પર પુરૂષ ભાઈ બંધવા, મારે ભીલજ રાય. વન૦ ૪

સ્વામી તણી આજ્ઞા લેઇ, ભીલ્ડી રમવાને ચાલી;
વનરે દીઠું રળીયામણું, ભીલો ખેલવા લાગી. વન૦ ૫
દ્રમકરાય પૂંઠે હુવો, ઝબકી નાઠીરે ભીલી;
કમલ કમલે ગુફા અછે, ભીલી ભીતિમે પેઠી. વન૦ ૬

ગજગતિ ચાલે ચાલતી, તારા દુઃખશે પાય;
જમણી પદમણી વાલહી, પેરણ પેર્યાં છે પાન. વન૦ ૭
રાય કહે પ્રધાન સુણો, ભીલી રૂપે છે રૂડી;
ભોલ કરીને ભોળવો, મારે મંદિર લાવો. વન૦ ૮

પ્રધાન ચડીને આવીયો, લાગ્યો ભીલીને પાય;
રાય કહે પ્રાણ તજું, શું કરવું મોરી માય. વન૦ ૯
કે તું અપછરા દેવ કન્યા, નહિ હું દેવજ પુતલી;
જનમ દીયો મુજ માવડી, રૂપ દીઓ કીરતાર. વન૦ ૧૦

વન વસો તુમે ઝુંપડા, આવો અમારે વાસ;
અમરે સરીખા રાજીયા, કેમ મેલોરે નિરાસ. વન૦ ૧૧
વન ભલાર મારે ઝુંપડા, ખપ નહિરે આવાસ;
અમરે સરિખી ગોરડી, તારે ઘેર છે દાસ. વન૦ ૧૨
સાલ દાલ ઘૃત સાલણા, નિત નવારે તંબોલ;

પેરણુ ચિર પટોલીયાં, બેસો હિંચકે હિંડોલ. વન૦ ૧૩
ભોજન કંઈક સરાવીઇ, રાજા અરથે અજાણ્યો;
ભોજ અમારો કંત કિયો, તાંદલ દે વજીર. વન૦ ૧૪
પેરણુ કાંઈક સરાવિઈ, રાજા અરથે અજાણ્યો;
પેરણુ પાન પટોલીયાં, મુજ ભીલને સોહે. વન૦ ૧૫
પૃથ્વીપતિનો રાજીયો, તે તો કહીયે બાપજ;
અમનેય રીસો કાં કરો, તમને લાગે છે પાપ. વન૦ ૧૬
મેરૂ ડગે તો હું ડગું, ઉગે પશ્ચિમ ભાણ;
શીયલ ખંડીત મારૂં નવી કરૂં, જો જાયે પ્રાણ. વન૦ ૧૭
રાય તુરંગેથી ઉતર્યો, લાગ્યો ભીલીને પાય;
વચન કુવચન કીધા ઘણા, તે ખમજો મોરી માય. વન૦ ૧૮
ભેર વાગે ભુંગલ વાજે, વાજે નવ રંગ તાલ;
ભીલી પધાર્યાં મંદિરે, વરત્યો જય જયકાર. વન૦ ૧૯
ઉદય રત્નની વિનતિ, એ ઢાલ છે પુરી,
સાંભળનારા તમે સાંભળો, એ સતી છે રૂડી. વન૦ ૨૦

## ૮૬ શ્રી ચંદનબાલાની સજ્ઝાય.

કોસંબી તે નગરી પધારીયા, વિહરંતા શ્રી મહાવીર; અભિગ્રહો જેણે ધારીયો, જેણે ચિંતવિયા જગદિશ હો સ્વામી. ભામણાં લે જાવા સતગુરૂ. ૧

ભોમિ તળે એક દાડલો સ્વામી, ભમ્યા તે ઘર ઘર-બાર; ઘેબર પકવાન તો ઢાંકી મેલ્યાં, તોએ મનમાં ન

આણ્યું લગાર હો સ્વામી. ભા૦ ૨

રાજાના મોહોલ લુંટાઈ ગયા, લુંટાઈ તે ચંપાપોળ; પગથીએ મેડી ચડયા, ત્યાં તો દીઠી છે ચંદનબાલા હો સ્વામી. ભા૦ ૩

માફે બેસાડીને લેઈ ચાલ્યા, બોલે છે કડવા બોલ; હું છું તાહરો નાવલો, હવે તું છે મારે ઘેર નાર હો સ્વામી. ભા૦ ૪

માફેથી પડતાં નાખીયા, ટળવલે છે ચંદનબાલ; બાઇ મ કરીશ આપઘાત હો સ્વામી. ભા૦ ૫

માફે બેસાડીને લેઇ ચાલ્યા, છે મીઠા બોલ; તું છું મારે ઘેર બેટડી, હવે હું છું તાહરો તાત હો સ્વામી. ભા૦ ૬

માફે બેસાડીને લેઈ ચાલ્યા, ઘેર છે ચેતા નાર; ચેતાએ મનમાં ચિંતવ્યું, એને જઇ વેચો બજારમાં હો સ્વામી. ભા૦ ૭

માફે બેસાડીને લેઇ ચાલ્યા, લઇ ચાલ્યા તે બજાર માંહિ; એને રાખે ગુણકા નાર હો સ્વામી. ભા૦ ૮

લાખ ટકાએ બાઇને મૂલ્યાં, મોંહ માગ્યાં આપ્યાં મૂલ; લાખ ટકાના બાઈ સવાલાખ, બાઇ તું ધરે કહેવો ચાલ હો સ્વામી. ભા૦ ૯

હિંડોલા ખાટે હિંચવા, ચાવવા ચેલઇયા પાન; મન ગમત બાઇ તાહરા, બાઇ અમ ઘરે એહવો ચાલ હો સ્વામી. ભા૦ ૧૦

મારો ભઠ પડયો અવતાર હો સ્વામી, મેં તો ભાગી છે પૂન્યની પાળ હો સ્વામી; મેં તો આરાધ્યાં અરિહંત હો સ્વામી. ભા૦ ૧૧

અંતરીક્ષથી દેવતાએ સાંભળ્યું, મોટી છે ચંદનબાલા; અંતરિક્ષથી વાંદરાં ઉમટયાં, વલુરે ચંદનબાલ, કોસ્યા હતી તે નાસી ગઈ, એ તો નાસી ગઇ તત્કાળ હો સ્વામી. ભા૦ ૧૨

મારૂ બેસાડીને લઈ ચાલ્યા, લેઇ તે બજાર માંહિ; એને રાખે સાધર્મી શેઠ હો સ્વામી. ભા૦ ૧૩

લાખ ટકાએ બાઈ ને મૂલવ્યાં, મોંહ માગ્યાં આપ્યાં મૂલ; લાખ ટકાના ભાઈ સવા લાખ, ભાઈ તમ ઘરે કહેવો ચાલ હો સ્વામી. ભા૦ ૧૪

આંબેલ એકાસણાં અતિ ઘણા, ઉપવાસનો નહિ પાર; પોસા પડિક્કમણાં તો છે ઘણા; ભાઈ દેવવંદન ત્રણ કાળ. તે સ્વામી. ભા૦ ૧૫

મારો સફળ થયો અવતાર હો સ્વામી, મેં તો બાંધી છે પુન્યની પાળ હો સ્વામી; મેંતો સેવ્યા શ્રી અરિહંત હો સ્વામી ભા૦ ૧૬

મારૂ બેસાડીને લેઈ ચાલ્યા, ઘેર છે મૂલા નાર; મૂલાએ મન-માંહિ ચિંતવ્યું, એને રખે કરે ઘરનાર હો સ્વામી. ભા૦ ૧૭

શેઠ તે આવ્યા દરબારથી, ચંદનબાલા ધુવે પગ; મૂલાએ મનમાંહિ ચિંતવ્યું, એને રાખી કરી ઘરનાર હોસ્વામી. ભા૦ ૧૮

હાથે તે ઘાલી હાથ કડી, પાયે લોઢાની બેડી; મસ્તક મુંડયા વેણીના કેસ હો સ્વામી, એને ઘાલી છે ગરથ ભંડાર હો સ્વામી. ભા૦ ૧૯

શેઠ તે આવ્યા દરબારથી, કયાં ગઈ તે ચંદનબાલા; સરખી સાહેલિયોમાં ખેલવા, એ તો ઘરમાં ન આવે લગાર હો સ્વામી. ભા૦ ૨૦

બીજું દહાડું જિહાં થયું, કિહાં ગઇ તે ચંદનબાલા; સાથે સહિયરોમાં ખેલવા, એ તો અમને ન વદે લગાર હો સ્વામી. ભા૦ ૨૧

ત્રીજું દહાડું જિહાં થયું, કિહાં ગઇ તે ચંદનબાલા; એને તમે લાડવાઇ કરી મેલી, એતો તમને ન વદે લગાર હો સ્વામી. ભા૦ ૨૨

શેઠે તે લીધી કટારડી, મારીશ મારે પેટ; જઈને પાડોસણને પૂછિયું, કયાં ગઇ તે ચંદનબાલા, હો સ્વામી. ભા૦ ૨૩

હાથે તે ઘાલી હાથ કડી, પાયે લોઢાની બેડી; મસ્તક મુંડયા વેણિના કેશ હો સ્વામી; ચંદના ઘાલી છે ગરથ ભંડાર હો સ્વામી. ભા૦ ૨૪

શેઠે તે તાલાં તોડીયાં, ચંદનબાલાને કાઢી બાર; મૂલા હતી તે નાસી ગઇ, એ તો નાસી ગઇ તતકાલ હો સ્વામી, ભા૦ ૨૫

હાથે તે દીઠી હાથકડી, પાયે લોઢાની બેડી; મસ્તક ન દીઠા વેણિના કેસ હો સ્વામી. ભા૦ ૨૬

સાધુ તે આવ્યા વહોરવા, તે પાછા વળીને જાય; હાથે તે દીઠી હાથ કડી, પાયે લોઢાની બેડી; મસ્તક દીઠા મુંડયા વેણીના કેસ હો સ્વામી; આંખે ન દીઠી આંસુની ધાર હો સ્વામી. ભા૦ ૨૭

પાછું વાળીને ભાલિયું, આંખે દીઠી આંસુની ધાર; બેડી ભાંગીને ઝાંઝર થયા, હાથે તે સોના ચુડ; મસ્તકે થયા છે સોનાના કેસ હો સ્વામી; આંસુ થયા છે મોતીની સેર હો સ્વામી. ભા૦ ૨૮

શેઠ લવારને તેડી આવિયા, શું થયો તે ચંદનબાલા; દાદા તુમારે પસાય હો સ્વામી. ભા૦ ૨૯

એટલે તે મૂલા માતા આવિયા, શું થયો તે ચંદનબાલ; માતા તુમારે પસાય હો સ્વામી. ભા૦ ૩૦

દેશ પરદેશના સંઘ આવે, મહાવીર સ્વામીને વાંદવા જાય; એમને છમાસી તપના પારણા હો સ્વામી. ભા૦ ૩૧

દેશ પરદેશના સંઘ આવે, ચંદનબાલાને વાંદવા જાય; એમને છઠ અઠમના પારણા હો સ્વામી, ત્યાં તો સુમતિવિજય ગુણ ગાય હો સ્વામી. ભા૦ ૩૨

---

## ૮૭ શ્રી ઇલાચી પુત્રની સજ્ઝાય.

નામ ઇલાચીપુત્ર જાણીયે, ધનદત્ત શેઠનો પુત્ર; નટવી દેખીને મોહીયો, જે રાખે ઘર સુત; કરમ ન છુટેરે પ્રાણીયા. ૧

પૂરવ નેહ વિકાર, નિજ કૂળ છંડીરે નટ થયો; નાણી શરમ લગાર. કરમ૦ ૨

એક પુર આવ્યોરે નાચવા, ઉંચો વાંસ વિશેષ; તિહાં રાય જોવારે આવીયો, મળીયા લોક અનેક. કરમ૦ ૩

દોય પગ પહેરીરે પાવડી, વાંસ ચડયો ગજ ગેલ; નિરાધાર ઉપર નાચતો, ખેલે નવ નવા ખેલ. કરમ૦ ૪

ઢોલ વજાવેરે નટવી, ગાવે કિંનર સાદ; પાયતલ ઘુઘરારે ઘમઘમે, ગાજે અંબર નાદ. કરમ૦ ૫

તિંહા રાય ચિત્તમેંરે ચિંતવે, લુબ્ધો નટવીની સાથ; જો નટ પડેરે નાચતો, તો નટવી મુજ હાથ. કરમ૦ ૬

દાન ન આપેરે ભૂપતિ, નટ જાણે નૃપ વાત; હું ધન વંછુરે રાયનો, રાય વંછે મુજ ઘાત. કરમ૦ ૭

તવ તિહાં મુનિવર પેખીયા, ધન ધન સાધુ નિરાગ; ધિક્ ધિક્ વિષયારે જીવને, એમ તે પામ્યો વૈરાગ. કરમ૦ ૮

થાળ ભરીને મોદક, પદમણી ઉભેલાં બહાર; લો લો કહે લેતા નથી, ધન ધન મુનિ અવતાર. કરમ૦ ૯

સંવર ભાવેરે કેવળી, થયો મુનિ કર્મ ખપાય; કેવળ મહિમારે સુર કરે, લબ્ધિ વિજય ગુણ ગાય; કરમ૦ ૧૦

## ૮૮ શ્રી આષાઢભૂતિની સજઝાય.

### ઢાળ પહેલી.

હમીરીયાની–દેશી.

શ્રી શ્રુતદેવી હૈયે ધરીરે, સદ્‍ગુરૂને સુપસાય રે, સાધુજી,
માયાપિંડ લેતાં થકાંરે, આષાઢભૂતિ સંવાદરે; સાધુજી
માયાપિંડ ન લીજીયેરે. ૧

વછપાટણ માંહિ વસે રે, શેઠ કમળ સુત્રિભૂત રે; સા૦
તાસ યશોદા ભારજારે, તસ સુત આષાઢભૂતરે. સા૦ મા૦ ૨

વર્ષ ઇગ્યારમે વ્રત ગ્રહ્યોરે, ધર્મરૂચિ ગુરૂ પાસરે; સા૦
ચારિત્ર ચોકખું પાળતોરે, કરતો જ્ઞાન અભ્યાસરે. સા૦ મા૦૩

મંત્ર યંત્ર મણિ ઔષધિ રે, તેહમાં થયા મુનિ જાણરે; સા૦
વિહાર કરતાં આવિયા રે, રાજગૃહી સુઠાણ રે. સા૦ મા૦ ૪

ગુરૂને પૂછી ગોચરી ગયોરે, આષાઢભૂતિ તેહરે; સા૦
ભમતાં ભમતાં આવીયોરે, નાટકીયાને ગેહરે. સા૦ મા૦ ૫

લાડુ વોહરી આવીયો રે, ઘર બાહિર સમક્ષરે; સા૦
લાડુ એ ગુરૂને હોસ્યે રે, સાહમું જોશે શિષ્યરે. સા૦ મા૦ ૬

રૂપ વિદ્યાયે ફેરવ્યું રે, લાડુ વોહર્યા પંચરે; સા૦
ગોખે બેઠાં નિરખિયોરે, નાટકીયે સવિ સંચરે. સા૦ મા૦ ૭

પગે લાગીને વિનવેરે, અમ ઘરે આવજો નિતરે; સા૦
લાડુ પંચ વોહરી જજોરે, ન રાખો મનમાં ભીતરે. સા૦ મા૦૮

લાલચ લાગી લાડુએરે, દિન પ્રતે વોહરવા જાયરે; સા૦
ભાવરતન કહે સાંભલોરે, આગલ જે હવે થાયરે. સા૦ મા૦ ૯

## ઢાલ બીજી.

મોગલીયાની મેંદ્દની દેશી.

નિજ પુત્રીઓને કહેરે, નાટકીયો નિરધારરે મોહનીયા,
ચિંતામણી સમ છે યતિરે, કરો તુમે ભરતારરે. મો૦ ૧
મધ્યાન્હે મુનિવર આવીયારે, લાડુ વોહરણ કાજરે; મો૦
તાત આદેશે તિણે કર્યારે, સવિ શિણગાર ને સાજરે. મો૦ ૨
ભુવનસુંદરી જયસુંદરીરે, રૂપ યૌવન વયમાંહિરે; મો૦
મુનિવરને કહે મલપતીરે, આ સોંપી તુમને દેહરે. મો૦ ૩
ઘર ઘર ભિક્ષા માંગવીરે, સહેવાં દુઃખ અસરાલરે; મો૦
કુમળી કાયા તુમ તણી રે, દોહિલો દુઃખજ ઝાલ રે. મો૦ ૪
મુખ મરકલડે બોલતીરે, નયણ વયણ ચપલાસીરે; મો૦
ચારિત્રથી ચિત્ત ચુકવ્યોરે, વ્યાપ્યો વિષય વિલાસરે. મો૦ ૫
જલ સરીખો જગમાં જુઓરે, પાડે પહાડમાં વાટરે; મો૦
તિમ અબળા લગાડતીરે, ધીરાને પણિ ધાઠરે. મો૦ ૬
મુનિ કહે મુજ ગુરૂને કહિરે, આવીશ વહેલો આંહિરે; મો૦
ભાવરતન કહે સાંભળોરે, વાટ જુવે ગુરૂ ત્યાંહીરે. ૭

## ઢાળ ત્રીજી.

નદી યમુનાકે તીરે ઉડે દોય પંખીયાં—એ દેશી

ગુરૂ કહે એવડી વેલા કે ચેલા કિહાં થઈ, નટકી બોલ્યો તામ તે ભાષા સુમતિ ગઈ; ઘર ઘર ભિક્ષા માંગવી દુઃખ અપાર એ, ચારિત્ર પાલવો તેહ (ઉપર તુમ વચન) ખાંડાની ધાર એ. ૧

આજ નાટકણી બે મળી મુજ જાવું તિહાં, તુમચી આણા લેવાને હું આવ્યો ઇહાં; ગુરૂ કહે નારી કૂડ કપટની ખાણ એ, કિમ રાચ્યો તુંમે એહને વયણે સુજાણ એ. ૨

ગરજ પડે થાઈ ઘેહલી બોલે હસી હસી, વિણુ ગરજે વિકરાલ પ્રત્યક્ષ જાણે રાક્ષસી; આપ પડે દુર્ગતિમાં પરને પાડતી, કરી અનાચાર અને પતિને પાય લગાડતી. ૩

ખાયેરે જૂઠા સમ ને ભાંજે તણખલાં, ત્રોડેરે દોરા દાંતમેં, ઘાલે ડાંખલાં; એકને ધીરજ કર દેઈ એક એકસ્યું રમે, તે નારીનુંરે મુખડું દીઠું કિમ ગમે. ૪

અનેક પાપની રાશિકે નારીપણું લહે, મહાનિશીથેરે વીર જિણેસર એમ કહે; અતિ અપજશનો ઠામ, નારીનો સંગ એ; તે ઉપર કિમ ધરીયે, ચેલા રંગ એ. ૫

એમ ગુરૂની શીખામણ, ન ધરી કાને સાર એ; તવ ગુરૂ તેહને, મદિરા માંસ નિવાર એ; નાટકણીને ઘરી તિહાંથી આવીયો, પરણ્યો નારી દોય, અભક્ષ નિવારીયો. ૬

વિલસે ભોગ જેમ, ભૂખ્યો જમે ઉતાવળે; ધન ઉપાવે વિવિધ વિદ્યા નાટિક બળે; વ્રત છંડાવિઓ ઘર મંડાવિઓ જુઓ જુઓ; ભાવરતન કહે નારી અથાગ કપટ કૂઓ. ૭

## ઢાલ ચોથી.

સુખ વિલસંતાં એક દિને, નાટકીયા પરદેશી રે; આવી સિંહરથ ભૂપને, વાત કહે ઉદ્દેશીરે. સુ૦ ૧

જીત્યા નટ અનેક અમે, બાંધ્યા પુતલા એહોરે; તુમ નટ હોય તો તેડીયે, અમસ્યું વાદ જે હોયરે. સુ૦ ૨

રાયે આષાઢો તેડીયો, જીત્યા તે સઘલા નટોરે; છોડાવ્યાં તસ પુતળાં, ઘર આવ્યા ઉદભટોરે. સુ૦ ૩

કેડેથી નારીયે કર્યો, મદિરા માંસનો આહારો રે; નગન પડી વમન કરી, માંખીનો ભણુકારોરે. સુ૦ ૪

દેખી આષાઢો ચિંતવે, અહો અહો નારી ચરિત્રોરે; ગંગાયે ગઈ ગર્દભી, ન હોયે કદીયે પવિત્રોરે. સુ૦ ૫

ઘરથી એક ઘડી ગયો, તત્ર એહના એ ઢંગો રે; નારી ન હોયે કેહની, ગુરૂવયણે ધરો રંગોરે. સુ૦ ૬

નૃત્ય દેખાડી રાયને, સસરાને ધન આલ્યો રે; ભાવરત્તન કહે સાંભળો, આષાઢે મન વાલ્યોરે. સુ૦ ૭

## ઢાળ પાંચમી.

પાંચસે કુમાર તે મેલીયારે, નાટક કરતા રે જેહ; લેઇ અષાઢો આવીયોરે, ગુરૂ પાસે ગુણ ગેહરે. ૧

ગુરૂ આજ્ઞા ધરો, માયાપિંડ નિવારોરે; મમતા પરિહારો અષાઢે વ્રત આદર્યોરે; પાંચસે વળીરે કુમાર, દીયે ભવિયણને દેશનારે; વિચરે દેશ મોઝારરે. ગુ૦ ૨

પાંચસે મુનિસ્યું પરિવર્યો રે, તપ જપ કરે વિશેષે, પાપ આલોએ આપણાં રે; ટાલે કર્મ એ શેષોરે. ગુ૦ ૩

અણસણ લેઈ અનિમિષ થયોરે, અષાઢો મુનિ તેહ;

પિંડવિશુદ્ધિની વૃત્તિમાંરે; એમ સંબંધ છે એહારે. ગુ૦ ૪
માયાપિંડ ન લીજીયેરે, ધરીયે ગુરૂનાં વખાણ; જુઓ અષાઢાની પરે રે, ફરી લહે વ્રત રયણોરે. ગુ૦ ૫
શ્રીપુનિમ ગચ્છ ગુણનીલોરે, પ્રધાન શાખા કહિવાય; શ્રુત અભ્યાસ પરંપરારે, પુસ્તકના સંપ્રદાયરે. ગુ૦ ૬
વિચક્ષણ શ્રાવક શ્રાવિકારે, સાંભળે શ્રુત નિશદિન; શ્રી-મહિમાપ્રભ સૂરિનોરે, ભાવરતન સુજગીશોરે. ગુ૦ ૭

## ૯૦ પ્રતિક્રમણ કરતાં પહેલાં બોલવાનું માંગલિક.

શ્રી વીરસ્વામીજીના પટ્ટધર પાંચમા ગણધર શ્રી સુધર્મા સ્વામી શ્રી જંબુસ્વામી ચરમ કેવલી શાસન ઉપગારી છત્રીસ ગુણે બિરાજમાન, પચાસ વરસ ઘર વાસે વસ્યા. ત્રીસ વરસ વીર સ્વામીની સેવામાં રહ્યા, બાર વરસ શ્રીગૌતમ સ્વામીની પ્રભુપના પાલી, આઠ વરસ કેવલી પર્યાય પાલી, એક સો વરસનું આયુષ્ય ભોગવી અંતે મોક્ષે સિધાવ્યા, એવા મારા સ્થાપનાજી આગળ છ આવશ્યકની ક્રિયા કરૂં છું.

## ૯૧ પન્નર તિથિની થોયો.

### પ્રતિપદા સ્તુતિ.

મંગલ આઠ કરી જસ આગલ–એ દેશી.

એક મિથ્યાત્વ અસંજમ અવિરતિ, દૂર કરી શીવ વસીયાજી,
સંજમ સંવર વિરતિ તણા ગુણ, ક્ષાયિક સમકિત રસીયાજી;
કુંથુ જિણંદ સત્તરમા જિનવર, જે છઠ્ઠા નરદેવાજી;

પડવા દિન તે શિવગતિ પહોંતા, સેવું તે નિત્ય મેવાજી. ૧
એક કલ્યાણક સંપ્રતિ જિનનું, ઈમ દશનું પરિમાણજી;
દસ ક્ષેત્રે મળી ત્રણ ચોવીસ, તેહનાં ત્રીશ કલ્યાણકજી;
પડવાનો દિન અનોપમ જાણી, સમક્તિ ગુણ આરાધોજી;
સકલ જિણેસર ધ્યાન ધરીને, મનવંછીત ફલ સાધોજી. ૨
એક કૃપારસ અનુભવ સંયુત, આગમ રયણની ખાણજી;
ભવિક લોક ઉપકાર કરવા, ભાખેશ્રી જિનભાણજી;
જિમ મીડાં લેખે નવિ આવે, એકાદિક વિણુ અંકજી;
તિમ સમકિત વિણ પક્ષ ન લેખે, પ્રતિપદ સમ સુવિવેકજી. ૩
કુંથુ જિનેસર સાંનિધ્યકારી, સેવે ગંધર્વ યક્ષજી;
વંછિત પૂરે સંકટ ચૂરે, દેવી બાલા પ્રત્યક્ષજી;
સંવેગી ગુણવંત મહાશય, સંયમ રંગ રંગીલાજી;
શ્રીજ્ઞાનવિમલ કહે શ્રીજિન નામે, નિત નિત હોવે લીલાજી. ૪

## બીજની સ્તુતિ.

બીજ દિને ધર્મનું બીજ આરાધીએ, શીતલ જિનતણી સિદ્ધિગતિ સાધીએ; શ્રીવત્સ લંછન કંચન સમ તનુ, દઢરથ નૃપ સુત દેહ નેઉ ધણુ. ૧

અર અભિનંદન સુમતિ વાસુપૂજ્યના, ચ્યવન જનમ જ્ઞાન થયાં એહના; પંચ કલ્યાણક બીજ દિને જાણીએ, કાલ ત્રિહું ત્રણ ચોવીસી જીન આણીએ. ૨

ધર્મ બિહુ ભેદ જે જિનવર ભાખીયો, સાધુ શ્રાવક તણો

ભવિક ચિત્ત વાસીયો; એ સમકિત તણો સાર છે મૂલગુ, અહ- નિંશ આગમ જ્ઞાન ને ઓલગુ. ૩

મનુજ સુર શાસન સાનિધ્ય કારકુ, શ્રી અશોકભિધા વિઘ્ન ભય વારકુ; શીતલ સ્વામીના ધ્યાનથી સુખ લહે, ધીર ગુરૂ સીસ નય વિમલ કવિ ઇમ કહે. ૪

## અથ ત્રીજની સ્તુતિ.

સંખેસર પાસજી પૂજીએ—એ દેશી.

શ્રેયાંસ જિણેસર શિવ ગયા, ત્રીજ દિને નિરમલ થયા; એંશી ધનુ સોવનમય કાયા, ભવ ભવ તે સાહિબ જિનરાયા. ૧

વિમલ કુંથુ ધર્મ સુવિધિ જિના, જસ જન્મ જ્ઞાન જનુ જ્ઞાન ધના; વર્તમાન કલ્યાણક પંચ થયા, જિનજી દિન નિત કરજો મયા. ૨

ત્રણ તત્વ જિહાં કિણે ઉપદિશ્યાં, તે પ્રવચન વયણાં ચિત્ત વસ્યાં; ત્રણ ગુપ્તિ ગુપ્તા મુનિવરા, તે પ્રવચન વાંચે શ્રુતધરા. ૩

ઈશર સુર માનશી સુહંકરા, જે સમકિત દષ્ટિ સુરવરા; ત્રિકરણ શુદ્ધ સમકિત તણી, નય લીલા હોજો અતિ ઘણી. ૪

## ચોથની સ્તુતિ.

શ્રાવણ સુદ દિન પંચમીએ—એ દેશી.

સર્વાર્થસિદ્ધથી ચવિ એ, મરૂદેવી ઉયરે ઉપન્ન તો; યુગલા ધર્મ શ્રીઋષભજી એ; ચોથ તણો દિન ધન્ન તો. ૧

મલ્લિ પાસ અભિનંદન એ, ચવિયા વળી પાસ નાણતો;
વિમલ દીક્ષા ઇમ ખટ થયા એ, સંપ્રતિ જિન કલ્યાણ તો. ૨

ચાર નિક્ષેપે સ્થાપના એ, ચઉ વિહ દેવ નિકાય તો;
ચઉમુખ ચઉવિધિ દેશના એ, ભાખે સૂત્ર સમુદાય તો. ૩

ગૌમુખ યક્ષ ચકકેસરી એ, શાસનની રખવાલ તો;
સુમતિ સંયોગ સુવાસના એ, નય ધરી નેહ નિહાલતો. ૪

## પાંચમની સ્તુતિ.

### શ્રીશત્રુંજય ગિરિ તીરથ સાર—એ દેશી.

ધર્મ જિણંદ પરમ પદ પાયા, સુવ્રતા નામે રાણી જાયા, સુર નર મનડે ભાયા; પણ ચાલીસ ધનુષની કાયા, પંચમી દિન તે ધ્યાને ધ્યાયા, તવ મેં નવનિધિ પાયા. ૧

નેમિ સુવિધિના જનમ કહીજે, અજિત અનંત સંભવ શિવ લીજે, દીક્ષા કુંથું ગ્રહીજે; ચંદ્ર ચ્યવન સંભવ નાણ સુણીજે, ત્રિહું ચોવીસી ઈમ જાણીજે, સહુ જિનવર પ્રણમીજે. ૨

પંચ પ્રકારે આગમ ભાખે, જિનવર ચંદ સુધારસ ચાખે, ભવિજન હૈયડે રાખે; પંચ જ્ઞાન તણો વિધિ દાખે, પંચમી ગતિનો મારગ ભાખે, જેહથી સવી દુઃખ નાસે. ૩

જિન ભકિત પ્રજ્ઞપ્તિ દેવી, ધર્મનાથ જિનપદ પ્રણમેવી, કિન્નર સુર સંસેવી; બોધિબીજ શુભ દષ્ટિ લહેવી, શ્રી નયવિમલ સદા મતિ દેવી, દુશ્મન વિઘ્ન હરેવી. ૪

## છઠ્ઠની સ્તુતિ.

### શંખેશ્વર પાસજી પૂજીયે—એ દેશી.

શ્રી નેમિ જિણેસર લહે દીક્ષા, છઠ્ઠ દિવસે સુવિધિ ચરણ શિક્ષા; એક કાલજ એક શશિકર ગોરા, નિત સમરૂં જિમ જલધર મોરા. ૧

પદ્મપ્રભુ શીતલ વીરજીના, શ્રેયાંસ જિણંદ લહે તિહાં ચવના; વિમલ સુપાસ જ્ઞાન અડ હોઈ, કલ્યાણક સંપ્રતિ જિન જોઇ. ૨

જિહાં જયણા ખટવિધ કાય તણી, ખટ વ્રત સંપદ મુનિરાય તણી; જે આગમ માંહે જાણીયે, તે અનોપમ ચિતમાં આણીએ. ૩

જે સમકિત દૃષ્ટિ ભવિયાં, સંવેગ સુધારસ સેવીયા; નય વિમલ કહે તે અનુસરો, અનુભવ રસ સાથે પ્રીતિ ધરો. ૪

## સાતમની સ્તુતિ.

ચંદ્ર પ્રભુ જિન જ્ઞાન પામ્યા, વળી લહ્યા ભવ પાર; મહસેન નૃપ કુલ કમલ દિનકર, લખમણા માત મલ્હાર; શશિ અંક શશી સમ ગૌર દેહે, જગત જિન શિણગાર; સપ્તમી દીને તેહ નમતાં, હુવે નિત્ય જયકાર. ૧

ધર્મ શાંતિ અનંત જિનવર, વિમલનાથ સુપાસ; ચ્યવન જન્મ દો ચ્યવન શિવપદ, પામીયા દોઈ ખાસ; એમ વર્ત્તમાન જિણંદ કેરા, થયા સાત કલ્યાણ;

તે સાતમ દિન સાત સુખનું, હેતુ લહીએ જાણ. ૨
જિહાં સાત નયનું રૂપ લહીએ, સપ્ત ભંગી ભાવ;
જે સાત પ્રકૃતિના ક્ષય કર્યાથી, લહે ક્ષાયિક ભાવ;
તે જિનવર આગમ સકલ અનુભવ, લહો લીલ વિલાસ. ૩
જિમ સાત નરકનું આયુ છેદી, સાત ભય હોવે નાસ;
શ્રી ચંદ્રપ્રભ જિનરાય શાસન, વિજયદેવ વિશેષ; તસ દેવી જ્વાલા કરે સાંનિધ, ભવિક જન સુવિશેષ; દુઃખ દુરિત ઇતિ સંમત સઘળે, વિઘન કોડી હરંત; જિનરાય ધ્યાને લહે લીલા, જ્ઞાનવિમલ ગુણવંત. ૪

## આઠમની સ્તુતિ.

### પ્રહ ઉઠી વંદુ—એ દેશી.

અભિનંદન જિનવર, પરમાનંદ પદ પામ્યા;
વલી નમિ નેમિસર, જન્મ લહી શિવ કામ્યા;
તિમ મોક્ષ ચ્યવન બેહુ, પાસ દેવ સુપાસ;
આઠમને દિવસે, સુમતિ જન્મ સુપ્રકાશ. ૧
વલી જન્મ ને દીક્ષા, ઋષભ તણા જિહાં હોય;
સુવ્રત જિન જન્મ્યા, સંભવ ચ્યવનું જોય;
વળી જન્મ અજિતનો, ઈમ ઇગ્યાર કલ્યાણ;
સંપ્રતિ જિનવરના, આઠમને દિન જાણ. ૨
જિહાં પ્રવચન માતા, આઠ તણો વિસ્તાર;
અડ ભંગીએ જાણો, સવિ જગ જીવ વિચાર;

તે આગમ આદર, આણીને આરાધો;
આઠમને દિવસે, આઠ અક્ષય સુખ સાધો. ૩
શાસન રખવાલી, વિદ્યાદેવી સોલ;
સમકિતની સાનિધ્ય, કરતી છાકમછોલ;
અનુભવ રસના, આપે સુજશ જગીસ;
કવિ ધીરવિમલનો, જ્ઞાનવિમલ કહે શીશ. ૪

## નવમીની સ્તુતિ.

સુવ્રત સુવિધિ સુમતિ શિવ પામ્યા, અજિત સુમતિ નમિ સંયમ કામ્યા; કુંથુ વાસુપૂજ્ય સુવિધિ જિન ચવિયા, નવમી દિને તે સુરવર નમિયા. ૧

શાંતિ જિણંદ થયા જિહાં જ્ઞાની, વર્ત્તમાન જિનવર શુભ ધ્યાની; દશ કલ્યાણક નવમી દિવસે, સવિ જિનવર પ્રણમું મન હરખે. ૨

જિહાં નવ તત્ત્વ વિચાર કહીજે, નવવિધ બ્રહ્મ આચાર લહીજે; તે આગમ સુણતાં સુખ લહીએ, નવવિધ પરિગ્રહ વરતિ કહીએ. ૩

સમકિત દૃષ્ટિ સુર સંદોહા, આપે સુમતિ વિલાસ જસ મોહા; શ્રી જ્ઞાનવિમલ કહે જિન નામે, દિન દિન દોલત અધિકી પામે. ૪

## દશમની સ્તુતિ.

### કનક તિલક ભાલે–એ દેશી.

અર નમિ જિણંદા, ટાલિયા દુખદંદા; પ્રભુ પાસ જિણંદા, જન્મે પૂજ્યા મહિંદા; દશમી દિન અમંદાનંદમાકંદ કંદા; ભવિજન અરવિંદા, શાસને જે દિણંદા. ૧

અર જન્મ સુહાવે, વીરચારિત્ર પાવે; અનુભવ રસ લાવે, કેવલજ્ઞાન થાવે; ખટ જિનવર કલ્યાણ, સંપ્રતિ જે પ્રમાણ; સવિ જિનવર ભાણ, શ્રીનિવાસાદિ ઠાણ. ૨

દશવિધ આચાર, જ્ઞાન માંહે વિચાર; દશ સત્ય પ્રકાર, પચ્ચખાણાદિ ચાર; મુનિ દશ ગણધાર, ભાખીયા જિહાં ઉદાર; તે પ્રવચન સાર, જ્ઞાનના જે આગાર. ૩

દસ દિશિ દિશીપાલા, જે મહા લોકપાલા; સુર નર મહિપાલા, શુદ્ધ દષ્ટિ કૃપાલા; જ્ઞાનવિમલ વિશાલા, લીલ લચ્છી મયાલા; જય મંગલમાલા, પાસમે સુખાલા. ૪

## અગીઆરસની સ્તુતિ.

### આતસ્યાપ્રતિમસ્ય–એ દેશી.

મલ્લિદેવનો જન્મ સંયમ, મહા જ્ઞાનં લહ્યા જે દિને; એ એકાદશી વાસર શુભકર, કલ્યાણ માલાલયઃ; વૈદેહેશ્વરકુંભજલધિ વંશપ્રોલ્લાસને ચંદ્રમા; માતા યસ્ય પ્રભાવતી ભગવતી કુંભધ્વજો વ્યાજતઃ. ૧

જ્ઞાનં શ્રીઋષભાજિતસ્ય, સુમતિર્પ્રાદુર્ભવ સાન્નમે;

પાર્શ્વારૌ ચરણં ચ મોક્ષમગમત્, પદ્મપ્રભાખ્ય પ્રભુ; ઇત્યેત-દ્દશકં ચ યત્ર દિવસે, કલ્યાણકાનાં શુભં; જાતં સંપ્રતિ વર્ત-માનજિન,—પદદ્યુર્મહામંગલમ. ૨

સાંગોપાંગમનંતપર્યવગુણોપેતં સદોપાસકે, એકાદશ્યઃ પ્રતિમાશ્ચ યત્ર ગદિતા, શ્રદ્ધાવતાં તીર્થપે; ( સિદ્ધાંતાભિધ-તીર્થપે, સિદ્ધાંતાભિધભૂપતિર્વિજયતે, બિભ્રત્ સદૈકાદશા-ચારાંગાદિમયં વપુર્વિલસિતં, ભક્ત્યા નુતં ભાવતઃ ૩

વૈરોટયા વિદધાતિ મંગલનતિં, સદ્દર્શનાનામિહ; શ્રી-મન્મલ્લિજિનેશશાસનરસુઃ કુબેરનામા પુનઃ; દિગ્પાલગૃહયક્ષદક્ષનિવહા, સર્વેડપિ યે દેવતાઃ, તે સર્વે વિદધાતુ સૌખ્ય-મતુલં, જ્ઞાનાત્મનાં સૂરીણાં. ૪

## બારસની સ્તુતિ.

### શ્રેયઃશ્રિયાં મંગલ કેલિસદ્મ–એ દેશી

જે દ્વાદશીને દિને જ્ઞાન પામ્યા, અર સુવ્રત ચરણ સુરેંદ્ર નામ્યા; મલ્લી લહે સિદ્ધિ સંસાર છોડી, વિમલ ચ્યવન વંદુ બિહું હાથ જોડી. ૧

પદ્મ પ્રભુ શીતલચંદ્ર જાયા, સુપાસ શ્રેયાંસ ચવે નમિરાયા; અભિનંદન શીતલ ચરણ જાન, ઈમ તેર કલ્યાણક વર્ત્તમાન. ૨

ભિક્ષુ તણી જે પ્રતિમા છે બાર, તે દ્વાદશાંગી રચના વિચાર; ઉપાંગ બારહ અનુયોગ દ્વાર, છ છેદ પયન્ના-દસ મૂલ ચાર. ૩

શ્રી સંઘરક્ષા કરે દેવ ભકત્યા, સુરાસુર દેવપદ પ્રશક્ત્યા; સદા દિઓ સુંદર બોધ બીજ, સધર્મ પામે ન કિમે પતિજ. ૪

## તેરસની સ્તુતિ.

### શ્રી શત્રુંજય ગિરિ તીરથ સાર—એ દેશી.

પઢમ જિણેસર શિવ પદ પાવે, તેરસે અનુભવ ઓપમ આવે, સકલ સમિહિત લાવે; શાંતિનાથ વળી મોક્ષ સીધાવે, દર્શન જ્ઞાન અનંત સુખ પાવે, સિદ્ધ સ્વરૂપે થાવે; નાભિરાય મરૂદેવી માત, ઋષભદેવના જે વિખ્યાત, કંચન કોમળ ગાત; વિશ્વસેન નૃપ અચિરા માત, સેવો શાંતિ જગતના તાત, જેહના શુભ અવદાત. ૧

પદ્મ ચંદ્ર શ્રેયાંસ જિનેશા, ધર્મ સુપાસ જે જગજન ઇશા, સંયમ લે શુભ લેશા; વીર અનંત ને શાંતિ મહીશા, જન્મ થયા એહના સુજગીસા, ચવીયા અજીત જિનેશા; એકાદશ કલ્યાણક દિસા, તેરસ દિને સવિ અમર મહીશા, પ્રણમે જેની સદિશા; સકલ જિનેસર ભવન દિનેસા, મદન માન નિર્મથન મહિશા, તે સેવો વીસવાવીસા. ૨

તેર કાઠિયાને જે ગાળે, તેર ક્રિયાના સ્થાનક ટાળે, તે આગમ અજુવાલે; તેર સયોગીના ગુણ ઠાણ, તે પામીને ઝાએ ઝાણ, તેહને કેવલ નાણ; ભકિતમાન બહુમાન ભણીજે, આશાતના તેહની ટાલીજે, જિન મુખ તેર પદ લીજે; ચાર ગુણા ને તેર

કરીજે, બાવન ભેદ વિનય ભણીજે, જિમ સંસાર તરીજે. ૩

ચક્રેસરી ગોમુખ સુર ધરણી, સમકિતધારી સાંનિધ્ય-કરણી, ઋષભ ચરણ અનુસરણી; ગોમુખ સુરનો મનડો હરણી, નિર્વાણી દેવી જય કરણી, ગરૂડ યક્ષ સુર ઘરણી; શાંતિનાથ ગુણ બોલે વર્ણી, દુશ્મન દૂર કરણ રવિ ભરણી, સંપ્રતિ સુખ વિસ્તરણી; કીર્તિ કમલા ઉજ્વલ કરણી, રોગ શોગ સંકટ ઉદ્ધરણી, જ્ઞાનવિમલ દુઃખ હરણી. ૪

## ચૌદશની સ્તુતિ.

વાસુપૂજ્ય જિનેસર શિવ લહ્યા, તે રકત કમલને વાને કહ્યા, વસુપૂજ્ય નૃપતિ સુત માત જયા, ચંપા નગરીયે જન્મ થયા; ચૌદશી દિવસે જે સિદ્ધ ગયા, જસ લંછન રૂપે મહિષ થયા; તે અજર અમર નિકલંક ભયા, તસ પાય નમી કૃત્ય કૃત્ય થયા. ૧

શ્રી શીતલ સંભવ શાંતિ વાસુપુજ્ય જિના, અભિનંદન કુંથું અનંત જિના; સંજમ લીએ શુભ ભાવના, કોઇ પંચમ નાણ લહે ધના; કલ્યાણક આઠ સોહામણા, નિત નિત તસ લીજે ભામણા; સવિ ગુણ મણિ રયણા રોહિણી, પુરવે સવિ મનની કામના. ૨

તિહાં ચઉદસ ભેદ જીવ તણા, જગ ભેદ કહ્યા છે અતિ ઘણા; ગુણઠાણા ચઉદ તિહાં ભણ્યા, ચઉદશ પૂર્વની વર્ણ-

ના; નવિ કીજે શંકા દુષણા, અતિચાર તણી તિહાં ધારણા, પ્રવચન રસ કીજે વારણા, એહ છે ભવજલ તારણા. ૩

શાસન દેવી નામે ચંડા, દિએ દુર્ગતિ દુર્જનને દંડા; અકલંક કલા ધરી સમ તુંડા, જસ જિહ્વા અમૃતસર કુંડા; જસ કર જપમાલા કોહંડા, સુર નામ કુમાર છે ઉદ્દંડા; જિન આગલે અવર છે એરંડા, જ્ઞાન વિમલ સદા સુખ અખંડા. ૪

## પુનમની સ્તુતિ.

શ્રી જિનપતિ સંભવ લ્યે સંજમ જિહાં; શ્રીમુનિસુવ્રત નમિ ચ્યવનું તિહાં; સકલ નિર્મલ ચંદ્ર તણી વિભા, વિશદ પક્ષ તણો શિર પૂર્ણિમા. ૧

ધર્મનાથ જિન કેવલ પામીઆ, પદ્મ પ્રભ જિન નાણ સમાધિઆ; પંચ કલ્યાણક સંપ્રતિ જિન તણા, થયા પુનમ દિવસે સોહામણા. ૨

પન્નર યોગ તણે વિરહે લહ્યા, પન્નર ભેદે સિદ્ધ જિહાં કહ્યા; પન્નર બંધન પ્રમુખ વિચારણા, જિનવર આગમ તે સુણીએ જના. ૩

સકલ સિદ્ધિ સમિહિત દાયકા, સુરવર જિન શાસન નાયકા; વિધુ કરોજવલ કીર્તિ કલા ઘણી, જ્ઞાનવિમલ જિનના તણો ગુણી. ૪

## અમાવાસ્યાની સ્તુતિ.

### ચોપાઇની દેશી.

અમાવાસ્યા તો થઇ ઉજલી, વીરતણે નિર્વાણે મિલી; દિવાલી દિન તિહાંથી હોત, રાય અઢાર કરે ઉદ્યોત. ૧

શ્રી શ્રેયાંસ નેમિ લહે જ્ઞાન, વાસુપૂજ્ય ગ્રહે સંયમ ધ્યાન; સંપ્રતિ જિનનાં થયાં કલ્યાણ; અમાવાસ્યા દિવસે ગુણખાણ. ૨

કાલ અનાદિ મિથ્યાત્વ નિવાસ, પૂરણ સંજ્ઞા કહીએ તાસ; આગમ જ્ઞાન લહ્યો જેણી વાર, કૃષ્ણપક્ષી જીત્યો તેણી વાર. ૩

માતંગ યક્ષ સિદ્ધાઇ દેવી, સાંનિધ્યકારી કીજે સ્વયમેવી; કવિ જ્ઞાનવિમલ કહે શુભ ચિત્ત, મંગલ લીલા કરો નિત નિત. ૪

## પન્નર તિથિની થોયો.

### દીન સકલ મનોહર–એ દેશી.

સાસય ને અસાસય ચૈત્યતણા બિહુ ભેદ; થાપન સ્વરૂપે રૂપાતીત બેહુ ભેદ; બિહુ પક્ષે ધ્યાવો, જિમ હોયે ભવ છેદ; અવિચલ સુખ પામે, નાસે સઘલા ખેદ. ૧

ઉત્સર્પિણી અવસર્પિણી, કાલ બે ભેદ પ્રમાણ; ત્રિજે ને ચોથે, આરે જિનવર ભાણ; ઉત્કૃષ્ટા કાલે, સત્તરિસય જિનરાજ; તિમ વિસ જઘન્યથી, વંદે સારો કાલ. ૨

બિહું ભેદે ભાખ્યા, જીવ સકલ જગમાંહે; એક કૃષ્ણ-પક્ષી એક શુકલપક્ષી પણ માંહે; વલી દ્રવ્ય કહ્યા છે, જીવ અજીવ વિચાર; તે આગમ જાણો, નિશ્ચય ને વ્યવહાર. ૩

સંજમધર મુનિવર, શ્રાવક જે ગુણવંત; બિહુ પક્ષના સાનિધ્ય કારક સમકિતવંત; જે શાસન સુર નર, વિઘ્ન કોડી હરંત; શ્રી જ્ઞાનવિમલસૂરિ, લીલા લબ્ધિ લહંત. ૪

પન્નર તિથિની થોયો સંપૂર્ણ.

---

## ૯૨ શ્રી યુગમંધીર જિન સ્તવન.

શ્રી યુગમંધીરને કહેજો, કે દધિસુત વિનતડી સુણજોરે;
કાયા પામી અતિકુડી, પાંખ નહિ આવું ઉડી;
લબ્ધિ નહિ કોઈ રૂડીરે, શ્રીયુગમંધીરને કહેજો. ૧
તુમ સેવા માંહિ સુર કોડી, ઈહાં આવે જો એક દોડી;
આશા ફળે પાતક મોડી રે, શ્રીયુગમંધીરને કહેજો. ૨
દુષમ સમયમાં ઈણે ભરતે, અતિશય નાણી નવિ વરતે;
કહીએ કહો કોણ સાંભળતેરે, શ્રીયુગમંધીરને કહેજો. ૩
શ્રવણાં સુખીઆં તુમ નામે, નયણાં દરિશણ નવિ પામે;
એ તો ઝગડાને ઠામેરે, શ્રીયુગમંધીરને કહેજો. ૪
ચાર આંગળ અંતર રહેવું, શોકલડીની પેરે દુઃખ સહેવું;
પ્રભુ વિના કોણ આગળ કહેવું રે, શ્રીયુગમંધીરને કહેજો. ૫
મહોટા મેળ કરી આપે, બેહુને તોલ કરી સ્થાપે;

રાજજન જય જગમાં વ્યાપેરે, શ્રી યુગમંદીરને કહેજ્યો. ૬
બેહુનો એક મત થાવે, કેવલ નાણ જુગલ પાવે;
તો સવિ વાત બની આવે, શ્રી યુગ મંદીરને કહેજ્યો. ૭
ગજ લંછન ગજ ગતિ ગામી, વિચરે વપ્ર વિજય સ્વામી;
નયરી વિજયા ગુણ ધામીરે, શ્રી યુગ મંદીરને કહેજ્યો. ૮
માતા સુતારાએ જાયો, સુદૃઢ નરપતિ કુલ આયો;
પંડિત જિન વિજયે ગાયોરે, શ્રી યુગમંદીરને કહેજ્યો. ૯

## ૯૩ શંખેશ્વર પાર્શ્વજિન ચૈત્યવંદન.

સકલ ભવિજન ચમત્કારી, ભારી મહિમા જેહનો;
નિખિલ આતમરમા રાજીત, નામ જપીએ તેહનો;
દુષ્ટ કર્માષ્ટક ગંજરીજે, ભવિક જન મન સુખકરો;
નિત્ય જાપ જપીએ પાપ ખપીએ, સ્વામી નામ શંખેશ્વરો. ૧
બહુ પુન્ય રાશિ દેશ કાશી, તત્થ નયરી વણારસી;
અશ્વસેન રાજા રાણી વામા, રૂપે રતિ તનુ સારીખી;
તસ કુખે સુપન ચૌદ સૂચિત, સ્વર્ગથી પ્રભુ અવતર્યા;
નિત્ય જાપ જપીએ પાપ ખપીએ, સ્વામી નામ શંખેશ્વરો. ૨
ત્રણ લોક તરૂણી મન પ્રમોદી, તરૂણ વય જબ આવીયા;
તબ માત તાતને પ્રસન્ન ચિત્તે, ભામીની પરણાવીયા;
કમઠ શઠ કૃત અગ્નિકુંડે, નાગ બલતો ઉદ્ધર્યો;
નિત્ય જાપ જપીએ પાપ ખપીએ, સ્વામીનામ શંખેશ્વરો. ૩
પોશ માસે કૃષ્ણ પક્ષે, દશમી દિન પ્રભુ જનમિયો;

સુરકુમરી સુરપતિ ભાવે, મેરૂ શૃંગે સ્થાપીઓ;
પ્રભાતે પૃથ્વીપતિ પ્રમોદે, જન્મ મહોત્સવ અતિ કર્યો;
નિત્ય જાપ જપીએ પાપ ખપીએ, સ્વામી નામ શંખેશ્વરો. ૪
પોશ વદી એકાદશી દિન, પ્રવ્રજ્યા જિન આદરે;
સુર અસુરરાજ ભક્તિ રાજ, સેવના ઝાઝી કરે;
કાઉસગ્ગ કરતા દેખી કમઠે, કીધ પરિસહ આકરો;
નિત્ય જાપ જપીએ પાપ ખપીએ, સ્વામી નામ શંખેશ્વરો. ૫
તવ ધ્યાન ધારારૂઢ જિનપતિ, મેઘ ધારે નવિ ચલ્યો;
ત્યાં ચલિત આસન ધરણ આયો, કમઠ પરિસહ અટકયો;
દેવાધિદેવની કરે સેવા, કમઠને કાઢી પરો;
નિત્ય જાપ જપીએ પાપ ખપીએ, સ્વામી નામ શંખેશ્વરો. ૬
કર્મ પામી કેવળ જ્ઞાન કમળા, સંઘ ચઉવિહ સ્થાપીને;
પ્રભુ ગયા મોક્ષે સમેતશીખરે, માસ અણુસણ પાળીને;
શિવ રમણી રંગે રમે રસીઓ, ભવિક તસ સેવા કરો;
નિત્ય જાપ જપીએ પાપ ખપીએ, સ્વામી નામ શંખેશ્વરો. ૭
ભૂત પ્રેત પિશાચ વ્યંતર, જલણ જલોદર ભય ટળે;
રાજ રાણી રમા પામે, ભક્તિ ભાવ જો મલે;
કલ્પતરૂ અધિક દાતા, જગત ત્રાતા જપ કરો;
નિત્ય જાપ જપીએ પાપ ખપીએ, સ્વામીનાથ શંખેશ્વરો. ૮
વઢીઆર દેશે નિત બિરાજે, ભવિક જીવને તારતા;
જરા જર્જરીભુત યાદવ, સૈન્ય રોગ નિવારતા;

એ પ્રભુ તણાં પદ પદ્મ સેવા, રૂપ કહે પ્રભુતા વરો;
નિત્ય જાપ જપીએ પાપ ખપીએ, સ્વામી નામ શંખેશ્વરો. ૯

## ૯૪ શ્રી અંતરિક્ષ પાર્શ્વનાથનો છંદ.

પ્રભુ પાસજી તાહરૂં નામ મીઠું;
ત્રિહું લોકમાં એકલું સાર દીઠું;
સદા સમરતાં સેવતાં પાપ નીઠું
મન માહરે તાહરૂં ધ્યાન બેઠું. ૧
મન તુમ પાસે વસે રાત દિસે,
મુખ પંકજ નિરખવા હંસ દીસે;
ધન્ય તે ઘડી જે ઘડી નમણ્ દીસે,
ભકિત ભાવે કરી વિનવીજે. ૨
અહો એ સંસાર છે દુઃખ દોરી,
ઈન્દ્રજાળમાં ચિત્ત લાગ્યું ઠગોરી;
પ્રભુ માનીએ વિનતિ એક મોરી,
મુજ તાર તું તાર બલીહારી તોરી. ૩
રાહી સ્વપ્ન જંજાળને સંગ મોહ્યો,
ઘડીયાળમાં કામ ગમતો ન જોયો;
મુધા એમ સંસારમાં જન્મ ખોયો,
અહો ઘૃતતણે કારણે જળ વલોવ્યો ૪
એ તો ભમરલો કેસુડા ભ્રાન્તિ ધાયો,
જઈ શુક તણી ચંચુ માંહે ભરાયો;

મુહે જાંબુ જાણી ગળે દુઃખ પાયો,
પ્રભુ લાલચે જીવડો એમ વાહ્યો. ૫

ભમ્યો ભર્મ ભૂલ્યો રમ્યો કર્મ ભારી,
દયા ધર્મની શર્મ મેં ના વિચારી;
તારી નમ્ર વાણી પરમ સુખકારી,
ત્રિહું લોકના નાથ મેં નવિ સંભારી. ૬
વિષય વેલડી શેલડી કરીએ જાણી,
ભજી મોહ તૃષ્ણા તજી તુજ વાણી;
એહવો ભલો ભુંડો નિજ દાસ જાણી,
પ્રભુ રાખીએ બાંહીની છાંય પ્રાણી. ૭
મોરા વિવિધ અપરાધની કોટી સહીએ,
પ્રભુ શરણે આવ્યા તણી લાજ વહીએ;
વળી ઘણી ઘણી વિનતિ એમ કરીએ,
મુજ માનસ સરે પરમ હંસ રહીએ. ૮

## કળશ.

એમ કૃપા મુર્તિ પાર્શ્વસ્વામી, મુક્તિ ગામી ધ્યાઈએ;
અતિ ભકિત ભાવે વિપત્તિ જાવે, પરમ સંપત્તિ પાઈએ;
પ્રભુ મહીમા સાગર ગુણ વૈરાગર પાસ અંતરિક્ષ જે સ્તવે,
તસ સકળ મંગળ જય જયારવ, આનંદ વર્ધન વિનવે.

## ૯૫ દીવાળીની થોય.

સિદ્ધારથ તાતા જગત વિખ્યાતા ત્રિશલાદેવી માત, તિહાં જગગુરૂ જન્મ્યા સવી દુઃખ વિરમ્યા મહાવીર જિન-રાય; પ્રભુ લેઇને દીક્ષા કરે હિત શિક્ષા દેઇ સંવચ્છરી દાન, બહુ કર્મ ખપેવા શિવ સુખ લેવા કીધો તપ શુભ ધ્યાન. ૧

વર કેવલ પામી અંતર જામી વદ કાર્તિક શુભ દીસ, અમાવાસ્યા જાતે પાછલી રાતે મુગતિ ગયા જગદીસ; વલી ગૌતમ ગણધર મોટા મુનિવર પામ્યા પંચમ જ્ઞાન, જ્યાં તત્ત્વ પ્રકાસી, શીલ વિલસી પહોતા મુગતિ નિધાન. ૨

સુરપતિ સંચરીયા રતન ઉદ્ધરિયા રાત થઈ તીહાં કાલી, જન દીવા કીધા કારજ સિદ્ધા નિશા થઈ અજ-વાળી; સહુ લોકે હરખી નજરે નિરખી પર્વ કીયો દીવાળી, વલી ભોજન ભગતે નિજ નિજ શકતે જીમે સેવ સુહાળી. ૩

સિદ્ધાયિકા દેવી વિઘ્ન હરેવી વાંછિત દે નિરધારી, કરી સંઘને શાતા જેમ જગ માતા, એહવી શકિત અપારી; એમ જિન ગુણ ગાવે શિવ સુખ પાવે સુણજો ભવીજન પ્રાણી, જિનચંદ યતીસર મહામુની સર જપે એહવી વાણી. ૪

## ૯૬ શ્રી સુલસા શ્રાવિકાની સજ્ઝાય.

(ઇણુ અવસર એક આવી જંબુકી રે—એ દેશી)

ધન ધન સુલસા સાચી શ્રાવિકાજી, જેહને નિકાળ ધર્મનું ધ્યાન રે; સમકિતધારી નારી જે સતીજી; જેહને વીર દિયો બહુ માન રે. ધન ધન૦ ૧

એક દિન અંબડ તાપસ પ્રતિબોધવા જી, જંપે એહવું વીર જિણેશ રે; નયરી રાજગૃહી સુલસા ભણીજી, કહેજયો અમારો ધર્મ સંદેશ રે. ધન૦ ૨

સાંભળી અંબડ મનમાં ચિંતવેજી, ધર્મલાભ ઈશોજી વયણ રે; એહવું કહાવે જિનવર જે ભણીજી, કેવું રૂડું દઢ તસ સમકિત રયણ રે. ધન૦ ૩

અંબડ તાપસ પરીક્ષા કારણેજી, આવ્યો રાજગૃહીને બાર રે; પહેલું બ્રહ્મારૂપ વિકુર્વ્યુંજી, વૈક્રિય શક્તિતણે અનુ-સાર રે. ધન૦ ૪

પહેલી પોળે પ્રગટયો પેખીનેજી, ચૌમુખ બ્રહ્મ વંદન કરોડ રે; સઘળી રાજ પ્રજા સુલસા વિનાજી, તેને આવી નમે કર જોડ રે. ધન૦ ૫

બીજે દિન દક્ષિણ પોળે જઇજી, ધરી કૃષ્ણ અવતાર રે; આવ્યા પુરજન તિહાં સઘળા મળી જી, નાવી સુલસા સમકિત ધાર રે. ધન૦ ૬

ત્રીજે દિવસે પશ્ચિમ બારણે જી, ધરીયું ઈશ્વર રૂપ મહંત

રે; તિમહિજ ચોથે થઈ પચવિશોજી, આવી સમવસર્યો અરિહંત રે. ધન૦ ૭

તો પણ સુલસા નાવી વાંદવાજી, તેહનું જાણી સમકિત સાચ રે; અંબડ સુલસાને પ્રણમી કરીજી, કર જોડી કહે એહવી વાચ રે. ધન૦ ૮

ધન્ય તુ સમકિતધારી શિરોમણિજી, ધન્ય તું સમકિત વિશવા વીશ રે; એમ પ્રશંસી કહે સુલસા ભણીજી, જિનજીયે કહિ છે ધર્મ આશિષ રે. ધન૦ ૯

નિશ્ચલ સમકિત દેખી સતી તણુંજી, તે પણ હુઓ દૃઢ મન માંય રે; ઇણિ પરે શાંતિવિમળ કવિરાયનોજી, બુદ્ધિ કલ્યાણ વિમળ ગુણ ગાય રે. ધન૦ ૧૦

## ૯૭ ઉવસગ્ગહરં મહાપ્રભાવિક સ્તોત્રમ્

ઉવસગ્ગહરં પાસં, પાસં વંદામિ કમ્મઘણમુક્કં,
વિસહર–વિસ–નિન્નાસં, મંગલકલ્લાણ–આવાસં. ૧

વિસહર–ફુલિંગ–મંતં, કંઠે ધારેઈ જો સયા મણુઓ;
તસ્સ ગહ–રોગ–મારી, દુટ્ઠ–જરા જંતિ ઉવસામં. ૨

ચિટ્ઠઉ દૂરે મંતો, તુજ્જ પણામો વિ બહુફલો હોઇ;
નરતિરીએસુ વિ જીવા, પાવંતિ ન દુખ્ખ–દોગચ્ચં ૩

ૐ અમરતરૂ–કામધેણુ, ચિંતામણિ–કામ–કુંભ–માઇયા;
સિરિપાસનાહસેવા, ગહાણ સવ્વે વિ દાસત્તમ. ૪

ૐ હ્રીં શ્રીં ઐં તુહ દંસણેણ સામિય,
પણાસેઈ રોગ–સોગ–દુખ્ખ–દોહગ્ગં;
કપ્પતરૂમિવ જાયઈ, ૐ તુહ દંસણેણ સવ્વફલહેઉ સ્વાહા. ૫

ૐ હ્રીં નમિઊણ વિગ્ધનાસય, માયાબિએણ ધરણ–નાગિંદં;
સિરિકામરાજ કલીં, પાસજીણંદ નમંસામિ. ૬

ૐ હ્રીં સિરિપાસવિસહર–વિજ્જામંતેણ ઝાણ–ઝાએજ્જા;
ધરણ–પઉમાવઇ દેવી, ૐ હ્રીં ક્ષ્મ્લ્વ્યૂં સ્વાહા. ૭

ૐ જયઉ ધરણિંદ–પઉમ–વઈ ય નાગિણી વિજ્જા;
વિમલઝાણસહિયો, ૐ હ્રીં ક્ષ્મ્લ્વ્યૂં સ્વાહા. ૮

ૐ થુણામિ પાસનાહં, ૐ હ્રીં પણમામિ પરમભત્તીએ;
અટ્ઠક્ખર–ધરણેન્દો, પઉમાવઇ પયડિયા કિત્તી. ૯

જસ્સ પયકમલમજ્ઝે, સયા વસેઈ પઉમાવઇ ય ધરણિંદો;
તસ્સ નામઇ સયલં, વિસહર–વિસં નાસેઇ ૧૦

તુહ સમત્તે લદ્ધે, ચિંતામણિકપ્પપાયવબ્ભહિએ;
પાવંતિ અવિગ્ઘેણં, જીવા અયરામરં ઠાણં. ૧૧

ૐ નટ્ઠટ્ઠ–મયઠાણે, પણટ્ઠ–કમટ્ઠ–નટ્ઠ–સંસારે;
પરમટ્ઠ–નિટ્ઠિ અટ્ઠે, અટ્ઠગુણાધિસરં વંદે. ૧૨

ૐ ગરૂડો વનિતાપુત્રો, નાગલક્ષ્માં મહાબલઃ;
તેણમુચ્ચંતિ મુસા, તેણ મુચ્ચંતિ પન્નગાઃ ૧૩

સ તુહ નામ સુદ્ધમંતં, સમ્મં જો જવેઇ સુદ્ધભાવેણ;

સો અયરામરં ઠાણું, પાવઇ ન ય દોગ્ગઇ દુઃખ્ખં વા. ૧૪

ૐ પંડુ—ભગંદર—દાહં, કાસં સાસં ચ સૂલમાઈણિ;

પાસપહુપભાવેણ, નાસંતિ સયલરોગાઇં ૐ હ્રીં સ્વાહા. ૧૫

ૐ વિસહર—દાવાનલ—સાઈણિ—વેયાલ—મારિ—આયંકા;

સિરિનિલકંઠપાસસ્સ, સ્મરણમિત્તેણ નાસંતિ. ૧૬

પન્નાસં ગોપીડાં કુરગ્રહ, તુહ દંસણ ભયં કાયે;

આવિ ન હુંતિ એ તહ વિ, તિસં જજ જં ગુણિજ્જઆસો. ૧૭

પીંડ જંત ભગંદર ખાસ, સાસ શૂળ તહ નિવ્વાહ;

સિરિસામલપાસ મહંત, નામ પઊર પલ્યલેણ. ૧૮

ૐ હ્રીં શ્રીં પાસધરણસંજુત્તં, વિસહરવિજ્જં જવેઈ સુદ્ધમણેણં;

પાવઇ ઇચ્છિયં સુહં, ૐ હ્રીં શ્રીં ક્ષ્મ્લ્વ્યૂં સ્વાહા. ૧૯

રોગ—જલ—જલણ—વિસહર—ચૌરારિ—મઇંદ—ગય—રણ—ભયાઈં;

પાસજીણનામસંકિત્તણેણ, પસમંતિ સવ્વાઇં હ્રીં સ્વાહા. ૨૦

ૐ જયઉ ધરણિંદ નમંસિય, પઉમાવઇ પમુહ નિસેવિય પાયા;

ૐ ક્લીં હ્રીં મહાસિદ્ધં, કરેઈ પાસ જગનાહો. ૨૧

ૐ હ્રીં શ્રીં તં નમઃ પાસનાહં,

ૐ હ્રીં શ્રીં ધરણેન્દ્ર નમંસિયં દુહવિણાસં;

ૐ હ્રીં શ્રીં જસ્સ પભાવેણ સયા,

ૐ હ્રીં શ્રીં નાસંતિ ઉવદ્દવા બહવે. ૨૨

ૐ હ્રીં શ્રીં પઈ સમરંતાણ મણે,
ૐ હ્રીં શ્રીં ન હોઈ વાહિ ન તં મહાદુખ્ખં;
ૐ હ્રીં શ્રી નામ પિ હિ મંતસમં,
ૐ હ્રીં શ્રીંપયડં નત્થીત્થ સંદેહો. ૨૩
ૐ હ્રીં શ્રીં જલ-જલણ-ભય તહ સપ્પસિંહ,
ૐ હ્રીં શ્રીં ચૌરારિ સંભવે ખિપ્પં;
ૐ હ્રીં શ્રી સમરેઈ પાસપહું,
ૐ શ્રીં કલી પુહવિ કયાત્તિ કિં તસ્સ ૨૪
ૐ હ્રીં શ્રીં કલી હ્રી ઈહ લોગટ્ઠી પરલોગટ્ઠી,
ૐ હ્રીં શ્રી જો સમરેઇ પાસનાહં;
ૐ હ્રીં હ્રીં હું હૂં ગાં ગીં ગું ગંઃ,
તં તહ સહજઅઈ ખિપ્પં. ૨૫
ઈહ નાહ સ્મરહ ભગવંત, ૐ હ્રી શ્રી કલીં ગ્રાં ગ્રીં;
ગ્રું ગ્રં કલૌં કલૌં શ્રીકલિકુંડસ્વામિને નમઃ ૨૬
ઇહ સંથુઓ મહાયસ!, ભત્તિબ્ભર–નિબ્ભરેણ હિયયેણ;
તા દેવ દિજ્જ બોહિં, ભવે ભવે પાસ જીણચંદ. ૨૭

॥ ૐ શાંતિઃ ॥ ૐ શાંતિઃ ॥ ૐ શાંતિઃ ॥

## ૯૮ શ્રી ઘંટાકર્ણ મહામંત્ર.

ૐ ઘંટાકર્ણો મહાવીરઃ સર્વવ્યાધિવિનાશકઃ
વિસ્ફોટકભયે પ્રાપ્તે, રક્ષ રક્ષ મહાબલ ! ૧
યત્ર ત્વં તિષ્ઠસે દેવ, લિખિતોઽક્ષરપંક્તિભિઃ;
રોગાસ્તત્ર પ્રણશ્યન્તિ, વાતપિત્તકફોદ્ભવાઃ ૨
તત્ર રાજભયં નાસ્તિ, યાન્તિ કર્ણેજપાત્ ક્ષયમ્;
શાકિની ભૂત વેતાલા, રાક્ષસા પ્રભવન્તિ ન. ૩
નાકાલે મરણં તસ્ય, ન ચ સર્પેણ દશ્યતે;
અગ્નિ ચૌરભયં નાસ્તિ, હ્રીં ઘંટાકર્ણો
નમોસ્તુ તે. ઠઃ ઠઃ ઠઃ સ્વાહા. ૪

**પ્રથમ ભાગ સમાપ્ત.**

ॐ

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ

# ભાગ બીજો.

## શ્રી દેવવંદન માળા.

# વિભાગ બીજો.

## ૯૯ શ્રી બાર વ્રતની સજ્ઝાય.

ગૌતમ ગણધર પાય નમીજે, સુગુરૂ વચન હૃદયડે ધરીજે, એણી પેરે પ્રાણી બારે વ્રત કીજે. ૧

પહેલે જીવદયા પાળીજે, તો નિરોગી કાયા પામીજે, એણી૦ ૨

બીજે મૃષાવાદ ન કીજે, દીઠું અણદીઠું આળ ન દીજે. એણી૦ ૩

ત્રીજે અદત્તાદાન ન લીજે, પડયું વિસર્યું હાથ ન લીજે. એણી૦ ૪

ચોથે નિર્મળ શિયળ પાળીજે, રત્ન પાવડીએ મુક્તિ સુખ લીજે. એણી૦ ૫

પાંચમે પરિગ્રહનું માન કરીજે, પાંચે ઇંદ્રિય પોતાવશ કીજે. એણી૦ ૬

છટ્ઠે દિશીનું માન કરીજે, પચ્ચખાણ કર્યા ઉપર પાય ન દીજે. એણી૦ ૭

સાતમે સચ્ચિત્તનો ત્યાગ કરીજે, સચિત્ત મિશ્રનો આહાર ન લીજે. એણી૦ ૮

આઠમે અનર્થ દંડ ન દીજે, હીંસા તણો ઉપદેશ ન દીજે. એણી૦ ૯

નવમે નિર્મળ સામાયક કીજે, અવ્રતીને આવકાર ન દીજે. એણી૦ ૧૦

દશમે દેશાવગાશિક કીજે, એક આસને બેસી ભણીજે.
એણી૦ ૧૧

અગીયારમે પોસહ વ્રત કીજે, છકાય જીવને અભય
દાન દીજે. એણી૦ ૧૨

બારમે અતિથિ સંવિભાગ કીજે, સાધુ સાધવીને સુજતું
દીજે. એણી૦ ૧૩

સંલેષણાનો પાઠ ભણીજે, પાદપોપગમ અણસણ કીજે.
એણી૦ ૧૪

દશ શ્રાવકે સંથારો કીધો, મનુષ્ય જનમનો લાહો
લીધો. એણી૦ ૧૫

બારે વ્રત એણી પેરે કીજે, નરક તિર્યંચનાં બારણાં
દીજે. એણી૦ ૧૬

કાન્તિવિજય ગુરૂ એણીપેરે બોલે, નહિ સાધુ સાધવીને
તોલે. એણી૦ ૧૭

---

## ૧૦૦ મરૂદેવી માતાની સજ્ઝાય.

તુજ સાથે નહિ બોલું રિખભજી,
તેં મુજને વિસારીજી.
અનંત જ્ઞાનની તું ઋદ્ધિ પામ્યો,
તો જનની ન સાંભલીજી. તુજ૦ ૧
મુજને મોહ હતો તુજ ઉપરે,

ઋષભ ઋષભ કરી જપતીજી;
તુજ મુખ જોવા તલપતીજી. તુજ૦ ૨
તું બેઠો શિરછત્ર ધરાવે,
સેવે સુર નર કોટીજી;
તો જનની કેમ ન સંભારે,
જોઈ તાહરી પ્રીતિજી. તુજ૦ ૩
તું નથી કેનો ને હું નથી કેની,
ઇહાં નથી કોઈ કેનુજી.
મમતા મોહ ધરે જે મનમાં,
મૂર્ખપણું તેહનું સવી તેહનુંજી. તુજ૦ ૪
અનિત્ય ભાવે ચડયા મારૂદેવા,
બેઠા ગજવર ખંધોજી;
અંતગડ કેવલી થઈ ગયા મુગતે,
રિખવને મન આણું દોજી. તુજ૦ ૫

## ૧૦૧ મારૂદેવી માતાની સજ્ઝાય.

માતાજી મારૂદેવીરે ભરતને એમ કહે, ધન ધન પુત્ર મુજ કુળ તુજ અવતારજો, પણ દાદીનાં દુખડાં તે નવિ જાણ્યાં, કેઇ વિધ કરી તુજ આગળ કરૂં પોકારજો. માતાજી૦ ૧

જે દિનથી ઋષભજીએ દિક્ષા આદરી, તે દિનથી મુજ આ સઘળું ન ખમાયજો; આંખલડી અલુણીરે થઈ ઉજાગરે, રાત દિવસ મુજ નિદ્રા વિહુણા જાયજો. મા૦ ૨

તુજ સરીખો પુત્ર જ મારે લાડકો, તાતની ખબર ન લેતો દેશ વિદેશ જો, અનેક સુખ વિલસે તું રહી રંગ મહોલમાં, ઋષભજી તો વનમાં વિરૂએ વેષજો, મા૦ ૩

ખરા રે બપોર રે ફરતા ગૌચરી, શીર ઉઘાડે પાય અડવાણે હોયજો, અરસ નીરસ ઉના જળ મહેલા કપડાં, ઘર ઘર આગણ ફરતો હીંડે સોય જો. મા૦ ૪

બાલ લીલા મંદીરીએ રમતો આંગણે, યક્ષ વિદ્યાધર સોહમ ઇંદને સંગ જો; હું દેખી મન માંહી હૈડે હીસતી, ચોસઠ ઇંદ્ર આવી કરતા ઉલંગ જો. મા૦ ૫

મારાંરે સુખડાંરે સુત સાથે ગયાં, દુઃખના હૈડે ચડી આવ્યાં છે પૂર જો; પૂરવની અંતરાય તે આજ આવી નડી, કેઈ વિધે કરીને ધીરજ રાખું ઉર જો. મા૦ ૬

પુરી અયોધ્યા કેરો સુત તું રાજીઓ, રાજ ઋદ્ધિ મંદીર બહોળો પરિવારજો; રાજધાનીના સુખમાં તાત ન સાંભરે, રાત દિવસ રહેતો રંગ મહેલ મોઝાર જો. મા૦ ૭

સહસ વરસ ઋષભજીને ફરતાં વહી ગયાં, હજુ ખબર નહિ સંદેશો નહિ નામ જો; એવું જે કઠણ તે હૈયું કેમ થયું, સુગુણ સુતનાં આવા કામ ન હોય જો. મા૦ ૮

ખબર કઢાવો સુભટ બહુધા મોકલી, જુવો તાત તણી ગતિ શી શી હોય જો; સેવકના સ્વામીને એટલું કહાવ જો, નીજ માતા નીત નીત વાટલડી જોય જો. મા૦ ૯

## ૧૦૨ શ્રી પ્રસન્નચંદ્ર રાજર્ષિની સજ્ઝાય.

પ્રણમું તમારા પાય પ્રસનચંદ્ર પ્રણમું તમારા પાય, રાજ છોડી રળીઆમણું રે, જાણી અસ્થીર સંસાર. વૈરાગે મન વાળીયું રે, લીધો સંયમ ભાર. પ્રસન્ન૦ ૧

સમશાને કાઉસ્સગ રહી રે, પગ ઉપર પગ ચઢાય; બાહુ બે ઉંચા કરીને, સુરજ સામી દ્રષ્ટિ લગાય. પ્ર૦ ૨

દુર્મુખ દુત વચન સુણીરે, કોપ ચઢયો તત્કાળ; મનશું સંગ્રામ માંડીયોરે, જીવ પડયો છે જંજાળ. પ્ર૦ ૩

શ્રેણિક પ્રશ્ન પુછે તીસેરે, સ્વામી એહની ગતિ શું થાય; ભગવંત કહે હમણાં મરે તો, સાતમી નરકે જાય. પ્ર૦ ૪

ક્ષણ એક આંતરે પૂછીયું રે, સરવારથ સિદ્ધ વિમાન; વાજી દેવની દુંદુભિ રે, ઋષિ પામ્યો કેવલ જ્ઞાન. પ્ર૦ ૫

પ્રસનચંદ્ર ઋષિ મુગતે ગયારે, શ્રી મહાવીરના શિષ્ય; રૂપ-વિજય કહે ધન્ય ધન્ય, દીઠા એ પ્રત્યક્ષ. પ્ર૦ ૬

## ૧૦૩ કલાવતીની સજ્ઝાય.

નયરી કોસાંબીનો રાજા કહીએ, નામે જયસંગ રાય;
બેન ભાઈરે જાણે, બેરખડા મોકલીયા;
કરમે ભાઈના કહેવાય રે. ૧
કલાવતી સતી શિરોમણિ નાર, પહેલીને રયણીએ રાજા
મોહલે પધારીયા;
પૂછે બેરખડાની વાત, કહોને સ્વામી તમે બેરખડા ઘડાવ્યા;

સરખી ન રાખી નારરે. ક૦ ૨
બીજીને રયણી રાજા મોહલે પધારીયા, પૂછે બેરખડાની વાત;
કહોને કોણે કોણે તમને બેરખડા ઘડાવ્યા,
તું નથી શિયલવંતી નારરે. ક૦ ૩
ઘણું જીવો જેણે બેરખડા મોકલીયા, અવસર આવ્યો એહ;
અવસર જાણીને જેણે બેરખડા મોકલીયા,
તેહ મેં પહેર્યા છે એહરે. ક૦ ૪
મારા મનમાં એહના મનમાં, તેણે મોકલીયા એહ;
રાત દિવસ મારા હઇડે ન વિસરે, દીઠે હરખ ન માયરે. ક૦ ૫
એણે અવસરે રાજા રોષે ભરાણો, તેડાવ્યા સુભટ બે ચાર;
સુકી નદીમાં છેદન કરાવી, કર લેઈ વહેલોરે આવરે. ક૦ ૬
બેરખડા જોઈ રાજા મનમેં વિમાસે, મેં કીધો અપરાધ;
વિણ અપરાધે મેં તો છેદન કરાવીઆ,
તે મેં કીધો અન્યાયરે. ક૦ ૭
એણે અવસર રાજા ધાન ન ખાય, તેડાવ્યા રાજા બે ચાર;
રાત દિવસ રાજા મનમેં વિમાસે,
જો આવે શિયલવંતી નારરે, ક૦ ૮
સુકુ સરોવર લહેરે જાય, વૃક્ષ નવપલ્લવ થાય;
કર નવા આવે ને બેટડો ધવરાવે,
તે શિયલતણે સુપસાયરે. ક૦ ૯
એણે અવસર મારા વીરજી પધાર્યા, પૂછે પરભવની વાત;

શા શા અપરાધ મેં કીધા પ્રભુજી,
તે મને કહો આજરે. ક૦ ૧૦
તું હતી બાઈ રાજાની કુંવરી, એ હતો સુડાની તે જાત;
સેજ સેજ તે તો ખાણુ ખજ્યો, ભાંગી સુડાની પાંખરે. ૧૧
તમે તમારી વસ્તુ સંભારો, મારે સંજમ કેરો ભાવ;
દીક્ષા લેશું મહાવીરજીની પાસે,
પહોંચશું મુક્તિ મોઝારરે. ક૦ ૧૨
પુત્ર હતો તે રાયને સોંપીયો, પોતે લીધો સંજમ ભાર;
હીર વિજય ગુરૂ ઇણિપરે બોલે, આવાગમણ નિવારરે,
કલાવતી સતી શિરોમણી નાર. ૧૩

## ૧૦૪ શ્રી રૂક્ષ્મણીની સજઝાય.

વિચરંતા ગામોગામ, નેમિ જિનેસર સ્વામ;
આ છે લાલ, નયરી દ્વારામતી આવીયાજી. (૧)
કૃષ્ણાદિક નરનાર, સહુ મળી પર્ષદા બાર;
આ છે લાલ નેમિવંદણ, તિહાં આવીયાજી. (૨)
દે દેશના જિનરાય, આવે સહુને દાય;
આ છે લાલ રૂકિમણી, પૂછે શ્રી નેમિનેજી. (૩)
પુત્રને મહારે વિયોગ, શી હશે કર્મ સંયોગ;
આ છે લાલ ભગવંત, મુજને તે કહોજી. (૪)
તું હતી નૃપની નાર, પૂરવ ભવ કેઈ વાર;
આ છે લાલ ઉપવન, રમવાને સંચર્યાજી. (૫)

ફરતાં વન મોઝાર, દીઠો એક સહકાર;
આ છે લાલ મોરલી વીયાંણી તિહાં કણેજી. (૬)

સાથે હતો તુમ નાથ, ઇંડા ઝાલ્યા હાથ;
આ છે લાલ, કુંકુવરણા તે થયાંજી. (૭)

નવિ ઓળખે તિહાં મોર, કરવા લાગી સોર;
આ છે લાલ, સોળ ઘડી નવી સેવીયાજી. (૮)

તિણ અવસર ધમઘોર, મોરલી કરે છે સોર;
આ છે લાલ, ચૌદિશ ચમકે વીજળીજી. (૯)

પછી વુંઠયો તિહાં મેહ, ઇંડા ધોવાણા તેહ;
આ છે લાલ, સોળ ઘડી પછી સેવીયાજી. (૧૦)

હસતા તે બાંધ્યા કર્મ, નવી ઓળખ્યો જિન ધર્મ;
આ છે લાલ, રોતાં ન છુટે પાણીયાજી. (૧૧)

તિહાં બાંધ્યાં અંતરાય, ભાખે શ્રી જિનરાય;
આ છે લાલ, સોળ ઘડીના વરસ સોળ થયાંજી. (૧૨)

દેશના સુણી અભિરામ, રૂકમણી રાણી તામ;
આ છે લાલ સુધો તે, સંયમ આદર્યોજી. (૧૩)

થિર રાખ્યાં મન–વચ–કાય, શિવપુરી નગરીમાં જાય;
આ છે લાલ, કર્મ ખપાવી મુક્તિ પહોંચ્યાજી. (૧૪)

તેહનો છે વિસ્તાર, અંતગડ સૂત્ર મોઝાર;
આ છે લાલ, રામવિજય રંગે ભણેજી. (૧૫)

જ્ઞાન | દર્શન

જૈન ધર્મના તમામ પુસ્તકો

મળવાનું સ્થળ:

**મહેતા નાગરદાસ પ્રાગજીભાઇ**

પતાસાપોળના ઢાળમાં,

અ મ દા વા દ.

**સંઘવી મુલજીભાઈ ઝવેરચંદ**

જૈન બુકસેલર.

પા લી તા ણા.

ચારિત્ર | તપ